ૐ

।।નમઃ સિદ્ધેભ્ય।।

# આત્માવલોકન પ્રવચન

## (ભાગ-૧)

**(આત્માવલોકન ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)**

**તા. ૨૧-૪-૧૯૮૬, પાના નં. ૧,**
**પ્રવચન નં. ૧**

'**શ્રી શાહ દીપચંદજી કાસલીવાલકૃત**' આત્માવલોકન હિન્દી ભાષાંતર ઉપરથી ગુજરાતીનું ભાષાંતર. મૂળ ઢુંઢારી ભાષામાં 'દીપચંદજી'ની આ રચના છે. તે વખતે પ્રથમ હિન્દી થયેલું છે, ત્યારપછી એનો આ ગુજરાતી અનુવાદ છે. 'દેવ અધિકાર'.

મુમુક્ષુ :- ભગવાનનું નામ ન લખ્યું ને વીતરાગાય નમઃ કેમ લખ્યું?

પૂજ્ય ભાઈશ્રી :- વીતરાગ ભગવાન નથી કાંઈ? ભગવાન વીતરાગ નથી કાંઈ? વીતરાગ કહેતા જેટલા વીતરાગો થયા છે અને થશે, એ ત્રણે કાળના વીતરાગો એમાં આવી જાય. જેણે સંપૂર્ણ રાગનો વ્યય કર્યો અને સંપૂર્ણ નિર્દોષ થયા. પરમ પવિત્ર પૂર્ણ દશાને પ્રાપ્ત થયા એવા સર્વ આત્માઓને નમસ્કાર, એમ કહ્યું છે.

દેવ અધિકાર. આ શાસ્ત્રનો પ્રારંભ દેવ-ગુરુ-શાસ્ત્રના અધિકારથી કર્યો છે. શાસ્ત્રનો

વિષય તો એકદમ અધ્યાત્મનો છે અથવા અધ્યાત્મનું જ એકલું શાસ્ત્ર છે. પરંતુ અહીંયા દેવ-ગુરુ અને શાસ્ત્રના અધિકારથી શાસ્ત્રની શરૂઆત કરી છે. એમાં પ્રથમ જ આ દેવ અધિકાર છે. તેનું મંગલાચરણ.

**दप्पणदंसणेण य ससरुवं पस्सदि कोवि णरो।**
**तह वीयरायायारं दिट्ठा सयं राये तमहं हि।।१।।**

માગધિ છે એનું સંસ્કૃત છે.

**दर्प्पण दर्शनेन च स्वस्वरूपं पश्यति कोऽपि नरः।**
**तथा वीतरागाकारं दृष्टवा स्वयं रागे तत् अहं हि।।१।।**

એનું ગુજરાતી ભાષાંતર પાછળ છે. શું શ્લોક કહે છે?

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જે દેવના સ્થાને છે તે સર્વજ્ઞ જિનેન્દ્રદેવના દર્શન કેવી રીતે કરવા? એ સંબંધીત મંગલાચરણ કર્યું છે. દેવ દર્શન, નિત્ય દેવ દર્શન કરવાનો એ ક્રમ છે. સર્વજ્ઞદેવના દર્શન કઈ પદ્ધતિથી કરવા જોઈએ? દર્શન કરવામાં કઈ પદ્ધતિ હોવી જોઈએ એના ઉપર આ મંગલાચરણનો શ્લોક છે.

અર્થ :- '**જેવી રીતે કોઈ પુરુષ દર્પણને દેખીને વળી (આ તરફ) પોતાના મુખનું રૂપ નિશંકપણે દેખે છે.**' જેવી રીતે અરીસાની અંદર-દર્પણની અંદર પોતાના મુખનું પ્રતિબિંબ જોઈને. પોતાના મુખનું બિંબ, પોતાના મુખનું રૂપ આવું છે, એમ નિઃશંકપણે જાણે છે. જોવે છે તો દર્પણ પ્રત્યે અને ભાવ એમ કરે છે, જ્ઞાન એમ કરે છે કે, મારું રૂપ આવું છે. જે મુખાકૃતિનું પ્રતિબિંબ દર્પણમાં છે, તેના ઉપરથી મારું પોતાનું મુખનું રૂપ આવું છે, એવું નિઃશંકપણે જાણે છે ને નિઃશંકપણે દેખે છે. બરાબર છે? આ તો રોજીંદા અનુભવમાં આવતો વિષય છે.

'**તેવી રીતે પોતે સરાગી હોવા છતાં પણ...**' દર્શન કરનાર અવસ્થામાં પોતે સરાગ દશામાં હોવા છતાં પણ એને ગૌણ કરાવે છે. '**વીતરાગ પ્રતિબિંબને દેખીને...**' સર્વજ્ઞ વીતરાગદેવની પ્રતિમા છે. એ વીતરાગદેવનું પ્રતિબિંબ છે. સર્વજ્ઞનું એ પ્રતિનિધિત્વ કરે છે. સર્વજ્ઞ આવા હોય એમ વ્યવહારથી દર્શાવે છે. નિશ્ચયથી મારા આત્માનું સ્વરૂપ આવું વીતરાગ સ્વરૂપ છે એમ એ દર્શાવે છે. '**વીતરાગ પ્રતિબિંબને દેખીને વળી (આ તરફ) નિશ્ચયથી તે જ વીતરાગસ્વરૂપ પોતામાં હું જ છું એમ નિઃસંદેહપણે જાણે છે.**' શું કહે છે? આ વિષય અનુભવ પ્રકાશમાં આપણે ચાલ્યો. ત્યાં પણ એક દેવ અધિકાર એમણે વચ્ચે લખેલો છે. ત્યાં આ અધિકાર ચાલ્યો ત્યાં એમ લખ્યું છે કે, વીતરાગ જિનેન્દ્ર દેવની પ્રતિમા નિરખીને, કેવી પ્રતિમા છે? કે સ્વસંવેદનભાવ સ્વરૂપ વીતરાગ મૂર્તિ દેખીને પોતાના સ્વસંવેદનસ્વરૂપ આત્મસ્વરૂપને

અવલોકે છે, જોવે છે. એ રીતે વીતરાગ દર્શન, આત્મદર્શનમાં નિમિત્ત પડે છે. એમ લીધું છે.

વીતરાગ દર્શન છે એ આત્મદર્શનમાં નિમિત્ત ગણીને અનાદિથી એની સ્થાપના કરવામાં આવી છે અથવા મોક્ષમાર્ગમાં રહેલા ધર્માત્માને સરાગદશામાં સ્વરૂપધ્યાનના અવલંબનના નિમિત્તભૂત એવું જે વીતરાગબિંબ છે તેની સ્થાપનાનો અવશ્ય રાગ યથોચિતપણે આવ્યા વિના રહેતો નથી. એ અનાદિનો માર્ગ છે.

પૂજ્ય 'ગુરુદેવશ્રી'નો કુળધર્મ સ્થાનકવાસીમાં, સ્થાનકવાસી કુળમાં આ ભવમાં એમનો દેહરૂપ જન્મ છે. આત્મા તો અનાદિઅનંત છે પણ દેહરૂપ જન્મ થયો. એ ધર્મની અંદર, સંપ્રદાયની અંદર એવી પ્રણાલિકા છે કે વીતરાગ મૂર્તિની સ્થાપના ન કરવી. આપણામાં પણ ઘણા એ સંપ્રદાયમાંથી આ બાજુ વળેલા છે, 'ગુરુદેવ'ની પાછળ પાછળ.

હવે જે માર્ગની અંદર વીતરાગ દેવની સ્થાપના આવે જ આવે. જન્મ ત્યાં થયો તોય પલટો માર્યો. પલટો માર્યો ત્યારે કોઈ એમ કહે કે, તમારા સંપ્રદાયમાં તો આરંભ, સમારંભ અને અહિંસાની પ્રમુખતા દ્વારા એનો નિષેધ કર્યો છે. એવી કોઈ ને કોઈ વાતનો છળ પકડીને સંપ્રદાય અથવા અન્ય મતની જે પ્રવૃત્તિ ચાલે છે અથવા પ્રસરવું થાય છે, એ કોઈ ને કોઈ એક સિદ્ધાંતનો છળ પકડીને એ પ્રકારે પ્રવૃત્તિ ચાલતી હોય છે. તો અહીંસા ત્યાંથી પકડી કે, જિનેન્દ્રની સ્થાપના કરવા જતાં મંદિર બાંધવું પડશે. પ્રતિષ્ઠા કરવામાં આરંભ સમારંભ બહુ મોટો થશે, અનેક જીવોની હિંસા થશે. માટે અહિંસાપ્રધાન ધર્મમાં આવી પ્રવૃત્તિ કરવી ઘટે નહિ, એમ કરીને સ્થાપી દીધું. અને છળ પકડ્યો.

હિંસા થતા પાપ લાગશે એની પ્રમુખતા કરી. પણ જિનેન્દ્ર દર્શનમાં કેટલું શુભ થશે? કેટલાને થશે? અને પોતાને પણ આત્મદર્શન પર્યંતનું નિમિત્ત થશે, એ બધા પ્રકારના પરિણામનો હિસાબ-કિતાબ, એને શુભાશુભનો પણ હિસાબ-કિતાબ કરતા આવડ્યો નથી. શુદ્ધતાની, આત્મદર્શનની વાત તો એક બાજુ રહી ગઈ, એ તો એનો વિષય જ નથી. જે સર્વજ્ઞ પ્રતિમાનો નિષેધ કરે છે, તેને શુદ્ધિના પ્રકરણનો તો કોઈ અધિકાર જ નથી. એ વિષયમાં તો એનો પ્રવેશ થઈ શકે જ નહિ. થઈ શકવો અસંભવિત અને અશક્ય છે. પણ એને શુભાશુભનો હિસાબ માંડતા આવડ્યો નથી. આ પરિસ્થિતિ છે.

અહીંયા માંગલિકમાં જ દર્પણના દૃષ્ટાંતે વીતરાગ સર્વજ્ઞ જિનેન્દ્ર દેવની જે પ્રતિમા છે, એ પ્રતિમાના દર્શનથી તેવા જ વીતરાગ સ્વરૂપે મૂળમાં મારું સ્વરૂપ છે એમ

નિઃસંદેહપણે જાણવાનું બને છે. મૂર્તિમંત વીતરાગ જિનબિંબ છે. એવું જ મૂર્તિમંત ચૈતન્ય વીતરાગ નિજ જિનબિંબ છે એવું ત્યાં જાણવાનું, દેખવાનું કારણ બને છે, નિમિત્ત બને છે, એમ જાણીને અહીંયા એનું માંગલિક કરવામાં આવ્યું છે. માંગલિકમાં આધ્યાત્મ લઈ આવ્યા છે. અધ્યાત્મપ્રધાન શાસ્ત્ર છે ને? એટલે માંગલિકમાં એ વાત લીધી છે.

પછી જે વાત છે એ પદ્યની વાત ગદ્યમાં સંસ્કૃતમાં લીધી છે.

यथा कोपि नरः दर्प्पणदर्शनेन
स्वस्वरूपं पश्यति तथा रागे सति च पुनः
वीतरागाकारं बिंबं दृष्ट्वा तत् स्वयं अहं हि।

તેવી જ રીતે રાગમાં હોવા છતાં પણ એવો હું છું એમ જોવે છે, એમ દેખે છે. એ રીતે સર્વજ્ઞ ભગવાન જિનેન્દ્ર દેવના દર્શન કરતી વખતે આ પ્રકારે પરિણામ થવા યોગ્ય છે. આમ આ પ્રકારે પરિણામ થવા ઘટે છે કે જિનેન્દ્ર દેવના દર્શન કરતા પોતાના સ્વરૂપને સંભારે, પોતાના વીતરાગ સ્વરૂપને સંભાળે. વીતરાગ સ્વરૂપની અંતર સાવધાની કરવા અર્થે એની સ્થાપના કરવામાં આવે છે.

મુમુક્ષુ :- દર્પણની અંદર પોતાના શરીરનું પ્રતિબિંબ જોતા જ આ હોય તો એવો ખ્યાલ આવે છે. એવી જે પોતાના જ્ઞાનની પર્યાયમાં પોતાના સ્વરૂપને જાણે, ત્યારે આ હું છે એ..

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર દેખાય છે. પ્રતિબિંબને દેખે છે, પોતાના શરીરના પ્રતિબિંબને દર્પણમાં દેખે છે પણ લક્ષ પોતા ઉપર કરે છે કે મારું રૂપ આવું છે. કોઈ માણસ પોતાની મુખાકૃતિ સીધી તો જોઈ શકતા નથી, એ તો અશક્ય છે. આંખ અહીંયા હોવાથી, પોતાની મુખાકૃતિ તો કોઈ પોતાની આંખે તો જોઈ શકતો નથી. તો દર્પણથી એણે પોતાનું રૂપ જાણ્યું. પછી સમૂહમાં ફોટો હોય છે એક સાથે ૧૦૦-૫૦-૨૦૦ માણસનો ફોટો પડ્યો હોય સભામાં, (એમાં) આ મારો ફોટો છે એમ નક્કી કરી શકે છે કે નહિ? પોતાના મુખને ક્યાંથી ઓળખ્યું એણે? કે, દર્પણમાં એણે નક્કી કર્યું હતું. જ્ઞાનમાં તો એનું સાકારપણું એણે દર્પણ દ્વારા નક્કી કર્યું હતું એટલે છબીમાં પણ એ પોતાને જુદો ઓળખી શકે છે. બની શકે ને? નહિતર તો પોતાની મુખાકૃતિ કોઈ જોઈ શકતું જ નથી. જોઈ શકવાની કોઈ શક્યતા પણ નથી. તો જોવે છે દર્પણ ઉપર અને લક્ષ્ય કરે છે પોતાના રૂપ ઉપર. એમ જોવે છે જીનેન્દ્રને અને લક્ષ કરે છે પોતાના સ્વરૂપનું. આવું જ વીતરાગ સ્વસ્વંવેદનમય મારું પૂર્ણ સ્વરૂપ છે એમ એમાંથી બરાબર લક્ષ આવે છે.

પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ આ વિષય ઉપર જ્યારે પ્રવચનો આપ્યા છે, ત્યારે તો એ વાત ખેંચી છે. આપણે પ્રતિષ્ઠા મહોત્સવમાં એ વિષય ઉપર પ્રવચન લીધું હતું. કેમકે એ વખતે વીતરાગની વિરોધતાની થોડી ધમાલ હતી. એના ઉપર જ પ્રવચનો 'ગુરુદેવ'ના વચનના આધારે લીધેલા. ત્યાં તો 'ગુરુદેવે' બે વાત કરી છે કે, જે જીવે પોતાના સ્વરૂપને ન ઓળખ્યું હોય, નિર્ણય ન કર્યો હોય, ભેદજ્ઞાનપૂર્વક જે નિર્ણય થાય છે એને આ વીતરાગ પ્રતિમા સ્વરૂપનિશ્ચયનું કારણ થાય છે. અને જે સાધકજીવ, જેને પોતાના સ્વરૂપનું જ્ઞાન અંતરમાં થઈ ગયું છે, એવા જીવને આ ધ્યાનનું કારણ થાય છે. જ્ઞાનનું કારણ છે અને ધ્યાનનું કારણ છે. 'ગુરુદેવે' એ બે વાત પોતાના બોલમાં લીધી છે. માટે આ વીતરાગ પ્રતિમાની સ્થાપના સર્વથા યોગ્ય જ છે. એ વાત ત્યાં 'ગુરુદેવ'ના બોલમાં ચાલી છે. 'પરમાગમસાર'ના આધારે એ વાત આપણે ત્યાં કરી છે. શું કહે છે? એનો ભાવાર્થ લે છે.

મુમુક્ષુ :- 'પરમાગમસાર'માંથી લઈશું?

પૂજ્ય ગુરુદેવશ્રી :- 'પરમાગમસાર' તો છે પણ બોલ મને યાદ નહિ હોય. નબંર યાદ નથી. લગભગ સાતસો, આઠસો આસપાસના બોલમાં છે. ૮૨૬ છે. બરાબર છે. ૮૨૬ ને ૮૨૭ બન્ને એના ઉપર છે.

**'અહીં મધ્યલોકમાં કૃત્રિમ જિનબિંબની વાત લીધી છે એટલે ધર્માત્મા નવી પ્રતિમાઓને બનાવીને પધારવતા એવો અનાદિનો નિયમ છે.'** આ ધર્માત્માના બાહ્ય વ્યવહારનો અનાદિનો નિયમ છે. જિનબિંબને પધરાવવા, પ્રતિષ્ઠિત કરવા એ વ્યવહારનો વિષય છે અને એવો વ્યવહાર અનાદિથી સર્વ ધર્માત્માઓને હોય છે. અનાદિઅનંત આ વ્યવહાર સ્થાપિત છે. સામાન્ય રીતે ધર્માત્માનું વજન પોતાના શુદ્ધાત્મા ઉપર છે. અને ધર્માત્માનું વજન વ્યવહાર ઉપર ઓછું છે, નિશ્ચય ઉપર વધારે છે અને વ્યવહાર ઉપર ઓછું વજન છે.

એમ હોવા છતાં પણ કોઈ વીતરાગ પ્રતિમાનો નિષેધ કરે તો એ નિષેધ ધર્માત્મા ચલાવતા નથી. અને ત્યાં તેમને પરદ્રવ્યના આગ્રહનો દોષ પણ લાગતો નથી. શું? ત્યાં પણ એમને પરદ્રવ્યના આગ્રહનો દોષ પણ લાગતો નથી. 'ગુરુદેવ' બહુ ઉગ્ર થતાં હતા એ વિષયમાં. ભલે સ્થાનકવાસીમાં આવેલા હતા પણ એ વિષયમાં એ બહુ ઉગ્રતા ધારણ કરતા. આ સ્થાનકવાસીઓએ ભગવાનની પ્રતિમાની ઉડાડી છે એમ કરતા.

'શ્રીમદ્જી' બહુ મૃદુભાષી હતા. મધુર ભાષણ હતું એમનું. ભાષામાં નમ્રતા ઘણી હતી પણ આ પ્રકરણમાં તો એમણે ઉગ્રતા જ ધારણ કરી છે. એ પણ શાંત નથી

રહી શક્યા. એમણે પણ એ વિષય જરા કઠોર ભાષામાં ઠપકારો દીધો છે કે, આ સ્થાનકવાસી સંપ્રદાય છેલ્લા પાચસો વર્ષમાં નિકળ્યા પણ કોઈમાં બુદ્ધિવિશેષ પણ નથી. સામાન્ય બુદ્ધિની વિચિક્ષણતાવાળો પણ કોઈ થયો નથી. બુદ્ધિની, વ્યવહારિક બુદ્ધિની વિચિક્ષણતાને ઉડાડી છે એમણે. એક મુહપત્તિની દોરાના આગ્રહમાં જુદો સંપ્રદાય સ્થાપ્યો અને પ્રતિમાને ઉડાડી. કેમકે જ્ઞાન ને ધ્યાનનું કારણ (છે). ધર્માત્માને સ્વરૂપ અવલંબનના કારણભૂત જે જિનપ્રતિમા છે એ જિનપ્રતિમાને ઉડાડીને બહુ મોટું અનિષ્ટ ઊભુ કર્યું છે. બહુ કઠોર ભાષામાં એમણે એ વાત લખી છે. નહિતર એ બહુ મૃદુભાષી હતા, છતાં પણ પ્રતિમાના વિષયમાં તો એમને પણ થોડી ગરમી આવી છે ભાષામાં.

એમ નક્કી થાય છે. '**અને જે શાશ્વત પ્રતિમા છે તે કોઈએ બનાવી હોતી નથી. જે જીવ પોતે ભેદજ્ઞાન કરે છે તેને પ્રતિમાજી નિમિત્ત થાય છે.**' પ્રતિમાજી સીધા જ ભેદજ્ઞાનમાં નિમિત્ત છે. ભેદજ્ઞાન એટલે સંવરનો ઉત્કૃષ્ટ ઉપાય. ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય'ના 'સંવર અધિકાર'નું મથાળું (આ છે). એટલે કે ધર્મનો ઉત્કૃષ્ટ ઉપાય, એમાં નિમિત્ત થાય છે. '**એટલે એના દર્શન, સ્તુતી આદિ કરવાથી ભેદજ્ઞાન છે.**' આમ તો શું છે કે, સંપ્રદાયમાં તો લોકો રૂઢિગતપણે દર્શન કરે છે કે, આ અમારા દેવ છે, અમારા સંપ્રદાયમાં આવા દેવ છે માટે અમે એને રોજ નમસ્કાર અથવા દર્શન કરીએ. પણ એમ રૂઢિગતપણે અહીંયા દર્શન કરવાની પદ્ધતિ હોવી ઘટતી નથી. ભેદજ્ઞાન થવામાં નિમિત્ત થવું જોઈએ.

'**એક ધ્વનિ સિવાય સાક્ષાત ભગવાનની જેમ જિનપ્રતિમાજી છે.**' ભગવાનને એક દિવ્યધ્વનિ વધારે હોય છે, બાકી બધા જ અષ્ટ પ્રાતિહાર્ય સહિત બધા ચિન્હો, બધા શુભ લક્ષણો સહિત ભગવાનની સ્થાપના કરવામાં આવે છે. '**જે પોતે ધર્મ પામે છે તેને તે નિમિત્ત થાય છે. અહીં પ્રતિમાજીને સ્વપર ભેદવિજ્ઞાનમાં નિમિત્ત કહેલ છે. જે જીવો પ્રતિમાજીને માનતા જ નથી એને કહે છે કે સમ્યગ્દર્શન આદિમાં વસ્ત્રાદિ રહિત વીતરાગ પ્રતિમાજીનું નિમિત્ત હોય છે.**' શું કહે છે? '**જે જીવો પ્રતિમાજીને માનતા જ નથી એને કહે છે કે સમ્યગ્દર્શન આદિમાં વસ્ત્રાદિ રહિત...**' આભૂષણ રહિત, શૃંગાર રહિત '**વીતરાગ પ્રતિમાજીનું નિમિત્ત હોય છે. વળી એમને અભિષેક પણ સ્વચ્છ પાણી સિવાય અન્ય વડે હોય નહિ.**' દિગંબર સંપ્રદાયમાં પણ બીજી ગડબડ છે એટલે એનો નિષેધ કર્યો છે.

કોઈ એમ વિચારે કે, આપણે ક્યાં હવે સ્થાનકવાસી રહ્યા છીએ અથવા ક્યાં અત્યારે આપણે સ્થાનકવાસીની માન્યતા રાખી છે. આપણે તો બરાબર સર્વજ્ઞ પ્રતિમાને

માનીએ છીએ. તો એને એમ કહે છે કે, સર્વજ્ઞ પ્રતિમાને માને છો એમાં કોઈ એકપણ સર્વજ્ઞ પ્રતિમા પ્રત્યેનો તારો નિષેધ આવે છે તો તું એકેય સર્વજ્ઞની પ્રતિમાને માનતો નથી અથવા એકેય સર્વજ્ઞને માનતો નથી.

મુમુક્ષુ :- એકને ન માનીએ અને બધાને માનીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- હજારો છે. બધાને માનીએ છીએ પણ આ એકને અમે ન માનીએ. એમ કહે તો? ટકાવારી કાઢવી કે, ન કાઢવી ત્યાં? આટલા ટકા એ માને છે ને આટલા ટકા નથી માનતા. એ એક ટકો પણ એ માનતો નથી. આ પરિસ્થિતિ છે.

એ કેવી રીતે છે? કે, અવિપરીત અભિનિવેશ પૂર્વકની માન્યતા તે સાચી માન્યતા છે. જેને વિપરીત અભિનિવેશ રહ્યો છે તેને ક્યાંક કોઈ એક જગ્યાએ એ વિપરીત અભિનિવેશ બહાર આવીને દેખાવ દીધા વિના રહેશે નહિ. આ પરિસ્થિતિ થાય છે. કોઈ ને કોઈ જગ્યાએ, કોઈ ને કોઈ બહાને કોઈ લૌકિ બહાને પણ સર્વજ્ઞ પ્રતિમાનો નિષેધ થઈ શકે નહિ. લોકોત્તર એવા જે સર્વજ્ઞ પરમાત્મા એનો કોઈ લૌકિક બહાને પણ એનો નિષેધ, એની ગૌણતા કે એનો અવિનય કે અનાદર કોઈ રીતે કાંઈ થઈ શકે નહિ. આ સિદ્ધાંત છે.

એટલે જેમ નવ તત્વ વિપરીત અભિનિવેશ (રહિત) માનવા જોઈએ, તેમ સર્વજ્ઞદેવને દેવ તરીકે પણ વિપરીત અભિનિવેશ (રહિત) માનવા જોઈએ. ગુરુને પણ વિપરીત અભિનિવેશ (રહિત) માનવા જોઈએ, સત્પુરુષને પણ વિપરીત અભિનિવેશ (રહિત) માનવો જોઈએ. જેમ કુદેવને પણ માને, શ્રૃંગારીત દેવને પણ માને અને સર્વજ્ઞને પણ માને. અમે તો બન્નેને માનીએ છીએ, અમે તો ઉદાર છીએ, બધાને માનીએ છીએ. એવી ગડબડ આ માર્ગમાં ચાલતી નથી. કુદેવને પણ માને ને સુદેવને માને, અસત્પુરુને પણ સત્પુરુષ માને અને સત્પુરુષને પણ સત્પુરુષ માને એવો વિપરીત અભિનિવેશ આ માર્ગની અંદર ચાલતો નથી. કુશાસ્ત્રને પણ માને ને સુશાસ્ત્રને પણ માને, આને પણ માને ને આને પણ માને, આ માર્ગની અંદર એ વાત ચાલી શકતી નથી. આવો આ વિષય છે.

નવ તત્ત્વ વિપરીત અભિનિવેશ (રહિત માનવા જોઈએ). દેવ, ગુરુ, શાસ્ત્ર અને સત્પુરુષ એ બીજા ચાર પદ, એ પણ વિપરીત અભિનિવેશ રહિત સ્વીકારવામાં આવે તો જ આત્માનું હિત થવાનો સંભવ છે. હજી હિત થવું બાકી છે, હોં! હજી તો વ્યવહાર માન્યતામાં છે. હિત થવાનો સંભવ છે, નહિતર તો એ Class ને એ વર્ગમાં પણ એ જીવ આવ્યો નથી. આ પરિસ્થિતિ છે. અધ્યાત્મ શાસ્ત્ર છે પણ દેવના અધિકારથી શરૂ કર્યું છે.

મુમુક્ષુ :- આજનો દિવસ પણ મહાન છે. 'મહાવીર' ભગવાનનો જન્મ અને 'ગુરુદેવ'નો પરિવર્તન દિવસ.

પૂજ્ય ગુરુદેવ :- હા. આજનો જે દિવસ છે એ આપણા માટે બહુ મહત્ત્વનો દિવસ છે. વર્તમાન શાસન માટે એ બહુ મહત્ત્વનો દિવસ છે. કુદરતી ૨૫૦૦ વર્ષ પહેલા ભગવાન 'મહાવીરસ્વામી', 'વર્ધમાનસ્વામી' ભરતક્ષેત્રની અંદર 'કુંડલપુર'માં આ દિવસે જન્મ પામ્યા અને 'ગુરુદેવ'નું પરિવર્તન થયું. સનાતન જૈનધર્મનો ઉદ્યોત કરવા અર્થે એમણે જે જાહેર પગલું લીધું, જાહેર પગલું લે અને કાંઈ તોફાન થાય એના કર્તા ઘરમાં બેસીને આત્માનું કરી લીધું હોત તો! કોઈ એવી સારી સલાહ આપે કે, સાહેબ! બહારમાં આ બધું કરશો (તો) બહુ માટું તોફાન થશે અને થયું. સ્થાનકવાસીમાં તો તોફાન મોટું થયું પછી દેરાવાસીમાં થયું પછી દિગંબરોમાં પણ થયું.

સંપ્રદાયવાદીઓમાં તો તોફાન સિવાય બીજો રસ્તો નથી. એના કરતાં સાહેબ, આપે આત્માનું એકલું ઘરમાં બેસીને કરી લીધું હોત તો આ કાંઈ ગડબડાટ ન થાત અને લોકોના પરિણામ ન બગડત. 'ગુરુદેવે' પરિવર્તન કર્યું એટલે લોકોના પરિણામ બગડ્યા કાંઈ? મૂર્ખાઓને તો કાંઈ ગણતરી કરવાની મૂર્ખાયની હદ હોતી નથી. ઈ તો એના જેવું થયું કે, આ ભગવાને 'ઋષભદેવ' ભગવાને દિવ્યધ્વનિ છોડી ને એમાં આ બધા અન્ય મતો થઈ ગયા. ૩૬૩ પાખંડનો જન્મ થયો. ભગવાને દિવ્યધ્વનિ ન છોડી હોત તો સારું હતું ને. અરે! 'ગુરુદેવે' પરિવર્તન જાહેર ન કર્યું હોત તો તારું અત્યારે ઠેકાણું છે એટલું ય ઠેકાણું ન હોત. તું 'ગુરુદેવ'ને સલાહ દે કે, ઘરમાં બેસીને કરી લેવું હતું. પણ તારું શું થયું હોત એનો વિચાર કર્યો કે નહિ?

ખરેખર તો જો એમણે જાહેર પરિવર્તન કરીને આ માર્ગનો પ્રકાશ આટલો વિષદ્‌પણે, સ્પષ્ટપણે ન કર્યો હોત તો આત્યારે હજારો જીવો આ વિષયની અંદર જે સ્પષ્ટ માન્યતા ધરાવે છે એ પરિસ્થિતિ પણ ઊભી ન હોત. અથવા તો આ નિકૃષ્ટ કાળમાં ધર્મની સ્થિતી કેટલી હિણી થઈ ગઈ હોત એની કલ્પના કરવી મુશ્કેલ છે. એવી પરિસ્થિતિ છે. એ ગયા ને હજી મહિના, બે મહિના, છ મહિનામાં આ ગડબડ થઈ ગઈ, ન હોત તો શું દશા થઈ હોત! હજી તો ૪૫ વર્ષ ધોધ વહેવડાવ્યા અમૃતવાણીના, એટલો અધ્યાત્મનો રસ પીરસ્યો પણ જતા વેંત પાછળ આમ થયું. તો નો હોત તો શું થાત? એ તો વિચારવા જેવો વિષય છે. પણ ક્યાંથી ગણવું, કેમ ગણવું તે યોગ્ય છે. એ પણ બહુ ઊંડો વિચાર માંગે છે.

ભાવાર્થ :- **'દર્પણના દૃષ્ટાંતથી અહીં આટલો ભાવ લેવો કે દર્પણને દેખતા**

**વળી (આ તરફ) પોતાના મુખનું દેખવું થાય છે.**' આમ લક્ષ ફરે છે, ઉપયોગ ભલે દર્પણ ઉપર હોય. લક્ષ પોતાના રૂપ ઉપર આવે છે. જુઓ! ઉપયોગ આમ ને લક્ષ આમ. એમ ઉપયોગ જિનેન્દ્ર પ્રતિમા પ્રત્યે જાય કે આ વીતરાગ દેવ છે. લક્ષ આમ જાય કે, આવું મારું સ્વરૂપ છે. આમ ઉપયોગ અને લક્ષમાં લક્ષની દિશા બદલાય જાય છે.

'**તે દૃષ્ટાંત આ પ્રમાણે છે કે :- આ સંસારમાં કોઈ પુરુષને દર્પણને દેખવાથી વળી (આ તરફ) પોતાના મુખની બરાબર પ્રતીતિ થાય છે...**' કે, હું આવો જ છું. એમ એને પોતાના રૂપની પ્રતીતિ થાય છે. '**(તે પોતાના મુખને) નિઃસંદેહપણે દેખે છે. આ દૃષ્ટાંતની માફક આસન્ન ભવ્યજીવ (નિકટભવ્ય જીવ) પણ (નીચે પ્રમાણે પ્રતીતિ કરે છે :-)**' આ તો દૃષ્ટાંત લીધો. હવે ભવ્યજીવ, આસન્ન ભવ્યજીવ, જેની ભવ્યતાનો પરિપાક નજીક છે એને આસન્ન, આસન્ન એટલે નજીક. સંસ્કૃત શબ્દ છે. નિકટભવ્ય જીવ આ પ્રમાણે પ્રતીત કરે છે.

'**આ જે જીવ છે તે જ્યારે જે કાળે સર્વથા સર્વ કાળે સર્વ પ્રકારે વીતરાગરૂપ પરિણમે છે ત્યારે-તે કાળે પ્રત્યક્ષ પદ્માસન અથવા કાયોત્સર્ગરૂપ જેવી રીતે આ જે પાષાણમૂર્તિનો આકાર છે કે-જેનું મસ્તક ન કંપે, પલક, ભ્રમર, નેત્ર, નાસિકા ન કંપે, જીભ, દાંત, હોઠ ન કંપે, ખભા, ભુજા, હાથ, આંગળી ન કંપે, હૃદય, પેટ, જાંઘ, પિંડી, પગ ન કંપે, રોમ ન ફરકે, નખ ન વધે, વાળ ન વધે, તે ન ચાલે ન ઊઠે, ન બેસે, જેમ આ પ્રત્યક્ષ પાષાણની મૂર્તિ દેખવામાં આવે છે તેવી જ રીતે જે સમયે આ જીવ સર્વથા વીતરાગરૂપ પરિણમે છે ત્યારે જ આ દેહ પરમઔદારિક, કાયોત્સર્ગ અથવા પદ્માસન આકારે થઈને જંગમ (ચેતન) પ્રતિમા પાષાણપ્રતિમા સમાન થાય છે.**' એક વાણીનો ફેર છે, બાકી કોઈ ફેર નથી.

'ગુરુદેવે' જે કહ્યું કે, સાક્ષાત્ ભગવાન તીર્થંકર સર્વજ્ઞદેવ બિરાજતા હોય તો એમને વાણી દિવ્યધ્વનિ છૂટે અને પ્રતિમાજીને દિવ્યધ્વનિ ન છૂટે. આ સિવાય બીજો કોઈ ફેર નથી. એ બધી વાત એમણે વિશેષ વર્ણન કરીને સ્થાપી છે. આ લોકોએ તો વિકૃતિ કરી, શ્વેતાંબર લોકોએ વિકૃતિ કરી, દિગંબર લોકો પણ થોડા થોડા વિકૃતિમાં આવતા જાય છે. આ ઉપર જુદા જુદા દહીં ને દૂધ ને ઘી ને બધું નાખવા મંડ્યા છે.

મુમુક્ષુ :- ચંદન ચડાવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, ચંદન ચડાવે, ફૂલ ચડાવે. એ વીતરાગતાને ઉડાડવાની વાત છે. વીતરાગ પ્રતિમાથી વીતરાગતાને જ આખી ઉડાડી દેવાની વાત છે. એટલે

પછી શું રહ્યું? વીતરાગ પ્રતિમામાંથી જો વીતરાગતાને બાદ કરો તો પછી શું રહ્યું? વાત પતી ગઈ. આખા વીતરાગ ભગવાનનો એમાં નિષેધ થઈ ગયો. પણ અમે તો આંશિક વિકૃતિ કરી છે, અમે ક્યાં એમને હજી બીજા જેવા લોકો આયુધ ને ગૃહસ્થપણું જે રીતે સ્થાપે છે એવું (કાંઈ કર્યું નથી). અમે તો ખાલી અમુક આભૂષણો કર્યા અથવા અમૂક દહીં, દૂધ લગાડ્યા આટલું જ કર્યું, ફૂલ લગાડ્યા આટલું જ કર્યું, આથી વધારે તો અમે કાંઈ કર્યું નથી.

જેને અંશ પણ રાગ નથી અથવા અનંતમે ભાગે પણ જેને રાગાંશ રહ્યો નથી, એવા જે સર્વજ્ઞ વીતરાગ છે, સંપૂર્ણ વીતરાગ છે એને અંશમાત્ર પણ રાગનો દેખાવ થાય એવો ફેરફાર કરવો, રાગીપણાનો ફેરફાર થાય એવો દેખાવ કરવો એ સંપૂર્ણ વીતરાગતાનો એમાં નિષેધ આવી જાય છે. એટલે એ અન્યમત બરાબર થઈ જાય છે. જ્યાં વીતરાગતાનો નિષેધ થયો ત્યાં જીવ અન્યમતી થયો, ત્યાં જીવ ગૃહિત મિથ્યાદૃષ્ટિ થયો. અન્યમતી થયો એટલે? ગૃહિત મિથ્યાદૃષ્ટિ થયો. આ પરિસ્થિતિમાં સીધો વર્ગ બદલાય જાય. અગૃહિતમાંથી ગૃહિતમાં આવી જાય.

મુમુક્ષુ :- સંપ્રદાયની અંદર ભક્તિના ખાતામાં ખતવવામાં આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- કોઈ ને કોઈ સિદ્ધાંતનો છળ પકડીને એ દૂષણ છે એ પાંગરે છે. અહીંયાં વીતરાગ માર્ગમાં અથવા સન્માર્ગમાં અથવા નિર્દોષતાના માર્ગમાં જે કાંઈ ધ્યાન રાખવાનું છે એ આ જ ધ્યાન રાખવાનું છે કે તું કોઈ છળમાં પકડાતો નથી ને? કોઈ એમ નહીં કહે કે, તું પાપ કરજે, જા ચોરી કરી આવ, ખાતર પાડી આવ ફલાણાની દુકાને જઈને, તિજોરી તોડી એવું કોઈ નહિ કહે. કહેશે એવું? જા આનું ખૂન કર, આને મારી નાખ એમ કહેશે કોઈ? એવું કોઈ નહિ કહે. જ્યાં ધર્મની વાતો ચાલે છે, ત્યાં ધર્મના વ્યવહારની વાતો ચાલે છે ને એમાંથી કોઈનો કોઈ વાત ઉપર એટલું વજન દઈને એનો છળ પકડાવે છે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જીવો કે બીજા જીવોને ભ્રમણાનું કારણ થાય છે. આ પણ ભક્તિની વાત કરે છે, આ પણ અહિંસાની વાત કરે. સ્થાનકવાસીઓએ અહિંસાની વાત કરી, આણે ભક્તિની વાત કરી. ઠીક!

જેના ઉપર વજન કેટલું દેવું ને કેટલું ન દેવું એ એક સમ્યજ્ઞાનનો વિષય છે. ક્યાં કેટલું વજન દેવું ને ક્યાં કેટલું વજન ન દેવું એ Controling valve સમ્યજ્ઞાનમાં છે. બીજે ક્યાંય એ Valve નથી. જેના ઉપર વજન દેવાથી વધારે દેવાતા આખો માર્ગ ઉન્માર્ગમાં પલટાય જાય, અન્યમતી થઈ જવાય, ગૃહિત મિથ્યાદૃષ્ટિ થઈ જવાય, એનો પણ વિવેક ન રહે. એ ભક્તિ નથી પણ અભક્તિ છે અને એણે સંપૂર્ણ નિર્દોષતાનું ધ્યેય રાખ્યું નથી.

આપણે 'નિર્ભ્રાંત દર્શનની કેડીએ'માં પાયામાં એ વાત એટલા માટે નાખી છે. આત્માર્થી જીવનો પ્રારંભ ક્યાં સિદ્ધાંતથી થાય છે? કે, મારે પરિપૂર્ણ નિર્દોષ થવું છે એ મારા જીવનનો આર્દશ છે, એ મારા જીવનનું ધ્યેય છે. પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે. આ 'ગુરુદેવશ્રી'એ સૂત્ર આપ્યું છે. 'ગુરુદેવશ્રી'એ તો આ સૂત્ર સિદ્ધાંત આપેલો છે. એ પાયાનો વિષય છે. એ જેને પાયામાં છે એ કોઈ છળમાં નહિ પકડાય, એ ક્યાંય નહિ ભૂલે. અને નહિતર ક્યાં ભૂલશે, સમ્યજ્ઞાન નહિ હોવાને લીધે મિથ્યાજ્ઞાનમાં ક્યાં કેવી રીતે ભૂલ થાય, એ જીવને પોતાને ખબર પડતી નથી અને એટલે જ્ઞાનીના ચરણમાં નિવાસ કરાવ્યો છે, જ્ઞાનીઓએ. જ્ઞાનીઓએ જ જ્ઞાનીના ચરણમાં નિવાસ કરાવ્યો છે. શું કહે છે?

**'આ જે જીવ છે...'** કોઈ પણ જીવ, ત્રણે કાળે, ત્રણે લોકમાં એમ કહેવું છે. **'આ જે જીવ છે...'** એમાં એમ કહેવું છે, એનો અર્થ એ રીતે લેવો કે, ત્રણ કાળ ત્રણ લોકમાં કોઈ પણ જીવ જ્યારે જે કાળે ભૂત, ભવિષ્ય, વર્તમાનમાં જ્યારે અને **'જે કાળે સર્વથા સર્વ કાળે...'** અપવાદ નથી આની અંદર એમ કહે છે. એ કાળમાં ભલે ભગવાનની એવી પ્રતિમા સ્થાપી હોય પણ અત્યારે ઘણા જીવોનું વળવું થાય માટે આમ કરો. ઘણા જીવોને આમ થાય માટે આમ કરો, ઘણા જીવોને આમ થાય માટે આમ કરો. લૌકિકદષ્ટિથી અહીંયાં વ્યવહાર પણ સ્થાપવામાં આવતો નથી. લૌકિકદષ્ટિથી નિશ્ચયને તો સંબંધ જ નથી, પણ વ્યવહાર પણ અહીંયાં લૌકિકદષ્ટિથી છે નહિ.

**'જે કાળે સર્વથા સર્વ કાળે...'** જુઓ! કેવી રીતે લીધું છે! એટલે ત્રણે કાળ એક જ પ્રકાર છે. વ્યવહારનો પણ ત્રણે કાળે એક પ્રકાર છે, નિશ્ચયનો પણ ત્રણે કાળે એક જ પ્રકાર છે. એમાં બે પ્રકાર હોઈ શકતા નથી. **'સર્વ કાળે સર્વ પ્રકારે વીતરાગરૂપ પરિણમે છે ત્યારે...'** જ્યારે કોઈપણ જીવ, કોઈપણ કાળે સંપૂર્ણ વીતરાગ દશાને સંપ્રાપ્ત થાય છે, **'ત્યારે-તે કાળે (નિયમથી તે) પ્રત્યક્ષ પણે પદ્માસન સ્વરૂપે હોય અથવા કાયોત્સર્ગરૂપ હોય જેવી રીતે આ જે પાષાણમૂર્તિનો આકાર છે...'** એ જ આકાર એમનો બહારમાં હોય. સંપૂર્ણ ધ્યાનની દશામાં ક્યાં પદ્માસનનું હોય ને કાં કાયોત્સર્ગરૂપી ખડગાસન હોય. બે માંથી ત્રીજી કોઈ સ્થિતિ કોઈપણ સદેહે મોક્ષ પામનાર જીવની હોય શકતી નથી. આમ કરીને બધા આસનનો નિષેધ કર્યો. કોઈ આમ સ્થાપે ને કોઈ આમ સ્થાપે ને કોઈ આમ સ્થાપે. આ લોકો અન્ય મતમાં તો એવી રીતે સ્થાપે છે ને એક પગ આમ વાળેલો હોય ને બીજો પગ નીચે હોય આસન ઉપર, સિંહાસન ઉપર બેઠા હોય. (એવો) કોઈ પ્રકાર હોતો નથી. હાથમાં

શંખ, ચક્ર ને ગદા, પદ્મ હોય ને ફલાણું (હોય, એવું) કાંઈ હોય શકે નહિ. આ બેમાંથી એક જ આસન હોય. કાં પદ્માસન હોય અને કાં કાયોત્સર્ગ હોય. પછી સાદિઅનંત કાળ એમ જ રહે છે. એમાં કોઈ ફેરફાર થતો નથી.

'**જેનું મસ્તક ન કંપે,..**' ડોક ચાલે નહિ. છદમસ્થ છે, એ જ્યારે ઉપદેશ આપે ત્યારે એની ડોક ચાલે. આમ જોવે તો આ બાજુ ચાલે, આમ જોવે તો આ બાજુ ચાલે. વીતરાગ ભગવાનને ગોળાકારે ચારે દિશામાં ધર્મસભા હોવા છતાં ક્યાંય પણ એમની ડોકનું હલન-ચલન જોવામાં આવતું નથી. એવો એક સાતિશય છે કે, ચારે દિશામાં કોઈપણ Angle ઉપર કોઈપણ સભામાં બેઠાલા જીવને એમ લાગે છે કે, ભગવાન બિલકુલ મારી સન્મુખ છે. હું ખૂણેથી પણ ભગવાનના દર્શન કરુ છું એમ નથી.

આપણે જેમ આ બારીમાંથી દર્શન કરીએ અને સામે દર્શન કરીએ છીએ. તો એક Side pose આવે અને એક Front pose આવે. એવું સમવસરણમાં કદી બનતું નથી. સમવસરણની અંદર તો ગોળાકારમાં કોઈપણ Degree ના આ Angel ઉપરથી દર્શન કરનારને ભગવાન બિલકુલ સામે-Front pose માં જ દર્શન આપે છે. આવો એક અતિશય છે ત્યાં. એટલે ભગવાનની ડોક ચાલે નહિ ક્યાંય, ડોક હલીને ઉપદેશ આપે છે, દિવ્યધ્વનિ ચાલે છે એવું બનતું નથી.

આ જે બધી એક એક વાત લખી છે ને? એમાં એની સામેના બધા વિપરીત અભિપ્રાયનો નિષેધ છે. કેમકે અન્યમતની અંદર એ દેવ છે, ગુરુ છે, ઉપદેશ આપે છે ને આ બધા પ્રકારના વર્ણન આવે છે. અહીંયા કહે છે કે, આ જ પરિસ્થિતિ છે. અનાદિઅનંત આ સિદ્ધાંત છે. એમાં કોઈ ફેરફાર નથી.

'**જેનું મસ્તક ન કંપે, પલક,...**' આંખનો પલકારો. સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્રદેવને નાસિકાગ્ર દૃષ્ટિ છે. નાકનું જે ટેરવું છે, અગ્ર એટલે ટેરવું, એના ઉપર જે દૃષ્ટિ હોય અને જે રીતે એમના આંખના પોપચા ઢળેલા રહે છે. એ જ રીતે ધ્યાનસ્થ આવસ્થામાં પહેલેથી જ છે ઈ જ રીતે રહી ગયા છે. છદ્મસ્થમાં જે ધ્યાનસ્થ અવસ્થામાં શુકલ ધ્યાનની શ્રેણી નાસિકાગ્ર દૃષ્ટિથી શરૂ થઈ, (એ) એમ ને એમ એમના નયન છે એ રીતે જ રહી જાય છે. એમાં પલકારો સુદ્ધા આવતો નથી. સદેહે મોક્ષ છે પણ આંખનો પલકારો લાગતો નથી. આંખ ખોલીને ઉપયોગ સામે જાય એ તો પ્રશ્ન જ નથી. પૂરી આંખ ખુલે અને ચક્ષુદર્શનનો ઉપયોગ સામે જાય એ તો બનતું નથી. 'ભલે સો ઈન્દ્રોના રતનમય સ્વસ્તિક બનતા' પંડિતજીએ સમવસરણની જે સ્તુતિ કરી છે એમાં (કહે છે) કે, સો સો ઈન્દ્રો ભગવાનને નમન કરે છે. 'નથી

એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા.' તારો ઉપયોગ એની સન્મુખ જરાય જતો નથી. સામે ચોખ્ખું તો જોવાનો સવાલ નથી પણ ત્રાંસી નજરે તો જોવે કે નહિ કે આ ધર્મસભામાં કેટલા બેઠા છે? નહિ જુએ? આંખના ખૂણેથી પણ બીજે જોવાનો પ્રશ્ન રહેતો નથી. પલક પણ ન ચળે.

**'ભ્રમર,...'** આંખની નેણને ભ્રમર કહે છે. એમાં પણ કંપન આવતું નથી. **'નેત્ર,...'** આંખની કીકી પણ ફરતી નથી. **'નાસિકા ન કંપે,...'** શ્વાસોશ્વાસ ચાલીને જે નાસિકાનું કંપન થવું છે. નાકના નસકોરા ફુલે છે એની અંદર હલન-ચલન દેખાય છે. એવું સર્વજ્ઞ વીતરાગને સમવસરણમાં બનતું નથી. **'નાસિકા ન કંપે, જીભ,...'** ન ચાલે. વાણી નીકળે છે પણ જીભ ન ચાલે. જીભનું હલનચલન ત્યાં હોતું નથી. **'દાંત...'** ન ચાલે. આ જે બોલે ત્યારે જે જડબા ઊંચા-નીચા થઈને દાંતનું હલનચલન દેખાય છે એ પણ હલતું નથી. **'હોઠ ન કંપે,...'** વાણી નીકળે છે પણ હોઠ ચાલતા નથી. આખો જે દેહ છે એના નિમિત્તે ઓમકાર ધ્વનિ નીકળે છે. છદ્મસ્થની જેમ હોઠ ચાલે, જીભ ચાલે, કંઠ ચાલે, ગળે કંઠ ચાલતો દેખાય એવું ત્યાં બનતું નથી.

**'જીભ, હોઠ ન કંપે, ખભા, ભુજા, હાથ, આંગળી ન કંપે.'** જે પદ્માસને છે કે ખડગાસને છે, એમ ને એમ જ રહેવાનું બને છે. એમાં કિંચિત્‌માત્ર હલનચલન થતું નથી. સમવસરણ એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય તોપણ કાંઈ કંપન થતું નથી. એવું બને છે, ભગવાનના સમવસરણો જુદી જુદી જગ્યાએ રચાય છે. અમુક કાળ પુરો થાય પછી કોઈ એવા... ધરતી પણ ધન્ય છે કે જ્યાં સમવસરણ બદલાયને જવાનો તીર્થંકરનો એક યોગ હોય છે, તો એવી જુદી જુદી જગ્યાએ સમવસરણ જાય ત્યારે પણ ભગવાનના હાથ, પગ, ભુજા આંગળી કાંઈ હલતા નથી.

એમ ને એમ જેમ તીર હવામાં જાય છે એવી જ રીતે પદ્માસને આખી મૂર્તિ એમ ને એમ હવામાં આકાશમાં જાય છે. એકલા હોતા નથી, તીર્થંકર છે એટલે કદી એકલા હોતા નથી. આકાશ માર્ગે અસંખ્ય દેવોનો મોટો સમૂહ સાથે હોય છે. દૈવી હજારો, કરોડો વાજા, હજારો નહિ, કરોડો વાજા અને ધમાલ ધમાલ આકાશમાં ચાલતી હોય છે. એ બધું ભગવાનનું સરઘસ આકાશમાં નીકળે. રથયાત્રા જે છે એ આકાશ માર્ગે ચાલતી હોય છે. અને દેવો ને ઈન્દ્રો આગળ-પાછળ ભક્તિ કરતા, નાચ કરતા કરતા જ્યાં સમવસરણ જવાનું હોય ત્યાં બધા જાય છે.

મુમુક્ષુ :- આપણે અહીં તીર્થંકર હતા ત્યારે હેલિકોપ્ટર આવતું હતું જ ને. હજારો માણસો ધમાલ.. ધમાલ..

પૂજ્ય ભાઈશ્રી : હા. હજારો માણસો (આવતા). એ જાતના પુણ્ય હોય છે.

એ એકલા ક્યારેય હોતા નથી. જુદા પડ્યા ત્યારે એકલા હતા. સંપ્રદાયમાં આજના દિવસે પરિવર્તન કર્યું. આજનો દિવસ છે, શાસનનો દિવસ છે આ ખરેખર તો. ભગવાન 'મહાવીરસ્વામી' ન હોત તો કોને ખબર છે પરંપરા શું ચાલતી હોત? અને 'ગુરુદેવ' ન હોત તો કોને ખબર છે શું ચાલતું હોત? એ કહેવું મુશ્કેલ છે.

કહે છે કે, એમને '**હાથ, ભુજા, આંગળી ન કંપે, હૃદય,..**' ઠીક! Pumping station છે એને પછી એનું કામ કરવાની કાંઈ જરૂર નથી. ઠીક! ચાલે છે ને આ? લોહીને પરિભ્રમણ કરવાનું. એ પ્રકારની એમને જરૂર રહેતી નથી. '**આંગળી ન કંપે, હૃદય, પેટ, જાંઘ, પિંડી,...**' આ શ્વાસોશ્વાસ ચાલે છે ને? પેટ ઊંચું-નીચું થતું જોવામાં આવે છે. એ પ્રકાર વીતરાગ સર્વજ્ઞના દેહને જોવામાં આવતો નથી. આ લોકોએ તો પછી આહાર તો સ્થાપ્યો, રોગ સ્થાપ્યો, દવા સ્થાપી, કાંઈક ધમાલ કરી. વિકૃતિ આવે ત્યારે ત્યારે પછી Common sense રહેતી નથી. સામાન્ય રીતે તો ગૃહીત મિથ્યાત્વ તો બહુ સ્થૂળ બુદ્ધિ થઈ જાય ત્યારે જ ગૃહીત મિથ્યાત્વ થાય છે અને એની અંદર જ્ઞાન ઘણું મૂંઢાય જાય છે. એ સિદ્ધાંતને પકડીને કેટલા વીતરાગી સિદ્ધાંતોને ઉડાડવાનું બને છે, વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રને ઉડાડવાનું બને છે, એનો એને ખ્યાલ રહેતો નથી. એટલે એ મોટી ગડબડ થાય છે.

'સ્તવન મંજરી'માં એક ભક્તિમાં તો આવે છે કે, વીતરાગદેવને આહાર, પાણી, રોગ, દવાનો તો પ્રશ્ન નથી પણ વીતરાગદેવની ધર્મ સભામાં આવે એને આહાર, પાણી, નિદ્રાનો સવાલ નથી. ઠીક! જે ભવ્યો સાક્ષાત જિનેન્દ્રની ધર્મસભામાં દાખલ થાય છે એને ત્યારથી આહાર, પાણી ને નિદ્રા બંધ થઈ જાય છે. ઠીક! કેમકે ચોવીસ કલાકમાં ભગવાનની ધ્વનિ દર છ કલાકે છૂટે છે. ચાર વખત છૂટે છે ને? તો બે બે વખત રાત્રે ને બે વખત દિવસે (છૂટે). ત્યાં તો રાત-દિવસ થતાં જ નથી. ભગવાનનો એટલો તેજોમય દેહ છે અને સમવસરણમાં એટલા તેજોમય બધા પદાર્થો ને દ્રવ્યો છે કે એટલી જાકજમાળ છે કે ત્યાં સૂરજ-ચંદ્રની જરૂર જ નથી, પ્રશ્ન જ નથી. ત્યાં ક્યાંય સૂરજ-ચંદ્ર કે રાત-દિવસ લાગે એ તો પ્રશ્ન જ નથી. એટલે દર છ કલાકે જ્યારે ભગવાનની વાણી છૂટે છે, બંધ ગમે ત્યારે થાય એનો નિયમ નથી પણ ચાલુ થઈ જાય, ચાર વખત ભગવાનની વાણી દર છ કલાકે નિયમબદ્ધ કુદરતી ચાલુ થઈ જાય એમાં ભગવાનની ઈચ્છા કરવાનો પ્રશ્ન નથી. નિરિચ્છકપણે. ત્યારે જો સમવસરણમાં ઊંઘે ભગવાનની વાણી ચાલતી હોય ને રાત્રે ઊંઘ આવતી હશે કે નહિ આવતી હોય? અડધી રાતે વાણી, ભગવાન વીતરાગ થયા પણ આ બધા રાગીની શું દશા થાય? એને પણ ઊંઘ આવે નહિ. એવી વાણીનો એવો અતિશય

ત્યાં પ્રભાવ છે. તેમ કોઈ ત્યાં ચાલુ ધર્મસભાએ મને ભૂખ લાગી છે માટે ખાવા ઘરે વયો જાય અને મને તરસ લાગી છે માટે પરબે પાણી પીવા વયો જાઉં, એ પરિસ્થિતિની ગડબડ ચાલુ ધર્મ સભામાં કાંઈ થતી નથી.

મુમુક્ષુ :- અશાતાવેદની ઓછી થઈ ગઈ. ભગવાનનો અતિશય એવો છે.

પૂજ્ય ભાઈશ્રી :- એકલો શાતાવેદનીનો ઉદય હોય છે. એવો ભગવાનનો અતિશય છે. હવે એને સાંભળનારને આટલી શાતાવેદની (થઈ જાય છે તો) પછી સંભળાવનારને? સંપ્રદાયમાં ગડબડ થઈ કે નહિ? ભાઈ એ સંપ્રદાયમાંથી આવે છે. શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાંથી. એ લોકોએ ગડબડ કરી. અરે.. ભાઈ! સાંભળનારને એ નથી. કહેનારને તો પ્રશ્ન જ નથી.

એવી વાણી પણ એવી છે અને અતિશય પણ એવો છે. સાંભળનારને મટકુ મારવું ગમે નહિ. લાવ થોડુંક જોકુ ખાઈ જઈએ. આટલા દિવસથી સાંભળીએ છીએ ને આરામ ને ઊંઘ લીધી નથી. લાવ ને હવે થોડો આરામ કરી લઈએ. એ પ્રશ્ન એને અંદરમાં આવતો નથી. એટલી મધુર વાણી હોય છે અને એવો અધ્યાત્મનું અમૃત કાનની અંદર જાણે કોઈ અમૃત રેડતા હોય અને ધરાઈ ધરાઈને પીવાની અભિલાષા હોય, એવી રીતે જીવ એને સાંભળ્યા જ કરે, સાંભળ્યા જ કરે, સાંભળ્યા જ કરે. એ ભાવમાં સ્થિર થઈ જાય છે. એને ભૂખ, તરસ, નિદ્રાનો કોઈ પ્રકાર રહેતો નથી.

'**તે ન ચાલે,...**' ન એને રોમ ફરકે. એક રૂંવાડું ફરકતું નથી. બીજા અંગ ફરકવા તો એક બાજુ રહ્યા પણ પાંચસો ધનુષ ઊંચે આકાશમાં બિરાજમાન છે અને પવનના ઝપાટા આવતા હશે કે નહિ? એક રોમ ફરકતો નથી. વાળ હોય છે, ઘુંચળા (હોય) એવી રીતે. એક વાળ ફરકે નહિ, એનો એક રોમ ફરકે નહિ. એવી સ્થિર જિનબિંબની પ્રતિમા હોય છે. અંતરની અનંત સ્થિરતાને વ્યક્ત કરતી બાહ્યાભ્યંતર એટલી સ્થિર પ્રતિમા હોય છે. અનંતી સ્થિરતાને બહારમાં પ્રસિદ્ધ કરે છે. આવી જિનપ્રતિમા હોય છે, આવું જિનબિંબ હોય છે.

'**રોમ ન ફરકે, નખ ન વધે, વાળ ન વધે, તે ન ચાલે ન ઊઠે, ન બેસે.**' ફેરફાર કરતાં નથી. પદ્માસન હોય ને ઊભા થાય, ખડગાસને થાય એમ પણ નહિ. જે આસન હોય એ આસન સાદિઅનંત સિદ્ધાલયમાં પણ એ જ આકાર રહે છે. '**જેમ આ પ્રત્યક્ષ પાષાણની મૂર્તિ દેખવામાં આવે છે**' સ્થાપના નિક્ષેપમાં જે સર્વજ્ઞ પ્રતિમાને જેમ નિરખવામાં આવે છે, બસ, બિલકુલ મૂર્તિમંત એ સર્વજ્ઞ છે. એવું જ બિલકુલ એવું પણું હોવાથી એ રીતે એની સ્થાપના કરવામાં આવી છે. બિલકુલ સાક્ષાત્ પ્રાણપ્રતિષ્ઠા કરી એટલે એને મૂર્તિ તરીકે જોવામાં આવતી નથી. એ Statue

નથી, મૂર્તિ નથી. એ સાક્ષાત જ પરમાત્મા છે, સાક્ષાત જ તીર્થંકર છે. પછી મૂર્તિ તરીકે એના દર્શન કરવામાં આવતા નથી. ગજબનો ભાવ છે એની પાછળ!

મુમુક્ષુ :- આજે માંગલિક બહુ સારું થયું.

પૂજ્ય ભાઈશ્રી :- સાક્ષાત અત્યારે તો કાળ નથી ને? નહિતર જે કાળમાં તીર્થંકર બિરાજમાન હોય એને તો ખ્યાલ આવે કે જેવા ભગવાનને સમવસરણમાં જોઈએ છીએ, એવા જ ભગવાનને અહીંયાં મંદિરમાં જોઈએ છીએ. બે વચ્ચે અમને કાંઈ ફરક દેખાતો નથી. એક તેજોમય શરીર એમનું ઘણું હોય છે. એટલે અહીંયાં આપણે સ્વર્ણ પ્રતિમા, રત્ન પ્રતિમા કરીએ છીએ પણ છતાં એ પરમ ઔદારિક પરમાણુનું તેજ જેટલું હોય છે કે અસંખ્ય સૂરજ-ચંદ્ર ટમટમ્યા એની પાસે લાગે. એવા સમવસરણની અંદર જે જિનરાજનો દેહ છે એ પણ એટલો જ તેજોમય હોય છે. એ બહુ વિશિષ્ટ પ્રકાર છે. વિશેષ લઈશું...

## તા. ૨૨-૪-૧૯૮૬, પાના નં. ૨, પ્રવચન નં. ૨

આ શાસ્ત્રમાં પ્રારંભમાં દેવ અધિકાર છે. તત્ત્વનું નિરૂપણ સર્વજ્ઞતાપૂર્વક થાય તે યથાર્થ છે. 'શ્રીમદ્જી'નું એ વચન છે. ધર્મ સર્વજ્ઞતાથી પ્રણિત કરવો. ધર્મનું નિરૂપણ કહો, તત્ત્વનું નિરૂપણ કહો. સર્વજ્ઞ ભગવાનને સ્થાપીને, સર્વજ્ઞ કેવા હોય એ સર્વજ્ઞનો સ્વીકાર કરીને જેવા સર્વજ્ઞ થાય છે અથવા હોય છે તેવું તેમનું સ્વરૂપ સ્વીકારીને ધર્મનું નિરૂપણ થઈ શકે છે. એ સિવાય એટલે કે તેના અસ્વીકારમાં ધર્મનું નિરૂપણ કદાપિ યથાર્થ હોય શકે નહિ.

ધર્મ સર્વજ્ઞતાથી પ્રણીત કરવો, એવું એમનું વચન છે. અહીંયાં અરિહંત પરમાત્માને શું શું બહારમાં એમની બાહ્ય સ્થિતિ પણ કેવી હોય છે કે જે એમની અંતર પરિપૂર્ણ સ્વરૂપ સ્થિતીને પ્રદર્શિત કરે છે એવી બહારની સ્થિતી કેવી હોય છે એનું વર્ણન કર્યું છે. અનુભવ વિના, સ્વાનુભવ વિના તો અંદરની સ્થિતિનો અંદાજ આવવો મુશ્કેલ છે. કેવળજ્ઞાનનું સ્વરૂપ કેવું હોય, યથાખ્યાતચારિત્રનું સ્વરૂપ કેવું હોય અને ક્ષાયિક સમ્યગ્દર્શનનું સ્વરૂપ કેવું હોય એનો તો અંદાજ આવવો પણ મુશ્કેલ છે. પણ બહારમાં પણ એમની અંતરની સ્થિતિને અનુરૂપ જે બાહ્ય પરિસ્થિતિ છે તેને ઠીક બરાબર સર્વજ્ઞ પ્રતિમામાં સ્થાપન કરવામાં આવે છે. જેવી સર્વજ્ઞ ભગવાનની પ્રતિમા છે એક દિવ્યધ્વનિ સિવાય બિલકુલ એવા જ સર્વજ્ઞદેવ હોય છે. વિચારથી સર્વજ્ઞદેવ કહે (તો) ન સમજાય તો આ તને સામે દેખાડવામાં આવે છે કે, જો સર્વજ્ઞ આવા હોય છે.

સમજાવવાની બે પદ્ધતિ છે એક કહીને સમજાવે અને એક દેખાડીને સમજાવે. આ દેખાડીને સમજાવે છે કે, જો સર્વજ્ઞ પરમાત્મા ધર્મના નાયક, ધર્મનું મૂળ જ્યાંથી શરૂ થાય છે એવા આ સર્વજ્ઞ આવા હોય છે. અને તેથી સર્વ શાસ્ત્રોના પ્રારંભમાં અરિહંત પરમાત્મા અને સર્વજ્ઞને નમસ્કાર કરવામાં આવે છે. પ્રાયઃ લગભગ બધા શાસ્ત્રની અંદર પ્રથમ જ સર્વજ્ઞ પરમાત્માને નમસ્કાર કરીને પછી આગળ શાસ્ત્ર શરૂ કરવામાં આવે છે. સત્‌શાસ્ત્રોની એ પ્રસિદ્ધ પદ્ધતિ છે. શું કહે છે?

**'તે ન ચાલે, ન ઊઠે, ન બેસે...'** ચાલીને ઊભા હોય તો ચાલે નહિ, ઊભા હોય તો બેસે નહિ. બેસે તો ઊભા થાય નહિ. **'જેમ આ પ્રત્યક્ષ પાષાણની મૂર્તિ દેખવામાં આવે છે...'** બીજા પાને. **'તેવી જ રીતે જે સમયે આ જીવ સર્વથા**

**વીતરાગરૂપ પરિણમે છે ત્યારે જ આ દેહ પરમઔદારિક, કાયોત્સર્ગ અથવા પદ્માસન આકારે થઈને જંગમ (ચેતન) પ્રતિમા પાષાણપ્રતિમા સમાન થાય છે.**' જ્યારે જે સમયે, જીવ સર્વથા, આ જીવ એટલે કોઈપણ જીવ સર્વથા વીતરાગરૂપ પરિણમે છે, પરિપૂર્ણ રાગનો અભાવ કરે છે, પૂર્ણ પવિત્ર વીતરાગ દશાને પ્રાપ્ત કરે છે ત્યારે તેમનો દેહ છે એ પરમ ઔદારિક પરમાણુ અવસ્થા ધારણ કરે છે. દેહની પરમાણુની એકદમ તેજોમય અવસ્થા થઈ જાય છે.

એટલો બધો તેજસ્વી દેહનો પ્રકાર હોય છે કે, દૈવી સમવસરણમાં આશ્ચર્યકારી સમવસરણની રચના હોવા છતાં અને એ રચનાને જોતા દેવોને અને જેટલો કોઈ આવે એ બધાને આશ્ચર્ય થાય છે, તોપણ તે સર્વ આશ્ચર્યથી પણ મહા આશ્ચર્યકારી અને આકર્ષણનું કારણ સર્વજ્ઞ ભગવાન હોય છે સમવસરણમાં. સમવસરણના વૈભવ કરતા પણ આ આકર્ષણનું સ્થાન, આકર્ષણનું કેન્દ્ર વીતરાગ પરમાત્મા હોય છે કે, જ્યાં વીતરાગ પરમાત્મા પ્રત્યે ચક્ષુદર્શનનો ઉપયોગ જાય તો ત્યાંથી નજર ફેરવવી ગમે નહિ.

અત્યંત તેજસ્વી હોવા છતાં એ આંખને આંજનારું તેજ હોતું નથી. આંખ ન અંજાય. જેમ સૂર્યને જોતા આંખ અંજાય છે એમ આંખ ન અંજાય. એવું સૌમ્ય તેજ હોય છે અને એટલી શાંતતા હોય છે કે, જોનારને, દર્શન કરનારને શાતાની શાંતિ તો સહજમાત્રમાં આપો આપ ઊપજે છે. જેમ કરૂણ દર્શન જોઈને હૃદયમાં કરૂણાર્દ્રતા ઉત્પન્ન થાય એવી ભગવાનની શાંત વીતરાગ મુદ્રા જોઈને દર્શન કરનારને માનસિક શાંતિ તો ત્યાં જ ઉત્પન્ન થઈ આવે છે અને એ સૌમ્ય મુદ્રાથી નજર ફેરવવી ગમે નહિ. જોતા ધરાય નહિ એવી પરિસ્થિતિ જોનારની થઈ આવે છે. જેને અંતરંગ દશાનું જ્ઞાન હોય છે એને તો વિશેષ, વિશેષ એ ધ્યાનનું કારણ થાય છે. સર્વજ્ઞ ભગવાન ધ્યાનનું કારણ થાય છે અને એવી જ સર્વજ્ઞ પ્રતિમા પણ ધ્યાનનું કારણ થાય છે.

'**પાષાણ અને પરમ ઔદારિક પ્રતિમામાં કાંઈ તફાવત હોતો નથી,...**' પાષાણ અને પરમ ઔદારિક પ્રતિમામાં કોઈપણ પ્રકારનો તફાવત હોતો નથી. એક તેજ ન દેખાય એટલું. બાકી જરાય ફેરફાર હોતો નથી. એવા જ વીતરાગ હોય છે. '**બન્ને વજ્રની મૂર્તિ છે.**' વજ્રની મૂર્તિ એટલે નિશ્ચળ મૂર્તિ છે. જેમ વજ્રમાં ફેરફાર ન થાય એ પ્રતિમા એટલે પ્રતિમા. ચૈતન્યનું ઢીમ છે. બસ, એ અંદર જામી ગયા છે. એમાં કોઈ ફેરફાર, વજ્રની જેમ કોઈ ફેરફાર જોવામાં આવતો નથી. '**બન્ને વજ્રની મૂર્તિ છે. વીતરાગ જીવની આવી જંગમ મૂર્તિ અથવા સ્થાપના મૂર્તિ એ બન્નેને આસન્નભવ્ય**

**જીવ દેખીને આમ મનમાં લાવે છે-તે વખતે તેને આવો વિચાર હોય છે. તે વિચાર કેવો હોય છે?**' આ દર્શન કરનારને, વીતરાગ સર્વજ્ઞ ભગવાનના દર્શન કરનાર નિકટભવિ જીવને કેવો વિચાર આવે છે એ વિચાર અહીંયાં દર્શાવે છે.

'**વીતરાગ તો પરમાત્મદશા છે-પરમેશ્વર છે-ત્યાં તો સર્વજ્ઞ છે.**' જે વીતરાગ છે તે તો પરમાત્મ દશા છે. અનંત ગુણોનું પરમ ઐશ્વર્ય ત્યાં પ્રગય થયું છે અને ત્યાં સર્વજ્ઞપણું વર્તે છે. વીતરાગદેવને જ્ઞાનમાં પરિપૂર્ણ જ્ઞાનદશા વ્યક્ત, પ્રગટ થઈ ગઈ છે. એવું સર્વજ્ઞપણું ત્યાં પ્રગટ છે. '**વીતરાગનો અર્થ આ પ્રમાણે છે કે-વીત કહેતાં ગયું છે; રાગ કહેતા રંજિત થવું તે, તન્મયપણે તેવા થવું તે,...**' રંજિત થવું એટલે તન્મયપણે રાગરૂપ થઈ જવું તે. '**એવો ભાવ જાય...**' એટલે એવા ભાવનો અભાવ થાય, '**તેને વીતરાગ કહેવામાં આવે છે.**' આ વીતરાગનો અર્થ છે. જેને અનંતમાં અંશે પણ કષાયકણનું કલંક રહ્યું નથી, એવા શુદ્ધ ઉજ્જ્વળ શુક્લધ્યાનમાં જે વીતરાગભાવે બિરાજમાન છે ત્યારે તેમને સર્વજ્ઞ, સંપૂર્ણ વીતરાગ સર્વજ્ઞ કહેવામાં આવે છે.

'**તેથી તો આમ જાણવામાં આવ્યું કે-પોતાની પૂર્વ અવસ્થામાં તો તે પુરુષ રાગી હતો.**' એમનો આત્મા પણ પૂર્વ અવસ્થામાં રાગી હતા. વીતરાગ થયા એનો અર્થ કરે છે. વીત એટલે ગયું. તો હતું તો ગયું કે નહોતું ને ગયું? કે, રાગથી રંજિતપણું હતું તે ચાલ્યું ગયું. એ એમ સૂચવે છે કે, પહેલા હતું તો ખરું. એમ કાઢ્યું. વીતમાંથી એ કાઢ્યું. '**તેથી તો આમ જાણવામાં આવ્યું કે-પોતાની પૂર્વ અવસ્થામાં તો તે પુરુષ પણ રાગી હતો. કારણકે 'ગયો' એવું નામ તો ત્યારે પામે કે જો તે (પહેલાં) હોય, નહિતર એવું નામ ન પામે.**' વીત-ગયો એવું નામ ક્યારે પામે? કે, હોય તો ગયો, ન હોય તો ગયો એ પ્રશ્ન રહેતો નથી. બહુ સીધી વાત છે. '**તેથી તેને રાગ હતો, જ્યારે રાગ ગયો ત્યારે 'વીતરાગ' પરમેશ્વર કહેવાયા.**' જ્યારે રાગ ગયો ત્યારે એમને વીતરાગ પરમેશ્વર કહેવામાં આવે છે. આમ એમને વીતરાગ એમ કહેતા એ પણ પહેલા રાગી હતા ને રાગ મટાડીને વીતરાગ થયા છે એવું જ્ઞાન થાય છે.

'**અહીં બીજો એક વિચાર આવ્યો કે જે 'જાય' તે વસ્તુત્વથી નીપજ્યો નથી.**' જે જાય.. જુઓ! કેટલું કાઢ્યું છે એમાંથી? કે, જે રાગ વ્યતીત થયો, જે રાગનો અભાવ થયો તો એ ત્રિકાળી વસ્તુ હોય શકે નહિ. જે ત્રિકાળી તત્ત્વ છે એનાથી નીપજે એ જાય નહિ અને જાય તો એ વસ્તુના વસ્તુભૂત તત્ત્વ નથી, વસ્તુના સ્વભાવભૂત તત્ત્વ નથી એમ પણ એમાંથી સ્પષ્ટ ફલીત થાય છે. '**કે જે 'જાય'**

**તે વસ્તુત્વથી નીપજ્યો નથી. કોઈએ વસ્તુને તે દોષ ઉપજાવ્યો છે.**' એ એક વિકાર છે, દોષ છે કે જે વસ્તુમાં ઊપજ્યો છે. પણ મૂળ વસ્તુ-મૂળ ચીજ એ નથી. એમ સ્પષ્ટ થાય છે. '**વળી જે વસ્તુત્વથી નીપજ્યો હોય તે ક્યારેય જાય નહીં.**' જે વસ્તુભૂત હોય, વસ્તુના સ્વરૂપભૂત હોય, સ્વભાવભૂત હોય તે નાશ પામે તો વસ્તુનો નાશ થાય. પણ એવું તો કદી બની શકતું નથી. '**એ સ્પષ્ટ વાત છે.**' '**વસ્તુત્વથી નીપજ્યો હોય તો ક્યારેય જાય નહીં. એ સ્પષ્ટ વાત છે.**'

'**પણ બીજી એક વાત છે કે જે આ દોષ છે તે, તે વસ્તુત્વને જ ઊપજે છે, વસ્તુ વિના ઊપજતો નથી.**' એ દોષ પણ વસ્તુમાં ઊપજેલો છે, વસ્તુની અવસ્થામાં ઊપજેલો છે, ક્યાંય અદ્ધર થયેલો નથી. વસ્તુ હોય તો એને દોષ કે નિર્દોષપણું હોય. પણ વસ્તુ વિના એકલો ક્યાંય દોષ થાય છે એવું પણ બની શકે નહિ. કેટલી વિજ્ઞાનિક વાત લ્યે છે! એકદમ. '**બીજી એક વાત છે કે જે આ દોષ છે તે વસ્તુત્વને જ ઊપજે છે. વસ્તુ વિના ઊપજતો નથી. તો પણ તે વિકાર કાલ પામીને જાય છે ત્યારે જે કાંઈ તે વસ્તુત્વભાવ છે તે રહી જાય છે, એમાં સદેહ નથી.**' શું છે? કાલ પામીને એટલે એનો કાળ પૂરો થતાં કોઈ એક કાળે તે વિકારનો નાશ થાય છે અને જ્યારે એ વિકારનો નાશ થાય છે ત્યારે વસ્તુત્વભાવ જે છે, સ્વભાવ ભાવ મૂળ ભાવ છે તે વસ્તુ મૂળ સ્વરૂપે એમ ને એમ રહી જાય છે. મૂળમાં વસ્તુ છે. વિભાવ છે તે મૂળ વસ્તુભૂત નથી. વળી તેનો તે, એનો તે વિભાવ કે કોઈ વિભાવ અનાદિથી વસ્તુ જેમ છે તેમ કોઈ વિભાવ અનાદિથી તેનો તે હોય એવું પણ બને નહિ. તે કોઈ એક કાળે નવો શરૂ થાય છે અને તેનો અંત પણ આવે છે. વસ્તુમાં શરૂઆત નથી, વસ્તુનો નાશ પણ નથી. આમ છે. જે વસ્તુત્વભાવ છે તે રહી જાય છે. વિભાવ ચાલ્યો જાય છે, વસ્તુ રહી જાય છે એમાં સદેહ નથી.

'**જેવી રીતે પાણીમાંથી ઉષ્ણ વિકાર દૂર થયો ત્યારે શીતલ વસ્તુભાવ સહજ જ રહી જાય છે.**' પાણીના દૃષ્ટાંતે. પાણીને ગરમ કરવામાં આવે છે અથવા સૂર્યની ગરમીથી કોઈપણ નિમિત્તે પાણી ઉષ્ણ અવસ્થાને ભજે છે ત્યારે એ પાણીનો જે શીતળ સ્વભાવ છે એને અનુકૂળ અવસ્થા નથી. એનાથી ઊલટી જાતની અવસ્થા છે. હવે એ પાણી આપોઆપ કેવું થશે? કે, જેવું એ Normal ઠંડું હોય એવું થઈ જશે. ઉષ્ણતા ગઈ એટલે પાણી જેવું હતું એ પાણીના સ્વરૂપે, પાણીના શીતળ સ્વભાવે રહી જાય છે. એક દૃષ્ટાંત એ પાણીનો આપ્યો છે.

'**વળી જેમ સોનામાંથી કાલિમા કલંક જે સમયે દૂર થઈ તે સમયે જ સોળવલ્લો વસ્તુભાવ સહજ જ રહી જાય છે.**' આ સોનું છે એને તપાવે છે. એની અંદર

જે કાંઈ અન્ય ધાતુ અથવા માટી વગેરે જે કાંઈ હોય છે એ ઘણી ગરમી લાગે ત્યારે એ બળી જાય. પણ સોનું ન બળે. સોનું શુદ્ધ સોનું રહી જાય છે. બીજો મેલ છે તે બળી જાય છે અને સોનું શુદ્ધ સોના સ્વરૂપે રહી જાય છે. **'સમયે જ સોળવલ્લો વસ્તુભાવ સહજ જ રહી જાય છે. તેથી આ વાત યોગ્ય છે કે જે ભાવ જાય છે તે તે વિકાર છે.'** જે ચાલ્યો જાય છે તે વિકાર છે, તે વસ્તુનો મૂળ સ્વભાવ નથી. વસ્તુનો મૂળ સ્વભાવ ક્યારેય ચાલ્યો જાય તો વસ્તુનો જ અભાવ થાય. કેમ કે વસ્તુમાં વસ્તુનો સ્વભાવ તે જ વસ્તુનું સર્વસ્વ છે. જો સ્વભાવનો નાશ થાય તો વસ્તુમાં પછી કાંઈ રહેતું નથી.

**'વિકાર જતાં, જે કાંઈ વસ્તુભાવ છે, તે સહજ જ રહી જાય છે. તેથી ભલી રીતે એટલે (બરાબર, યથાર્થ, સમ્યક્) જાણવામાં આવે છે કે જેને જ્યારે રાગ ગયો ત્યારે તો જે વસ્તુત્વભાવ તે જ પ્રત્યક્ષ રહી જાય છે.'** જે કોઈ આત્માને રાગનો સર્વથા અભાવ થાય એને મૂળ સ્વરૂપે આત્મા અનંત શક્તિ સંપન્ન જેવો છે તેવો જ રહી જાય છે. **'તો તે વસ્તુભાવ તે જ પોતે, પરપુરુષે એ (વિકાર?) છે,..'** અથવા પર ભાવ છે એ વિકારભાવ છે, વસ્તુ સ્વભાવ છે એ તો પોતે જ છે. **'કોઈ સ્વવસ્તુ તે જ છે.'** સ્વવસ્તુ પોતે છે અને જે વસ્તુથી અનુકૂળ નથી એવો જે ભાવ છે તે વિભાવ ભાવ છે.

મુમુક્ષુ :- .....

પૂજ્ય ભાઈશ્રી :- પર પુરુષ. એ ભાષા જરા એવી લીધી છે ને. મૂળ જે ભાષા છે એમાં કેટલો ફેરફાર કરે? આખો ફેરફાર થાય તો એને ભાષાંતર કહી શકાય નહિ. એને પર પુરુષ કહ્યો. આ જ છે ને એમ એને પર પુરુષ કહ્યો, વિકારપણે કહ્યો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વિકારને એમ કે પ્રશ્નચિન્હ્ કેમ લગાવ્યો છે? પુરુષ સંજ્ઞા આપી છે ને, એ હિસાબે. બહુ ભાષા ટૂંકી છે એમની. જો એ કૌંસ કાઢી નાખીએ તો આ વાંચીએ તો એટલું જ છે. **'પર પુરુષ એ છે. કોઈ સ્વવસ્તુ તે જ છે.'** બહુ ટૂંકી ભાષા છે.

**'જે ગયો તે વિકાર છે. તે જ પુરુષની કોઈ ભૂલ-ભ્રમ છે.'** એ કોઈ ભ્રમ છે અથવા ભૂલ છે. કેમકે ભ્રમ છે ત્યારે સ્વ-પર પદાર્થ સ્વ સ્વસ્થાનમાં અને પર પદાર્થ પરસ્થાનમાં જાણમાં આવતો નથી એટલે એ ભ્રમ છે અને ભૂલ છે. **'પુરુષનો (આત્માનો) મૂળ વસ્તુત્વભાવ આ જ છે કે આ ભૂલ જતાં જે રહે.'** આવો જે

ભૂલ ભાવ છે, ભ્રમ ભાવ છે, વિકાર ભાવ છે તેનો નાશ થતાં આત્માનો મૂળ વસ્તુ સ્વભાવ છે એ રહી જાય છે. એ તો-સ્વભાવ તો ત્રિકાળી વસ્તુ છે. એટલે એ તો રહી જાય છે. વિભાવ છે એ નાશ થઈ જાય છે અને ત્રિકાળી વસ્તુ સ્વભાવ છે એ જેમ ને તેમ રહી જાય છે.

**'જ્યારે આ વિધિને સાચી કરીને (સમજીને) વીતરાગની જંગમ સ્થાવર પ્રતિમા દેખતાં વિચાર આવ્યો ત્યારે જ આ તરફ પોતા સંબંધી પણ વિચાર આવતું શું દેખ્યું?'** આ તો એમણે વસ્તુનો વિચાર કર્યો. વીતરાગને જોઈને વસ્તુનો વિચાર કર્યો કે વિભાવ વીતરાગ, વિભાવ વ્યતીત થયો. વસ્તુ રહી ગઈ એને અહીંયાં સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્રદેવ પરમેશ્વર કહેવામાં આવે છે. તો એ વિચાર આવ્યો ત્યારે જ આ તરફ પોતા સંબંધી પણ એને વિચાર આવ્યો. એ પણ એક આત્મા હતા અને છે. તેમ હું પણ એક આત્મા છું. હવે પોતાનો વિચાર કરે છે.

**'શું દેખ્યું? પોતાને નિઃસંદેહ સરાગી દેખ્યો.'** પોતાને તો સરાગી દેખ્યો. પોતાનો જે રાગ છે એનો અનુભવ છે એના ઉપરથી પોતાને સરાગી દેખ્યો કે, સરાગ અવસ્થાપણું છે. **'એ રીતે પોતાને સરાગી દેખતાં આ નિર્ણય થયો-જેવી રીતે આ જીવો (પૂર્વે) સરાગી હતા, (હવે) તે વીતરાગ થઈને વસ્તુત્વભાવરૂપે રહી ગયા છે, તેવી રીતે મારો પણ વિકાર-રાગ જશે ત્યારે હું પણ વસ્તુસ્વભાવના રૂપને એ પ્રમાણે પ્રત્યક્ષ બહાર કાઢીશ (પ્રગટાવીશ).'** શું કહે છે? કે, જે રીતે આ જીવો પૂર્વે સરાગી હતા ને અત્યારે વીતરાગ થયા છે, તેવી રીતે હું પણ અત્યારે સરાગી હોવા છતાં તે રાગ મટાડીને પરિપૂર્ણ વીતરાગ થઈ શકું છું. આવો વિચાર લે છે.

બીજી રીતે કહીએ તો પરિપૂર્ણ નિર્દોષ વીતરાગ પ્રતિમાની જે સ્થાપના છે એ પોતાના આદર્શની સ્થાપના છે. મારે આવા થાવું છે, એમ કરીને સ્થાપવમાં આવે છે. જેવા સર્વજ્ઞ થયા, ભૂતકાળમાં અનંત આત્માઓ થયા, તીર્થંકરો થયા, એ જેવા થયા એવું મારે થાવું છે. એવા ભાવથી એની સ્થાપના કરવામાં આવે છે. આમ સ્થાપના થાય છે. એ છદ્મસ્થ જીવના સ્થાપના કરનાર સાધકજીવના આદર્શના સ્થાને છે. મુખ્યપણે તો એ નયજ્ઞાનનો વિષય છે. નિક્ષેપ છે, ચાર વિક્ષેપ છે એમાં સ્થાપના નામનો વિક્ષેપ છે. દ્રવ્ય, ભાવ, નામ અને સ્થાપના. એ ચાર પ્રકારના નિક્ષેપ છે એ નયનો વિષય છે. એટલે સમ્યજ્ઞાની જીવ જ સ્થાપના નિક્ષેપને યથાર્થપણે સ્થાપે છે. સ્થાપનામાં નિક્ષેપને યથાર્થપણે સ્થાપે છે. એ સમ્યક્જ્ઞાનના વિષયભૂત છે.

મુમુક્ષુ :- ભાવિના આદર્શરૂપે આની સ્થાપના...?

પૂજ્ય ભાઈશ્રી :- હા. કોઈપણ. ભાવિ હોય કે ભૂત હોય કે વર્તમાન હોય.

એની જે સ્થાપના છે એ પોતાનો આદર્શ છે. મારે આવા થાવું છે. આટલી વાત છે. હું આવો થવા ચાહું છું. એ પોતાના આદર્શને સ્થાને છે ખરેખર તો. એનો અર્થ એ છે કે, જે જે અન્યમતમાં જે જે રીતે સ્થાપના છે એ તેવા તેવા થવા ચાહે છે. જેવી જે સ્થાપના કરે છે એવા થવા એ ચાહે છે. એ આપોઆપ એમાંથી સિદ્ધ થાય છે.

આપણે અહીંયાં જ્યારે પ્રતિમા સબંધી વિવાદ ચાલ્યો ત્યારે એક વાત સ્પષ્ટ કરી હતી કે, આ સમ્યક્જ્ઞાનનો વિષય છે. નયનો વિષય છે ને? તો જેને નયજ્ઞાન વર્તે છે તેને તેની યથાર્થતાનું જ્ઞાન હોય છે. જેને નયજ્ઞાન નથી, માત્ર શાસ્ત્રજ્ઞાન છે, પંડિતાય છે, વિદ્વત્તા છે એને નયજ્ઞાન જેમ યથાર્થ રીતે સ્થાપનાને જાણે એવું એ જાણી શકતા નથી. માટે તેની યથાર્થતા અને અયથાર્થતા કહેવાનો અધિકાર નયજ્ઞાનીને છે, જેને સમ્યક્જ્ઞાન વર્તે છે એને છે. એમ એને પંડિતાયનો વિષય બનાવી શકાય નહિ. અધ્યાત્મના પડખેથી આ એક દલીલ હતી આપણી. આ અધ્યાત્મના પડખેથી (વાત છે).

મુમુક્ષુ :- આ જે જ્ઞાની પંડિતો કહી ગયા ઈ જ વાત છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ જ વાત કરી છે. અધ્યાત્મ શાસ્ત્ર છે. આત્મઅવલોકન એટલે આત્માનો અનુભવ. અનુભવપ્રધાન શાસ્ત્ર છે અને સર્વજ્ઞદેવના દેવ અધિકારથી એનો પ્રારંભ કરે છે, શરૂઆત કરે છે.

'**નિઃસંદેહ તો હું, મૂળ વીતરાગ જે વસ્તુત્વભાવ છે તે જ હું છું.**' અહીં લે છે. કારણકે રાગપણું તો વ્યતીત થવા યોગ્ય છે, એને તો વ્યતીત કરવાનું છે. વ્યતીત કરવાની વિધિ છે. તો એ વિધિને પામીને હું પણ આવો વીતરાગ થઈશ. એમ લેવું છે. હવે એ તો થઈશ ત્યારની વાત ત્યારે. આવો છું ત્યારે હું એવો થઈશ. મૂળ સ્વરૂપે બીજી જાત છે અને એમ થવાની વાત છે નહિ. આમ લેવું છે. પોતાનું જે મૂળ સ્વરૂપ (છે) એ મૂળ સ્વરૂપ પ્રગટ કરવાની વાત છે અને જે મેલ છે એ કાઢી નાખવાની વાત છે. મલિનતા છે એને ધોઈ નાખવાની વાત છે આની અંદર.

'**નિઃસંદેહ તો હું, મૂળ વીતરાગ જે વસ્તુત્વભાવ છે તે જ હું છું. તે વસ્તુભાવથી અભેદ છું,...**' તે છું એટલે તેવા સ્વરૂપથી હું અભેદ છું. હું કોઈ બીજો ને વસ્તુ કોઈ બીજી એમ અહીંયાં લેવું નથી. એવો હું અભેદ છું, હું જ છું. અભેદ છું એટલે હું જ છું. '**વળી જે આ રાગાદિ વિકારનો પ્રસાર છે, તે વિકાર છે, કાંઈ વસ્તુત્વભાવની અંદર તો તે નથી.**' કેવું જ્ઞાન છે! એમ જાણે છે કે, હું સરાગી

છું. તોપણ એમ જાણે છે કે, મૂળ સ્વરૂપે હું સરાગી નથી. અને જે આ વિકારનો પ્રસાર છે, વિકાર છે એ મૂળ વસ્તુ ચિદ્‌ઘન જે આત્મા છે એની અંદર તો એનો પ્રવેશ નથી, એનો પ્રસાર મૂળ વસ્તુમાં થઈ શકતો નથી.

વિકાર ઉપર ઉપર તરે છે એમ કહેવાય છે. દ્રવ્યનો અમુક ભાગ મલિન થઈ ગયો છે અને દ્રવ્યનો અમુક ભાગ શુદ્ધ રહ્યો છે, એમ નથી. દ્રવ્ય તો શુદ્ધ જ છે. જે વિકાર છે તે અવસ્થામાં ઉપર ઉપર તરે છે. પાણીના ભરેલા વાસણમાં તેલનું ટીપું તરે એમ. તો એમાં પાણી કેટલું મેલુ થયું છે? તેલવાળું થયું છે? કે, પાણીના સ્વભાવ ને પાણીના સ્વરૂપને તેલ અડતું નથી અને અડી શકતું નથી. જ્યાં જીવ એકાકાર થાય છે એ વિકારનું સ્થાન તો આટલું જ છે એમ કહેવું છે. આથી આગળ એનું સ્થાન જરા પણ નથી.

મુમુક્ષુ :- મૂળ સ્વભાવે તો ભગવાન છે અત્યારે.

પૂજ્ય ભાઈશ્રી :- મૂળ સ્વભાવે ભગવાન છે પોતે, આખે આખો અખંડ સ્વરૂપે ભગવાન છે, એમ જ્યાં પોતાના અંતર સ્વરૂપને અંદરમાં જોવે ત્યારે એને વિકારનો ભાવ ઉપર તરતો તરતો દેખાય. પર બાજુ અવસ્થા અંશનું વલણ થોડું જાય છે અને વિકૃતિ ઊપજે છે. બાકી આખે આખો હું એમ ને એમ રહી જાઉં છું. એમ જ્ઞાતા-દૃષ્ટાપણું પ્રગટ કરીને પોતાના જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવને જોવે છે, અનુભવે છે, અવલોકે છે એને વિકાર અંશરૂપ ભાવ એની યોગ્યતા, એનું સ્થાન, એની મર્યાદા, એનું સ્વરૂપ એને યથાસ્થિત નક્કી થાય છે.

મુમુક્ષુ :- નિઃસંદેહ શબ્દ પ્રયોગ કર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- નિઃસંદેહ એટલે પોતાને એમાં શંકા નથી. શંકા નથી. પોતાનું સ્વરૂપ આવું જ વીતરાગ સ્વરૂપ છે. જેવા વીતરાગને બહાર જોવે છે, સ્થાપે છે એવું જ મારું સ્વરૂપ છે એમાં કોઈ શંકા નથી. નિઃશંકપણું પોતાનું. અનુમાનનો વિષય હોય અને ક્યાંક ડામાડોળપણું થાય એ પ્રકાર લેવો નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' વ્યાખ્યાનમાં કહે છે, આ આત્મા ચિદાનંદને અવલોકવો, એવી જ શૈલી આવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ સ્થાપીને જ વાત કરતા. 'આસ્રવ અધિકાર'ની વાત ચાલતી હોય કે 'બંધ અધિકાર'ની વાત ચાલતી હોય કે 'પુણ્ય-પાપ અધિકાર'નો વિષય અધિકારમાં ચાલતો હોય, તોપણ આ આત્મા છે એ અત્યારે જ, આ જ સમયે, વર્તમાન સમયે એક સમયમાં જ પરિપૂર્ણ શુદ્ધ વીતરાગ જ્ઞાનાનંદ, નિર્મળાનંદ, ચિદાનંદ, નિત્યાનંદ ભગવાન પરમાત્મા છે. એમ સ્થાપીને પછી એનું પુણ્ય-પાપનું કે આસ્રવનું

સ્થાન નક્કી કરે, વ્યાખ્યા કરે. પણ આ સ્થાપીને. મૂળમાં વસ્તુ હું આમ છું, એમ હું મારા સ્વરૂપને જોઈને પછી હું વિભાવને વિભાવના સ્થાનમાં જાણું છું, પણ મારા સ્વરૂપને સ્થાપીને. મારા સ્વરૂપને ઉથાપીને નહિ, ઉડાડીને નહિ કે અવગણીને પણ નહિ.

મુમુક્ષુ :- પોતાને શુદ્ધપણે સ્થાપીને વાત...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પોતાને સ્થાપીને, પોતાને મુખ્ય રાખીને, પોતાને લક્ષમાં રાખીને. 'આવો હું છું' એમ લક્ષમાં રાખીને પછી અન્ય તત્ત્વ બધું નિશ્ચિત થાય છે. સ્વ તત્ત્વ નિશ્ચિત રાખીને પછી અન્ય તત્ત્વ યથાર્થપણે નિશ્ચિત થાય છે. પોતાનો જ નિશ્ચિય નથી એને અન્ય તત્ત્વનો પણ યથાર્થપણે નિશ્ચિય હોય શકે નહિ.

મુમુક્ષુ :- અધિકાર દેવનો ચાલે છે, લાવ્યા આત્મામાં-પોતામાં.

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ દેવનો અધિકાર શું કરવા છે? સર્વજ્ઞદેવને શું કરવા સ્થાપે છે? કે, એવો હું છું અને એવો હું થવા માંગુ છું. મૂળ સ્વરૂપે એવો છું ને અવસ્થાએ એવો થવા માંગુ છું. આમ વાત છે એની પાછળ, પ્રયોજન તો આટલું છે એની પાછળ. શું કહે છે?

**'વળી જે આ રાગાદિ વિકારનો પ્રસાર છે, તે વિકાર છે, કાંઈ વસ્તુત્વભાવની અંદર તો તે નથી.'** અવિનાશી, અવિકારપણું, સ્વરૂપનું અવિનાશી અવિકારપણું એ અવિકારપણું પણ ઘનિષ્ટ અવિકારપણું છે. એમાં વિકારનો પ્રવેશ થવાનો કોઈ અવકાશ નથી, કોઈ જગ્યા નથી એની અંદર. ત્રિકાળીમાં તો અવસ્થાનો સ્પર્શ ન થાય એ સમજી શકાય એવું છે. કેમકે શક્તિ શક્તિરૂપે રહે છે ને વ્યક્તિ વ્યક્તિરૂપે છે. શક્તિ પોતે વ્યક્તિ થાય નહિ અને વ્યક્તિ પોતે શક્તિ થાય નહિ. પણ આ તો વ્યક્તિનો વિકાર છે એટલે એ અવસ્થા વ્યક્તિરૂપ છે. તો એ તો શક્તિને પહોંચી શકે એવું તો વસ્તુનું સ્વરૂપ નથી. પણ વર્તમાન રાગ વિકાર છે એ વર્તમાન જ્ઞાનમાં પણ પ્રવેશી શકતો નથી. શક્તિમાં તો પ્રવેશે જ ક્યાંથી? એ તો બહુ આઘી વાત છે. પણ વર્તમાન રાગાંશ છે એ વર્તમાન જ્ઞાનમાં ક્યાં પ્રવેશી શકે છે? રાગ જ્ઞાનમાં પ્રવેશે એવી જ્ઞાનમાં પણ જગ્યા કે અવકાશ-ખાલી જગ્યા નથી એને માટે કે ત્યાં પ્રવેશી શકે.

મુમુક્ષુ :- સાહેબ! રાગ નજીક જે જ્ઞાન થાય છે ઈ ત્યાંથી ઉપયોગ દ્વારા લક્ષ થાય છે કે મારું મૂળ સ્વરૂપ આ છે?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન તો રાગ રહિત જ છે. થાય છે એ પ્રશ્ન નથી પણ ત્રણે કાળે જ્ઞાન જ્ઞાનસ્વરૂપે છે અને રાગ સ્વરૂપે બિલકુલ નથી. અજ્ઞાનીનું પણ હરગીઝ નથી. પણ અજ્ઞાની એમ જોતો નથી એટલે એના જ્ઞાનને અજ્ઞાન કહેવામાં આવે

છે. બાકી જ્ઞાન રાગસ્વરૂપે ક્યારેય કોઈનું કાંઈ થતું નથી કે થઈ શકતું નથી. એ તો બની શકતું જ નથી.

જે જ્ઞાન રાગ રહિત છે એને એ સ્વરૂપે જોવું. અને એને એ સ્વરૂપે જોઈને જે સ્વરૂપે છે એ જ સ્વરૂપે એનો અનુભવ કરવો તેને સમ્યક્ અનુભવ કહેવામાં આવે છે. એનો અન્યથા અનુભવ કરવો તે અસમ્યક્ છે, તે વિપરીત છે, તે દુઃખદાયક છે. અને આવો અનુભવ તે સુખદાયક છે, સીધી વાત છે.

એટલે તો 'અનુભવ પ્રકાશ'માં એ બહુ સારી શૈલી છે, આમાં પણ આવશે. આમાં એ વિષય ફેરવી ફેરવીને આવશે કે, સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે. જે જ્ઞાનમાં જ્ઞાનવેદન રહેલું છે તે જ્ઞાનમાં, તે જ્ઞાનવેદનને યથાર્થપણે વેદવું અને તેમાં રાગ નથી તેમ વેદવું, નથી એમ નથી છે માટે નથી એમ વેદવું છે. છે ને નથી એમ વેદવું નથી. અજ્ઞાની તો કલ્પના કરે છે કે, આમાં રાગ છે, મારામાં રાગ છે. જ્ઞાનમાં રાગ નથી ક્યારેય. રાગમાં હુંપણું કરીને જ્ઞાનવેદનને એ ચુકી જાય છે. એને એમ કહે છે કે, સંભાળ તારા સ્વસંવેદનને તો તને બરાબર અનુભવ થશે કે મારામાં રાગ નથી. મારામાં રાગ નથી તેથી હું રાગને કરતો નથી, કરી શકતો નથી સ્વભાવ વડે અને કરતો નથી તો પછી કરાવવું કે અનુમોદવું એ પ્રશ્ન પણ મારે વિષે રહેતો નથી. આવી દૃષ્ટિપૂર્વકનું જે જ્ઞાન છે એ જ્ઞાન સમ્યક્જ્ઞાન નામ પામે છે. શું કહે છે?

વિકાર છે તેનો પ્રસાર વસ્તુત્વભાવની અંદર તો જતો નથી. અંદર પ્રવેશ પામતો નથી, અંદર પ્રવેશી શકતો નથી. '**મૂળ તો હું તે જ છું કે આ વિકાર જતાં જે રહી જાય છે, તે જ નિઃસંદેહ હું છું.**' શું કહે છે? પોતાને ધ્રુવ ઊભેલો જોવે છે. વિકાર આવતી જતી ચીજ છે. નવો ઊપજે છે, વ્યય થાય છે, નવો ઊપજે છે, વ્યય થાય છે. પોતે? કે, પોતે તો એના વિનાની ચીજ છે. એટલે એ જતાં જે રહી જાય છે તે પોતે આત્મા છે આમ લીધું છે. અંદરમાં-અંતરંગમાં આમ ભિન્ન પડાય છે એમ કહેવું છે. જે ચાલી જાય છે એ ચીજ હું નથી. કેમકે હું મારા અસ્તિત્વરૂપે કાંઈ ચાલી ગયેલો, વ્યતીત થયેલો મને અનુભવતો નથી. વિકાર ચાલ્યો જાય છે, હું એમ ને એમ ઊભો રહી જાઉં છું. ત્રિકાળી હસ્તિરૂપે હું તો એમ ને એમ ઊભો રહું છું. ચાલી જાય છે એ ચીજ મારી નથી.

'**વિકાર જતાં જે રહી જાય છે, તે જ નિઃસ્સંદેહ હું છું. વળી આ વિકારનો બધોય પ્રસાર કાળ પામીને જાય તો જાઓ પરંતુ હું મૂળ વીતરાગરૂપ સ્વભાવ છું.**' શું કહે છે? કે, આ વિકારનો બધોય પ્રસાર કાળ પામીને જાય તો જાવ. એના

કાળે એ ચાલ્યો જાય છે, જવાના કાળે એ ચાલ્યો જાય છે. '**હું મૂળ વીતરાગરૂપ સ્વભાવ છું. તો આ રીતે વીતરાગની પ્રતિમા દેખતાં પોતાને જ વીતરાગથી અભેદ સમ્યક્ જાણવાના પરિણામ થાય છે તેથી, જેવી રીતે દર્પણનું દર્શન મુખના દર્શનને દર્શાવે છે, તેવી રીતે વીતરાગની જંગમ-સ્થાવર પ્રતિમાનું જે દર્શન છે તે દર્શન પણ સંસારી જીવને વસ્તુત્વભાવ દર્શાવે છે-દેખાડે છે.**' આમ લીધું છે. આરંભ સમારંભ ગણીને કોઈ એનો નિષેધ કરે છે એને કહે છે કે, સ્વભાવનું દર્શન થવાનું આ નિમિત્ત છે. તું તો હજી શુભ ને અશુભની કિંમતમાં રોકાયેલો ને અટકાયેલો છે તારો વિચાર, પણ આ તો એથી પાર જઈને વીતરાગ સ્વરૂપનું દર્શન કરાવવાનું નિમિત્ત છે. હવે અશુભની તો કિંમત ન હોય પણ શુભની જ્યાં કિંમત નથી એવું જે શુદ્ધ પરિણમન ઊપજવાનું નિમિત્ત છે, એનો તું અશુભની મુખ્યતા કરીને ક્યાં નિષેધ કરે છે? એમ કહે છે. એ કરવા યોગ્ય નથી.

મુમુક્ષુ :- લોકભયથી કે સમાજભયથી કરે તો?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ ભયથી, કોઈ લૌકિક કારણથી, કોઈ શુભાશુભ કારણથી સર્વજ્ઞ વીતરાગનો નિષેધ થઈ શકે નહિ. એ એવું એક ઉચ્ચ પદ છે કે, બધા જ એનાથી હેઠ છે. તો એની મુખ્યતા કરીને આને નીચે રાખવાની વાત હોય શકે નહિ. સગા કાંઈ વીતરાગથી ઊંચા છે? અને સગા તો આ ભવમાં થયા, ક્યા ભવમાં તેં એને વેરી કર્યા હતા, ક્યા ભવમાં તેં એને સગા કર્યા, એ બધી તારી કલ્પનાઓ જોતા એ તો કાંઈ વસ્તુ નથી. એ કલ્પના જોતા એ કાંઈ વસ્તુ નથી.

સર્વજ્ઞપદ છે, 'શ્રીમદ્જી' લખે છે, સર્વજ્ઞપદ છે તે વારંવાર સ્મરણ કરવા યોગ્ય છે, વારંવાર વિચારવા યોગ્ય છે, વારંવાર પોતામાં અવલોકન કરવા યોગ્ય છે, અને વારંવાર સંભાળવા યોગ્ય છે. કેવી વાતો લખી છે! આપણે આમાં લીધી છે. 'જ્ઞાનામૃત'. છેલ્લે. સર્વજ્ઞપદ વારંવાર શ્રવણ કરવા યોગ્ય (છે). લ્યો! પહેલું પદ શ્રવણ કરવાનું (લીધું છે). કેવા સર્વજ્ઞ વીતરાગ હોય તે વારંવાર શ્રવણ કરવા યોગ્ય, સત્‌શાસ્ત્રોમાંથી તેનું નિરૂપણ છે તે વારંવાર વાંચવા યોગ્ય, વિચાર કરવા યોગ્ય અને અંતરથી લક્ષ કરવા યોગ્ય અને સ્વાનુભવથી સિદ્ધ કરવા યોગ્ય છે. આટલું નાખ્યું છે. કેવો ક્રમ નાખ્યો છે?

સર્વજ્ઞ પ્રતિમાનો વિવાદ ચાલ્યો આપણે ત્યાં તો એ વાત નિષેધ કરનારને ધ્યાન બહાર ગઈ કે આ તો સર્વજ્ઞની પ્રતિમા છે. કોઈપણ લૌકિક અપવાદથી, કોઈપણ લૌકિક કારણથી, કોઈપણ કારણને મુખ્ય કરીને એને ગૌણ કરવાનો પ્રસંગ સાધકને કે મુમુક્ષુને હોય શકે નહિ. એવો એ વિષય છે. કેમ કે એમ કરતાં, એમ કરાવતા,

એમ કરતાને અનુમોદતા આખા માર્ગનો નિષેધ છે. સર્વજ્ઞનો નિષેધ છે, સર્વજ્ઞની પ્રાપ્તિના માર્ગનો પણ એમાં નિષેધ આવી જાય છે. પોતાના સ્વરૂપનો એમાં નિષેધ આવી જાય છે.

શું કહે છે? એ વીતરાગની પ્રતિમાને દેખતા, **'આ રીતે વીતરાગની પ્રતિમા દેખતાં પોતાને જ વીતરાગથી અભેદ સમ્યક્ જાણવાના પરિણામ થાય છે'** શું છે? વીતરાગ પ્રતિમા દેખતાં પોતાને જ વીતરાગ સ્વભાવે અભેદપણે સમ્યક્ નામ અંતર્મુખ થઈને જાણવાના પરિણામ થાય છે. ધ્યાનનું આલંબન છે. 'શ્રીમદ્જી'એ એ જ કહ્યું છે. ધ્યાનના આલંબનનું કારણ એવી જે વીતરાગ પ્રતિમા. સ્થાનકવાસીઓએ ઉડાવી એટલે એ વખતે એના ઉપર વાત લીધી છે. પાંચસો વર્ષમાં કોઈ બુદ્ધિવાળો પણ પાક્યો નહિ. એમ જ ગણી લીધું સીધું.

અહીંયાં જે હેતુ છે, આ હેતુ આમાં ઉડી જાય છે, માર્ગનો હેતુ ઉડી જાય છે એટલે પ્રતિમાનો નિષેધ તો કોઈ રીતે થઈ શકે નહિ. પણ પરદ્રવ્યનો આગ્રહ નહિ થાય આમાં? આમાં પરદ્રવ્યનો આગ્રહ નથી. આમાં સ્વભાવની મક્કમતાનો સવાલ છે. સ્વભાવની દઢતાનો આમાં સવાલ છે. પરદ્રવ્યના આગ્રહનો આમાં સવાલ છે નહિ.

એમ સમ્યક્ જાણવાના, અભેદ પોતાના જ વીતરાગ સ્વરૂપને સમ્યક્ જાણવાના પરિણામ થાય છે. **'તેથી, જેવી રીતે દર્પણનું દર્શન મુખના દર્શનને દર્શાવે છે...'** દર્પણનું દર્શન છે તે મુખના દર્શનને દર્શાવે છે. **'તેવી રીતે વીતરાગની જંગમ-સ્થાવર પ્રતિમાનું જે દર્શન છે તે દર્શન પણ સંસારી જીવને વસ્તુત્વભાવ દર્શાવે છે-દેખાડે છે તેથી આ પ્રતિમાને દેવત્વ નામ પ્રાપ્ત થયું.'** આ પ્રતિમાને દેવત્વ નામ પ્રાપ્ત થયું. જે પ્રતિમાના વિષયમાં ભૂલ્યા તે દેવ, ગુરુ અને શાસ્ત્રમાં દેવતત્ત્વમાં ભૂલ્યા, તે નવે તત્ત્વમાં ભૂલ્યા, તે ગુરુ તત્ત્વમાં ભૂલ્યા, તે શાસ્ત્રના સિદ્ધાંત તત્ત્વમાં પણ ભૂલ્યા. બધે ભૂલ્યા. ખલાસ થઈ ગઈ વાત. એ તો અન્યમતિમાં જ જાય છે સીધા. એને જૈનમતની અંદર જિન પ્રતિમાનો કોઈપણ બહાને નિષેધ કરે તે સ્પષ્ટપણે તીવ્ર મિથ્યાત્વમાં આવ્યા પછી જ કરી શકે છે. એટલે ગૃહિતમિથ્યાત્વમાં તીવ્ર મિથ્યાત્વમાં આવ્યા પછી એ પ્રકારમાં આવી શકે છે, એ સિવાય આવી શકે નહિ.

મુમુક્ષુ :- આટલી મોટી પછી ભૂલ થઈ જવાનું કારણ શું હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- એનું કારણ મિથ્યાત્વની તીવ્રતા થવી તે, દર્શનમોહની તીવ્રતા થવી તે. એ તો કહ્યું. જ્યાં દર્શનમોહ તીવ્ર થાય છે ત્યારે આવી ભૂલો થઈ આવે છે. આ શ્વેતાંબર સંપ્રદાય નીકળ્યો. તો એ લોકો હજી આચરણ તો જંગલમાં રહીને પાળતા હતા. પણ શ્રદ્ધાની ભૂલ થઈ એટલે દર્શનમોહ તીવ્ર થઈ ગયો. શું થયું?

દર્શનમોહ ત્યાં તીવ્ર થયો છે. ચારિત્રમોહ ઘણો મંદ હતો. હજી તો એ જંગલમાં રહીને પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિના આચરણ પાળતા હતા. હજી તો ગામમાં પણ આવ્યા નહોતા. પણ શ્રદ્ધા ફરી અહીંયાં, દર્શનનમોહ તીવ્ર થઈ ગયો. જે મોટામાં મોટો જીવનો દોષ છે. અનંત સંસાર અને પરિભ્રમણનું કારણ છે એ દોષ તીવ્ર થાય ત્યારે દેવતત્ત્વમાં ભૂલ થયા વિના રહેતી નથી. આમ છે. જે સૂક્ષ્મ ભૂલ થઈ હોય છે, દર્શનમોહ તીવ્ર થતાં, તત્વજ્ઞાનના વિષયમાં પહેલા સૂક્ષ્મ ભૂલ થાય છે. પછી એ ભૂલ સ્થૂળ થઈને, સ્થૂળ થઈને અહીં સુધી આવી જાય છે કે, દેવ, ગુરુ, શાસ્ત્રના વિષયમાં પણ એને સ્થૂળ ભૂલ થયા વગર રહેતી નથી.

જુઓ! અહીંયાં કહે છે કે, '**વીતરાગની જંગમ-સ્થાવર પ્રતિમાનું જે દર્શન છે તે દર્શન પણ સંસારી જીવને વસ્તુત્વભાવ દર્શાવે છે-દેખાડે છે.**' એને એના આત્માનું મૂળ સ્વરૂપ દેખાડે છે. કહે છે નહિ પણ દેખાડે છે. બહુ મોટી વાત છે. કહેતા કદાચ ન સમજાય પણ દેખાડે તો સમજી જ જાય એવી છે. એ દેખાડવાનો તું ક્યાં નિષેધ કરે? ભાઈ! એમ કહે છે. '**તેથી આ પ્રતિમાને દેવત્વ નામ પ્રાપ્ત થયું.**' તેથી એ ભગવાનની પ્રતિમાને જ દેવ કહેવામાં આવે છે. દેવપણું ત્યાં સ્થાપવામાં આવે છે.

'**કારણ કે આ વીતરાગની પ્રતિમાને દેખતાં નિઃસંદેહ તે સંસારીને જીવનું નિજરૂપ દેખાડવાનું નિમિત્ત છે.**' સમજાવવાનું નહિ પણ દેખાડવાનું નિમિત્ત છે. '**તેથી એ રીતે પ્રતિમાને દેવત્વનું કથન પ્રાપ્ત થયું છે.**' પણ ભૂલ ક્યાં કરે છે કોઈ જીવ? કે, અમે તો આ પ્રતિમાને નથી માનતા, બાકી બધાને માનીએ છીએ. કહે છે કે, તું એકેયને માનતો નથી. એકમાં અનંતનો નિષેધ છે. એમાં ટકાવારી કામ આવતી નથી. બધા સો એ સો ટકા ઉડી ગયા એના. કેમ કે, ગાંડપણ એ રીતે નક્કી થાય છે. ડાહી ડાહી વાત કરનાર એક વાત ગાંડી કરે ત્યારે ડાહ્યો માણસ સમજે છે કે, છે આ ગાંડો. ભલે ડાહી વાત કરે પણ છે આ ગાંડો. નહિતર આવી વાત એને આવત નહિ. એમાં ટકાવારી કામ આવતી નથી.

'**એ રીતે પ્રતિમાને દેવત્વનું કથન પ્રાપ્ત થયું છે. આવું દેવત્વ અન્ય સ્થાને હોતું નથી.**' સાચા જિનમાર્ગ સિવાય આવું દેવત્વ અન્ય સ્થાને હોતું નથી. '**તો આવા જે દેવ તે નીચલી વ્યવહાર-અવસ્થામાં આવા (વીતરાગ-નિજ) પરિણામોનું નિમિત્ત છે.**' તેથી તેનો નિષેધ થઈ શકે નહિ પણ પરમ આદરથી એની સ્થાપના કરવામાં આવે છે તે યોગ્ય જ છે.

## તા. ૨૩-૪-૧૯૮૬, પાના નં. ૬, પ્રવચન નં. ૩

'દેવ અધિકાર' ચાલ્યો. 'દેવ અધિકાર' ઉપર થોડું વિશેષ વિચાર છે. સામાન્યપણે દેવ, ગુરુ, શાસ્ત્રનો મહિમા કરવામાં આવે છે. એવું માનવામાં રાગની પ્રધાનતા પણ જોવામાં આવે છે. તેથી દેવ, ગુરુ, શાસ્ત્ર એ માત્ર શુભરાગનો ભક્તિનો વિષય છે એવું સમજાય છે. પરંતુ ઓઘસંજ્ઞાએ માત્ર એટલું જ સમજવા યોગ્ય નથી. કે વીતરાગદેવ એટલે ભક્તિનો અને શુભરાગનો વિષય છે. એમ ત્યાંથી પૂરું કરવા જેવું નથી. પણ દેવ, ગુરુ, શાસ્ત્ર પોતાના આત્મા સ્વરૂપને દર્શાવી રહ્યા છે, એમ પોતાને ધર્મ પ્રગટ થાય એવું નિમિત્તપણું, એવું કારણપણું તેમનામાં જોવા યોગ્ય છે.

સંપ્રદાયમાં ઓઘસંજ્ઞાએ માત્ર શુભરાગનું અને ભક્તિનું નિમિત્ત જ જાણવામાં આવે છે. પરંતુ દેવનું સ્વરૂપ એથી કાંઈક વિશેષ કારણરૂપે છે. માત્ર શુભરાગના કારણરૂપે છે એમ સમજવા યોગ્ય નથી, પણ એથી વિશેષ કારણરૂપે છે. અને એ કારણ છે, એ આત્મસ્વરૂપને દેખાડે છે એ છે. આત્મ સ્વરૂપને દર્શાવે છે. દેવનું સ્વરૂપ શાક્ષાત્ પોતાના જ નિજાત્મ સ્વરૂપને દર્શાવે છે. સ્વભાવ વ્યક્ત થાય છે ત્યારે તે સ્વભાવ આવો છે, એમ વ્યક્તિ ઉપરથી મૂળ શક્તિને દર્શાવનારું એ સ્વરૂપ છે. અને સમવસરણમાં તો અનેક જીવોને અરિહંત પરમાત્માના દર્શનમાત્રથી સમ્યગ્દર્શન ઊપજે છે, એવા એક નહિ પણ અનેક કિસ્સાઓ બને છે. નહિતર તો દર્શનમાત્રથી શુભરાગ થાય એમ થવું જોઈતું હતું. પણ દર્શનના નિમિત્તે ધર્મ થાય એ વાત પ્રચલિત રીતે સંપ્રદાયમાં પ્રસિદ્ધ નથી. માત્ર શુભરાગનું નિમિત્ત જોવામાં આવે છે.

વળી, ભક્તિ છે એને પણ રાગના પરિણામરૂપે જ માત્ર સમજવામાં આવે છે. પણ ભક્તિ એટલે ખરેખર મહિમા છે. અને મહિમા છે એ જ્ઞાન સાથે સંબંધ રાખે છે. ઓઘેઓઘે મહિમા થાય છે તેમાં તો માત્ર શુભરાગ છે, એકલો રાગ છે. પણ જેને જ્ઞાનમાં વીતરાગ સ્વરૂપ અનંત ગુણ મંડિત એવું પોતાનું આત્મ સ્વરૂપને, એવું જ વીતરાગ પરમેશ્વરનું આત્મ સ્વરૂપ જ્ઞાનમાં ભાસે છે, ત્યારે જ્ઞાનમાં એની કિંમત આવે છે, તેને ખરેખર મહિમા કહ્યો છે. જ્ઞાનમાં મોટાઈ ભાસવી. મહત્તા છે, જેટલી મહત્તા છે તેટલી જ્ઞાનમાં ભાસ્યમાન થવી તે ખરેખર મહિમાનું સ્વરૂપ છે. એ જ્ઞાનનો મહિમા છે. જ્ઞાનપર્યાય ત્યાં મહિમા કરે છે. પણ છદમસ્થ રાગી જીવને સાથે-સાથે

એ જ્ઞાનને અનુસરતો, એ જ્ઞાન સાથે મેળ ખાતો રાગ પણ પરિણમે છે ત્યારે બહારમાં રાગનું પ્રદર્શન થાય છે. લોકો જ્ઞાનને સમજી શકતા નથી. રાગથી પરિચિત હોવાને લીધે અને રાગની ચેષ્ટા દેહાદિમાં પણ અસર ઊપજાવતી, દેહાદિના પણ એમાં ચિન્હો ઉત્પન્ન થતાં હોવાથી 'આ રાગ થાય છે' એમ લોકો સમજે છે પણ એની સાથે જ્ઞાન કેટલું થયું, કેવું થયું એને સમજવા માટે જુદો દષ્ટિકોણ હોવો જોઈએ.

એવો જ વિષય મોક્ષમાર્ગની શરૂઆત થતાં પહેલા એટલે સમ્યગ્દર્શન થતાં પહેલા સમ્યક્સન્મુખતામાં એક એવો જ પ્રસંગ છે. જેમ કે, જે જીવને પોતાના સ્વરૂપની ઓળખાણ થાય છે, પરિપૂર્ણ વીતરાગ સ્વરૂપ એવો પોતે વર્તમાનમાં જ છે, ત્રણે કાળે છે તેથી વર્તમાનમાં પણ છે, એવી જ્યારે ઓળખાય થાય છે ત્યારે એને પોતાના સ્વરૂપનો મહિમા જ્ઞાનમાં ભાસે છે. કેમાં ભાસે છે? જ્ઞાનમાં ભાસે છે. અને જ્યારે જ્ઞાનમાં પોતાના સ્વરૂપનો મહિમા ભાસે છે ત્યારે વિકલ્પ, સાથે જે વિકલ્પ ચાલે છે તે પણ તે જ્ઞાનને અનુસરે છે. એટલે વિકલ્પમાં પણ આત્મસ્વરૂપના વિકલ્પો થાય છે. જ્ઞાનમાં આત્મસ્વરૂપનો મહિમા ભાસે છે ને રાગમાં આત્માના સંબંધિત, સ્વરૂપ સંબંધિત વિકલ્પો ચાલે છે. હું એક છું, શુદ્ધ છું, પૂર્ણ છું, અનંત આનંદ સ્વરૂપ છું એ વગેરે, વગેરે સ્વરૂપના વિકલ્પો ચાલે છે.

હવે, આગળ જતાં પરિસ્થિતિ શું થાય છે? કે, આગળ જતાં એ વિકલ્પો વધતા નથી, મહિમા વધે છે. સ્વરૂપસન્મુખ જીવ જેમ જેમ સ્વભાવની સમીપ જાય છે, તેમ તેમ વિશેષ વિશેષ મહિમા આવે છે. જેમ જેમ વિશેષ વિશેષ મહિમા આવે છે, તેમ તેમ જ્ઞાન વૃદ્ધિ થાય છે, જ્ઞાનબળ વધે છે પણ રાગબળ વધતું નથી. એક તબક્કો, એક પ્રસંગ એવો આવે છે કે, રાગ મટી જાય છે ને જ્ઞાન એકાકાર થઈને સ્વસંવેદનપણે પરિણમી જાય છે.

ત્યાં મહિમા એટલે જો માત્ર રાગ જ છે એમ વિચારવામાં આવે, મહિમાનો અર્થ માત્ર રાગપણું જ વિચારવામાં આવે તો તો એ મહિમા વધીને રાગવૃદ્ધિ થવી જોઈતી હતી. પણ રાગ ઘસાતો જાય છે, રાગ તૂટતો જાય છે, રાગ મટી જાય છે અને જ્ઞાનનો અત્યંત મહિમા, અપૂર્વ રસ, મહિમાનો અપૂર્વ રસ ઉત્પન થઈને અભેદ નિર્વિકલ્પ સ્વસંવેદન ભાવે જ્ઞાન પરિણમી જાય છે.

એટલે જ્યાં જ્યાં મહિમાનો વિષય આવે છે ત્યાં જ્ઞાન શું કામ કરે છે? એ વિચારવું જોઈએ. માત્ર મહિમા એટલે રાગાન્વિતપણું છે, રાગવૃદ્ધિ છે અને શુભરાગ છે એવો વિચાર કર્તવ્ય નથી. એટલે દેવના અધિકારમાં દેવની ભક્તિ એ મુખ્ય વિષય હોવા છતાં ત્યાં સ્વરૂપજ્ઞાન હોય તો સ્વરૂપનો મહિમાનો વિષય ઊભો થાય છે અને

એ સ્વરૂપના મહિમાનો વિષય સમ્યગ્દર્શન સાથે સંબંધ ધરાવે છે. સાથેનો રાગ છે, એ રાગનું ફળ વીતરાગતા છે, સમ્યગ્દર્શન છે એમ વિચારવું જોઈએ નહિ.

એટલે સમવસરણમાં પણ જેને ભગવાનના અરિહંતના દર્શનથી પોતાનું આત્મદર્શન ઊપજે છે, સમ્યગ્દર્શન ઊપજે છે ત્યાં એ જ્ઞાનમાં સ્વરૂપ આવે છે એમ લેવું. ભગવાનની ભક્તિ કરતાં કરતાં સમ્યગ્દર્શન થઈ ગયું, ત્યાં જ્ઞાનમાં વિશેષ મહિમા સ્વરૂપનો ભાસ્યો એમ લેવું. ત્યાં રાગવૃદ્ધિ થઈને વીતરાગતા થઈ ગઈ, શુભરાગનું ફળ વીતરાગતા આવ્યું, રાગ કરતાં કરતાં વીતરાગભાવ પરિણમી ગયો એવું બનતું નથી. કેમકે રાગ અને વીતરાગતાને કારણ-કાર્ય સંબંધ નથી. સ્વરૂપજ્ઞાનને અને વીતરાગતાને કારણ-કાર્ય સંબંધ લાગુ થઈ શકે છે, પણ રાગ અને વીતરાગતાને કારણ-કાર્ય સંબંધ લાગુ થઈ શકતો નથી. એ રીતે દેવના સ્વરૂપમાં એ વિચારવા યોગ્ય છે.

એ જ પ્રકારે એનું જે બીજું પડખું છે કે વીતરાગદેવ સિવાય, કુદેવની પ્રશંસા, કુદેવની સ્થાપના, કુદેવની પ્રશંસા, કુદેવની સ્તુતિ, કુદેવની મહત્તા કરવું, કરાવવું, અનુમોદવું, ત્રણે-કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણેય વીતરાગદેવની ઉપેક્ષા, વીતરાગદેવનો અનાદર, વીતરાગદેવનો અવિનય એટલે કે વીતરાગતાનો પોતાના સ્વરૂપથી વિરુદ્ધ જવાનો પ્રકાર છે એમ સમજવું.

હવે કોઈ એમ કહે કે, બીજા દેવો પણ સારા કાર્યો કરતાં હોય તો એની પ્રશંસા કરવી કે નહિ? એવા પણ દેવો છે કે, જે દુઃખિયાના દુઃખ દૂર કરે છે. શું થયું? કે, એવા શુભ પરિણામથી દેવ થયા હોય. બીજાના દુઃખો દૂર કરવાના તીવ્ર શુભ પરિણામને લઈને કોઈ દેવગતિના પ્રાપ્ત થયા હોય. તો એવા દેવોને દેવ થયા પછી એ વૃત્તિ રહ્યા કરે, પાછી તેની તે. કોઈ દુઃખિયા જોવામાં આવે તો એને પોતાની પુણ્યની જે શક્તિ છે એનાથી એને મદદ કરવી. મદદ કરી શકે છે એ અહીંયાં વિષય નથી, પણ બીજા જીવને પુણ્યનો ઉદય હોય તો આનો વિકલ્પ એને નિમિત્ત પડે છે. એટલી વાત છે. જો તેને પુણ્યનો ઉદય ન હોય તો કાં તો આને વિકલ્પ આવે નહિ ને આવે તોય બેકાર જાય. એનું કોઈ સામે નિમિત્ત-નૈમિત્તક ફળ જોવામાં આવે નહિ.

નિસ્વાર્થપણે, એ દેવને તો કાંઈ સ્વાર્થ નથી એમ કહે. જો કે એવા દેવો હોય છે એ સાથે સાથે એવી પ્રવૃત્તિ કરાવે છે કે, તમે મારા માટે આમ કરજો, મારું મંદિર બંધાવજો, મારી પ્રસિદ્ધિ કરજો, મારી ભક્તિ બીજા કરે આવું તમે કરજો એવું પણ બનતું હોય છે. પણ કોઈ ન પણ કહેતું હોય અને કોઈ એવું કરાવતું પણ હોય. પણ નિસ્વાર્થપણે કોઈ એવા દેવ છે એ બીજાને મદદ કરતાં હોય તો એ

એક સારો ગુણ ગણીને એની પ્રશંસા કરવામાં આવે તો શું વાંધો? ઠીક!

એવો અમારે એક પ્રશ્ન ચાલ્યો હતો કે, આપણા જે દેવ છે, અમારે વૈષ્ણવમાં પણ કેટલાક દેવો આપણે એવા છે, વૈષ્ણવ સંપ્રદાયની અંદર આ એક બહુ મજબૂત દલીલ છે કે, જેને લોકનું જગતનું ભલુ કરવું છે પણ પોતાનો કાંઈ સ્વાર્થ નથી. કેમ કે પોતાની પાસે તો બધી રિદ્ધી-સિદ્ધી બધું છે અને એને કાંઈ સ્વાર્થ નથી. અને છતાં એ નિષ્કારણ કરૂણાથી કોઈપણ અપેક્ષા રાખ્યા વગર જગતનું ભલું કરે તો એમાં તમે અનિષ્ટ શું જુઓ છો? એમાં ખોટું શું છે? અને એવા દેવોની કોઈ સ્તુતિ કરે, પ્રશંસા કરે તો તે યોગ્ય જ છે.

લૌકિક દૃષ્ટિએ આ દલીલ એવી લાગે કે, આમાં શું વાંધો છે? તો કહે છે કે, એવા લૌકિક ગુણો હોય, લોકના કાર્યો થાય એવા લૌકિક ગુણો હોય તો એ ગુણોની પ્રશંસા કરવા કાળે, માનો કે, એ પ્રશંસાનું એક પડખું છે લૌકિકદૃષ્ટિથી તોપણ તેના શ્રદ્ધા-જ્ઞાનની ચર્ચા સાથે સાથે કરી લેવી જોઈએ.

આ થોડો વિચારવા જેવો વિષય એટલા માટે છે. 'ગુરુદેવશ્રી' સ્થાનકવાસી સંપ્રદાયની અંદર 'હીરાજી મહારાજ' પાસે દીક્ષા લીધી. એ પહેલાં એ એક એવા અભિપ્રાયમાં હતા કે, મારે જેને ગુરુ બનાવવા છે એ કોઈ એવા સદ્ગુણી સાધુ મળે તો મારે ગુરુ બનાવવા છે. સંપ્રદાયના ગમે તે સાધુને એ ગુરુ બનાવવા તૈયાર નહોતા. એવો એક એમનો અભિપ્રાય હતો. ત્યારે એમણે જોયું કે અનેક સાધુઓ છે એમાં એક આ 'હીરાજી મહારાજ' છે એ એવા મહારાજ છે. પોતે પ્રશંસા કરતાં કે, બહુ મંદ કષાયી, ઘણા શાંત, આમ આત્માનું કરવા માટે જેણે દીક્ષા લીધી હોય એવા અને બરાબર ક્રિયાઓ પણ શુદ્ધ પાળે એવા મહારાજ જોઈને દીક્ષા લીધી ને એની પ્રશંસા જ્યારે બે શબ્દોમાં કરે પોતે ત્યારે સાથે સાથે એટલું કહી દે કે, પણ દૃષ્ટિ ઊંધી. શું કહે? આ તો આપણે બધાએ સાંભળેલી વાત છે. પણ દૃષ્ટિમાં ફેર, દૃષ્ટિ નહિ મળેલી. આ દૃષ્ટિ નહિ. આ દૃષ્ટિ નહિ. દૃષ્ટિ આ નહિ એમ તો નહિ પણ દૃષ્ટિ ઊંધી. ઊંધી એટલે શું? કે, આવી ક્રિયા ને આવો શુભરાગ કરતાં કરતાં ધર્મ થાય છે એવા દૃષ્ટિકોણથી એ ધર્મનું આચરણ કરતાં. એ વિપરીત દૃષ્ટિ છે.

એમ જે મનુષ્યો છે, જે દેવો છે એમાં કોઈ એવા લૌકિક ગુણો હોય, કષાયની મંદતા હોય, સજ્જનતા હોય, ઉદારતા હોય, બીજાનું ભલું કરવા સંબંધીના એ પ્રકારની શુભેચ્છા શુદ્ધ ભાવનાવાળા હોય, તોપણ એના શ્રદ્ધા-જ્ઞાનની ચર્ચા સાથે સાથે કરવી જોઈએ, જો એની દૃષ્ટિ વિપરીતતા હોય અને જ્ઞાન વિપરીતતા હોય તો. જો એમ કહેવામાં ન આવે તો શું દોષ ઊપજે? કે, બીજા સાંભળનારા એમ સમજે કે, જો

આ પોતે પ્રશંસા કરે છે, જેમકે 'ગુરુદેવ' પોતે પ્રશંસા કરે છે તો એ પ્રશંસાને યોગ્ય હોય તો જ પ્રશંસા કરે. એટલે જેનો આધાર લેવામાં આવે એવી વ્યક્તિ જ્યારે એની પ્રશંસા કરે ત્યારે એનું બીજું પડખું સ્પષ્ટ કરવાની ત્યાં ફરજ થઈ પડે છે કે, એના શ્રદ્ધા-જ્ઞાનને પણ સ્પષ્ટ કરવા જોઈએ. અને એ વિચિક્ષણ રીતે 'ગુરુદેવ' કહી દેતા. કોઈને ખ્યાલ ન આવે કે, આમ કહેવા પાછળ શું કારણ છે.

શરૂઆત કરે પ્રશંસાથી. 'હીરા એટલા હીર' એમ કહેવાતું એના સંપ્રદાયમાં. 'હીરા એટલા હીર'. હીર એટલે સાચું રેશમ. બાકી બધા સુતરના ફાળકા. બીજા બધા સુતર જેવા છે. બીજા સાધુઓ અને આ સાધુમાં આટલો ફેર, પણ દૃષ્ટિમાં ફેર એમ કહી દે. એની પાછળ હેતુ હતો.

એમ અન્ય દેવની-કુદેવની પ્રશંસા કોઈપણ કારણસર ક્યાંય પણ કરવાનો કોઈ પડખું સામે મળતું હોય તો લોકો એમ કહે ને કે, ભાઈ! જ્ઞાન તો સાચું ક્યારે? કે, જે વસ્તુ જેમ હોય તેમ જોવે ત્યારે. તો એના કોઈ એવા લૌકિક સદ્‌ગુણને પણ તમે ન જોવો તો તમારું જ્ઞાન કેવી રીતે અમારે સાચું ગણવું? તમે તો પક્ષપાતથી એનો નિષેધ કરો છો. એમ કહે કે ન કહે? એ તો તમારી પ્રમાણિકતા ઉપર શંકા લાવવાની વાત થઈ જાય. Integrity doubtful થઈ જાય એવું છે. જો કોઈ વાત બરાબર છે એ વાતને તમે બરાબર ન કહો તો તમારી પ્રમાણિકતામાં શંકા ઊભી થાય એવું છે. તો એ વાતની સાથે સાથે એની શ્રદ્ધા-જ્ઞાનની બીજી વાત પણ સ્પષ્ટ કરવી ઘટે છે. નહિતર કુદેવની પ્રશંસામાં, કુદેવની ભક્તિ કરવી, કરાવવી, અનુમોદવાનું ત્રણેનું એક જ ફળ થઈ જાય છે.

એ જ રીતે, જેમ કુદેવની સ્થાપનાનો વિષય છે, એ જ રીતે સર્વજ્ઞના નિષેધમાં નિષેધ કરવો નહિ, કોઈ કરતાં હોય તો એને જાણે-અજાણે ઠીક માનવો નહિ કે એને અનુભવ્યો નહિ. નહિતર ત્રણેનું એક ફળ થઈ જાય છે. કેમકે સર્વજ્ઞદેવ એકલા માત્ર ભક્તિના નિમિત્ત નથી, એ માત્ર શુભરાગનું નિમિત્ત નથી પણ 'ગુરુદેવ'ના શબ્દોમાં કહીએ તો એ ભેદજ્ઞાનનું નિમિત્ત છે, આત્મજ્ઞાનનું નિમિત્ત છે, સ્વરૂપજ્ઞાનનું એ નિમિત્ત છે. તેથી સર્વજ્ઞદેવનું વીતરાગ સ્વરૂપ જાણીને પોતાના વીતરાગ સ્વરૂપને સ્વપણે પોતા સ્વરૂપે શ્રદ્ધા અને જ્ઞાનમાં અવધારવું, એ તેમના દર્શનનું ફળ છે. જેણે એ અવધાર્યું હોય તેણે તેમની અંતર્મુખી લીનતા જોઈને એવા સ્વરૂપધ્યાન અને લીનતાનો આવિર્ભાવ કરવો, એ તેમના દર્શનનું ફળ છે. બે પ્રકારે છે. એક સ્વરૂપ ઓળખાળમાં અને એક સ્વરૂપ લીનતામાં. એ રીતે 'દેવ અધિકાર'માં થોડાક વિશેષ વિચાર છે.

હવે અહીંયાં આત્માલોકન પાનું-૬. ગુરુ અધિકાર.

મુમુક્ષુ :- સ્વાનુભાવ થાય એમને જ યથાર્થ બહુમાન, બહુમાન, મહિમા અને ભક્તિનો પ્રકાર આવે? એ સિવાય તો ઓઘેઓઘે સંપ્રદાયની અંદર જે અરિહંત ભગવાનનો ગુણ ગાવામાં આવે છે...

પૂજ્ય ભાઈશ્રી :- શરૂઆતમાં જ એ ચર્ચા કરી કે, સંપ્રદાયમાં વીતરાગદેવની ઓઘભક્તિ કરવામાં આવે છે. અને એટલું જ પ્રસિદ્ધ છે કે, દેવ, ગુરુ ને શાસ્ત્ર એ ભક્તિનું ને શુભરાગનું નિમિત્ત છે. આવું એક પ્રચલિતપણે તો આટલી જ માન્યતા છે. પણ એની અંદર રહસ્ય કાંઈક બીજું છે કે, એ વીતરાગદેવનું પરિપૂર્ણ વીતરાગ સ્વરૂપ જોઈને પોતાના આત્મસ્વરૂપનું જ્ઞાન કરવું, ઓળખાણ કરવી, અંદર ભેદજ્ઞાનપૂર્વક ઓળખાણ સુધી પહોંચવું એવું પણ એ એક નિમિત્ત છે. સ્વરૂપજ્ઞાનનું પણ એ નિમિત્ત છે.

તેથી તો સમવસરણમાં વીતરાગના દર્શન કરતા અનેક જીવોને સમ્યગ્દર્શન ઊપજ્યું છે. જો માત્ર ભક્તિનું જ નિમિત્ત હોય, શુભરાગનું જ નિમિત્ત હોય તો ભક્તિનો શુભરાગ કારણ અને સમ્યગ્દર્શન કાર્ય થઈ જાય. પણ રાગ કારણ અને વીતરાગ પરિણામ કાર્ય એવું તો બની શકતું નથી. એને કારણ-કાર્ય લાગુ પડતા નથી. પણ મહિમા એટલે માત્ર શુભરાગ, એવું જે લોકો સમજે છે એને એક વિશેષ સમજવા યોગ્ય એ છે કે જ્ઞાનમાં સ્વરૂપની મહત્તા ભાસવી એને ખરેખર મહિમા કહ્યો છે. શું કહ્યું? જ્ઞાનમાં સ્વરૂપની વીતરાગ સ્વરૂપ, પરમાત્મ સ્વરૂપની પરમપદની મહિમા ભાસવી, જ્ઞાનગોચર થવી, એ મહત્તા જ્ઞાનમાં ભાસે ત્યારે એને ખરેખરો મહિમા કહેવામાં આવે છે અને એ મહિમાની સાથે શુભરાગ જોડાય છે ને લોકો શુભરાગને જ માત્ર જોવે છે, જ્ઞાનને જોઈ શકતા નથી એટલે એવી એક રૂઢ માન્યતા થઈ ગઈ છે, રૂઢિ થઈ ગઈ છે કે, મહિમા એટલે શુભરાગ. પણ ખરેખર મહિમા એટલે જ્ઞાનમાં મહત્તા ભાસવી તે છે.

મહિમા બે પ્રકારે છે એમ સમજવું જોઈએ. એક શુભરાગથી મહિમા કરવામાં આવે છે અને એક જ્ઞાનમાં મહત્તા ભાસે છે, એને ખરેખર મહિમા કહેવામાં આવે છે. પણ આ અંદરનું રહસ્ય છે, જે બહુ ઓછા લોકોના ખ્યાલમાં છે કે, જ્ઞાનમાં મહત્તા ભાસે તે ખરેખર મહિમા છે અને એ મહિમા કાર્યકારી છે. એ મહિમાથી જ્ઞાનબળ વધે છે, એ મહિમા આવતા જ્ઞાનમાં શક્તિ વધે છે, એ મહિમા તે ખરેખરો વિનય છે. શુભરાગ તો સાથે સાથે જોડાય છે અથવા શુભરાગને સાથે સાથે જોડાવું પડે છે. જ્યારે આવું જ્ઞાન સબળ થાય અને રાગાંશ સાથે સાથે વર્તતો હોય તો રાગને જ્ઞાનને જ અનુસરવું પડે. એવું ત્યાં જ્ઞાનનું બળ છે કે એને સાથે સાથે અનુસરવું

પડે છે. લોગો રાગને જોવે છે, જ્ઞાનને જોતા નથી. તેથી ખરી વાત એના સમજવામાં આવતી નથી. પણ ખરી વાત અંદરની બીજી છે.

એટલા માટે સમ્યક્સન્મુખનું દૃષ્ટાંત લીધું કે, સમ્યક્સન્મુખમાં સ્વરૂપનો મહિમા આવે છે અને એ સ્વરૂપના મહિમામાં જીવ આગળ વધે છે ત્યારે એનો રાગ નથી વધતો. ત્યારે એનું જ્ઞાન વધીને સ્વસંવેદનરૂપે પરિણમે છે અને તે કાળે સમ્યગ્દર્શન ઊપજે છે. રાગ? તો કહે છે કે, રાગ એ વખતે સમ્યક્ સન્મુખતાના કાળમાં સ્વરૂપનો વિકલ્પ કરતો હતો, પણ એ ઘસાતો ઘસાતો એનો અભાવ થાય છે. એટલે રાગના ફળમાં વીતરાગતા થતી નથી એ વાત ત્યાં સિદ્ધ થાય છે. પણ સ્વરૂપજ્ઞાનના મહિમાના કારણે એને સમ્યગ્દર્શન ને વીતરાગતા ને સ્વસંવેદન ઊપજે છે એમ બરાબર ત્યાં સિદ્ધ થાય છે.

એ રીતે વીતરાગનું સ્વરૂપ જ્ઞાનપ્રધાન દૃષ્ટિથી સમજવું. રાગપ્રધાન દૃષ્ટિથી ઓઘે ઓઘે સંપ્રદાયમાં દર્શન કરવામાં આવે છે કે, ચાલો રોજ જિનેન્દ્રના દર્શન તો કરવા, કરવા ને કરવા. આ એક પ્રથા (થઈ ગઈ). પણ એ પ્રથાની પાછળ શું રહસ્ય છે? એ કોઈ માત્ર રૂઢિનો વિષય નથી પણ ત્યાં પોતાના સ્વરૂપને સંભાળવાનો વિષય છે. વીતરાગ મુદ્રા ભગવાનની જોઈને તેમના પરિપૂર્ણ સ્વસંવેદનને લક્ષમાં લેવું અને એ પરિપૂર્ણ સ્વસંવેદનને લક્ષમાં લેતા પોતાના સ્વસંવેદન સ્વભાવી આત્મસ્વરૂપને લક્ષમાં લઈને સ્વસંવેદનનો આવિર્ભાવ કરવાનો પ્રયાસ કરવો એનું નામ વીતરાગદેવના દર્શન છે. આમ દર્શન કરાય. આ દર્શન કરવાની વિધિ છે. આવી રીતે દર્શન કરવા. માત્ર રૂઢિગતપણે દર્શન કરવા એ ખરેખર દર્શન કરતો નથી. એવું તો અનંત વાર કરી કરીને એણે ભવભ્રમણ ચાલુ રાખ્યું છે, એમાં કાંઈ ફેરફાર કરી શક્યો નથી.

આ તો જન્મ-મરણ તોડવાની Line છે ને? જન્મ-મરણ કઈ રીતે તૂટે છે, એ વાત અહીંયાં પ્રશ્ન તરીકે પણ ઊપજવી ઘટે છે કે, આમાં જન્મ-મરણ તૂટવાનું શું કારણ છે? તમે આવડી મોટી ધમાલ કરો, મંદિર બંધાવો, પ્રતિષ્ઠિતા કરો, આટલો આરંભ સમારંભ કરો તો એની પાછળ કારણ શું છે?

એકવાર 'સોગાનીજી' સાથે આ વિષયમાં બહુ (ચર્ચા ચાલેલી). કેટલા વિચિક્ષણ હતા! એમની (સાથે) ચર્ચા થઈ. કુદરતી એમણે એ ચર્ચા કાઢી. 'સોનગઢ'માં એ દિવસોમાં આવેલા અને રથયાત્રાનો દિવસ હતો. તે દિવસે 'ગુરુદેવ'નું પ્રવચન બંધ રાખે અને ભગવાનની રથયાત્રા ચાલે. જે દિવસે ભગવાનની રથયાત્રા હોય તે દિવસે ગુરુદેવ પણ પોતાનું પ્રવચન બંધ રાખે. આ તો બધાને ખબર છે. પ્રવચન કરતા રથયાત્રાની કોઈ મહત્તા હશે તો જ આમ કરતા હશે ને?

ભગવાનની રથયાત્રા આજે નીકળવાની છે. ધામધૂમથી નીકળે અને એમાં સમયનો સંક્ષેપ ન કરવો પડે માટે પ્રવચન આજે બંધ (રહેશે). એ રથયાત્રા ફરીને મંદિરજીમાં ભગવાનના મંદિરમાં આવ્યા ભગવાનને લઈને, ગડદી ઘણી હતી એટલે જે લોકો અંદર જઈ શક્યા, એ જઈ શક્યા. અમે લોકો ન જઈ શક્યા એટલે બહાર બેઠા. બહાર લીમડાના ઓટલે બેઠા હતા. ત્યાં કોઈએ આવીને એમ સમાચાર આપ્યા અંદરથી. એણે જોયું કે આ લોકો અહીંયાં બેઠા છે. અંદર તો બહુ ભક્તિ સરસ ચાલે છે. સાગરવાળા શેઠ નૃત્ય કરે છે. ભગવાનની સામે નાચે છે ને ભક્તિ કરે છે. ત્યારે એમણે એક વાત કરી... કેમકે કરોડપતિ માણસ હોય, શેઠિયા હોય, વળી શરીરની વૃદ્ધ અવસ્થા હોય છતાં નાચે ભગવાન પાસે તો આની પાછળ રહસ્યમય સંકેત શું છે?

કોઈ વિચિક્ષણ જીવ હોય તો એને એવો વિચાર આવે કે, અરે..! જે ઈન્દ્રો, રાજાઓ, શ્રીમંતો જે પુણ્યથી જગતમાં મોટા મનાય છે અને મોટા કહેવાય છે, એ પણ જેની પાસે નાના થઈને નાચે છે, તો પછી આ પુણ્યથી પણ કોઈ ઊંચી એવી વીતરાગતા ચીજ તે શું ચીજ હશે? કે, જેની પાસે આ નીચું દેખાય છે. એવી એની ઉચ્ચતાના વિષયમાં કોઈ વિચિક્ષણ જીવને વીતરાગતા ઓળખવાનું કારણ થાય છે. આ એક ચર્ચા પોતે કાઢી તે દિ'.

એટલે દેવના સ્વરૂપમાં પરિપૂર્ણ વીતરાગતા અને સ્વસંવેદનની શું મહત્તા છે એ જ્ઞાનમાં સમજવા યોગ્ય છે. ન સમજાય તો વીતરાગની સામે બેસીને સમજવાની મહેનત કરવા જેવું છે કે આમાંથી આ ભાવ કેવી રીતે પ્રદર્શિત થાય છે. તો એ સમજાય એવું છે. કેમકે એ વ્યક્ત ભાવ છે. એમના શરીર અને મુદ્રા ઉપરથી પણ એ વાત સમજાય એવી વાત છે. એટલે તો પ્રકરણની અંદર 'દિપચંદજી'એ શરીરનું વર્ણન કર્યું. એ દેવ અધિકાર અહીંયાં પૂરો થાય છે.

'ગુરુ અધિકાર'

**वियरायं वियरायं, जियस्स णिय ससरुओ वियरायं।**
**मुहु मुहु गणदि वियरायं सो गुरुपयं भासदि सया ।।२।।**

એ પહેલું પદ એ માગધિમાં લખે છે. પછી એનું જ સંસ્કૃત પોતે લખે છે.

**वीतरागं वीतरागं जीवस्य निजस्वस्वरूपो वीतरागं।**
**मुहुर्मुहुर्गृणनाति वीतरागं, स गुरुपदं भासति सदा।।२।।**

ગુરુની વ્યાખ્યા કરી છે. ગુરુ કોને કહેવા? કે,

**'वीतरागं वीतरागं जीवस्य निजस्वस्वरूपो वीतरागं। मुहुर्मुहु-गृणनाति' 'मुहुर्मुहु'**

એટલે વારંવાર, ફરી ફરીને. ગુરુદેવ કહેતા કે, આમાં પુનરુક્તિ દોષ લાગતો નથી. એમની પ્રવચનની શૈલી એવી હતી કે, એક વાતને પાંચ વખત, આઠ વખત, દસ વખત, બાર વખત પણ Repeat કરતા. પુનરુક્તિ કરતા. ત્યારે કોઈને એમ લાગે કે, આ વારંવાર એકની એક વાત કરે છે તો એમાં પુનરુક્તિ નામનો દોષ લાગે કે ન લાગે? વક્તાઓની વકૃત્વ નામની જે કળા છે, એ કળા હાંસલ કરેલી હોય છે એની અંદર પુનરુક્તિ એ ઓછી કરે છે, ખાસ નથી કરતા. કેમકે વકૃત્વપણે એ એટલું સચોટરૂપે કહેતા હોય છે કે એને ત્યાં (પુનરુક્તિ કરવી ન પડે).

(અહીંયાં વક્તૃત્વ) કળાની અજમાયશ કરવાનો પ્રસંગ નથી. અને લૌકિક કળાની દૃષ્ટિએ તે સદ્‌ધર્મના પ્રવચનને મુલવવું જોઈએ નહિ, એનું મૂલ્યાંકન કરવું જોઈએ નહિ. પણ એ જ ધર્મપ્રવચન કાળે, ધર્મભાવોનો આવિર્ભાવ થવાનું વિશેષ વિશેષ જે પ્રકારે, જે પદ્ધતિએ, જે વિધિએ થતું હોય તે યોગ્ય જ છે એમ સમજવું જોઈએ. એ પોતે જ્યારે ફરી ફરી ફરી ફરી ફરીને કહેતા ત્યારે એ એમ કહેતા, એ સૂચના કરતા સાંભળનારને કે, જેમ ન માનશો તો આ તેની તે વાત ફરી ફરીને થાય છે. ભાવમાં તો નવું નવું આવે છે. ફરી ફરીને કહેવાની ટેવ પડી નથી પણ ભાવમાં નવું નવું આવે છે તેથી એ નવો નવો ભાવ વ્યક્ત કરવા માટે તેનો તે વિષય Repeat કરવામાં આવે છે, ફરીને કહેવામાં આવે છે. અને જેણે એ દૃષ્ટિકોણથી 'ગુરુદેવ'ને સાંભળ્યા છે તેને તેની તે વાત ફરીને સાંભળતા રુચિ છે. અંદરમાં રુચે છે અને વાણી અને વાણીના કહેનાર પ્રત્યે પરમપ્રેમ આવે છે.

જ્ઞાની ધર્માત્મા સત્‌પુરુષ છે. એ પણ વારંવાર વીતરાગ સ્વરૂપી આત્માને જ બતાવે છે. અહીંયાં ગુરુની વાત ચાલે છે ને? એટલે એનું અનુસંધાન છે. જેમ નિર્ગ્રંથ ગુરુ છઠ્ઠા, સાતમા ગુણસ્થાને બિરાજમાન અંતરમાં સ્વરૂપસ્થ છે અને બહારમાં પંચ મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણના પાલન કરનારા છે, એવા જે ભાવલિંગી સંતો હોય છે, દિગંબર, સાધુ. સાધુ હોય, આચાર્ય હોય, ઉપાધ્યાય હોય એ ત્રણે પદમાં બિરાજમાન, પંચ પરમેષ્ઠીના ત્રણે પદમાં બીરાજમાન છે તે ગુરુના સ્થાને છે. એ ગુરુને ઓળખવા માટે એમના પ્રવચનનું એક બાહ્ય લક્ષણ છે. તે એ છે કે તે વારંવાર 'મુહુર્મુહુ' વીતરાગ સ્વરૂપને બતાવે છે, આત્માને બતાવે છે. '**वीतरागं वीतरागं मुहुर्मुहुर्गृणनाति**'. ફરી ફરીને વારંવાર એ જ સ્વરૂપને જ બતાવે છે. તો એના માર્ગને, એ ગુરુના માર્ગને અનુસરનારા જે સંતો, સત્‌પુરુષો છે, ધર્માત્માઓ છે તેના પ્રવચનમાં પણ વિશેષતા એ જ હોય છે કે, તે વારંવાર આત્મસ્વરૂપને બતાવી રહ્યા હોય છે. આ વિશેષતા છે.

એટલે 'શ્રીમદ્જી'એ એ અનુસંધાન જોઈને એમ કહ્યું કે,

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું તે સાચા ગુરુ જોઈ,
બાકી કુળગુરુ કલ્પના આત્માર્થી નહિ જોઈ.

કુળગુરુની કલ્પનામાં તો આત્માર્થીપણું પણ તને નહિ રહે. એ ગુરુને પણ આત્માર્થીપણું નથી કે જેને ગુરુપદ પ્રગટ નહિ થયું હોવા છતાં પોતાને ગુરુ માને છે ને મનાવે છે. જો એને આત્માર્થીપણું નથી તો એને અનુસરનારાઓને આત્માર્થીપણું છે, એ વાત પણ રહેતી નથી. એ તો આપોઆપ જ એનાથી નીચે હલકા છે, નીચી કોટીના છે, એ સાબિત થાય છે.

અહીંયાં એક લક્ષણ આનું બતાવ્યું છે. બહુ ઊંડેથી આ વાત કાઢેલી છે. 'દીપચંદજી'એ આ વાત કાઢી છે એ બહુ ઊંડેથી કાઢી છે. વારંવાર વીતરાગ સ્વરૂપી આત્માને બતાવે તે ગુરુ. એમણે મૂળ શ્લોકની અંદર તો છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની પણ વાત કરી નથી અને અઠ્યાવીસ મૂળગુણની પણ વાત કરી નથી. એ પછી ભાવાર્થની અંદર એ વાત લીધી છે પણ મૂળ શ્લોકની અંદર તો એ વાત એમણે લીધી નથી. એ તો જે આત્માને વારંવાર બતાવે તે ગુરુ.

મુમુક્ષુ :- 'ધર્મદાસજી ક્ષુલ્લક' આવું કહે છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :- 'ધર્મદાસજી ક્ષુલ્લકે' આ જ વાત કરી છે. '**मुहुर्मुहु**' એ પણ એમણે આમના ઉપરથી જ વાત લીધી છે કે વારંવાર આત્માને બતાવે તે ગુરુ. વીતરાગસ્વરૂપી આત્માને વારંવાર બતાવે તે ગુરુ. કેમ એ એમ બતાવે છે? કે, એની પરિણતિ પણ એ જ ચાલે છે. એ પરિણતિ ઘુંટાઈ ઘુંટાઈને તો ઉપયોગ થાય છે અને ઉપયોગ છૂટે છે પણ પરિણતિ તો એની એ જ ચાલે છે. આત્મસ્વરૂપ સાથે અભેદ લપેટ થઈને પડેલી પરિણતિ છે. એટલે એમના વિકલ્પમાં પણ પરિણતિને અનુસરવુ થાય છે.

એ તો એક આત્માનું વિજ્ઞાન છે, જીવનું વિજ્ઞાન છે કે, જીવની જે પરિણતિ, તે અનુસાર તેનો વિકલ્પ. જીવની જેવી પરિણતિ તે અનુસાર એનો વિકલ્પ. જેની પરિણતિમાં લૌકિક જે વિષય ઘુંટાતો હોય એને એના જ વિકલ્પો આવે. વેપારી હોય એ ખાતા, પીતા, ઊંઘતા, હાલતા, ચાલતા વેપારનો જ વિકલ્પ કર્યા કરે. કેમકે એની પરિણતિ થઈ ગઈ છે. એવી રીતે જેને જે વિષયની પરિણતિ હોય તેને તેનો વિકલ્પ સહજ ચાલે. ચિંતન કરવું પડે એમ નહિ, એનું ચિંતન એને વિકલ્પની અંદર ચાલી જ જાય. ચિંતવને કે વગર ચિંતવને એની પરિણતિ કામ કર્યા જ કરે છે.

એ ગુરુનું લક્ષણ એટલા માટે બાંધ્યું કે, ગુરુ ભલે છદમસ્થ છે તોપણ એને

આત્મામય પરિણતિ છે, આત્મામય એનું પરિણમન છે, આત્મામય એનું જીવન છે. જ્ઞાની સત્પુરુષ છે એનું જીવન પણ આત્મામય છે અને તેથી એની પરિણતિ અનુસાર એના બધા વિકલ્પો હોય છે. મોટાભાગના. એ એમાંથી કાઢ્યું છે.

મુમુક્ષુ :- ઉપયોગના પરિણમનમાં ક્યારે ફેરફાર હોય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઈ તો જેટલી પરિણતિ મજબૂત એટલો વારંવાર શુદ્ધોપયોગ થાય છે. શુદ્ધ પરિણતિ જેની વિશેષ મજબૂત હોય છે એને શુદ્ધોપયોગ વારંવાર થાય છે. આવી એક ચર્ચા 'પૂજ્ય બહેનશ્રી' સાથે થોડા વખત પહેલા પ્રત્યક્ષમાં થઈ હતી. ધર્મીજીવને ધર્માત્માને વારંવાર શુદ્ધોપયોગ આવે છે એનું કારણ શું? કોઈને લાંબો કાળ પડે છે, કોઈને ટૂંકા કાળે આવે છે એનું કારણ શું? સીધું એમ ન પૂછાય કે, આપને વારંવાર આવે છે એનું કારણ શું? પણ એવી રીતે આડકતરી રીતે આ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે, આનું કારણ શું છે?

તો કહ્યું જે ધર્મીને પરિણતિ બળવાન હોય છે એને ઉપયોગ (વારંવાર થાય છે). એ પરિણતિ બહાર જતાં ઉપયોગને ખેંચીને અંદર લાવે છે. જેમ પતંગને ખેંચવા માટે દોરાને ખેંચીને પતંગને નજીક લઈ શકાય છે. એમ પરિણતિ છે એ ઉપયોગનો દોર છે, ઉપયોગરૂપી પતંગનો દોર છે. છદ્મસ્થ ધર્માત્માનો ઉપયોગ ઉદય અનુસાર અનેક પ્રકારના બાહ્ય વિષયમાં જાય છે. એને ખેંચનાર એની પરિણતિ છે. જેની પરિણતિ મજબૂત, જ્ઞાનમાં એને લબ્ધ કહે છે, જેની પરિણતિ મજબૂત એનો ઉપયોગ વારંવાર અંદરમાં આવવાનો પ્રસંગ હોય છે. જેની પરિણતિમાં શિથીલતા હોય છે એને નિર્વિકલ્પ થવાની વચ્ચે કાળ વિશેષ લાગે છે. બહુ સારી ચર્ચા ચાલી હતી. ઉપયોગને ખેંચનાર છે આ. જાણે કોઈ એને ખેંચીને પકડીને ઉપયોગને અંદર અંતર્મુખ કરી દે છે. એવું પરિણતિ કામ કરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ પરિણતિમાં શ્રદ્ધા છે, એ પરિણતિમાં જ્ઞાન છે, આત્મજ્ઞાન છે, એ પરિણતિમાં આત્મચારિત્ર છે, એ પરિણતિમાં આત્મપુરુષાર્થ છે, એ પરિણતિમાં આત્માનું સુખ અને આનંદ પણ ઊપજેલો છે. શાંતિ પણ છે. આવી જે આત્મપરિણતિ છે તે આત્મામય છે, આત્મસદૃશ્ય છે. જેવો આત્મા છે એવી એ પરિણતિ છે. શ્રદ્ધા તો પૂરેપૂરી પોતાના અનંત ગુણના અનંત સામર્થ્ય સહિત આત્મા સાથે ચોંટી જાય છે. શ્રદ્ધા શક્તિ છે એ તો પોતાના અનંત સામર્થ્ય સહિત (પરિણમે છે). કેમકે એનો પરિણમવાનો ગુણ એવો છે કે, એ ગુણ અધૂરો પરિણમતો નથી. ઊંધો પડે છે ત્યારે પણ ઊંધો પૂરો અને સવળો થાય છે ત્યારે પણ પૂરો સવળો.

તેથી જ ઘણી શક્તિ સહિત શ્રદ્ધા ઊંધી પરિણમતી હોવાથી શ્રદ્ધાને સવળી કરવી એ મુશ્કેલ પડે છે. જ્ઞાનમાં તરત સમજાય છે કે, આત્મા આવો હોય, વીતરાગદેવ આવા હોય, ધર્મ આવો હોય, માર્ગ આવો હોય. પણ એ જ્ઞાનને જેટલું સવળું સહેલાઈથી કરી શકાય છે, એટલી સહેલાયથી શ્રદ્ધા અવળીમાંથી સવળી થતી નથી. એને ફરતા Time લાગે છે. અને એના માટે જ્યારે જ્ઞાનબળ વિશેષ વિશેષ વધે છે, સમ્યક્ સન્મુખ થયેલું જ્ઞાન ઘણું વિશેષ વધી જાય છે ત્યારે એક તબક્કે એ જ્ઞાન પોતાના વીતરાગ સ્વરૂપને ઘૂંટતું ઘૂંટતું ઘૂંટતું ઘૂંટતું વિશેષ કોઈ અપૂર્વ પુરુષાર્થનું પરાક્રમ કરીને સ્વસંવેદનમાં આવી જાય છે. ત્યારે શ્રદ્ધાની તાકાત નથી કે પછી એ અવળી રહે.

સમ્યક્ સન્મુખના કાળમાં હજી અવળી છે પણ એનું બળ ક્ષીણ થતું જાય છે. દર્શનમોહ ત્યાં ઘસાતો જાય છે, દર્શનમોહ મંદ થતો જાય છે અને જ્ઞાનબળ અત્યંત વધે છે ત્યારે તો એ બળ તૂટીને મિથ્યાશ્રદ્ધા પલટી અને સમ્યક્પણું ધારણ કરે છે. ત્યારે એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એ સમ્યગ્દર્શન થયું એટલે શ્રદ્ધા પોતાના અનંત સામર્થ્ય સહિત પોતાના આત્મસ્વરૂપને કબજામાં લે છે. એણે સ્વરૂપનો કબજો લીધો. કેવો કબજો લીધો? કે, સિદ્ધ દશામાં અનંત કાળ સાદિઅનંત કાળ સિદ્ધ દશામાં એમ ને એમ રહેવાનું એણે કારણ ઊભું કર્યું. આ 'ટોડરમલજી'ના શબ્દો છે. 'ટોડરમલજી'એ એ વાત પ્રસિદ્ધ કરી. એ પણ એમણે બહુ ઊંડેથી કાઢ્યું છે. પોતે સિદ્ધ થયા નથી, જુઓ! પોતે સિદ્ધ થયા નથી અને અહીંયાં લોકમાં સિદ્ધના દર્શન થતાં નથી અને કોઈ ઈન્દ્રિયજ્ઞાનમાં નિરાવરણ વિદેહી એવા જે સિદ્ધ પરમાત્મા એને ઈન્દ્રિયજ્ઞાન દ્વારા એનું દર્શન થાય એ સંભવિત અને શક્ય પણ નથી. એક તો ક્ષેત્રથી દૂર છે, બીજું પરિસ્થિતિથી પણ દૂર છે.

ઈન્દ્રિયજ્ઞાનીને સીધા એના ચક્ષુઈન્દ્રિયના ઉપયોગમાં જેવી રીતે અરિહંત પરમાત્માના દર્શન થાય એવી રીતે સિદ્ધ પરમાત્માના દર્શન સંભવિત નથી. તોપણ એમણે શ્રદ્ધામાંથી સિદ્ધપદનું રહસ્ય કાઢ્યું. જુઓ! આ શ્રુતજ્ઞાનની તાકાત! કે, સિદ્ધ પરમાત્માઓ સાદિઅનંત કાળ સિદ્ધપદમાં બિરાજમાન રહે છે અને એ સિદ્ધ દશામાંથી એક અંશમાત્ર પણ ચ્યુત થતાં નથી તેનું કારણ સમ્યગ્દર્શન છે. આમ કાઢ્યું. શું સમ્યગ્દર્શનનું સામર્થ્ય છે! સિદ્ધપદને ટકાવી રાખવું, સિદ્ધપદને અનંત કાળ પર્યંત જાળવી રાખવું, એક સમય, બે સમય માટે નહિ, અનંત કાળ પર્યંત સિદ્ધપદને સિદ્ધપદમાં જકડીને રાખવું એ કારણ સમ્યગ્દર્શનમાં દર્શનમાં પહેલેથી ઊભું થઈ ગયું છે. કેટલું ઊંડેથી કાઢ્યું હશે! કહો! એ અનંત શક્તિ સહિત પરિણમે છે.

એ ઉપયોગના કાળે પણ એમ જ છે. નિર્વિકલ્પ શુદ્ધોપયોગના કાળે પણ સમ્યગ્દર્શન

એમ જ પરિણમે છે અને સવિકલ્પ ઉપયોગના કાળે પણ સમ્યગ્દર્શન તો એમ જ પરિણમે છે. એને ઉપયોગ ને પરિણતિથી કોઈ વિશેષતા નથી. એનામાં કોઈ વિશેષતા નથી, કોઈ હાનિ-વૃદ્ધિ નથી, કોઈ ફેરફાર નથી. એ તો પોતાની પૂરી શક્તિ સહિત આત્માને કબજો કરીને બેસી ગઈ. બીજા ગુણોના પરિણામમાં બે વિભાગ થઈ જાય છે. જ્ઞાનમાં લબ્ધ અને ઉપયોગ થાય છે. એવી રીતે ચારિત્રમાં સરાગપણું અને વીતરાગપણું. પરિણતિમાં વીતરાગપણું છે, ઉપયોગ સાથે સવિકલ્પ દશામાં સરાગપણું છે. એ બુદ્ધિપૂર્વકનો રાગ જ્ઞાનીને ઊપજે છે તે તેમનું સરાગપણું છે અને તે જ વખતે પરિણતિમાં વીતરાગતા પણ ઉત્પન્ન છે. ગુણસ્થાન અનુસાર તે વીતરાગ પરિણતિ વિશેષ વિશેષ વૃદ્ધિગત થયેલી હોય છે. અને તેથી જ મુનિદશામાં ક્ષણે ક્ષણે નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થાય છે. કેમકે છઠ્ઠા ગુણસ્થાને જે પરિણતિ-વીતરાગ પરિણતિ ઉત્પન્ન છે, એ એટલી બળવાન પરિણતિ છે કે જીવને સવિકલ્પ બુદ્ધિપૂર્વકના સરાગ દશામાં પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પમાં પણ એને ઠરીને રોકાવા દે નહિ. ત્યાંથી એને ઉપાડી દે. પાંચમામાં એથી ઓછી છે, ચોથામાં એથી ઓછી છે. એ પરિણતિનો ભેદ સૂચવે છે કે મુનિદશામાં પરિણતિ એવી કોઈ ઉગ્ર પ્રકારની છે કે જેને લઈને નિગ્રંથ ગુરુને વારંવાર શુદ્ધોપયોગ થાય છે.

જે ગુરુને ક્ષણે ક્ષણે શુદ્ધોપયોગ થાય એવા શ્રીગુરુ શાસ્ત્ર લખે તો કેવું લખે? કે એની જે ઉપયોગની કલમ છે એ આત્મામાં બોળી બોળીને લખાય છે. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' એમ લખે છે ને? એ જ રીતે પરિણતિ અનુસાર ઘૂંટેલું હોવાથી એમની વાણીમાં પણ એ જ પ્રકાર ઉત્પન્ન થાય છે. એ વાણી ઉપરથી પરિણતિ ને પરિણતિ ઉપરથી એમની સ્થિતિ ને દશાને માપવામાં આવે છે. એ રીતે અહીંયાં ગુરુનો અધિકાર એક જ વાતમાં, એક જ મુદ્દા ઉપર ગુરુનો અધિકાર 'દિપચંદજી'એ લખેલો છે.

**वीतरागं वीतरागं जीवस्य जिनस्वरूपो वीतरागं मुहुर्मुहुर्गृणनादि पुरुष गुरुपदं स्थानं भासति शोभते कथयति स यदा।**

એવા પુરુષ ગુરુના સ્થાનમાં, ગુરુના પદમાં ભાસે છે, શોભે છે, પ્રકાશે છે અને તેઓ પણ સદા એમ જ કહે છે. એમ લેવું છે.

અર્થ :- '**જીવનું નિજસ્વરૂપ જે છે તે વીતરાગ છે એમ વારંવાર જે કહે...**' એટલે જીવનું વીતરાગી સ્વરૂપ જે વારંવાર વાણીમાં દર્શાવે '**તે જ ગુરુપદવીએ સદા શોભે છે,...**' એ જ ગુરુપદવીએ શોભે છે. આત્માને છોડીને બીજી બીજી વાતમાં જે આવે છે, બીજી બીજી વાત કર્યા કરે છે એ ગુરુપદવીને શોભતા નથી. '**(તેને**

**જ ગુરુની પદવી સદા શોભે છે).**' જે રુચિને રુચવાનું સ્થાન છે, જે ઉપયોગને ઠરવાનું સ્થાન છે અને જે અનંત શાંતરસથી ભરેલું છે, એવું જે શુદ્ધાત્મ પદ છે એ વિષય વારંવાર વિચારદશામાં જ્ઞાનીને-ગુરુને આવ્યા જ કરે છે. એની જ મહત્તા આવ્યા કરે છે, એની જ મહત્તા ઊભી છે, જતી નથી તેથી તેની તે વાત એમની વાણીમાં વિશેષ વિશેષ આવ્યા કરે છે. તે એને દર્શાવ્યા કરે છે.

એટલે અહીંયાં હવે થોડો વિશેષ વિચાર લઈએ કે, જે કોઈ કહેનાર, શાસ્ત્ર વાંચનાર વક્તા છે એ વારંવાર શુદ્ધાત્મ સ્વરૂપને કેવા મહિમાથી પ્રદર્શિત કરે છે એ એની રુચિનો વિષય, એની દૃષ્ટિનો વિષય, એના જ્ઞાનનો વિષય, એના આશ્રયનું સ્થાન, અભિરામનું સ્થાન કહ્યું છે, આરામનું સ્થાન કહ્યું છે, એ વિષય સામે આવતા એને કેટલો મહિમા આવે છે, કેવા રસથી એ એની અંદર ઉલ્લસે છે, એ વિષય એના પોતાના ઘરનો રસ અજાણ્યો રહી શકતો નથી.

પાત્રજીવનું પણ પાત્રતા સૂચક આ લક્ષણ છે. પાત્રતાના અનેક લક્ષણ છે ને? એમાં પણ આ એક લક્ષણ છે કે, જ્યારે શુદ્ધાત્માની વીતરાગપદની વાત શાસ્ત્રમાં અથવા પ્રવચનમાં સામે આવે છે એટલે શ્રવણમાં આવે છે અથવા વાંચનમાં આવે છે ત્યારે તેની રુચિ વિશેષ ઉગ્ર થાય છે. તેની રુચિ ત્યાં પુષ્ટ થાય છે, તેની રુચિ પોસાય છે, તેને તે વાત ને તે વિષય વધારે ને વધારે પોતાની રુચિનો વિષય હોવાથી વધારે રુચવા લાગે છે અને એવી જે રુચિ છે તે એની પાત્રતાને દર્શાવે છે. પાત્રતાના લક્ષણમાં આ એક વિષય છે. એ અહીંયાં ઠેઠ રુચિ થઈ છે એવા પાત્ર જીવથી માંડીને ઠેઠ ભાવલીંગી સંત સુધીના વિષયને એકધારો સાંકળવામાં આવે છે. પોતપોતાનું સ્થાન અને પોતપોતાની દશા અનુસાર તારતમ્ય ભેદ છે, જાતિભેદ નથી. તારતમ્યભેદ છે પરિણામમાં, એની જાતિમાં ભેદ નથી.

મુમુક્ષુ :- જાતિભેદ ન લ્યો તો સમ્યગ્દર્શન પહેલાના જે ....

પૂજ્ય ગુરુદેવશ્રી :- સમ્યગ્દર્શન પહેલા સમ્યક્ સન્મુખ થાય ત્યારે પરિણામની જાત બદલાય છે. સ્થૂળ કથન એવું છે કે સમ્યગ્દર્શન થાય ત્યારે પરિણામ જાત્યાંતરપણાને પામે છે. એ જ વિષયની સૂક્ષ્મતાને વિચારવામાં આવે તો જીવ જ્યારે સમ્યક્ સન્મુખ થાય છે ત્યારે તેના પરિણામ જાત્યાંતરપણાને પામે છે.

આ તો અમારે મુમુક્ષુઓમાં એકવાર ચર્ચા ચાલેલી. આ વિષય ખોલ્યો (તો એમ વાત આવી કે) પણ 'ગુરુદેવ' પ્રસિદ્ધપણે આમ કહેતા નથી. આ વાતને 'ગુરુદેવ' કહે છે કે નહિ એ વિચાર કરવો જોઈએ. પછી એ દિવસોમાં તો એકાંતમાં ચર્ચા કરવાનો પ્રસંગ અવારનવાર થતો હતો. એક દિવસ એકાંતમાં આ ચર્ચા કરેલી કે,

જે જીવ સમ્યક્સન્મુખ થયો તે જીવને શ્રદ્ધા કેવી છે? એમ પૂછ્યું. કે શ્રદ્ધા મિથ્યા છે. એનું જ્ઞાન? તો કહ્યું, એના જ્ઞાનમાં જેવું આત્મસ્વરૂપ છે એવું અવભાસ્યું છે, પ્રતિભાસ્યું છે એવું જ્ઞાન છે. સમ્યક્જ્ઞાન થયું છે? કે, ના. સમ્યક્જ્ઞાન નથી થયું. સમ્યક્જ્ઞાન નથી થયું અને એ જ્ઞાનમાં આત્મા ભાસ્યો છે. એ જ્ઞાન એને સ્વસંવેદનનું અને સમ્યગ્દર્શનનું કારણ થવાનું છે.

મૂળ તો આત્મધર્મમાં ચર્ચા ચાલેલી. ૧૮૧ નંબરનો આત્મધર્મનો અંક. ૧૮૧ એમાં એક ચર્ચા ચાલેલી. એ અંક સાથે લઈને ગયો હતો. આમાં એમ લખ્યું છે કે, સમ્યક્ સન્મુખ જીવને આત્માનો એકલો વિકલ્પ નથી, માત્ર કોરો આત્માનો વિકલ્પ નથી પણ સમ્યક્ સન્મુખ થયેલો એક ભાવ છે કે જે ભાવ આગળ વધતો વધતો કોઈ અપૂર્વ પરાક્રમ કરીને નિર્વિકલ્પ શુદ્ધોપયોગ અને સમ્યગ્દર્શનમાં પરિણમી જાય છે. વિકલ્પ તો અભાવ થઈને નાશ થાય છે પણ આ ભાવ તો એનું ચાલુ ચાલુપણું રહ્યું. Continuity. ચાલુ ને ચાલુ રહે છે. આગળ વધતો વધતો ચાલુ રહીને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાનરૂપ પરિણમી જાય છે. એવી વાત લખેલી હતી.

'ગુરુદેવશ્રી'ને સીધો પ્રશ્ન એ હતો કે, આ ભાવ તે ક્યો ભાવ? એ સીધો પ્રશ્ન હતો. એક Second પણ 'ગુરુદેવશ્રી' આવા સૂક્ષ્મ વિષયમાં વિચાર કરવા થોભતા નહોતા કે વિચાર કરીને જવાબ દે. આ પ્રત્યક્ષ અનુભવ છે. સવાલ નીકળ્યો નથી ને જવાબ આવ્યો નથી. (ઉત્તર આપ્યો કે) આ જ્ઞાનભાવ છે. (પછી પૂછ્યું), જો આ જ્ઞાનભાવ છે તો શ્રદ્ધા? તો કહે, શ્રદ્ધા મિથ્યા છે. ઠીક! જો આ જ્ઞાનભાવ છે ને એ જ આગળ વધીને, જ્ઞાનબળ આગળ વધીને ધર્મમાં પરિણમનમાં આવે છે, ધર્મના પરિણમનમાં આવે છે, સમ્યક્ જાતિને પામે છે તો અહીંયાં એનું જાત્યાંતરપણું લેવું કે નહિ? આ બીજો પ્રશ્ન હતો.

'ગુરુદેવ'ને જેટલો Cross question આવે એટલું એમને વધારે પસંદ પડતું હતું. વિષયનો કોઈ માણસ અજાણ્યો હોય ને Cross કરો તો મૂંઝાયને કાં ગરમ થઈ જાય અને કાં હિચકિચાહટ થઈ જાય. પણ એ તો બહુ જ પ્રમોદથી ઉત્તર દેતા હતા. તો કહે કે, ભલે એમ કહેવાય નહિ, તોપણ અહીંયાં જાત્યાંતરપણું અહીંથી શરૂ થયું છે. પણ એમ કહેવાય નહિ. શું કરવા કહેવાય નહિ? પછી પૂછવાની બધી છૂટ હતી. તો કહે, લોકો બીજી રીતે સમજી જાય. પોતાને માની લે, ન હોય અને માની લે. સમ્યક્ સન્મુખપણું ન હોય, માત્ર આત્માના વિચાર કરતા હોય અને એવું માની લે. એટલે એમ કહેવા જાય ત્યાં તો પોતે જાત્યાંતર થઈ ગયો છે ને સમ્યક્ થઈ ગયું (છે એમ માની લે). એટલે આ વિષય બહાર બહુ ચર્ચતા જ નહોતા.

જાહેરમાં આ વિષય બહુ ચર્ચામાં લેતા નહિ. કેમ કે 'ગુરુદેવે' અધ્યાત્મનો વિષય અને સમ્યગ્દર્શનનો એટલો બધો સ્પષ્ટ કરેલો કે એ સંબંધિત માત્ર પ્રવૃત્તિ લઈને બેઠા હોય એને તો એમ થઈ જાય કે હવે અમે સમ્યક્ સન્મુખ થઈ ગયા છીએ. પણ કાંઈ સમ્યક્ સન્મુખપણું થયું ન હોય એટલે નિર્ણયનો વિષય વિશેષ નહોતા લેતા. એમાંથી કેટલીક વાતો અહીંયાં 'નિર્ભ્રાંત દર્શનની કેડી'માં લીધી છે એ એમાંથી લીધી છે. નિર્ણય સંબંધીનું ત્રીજું પ્રકરણ લીધું છે એ એમાંથી લીધું છે.

(અહીંયાં) કહે છે કે, ત્યાંથી એ વાત મહિમામાંથી ઉપડી છે. જેને આત્મસ્વરૂપનો પ્રતિભાસ આવતા સ્વરૂપનો મહિમા ઘર કરી ગયો છે. જેમ રોગ ઘર કરી જાય તો નીકળે નહિ ને? એમ સ્વરૂપનો મહિમા જેને ઘર કરી ગયો છે એને પરિણતિ થઈ જાય છે ત્યારથી. એ પરિણતિ છે એ જાત્યાંતર છે. જેને પરિણતિ છે એનો ઉપયોગ એને વારંવાર આવ્યા વિના રહે નહિ. અને જેને વારંવાર એવો વિકલ્પ ને સતત પરિણતિ હોય, એની ભાષામાં એ જ વાત વિશેષપણે અતિ રસથી સહેજે આવે એવું જ બને. જેને જે રુચતો વિષય હોય તે વાત જ્યારે કહે ત્યારે એની રુચિ વધારે જોર કરે. એ ભાવનો આવિર્ભાવ કરવાનું નિમિત્ત છે કથને છે એ, એટલે કહેનારને અને સાંભળનારને સ્વરૂપની જે કથની છે એ સ્વરૂપરસ ઊપજાવવાનું નિમિત્ત થાય છે. શાસ્ત્ર પણ સ્વરૂપરસ ઊપજવાનું ત્યાં નિમિત્ત થાય છે. એ રીતે શાસ્ત્ર વાંચનની શ્રવણની યથાર્થ પદ્ધતિ છે, એ સિવાયની પદ્ધતિ યથાર્થતાને પામતી નથી એમ વિચારવા યોગ્ય છે. (અહીં સુધી રાખીએ...)

## તા. ૨૬-૪-૧૯૮૬, પાના નં. ૬, પ્રવચન નં. ૪

પાનું-૬. 'ગુરુ અધિકાર'. ગુરુ કોને કહેવા તેનું લક્ષણ બાંધ્યું છે, ગુરુની વાણી ઉપરથી. અહીંયાં જે ગુરુનું લક્ષણ બાંધ્યું છે એમાં વાણીથી કહ્યું છે પણ જેવી ગુરુની પરિણતિ છે તેવી ગુરુની વાણી છે. તદ્‌નુસાર ગુરુની વાણી છે એમ કહેવા ધારે છે.

શ્લોકનો અર્થ છે. **'જીવનું નિજસ્વરુપ જે છે તે વીતરાગ છે એમ વારંવાર જે કહે તે જ ગુરુપદવીએ સદા શોભે છે, (તેને જ ગુરુની પદવી સદા શોભે છે).'** શું કહે છે? રાગ રહિત આત્માનું શુદ્ધ સ્વરૂપ જેઓ વારંવાર દર્શાવે, વારંવાર બતાવે તેને ગુરુ કહીએ. અથવા જેને શુદ્ધાત્માનો બોધ થયો હોય અને જે શુદ્ધાત્માને પોતાની વાણીમાં દર્શાવે છે એને ગુરુ કહેવામાં આવે છે.

જૈન આમ્નાયમાં તો, સનાતન જૈન આમ્નાયમાં તો, દિગંબર, શ્વેતાંબર તો ભેદ અત્યારે છે, પણ જે સનાતન જૈન આમ્નાય છે, એમાં તો જેઓ ક્ષણે ક્ષણે શુદ્ધાત્માનો અનુભવ કરે છે એવી જેની મૂળ દશા છે, એવી જેની અધ્યાત્મ દશા છે, કે જે ક્ષણે ક્ષણે શુદ્ધાત્માનો સ્પર્શ કરે છે, શુદ્ધાત્માનો અનુભવ કરે છે, શુદ્ધાત્માનું વેદન કરે છે, એવી જેની અંતરંગ દશા છે અને બાહ્ય દશામાં જેઓ અઠ્યાવીસ મૂળગુણ અને પંચ મહાવ્રત આદિ પાળે છે એવા જે નગ્ન દશાધારી, જેને 'પ્રવચનસાર'માં એમ કહ્યું છે કે, જેવી રીતે બાળકનો જન્મ થાય છે એવી દશા જેના દેહની છે, નિર્વસ્ત્ર દશા છે. અથવા બહારમાં જેનું નિર્વિકારપણું પ્રસિદ્ધ છે. અંતરંગમાં વીતરાગી નિર્વિકારી દશાને જેણે ધારણ કરી છે અને બહારમાં પણ જેઓ નિર્વિકાર દશામાં પ્રસિદ્ધ છે એવા અંતર બાહ્ય શુદ્ધાત્માની દશાને પ્રાપ્ત જે છે એ ગુરુપદવીએ શોભે છે.

અત્યારે આ કાળમાં કેટલું તીર્થંકર કેવળીઓનો અભાવ થયો પણ આવા આચાર્ય ને સાધુઓનો પણ અભાવ જોઈને 'શ્રીમદ્‌જી'એ હવે ગુરુ તરીકે કોનો બોધ, શુદ્ધાત્માનો કોનો બોધ આત્માને ઉપકારી થઈ પડે એ વિષય વધારે સ્પષ્ટ કર્યો. અને તેમણે 'આત્મસિદ્ધિ'માં એ વાત લીધી કે, 'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું તે સાચા ગુરુ જોય' કુળધર્મના વેશધારી ગુરુને ગુરુ સ્વીકારવા કરતાં કોઈપણ આત્મજ્ઞાની સત્પુરુષ મળે તો તેની પાસેથી શુદ્ધાત્માનો બોધ ગ્રહણ કરવો. એવી એક શિક્ષા, એવું એક માર્ગદર્શન

એમણે આપ્યું છે. વર્તમાન કાળમાં ઉપરના ગુણસ્થાનવર્તી મહાત્માઓનો અભાવ જોઈને એક સ્થાન જે બાકી રહી ગયું હતું તે એમણે 'આત્મસિદ્ધિ' માં પ્રકાશિત કર્યું.

એમાં પણ એ વાત-લક્ષણ આવે છે કે, જેને પોતાના શુદ્ધાત્મ સ્વરૂપનો અપૂર્વ મહિમા આવીને જેને શુદ્ધાત્મરસ પ્રગટ થયો, અનુભવ થયો, તેઓ પણ વાણીમાં શુદ્ધાત્માને જ વારંવાર દર્શાવે છે. જેમ છઠ્ઠા, સાતમા ગુણસ્થાનવર્તી સંત ભાવલિંગી મુનિ શુદ્ધાત્માને જ વારંવાર દર્શાવે, તેમ સત્પુરુષ પણ મુખ્યપણે વારંવાર અથવા મુખ્યપણે શુદ્ધાત્માને જ દર્શાવવા માટે, એને જ બતાવવા માટે એમની વાણી મુખ્યપણે પ્રવર્તશે અને એમની વાણીના નિમિત્ત બીજાને પણ એવું આત્મજ્ઞાન પ્રગટ થઈને ભવભ્રમણનો અંત આવી શકવા યોગ્ય છે, એમ જાણીને 'શ્રીમદ્જી'એ એ વાત નાખી. એટલે લક્ષણમાં બન્નેનું સામ્યપણું લીધું.

વારંવાર વીતરાગ સ્વભાવી શુદ્ધાત્માનું સ્વરૂપ જે કહે તે જ ગુરુપદવીએ સદા શોભે છે. એટલે કે તેનો બોધ અંગીકાર કરવા યોગ્ય છે. એ જ એક જીવને પ્રયોજનભૂત વિષય છે. પોતાનું શુદ્ધાત્મ સ્વરૂપ, પોતાનું નિજ પરમપદ એ એક જ પોતાને પ્રયોજનભૂત વિષય છે. બાકીનો વિષય બધો જાણવાનો છે. બધા પડખા જાણવાના છે, બધો વિષય જાણવાનો છે. આશ્રયસ્થાન હોય અથવા જેનાથી પોતે અનાદિથી અજાણ્યો રહ્યો હોય તો એક પોતાનું મૂળ સ્વરૂપ છે.

ભાવાર્થ :- '**જેઓ અઠ્ઠાવીશ મૂલગુણ, બાવીશ પરિષહ, પંચાચાર...**' એટલે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, વીર્યાચાર અને તપાસાર એવા પાંચ પ્રકારના બાહ્યાચાર '**આદિથી માંડીને બિરાજમાન છે,...**' આ બહારની દશા લીધી. જેઓ અઠ્ઠાવીશ મૂલગુણ એ પણ બહારની વાત છે. બાવીશ પરિષહ પણ બહારમાં છે અને પંચાચાર છે એ વ્યવહાર પંચાચાર, જ્ઞાનાચાર, દર્શનાચાર વગેરે છે. એ આદિથી માંડીને બિરાજમાન છે. એ ઉપરાંત જેમને બહારમાં પરમાણુમાત્ર બાહ્ય પરિગ્રહ નથી. બહારમાં પણ એને તિલતુષમાત્ર કોઈપણ પ્રકારનો પરિગ્રહ હોતો નથી.

'**અને અંતરંગમાં પણ પરમાણુમાત્ર પરિગ્રહની ઈચ્છા નથી,...**' જેને પોતાની બહારમાં અનુકૂળતા કે ઈચ્છા જેવું કાંઈ રહ્યું નથી. આમ હોય તો ઠીક એવું જેને રહ્યું નથી. '**પરમાણુમાત્ર પરિગ્રહની ઈચ્છા નથી, જેઓ અનેક ઉદાસીન ભાવસહિત બિરાજમાન છે...**' અને જેઓ ઉદાસીનતાની મૂર્તિ છે. જગતથી જેણે પોતાનું મુખ ફેરવી લીધું છે, જગતથી ઉપેક્ષિત છે. જગતના કોઈ કાર્યના પ્રપંચમાં જેઓ પડતા જ નથી. પછી એ બહારમાં પ્રભાવનાનું કાર્ય હોય તોપણ કોઈ જવાબદારી માથે લેતા નથી. રોજ તમારે આઠ થી નવ પ્રવચન આપવું કે કેમ, એવું મુનિને બંધન

હોતું નથી. ત્યાંથી માંડીને પ્રચાર કરવો એટલે આદેશ આપવો, એ અંગેનો નિષેધ કરવો આમ કરવું ને આમ ન કરવું એ કોઈ પ્રકાર મુનિદશામાં હોતો નથી. એથી માંડીને કોઈ વ્યવસ્થા ધાર્મિક કાર્યોની, બાહ્ય કાર્યોની કોઈ વ્યવસ્થા મુનિ સંભાળે એવી મુનિની અપેક્ષાવાળી, દીનતાવાળી દશા મુનિદશામાં હોતી નથી. આમ તો મુનિરાજ કહેવામાં આવે છે. જેમ રાજાને કોઈની દીનતા ન હોય, એમ મુનિને કોઈની દીનતા હોય નહિ. કોઈ રાજા, શેઠ ફલાણું આમ કરી દ્યો, આમ કરો, તમે આમ કરો ને આમ નહિ કરો એવો આદેશ કદી આપતા નથી.

'**અનેક ઉદાસીન ભાવસહિત બિરાજમાન છે...**' ઉદાસીનતાની મૂર્તિ છે, વૈરાગ્યની જે મૂર્તિ છે એવા બહારમાં પણ જેમની ઉદાસીનતા પ્રસિદ્ધ છે, ઉદાસીન ભાવ જેનો પ્રસિદ્ધ છે. એ રીતે જે બિરાજમાન છે. એ બાહ્ય દશાની વાત લીધી છે. અહીં સુધી બાહ્ય દશાની વાત લીધી છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનને બાધા આવે એવા કોઈ પરિષહ આવે ખરા? રાજાના ભયથી કે કોઈ...

પૂજ્ય ભાઈશ્રી :- કોઈનો ભય એમને હોતો જ નથી. રાજાનો કે કોઈનો ભય એમને મુનિને ભય હોતો નથી. નિર્ભય દશા એમની થઈ ગઈ છે. મુનિને કોઈ ભય હોતો નથી. રાજાનો શું કે કોઈનો જગતના કોઈ પ્રાણીનો એમને ભય હોતો નથી. ચક્રવર્તી વંદન કરવા આવે તોપણ અપેક્ષવૃત્તિએ સામું જોતા નથી કે કોઈ રાજા ઉપસર્ગ આપે તોપણ એ પોતાના સ્વરૂપધ્યાનમાં જ મસ્ત રહે છે. સ્વરૂપને જ વળગીને એના પરિણામ રહે છે, ઉપેક્ષા કરે છે. ઊલટાના તે કાળમાં એમનો પુરુષાર્થ સવિશેષપણે સહેજે ઉગ્ર થઈ જાય છે. પણ એમને ભયથી કોઈ એમના દર્શન, જ્ઞાન, ચારિત્રમાં બાધા આવે એવું કાંઈ બનતું નથી. સમ્યગ્દર્શનમાં બાધા આવે એ તો સવાલ નથી પણ ચારિત્રમાં પણ બાધા ન આવે. ચારિત્રમોહ હજી કિંચિત્ વર્તે છે પણ મુનિદશા કે જે ત્રણ કષાયનો અભાવ થઈ ગયો છે અને જેમને માત્ર સંજ્વલન કષાય વર્તે છે, એવા અત્યંત મંદ કષાયમાં તેઓ રહે છે. જરા પણ પોતાના ચારિત્રના સ્થાનેથી પણ એ વિચિલીત થતા નથી. એ બાહ્યનું માપ તો દેખાડવા માટે છે.

'દેહ જાય પણ માયા થાય ન રોમમાં' 'શ્રીમદ્જી'એ કેવી ભાવના લીધી છે! હું મુનિ થાઉં તો હું કેવો મુનિ થાઉં? અથવા કેવો મુનિ દશાનો અવસર મને પ્રાપ્ત થાઓ, એવી ભાવના ભાવી છે. આ દેહ જાય તોપણ એને દેહને બચાવવા માટે તિલતુષમાત્ર માયા એક રોમમાં પણ માયા મને ન થાય. 'વંદે ચક્રી તથાપિ ન મળે માને જો'. કોઈપણ પ્રકારના લોભ કે ગમે તેટલી રિદ્ધિ-સિદ્ધિ પ્રગટ થઈ હોય તોપણ

એ રિદ્ધિ-સિદ્ધિનો પ્રયોગ કરવાનો લોભ મુનિદશામાં મને ન હો. એવી બધી ભાવના લીધી છે.

એમને બહારમાં બાવીશ પ્રકારના પરિષહ છે. એમની દશામાં બાવીશે પ્રકારના પરિષહનો જય વર્તે છે. પરિષહ જય છે એમને. પરિષહ છે એનો અર્થ એમ નથી કે, પરિષહ ઉત્પન્ન થાય ત્યારે એમને દુઃખ અને આર્તધ્યાન થાય છે મુનિને, એમ હોતું નથી. પરંતુ એમને પરિષહ જય વર્તે છે. એટલે કોઈપણ પ્રકારના પરિષહથી એમની વૃત્તિમાં, પરિણતિમાં વિચલીતપણું જરાપણ આવતું નથી. ત્યારે પણ એ એક Secondમાં શુદ્ધોપયોગમાં આવી જાય છે. પ્રતિ Second એ શુદ્ધોપયોગમાં પ્રતિક્ષણે આવી જાય છે અને અંદરમાં ચૈતન્યપિંડ આખો ચૈતન્યગોળો જુદો પડી જાય છે. બહારમાં શું થાય છે તે ક્ષણે તેમને કાંઈ ખબર રહેતી નથી.

બહારમાં એવો પ્રસંગ બને,જંગલમાં ધ્યાન કરતા હોય ને દાવાનળ લાગે. ચારે બાજુ ભડાભડ અગ્નિ સળગતો હોય. મોટી અગ્નિની જ્વાળાઓ અને એની ઉષ્ણતાઓ ઈન્દ્રિયજ્ઞાનથી છઠ્ઠે ગુણસ્થાને ખ્યાલમાં આવે એવું સ્પષ્ટ હોય તોપણ એ પોતાના દેહને બચાવવા માટે ધ્યાન દશાનું સ્થાન છોડે કે ધ્યાન છોડે એવું મુનિદશામાં બનતું નથી. બચાવવા માટે એ ખસી જાય ત્યાંથી કે અહીંથી એક કેડી દેખાય છે ત્યાંથી બહાર નીકળ્યા એવું છે બાકી ચારે બાજુ સળગે છે માટે ત્યાંથી નીકળી જાઉં, એવું મુનિ વિચારતા નથી. એને વિકલ્પ જ ન આવે. એ સીધા અંદરમાં ડુબકી મારી દે છે અને નિર્વિકલ્પ શાંતિમાં અને નિર્વિકલ્પ આનંદની મોજમાં ઉતરી જાય છે. આનંદના દરિયામાં અંદર ઉતરી જાય છે. બહારની ઉષ્ણતા એમને કાંઈ ખ્યાલમાં પણ રહેતી નથી. એ વખતે બહારમાં અગ્નિ છે ને ઉષ્ણતા છે એ ખ્યાલ હોતો નથી, રહેતો જ નથી. એવી દશામાં મુનિ હોય છે.

મુમુક્ષુ :- ગમે તે સ્થિતીની અંદર એ પોતામાં મસ્ત જ રહે છે, ગમે તે થાય ...

પૂજ્ય ભાઈશ્રી : કોઈપણ સ્થિતિમાં. આ લોકોએ તો ભગવાન પાસે દવા મગાવડાવી. પણ એવી દીનતા મુનિ પણ ન કરે. યાચકવૃત્તિ તો મુનિને પણ ન હોય. મુનિશ્વર એવા, મુનિન્દ્ર એવા અરિહંતને હોય એ તો પ્રશ્ન જ રહેતો નથી. એ તો બધા મુનિઓના ઈન્દ્ર છે. મુનિઓમાં સર્વશ્રેષ્ઠ છે. ત્યારે અરિહંત દશાને પ્રાપ્ત થયા છે. એટલે કોઈ પણ પ્રતિકૂળતાની દશામાં તે પ્રતિકૂળતા સંબંધી વિકલ્પ કરવો કે, તે પ્રતિકૂળતા દૂર થાય તો ઠીક, દૂર કરું એ નહિ, દૂર થાય તો ઠીક, તો મને અનુકૂળતા રહે, એ મુનિદશામાં વાત નથી. કેમકે એને અનુકૂળતા અને પ્રતિકૂળતા સરખી છે

એવો સમભાવ પ્રગટ્યો છે. જો એ પ્રતિકૂળતાને દૂર કરવાનો વિચાર કરે તો એનો સમભાવ ક્યાં રહ્યો? એ તો ચારિત્રની દશા છે. ચારિત્રની દશામાં સમ ચારિત્ર થયું છે, મોહ ક્ષોભ રહિત શુદ્ધાત્માના પરિણામ થયા છે, સ્થિર પરિણામ થયા છે, એ વાત ક્યાં રહી? એ વાત રહેતી નથી.

મુમુક્ષુ :- 'ધરસેનાચાર્યદેવ' જેવા સમર્થ મુનિ સ્મૃતિમાં બધું જ હતું.

પૂજ્ય ભાઈશ્રી :- ધર્મની રક્ષા કરવા જતાં પોતે અધર્મને પામે એનું શું? ધર્મની રક્ષા પોતામાં કરી ને પછી બીજાની કરે કે પોતામાં તોડીને બીજાની કરે? કેવી રીતે કરવી? પોતે અધર્મ ભાવને પામે, પોતે દોષિત ભાવને પ્રાપ્ત થઈને બીજાને બીજાને ધર્મ પમાડે? કૂવામાં જ ન હોય તો અવેડામાં આવે ક્યાંથી?

મુમુક્ષુ :- બીજા પાસે તો એવું ધ્યાન જ નથી. એમની પાસે હતું.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એ વિવેક નથી. પોતાના શુદ્ધાત્માને દોષથી બચાવવો તે એકમાત્ર વિવેક છે. એ પારમાર્થિક વિવેક છે, એ સાચો વિવેક છે. તેમાં અવિવેક ઉત્પન્ન કરે અને વ્યવહારનો વિવેક કરે એ વાત જૈનનીતિમાં બંધબેસતી નથી. જૈનનીતિમાં એ વાત બંધબેસતી નથી. જો એ સિદ્ધાંતને અનુસરવામાં આવે તો બીજા ઘણા અનર્થ ઉત્પન્ન થાય. તો બીજા ઘણા અનર્થ ઉત્પન્ન થાય. પણ એ વાત કોઈ રીતે બંધબેસતી નથી. એવી વાત છે.

બહારમાં પોતાની સ્મૃતિ છે ને બીજાને એ સ્મૃતિ અનુસાર જ્ઞાન આપશે એટલે ધર્મ ટકી રહેશે એવો કોઈ નિયમ નથી. બીજાનું ક્યારે પરિણામ શું થશે એ પોતાને આધીન છે કાંઈ? પહેલી વાત એ છે કે, પોતે ધર્મથી વિચલીત ન થાય. મુડી હોય, ધર્મની સંપત્તિ હોય, ગુણ સંપત્તિ પ્રગટ થય હોય તો એનો વેપાર થાય, એનો ઉપયોગ થાય. પણ એ ગુમાવી દીધા પછી તો વેપાર કરે કે ન કરે? એના જેવી વાત છે. મુડી ન હોય અને મુડીનો ઉપયોગ કરે કે ન કરે? પણ મુડી જ નથી પછી મુડીના ઉપયોગનો ક્યાં સવાલ છે. ધર્મથી ચ્યુત થઈ જાય અને સ્મૃતિજ્ઞાન રહે તો એ સ્મૃતિજ્ઞાન યથાર્થ રહેશે એની કોઈ ખાત્રી છે? મિથ્યાદષ્ટિ થઈ જાય, કલ્પના થઈ જાય અને કલ્પિત જ્ઞાનનો ઉપદેશ દઈ દે. પહેલા તો એ પોતાની સમ્યક્ દશામાં રહે. એ મૂળ વાત છે. એમાં રહેતા જે કાંઈ બહારમાં થવું હોય તે થાય. તો તો એણે સમાજની જવાબદારી માથે લઈ લીધી. તો એણે સમાજની જવાબદારી માથે લઈ લીધી કે આ સમાજમાં ધર્મ ચાલુ રહે એના માટે મારે ભલે મુનિ દશામાંથી વિચલીત થવું પડે. એને સમ્યગ્દર્શન પણ રહેશે નહિ. અભિપ્રાય જૂઠો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જરાક જેવું બહાર જાવું છે કે આખેઆખું બહાર જાવુ છે?

મુમુક્ષુ :- પછી જે થવું હોય તે થાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ આત્મામાંથી નીકળી જવાનું થાય પાછુ એનું શું? એ પોતાના પરિણામમાં સ્વરૂપનું ધ્યાન ધરીને કેમ પરમાત્માનો આશ્રય ન કરે? અથવા પરમાત્મપદનો આશ્રય કરીને પોતાને કેમ બચાવે નહિ? અને બાહ્ય ક્ષેત્રનો આશ્રય લઈને દેહને બચાવે. એટલું દેહનું મમત્વ હોય ત્યાં મુનિદશા હોય નહિ. આ સીધી વાત છે. મુનિને દેહનું મમત્વ નથી. એવી જેમની વિદેહી દશા હોય છે એ મુનિ છે. એમ વાત છે ખરેખર તો. જેને સંયોગમાં દેહ છે એ ભૂલી જવાનું બને છે. જેની આત્મરમણતા એવી અલૌકિક છે, જેની આત્મામય દશા એવી છે કે જે દેહને ભૂલી જાય છે. બાજુમાં દેહ છે કે કેમ એ ભૂલી જાય છે. એને એ બચાવવાની સાવધાનીનો પ્રશ્ન રહેતો નથી. જો એ સાવધાની આવે તો આત્માને ભૂલી જાય. એમ છે. એવી મુનિદશા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી : ભાઈ એમ કહે છે કે, સામે રસ્તો ચોખ્ખો દેખાય છે ને જરાક જેટલું એટલું કરી લ્યે તો શું વાંધો આવે? ચારેય બાજુ અગ્નિ છે અને એક બાજુ થોડોક રસ્તો છે. એક થોડાક ડગલા બહાર નીકળી જાય પછી એમને વાંધો આવે એવું નથી. એટલું કરી લે તો જરાક એટલું કરે એમાં શું વાંધો આવે? એમાં ઘણો વાંધો આવે. તો તો પછી એમ કહો તમે કે મુનિને અઠ્યાવીશ મૂળગુણમાં એકવાર ઊભા ઊભા કરપાત્રમાં આહાર હોય. હવે કદાચ દસ-બાર કલાક પછી ભૂખ લાગે ને એક જરાક લઈ લે તો શું વાંધો? પછી ધ્યાન તો સરખું થાય. આખી રાત નહિતર હેરાન થવું પડે. બાર વાગે આહાર કર્યો ને દસ કલાકે રાત્રે દસ વાગે થોડી ભૂખ જરાક જોરદાર લાગી ગઈ, જરાક લઈ લે તો શું વાંધો? થોડુંક લઈ લે તો? જરાક નહિ? જરાકમાં શું વાંધો? એ જરાક નથી. એ પૂરેપૂરું ચ્યુત થવાનું થાય છે. જરાકનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આહારનો તો સવાલ નથી પણ તૃષા લાગી હોય, આહાર માણસ ન લે દિવસ, બે દિવસ, ચાર દિવસ તો કાંઈ પ્રાણ છૂટતા નથી. ઘણા દિવસો સુધી આહાર વગર દેહ ટકે છે. કેમકે એ તો આહાર લીધો હોય એનું પણ અમુક બળ શરીરબળ અમુક દિવસો સુધી વર્ત્યા કરે છે. પંદર-વીસ દિવસ તો સામાન્ય છે. પણ પાણી તો એવી ચીજ છે માણસને પાણી શરીરમાં ખૂટે તો પ્રાણ ત્યાગ

થાય. પણ પ્રાણ જાય તોપણ પાણીનું એક બિંદુ ગ્રહણ કરે નહિ, એક ટીપુ ન લે. કમંડળમાં પાણી હોય તોય? હોય છે. એ પાણીનું એક ટીપું પણ પ્રાણ જાય તોપણ ન લે અને એ જ એમની સ્થિરતા છે, એ જ એમનું ચારિત્ર છે કે એમને એ વિકલ્પ સુદ્ધા હોતો નથી. એમ નથી કે વિકલ્પ આવે છે અને દમન કરે છે. એમ પણ નથી.

વિકલ્પ આવે. જો તૃષા લાગે તો વિકલ્પ આવે કે તૃષા લાગી છે એવો. પાણીનો એવો વિકલ્પ ન આવે. તૃષાનો ખ્યાલ આવે કે, તૃષા તીવ્ર લાગી છે. પણ ત્યાં પાણી પીવાનો વિકલ્પ નથી. તેમ પાણી નહિ પીવાનો હઠનો પ્રયોગ નથી, દમન નથી. પણ એ ઉપશમન છે, એ વૃત્તિનું શમન છે ત્યાં. દમન જુદી વાત છે અને શમન જુદી વાત છે. દમન કરે છે એ હઠથી દમન કરે છે. એ કોઈ સહજ દશા નથી કૃત્રિમ વાત છે. મુનિને તો પોતાના સ્વરૂપમાં લીન થવાથી એ વૃત્તિ છૂટી જાય. ઉપશમન થઈ જાય છે એટલે છૂટી જાય છે. પછી એ વારંવાર વૃત્તિ આવે ને એને દમન કરવું પડે એ પ્રકાર મુનિ દશામાં આવતો નથી.

મુમુક્ષુ :- બીજા કોઈ ધર્મના નામે મુનિ ...

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ કોઈ પ્રકારનો ફેરફાર, કોઈ બાહ્ય કારણથી મુનિ દશામાં પોતાના અઠ્યાવીશ મૂળગુણમાંથી જરા પણ ફેરફાર કરવાનો પ્રશ્ન રહેતો નથી. દેશ, કાળ નહિ ને કાંઈ નહિ ને કોઈ ચીજ નહિ. એ પોતાના અંતરમાં પોતાની શુદ્ધાત્માને આશ્રિત ક્ષણ ક્ષણવર્તી શુદ્ધોપયોગની દશા છઠ્ઠા ગુણસ્થાનમાં એટલી જ મજબૂત અધ્યાત્મ પરિણતિ કે ક્ષણમાત્ર ઉપયોગમાં આવી જાય અને જે થોડો વિકલ્પ રહે એમાં અઠ્યાવીશ મૂળગુણની મર્યાદા. એથી બહાર જવાની કોઈ ભોગે, કોઈ કિંમત ઉપર, કોઈ શરત ઉપર, કોઈ પ્રસંગ ઉપર આખું જગત ઉથલપાથલ થઈ જાય તોપણ નહિ. થોડું જાજુ નહિ પણ આખા જગતની ઉથલપાથલ થઈ જાય ત્રણે લોકમાં તોપણ એમાં ફેરફાર કરવાની વાત નહિ. એવી સ્થિર ચારિત્રની દશા હોય છે.

મુમુક્ષુ :- હિંમત ભાંગી જાય કે આ ક્યાં સુધી ....

પૂજ્ય ભાઈશ્રી :- હિંમત ભાંગી જાય નહિ, એવી દશાની ભાવના થાય છે. એવી દશા જેને પ્રાપ્ત નથી એવા ચતુર્થ ગુણસ્થાનવર્તી, પંચમ ગુણસ્થાનવર્તી સાધકો અને મોક્ષમાર્ગમાં આવવાવાળા, મોક્ષમાર્ગના પ્રેમી મુમુક્ષુઓને, મુમુક્ષુઓને પણ એની ભાવના થાય છે કે, આવી સ્થિર દશા, આવી મજબૂત દશા, આવી આત્મરમણતાની દશા મને ક્યારે પ્રગટ થાઓ!

મુમુક્ષુ :- ગજા વગરનું લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ગજા વગરનું ભલે છે પણ ભાવના તો છે. ભલે પોતે કરોડપતિ, અબજપતિ નથી પણ ભાવના રાખે છે કે નહિ? કે, મને આવું હોય તો સારું.

મુમુક્ષુ :- પોતાના માપ પ્રમાણે....

પૂજ્ય ભાઈશ્રી :- પ્રવૃત્તિ માપ પ્રમાણે કરે. પણ ભાવના તો રાખે કે, મને પણ આવું હોય, બીજાનું ભાળીને એને મન તો થઈ જાય કે ન થઈ જાય? કે આવું મને હોય તો સારું. એમ આત્માનો વૈભવ છે એવી શુદ્ધ નિર્વિકારી દશા છે, પવિત્ર દશા છે, અનંત શાંતિની ને આનંદની પ્રચૂર સ્વસંવેદનની દશા છે એની ભાવના મુમુક્ષુઓને અને જ્ઞાનીને આવે છે. એ દશાના એ અભિલાષી છે એટલે એમને એવી ભાવના આવે જ છે. એમ છે.

મુમુક્ષુ :- અપૂર્વ અવસરમાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'શ્રીમદ્જી'એ ભાવી જ છે ને.

મુમુક્ષુ :- ...યાચકપણું મુનિના ગુણ તરીકે લીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો અવગુણ જ પકડવો પડે ને. શું થાય? છળ પકડવામાં શું થાય?

મુમુક્ષુ :- કારણ કે કરોડપતિ હતાને ઈ સાધુ થઈ ગયા. તો ગરીબને ન્યાં વ્હોરવા જતાં એને નાનપ જેવું નથી લાગતું. એવી રીતે એ ગુણને...

પૂજ્ય ભાઈશ્રી :- ગરીબને ત્યાં આહાર લેવામાં નાનપ નથી પણ યાચકવૃત્તિએ તો કોઈને ત્યાં નહિ. રાજાને ત્યાં આહારનો પ્રસંગ હોય કે ગરીબને ત્યાં આહારનો પ્રસંગ હોય, મુનિને બધા સરખા છે. મુનિ તો સમદૃષ્ટિ છે, એને કોઈ ઊંચો-નીચો નથી. ચક્રવર્તી નમે તો એ કાંઈ મહારાજા નમવા આવ્યા એવું કાંઈ એને નથી. એને બધા સરખા છે, એને પોતાના કુટુંબના પરિવારના નમે તો '**આ મારા કુટુંબી છે**', એ પણ નથી એને. મારાપણું જ ચાલ્યું ગયું છે, મમત્વ જ ગયું છે. એ પ્રશ્ન નથી. પણ યાચકવૃત્તિએ નહિ. યાચકવૃત્તિ જુદી વસ્તુ છે. યાચક વૃત્તિ તો એક....

યાચકવૃત્તિએ તમે તમારી નમ્રતા ખાતર બીજાને અનુકૂળ છે કે નહિ એનો વિચાર તો કરવો પડશે કે નહિ કરવો પડે? કોઈને ત્યાં આહારની યાચના કરવા ગયા. એ પણ એને આહાર દેવાની અનુકૂળતા છે કે નહિ એનું શું? એનો કાંઈ વિચાર કરવાનો કે નહિ કરવાનો? એમાં તો ઘણી ગડબડ ઊભી થાય એવું છે. પણ શું છે કે જે પ્રણાલિકા હોય એ દોષમાં ન ખતવાય એટલે કોઈને કોઈ છળ પકડવામાં આવે છે. એ તો દરેક વાતની બે બાજુ ઊભી કરી શકાય છે. તર્કથી અને કલ્પનાથી, કુતર્કથી, ન્યાય નહિ. ન્યાય જુદી વસ્તુ છે, કુતર્ક જુદી વસ્તુ છે. કોઈપણ કુતર્કથી ગમે તે

વાતને ખેંચી નાખે ન્યાયમાં, લઈ જાય ન્યાયમાં. એ રીતે કાંઈ ન્યાય ન થાય. અને પરિસ્થિતિ બગડી છે કે સુધરી છે? ફેરફાર કરતા પરિસ્થિતિ (સુધરી છે?) કોઈ એમ કહે કે મૂળગુણ આમ છે. હવે આમાં એટલો ફેરફાર કરો. પરિસ્થિતિ બગડી કે સુધરી? એ સમજાવવું પડે એવું નથી કે પરિસ્થિતિ બગડી. બગડે જ બગડે. કેમકે અવગુણથી લાભ થવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

જે છેતાલીસ દોષ રહિત આહાર છે એમાં આ પણ વાત છે. મુનિ તો ગુરુપદવીએ છે અને ગુરુપદવીએ હોય તેને ભક્તિ સહિત આહાર દાન હોય. નવધા ભક્તિ સહિત. ગુરુપદવીએ છે એ તો એક લોકોત્તર પદવી છે. જગતમાં એનાથી કોઈ ઊંચી પદવી નથી. રાજા મહારાજા, અરે! મનુષ્ય લોક નહિ, ઈન્દ્રની પદવી એનાથી નીચી છે. ઈન્દ્ર આવીને એને નમસ્કાર કરે છે. એ લાંબો હાથ કરે, વાત પૂરી થઈ જાય તો તો. ણમો લોએ સવ સાહૂણં. ગણધર ભગવાન જેને નમસ્કાર કરે એ કોઈ પામર પ્રાણી નથી. એ કોઈ સાધારણ પ્રાણી નથી કે એની વૃત્તિ યાચક થાય. એવું તો બની શકતું નથી.

‘**જેઓ અનેક ઉદાસીન ભાવસહિત બિરાજમાન છે**’ બહારમાં તો જેની આવી દશા છે અને અંતરંગમાં ‘**જે નિજજાતિરૂપનું સાધન કરે છે,...**’ પોતાનું જે મૂળ પરમપદ નિજજાતિ પરમેશ્વરપદ, એનું સાધન એટલે એની સાધના કરે છે. એનું આરાધન કરે છે. સાધન કરે છે એટલે આરાધન કરે છે. એટલે અભેદ થઈને સ્વસંવેદનમાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રથી એમાં લીન રહે છે. ‘**સાવધાન થઈને સમાધિમાં વ્યાપ્ત થાય છે (લીન થાય છે).**’ સ્વરૂપમાં સાવધાન થઈને બધેથી ઉપયોગને અને વૃત્તિને સમેટી લઈને પોતાના નિજ પરમપદમાં જે લીન થાય છે, એકાગ્ર થાય છે, સમ પરિણામે જેઓ સ્થિર થાય છે એને સમાધિ કહેવામાં આવે છે. આધિ, વ્યાધિ, ઉપાધિ છોડીને સ્વરૂપ લીનતાને પ્રાપ્ત થાય છે તે સમાધિમાં વ્યાપ્ત થાય છે. વ્યાપ્ય વ્યાપકભાવે પોતાના સર્વ પ્રદેશોમાં વ્યાપ્ય વ્યાપકભાવે પરિણામની રમણતા થાય. એ રીતે ‘**(લીન થાય છે).**’

‘**જેણે સંસારથી ઉપરાંવટા પરિણામ કર્યા છે (ઉદાસીન, પરાંગમુખ) પરિણામ કર્યા છે...**’ જેને સંસારના કોઈ પણ પ્રસંગ ઉપર સાવધાની નથી. તમામ-આખા જગતથી જે ઉદાસ થઈ ગયા છે. લોકોને જગતની પણ પોતાના માનેલા જગતની પડી હોય છે. બાકી તો કોણ કોને ઓળખે છે. પણ પોતાના જે પરિચીત છે એની એ એનું જગત છે. એ આખા જગતથી એ ઉદાસીન થઈ ગયા છે. ત્યાં ફેરફાર થાય તો એના પરિણામમાં ગડબડ થવા મંડે છે. મુનિ તો બિલકુલ ઉદાસીન થયા

છે. એને કાગળ લખવા ને લખાવવા ને એ પરિસ્થિતિ હોય શકતી નથી. ઉદાસીન છે એ તો. આને આમ કહેજો ને આને આમ કહેજો ને આને આમ. અત્યારે તો બહુ ગડબડ છે. Meeting ભરાવે ને Meeting ની અંદર પક્ષા-પક્ષી કરાવે ને ઘણી બધી ગડબડ છે અત્યારે તો. ફલાણાના હાથમાં વહીવટ રહે તો સારું ને એની અંદર તમે હાજરી આપજો. મહારાજ સાહેબે ખાસ લખાવ્યું છે. આ બધા કાગળ વાંચેલા છે, હોં! એ કોઈ મુનિદશામાં એવી વાત સંભવતી નથી.

જે આખા જગતને, આખા જગતથી મુખ ફેરવીને કેવળ એક આત્મનાનું હિત કરવા, આત્માનું આરાધન કરવા નીકળી પડ્યા એને જગતની સાથે પછી કોઈ અપેક્ષા રહેતી નથી. એટલે તો મુનિ આહાર માટે જંગલમાંથી નગરમાં આવે તોપણ એની વૈરાગ્યવૃત્તિ વિશેષ ઉગ્ર થાય તો પાછા વળી જાય. આહાર માટે નીકળ્યા માટે આહાર લઈને જ પાછા આવે એવો કાંઈ નિયમ નથી. ઊલટાનો આહાર ન મળે એવા અભિગ્રહ પણ ધારણ કરે અને એ રીતે વૈરાગ્ય વધારીને પણ પાછા ચાલ્યા જાય. એમ હોય છે. અપેક્ષા નથી. ઊપેક્ષા કેમ કરવી એ અંદરમાં પરિણામ છે. આહારની વૃત્તિ ઉઠી છે તોપણ કેમ પાછા વળવું એ એનો પુરુષાર્થ છે. એમાં કેમ જોડાઈ જાવું એમ પુરુષાર્થમાં નથી પણ કેમ ત્યાંથી પાછા વળવું એ પુરુષાર્થ છે.

**'જેણે સંસારથી ઉપરાંવટા (ઉદાસીન, પરાંગમુખ) પરિણામ કર્યા છે એવા જે જૈનના સાધુ છે,...'** એવા જૈન સાધુ એવા હોય છે. જૈન એટલે જેણે જીત્યું છે. હારે છે એની વાત નથી અહીંયાં. જીતે છે એની વાત છે. **'એવા જે જૈનના સાધુ છે, તેઓ મનને સ્થિર કરીને...'** ઉપયોગને સ્થિર કરીને **'પોતાને તો વીતરાગરૂપ અનુભવે છે...'** સ્થિર ઉપયોગે જેવું પોતાનું પરિપૂર્ણ વીતરાગ સ્વરૂપ છે એનો અંદરમાં અંતર્મુખ થઈને, લીન થઈને એનો અનુભ કરે છે. હું તો બસ, આવો જ છું. 'એક પરમાણુમાત્રની મળે ને સ્પર્શના'. કોઈ પરમાણુથી સંબંધ નથી. એક પરમાણુથી મારે લેવા-દેવા નથી.

**'મનને સ્થિર કરીને પોતાને તો વીતરાગરૂપ અનુભવે છે અને જ્યારે તેઓ કોઈને ઉપદેશ પણ આપે છે ત્યારે તેઓ બીજુ બધું દૂર કરીને જીવનું એક નિજસ્વરૂપ 'વીતરાગ' તેને જ વારંવાર કહે છે.'** આ મુદ્દો છે એમનો. આ વાત બહુ ઊંડેથી લીધી છે એમણે અને એ પરીક્ષાનું એક ચિન્હ છે લક્ષણ છે કે જેનાથી કહેનારની અંતર પરિણતિને ઓળખી શકાય, સમજી શકાય કે માપી શકાય. આવા મુનિ છે કે જે પોતાના ઉપયોગને સ્થિર કરીને પોતાના વીતરાગ સ્વરૂપને ક્ષણે ક્ષણે અનુભવે છે. ત્યારે એ કોઈને ઉપદેશ પણ આપે છે ત્યારે તેઓ બીજું બધું દૂર કરીને એટલે

બીજું બધું ગૌણ કરીને જીવનું એક વીતરાગ સ્વરૂપ, જીવનું નિજ વીતરાગ સ્વરૂપ એને જ વારંવાર કહે છે અથવા તેને જ વારંવાર દર્શાવે છે.

જગતમાં પણ સહજ સ્થિતિ એવી છે કે જેને જે ચીજનો મહિમા હોય એની જ પરિણતિ હોય, એનો જ મહિમા ઘૂંટાય ગયો હોય ને એ જ વાત એના કથનમાં વારંવાર આવ્યા વિના રહે નહિ. આ તો સમજી શકાય એવી વાત છે કે નહિ? જેને જેનો મહિમા હોય તેની જ વાત કર્યા કરે. વચ્ચે એ વાત એ વિષય છોડીને પણ એ વાતમાં આવી જાય છે. અમારે એક વખત ચર્ચા થઈ હતી. (એક મુમુક્ષુ) 'ધવલ' વાંચતા હતા. તો એમાં આવી વાત આવતી હતી આત્માના સ્વરૂપની. કહ્યું કે, આ છે કરણાનુયોગનો વિષય, શાસ્ત્ર તો કરણાનુયોગનું છે પણ થોડી થોડી વારે થોડા થોડા અંતરે આવી અધ્યાત્મની વાત આવી જાય છે. એટલે (ચાલતા) વિષયથી બીજો વિષય થઈ ગયો ને? (એમને કહ્યું), એ વિષાયાંતર નથી. એ મુનિરાજનું હૃદય છે અને એના હૃદયની વાત ગમે એ વિષય હાથમાં લે તોપણ આવ્યા વગર રહેતી નથી એનો પૂરાવો છે આ. તે દિવસે અમારે આ ચર્ચા થઈ હતી. ગમે તે શાસ્ત્ર ને ગમે તે વિષય હાથમાં લીધો હોય. પણ એ વારંવાર નિજ સ્વરૂપ જે વીતરાગ તેને વારંવાર દર્શાવવું, બતાવવું એ વાત તો એમને આવ્યા વગર રહે જ નહિ. જે એમના હૃદયમાં બિરાજમાન છે. એવું જે અનંત મહિમાવંત પરમેશ્વરપદ છે એ પદની વાત આવ્યા વગર કેમ રહી શકે? આવ્યા વગર રહેતી નથી. એ 'ધવલ' શાસ્ત્રમાં પૂરાવો છે.

તેને જ વારંવાર કહે છે અથવા એમનો જે ઉપદેશ છે એ સમસ્ત ઉપદેશનું કેન્દ્રસ્થાન જીવનું એક વીતરાગી સ્વરૂપ છે તે એક જ કેન્દ્રસ્થાન છે. ગણધરદેવે બાર અંગની રચના કરી. અગિયાર અંગ અને ચૌદ પૂર્વની રચના કરી એ બધાનું કેન્દ્રસ્થાન એક શુદ્ધાત્મા છે, વીતરાગ સ્વરૂપી શુદ્ધાત્મા છે અને જગતમાં એનાથી મહિમાવંત બીજી કોઈ ચીજ નથી. એ જ સર્વોત્કૃષ્ટ પદ છે. એટલે બધા સર્વ કથનનું તાત્પર્ય, સર્વ કથનનો સાર અને સર્વ કથનનું કેન્દ્રસ્થાન આ એક જ વિષય છે. અજ્ઞાનીઓને એ બાદ હોય છે. આ બે (વચ્ચે) તફાવત અહીંયા એ છે કે અજ્ઞાની ગુરુમાં અને જ્ઞાની ગુરુમાં આ ફરક પડે છે. એ વિષય જેને અનુભવમાં નથી, એની જેને મહત્તા આવી નથી એ એ વિષય કેવી રીતે કહેશે? એ તો એમ કહેશે કે, તમે કાંઈ એવું કરો કે જેથી તમારી દેવલોકમાં ગતિ થાય. તમારી નરક, પશુની ગતિ ન થાય એવું કાંઈક કર્યા કરો. એ વાત આવશે.

થોડાક વખત પહેલા અહીંયાં મુનિઓ આવ્યા હતા. સાત મુનિ સાથે નહોતા

આવ્યા? સપ્ત મુનિ. પછી કહે, આવો અમારે વાત કરવી છે. એક દિવસ બપોરે આપણે ગયા હતા. એ વાત એમણે કરી. નરક પશુની ગતિ ન થાય, દેવગતિ મળે. આમ આવા ઉપવાસ કરે, ફલાણું કરે ને આમ કરે, તેમ કરે. આવા આવા પરિણામ કરે તો દેવગતિમાં જાય. સમેદશિખરની યાત્રા કરે, ફલાણું કરે. શુદ્ધાત્મા એની પાસે હોય તો એની વાત આવે. નહિતર ગતિ કઈ સારી? પણ ભાઈ! એકેય ગતિ સારી નથી.

મુમુક્ષુ :- ચારેય ગતિ સંસાર.

પૂજ્ય ભાઈશ્રી :- ચારેય ગતિ સંસાર છે અને ચારેય ગતિમાં એકાંતે દુઃખક જ છે. સુખની ગંધ પણ ક્યાંય નથી. એમ છે.

'**તેમને બીજો કશોય અભ્યાસ નથી, આ જ અભ્યાસ છે.**' ઠીક! અંગ પૂર્વનો અભ્યાસ નથી મુનિને? એ અંગ પૂર્વનો અભ્યાસ છે એમ કહેવાય તોપણ ખરેખર એ અંગ પૂર્વમાં એમને આ એક જ અભ્યાસ છે ને બીજો અભ્યાસ નથી. અથવા વારંવાર જેનો વિષય કરવામાં આવે તેને તેનો અભ્યાસ ગણવામાં આવે છે. મુનિરાજને ક્ષણે ક્ષણે શુદ્ધાત્માનું નિજ સ્વરૂપ વીતરાગ સ્વરૂપનો જ અભ્યાસ છે. તેમને બીજો કશોય અભ્યાસ નથી. પણ શાસ્ત્ર રચે છે ને! એ વાત પ્રસિદ્ધ છે.

'અમૃતચંદ્રાચાર્યે' 'સમયસાર'ની ટીકા કરી ત્યારે એમ કહ્યું કે, આ શાસ્ત્રની, આ પરમાગમની ટીકા કરતા મારી પરિણતિ વિશુદ્ધ થાવ. ઠીક! બીજી વાત નથી લીધી એની અંદર કોઈ. જે એમનો શુદ્ધાત્માનો અંતર અભ્યાસ છે, અનુભવનો અભ્યાસ છે એ જ અભ્યાસ વૃદ્ધિગત થાવ એવી ભાવના ભાવી છે. હું આ શાસ્ત્રની ટીકા કરું ને બીજાને પણ લાભ થાય એવી ક્યાંય એક જગ્યાએ વાત છે? બીજાને લાભ થાય એવી વાત દેખાડો ક્યાંય કોઈ શાસ્ત્રમાં હોય તો. 'કુંદકુંદાચાર્યે' 'નિયમસાર' રચ્યું. (એમાં કહ્યું), મારી આત્મસ્વરૂપની ભાવના અર્થે, નિજ સ્વરૂપની ભાવના અર્થે મેં આ શાસ્ત્ર રચ્યું છે. એમાં બીજી કોઈ મારે વાત નથી.

'**તેમને બીજો કશોય અભ્યાસ નથી, આ જ અભ્યાસ છે.**' આ અભ્યાસ છે અને બીજો નથી એમ અનેકાંત કર્યું છે. '**પોતે પણ અંતરંગમાં પોતાને વીતરાગરૂપ અભ્યાસે છે.**' અભ્યાસે છે એટલે વારંવાર અનુભવ કરે છે. એનું નામ અહીંયાં અભ્યાસ છે, હોં! વારંવાર થવું એનું નામ અભ્યાસ. તો પોતે પણ અંતરંગમાં પોતાને વીતરાગરૂપ વારંવાર અભ્યાસે છે, વારંવાર અનુભવે છે. એ એક જ એમની પરિણતિનું મુખ્ય સ્થાન થઈ પડ્યું છે, બાકી આખા જગતને એમણે ગૌણ કરી નાખ્યું છે. જેણે પોતાના દેહને પણ ગૌણ કર્યો, તેને દેહ સિવાય બીજા કોઈ સચેત-અચેત પદાર્થોને

મુખ્ય કર્યા હોય એ વાત રહેતી નથી. પછી તો એ વાત જ રહેતી નથી. વાત ખલાસ થઈ જાય છે.

**'વળી બાહ્યમાં પણ જ્યારે બોલે છે ત્યારે 'આત્માનું' 'વીતરાગસ્વરૂપ' આ જ બોલ બોલે છે.'** ઠીક! જ્યારે બોલવાનો પ્રસંગ છે ત્યારે આદિ મધ્ય અંતમાં આત્માનું જે વીતરાગ સ્વરૂપ, આ જ બોલ ને એ બોલે છે. તે આત્માના જ બોલને બોલે છે, આત્માને જ સર્વ પ્રકારે દર્શાવે છે. એ જ એમની વાણીનો અને એમના વિચારનો ને એમની પરિણતિનો મુખ્ય વિષય થઈ પડે છે. એ તો દેવ, ગુરુ, શાસ્ત્રમાં પણ વીતરાગતા જ જોવે છે, એકલી વીતરાગતા જ જોવે છે, બીજું કાંઈ જોતા નથી. પોતામાં પણ વીતરાગતા જોવે છે અને બહાર પણ વીતરાગતા જોવે છે. અરે..! બીજા આત્માઓને જોવે છે તોપણ એના વીતરાગી સ્વરૂપને જોવે છે. અમે તો બધાને સિદ્ધ જોઈએ છીએ. ભલે ને એ ગમે તેમ માને. અમે તો બધાને સિદ્ધ જ જોઈએ છીએ. આ મુખ્ય દૃષ્ટિ થઈ પડે છે.

મુમુક્ષુ :- નિજ જાતિનું રૂપ.

પૂજ્ય ભાઈશ્રી :- નિજ જાતિરૂપ-નિજ સ્વરૂપ. એ જાતિ સ્વરૂપથી જોવે છે. એટલે બીજાના દોષિત પરિણામનું જ્ઞાન થાય. જ્ઞાન ન થાય એવું નથી. બીજા મૂળ સ્વરૂપે બધા આત્માઓ, બીજા આત્માઓ પણ સમાન હોવા છતાં એમની અવસ્થા દોષિત છે એનું જ્ઞાન ન થાય, એનો વિવેક ન થાય એવું કાંઈ નથી. પણ એ ગૌણ રહે છે, મુખ્ય નથી થતું. જાણવું એક વાત છે, જાણીને મુખ્ય થવું એક વાત છે, જાણીને ગૌણ થવું એ બીજી વાત છે. એમ વાત છે. ગૌણ થઈ જાય છે. પછી એ એનો પોતાનો વિરોધ કરનાર હોય તોપણ ગૌણ થાય છે. એ ગૌણ થાય છે, એને ગૌણપણું રહે છે. મુનિદશા તો કોઈ ગજબ વાત છે! એને ક્યાંય મુખ્યતા આવતી નથી. આચરણ એવું થઈ ગયું છે. એને કાંઈ શુદ્ધાત્માના પરિણમનની અંતર-બાહ્ય મર્યાદા અઠ્યાવીશ મૂળગુણ સિવાય ક્યાંય બહાર જવાનો પ્રશ્ન રહેતો નથી. એ સિદ્ધાંત છે.

**'બાહ્યમાં પણ જ્યારે બોલે છે ત્યારે 'આત્માનું' 'વીતરાગસ્વરૂપ' છે આ જ બોલ બોલે છે.'** એ જ વાત એ બોલે છે, એ જ વાત દર્શાવે છે. અનાદિથી જેનાથી જીવો અજાણ્યા છે એ જ વાતનું એને જ્ઞાન કરાવે છે. **'આવો 'વીતરાગ'નો ઉપદેશ સાંભળતાં જ આસન્ન ભવ્યને નિઃસંદેહપણે વીતરાગ નિજસ્વરૂપની સૂધ (ભાન) થાય છે-એમાં સંશય નથી.'** લાયક જીવ હોય, પાત્ર જીવ હોય એને વીતરાગી સ્વરૂપને સ્પર્શીને વાણી આવતી હોય. એ વાણીમાં જે એનો વાણીનો જે ધ્વનિ છે કે જે

વાણીના વિષયને યતકિંચિત્ કહી જાય છે, કહી જાય છે એ. જે સ્વરૂપ કહેવું મુશ્કેલ છે છતાં વાણીમાં થોડું કાંઈક, વાણીમાં એટલું સામર્થ્ય છે કે, થોડુંક કહી જાય છે. પૂરું કહી શકાય એવું સામર્થ્ય એનામાં નથી. જેને આસન્ન ભવ્ય-નજીક આવેલા જીવને-પાત્ર જીવને નિઃસંદેહપણે ચોક્કસપણે એમ કહે છે. થશે કે નહિ થાય એ પ્રશ્ન નથી. અહીંયાં વાણી નીકળે છે. વાણીનો અહીંયાં યોગ છે તો સામે પામનાર પણ છે. વાણી નિષ્ફળ જાતી નથી. આમ છે.

કુદરત બંધાયેલી છે ને એમાં. બહારમાં પાપ કરે તો પાપનું ફળ મળે, પુણ્ય કરે તો પુણ્યનું ફળ મળે. આવા વિકારી પરિણામ સાથે કુદરત બંધાયેલી છે. તો પછી અવિકારી પરિણામ સાથે કુદરતને તો બંધાવું પડે, એમાં ક્યાં નવાઈની વાત છે. એમાં તો ઘણું સામર્થ્ય છે. વિકારી પરિણામ તો અશક્તિના પરિણામ છે, રોગના પરિણામ છે. આ તો શક્તિના પરિણામ છે. એની સાથે તો નિયમથી કુદરત બંધાયેલી છે.

જિનવાણીનો પ્રચાર છે એ એટલા માટે લીધો છે કે એ વાણી સફળ છે. વાણી બહાર પડી છે, આત્માને સ્પર્શીને આવી છે, એમાં આત્માનો ધ્વનિ આવ્યો છે તો કોઈને કોઈ નિકટ ભવ્ય જીવ એના નિમિત્તે એનું કામ કરી લેવાનો છે. એવું બનતું હોય છે. એટલા માટે પ્રચાર પ્રસારની અંદર પરિશ્રમ ઘણો દેખાવા છતાં કો'ક જીવને લાભ થાય તોપણ એનું મૂલ્ય વધારે છે. પરિશ્રમ કરતા એનું મૂલ્ય વધારે છે. કોઈ પામી જાય એનું મૂલ્ય ઘણું છે. કેમ કે એ પામ્યો એ નિયમથી અલ્પ કાળમાં સિદ્ધપદને, નિર્વાણપદને પામવાનો છે. એ સિદ્ધપદની કિંમત જેટલી છે એટલી કિંમત છે એની.

એવું જ અહીંયાં જિન પ્રતિમાનું છે. આ તો વાણી તો કહે છે અને જિન પ્રતિમા તો વીતરાગી સ્વરૂપ દેખાડે છે. કહેવામાં સંકેતમાત્ર આત્માનું સ્વરૂપ કહી શકાય છે. કેટલું? જે સ્વરૂપની સમૃદ્ધિ છે, સ્વરૂપમાં રહેલી જે ગુણ સમૃદ્ધિ છે એ એટલી અનંત છે કે એને કહેવામાં અગિયાર અંગ અને ચૌદ પૂર્વ છે એ સંકેતમાત્ર છે. એ તો કથંચિત્ કહે છે, થોડુંક કહે છે પણ આ તો સીધું આખે આખું દેખાડે છે. એ તો વીતરાગ સ્વરૂપને પૂરેપૂરું દેખાડી દે છે.

કહેવાથી વધારે બોધ મળે કે દેખાડવાથી વધારે શિક્ષા મળે? આ તુલના કરવા જેવો વિષય છે. ખરેખર તો દેખાડવાથી વધારે સમજાય કહેવા કરતા. નાનું છોકરું હોય તોપણ. બાળક હોય એને ગુલાબના ફૂલનું વર્ણન કરો કે એને કાંટા ઉગ્યા હોય, એને પાંદડા આવડા હોય કરકરીયાવાળા, એની ગુલાબી પાંદડી હોય. પણ ગુલાબી રંગ તો ચક્ષુઇન્દ્રિયનો વિષય છે, રૂપનો વિષય છે. એ ગુલાબી રંગ કેવો હોય એ જ બાળકને ખબર ન હોય તો એને ગુલાબી રંગ છે, ગુલાબી રંગ છે, ગુલાબી

રંગ છે. પણ ગુલાબી રંગની જ એને ખબર ન હોય તો શું ખબર પડે? એને ગુલાબનું ફુલ દેખાડે કે, જો આને ગુલાબી રંગ કહેવાય. તો બાળક પણ ઓછા ઉઘાડવાળો જીવ પણ સમજી જાય.

એ રીતે જિનેન્દ્ર પ્રતિમામાં વીતરાગ સ્વરૂપ કેવું હોય છે એનું બાહ્ય પ્રદર્શન છે, સીધું જ તે. જે બહારમાં દેખાડવું બહુ મુશ્કેલ છે એવું બાહ્ય પ્રદર્શન વીતરાગદેવની પ્રતિમામાં હોય છે. એટલે જિનદર્શન છે એ માત્ર રૂઢિનો વિષય બનાવી લેવો ન જોઈએ. એમાં શુદ્ધાત્માના દર્શન કરવાનો પ્રયાસ કરવો જોઈએ. વીતરાગભાવ શું? વીતરાગી જાતિ શું? આ તો જાતિ લેવી છે ને? વીતરાગ જાતિના પરિણામ પરથી વીતરાગ જાતિસ્વરૂપ આત્મા શું? આ વસ્તુ ઓળખવાનો પ્રયત્ન કરવો જોઈએ. તો એમાંથી એ સાંભળવા કરતાં એમાંથી વધારે મળે એવું છે. એટલા માટે એની વિશેષતા કરવામાં આવે છે.

એટલે તો એવી દલીલ આવી હતી. 'સોનગઢ'માં કેટલા ભગવાન છે? કે, નીચે પીઠિકા ઉપર પણ ત્રણ મોટી પ્રતિમાઓ છે, બીજા નાના પ્રતિમાઓ છે. ઉપર પ્રતિમા છે. માનસ્થંભમાં ચાર ને ચાર આઠ છે, સમવસરણમાં ચાર છે. એથી આગળ પરમાગમ મંદિરમાં એક છે. વીસ પચ્ચીસ પ્રતિમાઓ છે. પછી હવે વધારે પ્રતિમા શું કરવા? ઠીક! બાકી રહી ગયું હતું તો હવે ૧૩૫ બીજા થયા પાછા. પંચ મેરુ નંદિશ્વર અને બીજા ત્રણ. કેટલા ભગવાન! એ ભાવનાનો વિષય જ એવો છે. એમાં કાંઈ પૂરું પડતું નથી. પૈસાનો બીજા આથી સારો ઉપયોગ શું હોઈ શકે? કોઈ એમ કહે કે, ભાઈ! હવે ભગવાન તો ઘણાં છે, બીજો કાંઈ સારો ઉપયોગ કરો ને. સારામાં સારો આ ઉપયોગ છે. આ ઉપયોગ સારામાં સારો છે કે જ્યાં આત્માનું સ્વરૂપ દર્શાવવામાં આવે છે.

બહુ ટૂંકી દૃષ્ટિનો વિષય નથી પણ બહુ દીર્ઘ દૃષ્ટિનો એ વિષય છે. ઘણીવાર તો સેકડો હજારો વર્ષમાં જે ગટન-પટન થઈ ગયું હોય છે, નીચેથી ખોદે છે તો જિનપ્રતિમાઓ નીકળે છે. એક એવી વસ્તુ છે કે જે ખુબ ટકાઉ છે. જેની Durability-ટકાઉ ખુબ છે. એટલે ક્યારે પણ કોઈને શુદ્ધાત્માના દર્શન થાય, બોધ થવાનું નિમિત્ત થાય એવી ભાવનાથી એને સ્થાપવામાં આવે છે. બહુ લાંબા ભવિષ્યને જોઈને કરવામાં આવે છે. (અહીં સુધી રાખીએ)....

## તા. ૨૭-૪-૧૯૮૬, પાના નં. ૭, પ્રવચન નં. ૫

'આત્માવલોકન'. પાનું-૭. 'ગુરુ અધિકાર' ચાલે છે. ગુરુનું લક્ષણ અહીંયાં એ બતાવ્યું છે કે, જેમને પોતાના વીતરાગ સ્વરૂપનો સતત પરિણમનરૂપ અભ્યાસ છે અથવા જેમનું મુખ્ય પરિણમન આ જ છે. અઠ્યાવીસ મૂળગુણ બાહ્યાચરણનું પરિણામ ગૌણ છે. નિજ વીતરાગ સ્વરૂપરૂપ પરિણમન-વીતરાગ ભાવરૂપ પરિણમન, એ જ જેના પરિણમનરૂપ અભ્યાસ છે. એવા ગુરુને સાંભળનાર પણ પોતે પણ અંતરંગમાં પોતાને વીતરાગરૂપ અભ્યાસે છે. એમ લીધું છે. પોતે લીધું અહીંયાં ત્યાં સાંભળનાર લેવું. શિષ્ય પણ અંતરંગમાં પોતાને વીતરાગરૂપ અભ્યાસે છે.

વળી, '**બાહ્યમાં પણ જ્યારે બોલે છે...**' બાહ્યમાં બોલવાનો ઉદય છે ત્યારે પણ 'આત્માનુ' 'વીતરાગસ્વરૂપ' આ જ બોલ બોલે છે.' આત્મ સ્વરૂપને દર્શાવે છે. વારંવાર આત્મ સ્વરૂપને દર્શાવે છે. એમના સર્વ કથનનું કેન્દ્રસ્થાન આત્માનું વીતરાગ સ્વરૂપ છે. એ જ એમના સર્વ કથનનું કેન્દ્રસ્થાન છે.

પોતે અત્યારે જ પરિપૂર્ણ વીતરાગ સ્વરૂપ છે. આત્મા પોતે અત્યારે જ પરિપૂર્ણ વીતરાગ સ્વરૂપ છે. એના ઉપર એટલું બધું વજન છે કે મુખ્યપણે એ જ વાત એમના કથનમાં આવે છે. પોતાના પરિણમનરૂપ પણ અભ્યાસ એ છે, સાંભળનારને પણ એવો અભ્યાસ છે અને વાણીમાં પણ એ જ પ્રકાર ઉત્પન્ન થાય છે. આત્મા વાણી કરી શકે છે એ અહીંયાં પ્રશ્ન નથી પણ સહજ એવો જ વાણીનો પ્રકાર ઉત્પન્ન થાય છે.

આવી પરિસ્થિતિમાં અંતર બાહ્ય આવી પરિસ્થિતિમાં આવો વીતરાગનો ઉપદેશ સાંભળતા, વીતરાગનો એટલે આત્મા વીતરાગ સ્વરૂપ છે તેવો આત્મબોધ સાંભળતા જ આસન્ન ભવ્યને નજીક વર્તનાર ભવ્યતાની પરિપાકની નજીક વર્તનાર જીવને '**નિઃસંદેહપણે વીતરાગ નિજસ્વરૂપની સૂધ (ભાન) થાય છે-એમાં સંશય નથી.**' અંદરમાં જેની પાત્રતા પાકી ગઈ, જે પોતાના વીતરાગ સ્વરૂપને શોધવા અંદરમાં ફરે છે, એ જ એની શોધ છે, એ સિવાયનું એને બીજું કાંઈ રુચતું નથી. એને આવા વીતરાગ સ્વરૂપના કહેનારા શ્રીગુરુ મળે છે ત્યારે એને ચોક્કસપણે, નિઃસંદેહપણે એટલે અવશ્યપણે એને પોતાના નિજ વીતરાગ સ્વરૂપનું ભાન થઈ આવે છે. એને એ વીતરાગ સ્વરૂપ

પોતાનું છે એ જરૂર એને સૂઝે છે, એની સૂધ આવે છે કે, આવું જ સ્વરૂપ (છે). એને ભાવ ભાસી જાય છે. સાંભળવાના કાળમાં એને ભાવ ભાસી જાય છે. ભાવ ભાસે જ ભાસે, એમ કહેવું છે. ભાવ ન ભાસે એવું બને જ નહિ. ત્રણ કાળમાં કોઈ એક એવો અપવાદરૂપ Case ન બને કે ભાવ ન ભાસે.

જે શ્રીગુરુ પોતાના શુદ્ધ વીતરાગ સ્વરૂપને સતત અભ્યાસે છે એવું જેમનું પરિણમન છે, અંતરંગ પરિણમન છે અને જેમની વાણીમાં એ પરિણમનના આધારે, પરિણમનનો આધાર જે વાણીને છે અથવા જે પરિણમન એવા પરિપૂર્ણ વીતરાગ સ્વરૂપ શુદ્ધાત્માની ભીંસમાંથી નીકળી ઊભું થયું છે, એના નિમિત્તે જે વાણી આવી ગઈ, એમાં સ્વરૂપને વ્યક્ત કરનારો, આત્માનું વીતરાગ સ્વરૂપ છે, આટલું જ પ્રયોજન છે, આત્મા વીતરાગ સ્વરૂપ છે એવો જે ધ્વનિ એ વાણીમાં આવ્યો એ અંદરમાં પોતાના મૂળ સ્વરૂપનો સંશોધક જીવ હોય અને એનો ભાવ એને ન ભાસે એવું કદી બને નહિ.

એ વિષયમાં સ્પષ્ટ વિચાર કરીએ તો જે વર્તમાન જ્ઞાનપદ છે, જ્ઞાનભાવ છે એ રાગસ્વરૂપ છે કે વીતરાગસ્વરૂપ છે? રાગ રહિત સ્વરૂપે છે. એટલે એને લક્ષણ કહ્યું. આત્મા વીતરાગસ્વરૂપ છે, જ્ઞાન પણ વીતરાગસ્વરૂપ છે. તો એને આખું જ્ઞાનમય વીતરાગસ્વરૂપ પોતાનું કેવું છે, એ પોતાનું આખું દ્રવ્ય પૂરેપૂરું ભાસે છે.

જેમ દિવાસળીની જાળમાં પ્રગટ થયેલી અગ્નિની શક્તિને જોવે, પ્રગટ થયેલા અગ્નિના આકારને, અગ્નિની શીખાને ન જોવે પણ એમાં રહેલી અગ્નિની શક્તિને જોવે કે આ આગ્નિ કેટલાને બાળે? કે, આખા જગતને બાળે. એ શક્તિનું અનંત સામર્થ્ય એમાં જણાય. એમ જ્ઞાનપદમાં, જ્ઞાનભાવમાં વીતરાગરૂપ સામર્થય કેટલું? જ્ઞાનરૂપ સામર્થ્ય કેટલું? કે, અનંત જ્ઞેયને જાણે. અનંત જ્ઞેયો આવે તોપણ પોતાના વીતરાગસ્વરૂપે જ તે રહે અને બદલીને કોઈ બીજા સ્વરૂપે ન થાય કે રાગાદિ ભાવરૂપ ન થાય.

જીવના પરિણામમાં અનાદિથી વર્તમાન સુધીના અનંતકાળ પર્યંત રાગ સાથે ને સાથે રહ્યો, જ્ઞાનની સાથે ઊપજ્યા કર્યો. જ્ઞાન પણ ઉત્પન્ન થાય છે, રાગ પણ ઉત્પન્ન થાય છે. અને તન્મયભાવે રાગનો અનુભવ કર્યો. રાગમય થઈને પરિણમ્યો, અનંત કાળ સુધી, તોપણ જ્ઞાનનું સામર્થ્ય કેટલું? જો એકલા જ્ઞાનને, ભિન્ન જ્ઞાનને જોવે તો જરાય લેપાણું નથી. જ્ઞાન વીતરાગ સ્વરૂપે જ રહ્યું છે, જ્ઞાન રાગરૂપે જરા પણ કોઈ અંશે પણ થયું નથી. આવું એનું સામર્થ્ય જ્યારે જણાય ત્યારે એને આખું દ્રવ્ય જણાય છે. એને નિજ વીતરાગ સ્વરૂપની સૂધ થાય છે, એને નિઃસંદેહપણે એ સૂધ થાય છે, નિઃસંદેહપણે એને આત્મા ભાસે છે. એમાં કોઈ સંશય નથી. એટલે ત્રણે કાળે અપવાદ વગર આમ બને છે.

અનંત કાળમાં જીવે તીર્થંકર જૈન પરમેશ્વરને પણ પ્રત્યક્ષ સમવસરણમાં જઈને સાંભળ્યા છે અને અનેક જ્ઞાની, સંતો સત્પુરુષોને પણ સાંભળ્યા છે. પણ અંદરમાં પોતાના સ્વરૂપની શોધમાં રહીને એને સાંભળ્યા નથી. જ્યારે અંતર શોધ વર્તે, એ 'શ્રીમદ્જીમાં' લીધું છે કે, એ જીવને અંતર શોધ વર્તે ત્યારે એને સદ્ગુરુનો બોધ સુહાય છે. એવી એક ગાથા છે. 'આત્મસિદ્ધિ' છે કે નહિ? એવી ગાથા લીધી છે. એ બહુ માર્મિક વિષય છે. જે અહીંયાં વાત લીધી છે કે નિઃસંદેહપણે એને વીતરાગસ્વરૂપી આત્માની સૂધ થાય ને થાય જ, એની સૂધ આવે ને આવે જ. કેવો સૂધ શબ્દ વાપર્યો છે! ઢુંઢારીમાં જે શબ્દ રાખ્યો છે, અહીંયાં એ જ શબ્દ રાખ્યો છે. એને સૂધ આવી જાય છે.

**'એમાં સંશય નથી. તેવા સાધુને-જેમની વાણીમાં આવું 'વીતરાગ'નું જ કથન છે...'** આત્મા વીતરાગસ્વરૂપ છે એવું જ કથન આવે છે. **'તે જૈન સાધુને જ-આસન્નભવ્ય ગુરુ કહે છે કારણ કે બીજો કોઈ પુરુષ આવા તત્ત્વનો ઉપદેશ કહેતો નથી,...'** અથવા વીતરાગસ્વરૂપી આત્માને બતાવનારને જ ગુરુ તરીકે એ સંમત કરે છે. એ સિવાય કોઈપણ વેશધારીને, કોઈપણ પ્રકારના દેખાવવાળાને બહારનો શરીરનો દેખાવ ગમે તેવો હોય, એના વેશનો દેખાવ ગમે તેવો હોય, એની વાણીનો દેખાવ ગમે તેવો હોય, એના ક્ષયોપશમ બુદ્ધિનો, જ્ઞાનનો દેખાવ ગમે તેવો હોય. એકેય વાતને એ વિચારતો નથી. એથી આગળ જઈને એ કોઈ ચમત્કાર કરી દેતો હોય તોપણ એને એ માનતો નથી. નહિતર લોકો આમાં મોહ પામે છે. ભાઈ! કેવો ચમત્કાર!

('આત્મસિદ્ધિ'માં) શરૂઆતની બધી સદ્ગુરૂ ઉપરની ગાથા છે. પાછળ ૩૪ ગાથાથી આત્માર્થીના લક્ષણમાં એ વાત લીધી છે.

**આત્મજ્ઞાન ત્યાં મુનિપણું તે સાચા ગુરુ હોય,**
**બાકી કુળગુરુ કલ્પના આત્માર્થી નહિ જોઈ.**
**એમ વિચારી અંતરે શોધે સદ્ગુરુ યોગ**

આવા આત્મજ્ઞાની સત્પુરુષ મને ક્યાં મળે? એને શોધે. 'કામ એક આત્માર્થનું' એની પાસે એને કોઈ ચમત્કારનું કે જગતના પદાર્થનું કોઈ કામ નથી. દેવલોકનો ભવ મળે એ પણ એને કામ નથી. ફરીને મનુષ્યનો ભવ મળે એ પણ કામ નથી અને પાપનો ઉદય ન આવે ને અનુકૂળતાઓ જળવાઈ રહે એ પણ કામ એને નથી. 'વર્તે અંતર શોધ' એમ લીધું છે. તે જિજ્ઞાસુ જીવને, ૧૦૯ નંબરની ગાથા છે.

**'તે જિજ્ઞાસુ જીવને થાય સદ્ગુરુ બોધ...'** જિજ્ઞાસુ હોય, અંદરમાં શોધતો હોય એને સદ્ગુરુનો બોધ થાય. 'તે પામે સમકિતને વર્તે અંતર શોધ' જે અંતર શોધમાં

પડ્યો છે એ સમકિતને પામે, એને સૂધ આવે. બીજાને સૂધ આવે એમ નહિ. એ પોતે કઈ સ્થિતિમાં વર્તે છે એના ઉપર આધાર છે. અનંત કાળમાં એ પોતાના સ્વરૂપની શોધમાં ખરો થઈને સાચી રીતે વર્ત્યો નથી. નહિતર જગતમાં ક્યારેય આત્મજ્ઞાનીનો અભાવ નથી. આત્મજ્ઞાનીનો ક્યારેય અભાવ નથી. એવો કાળ નથી, કોઈ કાળ નથી. કે જિનેન્દ્ર, મનુષ્યલોકમાં જિનેન્દ્ર વર્તતા ન હોય, વીતરાગ વર્તતા નહોય અને વીતરાગ વર્તતા હોય ત્યાં સાધક જીવો ન વર્તતા હોય એવો એક પણ કાળ નથી. મનુષ્યલોકમાં એની હયાતી છે, છે ને છે. એવું બને કે એ કોઈ બીજા ક્ષેત્રે હોય ને પોતે બીજા ક્ષેત્રે હોય. પણ એવી પરિસ્થિતિમાં એને શોધવા નીકળ્યો છે? એને શોધે છે? પહેલી વાત તો એ છે. એને જરૂરિયાત લાગે તો શોધે. એક વાત. અને જ્યારે એને મળ્યા છે, જ્યારે એને ઉપદેશ સાંભળવાનો યોગ થયો છે ત્યારે પોતે અંતર શોધમાં વર્ત્યો નથી. તેથી નિઃસંશયપણે જે પામે છે એ વાત એને માટે એવો પ્રસંગ ઉત્પન્ન થયો નથી. ૧૦૯ નંબરની ગાથા છે. એક વાત બહુ શરૂઆતમાં વિચારણાની એમણે લીધી છે, આત્માર્થીના લક્ષણમાં લીધી છે. સદ્ગુરુનો બોધ ક્યાં સુહાય? કે, 'કામ એક આત્માર્થીનું બીજો નહિ મનરોગ' એ સ્થિતિમાં આવે જ્યાં એવી દશા 'સદ્ગુરૂ બોધ સોહાય. તે બોધે સુવિચારણા ત્યાં પ્રગટે સુખદાય.' તે બોધના નિમિત્તે એને આત્મસ્વરૂપની સુવિચારણા પ્રગટે કે, જે વિચારણાના ફળમાં એને આત્મસુખ, આત્મિક સુખ પ્રગટ થાય, થાય ને થાય જ. 'જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન.' આત્માજ્ઞાન પ્રગટ થાય એ વિચારણાના નિમિત્તે. 'જે જ્ઞાને ક્ષય મોહ થઈ પામે પદ નિર્વાણ.' 'ઉપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય.' એ વિચારણાથી એને મોક્ષનો માર્ગ અવશ્ય સમજાય છે એટલે વિધિ સમજાય છે. મુક્ત થવાની વિધિ શું છે? તે એને ત્યાં સમજાય છે.

શું અહીંયાં લીધું? બહુ ચોક્કસ વાત લીધી કે, આવો વીતરાગનો ઉપદેશ સાંભળતા બે અર્થ નીકળે છે. જે વીતરાગી ગુરુ છે એનો ઉપદેશ સાંભળતા અને વીતરાગી ગુરુ વીતરાગ સ્વરૂપ આત્માનો ઉપદેશ આપે છે એવો આત્મઉપદેશ, વીતરાગસ્વરૂપી આત્માના ઉપદેશ સાંભળતા પોતાના નિજસ્વરૂપની નિઃસંદેહપણે સૂધ થાય, થાય ને થાય જ એમાં સંશય નથી. એ શંકા વગરની વાત છે, નિઃશંક વાત છે કે, એમાં એને પોતાને લક્ષ થઈ જાય, થઈ જાય ને થઈ જાય.

જગતમાં એકેય એવો બનાવ નથી એમ કહે છે. પોતાના અનુભવથી કહે છે કે કોઈ કાળે એવું ન બને નિઃશંકપણે છે કે, પાત્ર જીવ હોય, પોતાના સ્વરૂપની શોધમાં ઉતરેલો હોય એને અનુભવી જ્ઞાની સત્પુરુષ અથવા નિર્ગ્રંથ ગુરુ ભાવલિંગી

સંત એનો ઉપદેશ એને સાંભળવા મળે અને એને આ લક્ષ ન થાય, એને આત્માની સૂધ ન થાય એવું બને જ નહિ. આમ કહેવું છે. અપવાદ ખાતર પણ ન બને. એવો એકેય Case ન ઊભો થાય. કેટલી બધી સચોટ વાત કરી છે!

**'તે જૈન સાધુને જ...'** એવા નિર્ગ્રંથ ભાવલિંગી સંતને જ **'આસન્નભવ્ય...'** એને સાધુને જ ગુરુ કહે છે. એના ઉપરથી એમ કાઢ્યું છે કે, એવા સાધુને જ કહે છે એટલે કે બીજાને એ ગુરુ કહેતો નથી. એમ લઈ લીધું. તે કોઈપણ પ્રકારે કોઈમાં આકર્ષિત થતો નથી, ચમત્કાર-ફમત્કાર કાંઈ એને કોઈ એમ કહે કે, તને આમ કરી દઉં, આમ કરી દઉં, ન્યાલ કરી દઉં. કોઈને ગુરુ તરીકે સ્વીકારતો નથી. જૈન સાધુનો વેષ હોય તો માન કે ન માને? કે, વીતરાગ વીતરાગ વીતરાગ વીતરાગ નિજ જાતિનો બોધ આપે છે કે નહિ? ઉપદેશ આપે છે કે નહિ? કે બીજી બીજી વાત કરે છે? જો એ બીજી વાત કરે છે તો એને પોતાને જ અંતર આત્મસ્વરૂપનો અભ્યાસ નથી. એને જ અભ્યાસ એટલે પરિણમન નથી તો એ કહેતા નથી, કહેતા નથી તો એને ગુરુ તરીકે સ્વીકારતા નથી.

'પ્રવચનસાર'માં એ વાત લીધી છે. કે, દિગંબર જૈન સાધુ બાહ્યાચાર જેના નિર્દોષ હોય, અઠ્યાવીશ મૂળગુણ જેના નિર્દોષ હોય એવા જોવામાં આવે તો એને નવધા ભક્તિથી આહારદાન દેવું. પરંતુ એના નિકટ પરિચયમાં જઈને એ ભાવલિંગી સંત છે કે નહિ એની ખાત્રી કરવી, પછી સત્સંગ કરવો. એનો જે બાહ્યાચાર ઠીક છે તો બાહ્યવ્યવહાર બરાબર સાચવવો એની સાથે. એ બહારમાં બહારનું લીધું. હવે વાત રહી અંતરંગની કે, શ્રીગુરુનું મુખ્ય કામ શું છે? કે, પોતાને આત્મજ્ઞાનનો લાભ થાય, એમના બોધનો લાભ થાય, ઉપદેશનો લાભ થાય એ અંતરંગનું કામ છે. તો એના માટે એ એને પ્રાપ્ત થયા છે કે નહિ એની પરીક્ષા એણે કરવી. ભાવલિંગી હોય તો પરીક્ષા કરવી અને પછી પરિચય કરવો.

જો એને આત્મસ્વરૂપની દૃષ્ટિ ન હોય, એ દૃષ્ટિ સંપન્ન ન હોય, સમ્યગ્દૃષ્ટિ ન હોય તો એનો સમાગમ કરવાનો નિષેધ છે. ઠીક! નિષેધ છે એના સમાગમ કરવાનો. જો એનો ધર્મ બુદ્ધિએ તું સમાગમ કરીશ તો તને લાભ તો થશે નહિ પણ તને નુકસાન થવાનો પૂરો સંભવ છે. પણ અઠ્યાવીશ મૂળગુણ બરાબર પાળતા હોય, કેટલો ત્યાગ કર્યો હોય, ભલે આત્મજ્ઞાન ન હોય, સમ્યગ્દર્શન ન હોય પણ આટલું તો છે ને? તો પછી એનો સમાગમ કરવામાં શું વાંધો? એનો નિષેધ છે. આવી વાત છે.

મુમુક્ષુ :- એવા મુનિની સભામાં વ્યાખ્યાન આપવાનો Chance મળે તો લેવો ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :- ના પાડી ને કે, એનો સત્‌સમાગમ કરવાની ના પાડી છે. એનો સત્‌સમાગમ તું કરીશ નહિ. ધર્મબુદ્ધિએ એના સમાગમમાં તું નહિ જતો. નહિતર તારા આત્માને નુકસાન થઈ જશે. હા, નુકશાન થાય. 'પ્રવચનસાર'માં એ વિષય ચાલ્યો છે. જેની દૃષ્ટિ વિપરીત છે એ એની વિપરીતતા ઘુસાડી દેશે, એને ખબર નહિ પડે. દૃષ્ટિ વિપરીત છે તો એ વિપરીતતાને ઘુસાડી દેશે. ક્યાં એ વિપરીતતા આવી જશે એનો તને ખ્યાલ પણ રહેશે નહિ. એવું બને.

મુમુક્ષુ :- વિપરીતતામાંથી બહાર કાઢ્યા છે. પાછા ને ત્યાં ને ત્યાં..

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બહુ ગંભીર વિષય છે ને. આત્માના પરમહિતનો વિષય છે. એ ઘણો ગંભીર વિષય છે. માણસ દુનિયાદારીમાં ધંધો-વેપાર કરે છે તોપણ નુકશાન ન જાય એની પહેલી સાવધાની રાખે છે. તોય નુકશાન જાય કે ન જાય એ તો એના હાથની વાત નથી. પણ પહેલી સાવધાની એ રાખે છે કે કમાવું ન કમાવું એક વાત બીજી છે, પણ નુકસાન કરવાનો તો આપણને મોખ નથી. અભિપ્રાય તો આ છે કે એ જગ્યા નથી. આ તો એથી વધારે પરમ પ્રયોજનભૂત વિષય છે. એના કરતા પણ વધારે જેનું પ્રયોજન છે એવો વિષય છે. એટલે એની અંદર તો અત્યંત અત્યંત સાવધાની રાખવા યોગ્ય છે.

હવે જે પ્રગટપણે અન્ય સંપ્રદાયમાં નથી અને જૈન સંપ્રદાયમાં છે એ તો જૈન સિવાય બીજાને માને નહિ. એટલે એ તો પ્રશ્ન રહેતો નથી. માને તો એની ચર્ચા કરવાનો પણ પ્રશ્ન આપણે રહેતો નથી. પણ માને ત્યારે એ પરીક્ષા કરીને માને છે કે નહિ, આ વાત તો એની બરાબર ચોક્કસ હોવી જોઈએ. એકદમ પરીક્ષામાં એમાં લાલા-પેથા ન ચાલે, એમાં થાબડભાણા ન ચાલે. એમાં તો બરાબર ઝીણી સૂક્ષ્મ દૃષ્ટિથી પાકે પાકી પરીક્ષામાં એણે તૈયાર થવું જોઈએ. પરીક્ષા લેવા તૈયાર થવું જોઈએ. આમ વાત છે. અને નહિતર લાભ કરવા જતા નુકસાન થાય એવું ચોક્કસ બની જાય. અને જો આત્મજ્ઞાની મળે તો એની વાણીથી નિઃસંદેહપણે નિજ સ્વરૂપની સૂધ થાય, થાય ને થાય જ. આ લાભ છે.

**'કારણ કે બીજો કોઈ પુરુષ આવા તત્ત્વનો ઉપદેશ કહેતો નથી,...'** રાગથી અને દેહથી તું ભિન્ન વીતરાગ સ્વરૂપ છો. રાગથી ભિન્નનો અર્થ જ વીતરાગ સ્વરૂપ છો. અને દેહ વગેરે સંયોગ આત્માની નજીકમાં હોવા છતાં તારું ચૈતન્ય સ્વરૂપ દેહાદિ સંયોગ વિનાની ચીજ છે. આ વાતમાં એનો જે રસ છે, આ વાત ઉપર જે કહેનારનું વજન છે એના ઉપરથી એને એની ઓળખ અને પરખ કરવી જોઈએ. **'કારણ કે બીજો કોઈ પુરુષ આવા તત્ત્વનો ઉપદેશ કહેતો નથી, તેથી આ પુરુષને જ ગુરુની**

**પદવી શોભે છે, અન્યને શોભતી નથી, એમ નિઃસંદેહપણે જાણવું.**' એ જ ખરેખર ગુરુ છે. એ જ મહાન છે. એ જ ઉપદેશના અધિકારી છે. જેને આત્મબોધ થયો છે તે જ ઉપદેશના અધિકારી છે, બીજા ઉપદેશના અધિકારી નથી. બીજાએ તો જિજ્ઞાસામાં રહેવાનો સવાલ છે.

અથવા જેણે આત્મા જાણ્યો નથી, જેણે આત્મા વેદનથી અનુભવ્યો નથી, એ, એ વિષયમાં નિઃશંક હોય શકે નહિ. આત્માના સ્વરૂપના વિષયમાં તો એ નિઃશંક તો હોય શકે નહિ. તો જે વિષયમાં પોતે શંકાથી ગળકા ખાતો હોય એનો નિઃશંક ઉપદેશ એ કેવી રીતે કરે? કે, એનો નિઃશંક ઉપદેશ એ કરી શકે પણ નહિ. એ પરિસ્થિતી હોય છે. જેનો નિઃશંકપણે આત્મસ્વરૂપને વિષે ઉપદેશ ન આવે, એટલો ફોર્સ ન આવે, એટલી નિઃશંકતા ન આવે એટલો રસ ન આવે એને, એની વાણીમાં એવું શું હોય કે જે બીજાને આત્મા સમજવાનું નિમિત્ત થાય? કે, એમાં તો એ પ્રશ્ન હોતો નથી. નિમિત્તત્વ જ હોતું નથી. એ 'ગુરુ અધિકાર' પૂરો થયો.

હવે 'ધર્મ અધિકાર' લે છે. પહેલા જ ગ્રંથના પ્રારંભમાં એમણે દેવ, ગુરુ અને ધર્મના સ્વરૂપનો અધિકાર લીધો છે. દેવ, ગુરુ અને ધર્મના સ્વરૂપને યથાર્થ સમજે પછી આગળની વાત છે. એમાં જો કાંઈ ભૂલ રહી તો બાકીની કોઈ વાતમાં નિર્ભૂલપણું રહી જાય, મૂળ પ્રયોજનની વાતમાં, એવું તો બની શકે નહિ. એનું બધું ભૂલવાળું હોય છે. એ તો દેવ, ગરુ, ધર્મની વાત એમણે પહેલી લીધી છે.

**अहमेव वीयरायं मम णिय ससरुवो वियरायं खलु।**
**तम्हा हि वीयरायत्तं, फुड णियधम्मसहावो तप्पदि।।३।।**

'**अहमेव वीतरागं**' એનું જ સંસ્કૃત છે.

**अहमेव वीतरागं मम निज स्वस्वरूपो वीतरागं खलु।**
**तस्मात् हि वीतरागत्वं, स्फुटं निजधर्मस्वभावो तप्यत्ति।।३।।**

એ પદ છે એનું ગદ્ય છે એટલે સાદી ભાષામાં સંસ્કૃત છે એનું.

**अहं एव वीतरागं खलु मम निजस्वरूपो वीतरागं तस्मात् स्फुटं निजधर्मस्वभावो हि वीतरागत्वं तप्यति।**

'**तप्यति**' એટલે શોભે છે, દૈદીપ્યમાન છે.

અર્થ :- '**નિશ્ચયથી હું 'વીતરાગ';...**' આ સંસારી જીવ છે ને? વીતરાગ કેવી રીતે લીધું? જીવ તો સંસારમાં પ્રગટપણે રાગી, દ્વેષી, મોહી જોવામાં આવે છે. તો કહે છે, એ એનું નિશ્ચય સ્વરૂપ નથી. નિશ્ચય એટલે એ જીવનું ખરું સ્વરૂપ નથી. અવસ્થામાં જે રાગ, દ્વેષ, મોહ (થાય છે) એ પરિણામ અનુસાર જે મન-વચન-

કાયાની ચેષ્ટા પરિણામ (થાય) એ આત્માનું કોઈ મૂળ સ્વરૂપ નથી. એટલે એ શબ્દ વાપર્યો છે. '**નિશ્ચયથી..' એમ લેવું છે. 'હું વીતરાગ...**' મૂળ સ્વરૂપે તો હું (વીતરાગ છું).

'**વળી નિશ્ચયથી મારું નિજસ્વરૂપ જે છે તે 'વીતરાગ' છે.**' એમાં બીજો કોઈ ફેરફાર નથી. આ સ્વભાવ લેવો છે. સ્વરૂપ એટલે સ્વભાવ. સ્વ સ્વરૂપ. મૂળમાં તો સ્વ સ્વરૂપ (છે). અહીંયાં મારું નિજ સ્વરૂપ એવો અર્થ કર્યો છે. સ્વનો અર્થ મારું કર્યું છે. મૂળમાં શબ્દ છે '**ससरुवो**'. સ્વ સ્વરૂપમાં. મારું સ્વરૂપ તો નિશ્ચયથી પરિપૂર્ણ વીતરાગ જ છે. અત્યારે. સર્વ કાળે સર્વ વર્તમાનમાં એને પોતાનું મૂળ સ્વરૂપ પરિપૂર્ણ વીતરાગ સ્વરૂપે છે એમ જ એને અંદરથી શ્રદ્ધાથી, જ્ઞાનથી હકાર આવવો જોઈએ. તો જ વર્તમાન દશામાં પરિપૂર્ણ વીતરાગતા નથી એને ટાળવાનો સમ્યક્ પુરુષાર્થ ચાલે. કેમકે જેવો હું, એવી જ મારી દશા હોવી જોઈએ. જેવો પોતે છે એવી દશાને જ પોતે સમંત કરે છે. એવી દશા-પરિપૂર્ણ એવી દશા ન થાય ત્યાં સુધી એ દશાને સમંત કરતો નથી કે, આ બરાબર છે, આ ઠીક છે, હવે વાંધો નથી. એ વાત રહેતી નથી.

મુમુક્ષુ :- ક્યાં ગયો અત્યાર સુધી?

પૂજ્ય ભાઈશ્રી :- એણે આ લક્ષ જ કર્યું નથી. પોતાનું નિજ પરિપૂર્ણ વીતરાગ સ્વરૂપ, એનું ખરેખર તો લક્ષ જ કર્યું નથી. જો લક્ષ કરે તો એને વર્તમાન અવસ્થાનો નિષેધ આવ્યા વિના રહે નહિ. આ નહિ, આ નહિ. આ ભાવ તે મારા મૂળ સ્વરૂપ સાથે મેળ ખાતો નથી. વિરૂદ્ધ જાય છે, વિરૂદ્ધ જાય છે. અને જે સ્વરૂપની ભાવનાવશ એણે એ સ્વરૂપને શોધ્યું, જે સ્વરૂપની ભાવનાએ કરીને એ જે સ્વરૂપ શોધ્યું એ ભાવનાને ઠેસ પહોંચાડનાર એના જ પોતાના ભાવ હોય એને એ કેવી રીતે સમંત કરે? કેવી રીતે એનો સ્વીકાર કરે? કેવી રીતે એમાં સંતોષ પામે? કેવી રીતે ત્યાં અટકે? એ વાત એને માટે રહેતી નથી.

એ દૃષ્ટિકોણથી લઈએ તો બહુ ચોખ્ખી Line છે. પોતે મૂળ વીતરાગ સ્વરૂપે છે. પરિપૂર્ણ વીતરાગતાની એની પૂર્ણતાની ભાવના પહેલેથી જ છે, એવું જ સ્વરૂપ એણે અંદરમાં જોયું પછી એને એ જ દશા ન થાય ત્યાં સુધી મેળ ખાવાનો પ્રશ્ન રહેતો નથી. એટલે બીજા પરિણામ એને બાધક લાગે છે, પોતાની ભાવનાને ઠેસ પહોંચાડનારા લાગે છે. લાગે છે, હોં! વિચારે છે એમ નહિ. વિચાર અને લાગવું એ બેમાં ફેર છે. લાગે છે તો એનો એને નિષેધ આવે છે. વિચારે છે તો વિચારીને રહી જાય છે. એનું આમાં કામ નથી. વિચાર્યું છે, આ તો ખબર છે અને વિચાર્યું છે. એનું કામ આમાં નથી.

મુમુક્ષુ :- અહીંયાં વીતરાગસ્વરૂપ કીધું. એને ગોતવું ક્યાં? રાગી સ્વરૂપ તો દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન છે એમાં રાગ ક્યાં છે? વર્તમાન ચાલતો જ્ઞાનનો જે વ્યાપાર છે, જ્ઞાન ઉપયોગ છે, સદા ઉપયોગી અવિનાશ, જે સદા ઉપયોગી છે એ ઉપયોગમાં ક્યાં રાગ છે? એમાં શક્તિ છે કે નહિ? એમા જ્ઞાનશક્તિ છે કે નહિ? દિવાસળીની જાળમાં બાળવાની શક્તિ ખરી કે નહિ? કેટલી શક્તિ? એ એનું સ્વરૂપ છે. અનંત વીતરાગ સ્વરૂપ છે. શક્તિએ અનંત વીતરાગ સ્વરૂપ છે એમ ત્યાંથી બરાબર પત્તો ખાય એવું છે.

હવે કોઈ એમ કહે કે, એવું વિચારથી ઠીક લાગે છે પણ એવું લાગતું નથી. વિચારાય છે. આપણે બે વાત જુદી પાડીએ છીએ. વિચારાય એક વાત છે, લાગવું બીજી વાત છે. વિચારાય તો છે પણ લાગતું નથી. તો શું કરવું? આ પ્રશ્ન અહીંયા થવા યોગ્ય છે. જે વિચારતા હોય એને. આ તો શોધનો વિષય છે ને? એ પ્રશ્ન જે થવા યોગ્ય છે તો એણે શું કરવું? કે જ્યાં સુધી લાગે નહિ ત્યાં સુધી તે ઉપયોગનો જ વારંવાર સંશોધક ભાવે પરિચય કરવો. તમને કોઈ એમ કહે કે, ભાઈ! આ જગ્યાએ ધન દાટેલું છે. કેટલું છે? કે, અનહદ છે. પાર નહિ, જેનો પાર નથી એટલું છે પણ છે આ જગ્યાએ. હવે કેટલું ઊંડે છે? ઊંડે તો છે. કેટલું ઊંડે છે એ વાત પછીની, પણ છે ઊંડે. ત્યારે માણસ ખોદવા લાગ્યો, લાગ્યો ને ખોદતા ખોદતા ન નીકળ્યું ઊંડે ગયો એની શક્તિ પ્રમાણે ઊંડે ગયો ને ન નીકળ્યું તો એણે એ ખોદવાનું છોડી દેવું કે ચાલું રાખવું? હવે ત્યાં નથી નીકળતું તો બીજે ખોદીએ તો? જ્યાં છે નહિ ત્યાં તો મળવાનો પ્રશ્ન નથી.

હવે જેણે બતાવ્યું એણે એક ચમત્કાર કરીને બતાવ્યું હતું કે, જો આ જગ્યાએ આ બધું દેખાય છે. ત્યાં અંદર થોડું પાણી આવે છે. પાણીની આવ છે ને થોડું પાણી આવ્યા કરે છે. પાણીમાં જો બરાબર. તો કહે, હા. અંદર તો હીરા-મોતી દેખાય છે. આ એક ચમત્કાર છે. જો ત્યાં તને દેખાય છે, સોનું દેખાય છે, હીરા-મોતી-ઝવેરાત દેખાય છે તો ખોદ. પણ હાથમાં આવતા નથી. ખોદ તું. હાથમાં ન આવતા હોય તો દેખાય તો છે કે નહિ હવે તને?

એમ તમે જ્ઞાન વીતરાગ સ્વરૂપે દેખાય છે કે રાગ સ્વરૂપે દેખાય છે? આ ચમત્કાર છે એના લક્ષણમાં. હવે ખોજ તું. જ્યાં સુધી તને અનુભવ સુધી ન પહોંચાય ત્યાં સુધી તું ખોજ. જ્યાં સુધી તારા સ્વરૂપનો પત્તો ન લાગે ત્યાં સુધી ત્યાંથી તું ખસીશ નહિ. તારું પ્રયોજન ત્યાં જ છે, એક જ જગ્યાએ છે, જ્ઞાનમાં જ તારું પ્રયોજન છે. 'સમયસાર'ની એક ૨૦૬ નંબરની ગાથા છે. બહુ સરસ છે. 'સમયસાર' ૨૦૬

નંબર.

મુમુક્ષુ :- આમાં સદા પ્રીતિવંત બન, ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. એની ટીકા બહુ સારી છે. 'સમયસાર' જ નથી? 'નિયમસાર', 'અનુભવપ્રકાશ', 'પ્રવચનસાર', 'સમયસાર' જ નથી. મૂળ શાસ્ત્ર તો બધા રાખવા જોઈએ. કેટલું વજન છે! **'એટલો જ સત્ય આત્મા છે...'** આટલો જ **'(પરમાર્થ સ્વરૂપ) આત્મા છે જેટલું આ જ્ઞાન છે.'** જેટલું આ જ્ઞાન છે એટલો જ પરમાર્થ સ્વરૂપ સત્ય આત્મા છે. એમ જાણીને, 'એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રમાં જ...' આ જ્ઞાનમાત્રમાં આખું 'સમયસાર' એમણે સમાડ્યું છે. તે **'જ્ઞાનમાત્રમાં જ સદાય રતિ...'** એટલે રુચિ પામ, એની જ રુચી રાખ. **'એટલું જ સત્ય કલ્યાણ છે...'** તારું કલ્યાણ પણ આટલું જ છે કે, **'જેટલું આ જ્ઞાન છે-એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય સંતોષ પામ;...'** એ જ્ઞાનમાત્રમાં સાવધાન થઈને સંતોષ પામ, બીજા કોઈ ભાવમાં નહિ. આટલું જ સત્ય અનુભવ કરવા યોગ્ય છે, **'એટલું જ સત્ય અનુભવનીય છે...'** ઓલું સત્ય કલ્યાણ લીધું, હોં! કારણ કે અસત્ય કલ્યાણ પણ જગતમાં ઘણું છે કે, આ તને રૂપિયા મળ્યા, દેવલોક મળ્યો, ફલાણું મળ્યું, સોનુ મળ્યું, આ મળ્યું, તે મળ્યું, કુટુંબ-પરિવાર મળ્યું... ક્યાંય કલ્યાણ નથી. આટલું જ સત્ય કલ્યાણ છે ને આટલું જ સત્ય અનુભવ કરવા યોગ્ય છે. સ્વ સ્વરૂપે, હોં! **'જેટલું આ જ્ઞાન છે.'**

**'એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય તૃપ્તિ પામ.'** સદાય એમ સંતુષ્ટ રત અને તૃપ્ત થવાથી તને વચનથી (આગોચર), **'વચનથી અગોચર એવું સુખ થશે અને તે સુખ તે ક્ષણે જ...'** તરત જ-તત્કાળ જ તું સ્વયં અનુભવશે. ત્યારે તને બીજાઓને પૂછવું નહિ પડે કે, આ શું થયું? એ તને બીજાને પૂછવું પડશે નહિ. કેમકે એ તારો જ સાક્ષાત અનુભવ હશે. આ જ્ઞાનાનુભવના મહિમાનું કથન છે. એના ઉપર જે શ્લોક લીધો છે એ નિશ્ચય સ્વરૂપનો આ શ્લોક લીધો છે.

**'अचिन्त्यशक्ति स्वयमेव देव'** તું જ અચિંત્ય શક્તિવાળો પોતે જ દેવ છો. બીજો કોઈ તારો દેવ નથી, તું પોતે જ સ્વયં દેવ છો. **'चिन्मात्रचिन्तामणिरेष यस्मात्'** ચમત્કારિક ચિંતામણિ જેવો છે. **'सर्वार्थसिद्धात्मतय विधतत्ते'** જેમાં સર્વ અર્થની સિદ્ધિ થાય છે એવો તું છો. સર્વ પ્રયોજન જેમાં સિદ્ધ છે એવો આ આત્મા છે. **'ज्ञानी किमन्यस्यपरिग्रहेण'** આવા જ્ઞાનીને બીજા પરિગ્રહથી શું પ્રયોજન છે? એને કાંઈ પ્રયોજન નથી. આ આના ઉપરનો-૨૦૬ (ગાથા) ઉપરનો શ્લોક છે.

એક સ્વસ્વરૂપના સ્વાનુભવમાં સિદ્ધપદ સુધીની સર્વ સિદ્ધિ એમાં ગર્ભિત છે,

એમાં એની લબ્ધિઓ પડી છે. સિદ્ધપદ પર્યંતની સર્વ લબ્ધિઓ એમાં સમાય છે. એક સ્વાનુભવમાં સિદ્ધપદ સુધીની સર્વ લબ્ધિઓ એમાં સમાય જાય છે. એને અહીંયાં, એવા સ્વાનુભવને અહીંયાં ધર્મ કહ્યો છે. એને અહીંયાં ધર્મનું નામ આપ્યું છે. 'ધર્મ અધિકાર' છે ને? એ ધર્મ છે. એવો સ્વભાવ, વીતરાગ સ્વભાવ તે ધર્મ છે એમ કહેવું છે. '**निजस्वरूपो वीतरागं तस्मात्**' પોતાનું જ નિજ સ્વરૂપ વીતરાગ હોવાથી. '**स्फुटं निजधर्मस्वभावो हि वीतरागत्वं**' સ્પષ્ટપણે પોતાનો નિજ ધર્મ નિજ સ્વભાવ વીતરાગભાવ છે એમ દેદીપ્યમાન છે, એમ પ્રસિદ્ધ છે, ગુપ્ત નથી એમ કહે છે. દૈદીપ્યમાન છે એમ પ્રસિદ્ધ છે.

અર્થ :- '**નિશ્ચયથી હું 'વીતરાગ'; વળી નિશ્ચયથી મારું નિજસ્વરૂપ જે છે તે 'વીતરાગ' છે. તેથી...**' '**तस्मात्**' એટલે તેથી '**પ્રગટ...**' '**स्फुटं**' એટલે પ્રગટ. નિજ જાતિસ્વરૂપ, નિજ ધર્મ એટલે '**નિજજાતિવસ્તુસ્વરૂપ જે સ્વભાવ છે તે નિશ્ચયથી વીતરાગભાવથી...**' વીતરાગભાવે તે '**દેદીપ્યમાન છે.**' એ જે શોભી રહ્યો છે, વીતરાગભાવે જ પોતાનું સ્વરૂપ શોભી રહ્યું છે. રાગ અને કષાય તો આત્માને કલંક છે એનાથી આત્મા શોભતો નથી, આનાથી શોભે છે. વીતરાગ સ્વભાવથી શોભે છે.

ભાવાર્થ :- '**અનાદિકાલથી...**' બહુ નાનું પ્રકરણ લીધું છે, ધર્મનું પ્રકરણ છે. હવે આટલું બધુ ટૂંકુ કેમ કહ્યું? કે, એમણે એક વીતરાગભાવ ઉપર બધું વજન આપીને સંક્ષેપ કરી નાખ્યો. બીજી બીજી ધર્મની અપેક્ષાઓ લઈને વાતને ઢીલી કરવી નથી. એક જ જગ્યાએ એમને જે કેન્દ્રિત થવું છે એટલે બીજી વાત આડી-અવળી કોઈ વાત લેતા નથી. એ એમના કથનની વિશિષ્ટતા છે.

અહીંયા તો જ્ઞાની કોઈ ઘણું સમજાવનાર હોય કે જ્ઞાની કોઈ થોડું બોલનાર હોય, કોઈને વાણીનો યોગ ઘણો હોય તો ઘણું ફેરવી ફેરવીને સમજાવે, કોઈને વાણીનો યોગ થોડો હોય તો બહુ જ ઓછું બોલે. સાંભળનારને તો બેય હાથમાં લાડવો છે કેવી રીતે? કે, જે વિસ્તારથી સમજાવે છે ત્યાં પણ એ એક જ વાતનો વિસ્તાર કરવા ધારે છે. જો એનું ધ્યાન રહે તો એ એક જ વાતનો વિસ્તાર કરે છે. ગમે એટલા પડખા કહીને એ એકને એક વાતનો જ વિસ્તાર કરે છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવે' ૪૫-૪૫ વર્ષ સુધી શું કહ્યું?

પૂજ્ય ભાઈશ્રી :- એક જ. વીતરાગસ્વરૂપી આત્મા છે અને વીતરાગતા જ એનો ધર્મ છે. એક જ વાત કરી બીજી કોઈ વાત નથી. એક જ વાત કરી.

આ આત્મા છે... અહીંથી શરૂઆત (થતી). પ્રવચનની શરૂઆત કેવી રીતે કરતા? કે, આ આત્મા છે... બસ! ત્યાં થોડીક વાર ઠરે. એટલે આખો આત્મા એને જ્ઞાનના

ભાસનમાં સીધો ખડો થઈ જવો જોઈએ. જ્ઞાનમાં ભાસ આવવો જોઈએ કે, આ આત્મા છે એ પરિપૂર્ણ એક સમયમાં એટલે અત્યારે જ પરિપૂર્ણ વીતરાગસ્વરૂપ છે, નિત્યાનંદ સ્વરૂપ છે, જ્ઞાનાનંદ સ્વરૂપ છે, નિર્મળાનંદ સ્વરૂપ છે. આ એમના કથનો. વગેરે વગેરે શબ્દો આવતા. પણ ઘણા રસથી! કેટલો રસ એનો? કે, પૂરા રસથી એ વિષય શરૂ થતો. પ્રવચનનો કોઈ પણ અધિકાર હોય તો અહીંથી શરૂ થાય. એ બતાવે છે કે, '**मुहुर्मुहु**' વારંવાર એ આત્માને બતાવે છે. એ એનું લક્ષણ બંધાય છે ત્યાંથી. ગુરુતત્ત્વ લીધું છે ને? લક્ષણમાં.

હવે કોઈ ઓછું બોલે એ વિવિક્ષા રહી ગઈ. તો શું છે કે એનો સતત નિરંતર પરિણમનરૂપ અભ્યાસ તો 'હું નિશ્ચયથી પરિપૂર્ણ વીતરાગ સ્વરૂપ છું' એમ વીતરાગ ભાવે વીતરાગસ્વરૂપને અનુભવવાનો સતત અભ્યાસ છે. એ ઘુંટાઈ ઘુંટાઈ ઘુંટાઈને એનો અર્ક, એમ કહે છે ને માણસ? કે આનું સત્ત્વ, એનું તત્ત્વ સંક્ષેપમાં એની વાણીમાં પૂરું આવી જાય. ન્યાય લાભ છે એને કે, લાંબુચોડુ કાંઈ વિચારવામાં ઉપયોગ ડોળાય એના કરતા એ Concentrated વસ્તુ મળી જાય, થોડામાં જાજુ જેને કહીએ, એમાંય લાભ છે. તો એને એ દૃષ્ટિએ વિચારે કે, ઓછું કહે છે પણ આખા પરિણમનનો નિષ્કર્ષ એનો એમાં આવી જાય છે. માટે જે થોડું છે એ ઘણું ધ્યાન દેવા યોગ્ય છે. થોડું હોય તોપણ તે ધ્યાન દેવા માટે ઘણું છે. એ રીતે પણ એમાં તો નુકસાનનો તો પ્રશ્ન જ રહેતો નથી.

મુમુક્ષુ :- આ બે લીટી છે ઈ સત્ત્વ છે? અર્ક છે?

પૂજ્ય ભાઈશ્રી :- બહુ ટૂંકુ કહ્યું છે. ધર્મનો અધિકાર કેટલો ટૂંકો લીધો છે. એક Paragraph માં ધર્મનો અધિકાર પૂરો કર્યો છે. '**નિશ્ચયથી હું 'વીતરાગ'.**' વળી નિશ્ચયથી મારું નિજજાતિવસ્તુસ્વરૂપ જે સ્વભાવ છે તે વીતરાગ સ્વભાવ છે અને એ વીતરાગ સ્વભાવ એ જ ધર્મ છે. '**वत्थु सहावो धम्मो**' બસ, આમ પૂરું કરી નાખ્યું. આચાર્ય ભગવાને જે સૂત્ર આપ્યું એ સૂત્ર અનુસાર અહીંયાં ટૂંકામાં વાત (કરી દીધી કે) '**वत्थु सहावो धम्मो**'. વસ્તુનો જે સ્વભાવ, વીતરાગ સ્વભાવ વસ્તુ. બસ, આ ધર્મ છે. આ સિવાય રૂઢિ, રીત-રીવાજ, ક્રિયાઓ કોઈ ધર્મ નથી, ધર્મ આટલો જ છે. અને એ ધર્મથી જ આત્મા શોભે છે, એ વીતરાગભાવથી જ આત્મા દેદીપ્યમાન છે, બીજા બધા ભાવો એની પાસે કાંઈ છે નહિ.

ભાવાર્થ લે છે. '**અનાદિકાલથી ભ્રમણ કરતાં કરતાં ભવ્ય જીવ જ્યારે કાલલબ્ધિ પામ્યો તેને પોતાનું નિજ સ્વરૂપ વ્યક્તરૂપ પરિણમ્યું ત્યારથી તે પોતાનું-જીવનું-રૂપ 'વીતરાગ' જાણે-દેખે-આચરે છે.**' આની અંદર ગર્ભિતપણે એક બહુ સારું ભાવનું

ચિત્ર છે કે, દરેક જીવ અનાદિકાળથી પરિભ્રમણ કરે છે. આ વિશ્વમાં, આ જગતમાં જે કોઈ સંસારી આત્માઓ છે એ અનેક જન્મ-મરણ કરે છે. ચોર્યાશી લાખ ઉત્પન્ન થવાના સ્થાન છે ત્યાં એ ઉત્પન્ન થાય છે એને જન્મ કહે છે. દેહ નવો નવો ધારણ કરે છે ચિત્ર-વિચિત્ર પ્રકારનો. મરે છે, જન્મે છે ને મરે છે. આ પરિભ્રમણ અનાદિકાળથી ચાલુ છે એને ભવભ્રમણ કહેવામાં આવે છે. અનંત જન્મ કર્યા ને અનંત મરણ કર્યા, અનંત જન્મ કર્યા ને અનંત મરણ કર્યા. હવે આ વિચાર કરનાર જીવ પોતાનો વિચાર કરે છે કે, મારા જીવે પણ અનંત જન્મ-મરણ કર્યા છે.

હવે જ્યારે એને કાળલબ્ધિ એટલે શું? કે, એને એ ભવભ્રમણથી છૂટવાનો ખરો ભાવ જાગ્યો, ખરો ભાવ થયો કે આ જન્મ-મરણરૂપ પરિભ્રમણમાં હું એકાંતે દુઃખને જ પામ્યો છું. ઉપાધિ ને દુઃખ સિવાય મારા જીવનમાં કદી ક્યાંય બીજું રહ્યું જ નથી. હવે મારે સર્વથા નિરુપાધિક થઈને આત્માને સુખથી, ચેનથી (રહેવું છે). આત્માની દયા એને આવી, દુઃખી થયો એનો. અનંત ભવભ્રમણ કરી ચૂકેલા એવા આ આત્માની જેને દયા આવે છે, દુઃખથી છોડાવવાની, ત્યારે એને એમ થાય છે કે, હું નિરુપાધિપણે એકલા આત્મિકસુખમાં જ મારે તો રહેવું છે. એનો જ કોઈ ઉપાય મારે શોધી કાઢવો જોઈએ. એવો જ્યારે એને અંદરથી ખરો વિચાર આવે છે ત્યારે એને કાળલબ્ધિ અહીંયાં કહી છે.

કાળલબ્ધિ એટલે શું? કે, જે કાળે એને ખરેખર આત્મ કલ્યાણનો અથવા ભવથી છૂટવાનો ખરો ભાવ અંદરમાંથી-અંતરંગમાંથી ઉત્પન્ન થયો ત્યારે તે જીવને કાળલબ્ધિ પાકવા આવી છે એમ સમજવું જોઈએ. અહીંયાં તો પછી Foot note કરીને એ વિષય ઉપર ‘મોક્ષમાર્ગ પ્રકાશક’નો ૯મો અધ્યાય જે છે, એ અધ્યાયમાં કેટલુંક કથન છે એ વિષય લીધો છે. કેમકે અહીંયાં આ વિષય કુતર્કવાળાને વિવાદ ઊપજાવે એવો છે. કોને? કુતર્કવાળાને અથવા જેને રખડવું છે. જેનું હોનહાર હજી બહુ રખડે એવું છે એને થોડાક તર્ક-વિતર્કો થાય છે કે, આ કાળલબ્ધિની વાત સાંભળતા એમ લાગે છે કે, તો પછી હવે પુરુષાર્થનું કરવું શું?

ભાઈ! જેને આવો વિચાર આવ્યો અને જે પોતાનું આત્મ હિત કરવાની દિશા બાજુ જેના પરિણામ વળ્યા એમાં પુરુષાર્થનું પરિણમન જ નહોતું? વીર્યગુણ અપરિણમનવાળો થઈ ગયો હતો? પુરુષાર્થનું પરિણમન તો બધા જીવને ચાલુ છે, કોઈને ઊંધુ ને કોઈને સવળું. પણ કોઈને પુરુષાર્થનું પરિણમન ન હોય તો એ ગુણ જ ન હોય. ગુણ તો સદાય પરિણમનશીલ છે. પછી એને પરિણમવાવો એ ક્યાં પ્રશ્ન છે? જ્યારે જે દિશામાં એ વળે છે ત્યારે પુરુષાર્થ ત્યાં યોજાય છે, જોડાય

છે સાથે સાથે. એટલે પુરુષાર્થ છે એ ન હોય એ પ્રશ્ન જ નથી. પણ આવો વિચાર કાળલબ્ધિ પામતા આવે છે. એટલી વાત જરૂર છે. બહુ સહજ છે. એનો અર્થ એની સહજતા લેવી છે.

એટલે અહીંયાં પોતાની જાતને તપાસવી રહી. આ વાત જ્યાં આવે ત્યાં એણે પોતાની જાતને તપાસવી રહી કે, અંદરથી ખરેખર મને ભવભ્રમણ છૂટવા માટેની વૃત્તિ ઉઠી છે કે નહિ? મારું ભવભ્રમણ છૂટવા માટેનો ખરેખર નિશ્ચય-નિર્ણય વર્તે છે કે નહિ? બસ. આ વિષયને તપાસી લેવો જોઈએ. તો એને પોતાની આસનભવ્યતાનો ખ્યાલ આવ્યા વિના રહેતો નથી. આ તો એણે વિચારવું હોય તો. નહિતર જેને ખરેખર પોતાનું કલ્યાણ કરવું છે એને કાળલબ્ધિનો ય શું વિચાર કરવો ને પુરુષાર્થનો ય શું વિચાર કરવો? એ તો કામે લાગે છે. બસ! એને ટપ ટપથી કામ નથી, મમ મમથી કામ છે. એને આ શું ને આ શું? આનું શું ને તેનું શું? એની માથાફોડમાં જવાને બદલે ખરેખર એ અંદરમાં કામે લાગી જાય છે. એ મુખ્ય એનું કામ છે.

'**તેને પોતાનું નિજ સ્વસ્વરૂપ વ્યક્તરૂપ પરિણમ્યું...**' કાળલબ્ધિ પામ્યો એને પોતાનું નિજ સ્વરૂપ વ્યક્તરૂપ પરિણમ્યું. એટલે એને પોતાના સહજ પ્રત્યક્ષ સ્વરૂપને અંદરમાં જોયું. જોતા એને શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ થયું. એને પરિણમ્યું એમ કહે છે. '**ત્યારથી તે પોતાનું- જીવનું રૂપ 'વીતરાગ' જાણે...**' છે, વીતરાગ દેખે છે અને વીતરાગ ભાવે એનું આરધન કરે છે, આચરે છે. આમ થાય છે. Foote note પછી વાંચશું. Foote note છે જે કાળલબ્ધિ ઉપરની એ ચર્ચાસ્પદ વિષય છે એટલે ચર્ચાનો વિષય (કરીને લીધો છે). એમાં પ્રશ્ન ઉઠાવ્યો છે 'ટોડરમલજી'એ અને એનો ઉત્તર પણ આપ્યો છે. અને એ સંભવિત પ્રશ્ન છે. ભલે એ પ્રશ્ન કુતર્કવાળાનો છે, સીધી Line વાળાનો નથી. પણ છતાં પણ પ્રશ્ન-ઉત્તરથી જો એનું સમાધાન કરવામાં આવે તો કોઈ એવા તર્કમાંથી પણ એને અસ્થિર અને વિચલિત કરે નહિ.

તર્ક એક એવી ચીજ છે કે જો માણસ ખરેખર બરાબર તત્વને એના ભાવથી ઓળખીને વળગ્યો ન હોય તો વિચલિત થતા વાર લાગે નહિ. અથવા એક બીજી પણ એવી અપેક્ષા છે કે, મોક્ષમાર્ગની અંદર દાખલ થનાર જીવ પણ મોટા ભાવના જીવો મંદ પુરુષાર્થી હોય છે. જેમ વિશ્વમાં પરિભ્રમણ કરતા મોટાભાગના જીવો સાધક હોતા નથી, પરિભ્રમણ કરવાવાળા હોય છે, સાધક જીવો બહુ અલ્પ હોય છે. એમ જે સાધક જીવો છે એમાં તીવ્ર પુરુષાર્થી જીવો બહુ અલ્પ હોય છે અને મંદ પુરુષાર્થી જીવો બહુભાગ હોય છે.

એ પરિસ્થિતી જોઈને જ્ઞાનીઓએ એક એવી પણ સ્પષ્ટતા કરી છે, સત્પુરુષોએ

આ વિષય પણ સ્પષ્ટ કર્યો છે કે, જો સત્સમાગમથી ચારેય પડખા ચોખ્ખા અને દઢ કરીને જો મોક્ષમાર્ગમાં જીવ આવ્યો હોય તો એ જીવ જલદી વિચલિત થઈને એની શ્રેણી ગુમાવતો નથી. અને સત્સમાગમ વિના કોઈ શ્રેણીએ ચડ્યો હોય તો એની એટલી દઢતા અથવા એટલી એની નિશ્ચળતા નથી હોતી તો એની પડવાની પણ જગ્યા છે, અવકાશ છે. એટલે સત્સમાગમના જેટલા પડખા ખોલ્યા છે, સત્સમાગમના લાભાલાભના જેટલા પડખા ખોલ્યા છે, એમાં આ પણ એક એવી મહત્ત્વની વાત કરી છે. જો મુમુક્ષુની ભિન્નતામાં ચારે પડખેથી સત્સમાગમથી એણે વિષય દઢ કર્યો હોય, ચોખ્ખો કર્યો હોય તો એ જલ્દી વિચલિત થાય નહી. નહિતર વિચલિત થવાની સંભાવના રહી છે એમ જાણીને પણ એને સત્સમાગમથી વસ્તુનું સ્વરૂપ સ્પષ્ટ કરીને, ચોખ્ખું કરીને દઢ હોવું જોઈએ. એ નિર્મળતાનું કારણ છે.

શું કહે છે? કે, નિજ સ્વરૂપ પરિણમ્યું ત્યારથી, જ્યારથી વ્યક્ત પરિણમન થયું ત્યારથી તે પોતાનું જીવનું રૂપ વીતરાગ જાણે છે, વીતરાગપણે પોતાને અનુભવે છે, વીતરાગપણે જ આચરણ કરે છે. '**તે 'વીતરાગ' તે જીવનો નિજ ધર્મ...**' તે વીતરાગ છે, વીતરાગને જ જીવનો નિજધર્મ અનુભવે છે. એ વીતરાગતા છે એ જ જીવનો નિજધર્મ છે. એમ સ્વધર્મ તરીકે, સ્વસ્વભાવ તરીકે અનુભવે છે. અન્ય સર્વ ભાવને અશુદ્ધ જાણે છે, ભિન્ન જાણે છે, અધર્મ જાણે છે. એને ધર્મ જાણતા નથી. કોઈ શુભભાવ હોય, અશુભભાવનો તો પ્રશ્ન નથી, એને ભિન્ન જાણે છે, મલિન જાણે છે અને અધર્મ જાણે છે. વિશેષ વિસ્તાર લઈશું...

## તા. ૨૮-૪-૧૯૮૬, પાના નં. ૯,
## પ્રવચન નં. ૬

Foote note માંથી લઈએ. ભાવાર્થમાં એમ કહ્યું કે, '**અનાદિકાલથી ભ્રમણ કરતાં કરતાં ભવ્ય જીવ જ્યારે કાલલબ્ધિ પામ્યો તેને પોતાનું નિજ સ્વસ્વરૂપ વ્યક્તરૂપ પરિણમ્યું...**' કાળલબ્ધિ પામીને પોતાના સ્વરૂપે વ્યક્તરૂપે પરિણમ્યું એ કાળલબ્ધિ ઉપર અહીંયા 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં જે રીતે 'ટોડરમલ્લજી'એ ખુલાસો કર્યો છે એ વિષય અહીંયાં સ્પષ્ટ કરે છે.

'**જ્યાં જ્યાં કાળલબ્ધિ આવે...**' કાળલબ્ધિ શબ્દનો જ્યાં જ્યાં પ્રયોગ આવે છે ત્યાં 'મોક્ષમાર્ગ પ્રકાશક અ. ૯ (ગુજરાતી આવૃત્તિ) પાના-૩૧૧ અનુસાર આવો અર્થ સમજવો.' ત્યાં પણ પ્રશ્ન ઉઠાવીને 'ટોડરમલ્લજી'એ આ વિષયનું સ્પષ્ટીકરણ કરેલું છે.

'**પ્રશ્ન :- મોક્ષનો ઉપાય કાલલબ્ધિ આવતાં ભવિતવ્યાનુસાર બને છે કે મોહાદિકનો ઉપશમાદિ થતાં બને છે કે પોતાના પુરુષાર્થથી ઉદ્યમ કરતાં બને છે તે કહો.**' ત્રણ વાત લીધી છે. કાળલબ્ધિ એ પોતાની વર્તમાન ક્ષણિક ઉપાદાન શક્તિ. દર્શનમોહ વગેરેનો ઉપશમ. એ ઉપશમ એટલે કર્મનું નિમિત્ત, નિમિત્ત ઉપશમી ગયું ત્યાં. કર્મનો જે ઉદય આવવાને બદલે ઉપશમ થયો. પ્રથમ ઉપશમ સમ્યગ્દર્શન થાય છે ત્યારે મિથ્યાત્વમોહનીના, દર્શનમોહનીના ઉદયમાં પરમાણુ આવવાને બદલે એ કર્મ પ્રકૃતિના પરમાણુ ઉપશમિત થાય છે. એ નિમિત્તપરક વાત છે.

કાળલબ્ધિ એટલે વર્તમાન અવસ્થા. કાળ એટલે વર્તમાન અવસ્થા, લબ્ધ નામ પ્રાપ્ત. એવી ભવિતવ્ય ત્યાં છે-એમ બનવા યોગ્ય છે. ભવિતવ્ય એટલે એમ બનવા યોગ્ય, એવું જ બનવા યોગ્ય છે. એ ક્ષણિક ઉપાદાનરૂપ પર્યાયનો વિષય છે. પુદ્ગલ કર્મ પ્રકૃતિમાં દર્શનમોહની કર્મનો ઉપશમ થવો તે નિમિત્તનું પરિણમન છે. અને પોતાના પુરુષાર્થથી ઉદ્યમ કરતાં બને છે. અંદરમાં જે વીર્યગુણ છે એનું પરિણમન થાય છે. ત્રિકાળી શક્તિથી કાર્ય થાય છે એમ લેવું છે. કઈ રીતે કાર્ય થાય છે એમ પ્રશ્ન ઉઠાવ્યો છે.

'**જો પહેલાં બે કારણો મળતા બને છે...**' એટલે કે કાળલબ્ધિ એને મોહાદિકનો ઉપશમ. એ બે કારણ બને છે ત્યારે '**તો તમે અમને ઉપદેશ શા માટે આપો છો?**'

ઉપદેશની શું આવશ્યકતા છે? જ્યારે મોહકર્મનો ઉપશમ થશે અને જ્યારે કાળલબ્ધિ આવી પહોંચશે ત્યારે અમારું કાર્ય થશે. એમાં ઉપદેશની આવશ્યકતા નથી, સમજવાની આવશ્યકતા નથી. આમ કરો, તેમ કરો, પુરુષાર્થ કરો એ વાત રહેતી નથી. એક વાત.

**'અને જો પુરુષાર્થથી બને છે તો ઉપદેશ સર્વ સાંભળે છે...'** ઉપદેશ સાંભળીને પુરુષાર્થ કરનારા હોય છે. એટલે પુરુષાર્થથી કાર્ય થાય છે. માટે પુરુષાર્થ કરવા અર્થે પુરુષાર્થ પ્રેરક ઉપદેશ છે એ સાંભળવો યોગ્ય છે, એમ જો તમે કહેવા માંગતા હો તો અમારો એ તર્ક છે કે, ઘણા જીવો ઉપદેશ સાંભળે છે, સર્વ જીવો ઉપદેશ સાંભળે છે. જેટલા સાંભળે એ તો બધા સાંભળે છે, સર્વ સાંભળે છે. તેમાં કોઈ પુરુષાર્થ કરીને સમ્યગ્દર્શનને પામે છે, કોઈ નથી પામી શકતા એનું કારણ શું? પ્રશ્ન કરનારે એવો વિચાર કર્યો છે કે, સાંભળનાર બધા એક જ કક્ષામાં રહીને સાંભળે છે. એવું હોઈ શકતું નથી. સાંભળનાર જીવોની બધા જીવોની પાત્રતા, બધા જીવોની યોગ્યતા, બધા જીવોની કોટી-કક્ષા એકસરખી હોતી નથી.

પ્રશ્ન કરનારે તો એમ જ પ્રશ્ન કર્યો છે કે, બધા સાંભળે છે. માટે કો'કને જ પુરુષાર્થ થાય છે એનું શું કારણ? અથવા કાળલબ્ધિ અનુસાર કાર્ય થાય છે, કાળલબ્ધિ પાકતા, કાળલબ્ધિ પામતા કાર્ય થાય છે તો એ વિષય ઉપર કેટલાક જીવોને એવો વિચાર આવે છે કે, અમારી ભાવના શુદ્ધ છે. અમારે ખરેખર સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવી છે. મિથ્યાત્વ અમારું મટે તો સારું એવી અમને જરૂર અંદરથી, અમારા હૃદયથી, અંતરથી ઈચ્છા રાખીએ છીએ, અભિલાષા રાખીએ છીએ. પુરુષાર્થ કરવા માટે પણ સાંભળવું વગેરે ઘણું કરીએ છીએ. જે કરવા યોગ્ય અમને સૂઝે, અમને આવડે, અમારી શક્તિ હોય એટલું કરીએ છીએ. પણ કાર્ય થતું નથી માટે એમ લાગે છે કે, હજી કાળલબ્ધિ પાકી લાગતી નથી. આમ કોઈ વિચારી લે છે. એ રીતે કાળલબ્ધિના વિષયમાં વિચારતા કેટલાક જીવો અન્યથા વિચારે છે, અયથાર્થ વિચારણામાં આવે છે એનો અહીંયાં ખુલાસો કરવો છે.

**'ઉત્તર :- એક કાર્ય થવામાં અનેક કારણો મળે છે.'** પહેલા તો એક સામાન્ય સિદ્ધાંત-Geeral principle શું છે આ વિષયમાં? કાર્ય-કારણના વિષયમાં, એનું નિરૂપણ 'ટોડરમલ્લજી' કરે છે. **'એક કાર્ય થવામાં અનેક કારણો મળે છે.'** જ્યારે એક કાર્ય સંપન્ન થવાનું હોય, પ્રાપ્ત થવાનું હોય ત્યારે ઉપાદાનના, નિમિત્તના, ભવિતવ્યતાના બધા કારણો હોય જ છે, મળે જ છે. બધા કારણો મળે છે અને કાર્ય થાય છે. બધા કારણોનું કાર્ય થવામાં બધા કારણો, આનુષંગિક બધા કારણોનું ઉપસ્થિત હોવું

હોય છે.

આ તો એક સ્વાભાવિક જગતની અંદર ત્રણેય કાળે જે કોઈ કાર્ય સંપન્ન થાય છે એની અંદર આ પ્રકાર છે, છે ને છે. આવો પ્રકાર હોતો નથી ને કાર્ય થાય છે એમ બનતું નથી. એટલે ભવિતવ્ય, પુરુષાર્થ, નિમિત્ત-યોગ્ય નિમિત્તનો સદ્‌ભાવ કે અભાવ કે જે કાંઈ, અહીંયાં ઉપશમ છે એટલે નિમિત્તનો અભાવ હોવો જોઈએ, એવું નિમિત્તનું પરિણમન યથાયોગ્ય નિમિત્તનું પરિણમન, યથાયોગ્ય ઉપાદાનનું પરિણમન, એ કાર્ય થાય ત્યારે બધું હોય જ છે. કોઈને લાવવું પડે કે આવ્યું હોય એને કોઈને ખસેડવું પડે એવી વસ્તુસ્થિતિ કાર્ય બનવાનું હોય ત્યારે હોતું નથી.

ટૂંકામાં કોઈપણ કાર્ય, તે કાર્ય એની પરિપક્વ અવસ્થાએ જ ઉત્પન્ન થયું છે. અપરિપક્વ અવસ્થાએ કોઈ કાર્ય ઉત્પન્ન થયું નથી. જેમ વૃક્ષ ઉપર ફળ પાકે એને પાકતો રોકવા કોણ સમર્થ છે? પાકી ગયું એટલે પાકી ગયું. તો એના સ્વકાળે એ ફળ બરાબર પાકી જાય છે. એ સહજ કુદરતી, વૈજ્ઞાનિક છે. એમ જ પ્રત્યેક અવસ્થાનું ઉત્પન્ન થવું એના પરિપક્વ કાળે છે. એ વસ્તુનું વિજ્ઞાન છે. ત્યારે યોગ્ય નિમિત્તનો સદ્‌ભાવ કે અભાવ હોય જ છે. એમાં કોઈને લાવવું-કાઢવાનો પ્રશ્ન હોઈ શકતો નથી. આ જગતના સર્વ પર્યાયો, સર્વ પર્યાયરૂપ કાર્યો માટે આ સિદ્ધાંત છે એ બધે જ આ સિદ્ધાંત અનુસાર જ કાર્ય થાય છે.

'**અનેક કારણો મળે છે.**' જુઓ! એક કાર્ય થવામાં અનેક કારણો મળે છે એમાં એમ ન કહ્યું કે, એક કાર્ય થવામાં કેટલાક કારણ મળે છે અને કેટલાક કારણ મેળવવા પડે છે. એવું નથી કહ્યું. અનેક કારણો જે છે એ કારણો મળે જ છે. જે કારણો હોવા ઘટે તે આવી મળે છે. કેટલાક આવી મળી છે ને કેટલાક મેળવવા પડે છે એમ નથી હોતું.

હવે અહીંયાં મોક્ષરૂપી કાર્ય લેવું છે. '**મોક્ષનો ઉપાય બને છે ત્યાં તો પૂર્વોક્ત ત્રણેય કારણો મળે છે તથા નથી બનતો ત્યાં એ ત્રણેય કારણો નથી મળતા.**' ત્રણ કારણ લીધા. કાળલબ્ધિ, કર્મનો અભાવ અને પુરુષાર્થ. મોક્ષના ઉપાયમાં આ ત્રણ કારણ વિચારીએ તો જ્યાં જે જીવને મોક્ષનો ઉપાય જેની અવસ્થામાં બને છે, (ઉપાય એટલે માર્ગ), મોક્ષ પામવાનો ઉપાય એટલે મોક્ષ પામવાના માર્ગમાં જે આવે છે તેને ત્રણેય કારણો મળે છે. તે જીવને પુરુષાર્થનો ઉપાડ પણ હોય છે અંદરથી, તે જીવને કર્મનો અભાવ પણ પ્રકૃતિમાં થાય છે, કર્મના ઉદયમાં, અને તે જીવને કાળલબ્ધિ પણ પાકેલી હોય જ છે. કાળલબ્ધિ ન પાકેલી હોય એવું બને અને એને પુરુષાર્થ ચાલે છે, પુરુષાર્થ ચાલે છે એ કાળલબ્ધિ ન પાકેલી હોય એવું

કાંઈ બનતું નથી. અને કર્મ પણ સ્વતંત્ર હોવા છતાં, જીવને આધીન નહિ પરિણમતા હોવા છતાં પણ સ્વયં, એનો અભાવ પણ સ્વયં જ બને છે. એમાંય કાંઈ જીવનો હસ્તક્ષેપ છે, કાર્ય કરવું પડે છે એવી ખરેખર વસ્તુસ્થિતિ નથી.

**'જ્યાં એ મોક્ષનો ઉપાય બને છે ત્યાં તો પૂર્વોક્ત ત્રણેય કારણો મળે છે તથા નથી બનતો ત્યાં એ ત્રણેય કારણો નથી મળતા.'** ત્યાં ત્રણમાંથી એકેય કારણ હોતું નથી. એટલે કોઈ જીવ એમ વિચારે કે, પુરુષાર્થ તો અમે કરીએ છીએ, પણ શું કરીએ કર્મનો ઉદય એવો છે કે અમને સફળ થવા (દેતો નથી), અમારા પુરુષાર્થને સફળ થવા દેતો નથી. એ વાત તદ્દન જૂઠી છે. અથવા પુરુષાર્થ તો અમારે ઘણો કરવો છે પણ જ્યાં સુધી અમારી કાળલબ્ધિ ન પાકી હોય ત્યાં સુધી કાંઈ કાર્ય ન સંપન્ન થાય એ સ્પષ્ટ છે. માટે પુરુષાર્થની ખામી નથી પણ કાળલબ્ધિની ખામી છે કે કર્મ નડે છે. બન્નેમાંથી એકેય વાત સાચી નથી. એમ લેવું છે.

**'પૂર્વોક્ત ત્રણ કારણો કહ્યાં તેમાં કાલલબ્ધિ વા હોનહાર તો કોઈ વસ્તુ નથી, જે કાળમાં કાર્ય બને તે જ કાલલબ્ધિ તથા જે કાર્ય થયું તે જ હોનહાર.'** છે. પહેલા તો હવે ત્રણે કારણની એક એક વાતને સ્પષ્ટ કરવી છે. કાળલબ્ધિ એટલે તું શું સમજે છો? કાળલબ્ધિ એટલે જે કાળે જે કાર્ય પ્રાપ્ત થયું, લબ્ધિ એટલે પ્રાપ્તિ. અહીંયાં લબ્ધિનો અર્થ લબ્ધિ એટલે પ્રાપ્તિ. જે કાળે જે કાર્ય પ્રાપ્ત થયું તે કાર્યની તે કાળલબ્ધિ જ છે. તે કાળલબ્ધિ નથી એમ નથી. અને એ તે કાળે થવા યોગ્ય હોનહાર હતું તે થયું.

હવે બીજા એક દૃષ્ટિકોણથી વિચારીએ. અહીંયા એ વિષય સ્પષ્ટીકરણમાં નથી. પણ બહુ બુદ્ધિગમ્ય એક વિષય વિચારવા જેવો એ છે કે, આ જીવ કર્મના ઉદયને, પરમાણુને જોઈ શકતો નથી. કર્મના પરમાણુની જે અવસ્થા છે કે, આ કર્મનો ઉદય આવ્યો એમ જોઈ શકે છે? તો જે જ્ઞાનગોચર ન થતું હોય, જે પદાર્થ જ્ઞાનગોચર ન થતો હોય, જે વિષય જ્ઞાનગોચર ન થતો હોય એમાં બુદ્ધિ કઈ રીતે ચલાવવી? એ કાર્ય માટે એણે કેવી રીતે પ્રયત્ન કરવો? એટલે કર્મના પરમાણુની અવસ્થા વિશે કોઈપણ છદ્મસ્થ જીવના બુદ્ધિનો, જ્ઞાનનો વિષય નહિ થઈ શકતો હોવાથી, કેમકે એ સૂક્ષ્મ પર્યાય છે અને છદ્મસ્થનું જ્ઞાન સ્થૂળ છે, કેવળજ્ઞાન સિવાય કર્મના પરમાણુની અવસ્થાનું જ્ઞાન થતું નથી.

કોઈ છદ્મસ્થ જીવ, કર્મ નડે છે કે કર્મ નથી નડતા એ જાણી શકતો નથી. જાણી શકે છે? કેમકે કર્મની અવસ્થાને એ જોઈ શકતો નથી. જે વિષય એના જ્ઞાનમાં આવી શકતો નથી, એવા વિષય સંબંધી એને કાંઈ કરવું, નહિ કરવાનો પ્રશ્ન જ

રહેતો નથી. એટલે એ કોઈ બુદ્ધિપૂર્વકના પ્રયત્નનો વિષય ન રહ્યો. કર્મની Side છે એ. બીજી વાત, કે કાળલબ્ધિ છે. પાકી છે કે નથી પાકી એ પણ છદ્મસ્થના જ્ઞાનનો વિષય નથી. એ કેવળજ્ઞાનનો વિષય છે. છદ્મસ્થને કેમ ખબર પડે મારી કાળલબ્ધિ ક્યારે પાકી છે? એને કોઈ ભવિષ્યમાં મારી આ પર્યાય આ કાળે થશે એવી કાંઈ છદ્મસ્થને તો ખબર પડતી નથી. માટે કાળલબ્ધિ એ પણ એની બુદ્ધિનો વિષય રહેતો નથી.

હવે એના સ્વવશ પરિણામ અથવા જે કરી શકવા યોગ્ય છે એ પોતાના પરિણમનમાં પુરુષાર્થનો ઉપાડ થવો એ વિષય એની બુદ્ધિનો છે, એની સમજણનો છે કે, હું શું કરું તો મારો પુરુષાર્થ ઉત્પન્ન થાય? જો હું મારું સ્વરૂપ સમજું અને મારા સ્વરૂપમાં રહેલુ મારું સામર્થ્ય અને મારી શક્તિઓની મને સમજ આવે, મને ભાન આવે તો એ સંબંધીનો મારો પુરુષાર્થ આપોઆપ કાર્યગત થાય, સહજ જ ઉત્પન્ન થાય. આ વિષય સમજણથી, બુદ્ધિથી બરાબર આદરી શકાય છે, એનો અમલ કરી શકાય છે.

તેથી એ વિષયમાં જીવ જો પ્રયત્નવાન થાય, એ દિશામાં પ્રયત્નવાન થાય તો કાળલબ્ધિ અને બાકીનું જે કર્મનું કાર્ય છે, ઉપશમ થવો કે ક્ષય થવો જે કાંઈ થવો, એ તો આપોઆપ છે. એવું કદાપિ ન બને કે, કોઈ જીવનો સમ્યક્ પુરુષાર્થ ઉત્પન્ન થાય અને એની કાળલબ્ધિ ન પાકી હોય. એવું કદી બનતું નથી. કોઈ એક અપવાદરૂપ ત્રણે કાળમાં કોઈ એક પણ Case એવો બનતો નથી. જેને પુરુષાર્થ ઉપડે અને એની કાળલબ્ધિ બાકી રહી ગઈ એવો એક પણ દાખલો નથી. હજી સુધીમાં નથી ને હવે પછીમાં નહિ હોય. આ પરિસ્થિતિ હોવાથી જીવે વજન દેવું, જીવે લક્ષ આપવું, વિચાર કરવો અથવા કાંઈ પણ બુદ્ધિગમ્ય કોઈ દિશામાં પ્રયત્ન કરવો હોય તો તે પુરુષાર્થની દિશામાં પ્રયત્ન થઈ શકવા યોગ્ય છે. કાળલબ્ધિની દિશામાં કે કર્મના ઉદય, ઉપશમ, ક્ષયોપશમની દિશામાં કોઈ પ્રયત્ન જીવનો થઈ શકવા યોગ્ય નથી. આ સીધું સમજી શકાય એવું છે.

મુમુક્ષુ :- અજ્ઞાની જીવને રુચિ થાય છે તે કર્મ અનુસાર થાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એવું કાંઈ નથી. કર્મ અનુસાર નથી થતું. કર્મ અનુસાર રુચિ થાય છે એવું કાંઈ નથી. અમુક કર્મનો ઉદય હોય તો એને રુચિ થાય ને અમુક કર્મનો ઉદય ન હોય તો રુચિ ન થાય એવું કાંઈ નથી. ને એણે ક્યાં કર્મ જોયા છે? આપણે તો પોતાની જાતને આમાં સામેલ કરવી જોઈએ કે, મારે શું કરવું? મને તો કર્મ દેખાતા નથી. હવે એણે એમ વિચારવું કે અમુક પ્રકારના કર્મના ઉદયમાં ફેરફાર થશે ત્યારે મને રુચિ થશે? ત્યાં સુધી મને રુચિ નથી થતી. કેમકે

એવો કોઈ (કર્મનો ઉદય ચાલે છે). માની લ્યો એમ, અંદાજ કરી લ્યો, અનુમાન કરી લ્યો, માની લ્યો કે કર્મનો ઉદય નથી. જો એમ કોઈ વિચારે છે, માનો કે એવું કોઈ પોતાને માટે કોઈ જીવ વિચારે તો એના માટે સ્પષ્ટ કહી શકાય એવું છે કે એ જીવને પોતાનું સ્વકાર્ય કરવાની જરૂરીયાત દેખાણી નથી. પાણીની તરસ લાગે અથવા કોઈ ચીજની જરૂરીયાત લાગે ત્યારે એમ વિચાર કરશે કે એ પ્રકારના કર્મનો ઉદય આવે ત્યાં સુધી રાહ જોઈએ આપણે.

મુમુક્ષુ :- આપની દલીલ છે કે ઉપદાન...

પૂજ્ય ભાઈશ્રી :- પણ તમે Practically શું કરો છો? પૈસાની જરૂર છે. ગૃહસ્થી ચલાવવા માટે પૈસાની જરૂર છે. તો આપણા કર્મનો પુણ્ય કર્મનો, શુભ કર્મનો ઉદય આવે ત્યાં સુધી રાહ જોઈએ. એમ કરીને કોઈ બેસી રહે છે ઘરે? અવળું પડતું હોય તોય તે કર્યા કરે. અવળું પડે છે પણ અવળું ફેરવીને સવળું કરવું એમ એને થાય. શું થાય એ વખતે એને ભાવ? કે, આ ભલે અવળું થાય છે પણ એને ફેરવીને સવળું કરવું. ફેરવી શકતો નથી પણ એનો ભાવ શું રહે છે?

દરેક જીવને જરૂરીયાત અનુસાર પુરુષાર્થ યોજાય છે. આ ત્રણે કાળનો અબાધિત સિદ્ધાંત છે. પુરુષાર્થનો વિષય વિચારીએ તો જેને જે પદાર્થની જરૂરીયાત લાગી તે પદાર્થને પ્રાપ્ત કરવાની દિશામાં તેનો પુરુષાર્થ યોજાયા વગર રહે નહિ, જોડાયા વગર રહે નહિ. આ તો અનુભવથી સમજાય એવી વાત છે. હવે જો તને સમ્યગ્દર્શન, મોક્ષમાર્ગ કે મોક્ષની જરૂરીયાત સમજાણી હોય અથવા ઉપાધિથી છૂટીને નિરુપાધિક સુખની જરૂરીયાત તને સમજાણી હોય તો એ દિશામાં તારો પ્રયત્ન ચાલવાનો છે. એમાં તું કર્મની રાહ જુએ છો કે અમુક પ્રકારના કર્મમાં ફેરફાર થાય તો પછી મારું કાંઈક કાર્ય આગળ ચાલે. એમ જો તને રાહ જોવાનું મન થતું હોય તો તને જરૂરીયાત લાગી છે એ વાત સ્પષ્ટપણે સમજાય છે કે, તને જરૂરીયાત દેખાણી (નથી), લાગી જ નથી. આ તો એકદમ વ્યવહારીક વાત છે.

શું કહે છે (અહીંયાં)? કે, કાળલબ્ધિ તો કોઈ વસ્તુ નથી. 'જે કાળમાં કાર્ય બને તે જ કાલલબ્ધિ તથા જે કાર્ય થયું તે જ હોનહાર છે.' એટલે એ કોઈ એવી વસ્તુ નથી, જુદી વસ્તુ નથી. એ તો સર્વ કાળે જે પર્યાય પ્રાપ્ત થાય છે તે જ હોનહાર ને તે જ કાળલબ્ધિ છે. એના માટે કાંઈ બીજી વાત વિચારવાની રહેતી નથી. 'વળી કર્મના ઉપશમાદિક છે તે તો પુદ્‌ગલની શક્તિ છે, તેનો કર્તા-હર્તા આત્મા નથી,...' જે પુદ્‌ગલના પરિણામ છે એને આ જીવ કરી શકતો જ નથી. જ્યાં અશક્યપણું છે, જે કાર્ય કરવા માટે જીવ અશક્ત છે, અશક્ય છે એ કાર્ય કરવા, નહિ કરવાની

અપેક્ષા ઊભી થતી નથી. જો ખબર પડે કે આ લાકડાની પુરી વણાય નહિ. પુરી ખાવી હોય તો ઘઉંના લોટની કણી બાંધીને પુરી તળવી જોઈએ. આ લાકડામાંથી પુરી બને? આને નાખો તેલમાં. તો એ સંબંધીનો પુરુષાર્થ આ લાકડા સાથે કરવાનો કોને વિચાર આવે? જે વસ્તુ અશક્ય છે એની સામે તો કાંઈ કરવાનો પ્રશ્ન રહેતો નથી. કર્મના પરમાણુને આ જીવ પરિણમાવી શકતો નથી એના કોઈ કાર્યને કરવા-હરવા આ જીવ સમર્થ નથી, પછી એનો વિચાર એણે કરવા યોગ્ય નથી.

વર્તમાનમાં આખા શ્વેતાંબર સંપ્રદાયમાં અને દિગંબર સંપ્રદાયમાં આ કર્મનું ભૂત બધાને વળગ્યું છે. ત્યાગીઓ, સાધુઓ, પંડિતો, વિદ્વાનો બધાને કર્મનું ભૂત વળગી ગયું. કર્મ છે એ નડે છે માટે કર્મ ન નડે એવા બધા ઉપાયો કરો. તો કો'કે તો કર્મની પૂજા કરવા માંડી. જેમ નાગ પૂજા કરે એમ. અંતરાય કર્મની પૂજા કરો કે, અંતરાયકર્મ દેખાવ દે નહિ.

મુમુક્ષુ :- દિગંબરમાં પણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, છે, છે. ઊંધા લાકડા બધે ગરેલા છે. નાગપાંચમી આવી. નાગ દેખા દે નહિ માટે એની પૂજા કરો. નીકળે તો લાકડી લે કે સાંણસો લે. વિચિત્રતા છે આ બધી, જગતની ઊંધી માન્યતાની આ બધી વિચિત્રતા છે. ભાઈ! કર્મ નડે છે માટે ન નડે એવું કાંઈ કરો. પણ તેં ભાળ્યા કે'દી કર્મને? તેં જોયા કે દિવસે? નડતા કે દિવસે જોયા તેં કર્મને? કર્મ તો જીવને દેખાતા પણ નથી અને કદાચ તું ઉદયમાન સંયોગો ઉપરથી કર્મના ઉદયનું અનુમાન કરે છો તો પણ એ ઉદયના પરમાણુ સંયોગના કે કર્મના પરમાણુ કે નોકર્મના ઉદયના પરમાણુ, તારો કોઈ અધિકાર નથી એની અંદર. જીવ એને કરી શકે, હરી શકે, અનિષ્ટને ટાળી શકે, ઈષ્ટને મેળવી શકે, એનું માનેલું ઈષ્ટ-અનિષ્ટ, હોં! છે નહિ કોઈ પદાર્થ, એ વસ્તુના સ્વરૂપમાં નથી. વસ્તુ સ્થિતિએ એ વાત છે જ નહિ. પછી એ દિશામાં પ્રયત્ન કરવો એ ખરેખર પ્રયત્ન નથી પણ એ એક જીવની કલ્પના છે, ફાલતું કલ્પના છે. એનાથી કોઈ બની શકવાનું નથી. અને જો કોઈ જીવ સંયોગોમાં ફેરફાર કરી શકતો હોય તો જગતની વ્યવસ્થા રહી શકે એવી પરિસ્થિતિ પણ નથી. કોઈ કોઈને રસ્તા ઉપર ચાલવા દે એમ નથી. આ પરિસ્થિતિ છે. આ મહાસત્તાઓનું ઘર્ષણ છે કે નહિ જગતની અંદર? કેટલા ઘર્ષણ? કે બધા જ ક્ષેત્રમાં ઘર્ષણ ઊભા છે. પણ કોઈ કોઈનું કાંઈ કરી શકે એ વસ્તુવ્યવસ્થા છે જ નહિ.

મુમુક્ષુ :- વિપરીત પરિસ્થિતિ હોય ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્મરણ કરવાથી નિદ્ધત અને નિકાચિત કર્મો પાતળા પડી જાય એવું કથન જ કથાનુયોગમાં આવે તો એનું શું?

પૂજ્ય ભાઈશ્રી :- એવું કથન આવે તો એવા કથનથી લોભી જીવ લોભને મજબૂત કરે છે. આમાં શું છે કે ઉપદેશ તો બધા સાંભળે છે. પણ કેમ બધાને પુરુષાર્થ થતો નથી અથવા પોતાનું કાર્ય થતું નથી? કે, બધાને સાંભળવાનો દષ્ટિકોણ જુદો હોય છે. પોતાના દષ્ટિકોણ રાખીને સૌ સાંભળે છે એટલે બધાને એકસરખું ફળ આવતું નથી.

એક દષ્ટાંત લઈએ કે, જ્યારે પ્રતિકૂળ કર્મનો ઉદય હોય ત્યારે દેવ, ગુરુ, શાસ્ત્રનું વધારે ભજન કરીએ તો પ્રતિકૂળ ઉદય પાછો ઠેલાય જાય એવું શાસ્ત્રમાં આવે છે. તો જે જીવ લોભના દષ્ટિકોણથી એ કથનને વાંચે છે, સાંભળે છે, અંગીકાર કરે છે એ પ્રતિકૂળતા આવશે ત્યારે પોતાના લોભના પર્યાયને વધારે દઢ કરવા અર્થે દેવ, ગુરુ, શાસ્ત્રનું સ્મરણ કરશે. તો કર્મનો તો એવો સિદ્ધાંત છે કે, તું ક્યા ભાવે પરિણામ કરે છે? ક્યા અભિપ્રાય સહિત પરિણામ કરે છે? એના ઉપર અમારો બંધાવું-છોડાવું, અમે પરિણમવાના છીએ. તું કાંઈ દેવ, ગુરુ, શાસ્ત્રનું નામ લે માટે અમે પ્રતિકૂળતામાંથી ખસી જઈએ એમ નહિ. તારે અંદરમાં લોભ રાખીને સોદાબાજી કરવી હોય કે, હું અત્યારે દેવ, ગુરુ, શાસ્ત્રનું નામ લઉં માટે મારી સરખાય થઈ જાય બહારમાં. તો કર્મના પરમાણુ કહે છે કે, તો અમે કાંઈ એવી રીતે છેતરાવાના નથી. કર્મ છે એ આપોઆપ પરિણમતા હોવાથી, એના સ્વભાવપણે પરિણમતા હોવાથી કદી છેતરાતા નથી.

જેમ કોઈ જીવ માયાચાર કરે છે. તો બહારની અંદર બોલે ચેષ્ટા બધી અનુકૂળ કરે ને અંદરમાં અભિપ્રાય ઊલટો રાખે. કર્મ નહિ છેતરાય. કર્મ નહિ છેતરાય. મંદિરમાં આવીને પાપના પરિણામ કરે તો કર્મ નહિ છેતરાય. કેમ? કે, શુભાયતનમાં ઊભો છું ને. શુભાયતન શુભાયતનમાં રહ્યું પણ તું અશુભાયતનમાં ઊભો છો એનું શું? કર્મ છેતરાતા નથી.

એટલે એ તો એમ કહ્યું કે, જે કર્મથી ઉપેક્ષિત થઈને ઈષ્ટ-અનિષ્ટપણાની કલ્પના મટાડવા માટે પ્રયત્નવાન થઈને, કેવી રીતે વીતરાગ દેવ સ્વરૂપનું આરાધન, સાધન કરીને, સાધના કરીને, વીતરાગ સ્વસંવેદનમાં સ્થિરપણે બિરાજમાન રહ્યા છે. એવી રીતે બહુમાન લાવે એના સ્વરૂપનું, કેવી રીતે ગુરુ ગમે તેવા પરિષહમાં પણ પોતાના જ્ઞાતા-દષ્ટા સ્વભાવમાં સ્થિર વિચલિત રહી શકે છે, સ્થિર રહી શકે છે, એમ જાણીને એના સ્વરૂપ વિચારીને એના મહિમામાં આવે. મારી પ્રતિકૂળતા દૂર કરવા માટે નહિ. ખરેખર તો મારે પ્રતિકૂળતા છે જ નહિ. અહીંથી ઉપડવાનું છે.

એક બહુ સારો દષ્ટાંત બની ગયો. એક વખત (આપણા એક મુમુક્ષુએ) ગુરુદેવને

વાત કરી રાત્રિ ચર્ચામાં. સાહેબ! હમણાં અમારે ત્યાં Godown ની અંદર આગ લાગી અને અમારો લાખો રૂપિયાનો માલ બળી ગયો. બીડી પત્તાના Godownનો ભર્યા હશે, બળી ગયા. સારું થયું કે, અમે આપનો ઉપદેશ સાંભળ્યા હતો એટલે અમે સમાધાન કર્યું કે, એ તો જે પર્યાય થવાની હતી તે (થઈ). ક્રમબધપર્યાય થવાની હતી તે થઈ. તો અમને શાંતિ રહી. જો આવું અમે આપની પાસેથી ન સાંભળ્યું હોત તો અમને ઘણી આકુળતા થાત, નુકશાન થઈ ગયું એની ઘણી આકુળતા થઈ જાત. માટે અમે આ સમાધાન કર્યું તો આવી રીતે સમાધાન કરવું એ બરાબર છે? 'ગુરુદેવે' ના પાડી કે, આ તમે સમાધાન કર્યું છે એ બરાબર સમાધાન કર્યું નથી. કેમ? અમને તો શાંતિ થઈ. સમાધાન થયું માટે શાંતિ થઈ. આવી રીતે છેતરાય જવાય છે. એ મારું હતું જ નહિ. જે બળી ગયું કે રહ્યું, રહ્યું કે બળી ગયું બે માંથી એકેય અવસ્થા એ મારું હતું જ નહિ. ત્યાંથી વાત ઉપાડવાની છે. મારું હતું ને બળી ગયું પછી ક્રમબદ્ધ લાગુ કરે અને પછી એને ઉપલક શાંતિ થાય, કૃત્રિમ શાંતિ થાય એ સાચા સમાધાનની શાંતિ નથી, કૃત્રિમ શાંતિ છે અને એ જ્ઞાન નથી, ઊલટાનું ત્યાં અજ્ઞાન છે. આવી વાત છે.

એટલે સંયોગોના ઈષ્ટ-અનિષ્ટપણાની કલ્પના એક જૂઠી કલ્પના છે અને મારાથી ભિન્ન હોવાથી મારે ખરેખર કાંઈ લેવાદેવા નથી. .... બરાબર મસ્ત રહું છું. એ ધર્મશાળાની ઓરડીમાં પણ ધ્યાન લગાવતા હતા. એ સુખનો વિષય એ જુદી જાતનું પલાખું છે. ક્યાંથી ગણવું એ વિચારવા જેવો વિષય છે. લોકો બાહ્ય અનુકૂળતાને અનુકૂળતા સમજે છે, બાહ્ય પ્રતિકૂળતાને પ્રતિકુળતા સમજે છે. મોક્ષમાર્ગમાં આવવાવાળાને એ આખી લૌકિક દૃષ્ટિ ઉડાવવી પડે છે, ઉડાવવાની હોય છે. આખી લૌકિક દૃષ્ટિ ઉડાવ્યા પછી શરૂઆત થાય એવી છે. ત્યાં સુધી તો શરૂઆત થાય એવું નથી. આવી વાત છે.

('સોગાનીજી'એ) પહેલા જ પત્રમાં એ વાત લીધી છે કે, 'ગુરુદેવ'ના ઉપદેશથી મને એ સમજાણું છે, ૧૯૪૬ની સાલનો પત્ર છે. 'ગુરુદેવ'ના ઉપદેશથી મને એ સમજાણું છે કે, આ જગતમાં કાંઈ અનુકૂળ પણ નથી અને કાંઈ પ્રતિકૂળ પણ નથી. છતાં થોડોક અનુકૂળતાનો વિચાર આવે તો એટલો આવે છે કે, 'સોનગઢ' આવીને 'ગુરુદેવ'ના સાનિધ્યમાં રહું. તો આ મને કાંઈક અનુકૂળ લાગે છે. પણ છતાં એવી બહારની પરિસ્થિતિ નહિ હોવાથી તે પ્રકારની અનુકૂળતા નહિ હોવાથી જે પ્રકારની પ્રતિકૂળતા એને ગણાય એ પ્રતિકૂળતાને મેં અંદરમાં સમાવીને અનુકૂળતા બનાવી લીધી છે. એ પ્રતિકૂળતાને મેં અનુકૂળતા બનાવી દીધી છે. એટલે મારું પુરુષાર્થનું

કાર્ય હું વધારે તીવ્રતાથી ઉપાડુ છું. બહારમાં એ પુણ્યયોગ નહિ હોવાને લીધે મારો પુરુષાર્થ હું જોરથી ઉપાડુ છું.

એનો અર્થ એ થાય છે કે પુરુષાર્થ કોઈ અનુકૂળતા ને પ્રતિકૂળતાના આધારે ચાલતો નથી. પુરુષાર્થની ચાલ તદ્દન સ્વતંત્ર છે કે જે અનુકૂળતા ને પ્રતિકૂળતાથી તદ્દન નિરપેક્ષ છે, સર્વાંશે નિરપેક્ષ છે. એવું પુરુષાર્થનું સ્વરૂપ છે. તેથી જેને પુરુષાર્થ કરવો છે એ કદી અનુકૂળતા, પ્રતિકૂળતા સામે જોતો નથી. પુરુષાર્થ કરવા ટાણે, પુરુષાર્થના વિચાર ટાણે કોઈ અનુકૂળતા, પ્રતિકૂળતાનો વિચાર કરે છે એને પુરુષાર્થનો વિચાર નથી અનુકૂળતા, પ્રતિકૂળતાનો જ માત્ર વિચાર છે. આમ બને છે.

હરહાલતમાં પુરુષાર્થ થાય છે. સાતમી નારકીનો જીવ પણ પુરુષાર્થ કરે છે. થાય છે એને કરે છે એમ કહીએ. કરે છે એને થાય છે એમ કહીએ. ત્યાંથી માંડીને દેવલોકમાં પણ જ્યાં પુષ્કળ બાહ્ય વૈભવ છે, ભૌતિક વૈભવ ઘણો છે. ત્યાં પણ નવા જેવો સમ્યગ્દર્શનને પામે છે. આ શચિ ઈન્દ્રાણી છે એ ત્યાં સમ્યગ્દર્શન પામેલી છે. અહીંથી કાંઈ સમ્યગ્દર્શન લઈને સ્ત્રીપર્યાયમાં તો કોઈ જાય નહિ. ત્યાં નવું ઉત્પન્ન કરે છે. સૌધર્મ ઈન્દ્ર છે એ સમ્યગ્દર્શન લઈને ગયેલો જીવ છે. પણ એની ઈન્દ્રાણી જે સમ્યક્દૃષ્ટિ છે એ સમ્યગ્દર્શન લઈને નથી ગઈ. છતાં ત્યાં ઈન્દ્રનો વૈભવ હોવા છતાં ત્યાં નવું સમ્યગ્દર્શન ભિન્ન પડીને કરે છે.

નથી સાતમી નારકીને એની પ્રતિકૂળતા સમ્યગ્દર્શનને નડતી કે નથી ઈન્દ્રનો વૈભવ પણ સમ્યગ્દર્શનને નડતો. બેયથી બહાર છે આ વસ્તુ. અને જ્યાં જ્ઞાનનો ક્ષયોપશમ બીડાય જાય છે એવા સંજ્ઞી પંચેન્દ્રિય જીવને, કોઈ પણ સંજ્ઞી પંચેન્દ્રિય જીવને દેડકા, ચકલાને, સર્પને, એરુને, હાથીને, ગાયને, બળદને, માછલાને કોઈને પણ સમ્યગ્દર્શન થાય છે. જંગલીમાં જંગલી પ્રાણી, હિંસકમાં હિંસક પ્રાણી સિંહ, વાઘ, ચિત્તો, દીપડો, હાથી, અજગર એ બધાને સમ્યગ્દર્શન થાય છે. મગરમચ્છ મોટા હોય છે એને સમ્યગ્દર્શન થાય છે. કેટલાક તો એવા પ્રાણી છે કે માંસાહાર જ એનો ખોરાક છે, ખડ ખાતા નથી. સિંહ ખડ ખાય નહિ. છતાં સમ્યગ્દર્શન થાય છે.

હજી એક Second પહેલા તો એ માંસ ખાવાનો ભાવ હોય. ખાધુ ન હોય, ખાવાનો ભાવ હોય અને પાછો વળી જાય. ભગવાન 'મહાવીરસ્વામી'નો દસમો ભવ એમ જ છે ને. ભૂખ લાગી છે ને એક હરણુ જોવે છે ને ધડાક થપાટ મારે છે હરણું લોહીલુહાણ થઈને પડી જાય. એક થાપો મારે, સિંહનો થાપો. આહાર લેવાનો ભાવ છે. ત્યાં બીજો પ્રસંગ બને છે. ઉપરથી ઋદ્ધિધારી, ચારણ ઋદ્ધિધારી મુનિઓ આવે છે. ઉપયોગ બદલાય ગયો. ખલાસ. આહાર આહારમાં રહી ગયો, પરિણામ

પરિણામમાં રહી ગયા. લઈ લીધો સંથારો. પછી કાંઈ એ માંસાહાર કરે એવું તો બનતું નથી. એ પૂર્વ પરિણામ મદદ કરે કે નડે? જુવો ગમે ત્યારે ઉપયોગ ફર્યો એટલે જીવ સ્વતંત્ર છે.

મુમુક્ષુ :- આગળના સંસ્કારે કામ કર્યું હશે ને?

પૂજ્ય ભાઈશ્રી :- ક્યા પણ આગળના? ક્યા સંસ્કાર લેવા?

મુમુક્ષુ :- મહાવીર સ્વામીના આગલા ભવના...

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ કોઈ ઈતિહાસ મળતો નથી. સંસ્કારમાં એવો ઈતિહાસ મળે છે કે જૈન ધર્મનો એમણે બહુ જ વિરોધ કર્યો છે. જ્યારે જ્યારે એ મનુષ્યપર્યાયને પ્રાપ્ત થયા ત્યારે જૈન શાસનના વિરોધી નેતા તરીકે ઝંડો લઈને ફર્યા છે અને એના ફળમાં એ નરકમાં જ સીધા ગયા છે. દેવ, ગુરુ, શાસ્ત્રનો તીવ્ર વિરોધ કર્યો છે. તીર્થંકરનો જીવ છે પણ કર્મ કોઈની શરમ રાખતા નથી. કોઈની શરમ ન રાખે.

જ્યારે જ્યારે એમણે નેતાપદે રહીને દેવ, ગુરુ, શાસ્ત્રનો જબરજસ્ત વિરોધ કર્યો છે અને એના ફળમાં નરકમાં ગયા છે. એનું ફળ બીજું આવે નહિ પાછું. જૈન શાસનનો વિરોધ કરે તો એનું ફળ નરક સિવાય આવે નહિ. સીધો વિરોધ કરે એટલે એ નરકમાં ગયા છે. નરકમાંથી બહુભાગ જંગલી હિંસક પ્રાણીના ભવમાં ગયા છે. મોટા મોટા અજગરના ભવ, વાઘના, હાથીના, સિંહના એવા ક્રોધના પર્યાયે પરિણમતા એ બધા ભવો કર્યા છે. વળી પાછા નરકમાં ગયા છે. વળી ક્યારેક મનુષ્ય થયા છે પાછા. નરક અને પશુ ગતિમાં બહુ રહ્યા છે. કેટલા? ક્રોડાક્રોડી સાગરનો ગાળો છે. ક્યાં ચોથો આરો, ક્યાં પાંચમો આરો. આખો ચોથો આરો જ ક્રોડાક્રોડી સાગરનો છે.

'ૠષભદેવ' ભગવાનના પૌત્ર છે અને ત્યારથી વિરોધ શરૂ કર્યો છે. દાદાના વિરોધથી પ્રારંભ કર્યો છે. એમનો ઈતિહાસ પૂર્વ સંસ્કાર તો આવા છે. બીજા તો પૂર્વ સંસ્કાર કોઈ મળતા નથી. પણ વર્તમાનમાં જે ચારણ ૠદ્ધિધારી જે એમને ઉપદેશ આવે છે એ સંસ્કાર એ ગ્રહણ કરે છે કે, જે બધા પૂર્વ સંસ્કારને બાળી નાખે છે. એવા સંસ્કાર ગ્રહણ કરે છે. સંસ્કાર ગ્રહણ કરે છે નહિ, એ જ વખતે પરિણમન પણ કરે છે. ત્યાં સુધી પુરુષાર્થ તો ઉપડ્યો છે. માત્ર સંસ્કાર જેટલો પુરુષાર્થ નથી, પરિણમન પરિહંતનો પુરુષાર્થ છે. એટલે શક્તિ એટલી છે કે અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લે એવી જીવની શક્તિ છે.

સમવસરણમાં એવા અનેક જીવો હોય છે કે જેણે અજ્ઞાનદશામાં તો મુનિપણું લઈ લીધું હોય પણ મિથ્યાત્વ હોય. એ ભગવાનની વાણી સાંભળીને સમ્યગ્દર્શન ધ્યાનમાં લે, ધ્યાન દશામાં સમ્યગ્દર્શન આવે પછી છૂટે જ નહિ. એ ધ્યાન દશામાં

જ આગળના ગુણસ્થાનમાં જાય. છઠ્ઠે, સાતમે મુનિ દશા પણ પ્રગટે અને કેવળજ્ઞાન પણ લે. કેમકે વિધિપૂર્વક તો એણે દીક્ષા પહેલા લઈ લીધી છે. વિધિપૂર્વક જિનદીક્ષા તો પહેલા અંગીકાર કરી છે પણ અંદરમાં ગુણસ્થાન આવ્યું નથી, આચાર બરાબર પાળે છે. પણ મિથ્યાત્વની દશા. એ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છઠ્ઠા, સાતમામાં આવે. આઠમાથી શ્રેણી માંડે ને કેવળજ્ઞાન લે. અંતર્મુહૂર્તમાં બધુ પૂરું. જાવ! ખેલ ખલાસ! સંસારનો ખેલ આખો ખલાસ થઈ જાય છે. એટલી શક્તિ છે જીવની, કાર્ય કરે તો.

'શ્રીમદ્જી' લખે છે કે, ખરેખર જેને લાગી છે કે મારે આ કરવું છે, તે ન તો કાળલબ્ધિ જુએ છે, ન તો અનુકૂળતા-પ્રતિકૂળતા જોવે છે અને એ દાગી છે કે લાગી છે એ એવી લાગે છે ત્યારે એને પ્રાપ્ત થાય, થાય ને થાય જ. અને આવી લાગ્યા વગર પ્રાપ્ત થાય એથી સહેલો ઉપાય તો બીજો કોઈ છે જ નહિ. આ એક જ સરળ ને સહેલો ઉપાય છે. એ સિવાય બીજો કોઈ આથી સહેલો ને સરળ ઉપાય ક્યાંય છે નહિ.

મુમુક્ષુ :- જીવ મિથ્યાત્વ દશાની અંદર હોય અને અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોનો જીવને રસ ન ચડી જાય એ માટે વીતરાગ દેવ, ગુરુ, શાસ્ત્રનું સ્મરણ કરે એથી રસની અંદર ફેર પડે?

પૂજ્ય ભાઈશ્રી :- ઈ અભિપ્રાયથી કરે તો ફેર પડે. ભાઈનો પ્રશ્ન એમ હતો કે, પ્રતિકૂળતા આવી હોય અને કાંઈ એવો કર્મનો ઉદય હોય, પ્રતિકૂળતા આવી હોય અને વીતરાગ દેવ, ગુરુ, શાસ્ત્રનું સ્મરણ કરીએ તો એ કર્મની પ્રકૃતિ અશુભ મટીને શુભ થાય કે ન થાય? કે, એ અભિપ્રાયવાળાને ન થાય. એ અભિપ્રાયવાળાને ન થાય. બીજું, જે ઉદય આવી ગયો છે, ઉદયાવલીમાં જે વસ્તુ છે એમાં તો ફેરફાર થવાનો પ્રશ્ન નથી. જે કાંઈ પ્રકૃતિનું સંક્રમણ થાય છે, કોઈ શુભની પ્રકૃતિ અશુભની થઈ જાય છે, અશુભની પ્રકૃતિ શુભની થાય છે, તીવ્ર રસને કારણે, એ તો સત્તામાં રહેલાની થાય છે. જે સંચિત કર્મ છે એમાં તીવ્ર શુભ બંધાણા હોય તો તીવ્ર અશુભથી પ્રકૃતિ બદલાય, શુભ બાંધ્યા હોય તો તીવ્ર અશુભે, શુભનાય અશુભ થઈ જાય. પુણ્યનું પાપ ને પાપનું પુણ્યમાં પ્રકૃતિનું સંક્રમણ થાય. પણ એ સંચિત રહેલા કર્મમાં થાય છે.

હવે તારી નજર એ સંચિત રહેલા કર્મમો ઉપર છે કે મને ઉદય સારો આવજો, ઉદય સારો રહેજો, મારો ઉદય સારો રહેજો. તો તારું એ પ્રકારનું વર્તમાન પરિણમન પોતે જ અશુભ છે. ક્યાંથી એ તારું પાપ ફરીને પુણ્ય થશે? ઊલટાનું પુણ્ય ફરીને

પાપ થશે એમ કરવા જઈશ તો. એટલે તારો જે વિચાર છે એ તારા કાર્ય માટે પણ સાનુકૂળ નથી. જે તારી ઈચ્છા છે એને પણ અનુકૂળ એ પરિણમન નથી.

અહીંયાં તો ત્રીજી જ Line છે કે, ઈષ્ટ અને અનિષ્ટ કોઈપણ સંયોગો એ માત્ર જીવની કલ્પના છે. કોઈ સંયોગ ઈષ્ટ પણ નથી, કોઈ અનિષ્ટ પણ નથી, કોઈ સુખદાયક નથી, કોઈ દુઃખદાયક નથી. જીવની કલ્પનામાત્ર છે. જ્યાં સુધી એ વિષય ન સમજાય ત્યાં સુધી એવું પરિણમન રહે, કાલ્પનિક પરિણમન રહે એટલે એમાં એને તો વાસ્તવીકતા જ લાગે. કે, આ મને સુખનું કારણ છે, આ મને દુઃખનું કારણ છે, એ એને વાસ્તવિક લાગે, તો એ વાસ્તવિક નથી પણ માત્ર કલ્પના છે, જૂઠ છે એ વાત સમજવા માટે એણે ત્યાં જ વધારે મંથન કરવું. અને એ વિષયને સ્પષ્ટ કરવો કે આમાં સાચું શું ને જૂઠ શું? વાસ્તવિકતા જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી ત્યાં બરાબર મંથન કરવું જોઈએ અને ચાલતા ઉદયને બરાબર મેળવવો જોઈએ કે આમાં શું સુખનું કારણ લાગે છે કે છેતરાવ છું? શું દુઃખનું કારણ લાગે છે કે છેતરાવ છું?

જ્યારે આ આત્માની વ્યાપ્તિનો એમાં અભાવ છે, કોઈપણ સંયોગોમાં આ આત્મા વ્યાપતો નથી, જ્ઞાને કરીને તપાસે તો એનું જ્ઞાન તો એના વિચાર પર્યંત વ્યાપે છે, કોઈ સંયોગમાં તો વ્યાપતું નથી. તો પછી જ્યાં પોતાની હસ્તી નથી-હયાતી નથી ત્યાં એને અનુકૂળ શું ને ત્યાં એને પ્રતિકૂળ શું? પોતે છે નહિ, જ્યાં પોતાની ગેરહાજરી છે ત્યાં એને અનુકૂળ શું? અને પ્રતિકૂળ શું? પોતાની વ્યાપ્તિનો અભાવ છે. માત્ર એને કલ્પના થઈ છે. એ કલ્પના ન મટે, એ કલ્પના એમ ને એમ રાખે ને મોક્ષમાર્ગની કોઈ શરૂઆત થાય કે મોક્ષમાર્ગની ગંધ એને આવે, સુવાસ આવે એવું પણ બનતું નથી.

પહેલી એને અનુકૂળતા ને પ્રતિકુળતાની કલ્પના અને ઈષ્ટ-અનિષ્ટપણું મટાડે. જો પરિણામે વીતરાગતા ઉત્પન્ન કરવી હોય, જ્ઞાતા-દૃષ્ટાપણું આવવું જોઈએ એમ વિચાર હોય, એમ અભિપ્રાય હોય પણ પાયામાંથી ઈષ્ટ-અનિષ્ટ મટાડવું પડશે. ઈષ્ટ-અનિષ્ટપણું અભિપ્રાયમાંથી મટે તો જ એને આ દિશાની અંદર કાંઈ એક ડગલું આગળ વધવાની જગ્યા છે અને નહિતર આ દિશા એને માટે બંધ છે, આ દરવાજો બંધ છે. પછી જેટલું ચાલે એ અન્યથા બીજા માર્ગમાં ચાલે છે.

આપણે ચાલી ગયું, 'અનુભવપ્રકાશ'માં એ વિષય ચાલ્યો હતો. સારો વિષય ચાલી ગયો. સમાધિ પ્રકરણમાં શરૂઆતમાં જ એ વાત લીધી છે. મૂળ તો સમાધિને ધ્યાન કહે છે ને ધ્યાન છે એ ચિંતા નિરોધથી થાય છે. ચિંતા રાખીને ધ્યાન થાતું નથી. તો કહે છે, ચિંતા કેવી રીતે મટે? કે, રાગ-દ્વેષ મટે તો મટે. તો રાગ-દ્વેષ

કેવી રીતે મટે? આમ એના પાયામાં ગયા છે. તો કહે છે, ઈષ્ટ-અનિષ્ટપણું મટાડતા રાગ-દ્વેષ મટે. ઈષ્ટ-અનિષ્ટપણું મટાડતા રાગ-દ્વેષ મટે, રાગ-દ્વેષ મટતા ચિંતા મટે ને ચિંતા મટે તો સ્વરૂપધ્યાન થાય. નહિતર ધ્યાન થવાનો પ્રશ્ન રહેતો નથી. અહીંયાં ધ્યાન એટલે શુદ્ધોપયોગની અંદર જે લીનતા, એકાગ્રતા થાય છે એને સમાધિરૂપ ધ્યાન કહેવામાં આવે છે. એ બહુ સારો વિષય લીધો છે.

'**તથા પુરુષાર્થથી ઉદ્યમ કરવામાં આવે છે તે તો આત્માનું કાર્ય છે માટે આત્માને પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવાનો ઉપદેશ આપીએ છીએ.**' કર્મના પરમાણુમાં તું કાંઈ કર્તા-હર્તા નથી, કરી શકતો નથી, હરી શકતો નથી. કાળલબ્ધિની તને ખબર નથી (કે) કઈ ક્ષણ કાળલબ્ધિની છે. તો તને ખબર છે એવી શું વાત છે? કે, ઉદ્યમ કરવો જોઈએ, પુરુષાર્થ થવો જોઈએ એ તારા હાથની વાત છે, તારા સમજણની વાત છે, કરી શકાય એવી વાત છે, સમજી શકાય એવી વાત છે. તેથી એનો ઉપદેશ આપવામાં આવે છે.

'**ત્યાં આ આત્મા જે કારણથી કાર્યસિદ્ધિ અવશ્ય થાય તે કારણરૂપ ઉદ્યમ કરે, ત્યાં તો અન્ય કારણો અવશ્ય મળે જ અને કાર્યની સિદ્ધિ પણ અવશ્ય થાય જ.**' શું છે? કે, જ્યાં આ કારણ-કાર્ય સમજીને ક્યું કારણ સેવવાથી કાર્ય થાય જ? જેમકે સમ્યગ્દર્શન રૂપી કાર્ય કરવું છે. તો એને સ્વરૂપપ્રાપ્તિની લગની ઉત્પન્ન થાય કે, મારે આ જગતમાંથી એક આત્મા જ જોઈએ છે અને સિવાય આત્મા મારે કાંઈ જોઈતું જ નથી, એવી લગની એને ઉત્પન્ન થાય અને એને સમ્યગ્દર્શન ન થાય એવું ત્રણ કાળમાં બનતું નથી. આ એનું અનન્ય કારણ છે. ચોખ્ખે ચોખ્ખી વાત છે. તો એ કારણને કરે અને એનું કાર્ય ન થાય એવું બનતું નથી. કાર્ય-કારણ સમજીને જો એને જરૂરીયાત લાગી હોય તો એ કારણમાં આવ્યા વિના રહે નહિ. જરૂરીયાત લાગવી જોઈએ, તો એ કારણમાં આવ્યા વિના રહે નહિ. જરૂરીયાત લાગવી જોઈએ. તો એ કારણમાં આવ્યા વિના રહે નહિ. આ બહુ સીધી વાત છે અને તો એના ફળમાં એનું કાર્ય કાર્ય થવા વિના રહે નહિ.

પરિણામના પણ જે કેટલાક સિદ્ધાંતિક નિયમ છે એનું ઉલ્લંઘન પરિણામની અંદર કદી થતું નથી. કેટલાક સિદ્ધાંતિક નિયમો છે. પૂર્વમાં આ પર્યાય હોય તો ઉત્તર પર્યાય આમ થાય, થાય ને થાય જ. ન થાય એવું બને નહિ. એટલે કેમ ઉપદેશ એટલે કેમ સમજણ આપવામાં આવે છે. ઉપદેશનો અર્થ શું છે? કે, જીવ અજાણ્યો છે. મારે મારું કલ્યાણ કરવું છે. પણ કલ્યાણ કરવું એટલે શું? એ જ એને ખબર નથી. (તો એને કહે છે) કલ્યાણ આને કહેવાય કે, જે નિરુપાધિક શાંત આત્મામય

દશા હોય એ કલ્યાણની દશા છે. એનું કારણ આ છે કે એની પ્રાપ્તિ માટેની તારી પૂરી લગની હોવી જોઈએ. તો એ સમજણ છે એને અહીંયાં ઉપદેશ કહે છે. કોઈ ઉપદેશકર્તા સમજવા આવનારને પુરુષાર્થ કરાવી દે છે એવી કોઈ વાત નથી. અને સમજનાર પણ કદી એમ માનતો નથી કે, મારો પુરુષાર્થ મને ઉપદેશકર્તા કરાવશે. મારો પુરુષાર્થ મારે કરવાનો થશે, હું કરીશ ત્યારે થશે એવી એને બરાબર સમજણ હોય છે. પણ કેમ થવું, કેવી રીતે થવું એનું કારણ-કાર્ય શું છે, એ સમજવા માટે એનો ન્યાય સમજવા માટે ઉપદેશ સાંભળે છે પણ એ એમ માનતો નથી કે મારું કાર્ય એ કરશે, સંભળાવે છે એ મારું કાર્ય કરશે એવું કદી એ વિચારતો નથી.

જો પુરુષાર્થ થાય.. એમ કહેવું છે. '**જે કારણથી કાર્ય સિદ્ધિ અવશ્ય થાય તે કારણરૂપ ઉદ્યમ કરે, ત્યાં તો અન્ય કારણો...**' એટલે કાળલબ્ધિ અને કર્મનો અભાવ એ અવશ્ય મળે જ. એના માટે એને કર્મના ઉપશમ કરવા માટે કર્મ પ્રત્યયી કોઈ પુરુષાર્થ કરવો પડે, કાળલબ્ધિ માટે કોઈ કાળલબ્ધિનો વિચાર કરવો પડે, એનું સ્વરૂપ જાણવું પડે, એની રાહ જોવી પડે એ કોઈ જરૂરી નથી. તિર્યંચને શું ખબર છે? આ કારણ-કાર્યમાં તો મનુષ્ય ઉતરે છે. તર્ક કરે છે કે, અમારે કાળલબ્ધિથી આગળ ચાલવું, અમારે પુરુષાર્થથી આગળ ચાલવું કે અમારે કર્મ નડતા મટવા માટે કાંઈ બીજુ પૂજા-બુજા કરવી કર્મની? શું કરવું અમારે?

તિર્યંચને તો કાંઈ નથી. એને તો સ્વયં પોતાના સ્વરૂપનું હિત કરવાનો ભાવ થાય છે એટલે સુખ, હિત એટલે સુખ, સુખી થવાનો ભાવ થાય છે, વર્તમાન દુઃખ મટાડવાનો ભાવ થાય છે. સુખ-દુઃખનું પ્રયોજન છે બધા જીવને. તો એ જોવે છે કે, જેટલો રાગ છે, કષાય છે, એમાં દુઃખ છે, આકુળતા છે. એક આકુળતાવાળો ભાવ છે. મારા પરિણમનમાં એક આકુળતાવાળો ભાવ છે ને એક જ્ઞાન જે જાણવું, જાણવું, જાણવું, જાણવું, જાણવું થઈ રહ્યું છે એમાં આકુળતા નથી. તો આ જ્ઞાન ને રાગ જુદા છે. આ એને પોતાના પરિણમન ઉપરથી સમજાય છે, ઉપદેશ દેનાર હોતું નથી કોઈ. એક અપવાદ બાદ કરીને. 'મહાવીરસ્વામી' તિર્યંચના ભવમાં હતાં છતાં ઉપદેશ દેનારા મળ્યા. પણ એ અપવાદ કહેવાય. બધા તિર્યંચને એવો કોઈ ઉપદેશ દેનાર હોતો નથી. અને એ તો એની ભાષાય ક્યાંથી સમજે? પણ આ તો એ ૠદ્ધિધારી મુનિઓ હતા એટલે અતિશય હતો. એટલે એ એમની વાણીને સમજી શક્યા, એના ભાવને સમજી શક્યા, વાણીમાં રહેલા આશયને સમજી શક્યા. નહિતર તિર્યંચની ભાષા જુદી, મનુષ્યની ભાષા જુદી. સંકેતથી સમજાવે જેમ ગાયને ડચકારો કરે. ચાલો, આમ બેસી જા, પાણી પીવડાવવા માટે જુદો એનો ભાવ હોય.

તો એ બધા જુદા-જુદા શબ્દો છે ખરેખર એની ભાષા નથી. એની ભાષા એવી નથી. પણ છતાં એનાથી એ સમજે છે. સંજ્ઞી છે એટલે એને સંજ્ઞાથી સમજે છે, ઈશારાથી સમજે છે. ત્યાં તો અતિશય વાણીનો હતો એટલે બરાબર સમજી શકે છે. ધર્મના આત્માના ભાવને સમજી શકે છે, ધર્મના ભાવને સમજી શકે છે. બરાબર ઉપદેશ ત્યાં એ સમજે છે. નહિતર તિર્યંચ તો માત્ર જ્ઞાન ને રાગ જુદા છે ત્યાંથી આત્મા પકડે છે.

મનુષ્ય પણ ગમે એટલું લાબું ડહોળે, શાસ્ત્ર ગમે એટલું લાબુ-ચોડું ડહોળે તોપણ જ્ઞાન ને રાગ જુદા છે ત્યાંથી સમજશે. જ્યારે જે સમજશે ત્યારે તે જ્ઞાન ને રાગ જુદા છે ત્યાંથી સમજશે. ગમે એટલું લાંબુ શાસ્ત્રના શાસ્ત્ર ફાડે જ્યાં સુધી વાંચે પણ જ્ઞાન ને રાગ જુદા છે એ જગ્યાએ અંદરમાં ન આવે ત્યાં સુધી સમજણ બધી ગેરસમજણ થઈને ઊભી રહી જાય છે. આવી પરિસ્થિતિ છે.

'સોગાનીજી'એ પહેલુંવહેલું એ સાંભળ્યું છે 'ગુરુદેવ'ના ઉપદેશમાં કે, જ્ઞાન અને રાગ જુદા છે. ગુજરાતીમાં પ્રવચન ચાલતું હતું. ત્યાંથી જ્ઞાન બાજુ વળ્યા. એટલે કે રાગનો આધાર લઈને જીવ પરિણમે છે, રાગના આધારિતપણે પરિણમે છે, ત્યાંથી છૂટો પડીને જ્ઞાનમાં આવવાનું શરૂ કર્યું, જ્ઞાનનો આધાર લીધો. જ્ઞાનનો આધાર લેવો તે જ્ઞાનનો ગુણ છે. જ્ઞાન જ્ઞાનના નિજાવલંબનમાં આવે એ જ્ઞાનનો ગુણ છે. '**ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।**' જ્ઞાનગુણ વિના કદી કોઈને જ્ઞાનની એટલે આત્માની પ્રાપ્તિ થતી નથી. ભલે પોતે તૂટીને મરી જાય. 'નિર્જરા અધિકાર' ૧૪૨ કળશમાં એ કહે છે, મહાતપના ભારથી તૂટીને ભગ્ન થઈ જાય પણ એને કાંઈ જ્ઞાનગુણ વિના પ્રાપ્તિ થતી નથી. એ જ્ઞાનગુણ એટલે જ્ઞાનનો આધાર લેવો તે. રાગનો આધાર છોડવો તે. બસ. અહીં સુધી રાખીએ...

## તા. ૨૯-૪-૧૯૮૬, પાના નં. ૯, પ્રવચન નં. ૭

મોક્ષમાર્ગ અધિકારમાંથી કાર્ય-કારણનો વિષય ચાલે છે. સમ્યક્જ્ઞાનના એક પડખામાં કાર્ય-કારણની અવિપરીતતા સમ્યક્જ્ઞાનમાં હોય છે. એવાં ત્રણ પડખાં છે. ભેદાભેદ વિપરીતતા, કારણ વિપરીતતા અને સ્વરૂપ વિપરીતતા. એ સમ્યક્જ્ઞાનમાં હોતા નથી. એના કારણ- કાર્યના વિષય છે. આત્માને મોક્ષનું કાર્ય બને છે, મોક્ષનો ઉપાય બને છે એમાં ભવિતવ્ય, કર્મનો ઉપશમ અને અને જીવનો પુરુષાર્થ. આ ત્રણ બોલ હોય છે. એ ત્રણ બોલમાંથી કર્મના પર્યાયનો તો જીવ કર્તા-હર્તા નથી. એટલે કર્મના પર્યાયનું કાર્ય જીવનું નથી. પુરુષાર્થનું કાર્ય તો આત્માનું પોતાનું છે. આત્મા પોતે પુરુષાર્થનું કાર્ય કરે છે. તેથી તે કાર્ય ઉપર તેનો વજન હોવું જોઈએ. એ અહીંયાં કહેવા માગે છે.

'**પુરુષાર્થથી ઉદ્યમ કરવામાં આવે છે તે તો આત્માનું કાર્ય છે માટે આત્માને પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવાનો ઉપદેશ આપીએ છીએ.**' તેથી આત્માએ પુરુષાર્થપૂર્વક મોક્ષમાર્ગમાં પોતાની પ્રવૃત્તિ કરવી જોઈએ, એમ કહેવામાં આવે છે. '**ત્યાં આ આત્મા જે કારણથી કાર્યસિદ્ધિ અવશ્ય થાય તે કારણરૂપ ઉદ્યમ કરે, ત્યાં તો અન્ય કારણો અવશ્ય મળે જ...**' જેમ કે મોક્ષમાર્ગનો પુરુષાર્થ કરે તો એને મોક્ષ પ્રાપ્તિ થાય જ અને મોક્ષ પ્રાપ્તિ થાય એમાં કર્મનો ઉપશમ કે અભાવ થાય જ. એની ભવિતવ્યતા પાકેલી હોય જ. એ બીજા કારણમાં આપોઆપ હોય જ છે ત્યાં. બીજા કારણો પ્રત્યેનો કોઈ બીજો પુરુષાર્થ પાછો કરવો પડે, કર્મને હટાવવા માટે બીજું કાંઈક કરવું પડે, કાળલબ્ધિ પ્રાપ્ત કરવા માટે બીજું કાંઈ કરવું પડે એવું કાંઈ નથી. જો જીવ એક સમ્યક્ પુરુષાર્થ કરે તો બાકીના કારણોની એને ચિંતા કરવાની જરૂર નથી. આટલી વાત અહીંયાં સ્પષ્ટ કરી છે.

હવે એમ કહે છે કે, '**તથા જે કારણથી કાર્યસિદ્ધિ થાય અથવા ન પણ થાય તે કારણરૂપ ઉદ્યમ કરે, ત્યાં અન્ય કારણ મળે તો કાર્યસિદ્ધિ થાય, ન મળે તો કાર્યસિદ્ધિ ન થાય.**' એવું પણ છે જગતની અંદર. જગતની અંદર એક દૃષ્ટાંત લઈએ તો. સિદ્ધાંત નથી એ પણ દૃષ્ટાંતનો વિષય છે કે, માણસ બાહ્ય કાર્યની અંદર વેપાર આદિ પ્રવૃત્તિ કરે છે. તો એ વેપાર કરવાનો ઉદ્યમ કરે છે ત્યારે એનો ઉદ્યમ તો

અર્થ ઉપાર્જન કરવું તે છે, પૈસા કમાવા તે છે. જો પુણ્યનો યોગ હોય તો પૈસા કમાય, કર્મનો ઉદય હોય-પુણ્યકર્મનો ઉદય હોય તો એનો ઉદ્યમ સફળ થાય. એટલે કેટલાક એવા કાર્યો છે કે જે કાર્યનો ઉદ્યમ કરતા બાહ્ય કારણ આવી મળે તો કાર્યસિદ્ધિ થાય. બાહ્ય કારણ આવીને ન મળે તો કાર્યસિદ્ધિ ન પણ થાય. એ વાત કરે છે.

ત્યાં તો આત્મા '**જે કારણથી કાર્યસિદ્ધિ અવશ્ય થાય તે કારણરૂપ ઉદ્યમ કરે.**' ત્યાં તો અન્ય કારણો અવશ્ય મળે છે. મોક્ષની બાબતમાં તો અને કાર્યની સિદ્ધિ પણ અવશ્ય થાય જ. પણ '**જે કારણથી કાર્યસિદ્ધિ થાય અથવા ન પણ થાય...**' એવો ઉદ્યમ કરે '**ત્યાં અન્ય કારણ મળે તો કાર્યસિદ્ધિ થાય, ન મળે તો કાર્યસિદ્ધિ ન થાય.**'

'**હવે જિનમતમાં જે મોક્ષનો ઉપાય કહ્યો છે...**' અહીંયાં હવે તો મોક્ષના ઉપાયની વાત ચાલે છે. બાહ્ય કાર્યની કોઈ વાત નથી. જિનમતમાં એમ કહેવામાં આવ્યું છે કે, '**જે મોક્ષનો ઉપાય કહ્યો છે તેનાથી તો મોક્ષ અવશ્ય થાય જ.**' આ નિયમબદ્ધ વાત છે. મોક્ષ ઉપાય એટલે મોક્ષનો માર્ગ, મોક્ષનો માર્ગ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ. જે પોતાના સ્વરૂપનું સમ્યક્ શ્રદ્ધાન કરે, જે પોતાના સ્વરૂપનો સ્વસંવેદનજ્ઞાનમાં અનુભવ કરે અને જે આત્મરમણતા, આત્મસ્થિરતામાં લીન રહે તેને પરિપૂર્ણ શુદ્ધિરૂપ મોક્ષદશા પ્રગટ થાય, થાય ને થાય. એવા જીવને મોક્ષ ન થાય એવું બનતું નથી. એમ જિનમતમાં પ્રસિદ્ધ રીતે કહેવામાં આવ્યું છે.

'**માટે જે જીવ...**' અહીંયાં પ્રકરણ અને મુદ્દાની વાત છે. '**માટે જે જીવ શ્રી જિનેશ્વરના ઉપદેશ અનુસાર...**' પોતાની મતિકલ્પના અનુસાર નહિ કે અમે એક નવો માર્ગ શોધી કાઢ્યો છે અને આ ટૂંકા રસ્તે ચાલીએ તો જલદી પહોંચાય, આ સહેલો રસ્તો છે, એમ નહિ. '**જિનેશ્વરના ઉપદેશ અનુસાર...**' જે રીતે જિનેશ્વરનો ઉપદેશ છે. પ્રથમ શું કરવું જોઈએ એ બધી વ્યવસ્થિત વાત છે. માર્ગનો વિષય તદ્દન વ્યવસ્થિત છે. પૂર્ણતાને લક્ષે શરૂઆત થાય છે, એ પૂર્ણતાના લક્ષે જેને વાસ્તવિક શરૂઆત થાય છે તે જીવને તદ્દનુસાર કાર્યની એટલે આ મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવાની લગની અને ભાવના ઉત્પન્ન થાય છે, એટલું જ પ્રયોજન ઉપર એનું તીક્ષ્ણ લક્ષ રહે છે અને એ જીવ આગળ વધીને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરીને, સ્વરૂપ સન્મુખ થઈને સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે.

એટલે '**જિનેશ્વરના ઉપદેશ અનુસાર પુરુષાર્થપૂર્વક...**' એ ઉપદેશ અનુસાર પુરુષાર્થ કરે. પુરુષાર્થ તો બધા જીવો કરે છે. કોઈ જીવ પુરુષાર્થ નથી કરતો એવું નથી, પણ જિનેશ્વરના ઉપદેશ અનુસાર પુરુષાર્થ કરે. કોઈ એમ કહે કે, અત્યારે તો જિનેશ્વર

નથી. વર્તમાનમાં જિનેશ્વર નથી, જિનેશ્વરનો શું ઉપદેશ છે એ શું ખબર પડે? તો કહે છે, જ્ઞાનીની આજ્ઞા અનુસાર (પુરુષાર્થ કરે). એ જિનેશ્વરનો ઉપદેશ છે. જે નિમિતત્ત્વ જિનેશ્વરના ઉપદેશમાં છે તે નિમિત્તત્વ સત્પુરુષના ઉપદેશમાં પણ છે.

**'એ ઉપદેશ અનુસાર પુરુષાર્થ કરે એ પૂર્વક મોક્ષનો ઉપાય કરે છે તેને તો કાળલબ્ધિ વા હોનહાર પણ થઈ ચૂક્યાં...'** એને તો કાળલબ્ધિ પણ આવી પહોંચી છે અને એને કર્મનો ઉપશમ, હોનહાર પણ એનું સારું છે. જે જિનઆજ્ઞાને અનુસરે છે, જે સત્પુરુષની આજ્ઞાને અનુસરે છે તેનો હોનહાર સારો છે એમ કહ્યું છે. અનઅર્પિતપણે જે અનુસરતો નથી તેનો હોનહાર સારો નથી. આમ નીકળે છે કે નહિ? એની કાળલબ્ધિ પાકી છે, એનું હોનહાર પણ થઈ ચૂક્યો છે **'તથા કર્મના ઉપશમાદિ થયા છે ત્યારે તો તે આવો ઉપાય કરે છે.'** સત્પુરુષની આજ્ઞામાં છે. ક્યારે છે? કે, એને કર્મનો ઉપશમ દર્શનમોહ મંદ થયો હોય, ઉપશમ થવાની તૈયારી થઈ હોય ત્યારે તો એ કરે છે, નહિતર તો કરે નહિ. સમકિતનું કારણ કહ્યું કે નહિ એને? કારણ ગણી પ્રત્યક્ષ.

**'કર્મના ઉપશમાદિ થાય છે ત્યારે તો તે આવો ઉપાય કરે છે.'** એટલે એને કર્મ ન દેખાતા હોય તોપણ એને કર્મ ઉપશમિત થયા છે. એના જ્ઞાનમાં ભૂમિકાની નિર્મળતા થઈ છે. દર્શનમોહ મંદ થયો છે, જ્ઞાનમાં પણ એવી વિશુદ્ધિ આવી છે કે, જેથી એ પોતાના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કરી શકે છે. પોતાના સ્વરૂપનો નિશ્ચય પણ કરી શકે છે અને એ પહેલા એ ચાર ગતિના પરિભ્રમણના દુઃખ અને સિદ્ધ દશાનું સાદિઅનંત કાળનું સમાધિસુખ, એ બેની તુલના કરીને મૂલ્યાંકન પણ કરી શકે છે. પોતાના આત્માને અનંત ભવભ્રમણના દુઃખમાંથી છૂટવાનો વિવેક પણ એ કરી શકે છે. એ બધું એના કર્મના ઉપશમને બતાવે છે. કર્મના ઉદયની સ્થિતિ પણ એને અનુકૂળ છે એમ બતાવે છે. એના વિવેકજ્ઞાનમાં, વિચારજ્ઞાનમાં અને શ્રદ્ધાની સ્થિતિમાં હવે એવો ફેરફાર થવા લાગ્યો છે કે જરૂર એ મોક્ષમાર્ગને પામશે અને મોક્ષને પણ પામશે જ.

મુમુક્ષુ :- ઊંધો જાય ત્યારે સમજવું કે હોનહાર ખરાબ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો સીધી વાત છે. લક્ષણ છે. નહિ તો વિપરીત એને પરિણામ થાય તો એનું હોનહાર સારું નથી એ વાત પણ સ્પષ્ટ થાય છે. હોનહાર તો આનું નક્કી થયું તો આનું નક્કી થાય જ ને. એકમાં સવળા લક્ષણથી નક્કી થાય તો એકના અવળા લક્ષણથી પણ નક્કી થાય છે.

મુમુક્ષુ :- કેવો દાવ ચૂકી જવાય છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અનંત વાર આ જીવ એનું ચૂકી ગયો છે. આ જીવ પણ અનંત વાર જ્ઞાનની સંયોગમાં ગયો, તીર્થંકરના સમવસરણમાં ગયો. વળી એણે હા પાડી. હું આપને માનું છું, આપને પૂજું છું, આપને ભજું છું. છતાં પણ ફેરફાર રહી જાય છે.

**'ત્યારે તો તે આવો ઉપાય કરે છે. માટે જે પુરુષાર્થ વડે મોક્ષનો ઉપાય કરે છે...'** જુઓ! પુરુષાર્થની મુખ્યતા કરે છે. **'જે પુરુષાર્થ વડે મોક્ષનો ઉપાય કરે છે તેને તો સર્વ કારણો મળે છે...'** જેને પોતાના હિત કરવાનો સંવેદ-સમ્યક્ વેગ પુરુષાર્થ ઉત્પન્ન થાય છે તેને સર્વ કારણો એટલે કાળલબ્ધિ અને કર્મનો ઉપશમ આદિના કારણો મળે છે. **'અને અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે એવો નિશ્ચય કરવો.'** આવો નિર્ણય કરવો કે એને તો મોક્ષની પ્રાપ્તિ થવાની જ છે. એટલે મુમુક્ષુ જીવે પુરુષાર્થપ્રધાન વિચારણા રાખવી. નિર્ણયમાં પુરુષાર્થની પ્રધાનતા રાખવી. નિર્ણયમાં કાળલબ્ધિની પ્રધાનતા ન રાખવી, નિર્ણયમાં કર્મના ઉદયની પ્રધાનતા ન રાખવી કે એ કર્મનો ઉદય હમણાં અનુકૂળ નથી, બહારમાં પ્રતિકૂળતાઓ વધી છે અથવા બહારમાં ઘણા કામનો જમેલો વધ્યો છે. અનુકૂળતાઓમાં અનેક કામ આવી પડે. પ્રતિકૂળતામાં અનેક કામ એ પ્રકારના પ્રતિકૂળતા દૂર કરવાના આવી પડે, આમાં અનુકૂળતા વધારવાના આવી પડે. કર્મનો ઉદય એવો છે કે વખત મળતો નથી. એ વાત પણ બરાબર નથી.

પુરુષાર્થપ્રધાન જ્યાં નિશ્ચય રાખવો ત્યાં પણ પર્યાયના કર્તૃત્વ પ્રધાન પુરુષાર્થનો નિશ્ચય ન રાખવો. અહીંયાં એ વાત નથી પણ એ વાત ગર્ભિતપણે સમજવા યોગ્ય છે કે જ્યાં પુરુષાર્થપ્રધાન નિશ્ચય રાખવો છે ત્યાં પણ પુરુષાર્થ કરવાના કર્તૃત્વના પુરુષાર્થને પુરુષાર્થ જ કહેતા નહિ હોવાથી પર્યાયના કર્તૃત્વમાં પુરુષાર્થ કરું, કરું, કરું એ વાત પણ અહીંયાં લેવી નથી.

મુમુક્ષુ :- ગમે એવો કર્મનો ઉદય હોય તો એમાં એટલી સુવિધા છે કે પુરુષાર્થ કરી શકે. કેટલી સરસ વાત છે!

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર કરી શકે. એક માણસે એમ કહ્યું માણસને વેદના-પીડા થતી હોય ત્યાં પછી એને ઉપયોગ શરીરમાં જાય, વેદનામાં જાય, શરીરની વેદનામાં જાય, એ આત્માને કેવી રીતે કરી શકે? એણે પ્રશ્ન પૂછ્યો હતો.

શરીરની પીડા ચાલતી હોય અને કોઈ બહારમાં આર્થિક લાભ બતાવે. ભાઈ! તમારે એક બહુ સારી તક આવી છે તમારું ધ્યાન નથી ગયું પણ હું તમને કહું જરાક આટલું કારણ ઊભું થયું છે. તમે મળી લ્યો, જરાક વાત કરી લ્યો. પત્ર

લખી લ્યો, ટેલીફોન કરી લ્યો, તાર કરી દો. તો તમને તો તરત જ આ કામ મળી જાય એવું છે અને પચ્ચીસ લાખનો ઢગલો થાય એવું છે. પીડા વખતે એ વિચાર કરી શકે ન કરી શકે? કે, આ હું કાર્ય કરું, મારા લાભની વાત છે, આ વાત મને સારી કરી. હવે મારે એના માટેની વ્યવસ્થા કરવી જોઈએ. એ બધો વિચાર પીડા સહિતની સ્થિતિમાં થઈ શકે ન થઈ શકે? એ થઈ શકે તો આત્માનો કેમ ન થઈ શકે? એ લાભનું કારણ નથી? આ લાભનું કારણ છે તો આ લાભનું કારણ નથી? એ લાભનું કારણ દેખાતું નથી તો બહાનું કાઢે છે, એની અરુચી છે તો બહાનું કાઢે છે કે, હમણાં નહિ ને પછી કરીશ. અરુચિનું આ એક Symptom છે, લક્ષણ છે, ચિન્હ છે. પછી કરીશ, પછી કરીશ, પછી કરીશ. આટલું કામ કર્યા પછી કરીશ. એ સ્વરૂપની અરુચિ સૂચવે છે.

અરુચિના બે, ત્રણ મુદ્દા આપણે હમણાં હમણાં લીધા. આ અરુચિસૂચક મુદ્દો છે. અથવા કોઈ એમ કહે કે આ બહુ અઘરું છે ને બહુ કઠણ છે. આપણા જેવા સાધારણનું કામ નથી. એને પણ એ કાર્યની અરુચિ છે, સ્વરૂપની અરુચિ છે. જે કુતૂહલનો વિષય થયો. જગતના પદાર્થો પ્રત્યે, જગતના બનાવો પ્રત્યે જ્યાં કુતૂહલવૃત્તિ પ્રત્યે સતેજ થાય છે ત્યાં પણ આત્માની રુચિ રહેતી નથી. આ રુચિને બતાવનારા કેટલાક ચિહ્નો છે.

મુમુક્ષુ :- પર્યાયમાં કર્તુત્વ રહિતનો પુરુષાર્થ (એ) કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે પર્યાયમાં કરું, કરું, કરું, કરું એમ ઘણાંને કરવાનું જોર આવે એને પુરુષાર્થ ગણે છે, એમ સમજે છે. એ પુરુષાર્થનું સ્વરૂપ નથી, એ અપુરુષાર્થનું સ્વરૂપ છે અથવા ઊંધા પુરુષાર્થનું સ્વરૂપ છે.

જિનમતમાં અથવા જિનસિદ્ધાંતમાં પર્યાયના કર્તૃત્વને મિથ્યાત્વ કહ્યું છે. પર્યાયની કર્તાબુદ્ધિની મિથ્યાત્વ કહ્યું છે અને એ પર્યાયની કર્તાબુદ્ધિ પુરુષાર્થના બહાને દઢ કરે તો એ મિથ્યાત્વને દઢ કરવાનો પુરુષાર્થ કરે છે. એટલે અપુરુષાર્થ, ઊંધો પુરુષાર્થ કરે છે. પણ પોતાના સ્વરૂપની ઓળખાણ કરીને જો એને પોતાના સ્વરૂપમાં રહેલું પોતાનું સામર્થ્ય પ્રતિભાસે તો એને પોતાના સ્વરૂપ પ્રત્યેનો સંવેગ અથવા બળ ઉત્પન્ન થયા વિના રહેતો નથી. જેને જ્ઞાનબળ પ્રથમ કહેવામાં આવે છે. અથવા સ્વરૂપનો નિશ્ચય એવું નિશ્ચયબળ-નિર્ણયબળ જેને કહેવામાં આવે છે. ત્યાંથી એની પ્રાથમિક શરૂઆત છે. અને એનો ઉત્પાદક નિશ્ચય અથવા જ્ઞાન છે.

પુરુષાર્થનું ઉત્પાદક કોણ છે? કે, જ્ઞાન છે. એ જ્ઞાનમાં સ્વરૂપ ભાસ્યું છે એ કેવું ભાસ્યું છે? કે, એની પ્રત્યક્ષતા સહિત ભાસ્યું છે. પ્રત્યક્ષ જ હું આવો છું,

એમ જોર આવે છે. પ્રત્યક્ષ હું આવો છું, એમ જોર આવે છે એટલે શ્રદ્ધા-જ્ઞાન પણ એ બાજુ વળવા તૈયાર થાય છે. એ સહજ જ આવે છે, જ્ઞાનને કારણે એ સહજ જ આવે છે. જેમ માણસને પ્રતિકૂળતાના કારણે ખેદ થાય છે તો સહજ થાય છે કે (કરવો પડે છે?) એને ખબર પડે છે કે, આ મને નુકશાન ગયું. આ લ્યોને, કોઈ સ્વજનનું મૃત્યું થાય છે તો એને રડવું આવે છે. તો એને ત્યાં પહેલા કાંઈ એની Practice કરવી પડે છે? એ જ્ઞાન જ એને દુઃખનું કારણ થાય છે. અનુકૂળતાનું જ્ઞાન જ એને સુખનું પ્રસન્નતાનું કારણ થાય છે.

એમ સ્વરૂપની પ્રત્યક્ષતાનું જ્ઞાન જ એને શ્રદ્ધા-જ્ઞાન બાજુ પરિણામને વાળવાનું જોર ઉત્પન્ન કરે છે. એ જે જોર આવે છે, એ સહજ આવે છે, એ પુરુષાર્થ છે. જેમ અનુકૂળતામાં હરખાવું, પ્રતિકૂળતામાં ખેદાવું, એ બે સહજ છે કે ત્યાં કૃત્રિમભાવે પુરુષાર્થ કરે છે? કૃત્રિમતાથી પુરુષાર્થ નથી કરતો. સહજ જ થાય છે. એમ અહીંયાં પણ પરિણામ સહજ થાય છે. જો સ્વરૂપને ઓળખે તો સ્વરૂપ બાજુના અંતર્મુખના પરિણામ સહજ જ થાય એવું જોર પરિણામમાં આવે છે, એ સહજ પુરુષાર્થ છે.

મુમુક્ષુ :- જ્ઞાનબળ જ કામ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન જ કારણ છે. જ્ઞાન મુખ્ય છે, જ્ઞાન સાધન છે અને અનંત ગુણોને દોરનારું જ્ઞાન હોવાથી એનું નામ નય પાડ્યું છે. નય એટલે દોરી જવું. શ્રુતજ્ઞાનનું નામ પાડ્યું નય. નય નિ- નય-To lead. જેમ કોઈ નેતા છે એ અનેક માણસોને દોરે છે કે, ભાઈ! તમારે આમ કરવાનું છે. એમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધે જ્ઞાન અનંત ગુણોને દોરનારું છે. એટલે જ્ઞાનને નેતા પણ કહેવામાં આવે છે. એ ઉપનામ આપ્યું છે. એવું જ્ઞાનને નામ આપવામાં આવે છે. એટલે બધા ગુણોમાં સર્વ ગુણો અનંત શક્તિ સંપન્ન હોવા છતાં, પોતપોતાની અનંત શક્તિ દરેકમાં હોવા છતાં સર્વ ગુણોમાં જ્ઞાન પ્રધાન છે અથવા જ્ઞાન મુખ્ય છે.

થોડા વખત પહેલા એક પ્રશ્ન કર્યો હતો. એકાદ મહિનો થઈ ગયો. 'પૂજ્ય બહેનશ્રી' સાથે ચર્ચા થઈ હતી કે, સામાન્ય રીતે દૃષ્ટિ છે એનો વિષય સત્તા છે. હુંપણું, છુંપણું એ દૃષ્ટિનો વિષય છે. દૃષ્ટિ નિર્વિકલ્પ છે. એના વિષયને પણ એ વિકલ્પ વિના જ વિષય કરે છે. નિર્વિકલ્પપણે સત્તાને વિષય કરનાર દૃષ્ટિ છે. જ્ઞાન છે એ સવિકલ્પ છે અને નિર્વિકલ્પ પણ છે. એટલે સ્વરૂપને એના અનેક સામર્થ્યના ભેદના સામર્થ્યથી પણ જોવે છે અને એ બધાનું સમુચ્ચયપણે અભેદ સામર્થ્યને પણ જ્ઞાન જાણે છે. બેય પ્રકાર એના છે.

હવે જ્યાં વિધિનો વિષય છે કે કાર્યની વિધિ કઈ રીતે કરવી? હવે પછીનું પ્રકરણ

જ વિધિવાદ આવે છે. ત્યાં કોઈ એમ વિચારે છે કે, દૃષ્ટિની મુખ્યતા રાખવી, દૃષ્ટિનું જોર રાખવું, દૃષ્ટિની મુખ્યતા રાખવી અને તો સમ્યગ્દર્શન પ્રગટશે. તો કોઈ એમ વિચારે છે કે આત્મા જ્ઞાયકસ્વરૂપ હોવાથી જ્ઞાન એવું સાધન છે કે જ્ઞાનની મુખ્યતામાં કાર્ય થાય છે. તો પ્રશ્ન એ થવા યોગ્ય છે કે, દૃષ્ટિની મુખ્યતાથી કાર્ય થાય કે જ્ઞાનની મુખ્યતાથી કાર્ય થાય? આપણે ક્યાંથી ઉપડવું? આ પ્રશ્ન પૂછ્યો એની પાછળ આ વિચારણા સ્પષ્ટ કરવાનો વિષય હતો. મુદ્દો એ હતો. ત્યાં તો પ્રશ્નમાં એટલી બધી લાંબી ચર્ચા ન થાય પણ મુદ્દો તો આ સ્પષ્ટ કરવો હતો.

ખરેખર તો જ્યારે કાર્ય થાય છે ત્યારે તો જ્ઞાનને પ્રતીતિનો સધિયારો મળે છે અને કાર્ય થાય છે. પ્રતીતિને જ્ઞાનનો સધિયારો મળે છે એમ નથી કહેવાતું પણ જ્ઞાનને પ્રતીતિનો સાથ મળે છે અને કાર્ય થાય છે. આમ છે. બેય વચ્ચે ફરક છે. જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન થાય છે. શ્રદ્ધાનપૂર્વક કદી જ્ઞાન થતું નથી. એમાં એ સિદ્ધાંત છે. બીજું, કે કોઈ એમ વિચારે કે દૃષ્ટિનું જોર છે એ ઘણું કામ કરે છે અને જ્ઞાન તો અનેક ભેદ પ્રભેદમાં વહેંચાય છે, ડોહળાય છે. માટે એક દૃષ્ટિના જોરનો વિષય પકડી લેવો અને કાર્ય કરી લેવું. તો એમ પણ કાર્ય થતું નથી.

પ્રશ્નની અંદર શું વાત હતી? પ્રશ્ન એમ પૂછેલો કે આત્મા અસ્તિત્વપણે પણ છે અને આત્મા જ્ઞાયકપણે પણ છે. અસ્તિત્વપણે જે આત્મા છે એ શ્રદ્ધાનનો વિષય છે. આત્મા જ્ઞાયકપણે છે એ જ્ઞાનનો વિષય છે. આત્મા જ્ઞાયક છે એ જ્ઞાનનો વિષય છે. તો બેમાંથી ક્યાં કેવી રીતે ઉપડવું જોઈએ? ક્યાંથી શરૂઆત કરવી જોઈએ? કેવી રીતે શરૂઆત કરવી જોઈએ? આ પ્રશ્ન હતો. અથવા ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક સ્વરૂપ અસ્તિત્વ છે. અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ સ્વરૂપ વસ્તુની વ્યવસ્થા છે. વસ્તુ વ્યવસ્થા શું છે? કે, ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક વસ્તુ છે અને એ અસ્તિત્વનો વિષય છે. તો અસ્તિત્વનો જે વિષય છે એના ઉપર જોર આવે. વસ્તુનું સ્વરૂપજ્ઞાન કર્યા પછી એના ઉપર જોર આવે તો એની પર્યાયદૃષ્ટિ હટે. માત્ર વસ્તુ વ્યવસ્થાનું જ્ઞાન કરે અને એને દૃષ્ટિના વિષય ઉપર જોર ન જાય તો પણ પર્યાયબુદ્ધિ ન છૂટે. એક તો આ સિદ્ધાંત છે. તોપણ પ્રયત્નનો- પુરુષાર્થનો અભ્યાસ કઈ રીતે ચાલે? આટલો સિદ્ધાંત ને આ પરિસ્થિતિ હોવા છતાં પુરુષાર્થનો વિષય કેવી રીતે ચાલે?

આત્મા જ્ઞાયક છે એમ જ્ઞાનમાત્રપણે જ્ઞાયકપણે આત્માનો અભ્યાસ કરવો જોઈએ. એમાં પ્રશ્ન ચાલ્યો હતો આગળ કે જ્ઞાયકમાં અસ્તિત્વ આવી જાય છે. માત્ર અસ્તિત્વ લેતા જ્ઞાયકપણું આવતું નથી. માત્ર અસ્તિત્વપણું લેતા જ્ઞાયકપણું આવતું નથી એટલા માટે કે અસ્તિત્વપણું બીજા પદાર્થોની અંદર પણ સામાન્ય છે. જ્યારે આત્માને ભિન્ન

પાડવો છે ત્યારે એને જ્ઞાનમાત્રપણે અવલોકતા એ ભિન્ન પડે છે, એ સિવાય ભિન્ન પડતો નથી. એટલે એ વાત ચાલી હતી કે, આત્માનો જ્ઞાયકપણે અભ્યાસ કરવો. એમાં અસ્તિત્વ આવી જાય છે. અસ્તિત્વનું ગ્રહણ ત્યાંથી થાય છે. અસ્તિત્વનું ગ્રહણ રહી જાય છે, આત્માનું જ્ઞાયકપણે અભ્યાસ કરતાં અસ્તિત્વનું ગ્રહણ બાકી રહી જાય છે એમ બનતું નથી. પણ જ્ઞાયકપણું છોડીને એકલા અસ્તિત્વ ઉપર જાય તો એમાં એને સફળતા મળશે નહિ. કેમકે વિધિ એ પ્રકારે નથી. આવો વિષય છે.

અહીંયા આપણે ચોથું પ્રકરણ વિધિવાદનું જ છે. પહેલા અર્થ આપી દીધો છે. વિધિ છે એ વિધિનો વિષય સૌથી વધારે સૂક્ષ્મ છે. તત્વજ્ઞાનના વિષયમાં સર્વથી વધારે સૂક્ષ્મ વિષય હોય તો એ વિધિનો વિષય છે. એટલા માટે 'અમૃતચંદ્રાચાર્યદેવે' 'સમયસાર'માં એને '**आत्मनः तत्त्वं**' એવું નામ આપ્યું છે. આ આત્માનું તત્ત્વ છે- વિધિ છે એ આત્માનું તત્ત્વ છે. આત્મા પોતે તત્ત્વ છે. વિધિ છે એ તત્ત્વનું પણ તત્ત્વ છે એમ કહેવું છે. સૂક્ષ્મ છે ને એટલે.

આમાં શું થાય છે કે આત્માનું નિરૂપણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી દ્રવ્ય-ગુણ-પર્યાયથી અને ઉત્પાદ-વ્યય-ધ્રુવથી અને ગુણ-ગુણી ભેદથી દ્રવ્યાનુયોગમાં સ્પષ્ટપણે નિરૂપિત કર્યું છે. મનુષ્ય અને તેમાં પણ ક્ષયોપશમ જેને પોતાનું પ્રયોજન સમજવાનો ક્ષયોપશમ છે એને એ વાત સમજાય છે કે મારા આત્માનું સ્વરૂપ પણ આવું હોવું ઘટે છે. તેમ છતાં એ આત્માને અનુભવ કરવાની વિધિનું ગ્રહણ થવું એ એક વાત બીજી રહી જાય છે. આત્મા સમજાવા છતાં આ વાત રહી જાય છે. એટલે એ વિષય વધારે સૂક્ષ્મ છે.

જેને વિધિ સમજાય છે એને અંતર્મુખ પરિણમવાની રીત સમજાય છે. અને એ રીત જેને સમજાય છે તે પરિણમનમાં આવી જાય છે. આત્મા સમજવામાં સમજાયું છતાં પરિણમનમાં કેમ ન આવ્યો? તો એ અહીંયાં પ્રશ્ન થવા યોગ્ય છે કે, આત્મા તો બરાબર સમજાયો. બરાબર એટલે આગમ કહે છે એ રીતે સમજાયો. આગમથી પ્રતિકૂળ એને વિચાર કે વિકલ્પ નથી અથવા નથી બેસતું (એમ નથી થતું), એને નિષેધ નથી આવતો. જે રીતે સ્વરૂપ નિરૂપણ છે એ રીતે એને વાત તો સમજાય (છે).

દ્રવ્યાનુયોગના આગમ અનુસાર આત્માના સ્વરૂપ વ્યવસ્થા, આત્માનું સ્વરૂપ કેવું હોય એની વ્યવસ્થા એને વિચારમાં આવે છે ત્યાં એને મનના સંગે એક કલ્પના થાય છે. કલ્પના થાય છે. હવે કલ્પના થાય છે તો એનું ફળ શું આવે? કદી એવું ન બને કે કલ્પનાનું ફળ સુખ આવે. નિયમબદ્ધપણે કલ્પનાનું ફળ દુઃખ છે. અથવા

જગતમાં જેટલા કોઈ દુઃખના પર્યાયો છે, જે કોઈ જીવને હોય, જે કોઈ કાળમાં હોય, તે સર્વ કાળમાં સર્વ જીવોને દુઃખનો પર્યાય છે એ કલ્પનાવશ છે. વસ્તુના સ્વરૂપમાં કલ્પના ઊભી થાય તો જ દુઃખ થાય ને નહિતર દુઃખ ન થાય. અથવા અન્યથા જ્ઞાન-સ્વરૂપનું અન્યથા જ્ઞાન, મિથ્યાજ્ઞાન કલ્પિત જ્ઞાન એમાંથી દુઃખ ઊપજે છે. આ એક નિયમ છે.

અવિપરીત જ્ઞાન હોય એટલે વિચારણાના કાળમાં પણ જ્ઞાન લક્ષણથી જ્ઞાનની પ્રધાનતામાં જ્ઞાનના આધારે જ્ઞાનમય જ્ઞાન સ્વભાવી આત્માનો નિશ્ચય થાય તો એ કલ્પિત નિશ્ચય નથી, એ યથાર્થ નિશ્ચય છે કે જે એના પુરુષાર્થને સમુત્પન્ન કરે છે. આગમ અનુસાર, આગમ અનુકૂળ રાગ પ્રધાનતામાં નિશ્ચય કર્યો હોય, યથાર્થ લાગે, સાચો લાગે એવો નિશ્ચય કર્યો હોય તોપણ એ સાચો નથી એનું લક્ષણ એ છે કે ત્યાં એને પુરુષાર્થની ઉત્પત્તિ નથી. સહજ પુરુષાર્થની ઉત્પત્તિ નથી. સાચો નિર્ણય તો પુરુષાર્થને ઉત્પન્ન કર્યા વગર રહે નહિ. જ્ઞાન જ પુરુષાર્થની ઉત્પત્તિનું કારણ છે.

એટલે જ્યાં વિધિનો વિષય છે ત્યાં એને યથાર્થ વિધિ જો લક્ષમાં આવે તો એને પરિણમન આવે અને નહિતર આત્મા જાણ્યો છે, આત્મા સમજાણો છે એવું એને લાગે ખરું, પણ પરિણમન આવે નહિ.

અર્થ :- પહેલા અર્થ લે છે. '**નિશ્ચયથી વસ્તુની આ સાચી રીતિ છે કે જીવવસ્તુ નિજ જાતિરૂપ પોતાના સ્વરૂપમાં પોતાના જ સ્વરૂપરૂપે ઊપજે છે, તેને જિનવાણી-દ્વાદશાંગવાણી-વિધિવાદ કહે છે.**' વિધિવાદ (અર્થાત્) વિધિનો મત. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ'. પંથ કહો, માર્ગ કહો, ઉપાય કહો, વિધિ કહો. બધું એકાર્થ છે. રીત કહો, મોક્ષમાર્ગની કાર્ય કરવાની રીત કહો, કાર્ય પદ્ધતિ કહો બધું એક જ છે. તો કહે છે કે, નિશ્ચયથી એટલે વાસ્તિકપણે વસ્તુની આ સાચી રીતિ છે, વસ્તુનું નિજ કાર્ય કરવાની, સ્વકાર્ય કરવાની આ સાચી રીતિ છે. વસ્તુનું સાચું પરિણમન કરવાની સમ્યક્ પરિણમન કરવાની આ સાચી રીતિ છે કે, '**જીવ વસ્તુ...**' પોતે '**નિજ જાતિરૂપ...**' એની જે સ્વભાવ જાતિ છે તે જાતિરૂપે પોતે '**પોતાના સ્વરૂપમાં...**' પોતાના જ સ્વરૂપમાં અંતર્મુખ થઈને '**પોતાના જ સ્વરૂપરૂપે ઊપજે...**' પોતે જેવા સ્વરૂપે છે એવા જ સ્વરૂપે એનું પરિણામ ઊપજે, એ સ્વરૂપરૂપે ઊપજે છે. તેને જિનવાણીમાં-દ્વાદશાંગ વાણીમાં વિધિવાદ કહેવામાં આવ્યો છે. આ વિધિવાદ છે. આને છોડીને બીજી વાત કરે એટલે એ કોઈ જુદી વાત છે. આ જિનવાણી અનુસર નહિ, વિધિવાદમાં એનો સમાવેશ નથી. બહુ ઊંડેથી કાઢ્યું છે.

વિધિવાદ. બાર અંગમાં એમ કહે છે ને કે, આ 'સમયસાર' ક્યાંથી (ઉત્પન્ન

થયું)? કે, જ્ઞાનપ્રવાદ. જ્ઞાનપ્રવાદ નામનો જે દશમું અંગ છે, અગિયાર અંગ નવ પૂર્વ પછી ચૌદ પૂર્વમાં દશમું અંગ છે એમાં જ્ઞાનપ્રવાદ નામના પૂર્વમાં અમુક અધિકાર છે એમાં દશમી ફલાણી વસ્તુ છે એ વસ્તુનો આ અંશ છે. બાર અંગમાં કઈ જગ્યાએ એનું સ્થાન છે એમ કરીને આ 'સમયસાર'ના ઉપોદ્ઘાતની અંદર આ વાત સ્પષ્ટ કરી છે. એ જ્ઞાનપ્રવાદમાંથી આ વિધિવાદની વાત છે. એવા બધા એના જુદી-જુદી વસ્તુના અધિકારો એની અંદર છે.

એમાં વિધિવાદમાં આ વાત છે. બાર અંગમાં વિધિવાદ કરીને જ્યાં સાચી રીતિ પરિણમવાની છે એમાં આ વાત કરી છે કે, જીવવસ્તુ નિજ જાતિ પોતે સ્વભાવરૂપે (પરિણમે) ત્યારે એને વિધિવાદ કહીએ. આ વિધિવાદ છે. ત્યાં એ એની સાચી રીતિ છે. એ ખરેખર વાસ્તવિક એની સાચી રીતિ છે, નિશ્ચયથી સાચી રીતિ છે. બાકી બધી એને છોડીને કાંઈ પણ વાત હોય તો તે બધું અવિધિએ કાર્ય કરવાની વાત છે. અવિધિએ કદી કાર્ય થતું નથી.

મુમુક્ષુ :- બાર અંગનો સાર આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- બાર અંગનો સાર આ વિધિવાદમાં છે. એવું પ્રકરણ છે. એક જ શ્લોક લે છે એના ઉપર.

મુમુક્ષુ :- મુદ્દો તો ટૂંકો જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આરાધનનો મુદ્દો તો ટૂંકો જ હોય હંમેશા. વિધિ પોતે આરાધનસ્વરૂપ છે અને આરાધનમાં તો એકદમ ટૂંકું જ હોય. એમાં લાંબુ લાંબુ હોય તો તો નિર્વિકલ્પ આરાધન રહે નહિ. આરાધન પોતે નિર્વિકલ્પ રૂપે છે. જ્ઞાન સાકાર અને સવિકલ્પ હોવા છતાં આરાધના સમયે તે નિર્વિકલ્પ રૂપે છે. પછી પૂર્ણ સિદ્ધિ થયા પછી ભલે ગમે એટલા જ્ઞેયાકારો હોય પણ એમાં તો કાંઈ ઉપયોગ ફરતો નથી એટલે કાંઈ પ્રશ્ન રહેતો નથી.

શ્લોક છે.

**सहावं कुणोदि दव्वं परणमदि णिय सहावभावेसु।**<br>
**तमयं दव्वस्स विहि विधिवादं भणइ जिनवाणी।।४।।**<br>
**स्वभावं करोति द्रव्यं परिणमति निजस्वभाव भावेषु।**<br>
**तमयं द्रव्यस्य विधिर्विधिवादं भणति जिनवाणी।।४।।**

તન્મય જે દ્રવ્ય છે એને વિધિ, કોણ કહે છે? વિધિવાદ એને વિધિ કહે છે. '**विधिर्विधिवादं भणति जिनवाणी**' જિનવાણીમાં જે વિધિવાદ છે તે આને વિધિ કહે છે.

**'खलु निश्चयेन'** એનું પછી સાદિ ભાષામાં, સાદુ સંસ્કૃત (છે). **'विंधिखलु निश्चयेन द्रव्यस्य वस्तुनो अयं प्रत्यक्षविघिअर्थ यथार्थयुक्तिः'** ખરેખર નિશ્ચયથી દ્રવ્યરૂપ વસ્તુનો આ પ્રત્યક્ષ વિધિ અર્થ છે તે યથાર્થ યુક્તિ સહિત છે. યુક્તિથી વાતને જ્યારે બતાવવામાં આવે ત્યારે વિષય વધારે સ્પષ્ટ થાય છે. **'निजस्वभावभावे स्वजाति स्वरुपविषय मध्ये जीवद्रव्यं वस्तुस्वभावं स्वस्वरूपं करोति, उत्पद्यते वा अथवा परिणमति,'** શું કહે છે? કે, પોતાના નિજ સ્વભાવમાં સ્વજાતિ અને સ્વરૂપ વિષયમાં, સ્વરૂપ વિષયની મધ્યે જીવદ્રવ્ય પોતે વસ્તુભાવને સ્વસ્વરૂપરૂપે કરે છે, વસ્તુ સ્વભાવને પોતાના સ્વસ્વરૂપરૂપે કરે છે અથવા ઉત્પન્ન કરે છે અથવા પરિણમન કરે છે. **'एवं जिनवाणी'** એને જિવાણી કહે છે.

**'एवं जिनवाणी दिव्यध्वनित्वं'** જિનવણી કહો, દિવ્યધ્વનિ કહો, **'दिव्यध्वनित्वं स्वरूपपरिणमनं'** એને સ્વરૂપ પરિણમન કહે છે અથવા **'स्वरूपपरिणमनं विधिवादं वस्तुरीतयुक्तिकथने भणति कथयति।'** એને વિધિવાદ કહે છે, એને વસ્તુની રીત કહે છે. વસ્તુની સાચી રીત કહે છે, પરિણમવાની સાચી રીત કહે છે. **'युक्तिकथने भणति'** યુક્તિસહિત જે આ કથનને કહેવામાં આવે છે. **'कथयति भणति'** બધું એક અર્થમાં છે. **'भणति कथयति'** એ એનું સંસ્કૃત છે. એના ઉપર ભાવાર્થ છે.

ભાવાર્થ :- **'આ દ્વાદશાંગમાં એક તો આવું કથન ચાલે છે;...'** આ દ્વાદશાંગમાં બાર અંગની અંદર ભગવાનની દિવ્યધ્વનિના નિમિત્તે ગણધરદેવોએ રચેલું. એક જ ગણધર હોય છે એવું નથી હોતું, અનેક ગણધર હોય છે.

મુમુક્ષુ :- અગિયાર હોય, ઘણા હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એથી પણ વધારે હોય. 'મહાવીરસ્વામી'ને બાર ગણધર હતા એમ કહે છે. **'આ દ્વાદશાંગમાં એક તો આવું કથન ચાલે છે; તે શું? કે- જીવ પોતાનું જ સ્વરૂપ જે જ્ઞાનદર્શનચારિત્ર તે રૂપે પરિણમે છે,...'** પોતાનું સ્વરૂપ શું છે? જ્ઞાન દર્શન ચારિત્ર ત્રણ મુખ્ય સ્વભાવો લીધા, પણ એ આદિ જે જીવ સ્વભાવ છે, ગુણો છે એ એનો જે સ્વભાવ છે. **'તે રૂપે પરિણમે છે,'** જ્ઞાનદર્શનચારિત્ર એટલે સ્વભાવરૂપે પરિણમે છે. **'તે રૂપ પરિણમતાં કર્મનો જ સંવર થાય છે,...'** જ્યારે જીવ પોતાનો જેવો સ્વભાવ છે, અનંત ગુણ અભેદ સ્વભાવ દર્શનજ્ઞાનચારિત્ર તો એના ભેદ કહ્યા, પણ સ્વભાવમાં ખરેખર એવા ભેદ નથી. સ્વભાવમાં દર્શનજ્ઞાનચારિત્રના ભેદ નથી. એ તો સાતમી ગાથા લીધી કે આત્મામાં દર્શન વિદ્યમાન નથી, જ્ઞાન વિદ્યમાન અને ચારિત્ર વિદ્યમાન નથી. જ્ઞાનદર્શનચારિત્ર એવા ભેદ વિદ્યમાન નથી એમ કહેવાને બદલે દર્શનજ્ઞાનચારિત્ર જ આત્માને વિદ્યમાન નથી (એમ કહ્યું).

તો શું આત્મા શૂન્ય છે? એમ નથી. પણ દર્શનજ્ઞાનચારિત્ર કહેતાં ભેદ પડે છે, એ ભેદનો નિષેધ કરવા માટે એ નથી એમ કહેવામાં આવે છે. કેમકે એ એવા જુદાં જુદાં જોવામાં આવતા નથી. જુદાં જુદાં એને અનુભવવામાં આવતા નથી. અનુભવવામાં આવે છે પણ અભેદપણે અનુભવવામાં આવે છે.

આત્મા ત્રિકાળી દ્રવ્યરૂપે તો છે કે નહિ? કે, ત્રિકાળી દ્રવ્ય સ્વરૂપે હોવા છતાં દ્રવ્યના ભેદ સ્વરૂપે નથી. દ્રવ્યના ભેદ સ્વરૂપે નથી, એવા ભેદ સ્વરૂપે આત્મા નથી. આત્માના જ્ઞાનમાં ઉપયોગમાં સ્વભાવ વ્યક્ત છે. ત્યાં તો એ પર્યાય છે. તો કહે છે, પર્યાયના ભેદ સ્વરૂપે સ્વભાવ નથી. આત્મા દ્રવ્ય સ્વભાવ તો દ્રવ્ય અને પર્યાય બન્નેના ભેદથી નિરપેક્ષ સ્વરૂપે છે. બન્નેમાંથી એકેયની અપેક્ષા એને લાગતી નથી. આવો સ્વભાવ છે. એવા સ્વભાવને જાણવો, એવા સ્વભાવને ઓળખવો અને તે રૂપ પરિણમવવું તે સાચી રીતી ને તે સાચી વિધિ છે, એમ કહેવા માગે છે.

એટલે 'કર્તા-કર્મ અધિકાર'માં ૨૬ કળશથી નિષેધ કર્યો છે કે, આત્મા શુદ્ધ છે એનો નિષેધ કર્યો છે, આત્મા નિત્ય છે એનો નિષેધ કર્યો છે, આત્મા અકર્તા છે એનો નિષેધ કર્યો છે. એ બધા જે સ્વભાવ વાચક બોલ છે, પર્યાય વાચક નહિ, દ્રવ્ય વાચક જે બોલ છે એનો પણ નિષેધ કર્યો છે. એનો અર્થ શું થાય છે? કે, આ દ્રવ્ય છે, આ પર્યાય છે એવા આ દ્રવ્ય-પર્યાયના ભેદ સ્વભાવને લાગુ પડતા નથી. એવા ભેદથી નિરપેક્ષ એવું સ્વભાવનું સ્વરૂપ છે. એવું જ્યારે સ્વરૂપ એને જોવામાં આવે છે ત્યારે એનું એને પરિણમન થાય છે કે, હું આવો છું. સ્વરૂપ જોવામાં આવે છે એટલે હું એવા સ્વરૂપે છું, મૂળમાં હું આવા સ્વરૂપે છું એમ જ્યારે જીવને જણાય છે ત્યારે એનું પરિણમન ચાલુ થાય છે. ત્યારે એને સાચી વિધિ હાથમાં આવે છે.

વસ્તુનું સ્વરૂપજ્ઞાન એ જ વસ્તુને પરિણમવાની વિધિ છે. વસ્તુનું સ્વરૂપજ્ઞાન અને વિધિ બે જુદાં રહી શકતા નથી. 'આ હું આવો' એમ જોવે એ જોનાર પોતે વિધિ છે, એમ છે. એથી એ વિધિ જુદી રહી શકતી નથી.

મુમુક્ષુ :- સ્વરૂપજ્ઞાનમાં ગડબડ હોય તો વિધિ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્વરૂપજ્ઞાનની ગડબડ જ છે. નહિતર યથાર્થ સ્વરૂપજ્ઞાન તો વિધિ સહિત જ હોય છે, વિધિ જુદી પડી નથી શકતી. એટલે જ્યાં વિધિ નથી ત્યાં સ્વરૂપજ્ઞાન પણ નથી. એમ કહેવું છે. જ્યાં પરિણમન નથી ત્યાં સ્વરૂપજ્ઞાન પણ નથી. ભૂલ ક્યાં થાય છે? શાસ્ત્રોને અનુકૂળ જ્ઞાન જણાય ત્યાં ભૂલ થાય છે. શાસ્ત્ર કહે છે એમ જ આ વાત ચાલે છે. આ જ્ઞાન ખોટું કઈ રીતે? કે, ખોટું

એ રીતે કે વિધિ પકડાણી નથી એ રીતે. આવી વાત છે.

મુમુક્ષુ :- દ્રવ્યના જે બોલ છે એ ... શ્રુતજ્ઞાનમાં પ્રથમ તો એને એમ ખ્યાલમાં આવે છે કે હું શુદ્ધ છું, હું નિત્ય છું, એકરૂપ છું. ત્યારપછી એને વિધિ હાથમાં આવે છે કે પ્રથમથી જ્ઞાન..?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે, એક તો દ્રવ્યાનુયોગ અનુસાર વસ્તુના જે સામાન્ય-વિશેષાત્મક અંગો છે અથવા દ્રવ્ય, ગુણ, પર્યાયાત્મક અવયવો છે, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ- ભાવરૂપ અવયવો છે, એ પૂર્વક આખા અવયવીનું સમજવું થાય. તે પણ જિનોક્ત પદ્ધતિ પ્રમાણે એટલે કે નયજ્ઞાનનો વિષય આ પ્રકારે અને પ્રમાણજ્ઞાનનો વિષય આ પ્રકારે. નયજ્ઞાનમાં પણ નિશ્ચયનયનો વિષય આ પ્રકારે અને વ્યવહારનયનો વિષય આ પ્રકારે. બન્નેને વિષય વિરોધ હોવા છતાં અવિરોધ આ પ્રકારે. નિશ્ચયનય અને વ્યવહારને જે વિષય વિરોધ હોવા છતાં અવિરોધ પણ આ પ્રકારે. આટલું તો એ વિચારજ્ઞાનમાં બરાબર જો એને Set થાય તોપણ વિધિની વાત હજી આગળનો વિષય છે. એમાં તો જે સ્વભાવ છે એ સ્વભાવનો આધાર લેવાની વાત છે, એ સ્વભાવને પ્રથમ ઓળખવાની વાત છે, ઓળખીને આધાર લેવાની વાત છે. અને જ્યાં એ સ્વભાવનું સ્વરૂપ સમજવું છે ત્યાં એને આ બધા ભેદોથી નિરપેક્ષ સ્વભાવનું સ્વરૂપ સમજાવું જોઈએ. ન તો સ્વભાવ દ્રવ્યના ભેદ સ્વરૂપે છે, ન તો સ્વભાવ ગુણના ભેદ સ્વરૂપે છે, ન તો સ્વભાવ પર્યાયના ભેદ સ્વરૂપે છે, ત્રણેમાં હોવા છતાં. ત્રણેમાં હોવા છતાં.

દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેમાં સ્વભાવ વ્યાપેલો હોવા છતાં, વ્યાપ્ત હોવા છતાં ત્રણમાંથી એકેયના સ્વરૂપે નથી, એકેયના ભેદ સ્વરૂપે નથી, ત્રણે ભેદથી નિરપેક્ષ છે. એટલે તો વિશેષ સૂક્ષ્મ પડે છે ને કે આ શું કહે છે? મોટા મોટા અન્ય દર્શનોના વિદ્વાનોને ચક્કરમાં નાખવાની વાત એ થઈ કે, એક વખત તો જે દ્રવ્યને સ્થાપે છે કે આત્મા નિત્ય છે એને પાછા ના પાડતા જાય છે. '**एकस्य नित्यं**'. તો કહે, નહિ. ખરેખર એમ નથી. '**न खलु एव**' એમ નહિ. નિત્ય (છે). તો કહે ના એમ નહિ. શુદ્ધ તો કહે, ના. એમ નહિ. તમે એક કોરથી કહેતા જાવ છો ને પાછા ના પાડતા જાવ છો. આ વાત અમને સમજાતી નથી. એવો વિષય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ ભેદ સ્વરૂપે જ નથી પછી ક્યાં પ્રશ્ન છે. સ્વભાવ ભેદ સ્વરૂપે છે જ નહિ પછી ક્યાં પ્રશ્ન છે. પડે છે એ બીજી વાત છે પણ પોતે ભેદ સ્વરૂપે નથી એનું શું? ભેદ સ્વરૂપે નથી માટે ભેદ સ્વરૂપે એને જાણવું જોઈએ નહિ.

આ સીધી વાત છે. જો ભેદ સ્વરૂપે નથી છતાં ભેદ સ્વરૂપે જણાય તો એ જે સ્વરૂપે છે એ રૂપે નથી સમજાતું, કલ્પના થઈ છે. કાં દ્રવ્યની કલ્પના કરી છે, કાં ગુણની કલ્પના કરી છે, કાં પર્યાયની કલ્પના કરી છે.

મુમુક્ષુ :- કહેવામાં ભેદ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી : કહેવામાં તો ભલે ભેદ પડે પણ જ્ઞાનમાં વસ્તુ તો જેવી હોય એવી અભેદ જ રહેવી જોઈએ. કહેવામાં ભેદ પડે એ તો કહેતી વખતે કહી દે કે આ ભેદથી કહેવાય છે, પણ ખરેખર ભેદ સ્વરૂપે નથી. પણ જ્ઞાનમાં તો અભેદ વસ્તુ હોવી જોઈએ કે નહિ? સ્વભાવ અભેદ છે એવો જ જોઈએ ને જ્ઞાનમાં તો. કોઈ એમ તર્ક કરે અહીંયા કે, જે સ્વભાવ છે એમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, પુરુષાર્થ, સુખ આદિ તો સ્વભાવો છે. તો કહે છે, ભેદ વિવિક્ષેએ એ સ્વભાવને જોતાં એવા ભેદો સ્વભાવને હોવા છતાં અભેદ અનુભવમાં ભેદ જણાતા નથી, આ વાત નક્કી છે. અભેદ અનુભવમાં તો ભેદ જણાતા નથી. તો અભેદ અનુભવમાં જેવો સ્વભાવ જણાય છે એવો સ્વભાવ છે ખરેખર.

નિશ્ચયથી વાસ્તવિકપણે સ્વભાવ એવો છે કે, જેવો અભેદ અનુભવમાં અને નિર્વિકલ્પ અનુભવમાં આવે છે એવો છે. ભેદથી જે દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદો જણાય છે એ ભેદ એ સ્વભાવની ઋદ્ધિ હોવા છતાં, સમૃદ્ધિ હોવા છતાં એ ઋદ્ધિમાં અટકવું, એ ગુણની ઋદ્ધિ જોવા અટકવું એ વિધિનો વિષય નથી. એ વિધિનો વિષય નથી. જ્યાં સુધી વિધિને લાગેવળગે છે ત્યાં સુધી એ વાત એટલી ચોખ્ખી છે કે, એ વિધિનો વિષય નથી. વિધિનો વિષય બહુ સૂક્ષ્મ છે. તો કહે છે કે, જે વિધિ છે એ એટલી નિસ્પૃહ છે કે એ પોતાની ચૈતન્યઋદ્ધિને જોવા, ગુણની ચૈતન્યઋદ્ધિને જોવા રોકાતી નથી. જે પોતાના ગુણની ચૈતન્યઋદ્ધિને જોવા ન રોકાય એવી નિસ્પૃહતાથી જેનું પરિણમન હોય એને જગતના પદાર્થોની નિસ્પૃહતા કેટલી! મારી દો ત્રિરાશિ.

'શ્રીમદ્જી'એ એક વાક્ય લખ્યું છે કે અમને જગતની ઉપેક્ષા એટલી બધી વર્તે છે કે આ જગત સાવ સોનાનું થાય તો અમારે મન તૃણવત છે. છે લખ્યું છે કે નહિ? લોકો તો વાત કરે અમેરીકામાં આમ છે, ટ્રેન તો એવી બનાવી છે કે, ચારસો માઈલની ઝડપે દોડે અને પૈસા તો એટલા કે ઘરે એરોપ્લેન ને હેલીકોપટરો રાખે. ફલાણું આમ હોય, ઢીંકણુ આમ હોય, ગાડીઓ આવી હોય, આને આટલી કમાણી થઈ ગઈ, આ આમાં કમાઈ ગયો, આ આમાં ન્યાલ થઈ ગયો, ફલાણું થઈ ગયું, ઢીકણું થઈ ગયું. વાતો કરવામાં એને રસ કેટલો ચડે છે એ પાછું એને ખબર પણ ન હોય.

જ્ઞાની કહે છે કે, આ જગત સોનાનું થાય તો અમારે તો એ તણખલાની તોલે છે. જેમ એક તણખલાની કોઈ કિંમત નથી. એમ આખું જગત સોનાનું થાય તો અમારે એની કોઈ કિંમત નથી. બહુ નિસ્પૃહ છે. અરે..! એની નિસ્પૃહતાની તને ખબર નથી. આ તો બધી ભૌતિક સમૃદ્ધિ છે પણ ચૈતન્ય તો ચૈતન્યની ૠદ્ધિના ભેદોને જોવાની સ્પૃહાવાળો નથી.

એક વખત આ વિષયમાં 'પૂજ્ય બહેનશ્રી' સાથે બહુ સારી ચર્ચા થઈ. એમના જ એક બોલમાં એ વાત છે કે, એની ૠદ્ધિની સ્પૃહા નથી. તો એ ચૈતન્યની ૠદ્ધિ એવી છે કે, ચૈતન્યનો મહિમા ઉપજાવે. આવું જ્ઞાન છે આત્મામાં! આવું અનંત જ્ઞાન છે! આવું અનંત સુખ છે! તો કહેક છે, એ મહિમા ઉપજાવે એમાં અભેદતા સધાય છે ભેદ સધાય છે? જો ચૈતન્યની ૠદ્ધિના ભેદમાં અટકવું થાય તો વિધિ ચૂકી જઈશ, વિધિ જ ચૂકી જઈશ એમ કહે છે. અને એ મહિમામાં અભેદતા સધાય, Point એનો એ જ છે. તારી રીત શું છે એના ઉપર આધાર છે. તેનો તે ગુણ ૠદ્ધિ છે. એનો મહિમા આવતા અભેદતા સધાય તો ભેદનો વિલય થઈ જશે, અભેદ અનુભવમાં તું રહીશ. એનું નામ વિધિ છે. એ દર્શન, જ્ઞાન, ચારિત્ર ઉપરથી લીધું છે. વિશેષ લઈશું...

## તા. ૩૦-૪-૧૯૮૬, પાના નં. ૧૦, પ્રવચન નં. ૮

'આત્માવલોકન'. વિધિવાદ, વિધિનું પ્રકરણ ચાલે છે. મોક્ષમાર્ગરૂપ એટલે મોક્ષના ઉપાયરૂપ પરિણમવાની વિધિ શું છે એ વિષય છે આ પ્રકરણનો. સારાય જિનાગમમાં આ પ્રયોજનનો વિષય છે અને સમસ્ત જિનશાસનમાં કોઈ સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિષય હોય તો આ વિધિનો વિષય છે. કેવી રીતે સમ્યક્ પ્રકારે નિર્દોષ થવું, શુદ્ધ થવું, દોષ રહિત થવું એ વિધિની કળ જો જીવને આવડી જાય, એની સાચી રીત જો જીવને આવડે તો એ સંસારથી તરી જાય છે. આખો સંસાર, જે સ્વયંભૂરમણ સમુદ્ર જેવો છે એને એ તરી જાય છે. સ્વયંભૂરમણ સમુદ્ર એટલો વિશાળ છે, આખરનો સમુદ્ર છે, અસંખ્ય યોજનમાં છે, કોઈપણ સાધન દ્વારા કરવો મુશ્કેલ છે. તો એમ ને એમ તરી જવાય હાથથી, હાથ વિંઝતા વિંઝતા, તો કેટલું સામર્થ્ય ગણવું? Steamer થી ન તરી શકાય પણ હાથેથી તરતા તરતા તરી જવાય તો કેટલું સામર્થ્ય ગણવું!

એવું સામર્થ્ય આ વિધિમાં રહેલું છે. મોહનો સ્વયંભૂરમણ સમુદ્ર છે આ જગતમાં. અનંત પ્રકારે મોહ ફાળે, ફુલેલો છે, ફાલેલો છે, ફુલેલો છે. જેને કારણે જીવ અનંત કાળથી રખડે છે. અનંત અનંત કાળ દુઃખમાં સબડે છે. એવા દુઃખથી તરવાના ઉપાયના કથનને અહીંયાં વિધિવાદ કહ્યો છે. વાદ એટલે કથન. તરવાનું જે કથન તેને વિધિવાદ કહે છે.

વિષય સૂક્ષ્મ છે પણ એટલો લાંબોચોડો નથી. બહુ સંક્ષેપમાં છે અને સંક્ષેપમાં એનું અહીંયાં નિરૂપણ છે. સૂક્ષ્મ જરૂર છે, વિષય ઊંડો ગહન જરૂર છે. વિષયની ગહનતા છે, સૂક્ષ્મતા છે પણ કોઈ વિસ્તાર નથી વિષયનો. આ વિષયમાં કોઈ લાંબો વિસ્તાર નથી. પોતાનું જ જે સૂક્ષ્માતિસૂક્ષ્મ મૂળ સ્વભાવપણું, જે પરમ નિર્દોષ છે અને પરમ પવિત્ર છે, સર્વાંશે દોષ રહિત છે અને ગુણથી જોઈએ તો પરિપૂર્ણ ગુણનો ભંડાર છે, પરિપૂર્ણ પવિત્ર છે, પણ છે સૂક્ષ્મ ઘણું. એવું જે સૂક્ષ્માતિસૂક્ષ્મ નિજાત્મ સ્વરૂપ, એ સ્વરૂપના લક્ષે, એ સ્વરૂપના આશ્રયે સન્મુખ થઈને એ રૂપ પરિણમી જવું, તદ્રૂપ પરિણમી જવું એવી જે અંતર્મુખતાની વિધિ છે એને અહીંયાં નિર્દોષ થવાની, પવિત્ર થવાની વિધિ કહેવામાં આવે છે. એને મોક્ષની વિધિ કહી છે, મોક્ષનો એને માર્ગ કહેવામાં આવ્યો છે. ભાવાર્થ ફરીને લઈએ.

**'આ દ્વાદશાંગમાં એક તો આવું કથન ચાલે છે; તે શું?'** બાર અંગનું નામ લઈને વાત કરી કે, બારે અંગમાં એક વિધિના સંબંધમાં આવું કથન ચાલે છે. **'કે-જીવ પોતાનું જ સ્વરૂપ જે જ્ઞાનદર્શનચારિત્ર...'** ત્રણ મુખ્ય ગુણથી કહ્યું. સંક્ષેપથી કહીએ તો સ્વભાવ. પોતાનું જ જે સ્વભાવ સ્વરૂપ. આ ભેદથી કહ્યું. અભેદથી કહીએ તો પોતાનો જ જે સ્વભાવ તે સ્વભાવરૂપે પરિણમે છે, તે સ્વભાવરૂપે પરિણમન કરે છે, સ્વભાવ સદશ્ય પરિણમન કરે છે. સ્વભાવના લક્ષે, સ્વભાવના આશ્રયે તન્મયપણે પરિણમે છે. 'આ હું' એમ લેવું છે ને. દષ્ટિનો વિષય તો 'આ હું' એમ છે. આ હું છું. એમ જેવો પોતાનો સ્વભાવ જ્ઞાનમાં લક્ષમાં આવે છે, તે લક્ષે તે સ્વરૂપે હું છું એમ ભાવ પણ, પરિણામ પણ તદાકાર થાય છે.

**'તે રૂપ પરિણમતાં...'** એવું પરિણમન થતાં દ્રવ્યકર્મ અને ભાવકર્મ ઉત્પન્ન થતાં અટકી જાય છે એને સંવર કહેવામાં આવે છે. એવું પરિણમન થતાં કર્મનો સંવર થાય જ છે, **'કર્મનો જ સંવર થાય છે,...'** કોઈ જીવ અંતઃતત્ત્વસ્વરૂપ પરમપદના લક્ષે અંતર્મુખ પરિણમે અને એને ભાવકર્મ ઊપજે એવું તો બને નહિ. ભાવકર્મ જે પરિણામમાં ઊપજતા હતા, તે જ પરિણામના સ્થાનમાં શુદ્ધ જેવું પવિત્ર સ્વરૂપ છે તેવી જ તદાકાર શુદ્ધ પવિત્ર દશા ઉત્પન્ન થઈ. એટલે એ સ્થાન તો (શુદ્ધ પવિત્ર દશાએ લીધું). જેમ એક ખુરશી ઉપર એક માણસ બેઠો હોય તો એ ખુરશી ઉપર બીજાને કેવી રીતે બેસાડી શકીએ? જે પદમાં-જે પર્યાયસ્થાનમાં ભાવકર્મ ઊપજતા હતા, તે જ પર્યાયસ્થાનમાં શુદ્ધ પવિત્ર પરિણમન થવા લાગ્યું. ત્યાં ભાવકર્મ ઊપજતા અટકી ગયા, ભાવકર્મ પછી ત્યાં ઊપજી શકતા નથી. જો ભાવકર્મ ઊપજતા નથી તો એના નિમિત્તે થવાવાળા જે દ્રવ્યકર્મ છે એ પણ આપોઆપ જ ઊપજતા નથી. એટલે કર્મનો સંવર થાય છે.

હવે, આ છે નિર્દોષ પરિણમનની વિધિ અથવા ધર્મની વિધિ. ધર્મની વિધિ કહો કે નિર્દોષ પરિણમનની વિધિ કહો. ધર્મને ગુણ-દોષ સાથે સંબંધ છે, બીજા કોઈની સાથે સંબંધ નથી. વાસ્તવિક જો ધર્મને સંબંધ હોય તો તે ગુણ-દોષ સાથે સંબંધ છે.

જે જીવને ગુણ અને દોષની વહેંચણી કરતા આવડે. આ દષ્ટિકોણ જેને સૂક્ષ્મ અને તીક્ષ્ણપણે જળવાય શકે, ઉત્પન્ન હોય શકે, થઈ શકે તો જ એ આ માર્ગની અંદર આવી શકે. ન્યાયનો વિષય થોડો અટપટો છે. ન્યાય એકંદર તો ન્યાય છે એ પોતાનું અહિત ન થાય, પોતાની દુર્ગતિ ન થાય, કુગતિ ન થાય, પોતાને દુઃખ ન ઊપજે અને પોતાને શુદ્ધતાનું સ્વાધીન સુખ ઊપજે, નિર્મળતાનું સ્વાધીન સુખ ઊપજે એ જ પોતાના આત્મા માટે પોતાનો ન્યાય છે. તો પોતાને લક્ષમાં રાખીને,

પોતાને ગુણ ઊપજવાનું કારણ શું? પોતાને દોષ ઊપજવાનું કારણ શું? ક્યો સિદ્ધાંત કેવી રીતે ગ્રહણ કરવામાં આવે તો દોષ ન ઊપજે અને ગુણ ઊપજે? અશુદ્ધતા ન થાય અને શુદ્ધતા થાય. આ વિષય એણે યથાર્થ રીતે પકડી લેવો જોઈએ. આ દૃષ્ટિકોણ જો યથાર્થ રીતે ન પકડાય તો એના ફળમાં નિર્દોષ પવિત્રતા સ્વરૂપ જે ધર્મ એની વિધિ પણ હાથમાં ન આવે. કેમકે ઊભો છે જીવ અનાદિથી દોષમાં અને ન્યાયનો વિષય થોડો અટપટો છે. થોડો અટપટો છે એટલે કેવી રીતે? કે, પોતાને માટે વિચારવું છે ત્યાં તો એને ગુંચવણ નથી થવાની. પણ કોઈ વખત બીજાને માટે પણ વિચારવાનો પ્રસંગ આવે છે અને ત્યાં થોડી ગુંચવણ ઊભી થાય એવી પરિસ્થિતિ એટલા માટે થાય છે કે ત્યાં પદ્ધતિ અને રીત વિચાર ને દૃષ્ટિકોણ બદલાય છે. કેમ કે સ્વ છે એ સ્વ છે અને પર છે એ પર છે.

જેમ કે, કોઈ માણસ પોતા પ્રત્યે સદ્ભાવ રાખે, ઉપકાર કરે તો પોતે તેના પ્રત્યે અપકાર ન કરે. ઉપકાર કરનાર પ્રત્યે અપકાર કરે તો તે અન્યાય છે. સીધી વાત છે કે નહિ? પરંતુ પોતે કોઈના પ્રત્યે ઉપકાર કરે તો એને ગણે નહિ. બીજો ઉપકાર કરે તો ઘણું ગણે અને પોતે કરે તો કાંઈ ગણે નહિ. આવો ઉલટો-સૂલટો ગણવાના વિષયમાં ફેર છે ત્યાં ન્યાય છે. આનું નામ ન્યાય છે. ગણતરીમાં ઉલટો ને સૂલટો ફેર છે. ન્યાયનો વિષય જ્યારે બે વચ્ચે વહેંચાય છે ત્યારે કેટલીક અટપટી પદ્ધતિ ઉત્પન્ન થાય છે. છતાં ન સમજાય એવું નથી, સમજાય એવું છે કે, જ્યાં પોતાને નિર્દોષ થવું છે, પોતાને ગુણ પ્રગટ કરવા છે અને દોષ જ્યાં ટાળવા છે, આ તો એક દૃષ્ટાંત આપ્યો, ત્યાં તો એણે ગુણની દૃષ્ટિ કેળવવી પડે છે. જે ગુણની દૃષ્ટિ કેળવે છે એને તો બધું સીધે સીધું ઉતરે છે. એને દોષ અને દોષના નિમિત્તો, ગુણ અને ગુણના નિમિત્તોની વહેંચણીમાં કોઈ ખતવણીફેર થતી નથી, કોઈ ગડબડ ઊભી થતી નથી. પણ જો જીવે ગુણની દૃષ્ટિ ન કેળવી હોય તો એ ભૂલ કરી બેસે છે. દોષના નિમિત્તો એને કોઈવાર ગુણના નિમિત્તો ભાસી જાય છે અને ગુણના નિમિત્તો એને દોષના નિમિત્તો ભાસી જાય છે. આવું ઊલટું સૂલટું થઈ જાય. પોતાને નિર્દોષ થવું છે, પોતાને નિર્દોષ થવું છે એવું જે પ્રયોજન છે એની જે મુખ્યતા કે જે ભાવનાવશ ઉત્પન્ન થાય છે, સ્વરૂપપ્રાપ્તિની ભાવનાવશ ઉત્પન્ન થાય છે, એની ક્ષતિ એમાં રહેલી છે. એ વાત સ્પષ્ટ છે. એ ચાવી છે, ભાવના છે એ આ બધા વિષયની ચાવી છે.

મુમુક્ષુ :- ન્યાયના વિષયની અંદર યથાર્થતા તો જ્ઞાનીમાં જ હોય ને?

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે એની પાસે ગુણ-દોષની દૃષ્ટિ બહુ સૂક્ષ્મ છે. પોતે નિર્દોષ

થયા છે. નિર્દોષ થવાની વિધિ એ કળ એમના હાથમાં આવી ગઈ છે. આ વિશ્વમાં- જગતમાં અનાદિથી જીવ બહિર્મુખ ભાવે પરિણમે છે અને બહિર્મુખ ભાવે પરિણમતા આ જીવને આખા જગતની વિધવિધતા, વિવિધતા જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે.

પોતાના અનંત ગુણનિધાન સ્વરૂપને પોતે ભૂલેલો હોવાને લીધે આ જીવ જગતની વિવિધતા પ્રત્યે આકર્ષિત થયેલો છે અને બાહ્ય દૃષ્ટિથી એમાં રોકાયેલો છે. એવા આ જીવને અંતર્મુખ થવું એ એક જ નિર્દોષ થવાનો ઉપાય છે. એ એક જ વિધિ છે કે જે એને આવડવી જોઈએ, જે એને સમજાવી જોઈએ અને એ વિધિ સૂક્ષ્મ હોવાથી બહુ અલ્પ જીવોને પ્રાપ્ત થાય છે. જગતના મોટા ભાગના જીવો તો આ વિષયની અંદર વિચાર કરવા સુદ્ધા પણ વિચાર કરવાના Stage માં પણ નહિ હોવાથી એ તો બહારમાં ને બહાર જગતના પદાર્થો પાછળ દોડમાં સમય મેળવી શકતા નથી કે આવો કાંઈ વિચાર કરી શકતા નથી.

જે જીવોનો સમૂહ આવો વિચાર કરવાના ક્ષેત્રમાં પ્રવેશ કરે છે એમાં પણ બહુ જ અલ્પ જીવ વિષયની સૂક્ષ્મતા હોવાને લીધે આમાં પ્રવેશ કરે છે, આને સ્પર્શી શકે છે. પણ ત્યાં બીજો કોઈ ઉપાય નથી કે, એ સ્થૂળ થાય, એને સ્થૂળ કરી શકાય કે જેથી ઘણા જીવો એને પામી જાય. એવું પણ બની શકે એવું નથી. વસ્તુસ્થિતિને તો બદલી શકાય એવું નથી. પોતાને જો ગુણ પ્રાપ્તિ કરવી હોય, જો પોતાને તરવું હોય તો એણે પોતાએ જે વિધિએ તે હસ્તગત થતું હોય, જે વિધિએ તેનો લાભ થતો હોય તે વિધિ ચાહે સૂક્ષ્મ હોય કે ચાહે કોઈપણ પ્રકારની હોય, જે તે પ્રકારની હોય તે પ્રકાર અંગીકાર કરે જ છૂટકો છે. અને એ જીવના હાથની વાત છે, જીવના સ્વભાવની વાત છે, એવું જ પરિણમવાનો જીવનો સ્વભાવ છે એ એક બહુ મોટી કુદરતી પોતાને વિષે પોતામાં બહુ મોટી સાનુકૂળતા છે.

એક જબરદસ્ત સાનુકૂળતા એ છે કે, જેવું સ્વરૂપ છે, જેવી જાતિ સ્વભાવે પોતે છે એ રૂપે પરિણમવું એવો જ જીવનો સ્વભાવ છે. આ એક વસ્તુની સુંદરતા કહો, કુદરતની સાનુકૂળતા કહો એ બહુ મોટી છે પોતાને પડખે. એટલે કોઈ એ રીતે એને બહુ કઠિન છે, દુષપ્રાપ્ય છે, દુર્લભ છે એમ ગણી ગણીને દૂર રહેવા જેવું નથી. પણ એ લાભ લેવા જેવો છે, લઈ શકાય છે એટલા માટે. લઈ શકાય એવું છે એટલા માટે.

એનું મૂળીયું અહીંયાં રહેલું છે. ભલે જ્ઞાનીને જ દોષ અને નિર્દોષતાની વહેંચણી યથાર્થ થાય છે તોપણ જે મુમુક્ષુ પાત્ર છે અને જ્ઞાની થવા લાયક છે, ભવિષ્યમાં, નજીકના ભવિષ્યમાં જ્ઞાની થવાને યોગ્ય છે એવા મુમુક્ષુને પહેલા એ દૃષ્ટિકોણ લાધે

છે, પ્રાપ્ત થાય છે કે, ગુણ શું અને દોષ શું?

ધર્મનો પાયો-કોઈ નીવ છે તો આ ગુણ-દોષની વહેંચણી એ છે. જો ગુણ-દોષની વહેંચણી કરવામાં જીવ ભૂલ્યો તો એને કોઈ રીતે ધર્મનો કે વિધિનો, ધર્મની વિધિનો પત્તો લાગે એવું નથી. બહુ મહત્ત્વનો વિષય છે આ. એટલા માટે શું કરવું? ગુણ-દોષની વહેંચણીમાં ભૂલ ન થાય એટલા માટે શું કરવું? કે, પ્રથમમાં પ્રથમ આ જીવે પરિપૂર્ણ શુદ્ધતાનું ધ્યેય બાંધવું જોઈએ કે, આ મારો આદર્શ છે, આ મારું ધ્યેય છે અને આ ધ્યેયને અનુકૂળ મારા સર્વ ભાવ ને ભાવનાઓ છે. જો આ સ્થાનમાં આવે તો એનાથી વિરૂદ્ધ એવા જે દોષ અને દોષના નિમિત્તો, દોષ અને દોષના કારણો એની સૂઝ એને આપોઆપ આવે છે. નહિતર ન્યાયનો વિષય એટલો બધો અટપટો છે કે, જીવ પોતાને મુખ્ય કરવાનું ભૂલી જાય, પોતાની નિર્દોષતાને મુખ્ય કરવું ભૂલી જાય અને ન્યાય છે એ બીજાની મુખ્યતાથી કરવા લાગે.

ઉપલક દૃષ્ટિએ એ ન્યાય હોવા છતાં પોતાને માટે તે અન્યાય થઈ પડે છે. કેમકે ન્યાયનો વિષય જ એવો અટપટો છે. દૃષ્ટાંત આપ્યો કે, પોતે ઉપકાર કરે તો જરાય ન ગણે એનું નામ ન્યાય છે અને બીજો થોડો પણ ઉપકાર કરે તો ઘણું ગણે એનું નામ ન્યાય છે. આખા ત્રાજવા-કાટલા તદ્દન બદલાય જાય છે. ત્રાજવાનું પલ્લું જ બદલાય જાય છે. એટલો બધો ફેર છે ન્યાયના વિષયમાં.

જૈન દર્શનમાં અને અન્ય દર્શનોમાં ન્યાયના પ્રકરણો બહુ મોટા છે. બહુ મોટા પ્રકરણો છે, જૈન દર્શનના કેટલાક આગમો તો હજી હિન્દી-ગુજરાતીમાં અનુવાદિત થયા નથી. ન્યાય શાસ્ત્રો એવા છે કે, જે હજી સંસ્કૃત, માગધિમાં જ પડ્યા છે. પણ એ એટલો બધો બહોળો વિષય છે કે અભ્યાસ કરવા જતા જિંદગીઓ ટૂંકી પડે. તો શું કરવું? તો કહે છે, નિર્દોષ થવાની, પવિત્ર થવાની વિધિ છે એ વિધિનો વિષય એટલો વિશાળ નથી. ન્યાયનો વિષય ખૂબ વિશાળ અને બહોળો હોવા છતાં પોતાને નિર્દોષ થવાની જે વિધિ છે એ વિધિનો વિષય અત્યંત સંક્ષેપમાં બહુ જ ટૂંકો અને સંક્ષેપમાં પકડાય જાય એવો છે. એક વિષય એટલો છે કે, સૂક્ષ્મ ઘણો છે, ગહન ઘણો છે. એની ગહનતા ને સૂક્ષ્મતા ઘણી છે પણ એમાં બીજી કોઈ લાંબી ચોડી વિશાળતામાં જવું પડે અને સમય ઘણો આપવો પડે તો એ હસ્તગત થાય, એની પ્રાપ્તિ થાય, નહિતર ન થાય એવી વાત નથી. સાથે સાથે આટલી અનુકૂળતા પણ છે. ગહનતા અને સૂક્ષ્મતા હોવા છતાં પણ આટલી અનુકૂળતા એની અંદર છે.

પોતાના જ સ્વભાવને-અભેદ સ્વભાવને અહીંયાં જ્ઞાન, દર્શન અને ચારિત્રથી સ્વભાવનું નામ પાડ્યું છે. પોતાના જ સ્વભાવને સૂક્ષ્માતિસૂક્ષ્મ એવા પોતાના સ્વભાવને-

અભેદ સ્વભાવને જેને જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદની પણ અપેક્ષા નથી, દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદથી પણ જે નિરપેક્ષ છે અને જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદથી પણ જે નિરપેક્ષ છે. શુદ્ધાશુદ્ધ પર્યાયના ભેદથી પણ જે નિરપેક્ષ છે. શુભ-અશુભ નહિ, પણ પર્યાયમાં શુદ્ધતા અને અશુદ્ધતા એવા ભેદ પડે છે. પર્યાયમાં. વસ્તુમાં-મૂળ વસ્તુમાં-સ્વભાવમાં તો એવા ભેદ પડતા નથી. કેમકે એનાથી એ નિરપેક્ષ છે. એવો જે સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વભાવ તેના લક્ષે સ્વસંવેદનમાં પરિણમે. સ્વસંવદેન પોતે જ પોતાનું વેદન અવલોકનથી સાધ્ય કરે, છે તો વેદનસ્વરૂપી છે પોતે તો, વેદનનો ત્યાગ થઈ શકતો નથી. ત્રણ કાળમાં જ્ઞાન પોતાના વેદનનો ત્યાગ કરી શકતો નથી.

તેથી 'અમૃતચંદ્રાચાર્ય' ભગવાને લક્ષણથી આત્માને ઓળખવાના પ્રકરણમાં એ વાત લીધી કે, આ આત્માનું જે લક્ષણ અહીંયાં જ્ઞાન કહીએ છીએ તે સ્વસંવેદનથી પ્રસિદ્ધ છે. એટલું બધું એ પ્રસિદ્ધ છે કે, ક્યારેય તેની અપ્રસિદ્ધિ થવી સંભવિત નથી. અને એ પ્રસિદ્ધિ એ એનું પોતાનું જ સ્વસંવેદન છે. નિજમાં નિજનું વેદન એવું જે એનું સ્વરૂપ છે તેનાથી તે પ્રસિદ્ધ જ છે. પણ એનું અવલોકન એની પાસે નથી એટલે એને એ લક્ષણ ને લક્ષ કાંઈ પણ એને ખ્યાલમાં આવતું નથી, સમજાતું નથી અને બીજી બીજી દિશામાં એના પરિણામ, બહારની દિશામાં બહિર્મુખ ભાવે અનાદિથી વર્તમાન સુધી અનંત કાળ પર્યંત એ જ પ્રકારનું પરિણમન ચાલી રહ્યું છે. આવું જે સ્વસંવેદનથી પોતાનું જ્ઞાન પ્રસિદ્ધ છે એને ઉપયોગથી સ્વસંવેદનમાં સિદ્ધ કરે. પ્રસિદ્ધને સિદ્ધ કરે, સાધ્ય કરે એ એની વિધિ છે.

આમાં શું છે કે, જ્ઞાનની અંદર ઉપયોગમાં બે પ્રકારે કાર્ય થાય છે. જ્ઞાનનો વિષય જો સૂક્ષ્મતા ધારણ કરે છે તો એ આ જગ્યાએ ધારણ કરે છે. એક દૃષ્ટાંત આપ્યું છે અહીંયાં કે, જેમ દર્પણમાં પોતાના મુખનું પ્રતિબિંબ કોઈ જોવે છે ત્યારે તેનો ઉપયોગ દર્પણની સપાટી ઉપર છે કે જ્યાં પ્રતિબિંબ પડેલું છે પણ તેનું લક્ષ નથી ત્યાં. પ્રયોગને બરાબર વિચારી લેજો કે, જ્યારે દર્પણની અંદર પોતાના મુખનું પ્રતિબિંબ જોવામાં આવે છે ત્યારે ઉપયોગ તે દર્પણ ઉપર હોવા છતાં એનું લક્ષ પોતા ઉપર છે. ઉપયોગ પર ઉપર અને લક્ષ પોતા ઉપર.

કોઈ ગુણીમાંથી Sample કાઢવામાં આવે છે. ખાંડની ગુણી હોય એને બંબી મારે. ઉપયોગ Sample ઉપર હોય છે ને લક્ષ આખી ગુણી ઉપર હોય છે. આ ગુણ આવી છે, આ ગુણમાં આવો માલ ભરેલો છે. આ એક જ્ઞાનનું સૂક્ષ્મ કાર્ય છે.

ભગવાનની વીતરાગ મુદ્રિત પ્રતિમા છે. તો વીતરાગ સ્વસંવેદન મુદ્રિત પ્રતિમાના દર્શન કરતી વખતે ઉપયોગ ભલે ભગવાનની પ્રતિમા ઉપર છે પણ દર્શન કરનારનું

લક્ષ એવા જ પોતાના સ્વસંવેદન પ્રત્યક્ષ એવા આત્મસ્વભાવ ઉપર જાય છે. આવું એક જબરદસ્ત કાર્ય આની અંદર થતું હોવાથી બહુ ધામધૂમપૂર્વક એની સ્થાપના કરવામાં આવે છે. એ ધામધૂમની પાછળ આટલી વિચિક્ષણતા છે. આટલી મોટી ધામધૂમ શું કરવા? કે એની પાછળ બહુ પરમ પ્રયોજનનો હેતુ એક રહેલો છે એટલા માટે. જ્ઞાનમાં કેવું એકસાથે બે કાર્ય થાય છે. બસ! આ બાહ્ય પ્રવૃત્તિમાં છે, અંતરંગ પ્રવૃત્તિમાં લક્ષ ત્રિકાળી નિજ જિન પ્રતિમા ઉપર છે અને ઉપયોગ સ્વસંવેદનમાં છે. શું કહ્યું?

ફરીને, ઉપયોગ સ્વસંવેદનમાં છે પોતે પોતાને ઉપયોગથી અસંખ્ય પ્રદેશે ચૈતન્યપિંડને એકાકાર થઈને વેદે છે, એનું લક્ષ ત્રિકાળી જિનપ્રતિમાં ઉપર છે, નિજ જિનપ્રતિમા ઉપર છે. આમ લક્ષ અને ઉપયોગનું એકસાથે બે થરું કામ થાય છે, એક પર્યાયમાં. ત્યારે એને એની વિધિ સંપ્રાપ્ત થાય છે. આ વિધિનો વિષય છે. સૂક્ષ્મ છે એ આટલા માટે સૂક્ષ્મ છે કે લક્ષ છે એ ત્રિકાળી ઉપર અને ઉપયોગ છે એમાં સ્વસંવેદન છે અને એ પર્યાયમાં છે. સ્વસંવેદન છે એના ઉપર લક્ષ નથી અને ત્રિકાળીનું વેદન નથી. આમ ઉલટાવીને લઈએ તો જે સ્વસંવેદન પ્રવર્તે છે ને જેમાં આનંદ ને જ્ઞાન વેદાય છે એના ઉપર લક્ષ નથી અને ત્રિકાળીનું સ્વસંવેદન નથી. ત્રિકાળી ઉપર લક્ષ છે અને વર્તમાન પર્યાયનું સ્વસંવેદન છે. આવું જે કાર્ય (થાય છે) એને અહીંયાં વિધિ કહે છે અને એના કથનને વિધિવાદ કહેવામાં આવે છે.

પછી પરમાગમોમાં એની અનેક પ્રકારે ભાષા કરી છે પણ મૂળ વાત તો આટલી છે કે, જે જ્ઞાન પોતાના નિજ વેદનને કદી પણ ત્યાગતું નથી, કદી પણ તેનો ત્યાગ કરી શકતું નથી અને પર વેદનનો અશાતાના વેદનનો, શરીરના વેદનનો કે કષાયના વેદનનો જેમાં પ્રવેશ થવાનો, સ્પર્શ થવાનો અવકાશ પણ નથી, કોઈ ગુંજાશ નથી, એવું જેનું જ્ઞાનઘન, વેદનઘન સ્વરૂપ છે એનો કદી ત્યાગ થઈ શકતો નથી. ફક્ત એને અવલોકનના અભ્યાસથી આવિર્ભૂત કરવાનો સવાલ છે. એવા અભ્યાસના અભાવમાં એ તિરોભૂત થયેલું છે, નાશ નથી થયું, એ તિરોભૂત થઈ ગયું છે. જેથી એને પોતાને વેદાતું હોવા છતાં, જણાતું હોવા છતાં વેદાતું નથી અને જણાતું નથી. આમ થાય છે.

આ ૧૭-૧૮ ગાથાનો વિષય છે. આબાળગોપાળને ભગવાન આત્મા (જ અનુભવમાં આવી રહ્યો છે). એ જ ભગવાન આત્મા છે. નિજ સ્વરૂપે સ્વપણે વેદાતું જ્ઞાન તે આત્મા છે. આ 'ગુરુદેવશ્રી'નું સૂત્ર છે. (પરમાગમસાર-૭૩૩). એ જ ભગવાન આત્મા આબાળગોપાળને અનુભવમાં આવી રહ્યો છે. અનુભૂતિસ્વરૂપ જ છે એ તો,

વેદનસ્વરૂપ કહો કે અનુભૂતિસ્વરૂપ કહો. પણ અનાદિના ...

સ્વરૂપ લક્ષે નિજ વેદનને વેદવું આ એક એની વિધિ છે. આ વિધિ એને સ્વલક્ષે સમજાય અને નિજ વેદનના અવલોકનના અભ્યાસથી આ વિધિ એને સમજાય તો સ્વયંભૂરમણ સમુદ્ર જેવા મોહના સમુદ્રને, સંસારના સમુદ્રને જીવ તરી જઈ શકે છે અને નહિતર બીજો આથી સહેલો કોઈ ઉપાય છે નહિ.

મુમુક્ષુ :- સમૃદ્ધિ તો પડી જ છે પણ વાપરતા આવડવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- એનો ઉપયોગ કરતા એને આવડતું નથી. જે જેનાથી સંજીવની ખરીદાય એનાથી મોત પણ ખરીદી શકે છે. હવે ક્યાં એને શું ખરીદવું એ એણે વિચારવાનું છે. જે શક્તિથી એ ગુણને પ્રાપ્ત કરી શકે એ શક્તિથી એ દોષને પણ પ્રાપ્ત કરી શકે છે. જે શક્તિથી એ દવા લઈને પોતાના શરીરને તંદુરસ્ત કરી શકે છે, એ જ સંપત્તિથી, એ જ પૈસાથી એ દારૂ પીને પોતાના શરીરને બગાડી પણ (શકે છે), તંદુરસ્તીને બગાડી પણ શકે છે. પૈસો તો તેનો તે છે. એને ક્યાં વાપરવો એનો વિવેક એને પોતાને કરવાનો છે.

મુમુક્ષુ :- ઉપયોગ પરમાં હોય, કાં પરદ્રવ્યમાં હોય, કાં સ્વદ્રવ્યમાં હોય પણ એને વેદન જ્યારે પરમાં હોય ત્યારે પણ સ્વનું જ હોય અને....

પૂજ્ય ભાઈશ્રી :- કેમ કે વેદન લબ્ધમાં છે. સ્વ વેદન ત્યાં ઉપયોગમાં નથી. બહુભાગ, બહુ ભાગ વિદ્વાનો પણ જ્ઞાનના લબ્ધ ઉપયોગના સ્વરૂપને સમજતા નથી. જ્ઞાનમાં-છદ્મસ્થના જ્ઞાનમાં હંમેશા આ બે ભાગ પડે છે-લબ્ધ અને ઉપયોગ. સ્મૃતિજ્ઞાન એ બીજો વિષય છે. એ લબ્ધનો વિષય નથી. સ્મૃતિ-વિસ્મૃતિ એ બીજો વિષય છે. એ મતિજ્ઞાનમાં જાય છે અને આ શ્રુતજ્ઞાનનો વિષય છે. લબ્ધ (અને) ઉપયોગ એ શ્રુતજ્ઞાનનો વિષય છે.

ઉપયોગમાં કદી બે ભાગ ન પડે પણ જ્ઞાનની આખી પર્યાયમાં બે ભાગ છે લબ્ધ અને ઉપયોગ. છદ્મસ્થનો ઉપયોગ હંમેશા એક જ વિષયને એક કાળે ગ્રહણ કરી શકે, કેવળજ્ઞાનીનો નહિ. કેવળજ્ઞાનીના ઉપયોગમાં તો સ્વ ને પર બધું જ ઉપયોગમાં એકસાથે છે. એને લબ્ધનો વિભાગ પડતો નથી. આ છદ્મસ્થની પર્યાયમાં થાય છે. તો છદ્મસ્થની પર્યાયમાં ઉપયોગ કદી એકસાથે બે વિષયને ગ્રહણ ન કરી શકે. તો જ્યારે કોઈપણ સાધક જીવનો ઉપયોગ, ધર્મી જીવનો ઉપયોગ શુભ કે અશુભ યોગમાં પ્રવર્તે છે, બંને યોગમાં પ્રવર્તે છે, એવું નથી કે સાધક એકલો શુભમાં જ રહે, અશુભ ઉપયોગમાં પણ આવે છે, તો અશુભ ઉપયોગમાં આવે ત્યારે એને ધર્મ કેવી રીતે રહે? શુભ ઉપયોગની સાથે તો લોકોને બહુ વાંધો નથી પણ અશુભ ઉપયોગની સામે

તો ચોક્કસ વાંધો છે. શુભ તો મંદ કષાયનો એટલે મંદ મલિનતાનું મંદ પરિણમન છે અને અશુભ તો મલિનતાનું તીવ્ર પરિણમન છે. એને ને ધર્મને તો જરાય મેળ ખાતો નથી. તેથી એ તો વ્યવહારનું ઉપનામ પણ પામતો નથી. શુભ તો વ્યવહારનું ઉપનામ પણ પામે છે કે, આ ધર્મીનો વ્યવહાર છે, અશુભને કાંઈ વ્યવહાર નથી કહેવાતો. તો એ વાત તો દૂર કરી શકાય એવું નથી. એ એક નક્કર હકીકત છે કે જેને દૂર કરી શકાય એવું નથી.

ચોથા, પાંચમા ગુણસ્થાને અશુભ ઉપયોગ થાય છે. અશુભ ઉપયોગ થાય છે એ નક્કર હકીકતને દૂર કરી શકાય એવું નથી. બરાબર છે? મુનિદશામાં સર્વસાવદ્યયોગનો ત્યાગ છે. ચોથા, પાંચમા ગુણસ્થાને તો અશુભ ઉપયોગ થાય જ છે. કોઈ કહેતું હોય કે નથી થતો તો એ વિષયને સમજ્યો નથી. બરાબર છે? અશુભ ઉપયોગ થાય ત્યારે ધર્મ જેનું નામ છે એમાં દર્શન, જ્ઞાન, ચારિત્રની પરિણતિ અભેદ ભાવે છે. દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતા એકપણે અને અવિરૂદ્ધ મૂળ માર્ગ તે પરમાર્થથી રે, કહ્યું સિદ્ધાંતે બુદ્ધ. બરાબર છે? બુદ્ધ નામ જ્ઞાનીને. તો ત્યાં દર્શન છે, ત્યાં ચારિત્ર છે ને ત્યાં જ્ઞાન છે. ત્યાં પુરુષાર્થ છે ને ત્યાં સુખ છે. અનંત ગુણનું શુદ્ધ પરિણમન તેનું નામ ધર્મ છે. પણ દર્શન, જ્ઞાન, ચારિત્ર મુખ્ય ગુણો છે. પુરુષાર્થ મુખ્ય ગુણઓ છે એટલે એને સાથે બતાવવામાં આવે છે. તો ધર્મી જીવને ધર્મ રહ્યો છે ત્યાં જ્ઞાન રહ્યું છે કે નથી રહ્યું? ધર્મમાં જ્ઞાન છે કે જ્ઞાનનો અભાવ છે? ઉપયોગ તો અશુભમાં લાગેલો છે. કેવી રીતે એને ધર્મ કહેશો? કેવી રીતે એને ધર્મ રહ્યો? સમજાવો ચાલો.

આ અમારો To the point પ્રશ્ન છે કે, કોઈ ધર્મી જીવનો જ્યારે અશુભ ઉપયોગ છે ત્યારે એને ધર્મ ક્યાં છે? એ બતાવો. એનો ધર્મ ક્યાં રહ્યો? અશુભ ઉપયોગના કાળમાં અશુભ પ્રવૃત્તિના કાળમાં, યોગ અને ઉપયોગની અશુભ પ્રવૃત્તિ છે ત્યારે એને ધર્મ ક્યાં રહ્યો એ બતાવો. કે એ વખતે એ અધર્મી છે? શું કહેશો? ચોથા ગુણસ્થાનનો ત્યાગ કરીને પહેલા ગુણસ્થાને આવ્યો, જ્યારે એ અશુભ પ્રવૃત્તિમાં ગયો ત્યારે? પાંચમાં ગુણસ્થાનનો ત્યાગ કરીને પહેલા ગુણસ્થાનમાં આવ્યો કાંઈ? કે બીજા, ત્રીજામાં આવ્યો કાંઈ? બીજું-ત્રીજું તો એટલા સૂક્ષ્મ કાળનું છે કે એ પ્રશ્ન નથી. અશુભયોગનો ઉપયોગ તો ઘણો લાંબો કાળ ચાલે છે. ક્યાં એને ધર્મ રહ્યો? કે એની પરિણતિમાં ધર્મ રહ્યો છે. તો જે અનંત ગુણની પરિણતિ ઊભી થઈ છે એમાં એક જ્ઞાનગુણની પણ પરિણતિ છે એને લબ્ધ પરિણતિ કહે છે. એને લબ્ધ કહે છે. એ જ્ઞાનની આખી પર્યાયના બે ભાગ છે. ઉપયોગ અશુભમાં છે ને પરિણતિ આત્મા ઉપર છે-

લબ્ધ આત્મા ઉપર છે. આમ છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- લબ્ધ પરિણતિમાં. અત્યારે મિથ્યાત્વ દશામાં એ પરિસ્થિતિ છે કે, ઉપયોગમાં કોઈ મિથ્યાદૃષ્ટિ ઉપયોગાત્મક ભાવે એમ વિચારે કરે છે કે હું એક છું, શુદ્ધ છું, પૂર્ણ છું, પવિત્ર છું, જ્ઞાનાનંદ સ્વભાવી છું. કાંઈ ન મળે. થાય છે અનુભવ? તો ઉપયોગ ગયો ને કેમ અનુભવ થતો નથી? કે, તારી પરિણતિ ઊંધી ચાલે છે. આ વિષય તો આપણે બહુ ચર્ચીએ છીએ. 'પૂજ્ય બહેનશ્રી' સાથે અવારનવાર ચર્ચા થાય છે ત્યારે એ વિષય ચાલે છે. અનેક વાર. ધ્યાન બહુ ઓછાનું જાય છે. પરિણતિ થવી જોઈએ, પહેલા પરિણતિ થઈ જવી જોઈએ. એવું તો કોઈ સમજાતું નથી. કેમકે એ વિષય ચર્ચતા નથી, એ વિષય ઉપર ધ્યાન નથી લોકોનું.

બહુ મહત્વનો વિષય આ છે કે, ઉપયોગથી તું વારંવાર ભાવના ભાવે છો કે હું આવો આત્મા છું, હું આવો આત્મા છું, હું આવો આત્મા છું, હું અખંડ છું, પૂર્ણ છું, શુદ્ધ છું? કેમ એનું પરિણામ નથી આવતું? એનું પરિણામ કેમ નથી આવતું? તપાસ તો તારે કરવી જોઈશે કે, તારા જ પરિણમનમાં કોઈ એવું તત્ત્વ મોજૂદ છે, હયાત છે, ઉપસ્થિત છે કે જે તારા ઉપયોગથી વિરૂદ્ધ છે. તારા ચાલતા ઉપયોગથી વિરૂદ્ધ છે. માટે એ ઉપયોગ બેકાર જાય છે. તો જ્ઞાનીની પાસે અશુભઉપયોગથી એક વિરૂદ્ધ પરિણતિ ઊભી છે, હયાત છે, મોજૂદ છે, પરિણમતો ભાવ છે, જેને શાસ્ત્રમાં-પરમાગમમાં 'જ્ઞાનધારા' એવું નામ આપ્યું છે. 'જ્ઞાનપ્રધાન' તો એનું નામ આપ્યું છે પાછું. છે એમાં અનંત ગુણ, પણ એનું નામ જ્ઞાનપ્રધાન આપ્યું છે, અંદર જ્ઞાન છે એટલે. આ જ્ઞાનધારા છે કે જે ઉપયોગની કર્મધારાથી વિરૂદ્ધ છે. જે ઉપયોગથી-અશુભઉપયોગથી ધર્માત્માને પણ અશુભ કર્મ પ્રકૃતિનું નિબંધન થાય છે, નથી થતું એવું કાંઈ નથી, ત્યાં કર્મ કાંઈ કોઈની શરમ રાખે નહિ. એના માટે એમ કહેવાયું કે એ ઉપયોગ એનો બેકાર છે. જેમ મિથ્યાદૃષ્ટિનો આત્મા સંબંધીનો ઉપયોગ ઊંધી પરિણતિને વશ બેકાર જાય છે. એમ કોઈ ફળ જોવામાં આવતું નથી. તેમ અહીંયાં સમ્યગ્દૃષ્ટિનો યુદ્ધમાં લડવાનો ઉપયોગ પણ બેકાર જાય છે. કેમકે એની પાસે પરિણતિ પડી છે.

'સોગાનંદજી' એને એમ કહ્યું કે એ મુખ્ય વૃત્તિ છે. એ તો મુખ્ય વૃત્તિ છે. ઉપયોગ મુખ્ય વૃત્તિ નથી. ઉપયોગ છે એ મુખ્ય વૃત્તિ નથી. બહુ મજાનો એક વિષય 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં છે. આપણે તો અનેક વાર એ વિષય ચાલ્યો છે. વિધિનો વિષય આમ સંક્ષેપમાં છે પણ એ તો જેટલા ઊંડા ઉતરો એટલું ચાલે એવું છે આમાં.

૨૧ નંબરનો પત્ર છે. સાત બોલ છે એની અંદર. સાત બોલ છે એમાં આ છઠ્ઠો બોલ છે. પ્રશ્ન એ છે એનો ઉત્તર એમણે સાત બોલમાં આપ્યો છે. પ્રશ્ન ઉઠાવ્યો છે અને ઉત્તર સાત બોલમાં આપ્યો છે.

પ્રશ્ન એ છે કે, ધર્મીજીવને અસ્થિરતા પૂર્વક દેવાદિ પ્રત્યે, દેવાદિક પ્રત્યે પરિણામ ઉત્પન્ન થાય છે. દેવ આદિક એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર. ગૌણપણે લઈ જવું કે અશુભઉપયોગ પણ થાય છે. આ તો શુભની જ વાત લીધી છે અહીંયાં તો. પ્રશ્નમાં તો શુભની જ વાત લીધી છે. પણ ગૌણપણે સમજી લેવું કે અશુભઉપયોગ પણ ધર્મીને થાય છે. અસ્થિરતાથી થાય છે આ. શેનાથી થાય છે? (અસ્થિરતાથી). જે સ્વરૂપ સ્થિરતા કેળવાયને પૂર્ણ સ્થિરતા રહે કે મુનિયોગ્ય સ્થિરતા રહે એવી સ્થિરતા ઉત્પન્ન થઈ નથી. તેથી અસ્થિરતાને વશ થાય છે. અધર્મને વશ થાય છે એમ નહિ, હોં! અસ્થિરતાને વશ થાય છે. અસ્થિરતાથી દેવાદિક પ્રત્યેના પરિણામમાં ખેદ વર્તતો હોવા છતાં. પાછું એમાં એને ઉત્સાહ નથી, રસ નથી, એને એ ઠીક ભલું-ઈષ્ટ જાણતા નથી.

ખેદ વર્તતા અને અખંડના સદ્ભાવરૂપ પરિણમન હોવાથી, હોવાને લીધે દેવાદિક પ્રત્યે એટલે શુભ અને અશુભ પરિણામના કાળે પણ અખંડના સદ્ભાવરૂપ પરિણમન હોવાથી ધર્મીજીવને બુદ્ધિપૂર્વક, ઈચ્છાપૂર્વક, રાગપૂર્વક બુદ્ધિમાં પકડાય એવા રાગપૂર્વક દેવાદિક પ્રત્યે ઉપયોગ જાય છે. તો આ ઉપયોગ જાય છે ત્યારે તેની અંતરંગ પ્રવૃત્તિ છે એ મુખ્યપણે, મુખ્યપણે એની અંતરંગ પ્રવૃત્તિ છે, એ સ્વરૂપને દઢિભૂત કરવાના આશયથી, આશય છોડ્યા વિના જાય છે એમ લાગે છે. એના ઉપર તમારું સ્પષ્ટીકરણ શું છે? આ પ્રશ્ન છે, ઉઠાવેલો પ્રશ્ન આ છે. જ્ઞાનની ચર્ચા તો બધી એવી જ હોય ને.

ત્યાં સ્વરૂપ દઢિભૂત કરવાનો આશય કેમ લીધો? આ પ્રશ્ન થોડો વિચારવા જેવો છે. દેવ છે એમાં નિતરતી વીતરાગતા છે. વીતરાગતા તો એક અંતરંગ પરિણમનનો વિષય છે, અંતર્મુખી પરિણમનનો વિષય છે. પણ વીતરાગદેવની જે મૂર્તિ છે એ તો નિતરતી વીતરાગતા બહાર આવી ગઈ હોય એક પરિસ્થિતિવાળું આખું સ્થાપન છે. ગુરુ છે એ પણ જુઓ તો હાલતા-ચાલતા સિદ્ધ જેવા છે. જે નિર્ગ્રંથ ગુરુ છે ભાવલિંગી સંત. સિદ્ધમાં અને એમાં ફરક એટલો છે કે સિદ્ધ વિદેહી સ્વરૂપે છે અને ગુરુ સદેહી સ્વરૂપે છે. પણ છે જાણે હાલતા-ચાલતા સિદ્ધ જોઈ લ્યો! એટલી નિતરતી વીતરાગતા એના મન-વચન-કાયામાં પ્રસિદ્ધ થાય છે. અને શાસ્ત્ર છે એ સર્વ શાસ્ત્રલક્ષ આ એક વીતરાગતાની અંદર આવી ગયો છે.

વીતરાગતામાં સર્વ શાસ્ત્રલક્ષ છે. વીતરાગસ્વરૂપી આત્માને દર્શાવે અને એ આત્માને

દર્શાવતા, દર્શવનાર જે પર્યાય છે એ જ એની વિધિ છે. ઠીક! વિધિ અને વિધિનો વિષય આત્મ સંલગ્ન છે. એ ધર્મનું સ્વરૂપ છે, એ શાસ્ત્રનું સ્વરૂપ છે. એવા દેવ, ગુરુ અને શાસ્ત્ર પ્રત્યે કોઈ ધર્માત્માનું લક્ષ જાય, ઉપયોગ જાય, બુદ્ધિપૂર્વક એને ઈચ્છા થાય કે, હું શાસ્ત્ર વાંચું, બુદ્ધિપૂર્વક એને ઈચ્છા થાય છે કે, હું વીતરાગદેવની પૂજા અર્ચના કરું. આ તો બુદ્ધિપૂર્વક રાગ ઉત્પન્ન થાય છે ને. તો ઉપયોગ જ્યારે પરપદાર્થ પ્રત્યે જાય છે, આ દેવ, ગુરુ અને શાસ્ત્ર ત્રણે પરપદાર્થ છે, ત્યારે એને ખેદ એટલે નિષેધ પણ આવે છે. કેમકે પરિણામ અંશ બહારમાં જાય તે એને સમંત નથી. એના અભિપ્રાયથી એ વાત સમંત નથી. અભિપ્રાય વિરૂદ્ધ છે. અભિપ્રાયર તો સર્વાંશે અંતર્મુખ રહેવાનો છે. નિરવશેષ અંતર્મુખ થવું એ એનો સિદ્ધાંત છે, એ એનો અભિપ્રાય છે, છતાં ઉપયોગ બહાર જાય છે.

એટલે પ્રશ્નમાં એ વાત આવી છે કે ખેદ વર્તીને અખંડ પ્રત્યેના સદ્‌ભાવરૂપ પરિણમન ધર્મીજીવને તે કાળે વર્તે છે, ત્યારે એને એમાંથી પણ વીતરાગતા દૃઢ કરવાની મુખ્ય પ્રવૃત્તિરૂપ આશ્રય રહે છે. આ પરિણમનના વિષયમાં તમારું સ્પષ્ટીકરણ શું છે? આ પ્રશ્ન ઉઠાવ્યો છે. એનો છઠ્ઠા નંબરના બોલમાં આપણે ચાલતા વિષયનું અનુસંધાન છે.

વૃત્તિ અપેક્ષાએ એટલે પરિણમનની અપેક્ષાએ ત્રિકાળી અને ત્રિકાળીની મુખ્યતાવાળા ધર્મીને. ધર્મી એટલે કોણ? કે, જેને ત્રિકાળી શુદ્ધાત્મ સ્વરૂપની, પરમાત્મ સ્વરૂપની મુખ્ય રહેતી હોય. એક સમય માત્ર પણ એની મુખ્યતા જતી ન હોય, તે ધર્મી છે. પરમ નિર્દોષતાની મૂર્તિ એવું પરમાત્મપદ. કેટલી નિર્દોષતાની મુખ્યતા આવે છે! એ ગુણ-દોષના વિષયમાં કરે ભૂલ કોઈ દિવસ? એ પ્રશ્ન બની શકે નહિ. વૃત્તિ અપેક્ષાએ ત્રિકાળીની મુખ્યતાવાળા ધર્મીને સહજ જ એ મુખ્ય આશ્રિત વૃત્તિની જ મુખ્યતા વર્તે છે. આ વૃત્તિ કઈ છે? પરિણતિ છે એની મુખ્યતા છે. એ મુખ્ય આશ્રિત જે વૃત્તિ છે તેની મુખ્યતા વર્તે છે એટલે પરિણતિની મુખ્યતા વર્તે છે, રહે છે. ચાહે બાહ્યાંશમાં, ચાહે બાહ્યાંશમાં બુદ્ધિપૂર્વકની દેવાદિક પ્રત્યેની પ્રવૃત્તિ હો. પણ એની મુખ્યતા વર્તતી નથી. જે મુખ્ય પરિણમન છે એવી જે વૃત્તિ છે, એવી જે પરિણતિ છે એની પાસે બાહ્ય અંશરૂપ ઉપયોગનો વેપાર છે એ બેકાર જાય છે. તેથી જ્ઞાનીને બંધન નથી એમ કહ્યું. અલ્પ બંધન હોવા છતાં એને બંધન નથી એમ કહેવામાં આવ્યું. જ્ઞાની અબંધ છે. એમ કહ્યું ને? એનું મુખ્ય કારણ આ છે.

અહીંયાં આપણે ઉપયોગનો-જ્ઞાનનો વિષય ચાલે છે કે જો ધર્મીને જ્ઞાન છે, અશુભ ઉપયોગના કાળે કે શુભ ઉપયોગના કાળે ધર્મ છે તો એ ધર્મમાં જ્ઞાન છે, સ્વરૂપજ્ઞાન છે. તો એ ક્યાં રહ્યું છે? કે, એની લબ્ધ પરિણતિમાં રહ્યું છે. લબ્ધને

શાસ્ત્રમાં લબ્ધિ પણ કહેવાય છે. પણ લબ્ધિનો એક રૂઢિ અર્થ પ્રચલિત અર્થ બીજો પણ છે એ અહીંયાં લાગુ પડતો નથી. થોડું સ્પષ્ટિકરણ લઈએ. લબ્ધિ એટલે આ રિદ્ધિ-સિદ્ધિની પ્રાપ્તિ થાય એને પણ લબ્ધિ કહે છે. એની પરિણતિ નથી હોતી. એનો તો ક્યારેક ઉપયોગ કરવામાં આવે ત્યારે એ લબ્ધિ હોય એનું ફળ હાસલ થાય છે.

લબ્ધિ અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ જીવની લબ્ધિ જો વિચારવી હોય તો કેવળજ્ઞાનની એની પાસે લબ્ધિ પડી છે. એક સ્વાનુભૂતિમાં સિદ્ધપદ સુધીની સર્વ લબ્ધિઓ સમાવિષ્ટ છે. કેવળજ્ઞાનની લબ્ધિ એની ઊપજી છે. પણ એ લબ્ધિની અહીંયાં વાત નથી. લબ્ધ બીજી વાત છે, લબ્ધિ બીજી વાત છે. તે લબ્ધિની અહીંયા વાત નથી. પરિણતિ છે અહીંયા. જ્ઞાનની પરિણતિ છે. એ જ્ઞાનની પરિણતિને મતિની ઉપાદિ નથી, શ્રુતની ઉપાધિ નથી. એ પરિણતિને મતિ-શ્રુતની ઉપાધિ નથી. મતિજ્ઞાનની સ્મૃતિરૂપ લબ્ધિ નથી કે આ યાદ કરે. એ સહજ જ પરિણતિ છે. નથી એને અવધિજ્ઞાનની ઉપાધી, નથી એને મનઃપર્યયજ્ઞાનની ઉપાધિ કે નથી એને કેવળજ્ઞાનની ઉપાધિ. પાંચે પદ છે એ પાંચે પદની ઉપાધિ રહિત છે. ઉપાધિ એટલે અહીંયાં ભેદ. પાંચે પ્રકારના ભેદ એને લાગુ પડતા નથી.

આ તો અતીન્દ્રિય સહજ શુદ્ધ પરિણતિ છે. અતિન્દ્રિય સહજ શુદ્ધ પરિણતિ છે, જેને 'બનારસીદાસે' 'નાટક સમયસાર'માં જ્ઞાનધારા તરીકે લીધેલી છે. અને નિરંતરપણે ધર્માત્માનો ધર્મ એની આ પરિણતિમાં રહેલો છે. અહીંયા આ પરિણતિમાં ધર્માત્માને નિજ સ્વરૂપનું નિજ જ્ઞાન પરિણતિમાં ધારાવાહી વેદન ચાલે છે. અખંડ ધારાએ વેદન ચાલે છે. એ પરિણમનરૂપ પ્રવાહ છે. એ કોઈ રિદ્ધિ-સિદ્ધિની લબ્ધિ છે એમ નથી. અને જેટલું આ વેદનથી પરિણમન છે એટલો જ ધર્મ છે. બહારમાં શુભઉપયોગ ગયો ને અશુભઉપયોગ ગયો તે ધર્મ નથી, તે અધર્મ છે. તે ધર્મ નથી. ચાહે ગણધરદેવનો ઉપયોગ હોય બાર અંગ રચવાનો, (એ) ધર્મ નથી. આમ છે. એ સાધક છે ને? ગણધરદેવ પણ છદ્મસ્થ સાધક છે. એ ધર્મ નથી. બાર અંગની રચનાનો ઉપયોગ જાય છે, એ ઉપયોગ ધર્મ નથી. એ જ વખતે એમની અંતર પરિણતિમાં, એ વિકલ્પ તો છઠ્ઠા ગુણસ્થાને છે, છઠ્ઠા ગુણસ્થાને કાંઈ અધર્મ દશા નથી, છઠ્ઠા ગુણસ્થાને પંચ મહાવ્રત કે અઠ્યાવીસ મૂળગુણની જે ચર્યા છે, ઉપયોગ બહાર છે અધર્મ દશા નથી, ત્યારે પણ સહજ શુદ્ધ પરિણતિરૂપ દશા છે ત્યાં ધર્મ છે, એટલો જ ધર્મ છે, ઓલો ધર્મ નથી.

જો પેલો પણ ધર્મ છે એમ તમે કહો તો એનો અભાવ થતા ધર્મનો અભાવ

માનવો પડશે. માનવો પડશે કે નહિ? તો અરિહંતને ધર્મનો અભાવ થઈ જશે. કેમકે એ ચર્યા ગઈ.સ્વરૂપ લક્ષે જિનાજ્ઞા આધીન એ બાહ્યચર્યા હોવા છતાં અને જિનોક્ત વ્યવહાર હોવા છતાં તે ધર્મ, એ ધર્મનું સ્વરૂપ નથી. માર્ગ આવો છે. એનો અભાવ થાય છે. અરિહંતને એ હોતા નથી. જો એને ધર્મ કહો તો અરિહંતને ધર્મનો અભાવ માની લેવો, સ્વીકારી લેવું પડશે. પણ એવું તો બનતું નથી.

મુમુક્ષુ :- એક પ્રશ્ન ત્યાં છે, કે આ જે બન્ને લબ્ધિરૂપ જ્ઞાન અને ઉપયોગરૂપ જ્ઞાન લક્ષમાં આવે છે, એ બન્ને પર્યાયમાં જ લક્ષમાં આવે છે કે?

પૂજ્ય ભાઈશ્રી :- બંને એક પર્યાયના જ અંશો છે. અંશો છે. 'ગુરુદેવ'ની ભાષામાં લઈએ તો, 'ગુરુદેવ'ની ભાષામાં લઈએ, એમના શબ્દોમાં લઈએ તો પ્રવચનમાં એ એમ કહેતા કે, એક સમયની પર્યાયના બે ભાગ. શું કહેતા? જેણે સાંભળ્યા છે એને (ખ્યાલ હશે). અનેક પ્રવચનમાં Tapeમાં આ વસ્તુ ઊભી છે. એક સમયની પર્યાયના બે ભાગ. ઉપોયગ અને લબ્ધ એવા બે ભાગ પડે છે. ચારિત્રમાં પણ બે ભાગ પડે છે, પુરુષાર્થમાં બે ભાગ પડે છે, સુખ અને દુઃખમાં સુખગુણના પણ બે ભાગ પડે છે. બે ભાગ નથી પડતા શ્રદ્ધાનમાં. શ્રદ્ધાનનું અખંડ પરિણમન હોય છે. દર્શનમાં-શ્રદ્ધાનમાં બે ભાગ પડતા નથી. પ્રતીતિ અખંડ હોય છે. એમાં અમુક ભાગે અહીંયાં પ્રતીતિનું પરિણમન જાય ને અમુક અંશે અહીંયાં જાય એવું પ્રતીતિમાં નથી હોતું. બાકી જ્ઞાનમાં, ચારિત્રમાં, પુરુષાર્થમાં, સુખમાં એ બધા મુખ્ય ગુણમાં બે ભાગ પડી જાય છે. એને અંશે સુખનું પણ વેદન છે, એને અંશે દુઃખનું વેદન છે.

સૌધર્મ ઈન્દ્ર જ્યારે બાળ તીર્થંકર પાસે પગે ઘુઘરા બાંધીને નાચે છે, લોકો જોવે છે કે, ઈન્દ્રને ભગવાનના જન્મથી ઘણું સુખ ઉપજ્યું છે અને આનંદવિભોર થઈને નાચે છે. એ હાથીના દાંત દેખાડવાના બીજા છે, અંદરમાં ચાવવાના જુદાં છે. એ સમજે છે કે, આ જેટલો ઉપયોગ ભગવાનની ભક્તિમાં ગયો એટલું દુઃખ છે અને અંદરમાં જેટલી પરિણતિ છે સુખની એટલું સુખ છે. એ દુઃખ એ સુખ નથી, એ તો દુઃખ છે. લોકો જેને સુખ માને છે એ દુઃખ છે. સુખની પરિણતિ તો આત્માની સાથે જડાય ગઈ છે, એ ત્યાંથી ઉખડતી નથી.

એટલે જ્ઞાનદશા છે, સઉપયોગ, સવિકલ્પ ઉપયોગના કાળમાં, સવિકલ્પ દશાના કાળમાં જે જ્ઞાનનો ઉપયોગ છે સવિકલ્પ, ત્યાં નિર્વિકલ્પ જ્ઞાનધારા છે. બહુ વિચારણીય વિષય એ છે અહીંયાં. આ તો વિધિનો વિષય ચાલે છે ને? પ્રકરણ તો વિધિનું ચાલે છે ને. કેવી વિધિથી ધર્મ થાય છે ધર્મીને? કે, પ્રથમ જે સમ્યગ્દર્શનના કાળમાં શુદ્ધોપયોગ થયો, નિર્વિકલ્પ ઉપયોગ થયો એ જ્ઞાનમાં સ્વસન્મુખ થઈને જે સ્વરૂપનો

મહિમા આવ્યો અને એટલો અત્યંત, અત્યંત, અત્યંત અપૂર્વ રસ ઉપજ્યો કે જે રસના ફળમાં જેવું નિર્વિકલ્પ સ્વરૂપ છે એવો જ તદાકાર નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થયો. એ ઉપયોગ પણ ક્ષણમાત્રમાં છૂટીને સવિકલ્પ દશાને પ્રાપ્ત કરે છે. પણ જે અપૂર્વ રસથી જે જ્ઞાને સ્વરૂપનો અનુભવ કર્યો-વેદ્યું, એમાં પરિણતિ રહી જાય છે. ઉપયોગ ભલે સવિકલ્પ દશામાં આવે છે, એ રસની પરિણતિ અખંડ ધારાએ રહી જાય છે. એ પરિણતિ પાછી ઉપયોગને ખેંચીને, પતંગને જેમ ખેંચે એમ ઉપયોગને અંદર લાવે છે, અંતર્મુખ કરી દે છે.

ઉપયોગને અંતર્મુખ થવાનું કારણ એની લબ્ધ પરિણતિ છે. બીજું કોઈ જ્ઞાનદશામાં કારણ નથી. ક્યાંથી નહિતર એનો ઉપયોગ પાછો આવ્યો? એ તો બહાર ચાલ્યો ગયો. એને કોણ અંદર ખેંચે છે? કે, એ ઉપયોગ નિર્બળ છે, બળવાનપણે તો હવે પરિણતિ વર્તે છે, મુખ્ય વૃત્તિ આ પ્રવર્તે છે. એનું બળ વધે છે ત્યાં ઉપયોગ તૂટે છે બહારથી. એ છટકી જાય છે અને પાછો અંતરલીન થઈને શુદ્ધોપયોગમાં આવી જાય છે. એવી જે એની સહજ વિધિ છે એ વિધિના કથનને અહીંયા વિધિવાદ કહેવામાં આવે છે. વિશેષ લઈશું....

## તા. ૨-૫-૧૯૮૬, પાના નં. ૧૦, પ્રવચન નં. ૯

વિધિનું કથન છે. વિધિવાદ એટલે વિધિનું કથન. જે રીતના પરિણામથી આત્મા સુખી થાય, જે રીતના પરિણામથી આત્માને ભાવમરણનો નાશ થાય અને શુદ્ધ સ્વરૂપની દશા પ્રગટ થાય એવી પરિણામની રીતિ, એને વિધિ કહેવામાં આવે છે. એવી રીતિને બતાવનારું જે કથન છે એને વિધિવાદ કહેવામાં આવ્યું છે. વાદ એટલે કથન. સત્ શાસ્ત્રોમાં પરમાગમોમાં એ પરિણમનને ભેદ વિવિક્ષાથી જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ પરિણામ કહે છે. આત્માના સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર સ્વરૂપ પરિણામને વિધિરૂપ પરિણામ કહ્યા છે. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રના પરિણામને અવિધિરૂપ અથવા નિષેધ્ય-નિષેધ કરવા યોગ્ય પરિણામ કહ્યા છે. વિધિ અને નિષેધ એ પરસ્પર સાપેક્ષ છે. પરસ્પર વિરૂદ્ધ છે, સાપેક્ષ એટલે સામે સામી અપેક્ષાવાળા.

અહીંયાં એ કહ્યું કે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમતા કર્મનો સંવર થાય જ છે. કર્મ, નવા કર્મ આવતા જરૂર અટકે છે. નવા કર્મનું જ્યાં આવવું ન થાય ત્યાં નવા કર્મનું બંધન થવાનો પ્રશ્ન રહેતો નથી. કેમકે આસ્રવપૂર્વક બંધ છે. જ્યાં આસ્રવ નથી ત્યાં બંધનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એ તો ત્યારપછીની અવસ્થા છે. પહેલા આસ્રવ છે પછી બંધ છે. આસ્રવે જ નહિ તો બંધ થવાનો પ્રશ્ન રહેતો નથી. ત્યાં કર્મનો સંવર થાય જ છે. દર્શન-જ્ઞાન-ચારિત્રને ભેદથી કહ્યા. વિધિની પરિણતિ અથવા વિધિરૂપ પરિણામ એ અભેદ પરિણામ છે. આત્માનું નિર્વિકલ્પ શુદ્ધ પરિણામ છે કે જેમાં જ્ઞાન, દર્શન, ચારિત્રના વિકલ્પ ઊપજતા નથી. શ્રદ્ધાનો વિકલ્પ નથી, જ્ઞાનનો વિકલ્પ નથી, આચરણનો વિકલ્પ નથી અથવા નવ તત્ત્વમાંથી મોક્ષનો પણ એમાં વિકલ્પ નથી. અથવા નવ તત્ત્વમાંથી જીવતત્ત્વનો આશ્રય હોવા છતાં એ સવિકલ્પ આત્મકભાવક ભાવે વિધિ નથી. નિર્વિકલ્પાત્મક ભાવે વિધિ છે. ઉપયોગથી હોય તોપણ તે નિર્વિકલ્પ છે ત્યારે વિધિરૂપ છે અને પરિણતિ તો હંમેશા નિર્વિકલ્પ જ રહી છે. પરિણતિમાં તો વિકલ્પનો અવકાશ જ નથી. એ દર્શન, જ્ઞાન, ચારિત્રનો ઉપાય અથવા એ નિર્વિકલ્પ વિધિ પ્રાપ્ત થવાનો ઉપાય પ્રસિદ્ધપણે ભેદજ્ઞાન છે.

અનંત કાળથી રાગ સાથે એકત્વ ભાવે પરિણમતો જીવ રાગના આધારે, રાગને આધાર બનાવીને એનું અધિકરણ રાગ છે, પોતાના સ્વરૂપનો આધાર છોડીને અથવા

નહિ કરીને, છોડીને એટલે પહેલા કરતો હતો ને હવે નથી કરતો એમ નહિ, પણ પોતાના સ્વરૂપનો આધાર નહિ લેતો હોવાને લીધે માત્ર રાગના આધારે રાગમયપણે રાગમાં એકત્વપણે પરિણમેલો છે. એ જુદો પડે એને અહીંયાં ભેદ, જુદો પડે એને અહીંયાં ભેદ કર્યો એમ કહેવામાં આવે છે.

જ્ઞાન શબ્દ એટલા માટે લગાડ્યો છે કે, જ્ઞાનના આધારે, રાગના આધારે નહિ પણ જ્ઞાનના આધારે જ્ઞાનને મુખ્ય કરીને જ્ઞાયકને વેદે અથવા વેદનથી ભિન્ન પડે ત્યારે એને ભેદજ્ઞાન કહેવામાં આવે છે. અને એ ભેદજ્ઞાન એ એક જ વિધિ થવાનું કારણ છે, વિધિયોગ્ય પરિણામનું કારણ હોય તો એક ભેદજ્ઞાન જ છે. બીજી કોઈ શુભભાવની ક્રિયા, શુભયોગની ક્રિયા તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ વિધિના અભેદ પરિણામનું કારણ તો નથી, પણ શાસ્ત્રવાંચન અને શાસ્ત્રજ્ઞાન, જેને તત્વજ્ઞાનની પ્રવૃત્તિ કહેવામાં આવે છે, એ પણ ખરેખર સાધન નથી. એને અથવા કોઈપણ બાહ્ય સાધનને સાધનનો ઉપચાર ક્યારે લાગે છે? કે, અંતરંગ સાધન ઉત્પન્ન થાય તો. અંતરંગમાં ... પરિણામ ઉત્પન્ન થાય એ સાધનરૂપ પરિણામ છે. ત્યારે બહારના વાંચનના પરિણામને કે પૂજાના પરિણામને કે ભક્તિના પરિણામને અથવા સંયમના પરિણામને, વ્રતના પરિણામને બાહ્ય સાધન કહેવામાં આવે છે. પણ એ તો અંતરંગ સાધનના હોવાપણામાં એ ઉપચાર કરાય છે. ન હોય તો એ ઉપચારને યોગ્ય નથી રહેતા.

જ્યાં કર્મનો સંવર થાય જ છે ત્યાં કર્મની નિર્જરા પણ થાય જ છે. સંવર થાય છે તે નવા કર્મનો થાય છે અને નિર્જરા થાય છે તે જૂના સંચિત કર્મની નિર્જરા થાય છે. બે પરમાણુ જુદાં જુદાં છે. સંવરને યોગ્ય પરમાણુ જુદાં છે, નિર્જરાને યોગ્ય પરમાણુ જુદાં છે. અથવા સંવરભાવ છે એ શુદ્ધભાવ છે કે જેમાં અશુદ્ધિ રોકાય જાય છે. ભાવે લઈએ તો. ભાવકર્મરૂપ અશુદ્ધિ રોકાય જાય છે અને નિર્જરાની શુદ્ધિમાં વૃદ્ધિ થઈ તેને નિર્જરા કહેવામાં આવે છે. એ ભાવનિર્જરા છે. જ્યારે કર્મની પ્રકૃતિમાં અથવા કર્મ પરમાણુમાં તો દ્રવ્યો જ જુદા છે. નવા કર્મ આવતા હતા એનો સંવર થયો અને નિર્જરા પુરાણા જે સંચિત જે નિબંધન થયેલા હતા, બદ્ધ થયેલા હતા એ ખર્યા એને નિર્જરા કહેવામાં આવે છે.

કર્મમાં બે જુદા જુદા પરમાણુ છે. જેનો સંવર છે એની નિર્જરા નથી. સંવર જુદાં પરમાણુનો છે નિર્જરા જુદાં પરમાણુની છે. ભાવની અંદર શુદ્ધભાવને અસ્તિથી સંવર કહે છે, અશુદ્ધિનો અભાવ થયો એને નાસ્તિથી સંવર કહે છે. તે જ કાળે શુદ્ધિ પણ વૃદ્ધિગત થાય છે તેને નિર્જરા કહેવામાં આવે છે. એ તેના તે જ પરિણામને સંવર ને નિર્જરા કહેવામાં આવે છે. સંવરના ભાવ જુદા, નિર્જરાના ભાવ જુદા એમ

નથી. એક જ ભાવને બંને તત્ત્વનું નામ મળે છે. પણ એક જ ભાવને જોવાનો દૃષ્ટિકોણ ત્યાં જુદો જુદો છે. જોવાનો Angle જુદો જુદો છે, ભાવ તેનો તે જ છે.

મુમુક્ષુ :- જરા વિશેષ સમજાવો.

પૂજ્ય ભાઈશ્રી :- સંવર-નિર્જરા છે ને એ નવ તત્ત્વ છે. નવ તત્ત્વમાં સંવર, નિર્જરાનો ભેદ છે. અહીંયા કહ્યું કે, જીવ યથાર્થ વિધિએ પોતાના સ્વરૂપરૂપ પરિણામે પરિણમે ત્યારે એને મલિન પરિણામ ઉત્પન્ન જ ન થાય. ઉત્પન્ન થાય તે મટી જાય એમ નહિ. ઉત્પન્ન જ ન થાય, ઉત્પન્ન થતા અટકી જાય તેને સંવર કહેવામાં આવે છે. તે ભાવસંવર થયો.

રાગ, દ્વેષ, મોહ કોઈપણ પ્રકારના અશુદ્ધ ભાવ ઉત્પન્ન થવા સમ્યક્ પ્રકારે બંધ થાય, ન થાય ત્યારે તે ભાવસંવર છે અને એ શુદ્ધ પરિણામની હસ્તિમાં એ અશુદ્ધ પરિણામ ઉત્પન્ન નહિ થતા હોવાથી, કેમકે પરિણામ વગર તો જીવ નથી. હસ્તિ શુદ્ધ પરિણામની થઈ, ઉત્પત્તિ શુદ્ધ પરિણામની થઈ તો તે સ્થાનમાં ઉત્પન્ન થતાં અશુદ્ધ પરિણામ ન ઉત્પન્ન થઈ શક્યા. ત્યારે તેને ભાવસંવર થયો. તે કાળે પૂર્વ પરિણામથી શુદ્ધિ વધેલી છે. અપેક્ષા એ લાગુ પડે છે. તેના તે પરિણામમાં પૂર્વ પરિણામની અપેક્ષાએ શુદ્ધિ વધી ગયેલી છે એટલે એને શુદ્ધિની વૃદ્ધિ કહેવામાં આવે છે.

'વચનામૃત'માં એક બોલ આવે છે કે, સાધકજીવને પોતાના પરિણામ ટકાવવા માટે પરિણામ ઉપર જોર દેવું પડતું નથી પણ સ્વરૂપ આશ્રયે તે આગળ વધતો જાય છે. શુદ્ધિની વૃદ્ધિ કરતો જાય છે. સમયે સમયે તે મોક્ષમાર્ગમાં અનન્ય ભાવે પરિણમતો જાય છે. ત્યારે આગળ વધવાના પુરુષાર્થમાં જે સમ્યક્ દશા ઉત્પન્ન થઈ છે એનું ટકવું તો સહજ જ છે. એના ટકાવવા માટે એને કોઈ પ્રયત્ન કરવાનો પ્રશ્ન રહેતો નથી. કેમકે એ તો વધારવાના પ્રયત્નમાં પડ્યો છે. જેની મુડી વધે એને મુડી રક્ષણ કરવાનો પ્રશ્ન નથી, એ તો એની મુડી વધી રહી છે. એટલે એને ટકાવી રાખવી, સાચવી રાખવી એના કરતા આગળ વધવાના પ્રયત્નમાં Process માં જીવ લાગેલો છે. એટલે ત્યાં કર્મની જ નિર્જરા થાય છે અને કર્મ દ્રવ્યકર્મ અને ભાવકર્મ બન્નેની અપેક્ષા લઈ લેવી.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન પહેલા સંવર-નિર્જરા ન હોય તો મુખ્ય અવસ્થાની અંદર શુભાશુભ ભાવ થતા હોય તો જીવે ત્યાં શું કરવું?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રથમમાં પ્રથમ મિથ્યાત્વ અવસ્થા છોડવી જોઈએ. શુભાશુભ ભાવ તરત નહી છૂટે. મિથ્યાત્વ છૂટતાં પણ શુભાશુભ તો હજી કેટલોક કાળ પર્યંત રહેશે. પણ એને પ્રથમમાં પ્રથમ મિથ્યાત્વનો અભાવ થાય, મિથ્યાત્વનો ત્યાગ થાય

એ રસ્તો પકડવો જોઈએ, એ વિધિએ એને ચડવું જોઈએ કે કઈ વિધિએ મિથ્યાત્વનો અને અજ્ઞાનનો નાશ થાય? એ એણે પહેલા કરવું જોઈએ. અને ત્યાં અસમ્યક્ પ્રકારે તો સંવર, નિર્જરા જ થાય છે. એ જાણવાનો વિષય છે. જાણવાનો એટલે માત્ર જ્ઞાન કરવાનો માહિતીનો વિષય છે.

કેટલાક કર્મ પ્રકૃતિના કર્મ આસ્રવે છે. ત્યારે બાકીની પ્રકૃતિ ન આસ્રવ રહે એટલો સંવર રહ્યો અને જે ઉદયમાં આવેલા પૂર્વના કર્મ છે એ તો વિપાક દઈને નિર્જરે છે, ખરે છે. ખરે છે એમ કહો કે નિર્જરે છે એમ કહો. જેને સવિપાક નિર્જરા કહે છે અથવા અકામ નિર્જરા પણ એને કહેવામાં આવે છે. કામ નામ અહીંયાં પુરુષાર્થ, અકામ નિર્જરા એટલે પુરુષાર્થ નથી, સમ્યક્ પુરુષાર્થ નથી છતાં પણ કર્મ નિર્જરે છે. કેમકે એની સ્થિતિ પૂરી થઈ. સ્થિતિ જેની પૂરી થઈ એ તો નિર્જરવાના જ છે. એવો સંવર અને નિર્જરાનો પ્રકાર જગતના તમામ જીવોને ચાલુ છે. પણ ત્યાં સંવર-નિર્જરા મુખ્યપણે કેમ કહેવાતા નથી? કે, ત્યાં જે નિર્જરા ને સંવર થાય છે એના કરતાં બંધની પ્રધાનતા જોઈને સંસારી જીવ સંસારી પરિણામમાં બંધાયેલો હોય છે. એને કર્મના પરમાણુનો આસ્રવ, બંધ વિશેષ વિશેષ થાય છે. પરમાણુ ખરે છે એના કરતાં. બંધમાર્ગમાં જે પરમાણુનું નિર્જરવું થાય છે તેના કરતાં બંધના પરમાણુની સંખ્યા અને પરિમાણ વધારે છે, પ્રમાણ વધારે છે તેથી તેને બંધ થાય છે એમ કહેવાય છે. એને નિર્જરા થાય છે એમ કહેવાતું નથી.

અને મોક્ષમાર્ગી ધર્માત્માને અલ્પ બંધ થાય છે અને નિર્જરા ઘણી થાય છે તેથી તેને બંધ થાય છે એમ નથી કહેવાતું પણ તેને નિર્જરા થાય છે એમ કહેવામાં આવે છે. થાય છે તો ત્યાંય બેય વાના, પણ પ્રમાણમાં ફેર જે મુખ્ય છે એને ગણવામાં આવે છે અને જે બહુ અલ્પ છે એને નગણ્ય ગણીને એની ગણના કરવામાં આવતી નથી. ગણવા યોગ્ય નથી એમ કરીને ગણવામાં આવતું નથી. પણ મોક્ષમાર્ગમાં પણ છદ્મસ્થ છે ત્યાં સુધી જેટલો રાગાદિનો સદ્ભાવ છે અથવા જે તે ગુણસ્થાને જેટલો કષાયનો સદ્ભાવ છે તેટલું અલ્પ બંધન ત્યાં થાય છે. પણ નિર્જરા વિશેષને લઈને એને બંધન નથી પણ એ મોક્ષમાર્ગમાં આગળ વધી રહ્યો છે એમ કહેવામાં આવે છે. ઘણું કમાઈને વ્યાજ ચુકવે તો એણે સરવાળે નફો કર્યો છે એટલે કમાણો છે એમ કહેવાય છે, ખોયું ત્યાં એમ કહેવાતું નથી. અહીંયાં સમ્યક્ પ્રકારની વાત છે.

‘**કર્મની જ નિર્જરા થાય છે અને કર્મનો જ મોક્ષ થાય છે,...**’ નિયમબદ્ધ છે. કેમ? કે, તે જીવને કર્મની નિવૃત્તિ વિશેષ છે, આવવું ઓછું છે તેથી ક્રમશઃ સંચિત કર્મ બધાં જ, સમસ્ત સંચિત કર્મનો ક્રમશઃ સર્વનાશ અભાવ થઈ જશે. તેથી

તેને મોક્ષ થવાનો જ થવાનો છે. થાય જ છે, ન થાય એવું બનતું નથી.

અથવા શુદ્ધ પરિણામની શરૂઆતમાં સમ્યગ્દર્શનના કાળમાં પ્રથમ ક્ષણમાં જ, પ્રથમ શરૂઆતના જ પહેલા જ પરિણામમાં એ પરિણામની જાતિ એવી છે કે, એના મૂળ એવા ઊંડા છે, એવા અપૂર્વ રસે, આત્માના કોઈ અપૂર્વ રસથી સમ્યગ્દર્શનની ઉત્પત્તિ છે કે જેના ફળમાં પરિપૂર્ણ શુદ્ધિનું રૂપ મોક્ષ એનું ફળ આવ્યા વિના રહે જ નહિ. એવું એ એક મૂળ છે અથવા એવું બીજ છે કે જે નિષ્ફળ જતું નથી. એટલી શક્તિ ત્યાં રહેલી છે. કેમકે શ્રદ્ધાગુણ અનંત શક્તિએ પરિણમ્યો છે ને! પોતાના અનંત સામર્થ્યથી શ્રદ્ધાગુણ પરિણમી ગયો છે, પૂરેપૂરો.

તિર્યંચના શ્રદ્ધાનમાં અને સિદ્ધ પરમાત્માના શ્રદ્ધાનમાં, શ્રદ્ધાન અપેક્ષાએ કોઈ ફેર નથી અને શ્રદ્ધાનના વિષય અપેક્ષાએ પણ કોઈ ફેર નથી. શ્રદ્ધાનના વિષયભૂત એવું જે પરમાત્મતત્ત્વ નિજ પરમપદ, એની પૂર્ણ શ્રદ્ધા ચોથા ગુણસ્થાને તિર્યંચને છે. એવી જ શ્રદ્ધા સિદ્ધ પરમાત્માને છે. એ શ્રદ્ધાનો વિષય જેવડો તિર્યંચને શ્રદ્ધાય છે, એવડો જ ત્યાં સિદ્ધપદમાં શ્રદ્ધાય છે. શ્રદ્ધા અપેક્ષાએ કાંઈ ફેર નથી. એટલે બહુ શરૂઆતમાં આ એક બહુ મોટું કામ થતું હોવાથી, શરૂઆતમાં જ આ બહુ મોટું કામ થતું હોવાથી સમ્યગ્દર્શનપ્રધાન ઉપદેશ સર્વ સદ્‌ગ્રંથોની અંદર છે. સત્ શાસ્ત્રોની અંદર, પરમાગમની અંદર આ જઘન્ય દશા મોક્ષમાર્ગની હોવા છતાં એની પ્રધાનતા કરવાનું આ એક કારણ રહેલું છે. અને જીવને માટે પોતાના સ્વભાવની કહો કે સ્વભાવમાં સ્વભાવના માર્ગે આગળ વધવાની આ એક સુંદરતા કહો કે સુવિધા કહો કે જેને શરૂઆત થાય એને પૂર્ણતા થાય જ થાય. એટલે એને પહેલેથી પ્રતીતિ કહો અથવા ધરપત આવી ગઈ છે એમ કહો કે, હું પૂર્ણ થવાનો જ છું. એવું એને ભાસી જાય છે. કેવળજ્ઞાન થતાં પૂર્ણતા અનુભવાય છે. પણ એ અનુભવનો ભાસ તો એને સમ્યગ્જ્ઞાનમાં સમ્યગ્દર્શન થતાવેંત જ આવી જાય છે. તો એ ભાસમાં અને કેવળજ્ઞાનમાં કાંઈ ફેર નથી. એ ભાસ કેવળજ્ઞાનવત્ છે.

તેથી અહીંયાં કહ્યું કે, '**કર્મનો મોક્ષ થાય જ છે,...**' કર્મનો મોક્ષ ન થાય, સંપૂર્ણ કર્મનો અભાવ ન થાય એવું બને નહિ. યથાર્થ વિધિમાં તો કર્મનો મોક્ષ થાય, થાય ને થાય જ. '**ત્યાં પરમાનંદરૂપ નિજ સુખ ઊપજે છે.**' આ જીવનું પ્રયોજન છે. અનંત કાળથી જીવે સુખી થવા માટે અનંત કાળ પર્યંત, અનંત પ્રકારના અનંત પ્રયત્નો કર્યા છે. એટલી બધી સુખની અપેક્ષિત વૃત્તિ છે જીવની કે કોઈ પણ રીતે એને સુખ જ જોઈએ છે. પછી સૂવાથી સુખ હોય તો સૂવું છે, બેસવાથી સુખ હોય તો બેસવું છે, ચાલવાથી સુખ હોય તો ચાલવું છે, ખાવાથી સુખ હોય તો

ખાવું છે ને ખાતા-ખાતા નહિ ખાવાથી સુખ હોય તો ખાવું છોડવું છે. ખાતા-ખાતા ખાધા જ કરે છે સુખ છે એટલે? સુખ નથી એટલે નહિ ખાવાથી ત્યાં સુખ છે. ખાવાનું બંધ કરવું ત્યાં સુખ છે. નહિતર અસુખ થાય છે. પણ જીવને કોઈપણ રીતે સુખ જ જોઈએ છે. જીવ શરૂઆતમાં આ સુખના સંશોધનમાં ચડે છે. જે જીવ યથાર્થ માર્ગની વિધિમાં આવે છે તે પ્રથમમાં પ્રથમ સુખના સંશોધનમાં આવે છે કે, આ સાચું સુખ, સત્ય સુખ, તાત્ત્વિક સુખ, આત્મિક સુખ એ ખરેખર શું છે? એના એ સંશોધનમાં ચડે છે.

કહે છે કે, અહીંયાં જ્યાં જીવને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ વિધિરૂપ દશા પ્રગટ થાય છે ત્યાં એને પરમ આનંદરૂપ નિજ સુખ ઊપજે છે. સુખનો ભંડાર એવો જે આત્મા અનંત સુખનો ભંડાર, અનંત સુખનું સરોવર છે એમ અંતરમાં એની હસ્તીને જોવે છે, એની હયાતીને જોવે છે. એને સ્વરૂપ નિશ્ચયના કાળમાં એક વાત નિશ્ચિત થાય છે કે, મારું સુખ મારા અંતરમાં છે અને મારા સુખ માટે મારે ક્યાંય બહાર જવાનો પ્રશ્ન રહેતો નથી. મારું પૂરું સુખ મારા અંતરમાં છે અને અંતરનિમગ્ન થાય ત્યાં જ સુખનો અનુભવ છે, સુખની પ્રાપ્તિ છે. બસ! એ નિશ્ચયમાં એના પરિણામ દિશા બદલે છે. પ્રથમમાં પ્રથમ દિશા બદલે છે પછી એને સુખની દશા ઉત્પન્ન થાય છે. દિશાંતર થયા વિના દશાંતર કોઈ જીવને થતું નથી. અંતર્મુખની દિશા પહેલા પકડે છે એને એ પરિણામ મર્યાદામાં આવ્યા એમ કહેવામાં આવે છે.

૧૪૪ ગાથાની ટીકામાં 'અમૃતચંદ્રાચાર્યે' આ શબ્દ વાપર્યો છે કે, પ્રથમ તો શ્રુતજ્ઞાન દ્વારા જ્ઞાન સ્વભાવી આત્માનો નિશ્ચય કરવો કે, જે નિશ્ચય કરતાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની બુદ્ધિઓ મર્યાદામાં આવે. મર્યાદામાં આવ્યા પછી એ આગળ વધીને, અંતર્મુખની દિશામાં આગળ વધીને અભેદ પરિણામમાં અભેદ ભાવે સ્થિર થઈ જાય ત્યારે તેને સમયસારરૂપ પરમાત્માનો અતીન્દ્રિય પ્રત્યક્ષ અથવા સાક્ષાત્ અનુભવ થાય છે. એથી એને સ્વરૂપનો સાક્ષાત્કાર અથવા પરમાત્મપદનો સાક્ષાત્કાર કહેવામાં આવે છે.

મૂળ તો એ વાત બુદ્ધિગમ્ય સમજણમાં સ્પષ્ટ થવી ઘટે છે કે, કોઈપણ પ્રકારનો વિકલ્પ છે તે માર્ગની વિધિ નથી. ચાહે તે વિકલ્પ અરિહંત પરમાત્મા સંબંધિત હોય કે સિદ્ધ પરમાત્મા સંબંધિત હોય. ચાહે તે વિકલ્પ સમ્યગ્દર્શન સંબંધિત હોય કે સમ્યગ્દર્શનના વિષયભૂત એવા નિજ શુદ્ધ સત્તા સંબંધિત હોય, પણ વિકલ્પ તે વિધિ નથી. આટલું તો એને સમજણમાં સ્પષ્ટ હોવું જોઈએ. જે સમજણને લીધે એને વિકલ્પ ઉપરનું વજન ઉઠી જાય.

અનાદિથી જીવને રાગ ઉપર વજન છે અને વિકલ્પ ઉપર એને વજન છે. મને

બહુ સારા વિકલ્પો આવ્યા, સારો રાગ આવ્યો, સારા ભાવ આવ્યા, છેવટે એમ કહે. પણ ભાઈ! એ વિકલ્પાત્મક છે કે નિર્વિકલ્પાત્મક છે? વિકલ્પાત્મક હોય તો એના ઉપર તારું વજન એટલા માટે હોવું ઘટારત નથી કે એ વિધિ નથી એટલા માટે. અને અવિધિએ તો કોઈ કાર્ય થવાનું નથી. વિધિએ કાર્ય થશે, અવિધિએ કોઈ કાર્ય થશે નહિ. વિધિનું ફળ સુખ છે અને અવિધિનું ફળ દુઃખ છે. એ તો અહીંયાં નીચે કહેશે. અવિધિરૂપ પરિણતિ છે એમ કહેશે. વિધિ (અને) અવિધિ એમ બે વાત સામે સામે લીધી છે. વિધિનું ફળ સુખ છે ને અવિધિનું ફળ દુઃખ છે એમ અહીંયાં કહેશે.

મુમુક્ષુ :- વિકલ્પનું ફળ દુઃખ છે એમ ખ્યાલમાં આવવું જોઈએ ને.

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પ સ્વયં દુઃખરૂપ હોવાથી એનું ફળ સુખ હોય એમ કેમ બને? આ વખતે ચાલુ વાંચનમાં થોડી ચર્ચા ચાલી હતી. 'સોનગઢ' વાંચન આપ્યું હતું. (એક મુમુક્ષુએ) પ્રશ્ન કાઢ્યા હતા. આત્માનો આનંદ અને મનનો આનંદ, શાતાનો આનંદ એમાં ફેર કેમ પડે? અથવા કોઈને આત્માનો વિચાર કરતા કરતા મનમાં કષાય જરા વિશેષપણે મંદ થાય અને શાતાની શાંતિ લાગે ત્યારે એને આત્માનો આનંદ આવ્યો છે, સ્વરૂપનો આનંદ પ્રગટ થઈને શાંતિ વેદાણી છે એવો ભ્રમ થઈ જાય. તો પછી એ ભૂલ ખાય જાય કે, એને સમ્યગ્દર્શન ન થયું હોય તોપણ થયું હોવાનો એને ભ્રમ રહે તો ત્યાં શું કરવું? ત્યાં તો કોઈને પૂછવા જવાય એવી વાત નથી. કેમકે પોતાના પરિણામ તો પોતે જાણે, બીજો તો જાણી શકતો નથી.

એને સમજવા માટે પણ વાત સ્પષ્ટ થયેલી છે ખરી. અનુભવી જીવો દ્વારા જ્ઞાનીઓ દ્વારા એ વિષય પણ સ્પષ્ટ થયો છે. પ્રથમ તો ભેદજ્ઞાનના ફળમાં સ્વાનુભવ થાય છે અને એ સ્વાનુભવ પહેલાં જે ભેદજ્ઞાનની પ્રવૃત્તિ ચાલે છે ત્યારે રાગથી ભિન્ન થવાની પ્રવૃત્તિ છે, Process છે. જે રાગથી ભિન્ન થવાની ત્યાં પ્રવૃત્તિ છે તે રાગાંશમાં દુઃખ છે એવી એની વિભાવ જાતિ દુઃખમય છે એની ઓળખાણ હોય છે. ઓળખાણ હોય એ ભૂલે નહિ. ખબર પડી કે આ માણસ આવો છે એની ઓળખાણ છે એ ભૂલે નહિ. બરાબર છે કે નહિ? અજાણ્યો છેતરાય પણ ઓળખતો હોય એ કેવી રીતે છેતરાય? એ પ્રશ્ન રહેતો નથી. એટલે જેને કષાયની મંદતામાં આત્માની શાંતિનો ભ્રમ થાય છે એણે ખરેખર કષાય જાતિના પરિણામની, દુઃખ જાતિના પરિણામની એને ઓળખાણ થઈ નથી. આમ વાત છે. પછી ભૂલવાનો ક્યાં? પછી ભૂલે તો ભૂલે.

મુમુક્ષુ :- એવી ઓળખાણ કરવી કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- એ ભેદજ્ઞાનથી થાય છે. સાધન એક જ છે. ભેદજ્ઞાનના પ્રયોગથી જ ઓળખાણ થાય છે અથવા ઓળખાણ માટેનો એક General સિદ્ધાંત-Principle જેને કહેવાય, એની રીતનો સિદ્ધાંત, ઓળખ કરવાની રીતનો આ સિદ્ધાંત છે કે પરિચયથી ઓળખાણ થાય. સોનું જુઓ કસી અને માણસ જુઓ વસી. શું કહે છે આપણે ત્યાં ઓળખાણ કરવા માટે? અમારે સંપર્ક ઘણો છે, અમે ઘણું સાથે રહેલા છીએ, સાથે વસેલા છીએ એટલે અમારી ઓળખાણ વધારે છે. સોનાને કસોટીએ ચડાવીને કસીને ઓળખવામાં આવે છે. પીળું એટલું સોનું નહિ. બરાબર છે? કસોટીએ ચડીને નક્કી થાય કે, આ સોનું છે. એમ માણસની ઓળખાણ માટે માણસ જુઓ વસી. વસી નામ પરિચય. જેટલો પરિચય ગાઢ એટલી ઓળખાણ ગાઢ.

અહીંયાં ભાવોમાં પણ એવું છે કે જે જીવ પોતાના પરિણામનું અવલોકન કરે છે, વારંવાર અવલોકન કરે છે અને એ અવલોકન કરવાની પદ્ધતિથી એના અવલોકનમાં ઘણી સૂક્ષ્મતા ઉત્પન્ન થઈ છે. સૂક્ષ્મતા ઉપલબ્ધ થઈ છે, સૂક્ષ્મતા આવી ગઈ છે અને જે બારીકાઈથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ પોતાના પરિણામનું અવલોકન કરે છે, ત્યારે એને પોતાના પરિણામમાં સ્વભાવ જાતિના પરિણામ પણ છે અને વિભાવ જાતિના (પરિણામ પણ છે એમ પરખ થાય છે).

... ત્યાં પ્રજ્ઞાછીણીને પટકવી. ભેદજ્ઞાન કેવી રીતે કરવું એ વિષય લીધો છે કે નહિ? 'મોક્ષ અધિકાર'. અધિકાર મોક્ષનો છે અને આચાર્ય મહારાજે વિષય ઉતાર્યો છે ભેદજ્ઞાનનો. વિષયાંતર કર્યું કે ન કર્યું? પણ 'કુંદકુંદાચાર્યે' જ એ વિષય લીધો છે. સૂત્રકર્તા આચાર્યની કથનની જો કે પદ્ધતિ એવી છે કે જે વિષય હોય તો એના કારણને પહેલાં નિરૂપિત કરીને કાર્યનું નિરૂપણ કરે છે. મોક્ષનું સાધન પણ ભેદજ્ઞાન છે. ત્યાં તો મોક્ષ પૂર્ણ શુદ્ધરૂપ મોક્ષપર્યાયની ન તો સૂત્રકર્તા આચાર્યે ચર્ચા કરી છે કે ન તો ટીકાકાર આચાર્યે ચર્ચા કરી છે. જે પ્રકરણ ઉપર ગ્રંથ છે, જે Subject ઉપર ગ્રંથ છે તે સમ્યગ્દર્શનનો વિષય હોવાથી મોક્ષના અધિકારમાં પણ એમણે ભેદજ્ઞાનનું પ્રકરણ ખોલ્યું છે, ઉખેડ્યું છે. આ ગ્રંથની વિશિષ્ટતા છે. ત્યાં એમણે પ્રજ્ઞાછીણીની વાત શરૂઆતથી જ કરી છે.

એ સાંધ ક્યારે સમજાય? ભળતા રંગ હોય. ભળતા રંગ હોય, જાંબલી રંગ ને ગુલાબી રંગ. પણ જેને રંગની પરખ છે એ સમજે છે કે અહીં સુધી આ રંગની મર્યાદા છે અને પછી હવે અહીંથી આ રંગ શરૂ થાય છે. પણ અહીં તો ભળતા રંગ નથી, અહીં તો જ્ઞાન છે એ પ્રકાશ સ્વરૂપ છે અને રાગ છે તે અંધકાર સ્વરૂપ

છે. નહિ ભળતા એવા રંગ છે પરિણામના. પરસ્પર વિરૂદ્ધ છે. દિવસ-રાત જેટલું જેની વચ્ચે અંતર છે પણ આ જીવના ઉપયોગની સ્થૂળતાને લીધે અથવા પરિચયના અભાવને લીધે ઓળખાણ નહિ હોવાથી આવડો મોટો તફાવત રાગ અને જ્ઞાન વચ્ચે હોવા છતાં વાસીદામાં સાંબેલુ જાય, વાસીદામાં કચરામાં સોઈ રહી જાય ત્યાં સુધી વાંધો નહિ. સાવરણીથી કચરો કાઢે છે ને? જાડુથી. સોય તો જાય, પણ સાંબેલું વયુ જાય? આ વાસીદામાં સાંબેલુ જાય છે.

જે રાગ અને જ્ઞાન વચ્ચે પરસ્પર વિરૂદ્ધ ભાવ હોવાને લીધે એક પ્રકાશસ્વરૂપ છે ને બીજો અંધકારરૂપ છે. એવો મોટો તફાવત હોવા છતાં બે વચ્ચેની સાંધ પણ દેખાતી નથી. તો પછી બે જુદા જુદા કેવી રીતે દેખાય? એ દેખાવાનો પ્રશ્ન રહેતો નથી. 'ગુરુદેવે' તો આ ... વિષય એટલો બધો ચોખ્ખો કર્યો છે ૪૫-૪૫ વર્ષ સુધી. ભાઈ! જેની હયાતીમાં આ રાગ છે, રાગ છે એ કોની હયાતીમાં જણાય છે? જેની હયાતી હોવાને લીધે આ રાગાદિ કે ક્રોધાદિ છે એની હયાતીને તું ક્યાં છોડે છો? અને જ્ઞાનમાં જે જ્ઞેય થાય છે એવા રાગને જ સર્વસ્વપણે ક્યાં ગ્રહણ કરે છો?

આમ પોતાની જ્ઞાનની સત્તાને જ્ઞાન વેદનથી મુખ્ય કરવી. કોઈ એમ કહે કે, ભાઈ! આ બધી વાતો વિચારથી તો વિચારાય છે અને પ્રયત્ન કરવાના કાળે પણ વિકલ્પ જ, વિચાર જ ચાલે છે એનું શું કરવું? આ તકલીફને કેવી રીતે મિટાવવી? સાંભળીએ ત્યારે પણ વિચાર આવે, વાંચીએ ત્યારે પણ વિચાર આવે અને એના પ્રયત્નનો કાંઈક આરંભ કરવા જતાં પણ વિચાર શરૂ થાય છે તો કરવું શું? અને તમે એમ કહો છો કે વિચાર તો વિધિ જ નથી. વિચાર છે એ પોતે વિકલ્પ છે એ પોતે વિધિ નથી. એ તો અવિધિ છે. આ એક વિટંબણા જેવું લાગે.

પણ ખરેખર જ્ઞાન છે એને વેદનથી મુખ્ય કરતાં ભેદજ્ઞાનના પ્રયોગમાં, ભેદજ્ઞાન કાળે જ્ઞાનની મુખ્યતા જ્ઞાન વેદનથી કરતાં વેદન નિર્વિકલ્પ હોવાથી એની મુખ્યતામાં ચાલતા વિકલ્પનું પહેલા તો ગૌણપણું આવે છે. અભાવ તો આગળ ઉપર થશે. પણ પહેલા Platform બદલાય છે. વિકલ્પના Platform ઉપર બેઠો બેઠો જ્ઞાનને જોવે તો નકામું છે અને વિકલ્પના Platform ઉપર બેઠો-બેઠો, ઊભો-ઊભો આત્માને જોવા જાય તોપણ આત્મા દેખાય એવો નથી. કેમકે એનું ઊભા રહેવાનું સ્થાન ખોટું છે. એટલે પહેલા તો આ જીવે ઊભા રહેવાનું અધિકરણ-Platform એણે બદલવું પડે અને એ જ્ઞાન ઉપર આવે અને વેદનથી જ્ઞાનની મુખ્યતા આવે. નહિતર સાકાર સવિકલ્પ સાકાર જે જ્ઞાન છે એ જ્ઞેયાકાર જ્ઞાન છે. એની મુખ્યતામાં તો જ્ઞેયલુબ્ધતા

ઉત્પન્નતા થાય છે. એની મુખ્યતામાં જ્ઞાનની મુખ્યતા થતી નથી.

જ્ઞેયાકાર જ્ઞાન એ જ્ઞાનનો પર્યાય હોવા છતાં પણ એ જ્ઞાનનું બહિરંગ છે-બહારનું રૂપ છે અને જ્ઞાનનું જ્ઞાન વેદન છે તે જ્ઞાનનું અંતરંગ છે. અંતર્મુખ થવા અર્થે અંતરના અંગને પકડીને એ વિધિમાં આવવું પડે છે. બહિરંગ પકડીને બાહ્ય અંગ પકડીને તો બહાર ચાલ્યું જવાશે. જ્ઞેયાકાર જ્ઞાનની મુખ્યતામાં જીવ જ્ઞેયલુબ્ધ થઈ જાય છે, ન થવું હોય તોપણ થઈ જ જાય છે અને તેથી એના પરિણામ બાહ્ય બહારની દિશામાં બાહ્ય પદાર્થ ઉપર ચાલ્યા જાય છે, રોકી શકતો નથી.

એ જ જ્ઞાન છે કે જેનું અંતરંગ એવું છે કે એ અંતરંગમાં અનુભવ શું છે? જ્ઞાનવેદનમાં જ્ઞાનનો અનુભવ શું છે, એને અંતરંગ સૂક્ષ્મ અનુભવ દૃષ્ટિથી અવલોકતાં એની મુખ્યતા આવે છે, જ્ઞેયાકાર જ્ઞાન અને જ્ઞેયો ગૌણ થાય છે. વિકલ્પ ગૌણ થાય છે અને સાચી વિધિની શરૂઆત થાય છે. ભેદજ્ઞાનની સાચી વિધિની શરૂઆત થાય છે.

આમ અંતરંગની વિધિની કેવી રીતે છે એ સમજીને એને પ્રયોગમાં ઉતારવી જોઈએ. ક્યારે પ્રયોગમાં ઉતરે? કે, એવું સ્વકાર્ય કરવાની અત્યંત ભાવના હોય ત્યારે. આ ભેદજ્ઞાન થવા પૂર્વે એની શરત છે. Subject to condition ભેદજ્ઞાન થાય છે. કોઈ ભેદજ્ઞાન કરવા ઈચ્છે એટલે ઈચ્છાથી ભેદજ્ઞાન થાય છે એવું બનતું નથી. પણ એની પૂરી ભાવનામાં આવતા ભેદજ્ઞાન થાય છે. સ્વરૂપ પ્રાપ્તિની એવી ભાવના હોવી ઘટે છે મુમુક્ષુતામાં કે 'જગત ઈષ્ટ નહિ આત્મથી'. આખા જગતને ગૌણ કરવા માગે છે. જગત તો એનો ઉદય એ જ એનું જગત છે ખરેખર તો. ક્યાં તન્મય છે જીવ? પોતાના ઉદયમાં. ચાલતા ઉદયને તુચ્છ ગણીને એની કિંમત ઉડાવી દઈને, માત્ર આ ભવ અનંત ભવ ટાળવા માટે આવ્યો છે એવું લાગીને, એવી વિચારીને નહિ પણ લાગીને, બે વચ્ચે ફેર છે. મનુષ્યભવ મળ્યો વિચાર તો ઘણીવાર એવો કર્યો છે, પણ એવું લાગીને ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવોમાં આ ભવ વ્યતીત થવા દેવા યોગ્ય નથી. એવું લાગતા જીવ ભાવનામાં આવે છે એને ભેદજ્ઞાનનો પ્રયોગ શરૂ થવાનો અવકાશ છે. એ ભેદજ્ઞાન કરે તો સફળ થાય છે. એને સંવર-નિર્જરા ને મોક્ષ અવશ્ય થાય, થાય ને થાય જ.

એ દિશાંતર થાય સ્વરૂપની સન્મુખ થાય ત્યાં સંસ્કારમાં તો આવી જાય. એટલે એને મોક્ષનું Registration સમ્યગ્દર્શનનું Registration તો ત્યાં બરાબર થઈ જાય છે. Advance booking થઈ જાય છે. સન્મુખ થાય ત્યાં સંસ્કારમાં તો આવી જ જાય છે. એ પણ કેટલી વિશિષ્ટ સગવડ છે! માણસ એમ કહે કે, અત્યારે વસ્તી

ઘણી વધી ગઈ હોવાથી Reservation વિના તો Travelling થઈ શકતું નથી. માટે મુસાફરીમાં Advance booking કરાવવું અનિવાર્ય છે. તો કહે છે કે, એ વ્યવસ્થા મોક્ષમાર્ગમાં પણ છે. મોક્ષમાર્ગમાં જેને મુસાફરી કરવી છે એને પણ Advance booking પહેલા મળે છે. એવી વ્યવસ્થા અહીં છે. જાઓ, તમારી Seat reserve. ચાલો આગળ. એટલી માર્ગની સુવિધા અને માર્ગની સુંદરતા આ માર્ગને વિષે છે. એટલે તો એ વિષય આવ્યો ત્યારે શાસ્ત્રકારે એમ કહ્યું કે આવા સુંદર માર્ગની કોઈ નિંદા કરે તો ભલે કરતો. તું એ માર્ગને છોડીશ નહિ. આવે છે? એક ગાથા આવે છે. કેમકે કુતર્કવાદિઓ તો એની પણ નિંદા કરે છે.

જૈનદર્શનનો પ્રભાવ ઘટી ગયો મનુષ્યોમાં, વર્તમાન મનુષ્યની સંખ્યામાં અને અન્યમતિઓનો પ્રભાવ વધી ગયો. તો એ લોકોએ ત્યાં સુધી ઠોકી બેસાડ્યું કે જૈનો, જૈન એટલે નાસ્તિકવાદીઓ. ભગવાનને ન માને ઈ જૈન. કોણ? જૈનો તો ભગવાનને જ માનતા નથી. એ તો બધા નાસ્તિકો છે. કેમકે જે અન્યમતિઓ છે એ એવા ભગવાનને માને છે કે જે જગતનું સંચાલન કરે છે અને પરિપાલન કરે છે અને જે સર્વ સામર્થ્યના ધરનાર છે. એની ઈચ્છા વિના જગતમાં પાંદડું પણ ચાલી શકે નહિ. એવું જેનું સામર્થ્ય છે બહુ મોટું. એવા ભગવાનને ન સ્વીકારે, એની શક્તિને ન સ્વીકારે એટલે એ ભગવાનને માનતો નથી. અને જૈન તો એવું માનતા નથી માટે એ નાસ્તિકો છે. અહીં સુધી (કહે).

જેનું અધ્યાત્મ અદ્વિતીય છે, જેમ એક મ્યાનમાં બે તલવાર ન સમાય, એમ આ જગતને વિષે બે જૈન ન હોય શકે. એટલું અદ્વિતીય જૈનપણું છે. અજોડ છે! એને ક્યાં મૂકી દીધું? કે, આ તો નાસ્તિક છે. માટે એ રસ્તે જાવું નહિ ને એની સામું જોવું નહિ. એ ખબર છે? એ ખબર છે કેવી કહેવત છે? કે, ઊભી બજારે... ગામડામાં તો તે દિ' સાંકડી બજાર હતી, હાથી ગાંડો થયો હોય અને ચાલ્યો આવતો હોય તો કચડી નાખે, સ્વાભાવિક છે. હવે ભાગવું કઈ બાજુ? બજારમાં એક બાજુ જૈન મંદિર હોય અને બીજી બાજુ સામે મસ્જીદ હોય તો મસ્જીદમાં ગરી જાવું, જૈન મંદિરમાં જાવું નહિ. અહીં સુધી આ વાત ચાલી. ઠીક! ખબર છે? આ વાત આવે છે.

કેમકે એ જોયું કે, મુસલમાન આપણને ધર્મમાં પરાસ્ત કરી શકે એવું નથી. એક જૈનો એવા છે કે એને પહોંચાય એવું નથી. ધર્મના વિષયમાં જૈનને પહોંચાય એવું નથી. તો એ દિશાએ તે ન ચડે, એ રસ્તો કોઈ ન જાય. તો કહે તું મસ્જીદમાં જાજે પણ જૈન મંદિરમાં જાઈશ નહિ. ભરમાવે તો કાંઈ ઓછા ભરમાવે છે જીવોને.

આવું બધું ચાલે છે. શું કહે છે?

**'ત્યાં પરમાનંદરૂપ નિજ સુખ ઊપજે છે.'** પ્રયોજનથી વાત ચાલી છે. જેને પોતાના પ્રયોજનની સૂક્ષ્મ અને તીક્ષ્ણ બુદ્ધિ છે તે પ્રયોજનને સાધે છે. એ વિષયમાં જેની સ્થૂળ બુદ્ધિ છે એ પ્રયોજનને સાધી શકતા નથી. સુખનું-આત્મિક સુખનું પ્રયોજન છે અને આત્મિક સુખ ઉત્પન્ન થવાનો આધાર જીવના ગુણ-દોષરૂપ પરિણામ છે.

જ્યાં નિર્દોષતા છે ત્યાં અવિનાભાવીપણે સુખની ઉત્પત્તિ છે, જ્યાં સદોષપણું છે ત્યાં અવિનાભાવીપણે દુઃખની ઉત્પત્તિ છે. અથવા વિકલ્પ છે તો એ એક કલ્પના છે કે જે વાસ્તિકતાથી દૂર છે. અને કલ્પનના ફળમાં દુઃખ છે. વિકલ્પ સ્વયં દુઃખરૂપ છે અને એના ફળમાં પણ દુઃખ છે. વાસ્તવિક વસ્તુ સ્વરૂપના જ્ઞાનમાં અને એ જ્ઞાનના અનુભવમાં વાસ્તિકતા હોવાથી ત્યાં દુઃખનો અભાવ છે. એને નિજ સુખની પ્રાપ્તિ ત્યાં અવશ્ય હોય છે, અવશ્ય થાય જ છે.

**'જીવની આવી સ્વરૂપપરિણતિ જીવને વિધિયોગ્ય છે (વિધિરૂપ છે) કારણ કે (ત્યારે) ત્યાં જીવ સુખી થાય છે.'** સિદ્ધિ આમ કરી. આ પરિણતિને, જીવની પરિણતિને વિધિરૂપ પરિણતિ કહેવા યોગ્ય છે. કેમકે ત્યાં જીવ સુખી થાય છે. માટે એને વિધિ કહીએ. એનું કારણ સુખ લીધું. 'રાજમલજી' છે. જેમની 'સમયસાર-કળશ'ની ટીકા અધ્યાત્મ પ્રધાન ટીકા છે. પહેલા જ કળશમાં આ વાત નાખી કે, છ દ્રવ્યને જાણતા જ્ઞાનેય નથી એને સુખેય નથી. જ્ઞાન તો તેને કહીએ કે, જેના ફળમાં સુખ થાય એને જ્ઞાન કહીએ. એ તો છ દ્રવ્ય તો આગમનો વિષય છે. ક્યા આગમનો વિષય છે? કે, જિનાગમનો વિષય છે. જિનાગમ સિવાય છ દ્રવ્ય નથી ક્યાંય. અને છ દ્રવ્યને જાણતા જ્ઞાનેય નથી અને સુખેય નથી? હા. છ દ્રવ્યને જાણતાં જ્ઞાનેય નથી ને સુખેય નથી. આમ એમણે સુખપ્રધાન વાત કરી છે.

આગમના વિષયને ભણતા, સમજતા, વિચારતા, સમજતા સુખ થવું જોઈએ. તો કહે, સુખ નથી થતું. તો કહે છે, એ વિધિ નહિ. સુખ થાય તે વિધિ. એકલું શાસ્ત્ર વાંચન એ વિધિના વિષયમાં ન લીધું. શાસ્ત્ર વાંચન એ વિધિનો વિષય નથી. જો વિકલ્પ અવિધિ છે તો શાસ્ત્ર વાંચનમાં તો સ્થૂળ વિકલ્પ છે. શાસ્ત્ર વાંચનમાં તો સ્થૂળ વિકલ્પ આવે છે, સૂક્ષ્મ વિકલ્પ પણ વિધિમાં આવતો નથી તો સ્થૂળ વિકલ્પ તો વિધિમાં આવવાનો પ્રશ્ન જ રહેતો નથી.

મુમુક્ષુ :- જ્ઞાનેય નથી એમ કીધું છે, એ તો કેમ બેસે?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન તો સુખને ઉત્પન્ન કરે. જ્ઞાન તો તેને કહીએ કે જે સુખને ઉત્પન્ન કરે. તો પરલક્ષી જ્ઞાનમાં અગિયાર અંગ ને નવ પૂર્વ સંબંધિત જ્ઞાન

થાય છે અને અભવિ જીવોને પણ આટલી હદે જ્ઞાનનો ઉઘાડ થાય છે. અત્યારે તો એનો સહસ્ત્રાંશ પણ કોઈને હોઈ શકે નહિ. કેટલો? હજારમા ભાગે, દસ હજારમા ભાગે, લાખમા ભાગે કોઈને ઉઘાડ નથી. એટલો તો અભવિ પણ કરી જાય છે. અને લોકોને આશ્ચર્ય થાય શું જ્ઞાન છે! શું જ્ઞાન છે! ભાઈ! જ્ઞાનને ઓળખવું બીજી વાત છે. જ્ઞાનને એના સ્વરૂપથી, એના સ્વભાવથી ઓળખવું પડે છે, બહારના ઉઘાડથી જ્ઞાન ઓળખાતું નથી.

બહુભાગ જીવ તો ભાષામાં પકડાય છે. ભાષામાં મરી જાય છે. કોઈ સારી વક્તૃત્વ કળા સિદ્ધ હોય, એવો કોઈ પુણ્યયોગ હોય છે, એમાં બીજી કોઈ વાત નથી. મોટા ભાગના જીવો તો ભાષાની અંદર ચક્કર ખાઈને પડે છે. શું વાત કરે છે! શું વાત કરે છે! એ ભાષા તો પ્રત્યક્ષ પ્રગટપણે પુદ્ગલના પરિણામ છે અને જીવના પરિણામ જ નથી. પણ ઉઘાડજ્ઞાન જેને જીવના જ્ઞાનના પરિણામ કહીએ એ પણ વાસ્તિવકતાએ ત્યાં સ્વભાવરૂપ નહિ હોવાથી જીવના પરિણામ નથી. એમ છે ખરેખર.

અધ્યાત્મમાં તો વળી બહુ ઊંચી વાત છે. સમ્યગ્દષ્ટિના શાસ્ત્રને અવલંબનારા, શાસ્ત્રને રચનારા ગણધરદેવના પરિણામ પણ જ્ઞાન નથી. ઠીક! જેટલું સ્વરૂપ વેદન છે જ્ઞાનમાં એટલું જ જ્ઞાન છે ને એટલો જ ધર્મ છે. એને જ્ઞાન કહીએ ને એને નિજ ધર્મ કહીએ, એને વિધિ કહીએ. બાકી અહીંથી ઉપયોગ બહાર નીકળ્યો એ અમારો નહિ. ઉપયોગ બહાર નીકળ્યો એ અમારો નહિ, એ અમારું સ્વરૂપ નથી.

એક વાર 'પાલીતાણા' એક રવિવારે 'ગુરુદેવશ્રી'ની સાથે જવાનું થયું. 'પાલીતાણા'ના ડુંગરની, શેત્રુંજયની તળેટીમાં એક ઓટલા ઊપર જઈને બેઠા. થોડીવાર દસ-પંદર મિનિટ બેસે, દસેક મિનિટ બેસીને પછી પાછા આવે. ત્યાં બેઠા પછી એક વાત કરી. વિષય કાંઈ ચર્ચાતો નહોતો. 'ગુરુદેવ'ની ગાડી ઉપરાંત બીજી એક-બે ગાડી હતી એટલે લગભગ બીજા ૧૦-૧૫ માણસો પણ ત્યાં તે દિવસે સાથે હતા.

બધા મૌન હતા એમાં 'ગુરુદેવે' વિષય કાઢ્યો કે અલિંગ્રહણમાં એક વાત આવે છે કે, ઉપયોગનું હરણ થઈ શકતું નથી. નવમો કે દસમો બોલ છે. ઉપયોગ બહાર જાય એ ઉપયોગનું હરણ. તો કહે, પ્રભુ! ઉપયોગ તો બહાર જાય છે ને શાસ્ત્રમાં? પોતે ને પોતે પાછા કહે છે. આચાર્યે એમ કહ્યું કે, ઉપયોગ બહાર જાય છે એ ઉપયોગનું હરણ છે અને એ તો થઈ શકતું નથી. તો કહે, પણ પ્રભુ! ઉપયોગ તો જાય છે બહાર. પોતે ને પોતે કહે છે આચાર્યેને. તો કહે, હા. એ જાય છે પણ એ જાય છે એ અમારો નહિ. અમારા ઉપયોગનું તો કોઈ હરણ કરી શકતું

નથી. કેમકે અમારે તો પરિણતિ ચાલુ છે. પરિણતિ ચાલુ છે એ જ્ઞાન છે, ઉપયોગ બહાર જાય છે એ જ્ઞાન નથી. ભલે ચાહે શાસ્ત્રમાં જતો હોય, દેવ-ગુરુ-શાસ્ત્રમાં (જતો હોય) એ જ્ઞાન જ નથી. એ અધ્યાત્મ છે. જૈનદર્શનનું અધ્યાત્મ અહીંયાં છે.

મુમુક્ષુ :- અંતરમાં સુખની સાધનનો વિષય મળે છે કે નહિ, એના ઉપર બધો આધાર છે.?

પૂજ્ય ભાઈશ્રી :- સીધો આધાર છે. ઉપયોગ બહાર જાય છે એમાં દુઃખ થાય છે. સૌધર્મ ઈન્દ્રને પણ તીર્થંકરને ભક્તિ કરતાં, નાચતા દુઃખ થાય છે. કેમકે ઉપયોગ બહાર ગયો. દેવાદિક પ્રત્યે ઉપયોગ જતાં ભઠ્ઠી જેવું દુઃખ લાગવું જોઈએ. ક્યાંથી કાઢ્યું છે? જુઓ! અહીંથી કાઢ્યું છે. સિદ્ધાંતિક વાત છે. ક્યાંય સિદ્ધાંત ન તૂટવો જોઈએ અને સિદ્ધાંત પાયભાર પણ તૂટે એ પોષાય નહિ, એ ચલાવાય નહિ અને એ વસ્તુ ચાલે તો મિથ્યાત્વનું જ પોષણ થાય, બીજું કાંઈ થાય નહિ. આ વિષય એવો ખાંડાની ધાર જેવો વિષય છે. એમાં જરા પણ સિદ્ધાંતની અંદર ગડબડ ચાલતી નથી.

મુમુક્ષુ :- એક બાજુ એમ કહ્યું કે વીતરાગ ઉપર ઉપયોગ જતાં અંતરમાં પણ ઉપશમરસ ઉત્પન્ન થાય. બીજી બાજુ એમ કહો કે

પૂજ્ય ભાઈશ્રી :- વિવેક્ષા જુદી છે, બેયની વિવિક્ષા જુદી છે. એમાં એક એવી પ્રક્રિયા થાય છે એનું ધ્યાન ખેંચાય છે. એ કાલે જ વાત લીધી હતી કે, તમે અરીસામાં તમારું મુખ જોવો છો તો તમારો ઉપયોગ અરીસા ઉપર છે અને તમારું લક્ષ તમારી મુખાકૃતિ ઉપર છે. તમારી મુખાકૃતિ ખરેખર અહીંયાં છે અને એ મુખાકૃતિને તમે અરીસામાં જોઈ જોઈને એવો અભ્યાસ સરસ કરી નાખ્યો છે. કારણ કે, કુદરતે આંખ અહીંયાં આપી છે એટલે કોઈ પોતાની મુખાકૃતિ સીધી તો જોઈ શકતું નથી. ચક્ષુ ઇન્દ્રિયના ઉપયોગથી પોતાના મુખને કોઈ જોઈ શકે નહિ. એટલે મુખાકૃતિ જોવા માટે એ દર્પણનો પ્રયોગ છે. એમાં જીવે એટલો બધો અભ્યાસ કરી નાખ્યો છે કે પછી હજાર માણસની સભાનો ફોટો પડ્યો હોય તો એમાં હું અહીંયાં બેઠો છું એમ ગોતી નાખે. ભલે આટલું એવું ટપકુ દેખાતું હોય. પણ એક એના અણસાર ઉપરથી.... શું? અણસાર ઉપરથી પકડે કે, અહીંયાં બેઠો ઈ હું. ઈ પોતાનું મોઢું જોઈ શકતો નથી પણ ત્યાં પ્રક્રિયા શું થાય છે? કે, ઉપયોગ જાય છે દર્પણ ઉપર અને લક્ષ જાય છે મુખાકૃતિ ઉપર. એમ જિન દર્શનની અંદર ઉપશમરસના ઢળેલા... કાલે ચર્ચા બહુ સરસ ચાલી હતી.

સમવસરણમાં ભગવાન કેવા હોય છે? એની શું વાત થાય પણ? એની વાત શું થાય? એમાં ઘણું આવતું હતું. ભાવથી ઘણું આવતું હતું, શબ્દોમાં ભલે ઓછું આવતું હતું. તો ઉપયોગ જિનેન્દ્ર ઉપર છે ત્યાં સ્વસંવેદનમય આત્મા ઉપર લક્ષ જાય છે. તેથી એવા સર્વજ્ઞ જિનેન્દ્રની સ્થાપના કોઈપણ નામથી કે બેનામથી-નામ ન હોય તો પણ ચાલે, નિષેધ્ય નથી એનું કારણ એ છે કે, એ સ્વસંવેદનને પ્રત્યક્ષ દેખાડે છે, દર્શાવે છે. સ્વસંવેદનને કહેવા કરતા દર્શાવવાની પ્રક્રિયા ઉત્કૃષ્ટ છે. મીંદડીનું વર્ણન કરે બાળક પાસે ને મીંદડી લાવીને દેખાડે તો જ્ઞાન કેમાં વધારે થાય? દેખાડે એમાં જ વધારે થાય કે નહિ?

એમ અનાદિથી સ્વસંવેદનથી અજાણ્યો જીવ છે, સ્વભાવથી અજાણ્યો જીવ છે, એને મૂર્તિમંત સ્વભાવપણું જેમાં પ્રગટ છે એનું દર્શન કરાવવામાં, દેખાડવામાં આવે છે. માટે જિનેન્દ્ર દર્શન છે એની રૂઢિ ગોઠવાય ગઈ છે પરંપરાની અંદર, આમ્નાયની અંદર એની પાછળ પણ આ એક પરમાર્થ રહેલો છે. તો એ વિવિક્ષાથી ત્યાં એ વાત બરાબર છે. અને ઉપયોગને અંતર્મુખ કરવા માટેની વિવિક્ષાથી પણ વાત જ્યાં ચાલે છે ત્યાં બરાબર છે. બેય જગ્યાએ પોતપોતાના સ્થાનમાં વાત કેટલી બરાબર છે? કે, સોએ સો ટકા બરાબર છે. આમ વાત છે. એમાં એક ટકો પણ ઓછો પાલવે એવું નથી. આવી વાત છે.

અહીંયાં કહે છે કે, '**જીવની આવી સ્વરૂપપરિણતિ જીવને વિધિયોગ્ય છે (વિધિરૂપ છે) કારણ કે (ત્યારે) જીવ સુખી થાય છે.**' અહીંથી સિદ્ધ કરવાની પદ્ધતિ જોઈ! બહુ અધ્યાત્મપૂર્ણ વિષય છે! જીવનું પ્રયોજન સિદ્ધ થયું માટે આને વિધિ કહો. પ્રયોજન સિદ્ધ ન થાય તો વિધિ નથી. પછી એ શાસ્ત્રમાં આંટા મારતો ઉપયોગ હોય એને અહીંયાં અમે વિધિ કહેતા નથી. અને ગણધરદેવ પણ બાર અંગની રચનાથી સ્વરૂપ સાધન નથી કરતા. એ સ્વરૂપના અંતર સ્વસંવેદનથી સ્વરૂપને સાધે છે. બાર અંગની રચનામાં એ સ્વરૂપ સાધન કરતા નથી. માટે ત્યાં જેટલું વેદન છે એટલો ધર્મ છે, એટલી વિધિ છે, એટલું સુખ છે. ઉપયોગ બહારમાં જાય ત્યાં વિકલ્પ ઉત્પન્ન થાય છે અને અવશ્ય અવશ્ય સાધકને, ધર્માત્માને પણ દુઃખના અંશો પ્રગટ થઈ જાય છે કે જે તે ઈષ્ટ ગણતા નથી, જે એમને ઈષ્ટ નથી, જેનો નિષેધ એમને થયા વિના રહેતો નથી. અહીં સુધી રાખીએ....

## તા. ૩-૫-૧૯૮૬, પાના નં. ૧૧, પ્રવચન નં. ૧૦

'આત્માવલોકન', પાનું-૧૧. વિધિનું પ્રકરણ છે. પોતાના સ્વરૂપમાં સમ્યક્ પરિણમન આદરવામાં આવે તે ખરેખર વિધિનું સ્વરૂપ છે. નિજ સ્વરૂપને વિષે અસમાધિ ભાવ અનાદિથી વર્તે છે. એ પરિણામ પલટીને સ્વરૂપ સમાધિમાં જીવ લાગે ત્યારે એણે ખરેખર સુખી થવાની વિધિ આદરી.

અહીંયાં 'દીપચંદજી' વિધિ અને સુખ, અવિધિ અને દુઃખ એવું કાર્ય-કારણપણું નિરૂપણ કર્યું છે. સુખ અને દુઃખનું જે પ્રયોજન છે એ પ્રયોજનને અનુલક્ષીને જે પરિણામના ફળમાં સુખ ઉત્પન્ન થાય તે વિધિ છે. વિધિ છે એટલે આદરવા યોગ્ય છે અને જે પરિણામના ફળમાં દુઃખ થાય તે અવિધિ છે અથવા તે નિષેધ્ય છે, તે આદરવા યોગ્ય નથી. એવું લીધુ છે. ૧૧મા પાને બીજી લીટીથી છે.

**'અને જીવની જે પરભાવરૂપ અશુદ્ધ પરિણતિ છે તે પરિણતિરૂપે પરિણમતાં કર્મનો જ આસ્રવ થાય છે...'** જીવને જે પરભાવરૂપ અશુદ્ધ પરિણતિ છે એટલે રાગાદિ ભાવરૂપ જે અશુદ્ધ પરિણતિ છે, પછી તે રાગ પોતાના સ્વરૂપના સંબંધિત હોય (કે) સ્વભાવ આવો છે, સ્વભાવ આવો છે, મારો સ્વભાવ આવો છે એવો રાગ હોય તોપણ તે પરભાવ છે. કેમકે તે અશુદ્ધ છે. પોતાના સ્વરૂપની સાથે મેળ ખાતો નથી એવો છે. મેળ પડતો નથી, દુમેળ છે. રાગને અને વીતરાગ સ્વભાવને મેળ નથી. એ પરભાવરૂપ છે, અશુદ્ધ છે અને એ રૂપે પરિણમતા કર્મનો આસ્રવ થાય જ છે. અહીંયાં દ્રવ્યકર્મ લેવા છે. એટલે નવા દ્રવ્યકર્મો આવવાનું-આગમનનું એ કારણ થાય છે. આસ્રવ એટલે આગમન.

હવે, કર્મ કાંઈ બહારથી સો, પચાસ માઈલથી આવતા નથી. કર્મની કાર્મણ વર્ગણા કર્મ સામાન્યના પરમાણુ જેમાં છે, એવી કાર્માણ વર્ગણા ત્રણે લોકમાં ખીચોખીચ ભરેલી છે. ક્યાંય એવી જગ્યા ખાલી નથી, એક બિંદુ જેટલી, એક સોયના અણી જેટલી કે, જ્યાં કાર્માણ વર્ગણા ભરી નથી. એ કાર્માણ વર્ગણા જ્યાં આ જીવનું ક્ષેત્ર છે-આકાશનું, ત્યાં પણ કાર્માણ વર્ગણા ભરેલી છે. એ કાર્માણ વર્ગણામાંથી કેટલાક પરમાણુઓ જ્ઞાનાવરણી આદિ પ્રકૃતિને ધારણ કરે ત્યારે એને કર્મનો આસ્રવ કહેવાય. કર્મ આવ્યા, કર્મ પરમાણુ તો હતા પણ જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય,

અંતરાય એવા જે એની અંદર પ્રકૃતિના પરિણામ ઉત્પન્ન થયા એ કર્મ પરમાણુમાં થયેલો આસ્રવ છે અને એ ઉત્પન્ન થયા અને જીવના ક્ષેત્ર સાથે એનો સંબંધ થયો કે જ્યાં પછી જીવનું આકાશનું ક્ષેત્ર બદલાય ત્યાં એનું સાથે સાથે બદલાય. અહીંથી દેવલોકમાં જાય તો એ પરમાણુ જે નિબદ્ધ થયેલા પરમાણુ છે એ સાથે હોય. નારકીમાં જાય તો સાથે હોય, તિર્યંચમાં જાય તો સાથે હોય. એને દ્રવ્યકર્મનો બંધ કહે છે. સંબંધ-ક્ષેત્ર સંબંધને બંધ કહે છે અને પ્રકૃતિ ભાવનો આવિર્ભાવ થયો તેને આસ્રવ કહે છે.

અહીંયાં શું લેવું છે? કે, રાગાદિ પરભાવરૂપ અશુદ્ધ પરિણતિરૂપે પરિણમતા કર્મનો જ આસ્રવ થાય છે. ત્યાં કેટલાક પરમાણુઓ જીવના અશુદ્ધ પરિણામનું નિમિત્ત પામીને જ્ઞાનાવરણ આદિ પ્રકૃતિએ પરિણમવા લાગે છે. નિયમબદ્ધ છે કે કોઈ જીવ રાગાદિ અશુદ્ધ પરિણામ કરે અને એને કર્મઆસ્રવ ન થાય એવું બને નહિ. જેટલા પ્રમાણમાં જેવા પ્રકારનો અશુદ્ધ ભાવ કરે, તેવા જ પ્રકારનો આસ્રવ થાય. Degree to degree તેવા પ્રકારનો આસ્રવ થાય. એવો જ કોઈ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. કર્તા-કર્મ સંબંધ નથી પણ એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. સ્વતંત્રપણે પરમાણુમાં એવું જ બને, બીજી રીતે બની શકે નહિ. આ અવિધિએ પરિણમતા આમ બને છે. નિમિત્તમાં, પરમાણુમાં આમ બને છે.

**'અને આત્મપ્રદેશો સાથે પરસ્પર એક ક્ષેત્રાવગાહથી કર્મનો જ બંધ થાય છે,...'** કર્મનો જ બંધ થાય છે એટલે કર્મનો બંધ થાય જ છે. તે જે પરમાણુઓમાં એ પ્રકૃતિ ઊપજી તે પ્રકૃતિ એક ક્ષેત્રાવગાહ સાથે તે પરમાણુ તે પ્રકૃતિ સાથે, જીવની સાથે, અમુક કાળ સાથે રહેશે. અમુક સ્થિતી સુધી સાથે રહેશે, કાળની મર્યાદા સુધી સાથે રહેશે. જો કર્તા-કર્મ સંબંધ હોત તો કેટલાક પરમાણુઓમાં જ આવું આસ્રવ, બંધનું પરિણમન શા માટે થયું? ત્યાં તો અનંતા પરમાણુ છે. જે ક્ષેત્રથી કેટલાક પરમાણુઓએ આસ્રવ થઈને બંધની અવસ્થા ધારણ કરી, જો કર્તા-કર્મ સંબંધ હોત તો ત્યાં પણ બીજા અનેક પરમાણુઓ હતા, અનંત પરમાણુઓ હતા તેને કેમ કાંઈ અસર ન થઈ? તો કહે છે, જે પરમાણુઓ, તે કાર્માણ વર્ગણાના જથ્થામાંથી જે પરમાણુઓ સ્વતંત્રપણે જ્ઞાનાવરણાદિ પ્રકૃતિએ પરિણમવાને લાયક હતા તે જ પરિણમે છે, તેનો જ આસ્રવ થાય છે. એ એની સ્વતંત્રતાને સિદ્ધ કરે છે.

વળી, બધા પરમાણુને એક પ્રકૃતિ ઉત્પન્ન થતી નથી. કેટલોક જથ્થો જ્ઞાનાવરણ આદિરૂપે પરિણમે છે, તો કેટલોક મોહનીય રૂપે પરિણમે છે, તો કેટલોક વેદનીય-શાતા-અશાતાની વેદનીય રૂપે પરિણમે છે. બધા જ પરમાણુઓ કર્મ સામાન્યરૂપે હોવા

છતાં જુદી જુદી પ્રકૃતિ કેમ ધારણ કરી? કે, એ પણ એની સ્વતંત્રતા છે. વળી જુદી જુદી પ્રકૃતિ ધારણ કરવા છતાં સ્થિતિ પણ જુદી જુદી ધારણ કરે છે. ઘાતિ અને અઘાતિની એક સ્થિતિ પડતી નથી. તો એ સ્પષ્ટ થાય છે કે કર્મના પરમાણુઓ પોતાની યોગ્યતા અનુસાર સ્વતંત્ર પરિણમે છે. પણ પરિણમે છે જરૂર. તેથી કેટલાકને કર્તા-કર્મની ભ્રાંતિ થાય છે. પણ એના બીજાં પડખાં તપાસતા એ સ્વતંત્ર પરિણમે છે એમ સાબિત થાય છે.

**'આત્મપ્રદેશો સાથે પરસ્પર એક ક્ષેત્રાવગાહથી કર્મનો જ બંધ થાય છે, પુણ્યપાપનો વિપાક થાય ત્યારે...'** એમાં બે ભાગ પાડીએ તો શુભ અને અશુભ એવી બે પ્રકૃતિ છે. દરેકમાં. જેમ કે શુભ આયુ પણ બંધાય અને અશુભ આયુ પણ બંધાય. કષાયની તીવ્રતાવાળો ભાવ અશુભ હોય તો અશુભ આયુ બંધાય. ભાવ જો કષાયની મંદતાવાળો હોય તો શુભ આયુ બંધાય. એમ વેદનીમાં શાતા-અશાતા એ પણ શુભ-અશુભને અનુસરીને બંધાય છે. તો બે ભેદ લઈએ તો પુણ્ય-પાપરૂપ પ્રકૃતિ બંધાય છે, શુભાશુભરૂપ પ્રકૃતિ બંધાય છે. દરેકમાં એવી રીતે પડે છે. શુભ ગોત્ર, અશુભ ગોત્ર ઊંચ-નીચ ગોત્ર હોય છે ને? અને તેનો વિપાક થાય ત્યારે જીવ દુઃખી થાય છે.

અહીંયાં એવું કહ્યું નથી કે પુણ્યનો વિપાક થાય ત્યારે જીવ સુખી થાય છે અને પાપનો વિપાક થાય ત્યારે જીવ દુઃખી થાય છે. એવું તો કાંઈ કહ્યું નથી. પુણ્ય અને પાપનો વિપાક થાય, બંને પ્રકારનો વિપાક થાય ત્યારે જીવ દુઃખી થાય છે. પાપનો વિપાક થાય ત્યારે જીવ દુઃખી થાય એ સમજાય છે, પણ પુણ્ય વિપાક થાય ત્યારે તો જીવો સુખી થતા જોવામાં આવે છે. અમારે આનંદ-મંગળ છે, અમારે ચેન છે, અમારે ખુશી છે, અમારે આનંદના પ્રસંગ છે, આનંદ અમારો માતો નથી. ભગવાન કહે છે કે, એ જીવ પણ એ કાળે દુઃખી થઈ રહ્યો છે. સુખ શું છે એની એને ખબર નથી. ખરેખર એ જીવ પણ ત્યાં દુઃખી થઈ રહ્યો છે. તો કોઈ એમ કહે કે, ભગવાનને કહેવું હોય તો ભલે કહે કે, અમે દુઃખી થઈ રહ્યા છીએ, પણ અમે સુખી થઈએ છીએ, અમને સુખનો અનુભવ થાય છે પછી વાંધો શું અમારે? ભાઈ! તું રહેવા દે. એમ કાંઈ ભગવાનની આજ્ઞા ને ભગવાનના જ્ઞાનને અવગણવા જેવું નથી. એ દુઃખ જ છે. નિયમથી દુઃખ છે. તારી કલ્પનાથી દુઃખ કાંઈ સુખ થવાનું નથી.

કોઈ કાચમાં હીરાની કલ્પના કરે અને સુખી થાય કે મને હીરો મળ્યો રે હીરો મળ્યો. તો ઘડીભર ભલે એને એમ લાગે કે, ના ના, મને કાંઈક મળી ગયું છે પણ વટાવા જતા કાંઈ આવવાનું નથી. એ દુઃખના પરિણામ છે અને સુખના પરિણામ

છે આ એક ઓળખનો ને પરખનો વિષય છે. વિકલ્પ માત્રમાં દુઃખ લાગવું જોઈએ, પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ. કેટલું? પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ, એકાંતે દુઃખ લાગવું જોઈએ. કેમકે એકાંતે દુઃખ છે એમાં. તેના બદલે કેટલાક પરિણામમાં દુઃખ લાગે ને કેટલાક કષાયની મંદતાવાળા પરિણામમાં સુખ લાગે તો કદી એ વિકલ્પ છૂટીને, વિકલ્પને છોડીને નિર્વિકલ્પ દશામાં આવી શકે નહિ. એ જ જીવને સુખ-દુઃખ સંબંધીની ભ્રાંતિ છે. તેથી જીવ એણે કલ્પેલું સુખ મેળવવા જાય છે અથવા એવા સુખની અભિલાષા ધરે છે અને સાચા સુખથી એ વંચિત રહી જાય છે. અને પરિણામે એ દુઃખને જ પામે છે, સુખને પામતો નથી.

એ વિષયમાં એક બહુ સારો બોલ છે. ('બહેનશ્રીનાં વચનામૃત'-૪૮) છે. 'વિકલ્પમાં પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ.' 'સોગાનીજી'ના શબ્દોમાં એમ છે કે, દેવાદિ પ્રત્યે ઉપયોગ જતાં ભઠ્ઠી જેવું દુઃખ લાગવું જોઈએ. અહીંયાં એ જ ભાવને પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ એમ કહે છે. '**વિકલ્પમાં જરા પણ શાંતિ અને સુખ નથી એમ જીવને અંદરથી લાગવું જોઈએ.**' અંદરથી એટલે એના અનુભવકાળે લાગવું જોઈએ. વિચારકાળે એમ વિચારે કે વિકલ્પ માત્ર દુઃખદાયક છે, વિકલ્પ માત્રમાં દુઃખ છે અને કેટલાક વિકલ્પમાં એ સુખની કલ્પના કરીને સુખાનુભવ કરે તો એ વિચાર એનો સાચો છે કે ખોટો છે? એ વિચાર જ ખોટો છે.

'**વિકલ્પમાં જરા પણ શાંતિ અને સુખ નથી. એમ જીવને અંદરથી લાગવું જોઈએ. એક વિકલ્પમાં દુઃખ લાગે છે અને બીજા મંદ વિકલ્પમાં શાંતિ મનાય જાય છે પણ વિકલ્પ માત્રમાં તીવ્ર દુઃખ લાગે તો અંદર માર્ગ મળ્યા વિના રહે નહિ.**' અહીંથી અનઅર્પિત નીકળે છે કે, જ્યાં સુધી કોઈ એક વિકલ્પમાં સુખ લાગે છે, દુઃખ હોવા છતાંય સુખ લાગે છે ત્યાં એને અંદરમાં માર્ગ મળતો નથી. જ્યાં સુધી આ પરિસ્થિતિ છે ત્યાં સુધી અંદરમાં માર્ગ મળતો નથી. વિકલ્પ માત્રમાં દુઃખ લાગે ત્યારે અંદરથી માર્ગ મળે છે.

એટલે વિકલ્પ તો સ્થૂળ છે, સ્થૂળ દુઃખરૂપ છે, નાસ્તિનો વિષય છે, સૂક્ષ્માતિસૂક્ષ્મ અસ્તિ સ્વભાવ જેવો એ વિષય નથી પણ નાસ્તિ રૂપ અને સ્થૂળ રૂપ ભાવ છે. નિત્ય પરિચીત છે-હંમેશા પરિચયમાં આવી રહ્યો છે. પણ પોતાનો તેને અવલોકન કરવાનો અભ્યાસ નહિ હોવાને લીધે એમાં રહેલું દુઃખ એને સમજાતું નથી અથવા લાગતું નથી. જ્યાં સુધી લાગતું નથી ત્યાં સુધી સમજાતું નથી.

શાસ્ત્રથી, ન્યાયથી, યુક્તિથી સમજે કે, હા. વિકલ્પમાં દુઃખ છે. તો કોઈ એક વિકલ્પ છે એ છોડવો પડે છે. ભગવાનની ભક્તિનો હોય તો છોડી દેવો પડે છે,

થાક લાગે છે. લાડવો ખાવાનો હોય તો છોડી દેવો પડે છે અને ગમે તેવો હોંશનો ને સુખનો પ્રસંગ હોય તોપણ છોડી દેવો પડે છે. યુક્તિથી સાબિત થાય છે કે, આ દુઃખ છે. એમ બરાબર ખ્યાલમાં પાછળથી આવે છે. એમ નહિ. યુક્તિથી નહિ, ન્યાયથી નહિ, શાસ્ત્રથી નહિ, અનુમાનથી નહિ, વિચારથી નહિ. સુખ અને દુઃખ અનુભવવાનો વિષય હોવાથી, અનુભવથી તે લાગવું જોઈએ.

અનુભવમાં આવી રહ્યો છે. વિકલ્પ તો નિરંતર અનુભવમાં આવી જ રહ્યો છે. એમાં રહેલા દુઃખનો પરિચય એને થાય તો દુઃખ સમજાય અથવા ઓળખાય અથવા લાગે એ ત્યાં એકાર્થમાં છે. નહિતર સમજાય છે અને લાગતું નથી એ પરિસ્થિતિ વિચિત્ર છે. તો પછી સમજાય છે એમ નહિ લાગવાનું શું કારણ છે? ન્યાયથી અને યુક્તિથી તો તું સમજે છે કે વિકલ્પ માત્રમાં દુઃખ છે અને લાગે તને સુખ! આ તો વિચિત્ર વિષય છે, વિચિત્ર વાત થઈ.

જેમ ખાદ્ય પદાર્થનો સ્વાદ ખાવાથી જ મળે છે. તેની વાત સાંભળવાથી એનો સ્વાદ મળતો નથી. એમ સુખ-દુઃખ એ અનુભવવાનો વિષય છે, વિચારવાનો વિષય નથી. ખાવાની ચીજ એ સાંભળવાની કે સુંઘવાની ચીજ નથી. નાક કે કાનનો વિષય નથી, જીભનો રસનેન્દ્રિયનો વિષય છે. એમ સુખ અને દુઃખ એ અનુભવનો વિષય છે, વિચાર કરવાનો, તર્ક કરવાનો એ વિષય નથી. તર્કણાનો વિષય નથી. તો એનો નિશ્ચય એના અનુભવથી થવો જોઈએ. સુખ-દુઃખનો વિષય તર્કણાથી થવો જોઈએ નહિ.

જે જીવ ભેદજ્ઞાનના પ્રયોગમાં ચડે છે તે જીવને ભેદજ્ઞાનમાં કાંઈક પ્રયોગની સફળતા મળી છે એનું લક્ષણ-ચિન્હ ક્યારે નક્કી થાય? કે ચાલતા વિકલ્પમાં, ભેદજ્ઞાનના ચાલતા વિકલ્પમાં પણ વિકલ્પમાં દુઃખ લાગવાની શરૂઆત થાય ત્યારે સમજવું કે, હવે આ પદ્ધતિ બરાબર છે. ત્યારે સમજવું કે હવે અંદરમાં માર્ગ મળશે. ત્યાં સુધી અંદરમાં માર્ગ નહિ મળે એવો એની બુદ્ધિપૂર્વકની સમજણ સ્પષ્ટ હોવી જોઈએ.

શાસ્ત્ર વાંચતા-વાંચતા કે શાસ્ત્ર સાંભળતા-સાંભળતા કે આત્માનો વિચાર કરતાં કરતાં માર્ગ મળી જશે એવા ધોખામાં રહેવા જેવું નથી. પણ જ્યારે વિકલ્પમાં દુઃખ લાગશે, ચાહે તે વિકલ્પ શાસ્ત્ર વાંચતી વખતેનો હોય કે ભેદજ્ઞાન કરતી વખતેનો હોય કે આત્માના વિચાર કરતી વખતેનો હોય, વિકલ્પ માત્રમાં તીવ્ર દુઃખ, પૂરેપૂરું દુઃખ લાગશે ત્યારે માર્ગ મળશે, એ વાત બુદ્ધિની સમજણમાં તો ઘર કરી જવી જોઈએ. બુદ્ધિમાં એથી બીજો વિચાર હોય ત્યાં સુધી તો એ વિકલ્પમાં દુઃખ લાગવાના સ્થાનમાં પણ નહિ આવે. એને માર્ગ આગળ મળવાનો તો પ્રશ્ન જ રહેતો નથી.

આ વિષય 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં પણ અનેક વાર છે અને આ વચનામૃતની અંદર પણ આ વિષય એક જ અભિપ્રાયથી નિરૂપિત થયેલો છે.

મુમુક્ષુ :- 'સમયસાર'ની અંદર જે 'કર્તા-કર્મ અધિકાર' છે એમાં પરમાર્થ આશય શું?

પૂજ્ય ભાઈશ્રી :- પરમાર્થ આશય છે કે, આ જીવ સ્વભાવે કરીને માત્ર જ્ઞાતા-દૃષ્ટા છે. માત્ર જ્ઞાતા-દૃષ્ટા હોવાથી જગત ચક્ષુ (છે). જેમ ચક્ષુ માત્ર જાણે, આંખને કોઈ કામ ન સોંપાય. તમે જોવો ત્યારે આ કામ કરી લેજો એ આંખને ન સોંપાય. આંખ જાણવા સિવાય કાંઈ કરી શકે નહિ. એક તણખલું પણ ઉપાડીને આઘું-પાછું કરવાનું કામ આંખનું નથી. તો આ જીવ તો આંખ પાસે આખો ઉકરડો ઉઠાવવા માંગે છે. કે, ભાઈ! આખો ઉકરડો છે એ તમે ટોપલા ભરી ભરીને બીજે ખડકી દ્યો, આ જગ્યા ખાલી કરો. આંખ કરી શકશે? નહિ. આંખનું કામ માત્ર જોવાનું છે.

એમ જીવ જ્ઞાતા-દૃષ્ટા છે એને આખા જગતના પદાર્થોનું કામ કરવાનું પોતે પોતાને વિષે માને છે એ જ્ઞાતા-દૃષ્ટાપણાને સ્વીકારતો નથી. એટલે પોતાના સ્વરૂપને અને સ્વભાવને સ્વીકારતો નથી. આખા 'કર્તાકર્મ અધિકાર'નું આ તાત્પર્ય છે અને આખા 'સમયસાર'નું પણ આ તાત્પર્ય છે કે, જીવ જ્ઞાનમાત્ર છે. એક જ્ઞાનમાત્ર ભાવમાં સ્વથી એકત્વ અને પરથી વિભક્તપણું આમાં આવી જાય છે. પરથી વિભક્તપણું કહો કે પરનો કર્તા નથી એમ કહો. કર્તા કેમ નથી? કે, જુદો છે માટે કર્તા નથી. જુદો હોય તે જુદાનું કાર્ય કરી શકે નહિ, એવો અહીંયાં સિદ્ધાંત લેવો છે.

પણ કર્મનું પ્રકરણ વાંચીને જે જીવોને સ્વરૂપ પ્રાપ્તિની ભાવના પણ નહોતી એવા જીવોને કલ્પના થઈ અથવા કોઈપણ પ્રકારે શાસ્ત્ર વાંચીને અન્યથા કલ્પના ત્યારે થાય છે કે પોતાના નિજ હિતની ભાવનાનો અભાવ હોય ત્યારે. કોઈપણ પ્રકારમાં. આ કરણાનુયોગમાં બહુભાગ જીવોની એવી કલ્પના થઈ, વિદ્વાનોની, કહેવાતા સાધુઓ, ત્યાગીઓની, કે કર્મ છે એનો પ્રભાવ અને એની અસર જીવના પરિણામ ઉપર પડતાં જીવને રાગાદિ ભાવની અશુદ્ધિ ઉત્પન્ન થઈ જાય છે. એટલે કર્મને કારણે જીવની અશુદ્ધિ ને રાગની ઉત્પત્તિ છે, આ ભ્રાંતિએ કહેવાતા જૈનીઓમાં પણ ફેલાયેલી છે.

સંપ્રદાયમાં તો આ જ વિષય છે. (દિગંબરના એક વિદ્વાન) સાથે એ જ ચર્ચા ચાલી હતી ને 'ગુરુદેવ'ને, મધુવનમાં. જીવને રાગ થવાનું કારણ શું? 'ગુરુદેવ' કહે કે, જીવ તો સ્વતંત્રપણે રાગ કરે છે. તો કહે, કર્મના ઉદયની સાપેક્ષતા તો છે કે નહિ? જ્યારે સ્વતંત્ર કહ્યું ત્યારે બીજો પ્રશ્ન એમણે કર્યો, કર્મના ઉદયની સાપેક્ષતા છે કે નહિ? 'ગુરુદેવ' કહે, નિશ્ચયથી નિરપેક્ષ છે. અપેક્ષા ખોલીને કીધું. વ્યવહારથી સાપેક્ષપણું શાસ્ત્રમાં આવે છે એવા કથનોનો અમને ખ્યાલ છે. એમ એમાં કહેવું

છે. તોપણ નિશ્ચયથી નિરપેક્ષપણું છે. વાસ્તવિકપણે કહો, ખરેખર કહો એને નિરપેક્ષપણું છે. આ ચર્ચા ચાલી હતી (સંવત) ૨૦૧૩ ની પ્રથમ સમેદશિખરની યાત્રમાં. મધુવનમાં મળી ગયા હતા. મારો તો પ્રવેશ જ નહોતો. એ કાળે મારો પ્રવેશ નહોતો.

એ દિવસોમાં જ મને આત્મધર્મ હાથમાં આવ્યા એટલે એ દિવસોમાં મેં નક્કી કર્યું કે, 'ગુરુદેવ' હવે 'સોનગઢ' પધારે ત્યારે સાંભળવા જાવું છે, સમાગમ કરવો છે. એ યાત્રાના કાળમાં નક્કી કરેલું. પછી જ્યારે આવ્યા ત્યારે શરૂઆત કરી હતી. પણ એની તો પુસ્તિકા અને Tape ને બધુ પ્રસિદ્ધ થઈ ગયા હતા એટલે જાણવા મળ્યું હતું કે, આ પ્રશ્ન ચાર્ચા ત્યાં ચાલી છે.

મુમુક્ષુ :- પંચાસ્તિકાયની ૭૬મી ગાથા.

પૂજ્ય ભાઈશ્રી :- ગાથાનો તો સંદર્ભ નથી લીધો પણ સીધી એમણે કેટલાક દિગંબર વિદ્વાનોની ઉપસ્થિતીમાં ચર્ચા કરી હતી. એના ફોટા આવ્યા હતા અને શું ચર્ચા ચાલી હતી, એ અક્ષરશઃ છપાઈને નાની ચોપડી પુસ્તિકા બહાર પડી હતી. એ બધી વાંચીને અભ્યાસ કર્યો હતો કે, આમાં શું વાત ચાલી ગઈ. કેમકે એ વખતે દિગંબર સંપ્રદાયમાં બીજા ત્યાગીઓ ને મુનિઓ કરતા (આમનું) નામ મોટું હતું. એમની Goodwill ઘણી હતી. વિદ્વાન છે, 'સમયસાર' જેવો 'પરમાગમ' અધ્યાત્મ ગંભીર ગ્રંથ મુખપાઠ હતો. ૪૧૫ ગાથાઓ મુખપાઠે હતી. પછી તો ટીકાનો કેટલોક ભાગ મુખપાઠે હોવાનો સંબંધ છે. અને જેમ 'ગુરુદેવ'ને સંપ્રદાય અપેક્ષાએ એમ કે 'કાનજીસ્વામી'ને જેમ 'સમયસાર' પ્રત્યે ઘણું છે, એમ (આમને) પણ ઘણું છે. એમ બે સામેસામા સમકાલીન મોટા નામ હતા એ વખતે.

મુમુક્ષુ :- મૂળ બ્રાહ્મણ હતા.

પૂજ્ય ભાઈશ્રી :- એમ હશે. અજૈન હતા. બ્રાહ્મણને હિસાબે ઘણો અભ્યાસ કર્યો કહેવાય.

મુમુક્ષુ :- વસ્તુ હાથ ન આવી.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ બીજી ચીજ છે. વાંચન, અધ્યયન હોવું, વિદ્વતતા હોવી, ત્યાગીપણું હોવું, વક્તાપણું હોવું એ બધી જુદી ચીજ છે, આ જુદી ચીજ છે.

મુમુક્ષુ :- અધ્યાત્મની વાતેય કરે.

પૂજ્ય ભાઈશ્રી :- અધ્યાત્મની વાત તો આવે જ ને. વિષય હોય એટલે વિષયને અડીને વાત આવવી એ બીજી વાત છે અને માલ હોવો એ બીજી વાત છે. નામ લખે, સો વાર નામ લખે લાડવાનું તો લાડવાનું એક બટકુ એમાંથી ઉત્પન્ન થાય કે ન થાય? હજાર વાર લખે તો? એકેય વાર ન થાય? એ વસ્તુ જુદી છે. શબ્દ

જુદો છે, પદાર્થ જુદો છે.

મુમુક્ષુ :- કર્તા-કર્મ અધિકાર છે એવો બીજી જગ્યાએ તો એ શાસ્ત્રમાં આવી રીતે છે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એ પદ્ધતિ નથી. આ શાસ્ત્રની પદ્ધતિ કોઈ મૌલિક પદ્ધતિ છે, વિશિષ્ટ પદ્ધતિ છે. એવી પદ્ધતિ કોઈ શાસ્ત્રમાં નથી, એ પદ્ધતિએ શાસ્ત્રો નથી. 'કુંદકુંદાચાર્ય'ની અને 'અમૃતચંદ્રાચાર્ય'ની આ એક અસાધારણ વિશિષ્ટ પદ્ધતિ છે. એટલે તો 'અમૃતચંદ્રાચાર્ય' જેવા સમર્થ આચાર્ય ૯૦૦ વર્ષ પછી થયા અને એમણે 'કુંદકુંદાચાર્ય'નો આ ગ્રંથ જોયો ત્યારે એમને થયું કે, કોઈ ગજબ, પૂર્વાચાર્યનો કોઈ ગજબ દૃષ્ટિકોણ, એમની પદ્ધતિ, વિષય નિરૂપણ કરવાની કથનશૈલી અસાધારણ જોઈને પોતે પણ ટીકા કરી છે અને એમને ભાસ્યું છે કે આ પદ્ધતિ કેવી હોય.

ત્યારપછી એક હજાર વર્ષે એ બંને આચાર્યોની પદ્ધતિ, એનો મર્મ, એની શૈલી, એનો હાર્દ 'ગુરુદેવ'ને ભાસ્યું. ભાસ્યું અને પરિણમ્યું. એ જ પદ્ધતિએ એમણે વાખ્યાન આપ્યા છે. એમની એ પદ્ધતિ એટલી બધી ઘર કરી ગઈ હતી કે, 'પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત' ઉપર વ્યાખ્યાન આપે તો પદ્ધતિ પેલી આવી જાય. લગભગ એ જ પદ્ધતિથી એમણે દરેક શાસ્ત્રો ઉપર વ્યાખ્યાન કર્યા છે. પછી કોઈ આચાર્ય, 'પદ્મનંદી' આચાર્યે ભગવાનની સ્તુતી કરી હોય, ભક્તિ કરી હોય તો એનું વ્યાખ્યાન કરે તો એમાં એ પદ્ધતિના દર્શન થાય. એવી એ પદ્ધતિ એમને ઘર કરી ગઈ હતી.

જ્ઞાયક સ્વભાવનું અસ્તિથી નિરૂપણ, 'સમયસાર'નો સંક્ષેપ વિચારીએ તો જ્ઞાયક સ્વભાવનું અસ્તિથી નિરૂપણ, એ જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ કેવી હોય તેનું નિરૂપણ અને એ દૃષ્ટિવાન કેવો હોય એનું નિરૂપણ. આ આખા નિરૂપણમાં આ ત્રણ દૃષ્ટિકોણ મુખ્યપણે અપનાવવામાં આવ્યો છે. 'સમયસાર'ની અંદર આ ત્રણ Angle થી એનો સુમેળ રાખીને એની મુખ્યતાથી આખું નિરૂપણ છે. જ્ઞાયક સ્વભાવને નિરૂપણ કરવો છે, એની દૃષ્ટિ કેવી રીતે પડે છે, તે દૃષ્ટિનું પરિણમન કેવું હોય છે એનું નિરૂપણ કરવું છે. અને જેને એ દૃષ્ટિનું પરિણમન થાય છે તે દૃષ્ટિવાન કેવો હોય છે? આખા 'સમયસાર'માં આ વાત મુખ્ય છે. અસ્તિથી વિષય આટલો છે. પછી નાસ્તિથી એમાં (ઘણી વાતો કરી છે).

....સારા સ્થાને બેસવાનું મળે તો એને રસ ચડ્યા વિના રહે નહિ. જગતમાં તો જેની દૃષ્ટિ આત્મા ઉપર નથી એવા જગતના જીવોને પુણ્યના ઉદયમાં અનુકૂળતાનો રસ ચડે છે અને પાપના ઉદયમાં ખેદાયને એની પ્રતિકૂળતા મને આવી પડી એનો રસ ચડે છે. એ રસ તીવ્રપણે વેદાય જાય છે. પુણ્ય અને પાપના ઉદય વિનાનો

એક સમય કોઈ જીવ નથી. સંસારી જીવ કોઈ છે જ નહિ. એટલે પરિણમનમાં કાં તો જીવ પુણ્યના રસે ચડે છે અને કાં પાપના ઉદયના રસે ચડે છે. નવા કર્મને ત્યાં બાંધે છે અને આ રીતે કર્મનો ઉદય અને ઉદયના કાળમાં નવું નિબંધન એ Cycle ચાલુ રહે છે. એક Role વિંટળાય છે અને બીજો પાછો ઉખળે છે. એકના ઉખળવામાં જ બીજાનું વિટળાવું થાય છે. આમ સંસારી જીવને સંસારનું પરિભ્રમણ મટતું નથી. કોઈ મહાભાગ્ય જીવે એમાંથી છૂટે છે, એ ચક્કરમાંથી છૂટે છે. ત્યારે એને વિકલ્પમાત્રમાં દુઃખ લાગવાનું શરૂ થાય છે, આ એનું લક્ષણ છે. અહીંયાં પાત્રતા આવી ચુકી. પાત્રતાથી વિચારીએ તો અહીંયાં પાત્રતા આવી ચુકી. શું કહે છે?

**'જીવ દુઃખી થાય છે...' 'જીવની આવી અશુદ્ધ પરિણતિ જીવને અવિધિરૂપ છે-અયોગ્ય છે; કારણ કે (ત્યારે) જીવ દુઃખી થાય છે...'** ઉપર શું લીધુ? કે, **'જીવની આવી સ્વરૂપ પદ્ધતિ જીવને (વિધિરૂપ) છે કારણ કે (ત્યારે) જીવ સુખી થાય છે...'** વિધિમાં સુખનું કારણ લીધું, અવિધિમાં દુઃખનું કારણ લીધું. **'તેથી આ જીવને પરમાનંદરૂપ સુખ થવામાં સ્વરૂપપરિણતિ વિધિયોગ્ય છે.'** અથવા આ જીવને નિજઆનંદ અને નિજ સુખ થવામાં સ્વરૂપ પરિણતિ વિધિયોગ્ય છે એટલે સ્વરૂપપરિણતિ આદરવા યોગ્ય છે, એ સિવાયની બીજી કોઈ પરિણતિ એણે આદરવા યોગ્ય નથી. આ આદરવા યોગ્ય છે. આદરવા યોગ્ય છે તે વિધિયોગ્ય છે અને બાકીનું સઘળું નિષેધને યોગ્ય છે. વિધિ નિષેધ પ્રતિપક્ષ છે સામે સામે.

જેમ માણસ કહે ને કે, આ ખવાય ને આ ન ખવાય, આ ગ્રહણ થાય ને આનો ત્યાગ થાય. એવા જે બહારમાં વિધિ-નિષેધના જે કોઈ, જેટલા કોઈ ભાંગા છે એ તમામ ભાંગા અંદરમાં આ સ્વરૂપ પરિણતિના વિધિ-નિષેધના ભાંગા વિના બધા નકામા છે. આ કરાય ને આ ન કરાય, આમ થાય ને આમ ન થાય. પણ અંદરમાં સ્વરૂપની વિધિ એટલે સ્વરૂપનો આદર ન થાય તો એ બધા ભાંગા છે એ બધા અધ્યાત્મ શૂન્ય માત્ર ક્રિયાકાંડના ભાંગા છે અને એમાં કાંઈ દમ નથી. આત્માનું હિત થવાનું ત્યાં એક ટકો પણ કારણ ઉપસ્થિત થતું નથી.

**'તેથી આ જીવને પરમાનંદરૂપ સુખ થવામાં સ્વરૂપપરિણતિ વિધિયોગ્ય છે. તેથી...'** તેથી તેથી ઠેઠ સુધી લેતા જાય છે. **'તેથી જ્યારે તે સ્વરૂપપરિણતિરૂપ પરિણમે છે ત્યારે તેવા પરિણામથી અવિધિપરિણતિ સહજ જ રહી જાય છે. (થંભી જાય છે, અટકી જાય છે, નષ્ટ થઈ જાય છે.)'** ઉત્પન્ન થતી નથી એમ કહેવા માગે છે. વિધિરૂપ પરિણમન થાય ત્યારે અવિધિરૂપ પરિણમન સહજ જ ઉત્પન્ન થતું બંધ થઈ જાય છે. ત્યારે એને ઉત્પન્ન થતું બંધ કરવા માટે એ દિશાની અંદર વિચાર સુદ્ધા

કે કોઈ પ્રકારે પ્રયત્ન સુદ્ધા કરવો પડતો નથી. સહજ જ એમ થાય છે.

**'વળી વચનવ્યવહારથી પણ આમ જ કહેવામાં આવે છે કે-'** આ વચનવ્યવહારથી કહેવાય છે એટલે અહીંયાં વાદ શબ્દ લીધો છે પ્રકરણનો-વિધિવાદ. મૂળ વસ્તુ તો પરિણમન છે, મૂળ વસ્તુ છે એ પરિણમન છે. વચનવ્યવહાર તો એને કહેવાની વાત માત્ર છે કે, જે શબ્દોમાંથી એનો અર્થ સમજાય અને અર્થ સમજાય તો જેમાં સમજાય છે એવું જે જ્ઞાન, એમાં જ્ઞાનરસ ઊપજે. એ લીધું ને? 'અનુભવપ્રકાશ'માં. શબ્દ છે એ અર્થમાં નિમિત્ત પડે છે અને અર્થ છે તે જ્ઞાનરસ ઊપજવામાં નિમિત્ત થાય છે. જો જ્ઞાનરસ ઊપજે તો તો એણે શબ્દનો અર્થ બરાબર કર્યો. પણ શબ્દનો અર્થ બરાબર થવા છતાં જો જ્ઞાનરસ ઊપજે નહિ તો એ શબ્દનો અર્થ બરાબર હોવા છતાં બરાબર નથી. ઠીક!

પોપટ એમ કહે કે, બે ને બે ચાર તો પણ એને ગણિત આવડતું નથી. આવડે છે? નહિ. પોપટ એમ કહે કે બે ને બે ચાર. તમને આવતાવેંત દાખલો ગણી દે. ઘરમાં આવો ત્યાં એમ કહે કે બે ને બે ચાર. બે ને બે ચાર. પોપટને ગણતા આવડે છે કે નથી આવડતું? નથી આવડતું. એમ અર્થ સાચો હોવા છતાં ખરેખર એ અર્થ ખોટો છે, સાચો નથી. આમ છે. કેટલાકને તો અર્થ નથી આવડતો, ગપ્પા મારે છે તોપણ એના પુણ્ય હોય તો એને અનુસરવાવાળા હોય છે. કેટલાકને અર્થ બરાબર આવડે છે તો એને લોકો અનુસરી જાય છે કે બરાબર સાચો અર્થ કરે છે. શાસ્ત્ર અનુસાર જ અર્થ કરે છે. શાસ્ત્રથી વિરુદ્ધતા કાંઈ અર્થ કરવામાં તો જોવામાં આવતી નથી. તો કહે છે, માત્ર અહીં સુધી વિચારવાનો આ વિષય નથી. અહીંથી આગળ વિચારવું જોઈએ કે, અર્થ સાચો હોવા છતાં એ અર્થ અનુસાર એને જ્ઞાનરસ ઊપજ્યો છે કે નહિ? અહીં સુધી વિચારવાનું છે. તો એ અર્થ સાચો છે અને નહિતર અર્થ સાચો નથી.

મુમુક્ષુ :- શ્રોતાને કેમ ખબર પડે કે અર્થ કરતાં જ્ઞાનરસ ઊપજ્યો છે?

પૂજ્ય ભાઈશ્રી :- એનું એવું છે કે, આ કુટુંબની અંદર સમોવડીયા હોય છે ને? દેરીયા ને જેઠીયા ને. પછી કોણ ક્યાં ઊભું છે એ ખબર હોય છે કે નથી હોતી? પણ પ્રસંગે એવું સારું બોલે. દિકરાને જોવા કો'ક કન્યાપક્ષવાળા આવ્યા હોય એટલે એવા વખાણ કરે, એવા વખાણ કરે. એને ખબર નથી કે આ વખાણ કરે છે કે પછી શું કરે છે? એક વાત દાઢમાંથી બોલી નાખે. એ કેવી રીતે શ્રોતાને ખબર પડી? ભાષા તો એવી સરસ છે કે એનો અર્થ કરવામાં આવે તો બધો અર્થ સારો જ ઉતરે છે. છતાં ખબર કેવી પડે છે? એ Inter link છે આખી. એક

Telepathy થાય છે કે, જે એના Inner current એવા હોય છે કે, આપોઆપ એકબીજાને એકબીજાની ખબર પડે છે કે આ ક્યાં ઊભા છે. એ કાંઈ ખબર પડ્યા વગર રહેતી નથી. ચાહે કોઈ હિતેચ્છુ કઠોર વચન કહે, ઊલટો દાખલો લઈએ તો, હિતેચ્છુ હોય અને કઠોર વચન કહે કે આટલી ભાન તમને પડતી નથી. કેટલુ નુકશાન થાત કાંઈ ખબર છે? ભાન નથી તમને. તો ખરાબ ન લગાડે. ખરાબ લગાડે છે? તમે આવું કહેતા રહેજો, નહિતર અમે કો'ક દિ' મુશ્કેલીમાં મુકાય જશું એમ કહે. તમે આવું કહેતા રહેજો એમ કહે. અને કોઈ મીઠું કહે તોપણ સમજે કે આ તલવાર ચલાવે છે.

એમ આની ખબર પડે છે. જો પોતાને જ્ઞાનરસ ઊપજવાની યોગ્યતા હોય છે તો સામાના જ્ઞાનરસની એને ખબર પડે છે. પોતાની યોગ્યતા ન હોય તો એ અર્થમાં અથવા ભાષામાં એને મોહ થાય છે કે, કાં તો એને ભાષા ઉપર મોહ થાય છે, કાં તો એ શબ્દના અર્થ કરે છે એના ઉપર મોહ થાય છે અને એને જ્ઞાનરસ જોવાની શક્તિ હોતી નથી. એટલે એને ખબર પડતી નથી. એટલે આ Lineમાં તો બધી જગ્યાએ પોતાની તૈયારી વિના આગળ ચલાય એવું નથી. અથવા ભૂલું પડી જવાય એવું છે.

મુમુક્ષુ :- પોતાની તૈયારી એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- પોતાની યોગ્યતાની તૈયારી જોઈએ. પરખ કરવાની તૈયારી તો (હોવી જોઈએ). તમે હીરો લેવા જાવ તો તમે એમ ને એમ ગમે ત્યાંથી ફુટપાયરી ઉપરથી હીરા વેચાતા લેતા નથી. લ્યો છો? પહેલા તો તમને ખબર છે કે, Prestige વાળી પેઢી કોની છે. ભાવ થોડો વધારે લે એનો વાંધો નથી પણ Bonafide વેપારી કોણ છે, એમ પહેલા વિચાર કરો છો. બજારમાં તો Prestige કામ આવે, અહીંયાં Prestige ન કામ આવે, હોં! અહીં તો પુણ્યવંતને Prestige હોય છે. Prestige ન હોય, હોય એની સાથે આ માર્ગને સંબંધ નથી. પણ આ તો દૃષ્ટાંત છે.

બીજા નંબરમાં ભલે Prestige વાળા પાસેથી ન લીધો હોય તોય કો'ક જાણકાર હોય પોતાનો સગો-સંબંધી જેને Professional સંબંધ ન હોય, એને કહે કે, ભાઈ! તમારે કાંઈ આમાં નફો-નુકશાન નથી, સાચી વાત જે હોય તે કરી દ્યો. આની કિંમત કેટલી, કાઢી દ્યો. પાછો ખાત્રી કર્યા વિના લ્યે નહિ. ભલેને 'ત્રિભોવનદાસ ભીમજી'નો હીરો લીધો હોય. તોપણ પાછો પોતાના સગા-સંબંધીમાં એની ખાત્રી કર્યા વગર રહે નહિ. એમ જ્યાં લાભ-નુકશાનનો પ્રશ્ન આર્થિકદૃષ્ટિએ છે ત્યાં પણ જીવ ચોકસાઈ તો કરે જ છે કે, નથી કરતો? જે રીતે શક્ય છે, ચોકસાઈની જેટલી શક્યતાઓ

છે એટલી શક્યતાઓ તો એ કરે જ છે.

એમ અહીં તો પારમાર્થિક લાભ-નુકસાનનો વિષય છે. ત્યાં તો એણે બરાબર ચોક્કસાઈ કરવી જોઈએ. કોઈની ગમે તેટલી છાપ હોય તોપણ ચોક્કસાઈ તો કરવી જ જોઈએ. 'શ્રીમદ્જી' લખે છે કે, જેની પાસેથી ધર્મ પામવો છે તેની ધર્મ પામ્યાની પરીક્ષા અવશ્ય કરવી. એવું લખ્યું છે. કેમકે મોક્ષમાર્ગમાં બેની પ્રવૃત્તિ ઘટે છે. એક જ્ઞાનીની અને એક બીજા જ્ઞાનીના આશ્રયવાનની. ત્રીજાને આમાં Admission નથી મળતું. ૫૫૧ નંબરનો પત્ર છે, (એમાં) એ વાત લીધી છે. મોક્ષમાર્ગમાં બેની જ પ્રવૃત્તિ છે. એક જ્ઞાનીની પ્રવૃત્તિ છે, બીજા જ્ઞાનીના આશ્રયવાનની છે. બાકીનાને મોક્ષમાર્ગની અંદર પ્રવેશ મળતો નથી.

જેણે જ્ઞાનીનો આશ્રય લીધો છે એને મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ ઘટી શકે છે, એને હોય શકે છે. એટલે તો એને 'શ્રીમદ્જી'એ તો સમકિતનું કારણ જ આપી દીધું છે. એક નિષ્ઠાથી જે જ્ઞાનીના આશ્રયે રહે છે તેનો ઉદ્ધાર થઈ ગયો. એ તો 'ગુરુદેવે' પ્રસિદ્ધ કર્યું. 'ગુરુદેવે' એ વાત તો પોતાના શબ્દોમાં કરી. 'શ્રીમદ્જી'એ જે વાત કરી છે એ વાત 'ગુરુદેવે' બીજા શબ્દોમાં કરી. વાત તો એ ને એ છે, વિષય એનો એ જ છે. બીજો વિષય નથી. 'જે વિંટળાઈને રહેશે એનો બેડો પાર થઈ જશે.' એ બીજા શબ્દો છે. વાત તો એકની એક જ છે, અભિપ્રાય એકનો એક છે, સિદ્ધાંત એકનો એક છે, બીજો સિદ્ધાંત એમાં નથી. શું કહે છે?

'**વળી વચનવ્યવહારથી પણ આમ જ કહેવામાં આવે છે કે-'સ્વરૂપપરિણતિરૂપે પ્રવર્તો.**' વ્યવહાર એટલા માટે કહ્યો કે, એક તો બે વચ્ચેનો એ પ્રસંગ છે, કહેનાર અને સાંભળનાર વચ્ચેનો માટે વ્યવહાર છે. બીજું કે, ત્યાં જેવો વચન અને એનો ભાવ પ્રવર્તે છે એવી વસ્તુ સ્થિતિ બને પણ ખરી અને ન પણ બને. જેમકે એમ કહ્યું કે, '**સ્વરૂપપરિણતિરૂપે પ્રવર્તો.**' તો સ્વરૂપપરિણતિરૂપે પ્રવર્તો એમ કહેતાં જેને કહે છે કે તે તે કાળે જ પ્રવર્તી જ જાય એવો કોઈ નિયમ નથી. માટે એ વ્યવહાર છે. એવી વાત લીધી એમણે 'અનુભવપ્રકાશ'માં એક જગ્યાએ કે, તેથી ભલું તો એ છે કે સદાય શુદ્ધોપયોગરૂપ રહેવાનો પરિણમવાનો ઉદ્યમ રાખ્યા કરો. આ અમારું વચન વ્યવહારથી ઉપદેશ કથન છે. એટલે એ જાણે છે કે આ વ્યવહારમાત્ર છે કહેવાનો, વસ્તુ સ્વતંત્ર પરિણમન કરશે. અમારા કહેવાથી પરિણમે છે, મારા ઉપદેશથી પરિણમે છે એવું અમે માનતા નથી. એ ઉપચાર છે તેથી એને વ્યવહાર કહેવામાં આવે છે. અહીંયા પણ વ્યવહારથી આમ કહેવામાં આવે છે.

'**સ્વરૂપપરિણતિરૂપે પ્રવર્તો. આ પ્રવર્તન તમને યોગ્ય છે.**' યોગ્યતા અને અયોગ્યતા

સંબંધી વિચારણા કરતાં સ્વરૂપપરિણતિએ પ્રવર્તવું તે પ્રવર્તન યોગ્ય છે. તે ઈષ્ટ છે અને પરભાવરૂપ પરિણમવું તે યોગ્ય નથી અથવા તે અનિષ્ટ છે.

મુમુક્ષુ :- વાત તો ટૂંકી જ છે.

પૂજ્ય 'ગુરુદેવશ્રી' :- વાત આટલી ટૂંકી છે. જુઓને, આમાં ક્યાં લાંબી લાંબી વાત આવે છે? ખરેખર તો અર્થમાં બે લીટીનું પદ છે અને ત્રણ લીટીમાં એનો અર્થ છે કે, દ્વાદશાંગમાં વિધિવાદ સ્વરૂપની પરિણતિને આદરવાનું એક કથન છે એને વિધિવાદ કહેવામાં આવે છે. એ વિધિવાદ છે એના માટે બધી રચના છે. વિધિવાદ વિધિને કહેવા માટે સર્વ કથનની રચના છે. મૂળ તો વાત વિધિ સમજાવવી છે કે કઈ વિધિએ આત્માનું હિત થાય. બાકી બધુ અવિધિમાં જાય છે. એક જ વિધિ છે, ત્રણે કાળે મોક્ષનો માર્ગ એક જ પ્રકારે છે, બે પ્રકારે મોક્ષનો માર્ગ નથી.

મુમુક્ષુ :- વિધિ ટૂંકી જ છે પછી અટક્યું છે ક્યાં?

પૂજ્ય ભાઈશ્રી :- અટક્યું અવિધિમાં. ક્યાં અટક્યો છે? કે, અવિધિમાં અટક્યો છે પોતે. જ્યાં સુખ ન લાગવું જોઈએ ત્યાં સુખ લાગે છે અથવા જ્યાં દુઃખ લાગવું જોઈએ ત્યાં સુખ લાગે છે. આ સુખ-દુઃખ સાથે તો અવિધિ-વિધિ અને કારણ-કાર્યનો અહીંયાં સંબંધ લીધો છે. એટલે જ્યાં એને દુઃખ લાગવું જોઈએ, વિકલ્પમાત્રમાં દુઃખ લાગવું જોઈએ. સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ આત્માના સ્વભાવ સંબંધિત સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ એમાં પણ દુઃખ લાગે છે.

જે જીવો સ્વાનુભવના શુદ્ધોપયોગમાંથી બહાર આવે છે. નિર્વિકલ્પ આનંદની દશામાંથી સવિકલ્પ દશાના પરિણામમાં આવી જાય છે, આવવું નથી ને આવી જાય છે, પોતાની અશક્તિ અને અસ્થિરતાને વશ, ત્યારે શુદ્ધ પરિણતિ શાંતિની ચાલુ હોવા છતાં વિકલ્પાંશ ઉત્પન્ન થાય છે તો પાણીમાંથી જે માછલું બહાર આવે અને તડફડાટ નાખે એવા દુઃખનો અનુભવ કરે છે. પાણીમાંથી માછલું બહાર પડે ત્યારે હજી પાણીની આજુબાજુ તો ઠંડુ વાતાવરણ હોય છે, ઠંડક હોય છે. પાણીની આજુબાજુ ઠંડક રહે. કેમકે એનો સ્વભાવ શીતળ છે એટલે. એ ઠંડા વાતાવરણમાં એટલે કષાયની મંદતામાં હજી હોય. નિર્વિકલ્પ દશામાંથી સવિકલ્પપણું આવે ત્યારે વેપારનો વિકલ્પ ન આવે, અશુભ ઉપયોગમાં ન આવે. હજી તો એ સ્વરૂપ સંબંધિના ઘોલનમાંથી જ બહાર ન નીકળી શકે. કેટલો કાળ સુધી તો તીવ્ર રસે કરીને આત્માનો શુદ્ધોપયોગ જેને ઉત્પન્ન થયો છે, તીવ્ર આત્મરસને લઈને, સાક્ષાત્ આનંદરસ જેમાં આવી ગયો એ વિકલ્પમાં આવે ત્યારે હજી એના ઘૂંટણમાંથી ને ઘોલનમાંથી ને એના રસમાંથી, વિકલ્પમાંથી તો હજી બહાર ન નીકળી શકે. વિકલ્પમાં હજી એ જ વિષય છે. તોપણ

એ વિષય વિકલ્પમાં હોવા છતાં દુઃખ કેટલું? સ્વરૂપ ઘોલન ચાલતું હોય તો દુઃખ કેટલું? કે, માછલીને પાણીમાંથી બહાર કાઢો ને તડફડાટ નાખે એટલું દુઃખ. એ તો એક સમજાવવા માટે Point છે. 'સોગાનીજી'એ એને ભઠ્ઠી જેવું દુઃખ કહ્યું. કલ્પના નથી આ, વાસ્તિવકતા છે. આ જ પરિસ્થિતી શાંતિ અને અશાંતિની છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન પૂર્વે છેલ્લા વિકલ્પ કઈ જાતના હોય?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ નિયમ નથી આ વિકલ્પ હોય. કેમકે વિકલ્પ તો કોઈનો કોઈ ગુણ અનુસરીને હોય છે. એટલે ગુણ તો અનેક છે. એટલે આ જ ગુણનો વિકલ્પ હોય એવું નથી. જ્ઞાન અને જ્ઞાયકની પ્રધાનતા જરૂર છે. વિકલ્પ તે પ્રધાનતાપૂર્વક ગમે તે હોય, પણ આ જ હોય એવો કોઈ નિયમ નથી. લક્ષ સ્વરૂપ ઉપર છે. સન્મુખ થયેલો જીવ છે, વિકલ્પ જેટલો છે એટલામાં દુઃખનો અનુભવ એને થાય છે અને શાંતિનો પિંડ લક્ષમાં છે એટલે ત્યાં જવાનું જોર થાય છે. અહીંથી છૂટવાનું, ખસવાનું જોર થાય છે. વિકલ્પની શાતામાં રહેવાનો પ્રકાર નથી પણ વિકલ્પમાં રહેલા દુઃખથી છૂટવાના પ્રકારમાં પ્રયત્ન કામ કરે છે. એવું જેનું વલણ છે પરિણામમાં તે વિકલ્પથી છૂટીને નિર્વિકલ્પ દશામાં પરિણમી શકે છે. બીજાને એ શક્યતા રહેતી નથી.

મુમુક્ષુ :- વિકલ્પ વગર...

પૂજ્ય ભાઈશ્રી :- એનો નિયમ જ નથી કોઈ. કેમકે હું એક છું એમાં બધુ આવી જાય છે. હું એક છું, એમાં બધુ આવી જાય છે. કારણ કે, વિકલ્પ તો કોઈ એક એકત્વ એનો ધર્મ છે એના ઉપર ચાલ્યો પણ લક્ષમાં તો આખો આત્મા છે. નામ તો એક જ હોય છે માણસનું કે, આ ફલાણા ભાઈ. પણ આખો માણસ લક્ષમાં આવે છે કે નહિ? વ્યક્તિ આખી લક્ષમાં આવી જાય છે નામ આપતા જ. 'ગુરુદેવ' એમ કહ્યું. નામ પણ ન લીધું. 'ગુરુદેવ' એક નામ થઈ ગયું ને. શબ્દ થઈ ગયો. આખા લક્ષમાં આવી જાય. તો એવી રીતે કોઈ નામ સાથે પ્રયોજન નથી, વિકલ્પ સાથે પ્રયોજન નથી. એનો જે વિષય છે એ પૂરેપૂરો લક્ષમાં છે. એમ છે.

(અહીં સુધી રાખીએ...)

## તા. ૪-૫-૧૯૮૯, પાના નં. ૧૨, પ્રવચન નં. ૧૧

'આત્માવલોકન'. પાનું-૧૨. 'ચરિતાનુવાદ' શુભ અને અશુભ આચરણને ચરિત્ર કહ્યું (છે). એ ... પ્રથમ ચરણને ચરિતાનુવાદ કહે છે.

**मस्सिदो रायदोहभावाणं उदियभावाणं कहाकहणं जहा।**
**तं चरियाणु वारयं हि जिणसनय णिदिट्ठं तहा।।५।।**
**रागदोषभावानं उदीकभावानं कथाकथनं यथा।**
**तं चरितानुवादं हि, जिनसयमे निर्दविष्टं तथा।।५।।**

'**हि सत्येन**' '**નિશ્ચયથી...**' '**सत्येन**' એટલે નિશ્ચયથી. જુઓ! અર્થ છે એનું સંસ્કૃત છે. ખરેખર સત્યથી '**यथा येन प्रकारेण रागदोषभावानां**' '**જે જે પ્રકારે પરાચરણભાવનું જ અથવા શુભ-અશુભ સ્વાદભાવનું જ જે સ્વરૂપકથન છે...**' '**रागदोषभावानां पराचरणभावानं वा उदीकभावानां**' ત્રણેનો એકાર્થ છે. રાગ-દ્વેષ કહો, પરાચરણ કહો કે ઉદયભાવ કહો ત્રણે એકાર્થમાં છે. પરાચરણ એટલે પરસંયોગને અનુસરીને થતો ભાવ તે પરાચરણ. ઉદયને અનુસરીને ભાવ થતો તે ઉદયભાવ-'**उदीकभाव**' અને તે નિયમથી રાગ અથવા દ્વેષરૂપ હોય છે. એ ત્રણે એકાર્થ છે એટલે અથવા શબ્દ લીધો છે. અથવા-વા શબ્દ લીધો છે. '**उदीकभावानां दुःखास्वादभावनां**' એ દુઃખના આસ્વાદરૂપ છે.

મુમુક્ષુ :- શુભ-અશુભ એ દુઃખના આસ્વાદરૂપ છે.

પૂજ્ય ભાઈશ્રી :- શુભ-અશુભ '**दुःखास्वादभावनां**' એ બધાય દુઃખનો આસ્વાદ છે. જેટલા શુભ-અશુભ છે, નિયમથી તેમાં આકુળતા છે, નિયમબદ્ધપણે આકુળતા છે, દુઃખદ છે. તેથી '**दुःखास्वादभावनां कथाकथनं**' એની જે કથા, એનું જે કથન તે કથનને કથા (કહે છે). '**कथनं**' એની કથાના સ્વરૂપનું કથન. '**तं कथनं**' તે કથનને '**चरितानुवादं-चरित्रवादं**' એને ચરિતાનુવાદ કહે છે અથવા ચરિત્રવાદ કહે છે. '**जिनसमये**' જિનેન્દ્રની વાણીમાં, જિનેન્દ્રના દ્વાદશાંગરૂપ કથનમાં. જિનેન્દ્રની વાણી તો અનક્ષરી છે. અક્ષરી વાણી ગણધરદેવ એના ઉપરથી ગુંથી છે. તે દ્વાદશાંગ '**जिनसमये द्वादशांगैर्निर्दिष्टं कथितम्**' નિર્દિષ્ટ કર્યું છે અથવા કહેલું છે.

બાર અંગમાં જેટલું શુભ અને અશુભ ભાવોનું કથન છે તે તમામ ભાવો પરાચરણરૂપ

છે, તે તમામ ભાવો ઉદયરૂપ છે, તે તમામ ભાવો દુઃખરૂપ છે. એને ચરિતાનુવાદ એવું નામ સંજ્ઞા એટલે નામ. સંજ્ઞા એટલે નામ આપવું એને સંજ્ઞા કહે છે. દ્વાદશાંગ વાણીમાં એને ચરિતાનુવાદનું નામ આપવામાં આવ્યું છે. એના ઉપરથી સ્પષ્ટ થાય છે કે, અશુભભાવ તો કોઈ સ્વરૂપઆચરણ છે જ નહિ, પણ કોઈ શુભભાવ પણ સ્વરૂપનું આચરણ નથી, પરાચરણ જ છે. અને પરાચરણ હોવાથી તે દુઃખરૂપ છે, પરાચરણ ભાવ છે અને દુઃખરૂપ છે. પરાધીનતામાં સ્વપ્ને પણ સુખ હોતું નથી. સુખ તો સ્વાધીન જ હોય છે, સુખનું સ્વરૂપ પરાધીન હોતું નથી.

ભાવાર્થ :- '**પુદ્‌ગલસ્વામીત્વરૂપ મિથ્યાત્વ તે પર-આચરણનું કથન છે.**' ત્યાં મિથ્યાત્વથી શરૂઆત કરી. આમ તો શુભા-અશુભની વાત છે.

મુમુક્ષુ :- અર્થમાં દુઃખાસ્વાદ રહી ગયો લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અર્થની અંદર દુઃખાસ્વાદ ભાવ નથી લખ્યું. મૂળ શ્લોકનો અર્થ કર્યો નથી. થોડુંક એનું સંસ્કૃત કર્યું છે.

**रागदोषभावानं उदीकभावानं कथाकथनं यथा।**
**तं चरितानुवादं हि, जिनसयमे निर्दविष्टं तथा।।**

એના મૂળ શ્લોકમાં નથી. એમાં ગદ્યની અંદર વિશેષ અર્થ કર્યો છે.

ભાવાર્થ :- '**પુદ્‌ગલસ્વામીત્વરૂપ મિથ્યાત્વ...**' મિથ્યાત્વની પરિભાષા છે. કેવું છે મિથ્યાત્વ? કે, જે પોતાના ચૈતન્ય સ્વરૂપનું સ્વામીત્વ કરતું નથી એવું પરિણમન. પોતાને પોતાનું સ્વામીત્વ સ્વીકારતું નથી એવું પરિણમન. પણ પુદ્‌ગલ ઉપર જે પોતાનું સ્વામીત્વ સ્વીકારે છે એવું પરિણમન. એને અહીંયાં પુદ્‌ગલસ્વામીત્વ કહે છે.

એ પુદ્‌ગલ સ્વામીત્વરૂપ જે મિથ્યાત્વ છે '**તે પર-આચરણનું કથન છે...**' એ પોતે જ પરાચરણ સ્વરૂપ છે અથવા સમસ્ત પરાચરણ, સમસ્ત શુભાશુભ ભાવનું, સમસ્ત રાગ-દ્વેષ ભાવનું પરાચરણનું મૂળિયું આ મિથ્યાત્વ છે. ત્યાંથી એ બધા ભાવો ઉદય ભાવો અથવા રાગ-દ્વેષ ભાવો પાંગરે છે અથવા પુષ્ટ થાય છે. મિથ્યાત્વથી પરાચરણને પુષ્ટિ મળે છે. મિથ્યાત્વનો અભાવ થતાં પરાચરણને પોષણ મળતું બંધ થાય છે તેથી ક્રમશઃ પરાચરણ સર્વાંશે બંધ થઈ જાય છે. પરાચરણ-રાગ-દ્વેષ-મોહ એને રહેતા નથી. એ નિયમ થયો. '**તે પર-આચરણનું કથન છે...**'

'**અને ઉચ્ચ સ્થાનથી પડવું, તે પડવું પણ પરાચરણ જ દર્શાવે છે.**' આત્મા પોતે જ્ઞાતા-દ્રષ્ટા સર્વોત્કૃષ્ટ તત્ત્વ, સર્વોત્કૃષ્ટ સ્વભાવી તત્ત્વ પરમ ઉત્કૃષ્ટ સ્વરૂપ, ત્યાંથી ખસીને અથવા તેને નહિ અંગીકાર કરીને નીચેના સ્થાનમાં આવવું, નીચ સ્થાન સ્વીકારવું કે હું માણસ છું, હું રાજા છું, હું રંક છું, હું વિદ્વાન છું, હું મૂર્ખ છું, એવું કાંઈ

પણ સ્વીકારવું એ નીચેનું સ્થાન સ્વીકારની વાત છે. ચક્રવર્તીપણું પણ નીચેનું સ્થાન છે ને ઈન્દ્રપણું પણ નીચેનું સ્થાન છે.

મુમુક્ષુ :- ઈન્દ્ર છું, ચક્રવર્તી છું.

પૂજ્ય ભાઈશ્રી :- પણ ભગવાન કહે છે કે, તું ત્રણ લોકનો નાથ છો. ચક્રવર્તીને છ ખંડ છે અને ઈન્દ્રને પણ દેવલોકની મર્યાદિત સીમા છે. એને પણ એની મર્યાદા છે, એથી આગળ એ નથી.

આ તો ત્રણે લોકનો નાથ છે એમ કહે છે. એ પદને નહિ સ્વીકારીને નીચેના પદને સ્વીકારવું. પર્યાયબુદ્ધિએ કરીને, મિથ્યાબુદ્ધિએ કરીને કર્મના ઉદય જનિત પ્રાપ્ત પર્યાયમાં પોતાના સ્વરૂપપણાનો સ્વીકાર અથવા કર્મના ઉદય જનિત પર્યાય જેટલો જેવો જ હું છું એવું પર્યાયમાત્રનું પોતા સ્વરૂપે અવધારણ એ મિથ્યાત્વ છે. એ ઉચ્ચ સ્થાનથી પડીને નીચે આવવાની વાત છે અને તે પરાચરણ દર્શાવે છે. તે સ્વરૂપ આચરણ નથી પણ એ પરાચરણ છે. એટલે તો એમ કહે છે કે જે સમ્યગ્દૃષ્ટિ થયા તે જ્ઞાનાત્મા થયા, તે પરાત્મા થયા, એ પરમાત્મા થયા. લીધું, ૧૪૩ ગાથા. 'અમૃતચંદ્રાચાર્યે'એ વાત કરી.

જ્યાં અહીંયાં નિર્વિકલ્પ અનુભવ થયો, પક્ષાતિક્રાંતપણું (થયું), પક્ષથી ઓળંગી જઈને જ્ઞાતા-દૃષ્ટાપણે જ્યાં સ્વરૂપમાં આવ્યો ત્યાં તે સર્વ જગતથી પર થયા તે પરાત્મા. એને જ્ઞાનાનુભૂતિ થઈ તેથી તે જ્ઞાનાત્મા અને પરમપદનો નિજ સ્વરૂપે અનુભવ કર્યો તેથી પરમાત્મા સ્વરૂપે પોતાને અનુભવતા તે થયા પરમાત્મા. ત્યાં પરમાત્મા નામ આપ્યું છે. એક 'શ્રીમદ્જી'એ જ્ઞાનીને પરમાત્મા નામ આપ્યું અને એક 'અમૃતચંદ્રાર્યે' અહીંયાં પરમાત્મા નામ આપ્યું. આપ્યું છે કે નહિ? 'શ્રીમદ્જી'એ (અને) ૧૪૩ ગાથામાં. આધાર (છે). પહેલા વાંચ્યુ હોય પણ એ એટલું બધું Mark ન કર્યું હોય. નહિતર અનેક પ્રકારની દલીલો સામે આવે છે કે તમે વ્યક્તિરાગ કેમ કરો છો? વ્યક્તિરાગ ને ભક્તિરાગ ને આ બધું શું છે? એ વ્યક્તિ રાગ નથી પણ એ પરમાત્મા છે એમ જોવામાં આવે છે. અને એ આચાર્ય દેવોએ વાત કરી છે પાછી. 'શ્રીમદ્જી'એ તો કરી છે, આચાર્ય દેવે પણ એ વાત કરી છે, ૧૪૩માં. ૨૬ કળશ પૂરા કર્યા પછી એ વાત કરી છે.

**'અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા, નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા વડે (અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવન વડે) તે વખતે (અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને, શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ અને બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...'** નિર્વિકલ્પ 'સમસ્ત

નયપક્ષના ગ્રહણથી દૂરથયો હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહતો નથી, તે (આત્મા) ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર, પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યજ્જ્યોતિ, આત્મખ્યાતિરૂપ, અનુભૂતિમાત્ર સમયસાર છે.' તે સમયસાર થયો. નમઃ સમયસાર. કળશ લીધો છે, આ સમયસાર થયા છે. એ આત્મા સમયસાર થયો, એને આત્મખ્યાતિ થઈ, એ જ્ઞાનાત્મા થયા, એ પરમાત્મા થયા. અને એનું સ્વરૂપ કેવળીના દૃષ્ટાંતથી અહીંયાં સમજાવ્યું છે.

કેવળજ્ઞાનીનો દૃષ્ટાંત લીધો છે અને આ સિદ્ધાંત લીધો છે. એને સમજાવવા માટે પણ દૃષ્ટાંત પણ સમર્થ દૃષ્ટાંત દીધો છે. એટલે કોઈ બીજો અંદરથી ફોદો કાઢે નહિ. એટલા માટે સમર્થ દૃષ્ટાંત છે. ચોખ્ખા શબ્દો પડ્યા છે, સંસ્કૃતમાં એ શબ્દ પડ્યા છે. '**जिनस खलु निखिलविकल्पेभ्यः परतरः परमात्मा ज्ञानात्मा प्रत्यग्ज्योतिरात्मख्याति-रूपोऽनुभूतिमात्रः समयसारः**' અક્ષરશઃ અનુવાદ છે.

એ પડવું પણ પરાચરણ (છે). '**ઉચ્ચ સ્થાનથી પડવું, તે પડવું પણ પરાચરણ જ દર્શાવે છે. અજ્ઞાનીનો સ્થૂલબંધ અને જઘન્ય જ્ઞાનીનો અબુધપૂરવક (અબુદ્ધિ પૂર્વક) સૂક્ષ્મબંધ એ પ્રકારે બંધમાત્રના ભાવ તે પણ પરાચરણની પ્રસિદ્ધતા છે,...**' બંધમાત્ર લીધું. અજ્ઞાની જીવને સ્થૂળબંધ થાય છે અથવા ઘણો બંધ થાય છે, સમજી શકાય એવો બંધ થાય છે. મોક્ષમાર્ગી જીવને ચોથા ગુણસ્થાને જઘન્ય જ્ઞાની કહ્યા છે. કેમકે ત્યાં મોક્ષમાર્ગ બહુ જ ઓછા પ્રમાણમાં શરૂ થયો છે. લોકો સમજી ન શકે એટલું ત્યાં પ્રમાણ ઓછું હોવાથી ત્યાં પણ અબુદ્ધિપૂર્વકનો બંધ થાય છે, સૂક્ષ્મ બંધ થાય છે. નિર્વિકલ્પ અનુભવના કાળમાં પણ સૂક્ષ્મ બંધ છે.

'**એ પ્રકારે બંધમાત્ર ભાવ...**' જેટલો બંધ ભાવ છે '**તે પણ પરાચરણની પ્રસિદ્ધતા છે,...**' ત્યાં પણ એટલું પરાચરણ ગણવું. અજ્ઞાનીને સર્વથા પરાચરણ છે અને મોક્ષમાર્ગમાં આવેલા ધર્મી જીવને આંશિક પરાચરણ છે. આંશિક સ્વરૂપ આચરણ છે અને આંશિક પરાચરણ છે. જો સર્વથા પરાચરણ હોય જ નહિ તો એ મોક્ષમાર્ગમાં ન હોય પણ મોક્ષમાં હોય. તો એને સર્વથા પરાચરણ ન હોય. '**જીવનો સરાગીભાવ તે પણ પરાચરણની પ્રસિદ્ધતા છે;...**' જે સરાગપણું છે, સરાગભાવ છે, રાગભાવ છે, ચાહે સ્વરૂપ સંબંધિત હો, ચાહે દેવ-ગુરુ-શાસ્ત્ર સંબંધિત હો, કોઈપણ રાગ હો તે પરાચરણની પ્રસિદ્ધતા છે. એમાં પરઆચરણ રહેલું છે, તે ઉદય ભાવ છે. ભલે તે શુભ રૂપ છે તોપણ ઉદય ભાવ છે અને તે દુઃખરૂપ ભાવ છે. એમાં નિયમથી દુઃખ છે. એમાં ક્યાય સુખનો અંશ છે એમ છે નહિ.

'**એવા એવા ભાવોનું જે કથન તે કેવલ પરાચરણનું ચારિત્ર છે.**' એ જેટલો

એનો વિસ્તાર છે તેમાં બધે જ પરાચરણ લેવું, બધું જ પરાચરણ ગણવું, પરાચરણ સિવાય બીજી વાત ત્યાં ખતવવી નહિ. અભિપ્રાય સ્પષ્ટ હોવો જોઈએ. ભાવ થાય એક વાત છે પણ એ સંબંધીનો પોતાનો અભિપ્રાય તો સ્પષ્ટ હોવો જોઈએ. નહિતર એની કિંમત આવ્યા વિના રહેશે નહિ કે, આ ભાવ સારો થયો અને મને કાંઈક લાભનું કારણ થાય એવો થયો. એ રીતે વિચારવા યોગ્ય નથી.

મુમુક્ષુ :- દેવ-ગુરુની ભક્તિ પણ ભઠ્ઠી જેવું દુઃખ લાગે....

પૂજ્ય ભાઈશ્રી :- સ્પષ્ટ વાત કરી છે. ભઠ્ઠી જેવું લાગે. કાલે ૪૮મો બોલ વાંચ્યો ‘વચનામૃત’માંથી. પૂરેપૂરું દુઃખ લાગે, પૂરેપૂરું ત્યાં લીધું છે. ભઠ્ઠી જેવું કહો કે પૂરેપૂરું કહો. પણ દુઃખ જ છે ત્યાં દુઃખ ન લાગે તો એ વાત કેવી ગણવી? તો એનું જ્ઞાન છે એ યથાર્થપણે કામ કરતું નથી એ સ્પષ્ટ થાય છે.

જે સુખ-દુઃખના વિષયમાં ભૂલે છે એ સુખ-દુઃખ આ જીવમાત્રને પ્રયોજનભૂત હોવાથી તે પ્રયોજનના વિષયમાં ભૂલે છે. સીધી વાત તો આ છે. પોતાના જ સુખ-દુઃખના પ્રયોજનમાં ભૂલે છે તે બીજી બધી વાતમાં નહિ ભૂલે છે એ વાત કેવી રીતે માની શકવા યોગ્ય છે? બાકી બધું ડહાપણ તો કાંઈ કામમાં આવે એવું નથી. હજી એને પોતાને જ સુખ થાય છે, સુખ અનુભવાય છે કે દુઃખ અનુભવાય છે એનો નિશ્ચય એને સાચો નથી. તો એની બીજી કોઈ વાત સાચી હોય એ માનવા જેવી વાત રહેતી નથી. ઘણો સ્થૂળ ઉપયોગ છે.

દુઃખરૂપ ભાવને દુઃખરૂપ અનુભવ ન કરવો એ ઘણો સ્થૂળ ઉપયોગ છે. નથી માણસ કહેતા કે, આ જાડી બુદ્ધિવાળા વાત કહીએ છીએ પણ કાંઈ પકડતા જ નથી, એમ નથી કહેતા? સ્થૂળ બુદ્ધિ હોય ત્યારે. આપણે કાંઈક કહીએ છીએ અને પકડે છે કાંઈક. સ્થૂળ બુદ્ધિથી એમ થાય છે કે નહિ? તો અહીંયાં પોતાના જ પરિણામમાં દુઃખતત્વ છે, પ્રગટ દુઃખરૂપ છે, આકુળતારૂપ છે એને દુઃખ ન સમજે, એને દુઃખ ન અનુભવે તો ત્યાં સ્થૂળતા નથી તો બીજું શું છે?

મુમુક્ષુ :- સમતાભાવ...

પૂજ્ય ભાઈશ્રી :- સમતાભાવ?! દુઃખને સુખ સમજે એ સમતાભાવ કહેવાય? એ તો વિપરીત ભાવ કહેવાય. એટલા માટે તો એમ કહ્યું કે, વિપરીત અભિનિવેશ (રહિત) નવ તત્ત્વનું જ્ઞાન કરવું. સમ્યગ્જ્ઞાન તો વિપરીત અભિનિવેશ રહિત છે. એક તત્ત્વમાં બીજા તત્ત્વના એને સ્વરૂપમાં ગડબડ થાય નહિ, અધ્યાસ ન થાય. આસ્રવમાં સંવરનો એને ભ્રમ ન થાય. દુઃખમાં એને સુખનો ભ્રમ ન થાય. સમભાવમાં તો પછી એમ કહે છે કે, કુદેવને પણ માનવા અને વીતરાગદેવને પણ માનવા. સમભાવ

રાખવો. એમાં શું વાંધો છે? નકામું કોઈના પ્રત્યે દ્વેષ થાય એવું કો'કને લાગે એવું શું કરવા કરો? આપણે તો પાછા વીતરાગ માર્ગવાળા. વીતરાગમાર્ગમાં આવવાને તો લાયક નથી પણ ઘણી મૂઢતા વર્તે છે ત્યારે એ બંનેને એક કક્ષામાં સ્વીકારે છે. એવી જ રીતે ગુરુ, એવી જ રીતે શાસ્ત્ર સિદ્ધાંતવાદમાં (લેવું). અપ સિદ્ધાંતને, ઊંધા સિદ્ધાંતને પણ સ્વીકારે, સાચા સિદ્ધાંતને પણ સ્વીકારે. સાચા સિદ્ધાંત સાંભળીને એમ કહે કે, બરાબર છે. વળી, કોઈ ખોટા સિદ્ધાંતની અંદર વિપરીતતા કરતા હોય એને પણ કહે કે બરાબર છે. સમભાવી હશે કાંઈ?

મુમુક્ષુ :- જેમ છે એમ જાણે.

પૂજ્ય ભાઈશ્રી :- જેમ છે એમ જાણે તો વિપરીતને વિપરીત જાણે કે નહિ? જેમ છે એમાં વિપરીતને વિપરીત જાણે તો જેમ છે એમ જાણ્યું કહેવાય ને? વિપરીતને પણ અવિપરીતની બરાબર તુલ્ય જાણે એણે જેમ છે એમ ક્યાં જાણ્યું? બે સરખા તો નથી, બે તુલ્ય તો નથી. છતાં એણે તુલ્ય ગણ્યા છે. તો એને જેમ છે એમ જાણ્યું નથી પણ એને ત્યાં વિવેક બંધ થઈ ગયો છે.

'**જીવનો સરાગીભાવ તે પણ પરાચરણની પ્રસિદ્ધતા છે;...**' પ્રસિદ્ધતા પ્રસિદ્ધતા પ્રસિદ્ધતા લ્યે છે. પ્રગટ ભાવ છે ને? એ પ્રસિદ્ધતા છે. '**એવા એવા ભાવોનું જે કથન તે કેવલ પરાચરણનું ચારિત્ર છે.**' એ પરાચરણરૂપ ચારિત્રને કહેવાવાળું જે કથન છે. '**વળી આ પુદ્‌ગલોદય રસનો ભોગ અનંતાનુબંધી કે અપ્રત્યાખ્યાન કે પ્રત્યાખ્યાન કે સંજ્વલન ક્રોધ-માન-માયા-લોભ, નોકષાય...**' ચારેયના ચોકે ચોકે સોળ કષાય અને નવ નોકષાય. ૨૫ કષાય છે. '**એ સર્વ સંબંધી પુદ્‌ગલોદયરસનો ભોગ, ગતિ સંબંધી પુદ્‌ગલનો જ (ભોગ), જોગસંબંધી પુદ્‌ગલનો જ (ભોગ), ઇન્દ્રિયવિષય આવરણસંબંધી પુદ્‌ગલનો જ (ભોગ), અનન્તરાયસંબંધી પુદ્‌ગલનો જ (ભોગ) ઇન્દ્રિય વિષયસંબંધી પુદ્‌ગલનો જ (ભોગ),...**' ફરીને લીધું.

'**પુણ્યપાપસંબંધી પુદ્‌ગલનો જ (ભોગ) એ રીતે સર્વપુદ્‌ગલોદયરસનો ભોગ- આવા ભોગ હોતાં જીવને ક્રોધી કહીએ, માની કહીએ, માયાવી કહીએ, લોભી કહીએ, મનુષ્ય કહીએ, દેવ કહીએ અને પુણ્યશાલી કહીએ, અથવા પાપી કહીએ, દુઃખી કહીએ;...**' સુખી કહીએ, જે કહીએ, 'એ રીતે જે બધું જીવનું જ કથન કહેવામાં આવે છે તે સર્વ (અનુસારે?) પુદ્‌ગલવિપાકના ભોગવાન અનેકવિધ ચરિત્રથી (પુદ્‌ગલનો) દરસાવ છે.' શું કહે છે? કે, પરાચરણના આવા અનેક પ્રકાર છે, વિભિન્ન પ્રકાર છે, ભિન્ન ભિન્ન પ્રકારનું પરાચરણ છે. એમાં એ બધાનું સામાન્ય પદ શું છે? કે, પુદ્‌ગલના ઉદયરસનો ભોગ છે. જીવ, ભોગ એટલે આસ્વાદ લ્યે છે. જે પુદ્‌ગલ

પરમાણુમાં જે પ્રકૃતિ રસ છે એને એ પોતાનું સ્વરૂપ સમજીને એનો સ્વપણે અનુભવ કરવો એટલે આસ્વાદ કરવો, આસ્વાદ કરવો એટલે સ્વપણે અનુભવ કરવો, એને અહીંયાં ભોગ કહેવામાં આવે છે.

પોતાનું જે નિજ ચૈતન્યસ્વરૂપ એનો અસ્વીકાર વર્તતો હોવાને લીધે, એનો સ્વીકાર નહિ વર્તતો હોવાને લીધે એ પુદ્‌ગલને પોતા સ્વરૂપે સ્વીકારે છે. અને એમાં પરાચરણના અનેકવિધ પ્રકારના ભાવ કરે છે એટલે એ બધા પરાચરણરૂપ ચારિત્ર કહેવામાં આવે છે. એ પરાચરણના ચારિત્ર છે. તેમાં અનંતાનુબંધી અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજવલન એવા કષાયના ચાર પ્રકારના ભેદ છે અને એ ચારેય ક્રોધ-માન-માયા-લોભ સ્વરૂપમાં કે કોઈ પણ પ્રકારે છે. એમ ચારને ચારે (ગુણો) એટલે સોળ થાય. સોળ પદ લેવા. એ સોળે સોળ પદ છે એ પરાચરણના છે.

મુનિરાજને સંજ્વલનનો કષાય વર્તે છે તે મુનિરાજ એને પરાચરણ જાણે છે. સમ્યગ્દૃષ્ટિ જીવને અપ્રત્યાખ્યાનાવરણીનો ઉદય વર્તે છે. એ એને પરાચરણ જાણે છે. પાંચમા ગુણસ્થાને પ્રત્યાખ્યાનાવરણી છે એને પણ એ પરાચરણ જાણે છે. એ સોળ કષાય અને રતિ, અરતિ, જુગુપ્સા, ભય એ બધા તેને વેદ થઈને નોકષાય છે. તે સર્વ સંબંધી પુદ્‌ગલોદયરસનો ભોગ છે. એ બધા પ્રકારના પરિણામ એ પુદ્‌ગલ પરમાણુના ઉદયરસને ભોગવનારા પરિણામ છે. પ્રકૃતિનો જે ઉદય આવે છે નવે નવ, પચ્ચીસે પચ્ચીસ પ્રકારના કષાય, એ બધી પ્રકૃતિમાં કોઈ કષાય નથી એવી એકેય પ્રકૃતિ નથી. કષાય વગરની કોઈ પ્રકૃતિ નથી. એક પણ પ્રકૃતિ એવી નથી કે જેનો રસ લેતાં જીવને કષાયભાવ ન હોય એવી એક પણ, એવી પુણ્યની કે પાપની કોઈ એવી એકય પ્રકૃતિ નથી. તેથી ત્યાં સ્વઆચરણરૂપ ધર્મ સ્વીકારવામાં આવ્યો નથી. પણ પરાચરણરૂપ અધર્મ જ એને ગણવામાં આવ્યો.

મુમુક્ષુ :- એ જ્ઞાનીને હોય તો?

પૂજ્ય ભાઈશ્રી :- એ જ્ઞાનીને જ હોય છે ને. અનંતાનુબંધી છૂટ્યા પછી અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજવલન, સંજવલન તો મુનિરાજને છે. પાંચમા ગુણસ્થાનથી આગળ જાય ત્યારે એને પ્રત્યાખ્યાનવરણી પણ તૂટે, ક્રોધ, માન, માયાની ચોકડી અને એકલો સંજ્વલનનો કષાય એને રહે. સંજ્વલન એટલે બહુ અલ્પ કષાય છે, ઘણો અલ્પ કષાય છે. કેટલો અલ્પ કષાય છે? કે, પ્રાણ જાય એવા પ્રતિકૂળતાના સંયોગો ઉત્પન્ન થાય તો એ પ્રતિકૂળતાને દૂર કરવાનો વિકલ્પ કે પ્રવૃત્તિ, બેમાંથી એકેય કરવાનો ભાવ ઉત્પન્ન થાય નહિ. ભાવ ઉત્પન્ન થાય ને દબાવી દે એમ નહિ, એને ભાવ જ ઉત્પન્ન થાય નહિ.

આ ૨૫૦૦ વર્ષ પહેલાનો દૃષ્ટાંત પ્રસિદ્ધ છે છે. 'શ્રેણીક' મહારાજા બૌદ્ધ મતિ હતા. બૌદ્ધ ધર્મ પાળતા હતા. એ વખતે બૌદ્ધ ધર્મની શરૂઆત થઈ ગયેલી અને 'ગૌતમ બુદ્ધ'નો એ બાજુ જ વિહાર હતો. બુદ્ધ ગયા છે ને? રાજગૃહી, ગયા છે બાજુ બાજુમાં છે ને. એમણે ઉપસર્ગ કર્યો. આ જૈનના નગ્ન દિગંબર સાધુ ધ્યાનસ્થ અવસ્થામાં હતા. કોઈ ઢોંગી બેઠો છે. હમણાં ખબર પડશે. એક મરેલો સર્પ પડ્યો હતો એ ઉપાડીને ગળામાં નાખ્યો અને એ તો શિકાર કરવા નીકળ્યા હશે જંગલમાં, એમાં મુનિરાજને જોયા. ઘરે આવીને વાત કરી. એ વખતે સાતમી નરકનું ટાંકણું બાંધ્યું. એ વખતે સાતમી નરકનું આયુષ્ય બંધાણું છે.

ઘરે આવીને રાણીને વાત કરી કે, તમારા એક મહારાજ બેઠા હતા. ઢોંગ કરતા હતા, ધ્યાનનો ઢોંગ કરતા હતા. સર્પ નાખ્યો છે. તમે કહો છે કે અમારા જૈન મુનિ છે એ ઉપસર્ગને દૂર કરતા નથી પણ એમનો ઢોંગ સાબિત તો હમણાં થઈ જશે. 'ચેલણા' રાણી જૈન ધર્મી હતા. એ તો બહુ અનિષ્ટ પરિણામ કર્યા છે અને આ તમારે કરવું જોઈતું નહોતું. એ તો પ્રાણ જાશે તો પણ ત્યાંથી હવે ખસશે નહિ.

જ્યાં પહોંચ્યા ત્યાં એ સર્પ મરેલા સર્પના શરીરમાં કીડીઓ થઈ ગઈ હતી. જંગલી કીડા થાય ને? Double sizeની કીડી ચટકો ભરે તો સરખાયનું લોહી નીકળી જાય એવો. લાલ કીડીઓ થાય મોટી. (આવા પરિણામ) તીર્થંકરનું દ્રવ્ય કરે તોપણ કર્મ છોડે નહિ. એનો આ પ્રસિદ્ધ દૃષ્ટાંત છે. એમાં એમના માટે કોઈ ઓછુંઅદકું તોળવાની વાત નથી. જેવા પરિણામ કરે, Degree to degree બંધ (બંધાય). જો બાંધેલા કર્મ ભોગવ્યા વિના છૂટતા હોય તો આ જગતની કોઈ વ્યવસ્થા રહે નહિ. રહે જ નહિ આ નિયમ છે. એટલે એ તો ભોગવવા જ પડે. ગમે તે જીવ હોય. તીર્થંકર દ્રવ્ય હોય કે સામાન્ય જીવ હોય, કોઈ પણ જીવ હોય એ પરિણામ કરે એને ભોગવવા જ પડે.

મુમુક્ષુ :- કર્મ ભોગવતો જ નથી એ (આવે છે).

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવો એક નિશ્ચય છે કે, જીવ ખરેખર કોઈ કર્મને ભોગવતો નથી એવું એનું મૂળ સ્વરૂપ છે. અને મૂળ સ્વરૂપને સ્વીકારે તો કર્મના, પૂર્વ કર્મના ભોગવટાને એ અવગણીને મૂળ સ્વરૂપને અવલંબે. પણ એને ન સ્વીકારે અને કોઈ કર્મને ભોગવતો નથી ને ભોગવતી વખતે રાડ-બૂમ ને દેકારો કરે, બે વાતને મેળ ખાય એવું નથી.

એક બહુ સરસ પ્રશ્નોત્તર ચાલ્યો છે આ વિષયમાં, 'શ્રીમદ્ રાજચંદ્ર'માં. 'દેવકરણજી'

મુનિ છે એ વચમાં જરા નિશ્ચય ઉપર ચડી ગયા. ત્યારે કોઈ બીજા છ-સાત મુનિઓ સાથે રહેતા હતા. સ્થાનકવાસીના મુનિ હતા. એણે ફરીયાદ કરી આ 'દેવકરણજી' મુનિ તો પોતાને પરમાત્મા માને છે. આત્માનું મૂળ સ્વરૂપ દર્શાવ્યું છે. તો કહે, હું તો હવે પરમાત્મા જ છું. તો આ અમને કાંઈ વ્યાજબી નથી લાગતું. ત્યારે એમણે એમ કહ્યું... 'દેવકરણજી'ને સમ્યગ્દર્શન તો નહિ થયેલું. હું પરમાત્મા છું એમ માનીને પોતાના જે દોષ છે એની અવગણના કરે અથવા એની જે તપાસ રહેવી જોઈએ, જાગૃતિ રહેવી જોઈએ એ પણ ચુકી જાય તો એ સ્વચ્છંદનો સહજ પ્રકાર છે. એ અનુચિત લાગે, બીજાને સ્થૂળ બુદ્ધિમાં પણ એ અનુચિત લાગે કે આ તો ખોટું કરે છે. આમ તો હોય જ નહિ, ધર્મ તો કાંઈ આવો હોય નહિ.

ધર્મ તો ગુણ-દોષને આધારિત છું. દોષનો નાશ થાય, અભાવ થાય ને ગુણ પ્રગટ થાય એનું નામ ધર્મ છે. એના બદલે દોષ વધતો જાય ને એની અવગણના થાય એ ક્યાંનો ધર્મ છે? એટલે એ તો સામાન્ય બુદ્ધિમાં પણ કોઈ સ્વીકારતું નથી. એટલે એ ફરીયાદ કરે છે. એમણે એક બહુ સરસ વાત કરી. માર્ગ દર્શન આપ્યું છે આ જગ્યાએ એ બહુ સારું આપ્યું છે. મુમુક્ષુને વિચારવા યોગ્ય છે અને સમજવા યોગ્ય છે.

જાતિ અપેક્ષાએ તો સર્વ જીવો પરમાત્મ સ્વરૂપે જ છે. તેથી કોઈ પોતાને પરમાત્મ સ્વરૂપ ખરેખર માને ને સ્વીકારે તો એનો કાંઈ વાંધો લેવો જોઈએ નહિ. પણ જ્યાં સુધી એવી માન્યતારૂપની પ્રગટ દશા ન થઈ હોય અથવા ઓળખાણ ન થઈ હોય, ઓળખાણ પહેલા તો- જાણ્યા વિના તો માનવાનો પ્રશ્ન રહેતો જ નથી, ત્યાં સુધી એણે એ પરમાત્મ સ્વરૂપ ને વિષે જિજ્ઞાસુ રહેવું વધારે સારું છે. માની લેવાને બદલે એણે જિજ્ઞાસુ રહેવું વધારે સારું છે. ઓળખ્યા વિના માનવાની વાત ક્યાય નથી. ઓળખીને માને તો એને પ્રગટ દશા થાય તો એ પરમાત્મા થયા. પણ એમ ને એમ માને તો સ્વચ્છંદે પ્રવર્તે. સ્વચ્છંદે પ્રવર્તે એટલે ધર્મ કરવાને બદલે તીવ્ર દોષમાં જઈ ચડે. એ વાત ત્યાં લીધી છે.

એવી જ વાત એમણે લીધી છે ૮૦મો બોલ જે ઉપદેશ છાયામાં છે. દિગંબરના આચાર્યોએ એમ કહ્યું છે કે, જીવનો મોક્ષ થતો નથી પણ મોક્ષ સમજાય છે. એમ કરીને લીધું છે. ત્યાં એ વાત એમણે કરી છે કે, પર્યાયાર્થિકનયવાળાએ તો આમાં રખડી મરવાનું છે. એટલે કે પર્યાય બુદ્ધિવાળો હોય અને એમ માને કે મોક્ષ થતો નથી, જીવનો કાંઈ મોક્ષ થતો નથી, મોક્ષ સમજાય છે અને એ તો મને સમજાય ગયો છે. હોય પર્યાયબુદ્ધિ. એટલે વર્તમાન જે કર્મજનિત પર્યાય છે એવો હું એવી

બુદ્ધિએ તો પરિણમતો હોય અને શાસ્ત્ર વાંચીને એમ કહે, દિગંબરના આચાર્યોએ કહ્યું છે કે જીવનો મોક્ષ થતો નથી, પણ મોક્ષ એને સમજાય છે. તો મને તો મોક્ષ સમજાય ગયો છે કે મોક્ષ કેવો હોય. તો કહે છે, તું રખડી મરીશ. એ વાત તને જેમ છે એમ સમજાણી નથી.

વાત તો એની વિધિએ સમજાવી જોઈએ. એટલા માટે આ પહેલાં પ્રકરણ એમણે વિધિવાદનું સ્થાપ્યું. આ પહેલાનું પ્રકરણ આપણે ચાર દિવસ ચાલ્યું એ વિધિવાદનું ચાલ્યું. વાત તો વિધિપૂર્વક ચાલવી જોઈએ, અવિધિએ સિદ્ધિ થતી નથી. વિધિપૂર્વક હોય છે, એને વિધિ સમજાવી જોઈએ.

નોકષાય એ સર્વ સંબંધી પુદ્‌ગલરસનો ભોગ, ગતિ સંબંધી- મનુષ્ય- હું મનુષ્ય છું એવો જે ભાવ તે પુદ્‌ગલ રસનો ભોગ છે એમ કહે છે. ગતિ કર્મના ઉદયમાં એ યોગ્યતા પ્રવર્તે છે ને? મનુષ્ય ગતિની યોગ્યતા. પણ મનુષ્ય ગતિની જીવની જે પરિણામની યોગ્યતા છે, સ્થિતિની યોગ્યતા છે, દશાની યોગ્યતા છે એટલો અને એવડો જ માત્ર હું, અત્યારે મનુષ્ય છું એમ માને છે, સ્વીકારે છે એ ગતિ સંબંધી પુદ્‌ગલકર્મનો આસ્વાદ લ્યે છે, પુદ્‌ગલ પ્રકૃતિના આસ્વાદને એ ભોગવે છે. એમાં આત્માના શુદ્ધ જ્ઞાનાનંદરસને ભોગવવાનો સ્વભાવ, ચૈતન્યરસને ભોગવવાની વાત નથી. યોગ સંબંધી. યોગ-મન-વચન-કાયાનો યોગ-જોડાણ છે. હું શરીરવાળો, હું મનવાળો, હું આવી વાણીવાળો, મારા જેવી વાણી કોઈની નથી. એવો જે એના વાળો માનવો એ પણ પુદ્‌ગલનો જ આસ્વાદ છે. આસ્વાદ એટલે એ રૂપ પોતાનો અનુભવ, પોતારૂપે એવા પુદ્‌ગલનો અનુભવ, પુદ્‌ગલનો અનુભવ. એને અહીંયાં ભોગ, ભોગ, ભોગ એમ કહેવામાં આવે છે.

'**ઇન્દ્રિયવિષય આવરણ સંબંધી પુદ્‌ગલનો જ (ભોગ),...**' ઇન્દ્રિયવિષય આવરણ સંબંધી. મને આટલું આવરણ છે એટલે એ દેખાતું નથી, એ સમજાતું નથી. અનેક પ્રકારે પાંચેય ઇન્દ્રિયમાં આવરણ વર્તે છે. ચક્ષુ ઇન્દ્રિયની પણ મર્યાદા છે. કર્ણેન્દ્રિયની પણ મર્યાદા છે. અમુક ઉશતફિંક્ષભય સુધી જ અવાજ સંભળાય. પછી આગળનો અવાજ સંભળાતો નથી. અવાજ કર્ણેન્દ્રિયનો વિષય છે. જ્યાં હોય ત્યાં જ્ઞાનમાં આવવો જોઈએ, પણ એનું આવરણ વર્તે છે. એ આવરણની મર્યાદા દરેકની જુદી જુદી, જુદા જુદા સમયે જુદી જુદી છે. એવો જે આવરણ સંબંધીના ઉદયમાં અહંપણું (થવું) એ ઇન્દ્રિય વિષય આવરણનો ભોગ છે.

'**અંતરાયસંબંધી પુદ્‌ગલનો જ ભોગ...**' પછી આ પાંચેય પ્રકારના જે અંતરાય છે-દાન, લાભ, ભોગ, ઉપભોગ એ બધા અંતરાય સંબંધી બહારના જે વિષયો છે

એની અંદર જે અંતરાય પડે છે, ખાવાનો અંતરાય પડે છે, પીવાનો અંતરાય પડે છે એ હું, એવો હું, એવો હું. શું કરીએ? ભાઈ! અમારે તો ઉદય એવા છે. એવા અંતરાય આવીને પડે છે. એ ઉદયવાળો હું, ખલાસ! એ આત્માને અનાદર કરીને પુદ્ગલના ભોગવતાને ભોગવે છે.

સ્વાસ્થ્ય ગડબડવાળું થાય. માણસને સારું મિષ્ટ અન્ન હોય તોપણ ખાવાનો પ્રતિબંધ હોય. ખાશો તો તકલીફ ઊભી થશે. તમારે ગળપણ ખાવાની બંધી છે. અંતરાય થયો કે નહિ? આ ચીજ તો સારી છે. પણ એ તમારા માટે સારી નથી. એનો અંતરાય એને વર્તે છે. એવો હું, એનો જે અફસોસ કરે, એ ભોગવટો ન થાય એનું એને જે દુઃખ થાય એ પુદ્ગલરસને ભોગવે છે. એને દુઃખ છે ને? એટલે. મુનિને એમ ન કહેવાય. જુઓ! ન્યાય અહીંયાં પલટે છે. ચક્રવર્તી હોય. પાંચ ઇન્દ્રિયના વિષય વિષયોની કોઈ ખામી ન હોય એવા જેના પુણ્ય તપતા હોય એ જ્યારે દીક્ષા અંગીકાર કરે, સર્વસાવદ્યયોગનો ત્યાગ (કરે) તો એને પાંચ ઇન્દ્રિયના વિષયનો અંતરાય પડ્યો હશે કે નહિ? બિલકુલ નહિ. એને અંતરાય કહેવાય નહિ. કર્મનો ઉદય બંધ થઈ ગયો તો અંતરાય પડ્યો ખરો? કે ના. એને અંતરાય કહેવાતો નથી.

એ તો સમ્યક્ માર્ગે આગળ વધ્યા છે અને અંતરાય તોડે એવો ચૈતન્યના ભોગ-ઉપભોગમાં પડ્યા છે. એને બહારના કર્મના ભોગ, ઉપભોગ એને માટે ઇષ્ટ રહ્યા જ નથી. જે ઇષ્ટ માને છે અને એને નથી મળતું એને અંતરાય કહેવાય પણ એ વિષયો એને ઇષ્ટ જ નથી રહ્યા, પછી એને ન મળે તો એનો અંતરાય પડ્યો એમ કહેવાય નહિ. તો તો મુનિરાજને પાપનો ઉદય કહેવો પડે. લક્ષ્મી વઈ ગઈ, નિર્ધન થઈ ગયા. પાપનો ઉદય હશે? પાપનો ઉદય કહેવાતો નથી. એ પોતે સ્વેચ્છાએ તે પ્રકારના ઉદયથી પર થઈને, તે ઉદય હોવા છતાં એનાથી પર થઈને પોતાના સ્વરૂપમાં સ્થિર થઈને, પર થયા છે એટલે એ સ્થિર થયા છે, ત્યારે એને એવો આરોપ લગાડી શકાતો નથી. એ આરોપ એને લાગુ પડતો નથી.

**'અંતરાયસંબંધી પુદ્ગલનો જ (ભોગ) ઇન્દ્રિય વિષયસંબંધી પુદ્ગલનો જ (ભોગ),...'** પહેલા આવરણનો ભોગ (લીધો), આ હવે ભોગવે છે એ (લીધો). એ પણ પુદ્ગલનો રસ છે, એમાં આવરણ આવે છે એને ભોગવે છે. આવરણને ભોગવે છે એ પણ પદ્ગલનો રસ છે. અંતરાયને ભોગવે છે એ પણ પુદ્ગલનો રસ છે. આ અંતરાય કર્મની પૂજા કરે છે કે નહિ? અંતરાય કર્મની પૂજા કરે છે ને?

મુમુક્ષુ :- કર્મક્ષય.

પૂજ્ય ભાઈશ્રી :- અંતરાય કર્મના ક્ષય નિવારણ કરવા માટે પૂજામાં શું આવતું હશે? તમને ખબર હશે.

મુમુક્ષુ :- અંતરાયનો અભાવ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- મારા અંતરાયનો અભાવ થાય, એવી ભાવના આવે ને? કે સ્વરૂપની ભાવના આવે છે? નથી આવતી?

મુમુક્ષુ :- ....નથી આવતી.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે ખરેખર તો અંતરાય કર્મનો ક્ષય ક્યારે થાય? કે, પોતાના સ્વરૂપની ભાવનામાં આવે ત્યારે. કર્મની પૂજા કરવાથી કે મને અંતરાય કર્મ ન હો, એવી ભાવના કરવાથી કાંઈ અંતરાય કર્મ ચાલ્યું જતું નથી, ઊલટાનું ન હોય તો આવી જાય છે. એને તો અંતરાય આવી જાય છે. મારો અંતરાય દૂર થાઓ, એવા પરિણામે પરિણમનારને અંતરાય કર્મનું નવું બંધન થાય છે. જેમ જે પ્રકારનો રોગ થયો હોય તે પ્રકારનો રોગ મટાડવાના પરિણામ, તે જ પ્રકારના રોગની અશાતાના નવા બંધનને બાંધે છે, કર્મને બાંધે છે. આવો નિયમ છે.

મુમુક્ષુ :- ફરીને ન બંધાય એ માટે શું કરવું?

પૂજ્ય ભાઈશ્રી :- ફરીને ન બંધાય એ માટે અબંધ પરિણામે પરિણમવું. આત્મા જે અબદ્ધસ્પૃષ્ટ છે એમાં એકાકર તન્મય થઈને સ્વરૂપાશ્રિત પરિણામે પરિણમવું, જ્ઞાનાનંદ પરિણામે, જ્ઞાતા-દૃષ્ટા પરિણામે પરિણમે તો બંધ ન થાય. બાકી બંધ છોડાવા જતા તો ઊલટાનો બંધાય છે. બંધ છોડાવા જતા તો બંધાય જાય છે.

મુમુક્ષુ :- મુનિરાજને આહારની ઇચ્છા હોય અને આહાર ન મળે એ અંતરાયનો ઉદય થઈ ગયો?

પૂજ્ય ભાઈશ્રી :- એ નથી માનતા. બહારથી એવી વાતો કરવામાં આવે છે પણ પોતે એવું માનતા નથી. એટલે એમને આકુળતા નથી થતી. જ્યારે એમને આહારનો વિકલ્પ ઊઠે છતાં આહાર ન મળે તો એમને વૈરાગ્ય વધીને સ્વરૂપમાં લીનતાની વૃદ્ધિ થાય છે. એમને આકુળતા નથી થતી કે અરે..રે..! મેં આહારનો ભાવ કર્યો ને મને આહાર ન મળ્યો, આ તે કઈ જાતની વાત છે?

મુમુક્ષુ :- એવી આકુળતા ભલે ન થાય, પણ અંતરાયનો ઉદય તો કહેવાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- અંતરાયનો ઉદય એમને ન કહેવો જોઈએ. કારણ કે પોતે એ રૂપે પરિણમતા નથી માટે એમ ગણવું ન જોઈએ. ક્યાંથી ગણવું એ સવાલ છે. જુઓ! સમ્યગ્દૃષ્ટિને બંધ નથી એમ ગણાય છે. તો કોઈ કરણાનુયોગના અભ્યાસી

એમ કહે કે, એવી કેમ વાત કરો છો? સમ્યગ્દૃષ્ટિ તો જઘન્ય જ્ઞાની છે, એને પણ બંધ વર્તે છે. તો કહે છે, અલ્પ બંધ છે એને નગણ્ય ગણીને અમે એ અબંધ છે એમ કહીએ છીએ. તો અધ્યાત્મ પ્રધાનતાથી અધ્યાત્મની વિશેષતા દર્શાવવા અર્થે અને દર્શવા યોગ્ય છે તેથી દર્શાવવા અર્થે એમ કહેવું ઉચિત છે. એને કરણાનુયોગના જ્ઞાનનું સંતુલન ખોતો નથી. એ જાણે છે, એમ કહેનાર જાણે છે કે અલ્પ બંધન એને થાય છે. એ ખબર છે. એ કાંઈ એ સિદ્ધાંતને-કરણાનુયોગના સિદ્ધાંતને તોડતો નથી. છતાં એનું કહેવું જે ન્યાયસર છે એ ન્યાયસર તો એ ન્યાયને ગ્રહણ કરવો જોઈએ. એટલે મુનિને સમ્યગ્દૃષ્ટિ થયા છે ત્યારથી અભિપ્રાયમાં ઈષ્ટ અને અનિષ્ટ કોઈ પદાર્થ નથી. એટલે કે અનુકૂળ ને પ્રતિકુળ કોઈ પદાર્થ નથી. સમ્યગ્દૃષ્ટિ થયા છે ત્યારથી અભિપ્રાયથી (આમ માન્યતા છે) અને મુનિ થયા ત્યારે આચરણથી સ્થિરતાએ એમને કોઈ અનુકૂળ નથી અને કોઈ પ્રતિકૂળ નથી. જો એમને એ અનુકૂળ હોય, આહાર કરવો એ એમને અનુકૂળ હોત તો જરૂર એમણે આહારની પૂર્વ યોજિત વ્યવસ્થાને પણ સ્વીકારી હોત કે, ભાઈ! મારા આહાર-પાણીનો પ્રબંધ શું છે? પછી હું દીક્ષા લઉં. આહાર-પાણી વિના તો કાંઈ શરીર ચાલવાનું નથી માટે પહેલા મારા આહાર-પાણીનો પ્રબંધ જો થતો હોય તો હું દીક્ષા લઉં. એની કોઈ વ્યવસ્થા છે સમાજની અંદર? દીક્ષા દેનારને. પોતે એવી વ્યવસ્થા કરે તોપણ જેનો સ્વીકાર ન કરે એનું નામ મુનિ છે. ઠીક! હવે અંતરાય કહેવો કે ન કહેવો? કે, શા માટે અંતરાય ન કહેવો? એ વ્યવસ્થાને સ્વીકારતા નથી એટલા માટે. એટલા માટે એને અંતરાય ન કહેવાય. 'દેહ જાય પણ માયા થાય ન રોમમાં' લીધું છે કે નથી લીધું? પ્રાણત્યાગ થાય તોપણ એ વ્યવસ્થા એ સ્વીકારતા નથી. અત્યારે તો વિહાર કરે છે તો કહીને જાય. એમ કહે કે, ભાઈ! અહીંથી આ ગામ જાવું છે. ... 'પાલીતાણા' ... મુનિ કાંઈ કહીને નીકળે નહિ કે, મારે ફલાણી જગ્યાએ જાવું છે. કેમકે તો તો એની કોઈ પૂર્વયોજીત વ્યવસ્થા ત્યાં થઈ જાય. એ વ્યવસ્થાને એ સ્વીકારતા નથી.

મુમુક્ષુ :- યાત્રા કરવા જાય, દર્શન કરવા જાય....

પૂજ્ય ભાઈશ્રી :- યાત્રા, દર્શન કરવા જાય પણ એ કહે નહિ.

મુમુક્ષુ :- કહે નહિ પણ ....

પૂજ્ય ભાઈશ્રી :- અપ્રતિબંધ વિહારી છે, એને બંધન નથી. 'દ્રવ્ય, ક્ષેત્ર કાળ, ભાવ, પ્રતિબંધ વિણ, વિચરવું ઉદયાધીન વીતલોભ જો'. લોભથી અહીંયાં જાવું છે એ વાત નથી. અત્યારે કોઈ કીધા વિના નીકળે, વિહાર કરે તો એ તો બહુ સારું કહેવાય ને? પણ શું કરે રસ્તો તો એક હોય. ગામ હોય ત્યાંથી બહાર રસ્તો જવાનો

હોય, બહારગામ જાવનો, તો કાં આ દિશામાં ગયા હોય ને કાં આ દિશામાં જાય. બે દિશામાં જાય, ગમે ત્યાં આગળ જતા એ તો પગેથી વિહાર કરે છે એટલે આગળ જતા જોવા મળે. પછી સાથે થઈ જાય. પણ ખરા મુનિ હોય છે એ તો રસ્તે ચાલતા નથી. એ ચાર દિશામાંથી કઈ દિશા બાજુ ગયા એની કોઈને ખબર પડે નહિ. એમ છે.

'રામચંદ્રજી' જુઓને! 'રામચંદ્રજી'એ નક્કી કર્યું કે, મારે અજ્ઞાતવાસ લેવો છે. ચૌદ વર્ષ સુધી મારા પિતાશ્રીનું વચન પાળવું છે. જો રાજમાં રહે તો 'ભરત' ગાદીનો વહીવટ સંભાળે નહિ, તો વચન પાલન થાય નહિ. અને જો બહાર રહે તો બધું ટોળુ ત્યાં જ રહે. એટલા પુણ્યવંત હતા કે લોકો ત્યાં જ રહી જાય. 'અયોધ્યા' ખાલી થઈ જાય એકવાર. શું થાય? કોના ઉપર કોનો વહીવટ કરે 'ભરત' રાજા? 'અયોધ્યા' તો ખાલી જાય. અને થઈ જ ગઈ હતી. જ્યારે એમણે વિહાર કર્યો એટલે લોકો સાથે ચાલ્યા અને હાથ જોડીને ના પાડે, ભાઈ સાહેબ! તમે તમારા ઘરે જઈને બેસો. તમારે કુટુંબ, કબીલા, બૈરા, છોકરા (રાહ જોશે). તો કહે, એ બધું જે થવું હશે ઈ થાશે, અમે તમારી સાથે આવશું. લોકો સાથે ને સાથે જતા હતા. રાત વાસે ભાગી ગયા. બધા સુતા રહ્યા ને એ રવાના થઈ ગયા. લોકો છોડતા નહોતા. 'ભરત' રાજાએ કહ્યું કે, તમે બહાર જાવ છો, તમે સામગ્રી લઈ જાવ, ધન, ધાન, ઘોડા, હાથી, નોકર-ચાકર, અનુચર લઈ જાવ. નહીતર પ્રતિકૂળતા પડશે. તો કહે તો તો પણ આ બધા સાથે ને સાથે જ રહે. એ તો ગૃહસ્થ છે, ચોથા ગુણસ્થાને છે તોપણ આટલું તો એમના માત્ર પિતાશ્રીના વચન પાળવા માટે સ્વીકાર કરતા નથી.

મુનિરાજની શું વાત થાય! એને તો કોઈ જગ્યાએ ક્યાંય સ્વીકાર હોઈ શકે નહિ. ગમે તે દિશામાં, ગમે ત્યારે જાય ચાલ્યા જાય. અજ્ઞાતપણે. એ લોકોના સહવાસને ઈચ્છતા નથી માટે તો મુનિપણું લીધું છે. અસંગદશાને ઈચ્છતા હોવાથી તો મુનિપણું લીધું છે. એને સંગમાં રહેવું પોસાતું નથી. એવા મુનિઓ આવા અવધૂત મુનિઓ હોય છે. મુનિ મુનિના સંગમાં ન રહે, એકલા જ રહે. એકલવિહારી. બીજા મુનિનો સંગ ન કરે. એ પણ ન પોસાય. એકલા સ્વરૂપની મસ્તીમાં ને સ્વરૂપના ધ્યાનમાં રહેવાવાળા હોય. કેવળજ્ઞાનની તળેટીમાં આવ્યા છે ને! કેવળજ્ઞાન એમ લેવાય છે. એમ ને એમ કાંઈ કેવળજ્ઞાન આવે છે અદ્ધરથી એમ છે નહિ.

મુમુક્ષુ :- આપણા 'ગુરુદેવ' વિહાર કરતા હતા ત્યારે 'સોનગઢ' ખાલી થઈ જતું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો પુણ્યવંત હોય ત્યાં એવું જ થાય ને.

મુમુક્ષુ :- ખરી અંતરાય પૂજા તો જે વિપરીતતાનો દોષ છે એ પૂરેપૂરો નાશ થાય અને સ્થિરતા છે એ પૂરેપૂરી પ્રગટ થાય એવી જ્ઞાનીની પૂજા હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનીને તો સ્વરૂપની પૂજા છે. પૂજનીય એનું પોતાનું સ્વરૂપ છે. કર્મ રહિત. દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત જે શુદ્ધ સમયસાર સ્વરૂપ પોતાનું સ્વરૂપ છે એમાં નમવું, એમાં ઢળવું, એને શ્રદ્ધવું, એને વેદવું, એનો અનુભવ કરવો, એમાં ચારિત્રએ કરીને અભેદ થવું એ ખરી પૂજા છે. અને એને કોઈ કર્મનો ઉદય કે, વગર ઉદય કાંઈ એને નડતું નથી. કર્મ રહ્યા એના ઘરે. આત્મા આત્માના ઘરમાં આવ્યો, કર્મ એના ઘરે રહી ગયા. એ કોઈની સામે જોતા નથી. પોતાના સામર્થ્યથી એ કર્મના ઉદયની સામે પોતાની હાર, હારી જાય એવા પરિણામમાં આવતા નથી. એનું નામ જિનપણું છે, જૈનપણું છે. એટલે તો એને જિનમાર્ગ, જૈનમાર્ગ કહેવામાં આવ્યો છે. જીતે તે જૈન કર્મના ઉદયને કે હારે તે જૈન? જીતે તે જૈન. ગુણવાચક નામ છે.

**'પુણ્યપાપસંબંધી પુદ્‌ગલનો જ (ભોગ)...'** આ મને પાપનો ઉદય છે, આ મને પુણ્યનો ઉદય છે એવું માને છે, એવો અનુભવ કરે છે. **'એ રીતે સર્વપુદ્‌ગલોદયરસનો ભોગ-' પુદ્‌ગલના ઉદયરસનો ભોગ 'આવા ભોગ હોતાં...'** આવા ભોગના પરિણામમાં કાં તો જીવને ક્રોધના પરિણામ ઊપજે, કાં માનના પરિણામ ઊપજે, કાં માયાના પરિણામ અને કાં લોભના પરિણામ. એને માયાવી કહીએ... જેવા પરિણામ થાય એવો જીવ કહેવામાં આવે. ક્રોધ થતાં એને ક્રોધી કહેવાય છે, માન થતાં માની કહેવાય, માયા થતાં માયાવી કહેવામાં આવે છે.

જીવ એવો ગતિ સંબંધી પોતાનો અનુભવ કરે છે ત્યારે એને મનુષ્ય કહીએ, દેવ કહીએ વગેરે. અથવા પુણ્યના ઉદયને ભોગવનારને પુણ્યશાળી કહીએ. પાપના ઉદયને ભોગવનારને પાપી કહેવામાં આવે છે. દુઃખ અનુભવતો હોય એને દુઃખી (કહેવાય). 'એ રીતે જે બધું જીવનું જ કથન કહેવામાં આવે છે...' કે આવો જીવ, આવો જીવ, આવો જીવ, તે બધું 'પુદ્‌ગલવિપાકના ભોગવવાના અનેકવિધ ચારિત્રથી દરસાવ છે.' એ જીવના પરાચરણ ભાવને ત્યાં બતાવામાં આવ્યો છે એમ સમજવું. આમ કહેતાં આ દુઃખી થાય છે, તો એનું પરાચરણ ત્યાં બતાવવું છે. આ પોતાને સુખી માને છે તો એનું પણ ત્યાં પરાચરણ બતાવવું છે. કેમકે પુણ્યના ઉદયથી સુખી માને છે.

મુમુક્ષુ :- આ જીવની આ કથા આવી અહીંયાં.

પૂજ્ય ભાઈશ્રી :- આ જીવની કથા, પચારણની કથા. કથા સાંભળવા જાય છે

ને! પોતાનો કથાનો વિચાર કરવાનો છે, બીજાની કથામાં રસ લે છે. સંયોગ-વિયોગના ત્યાગ અને ... સદ્‌ભાવ અને અભાવનો, એમાં રસ લે છે. આમ કેમ થયું, કેમ આવું થયું, આમ થયું, તેમ થયું, ફલાણુ થયું, ઢીંકણુ થયું. પણ એ બધું તારું થઈ ચૂક્યું છે અને એને તું બધાયને ભોગવી ચૂક્યો છો. એ બધામાં તેં પુદ્‌ગલના રસને સામાન્યપણે અનુભવ કર્યો છે. તારા ચૈતન્યરસનો ક્યારેય અનુભવ કર્યો નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- નીકળવા માટે એક ચૈતન્ય રસનો જ...

પૂજ્ય ભાઈશ્રી :- એક જ. બે જ દિશા છે, બે જ વાત છે-એક સ્વ અને એક પર. કાં પરનો અનુભવ કરે સ્વપણે અને કાં સ્વનો સ્વઅનુભવ કરે. પરનો કરે તે પરાચરણ, સ્વનો કરે તે સ્વરૂપ આચરણ. આટલી અમથી વાત છે. અહીં સુધી રાખીએ...

## તા. ૫-૫-૧૯૮૬, પાના નં. ૧૩,
## પ્રવચન નં. ૧૨

પાનું-૧૩. 'ચરિતાનુવાદ'નું પ્રકરણ છે. જીવના શુભાશુભ ભાવને અહીંયાં ચરિત્ર કહ્યું છે. અથવા જે પરિણામ નિજ સુખનો ભોગવટો નહિ કરતાં, નિજ સ્વરૂપનો ભોગવટો કરવાને બદલે પોતાના ભોક્તાભાવનો પ્રયોગ પુદ્‌ગલ પરિણામ અથવા પુદ્‌ગલ વિપાક ઉપર કરે છે. તેને પણ અહીંયાં ચરિત્ર, જીવનું ચરિત્ર એમ કહ્યું છે. આ જીવનું ચરિત્ર છે. એમાં જીવને મનુષ્ય કહેવો, દેવ કહેવો, પુણ્યશાળી કહેવો, પાપી કહેવો એવું બધું જીવનું જ કથન કહેવામાં આવે છે. પરિણામ બે દ્રવ્યમાં છે. જીવના પણ પરિણામ છે અને જે પરિણામને અનુલક્ષીને જીવ પરિણમે છે એવા પુદ્‌ગલના પણ પરિણામ છે. એ અહીંયા કહેશે. ૧૩ પાને નીચેથી સાતમી લીટી.

**'એ રીતે જે બધું જીવનું જ કથન કહેવામાં આવે છે તે સર્વ (અનુસારે?) પુદ્‌ગલ વિપાકના ભોગભાવના અનેકવિધ ચરિત્રથી (પુદ્‌ગલનો) દરસાવ છે.'** એ અનુસારે પુદ્‌ગલવિપાકના ભોગભાવના અનેકવિધ ચરિત્રથી જે પુદ્‌ગલનો વિપાક આવે છે, જેને જીવ ભોગવવાનો ભાવ કરે છે એને ભોગભાવ કહ્યો છે. તેના અનેકવિધ ચરિત્રથી, અનેકવિધ-અનેક પ્રકારના પરિણામથી પુદ્‌ગલનો દરસાવ છે-ત્યાં પુદ્‌ગલનો દેખાવ છે. જે અનેકવિધ પ્રકારે પુદ્‌ગલના પરિણામ થયા, જેને જીવ ભોગવવાના ભાવ કરે છે, તે પુદ્‌ગલના પરિણામ, પુદ્‌ગલના દરસાવ છે. જીવના તે પ્રકારના વિકારી પરિણામ તે જીવના ચારિત્રનો દરસાવ છે. દરસાવ એટલે દેખાવ. દેખાવ શબ્દ દરસાવ ઉપરથી આવ્યો છે.

**'એ રીતે આ બન્ને પરાચરણ ઔદયિક ભાવોના જે અનેકવિધ રૂપથી તેમનો (જીવ અને પુદ્‌ગલનો) દરસાવ (રૂપો) કહેવામાં આવે તેઓ પ્રગટ થાય છે...'** આ પ્રકારે બન્ને પરાચરણ-જીવનું પણ પરાચરણ અને પુદ્‌ગલનું પણ પરાચરણ પરસ્પર સંબંધ છે એટલે. પુદ્‌ગલ સ્વઆચરણ રૂપે પણ પરિણમે છે અને પુદ્‌ગલ પરાચરણ રૂપે પણ પરિણમે છે. જ્યારે એક શુદ્ધ પરમાણુ પુદ્‌ગલની શુદ્ધ દશાએ પરિણમે છે ત્યારે તે પોતાનું જેવું સ્વરૂપ છે તેવું જ તેનું પરિણામ સ્થિતિ હોવાથી ત્યાં તે પરાચરણ નથી, ત્યાં સ્વઆચરણ છે. જેવું દ્રવ્ય છે, દ્રવ્ય સદશ પરિણામનું થવું તે સ્વઆચરણ થવું અને બીજા પદાર્થને અનુસરીને જેવો બીજા પદાર્થનો ભાવ હોય

એવો ભાવ ધારણ કરવો તે પરાચરણ છે.

જીવનો ક્રોધભાવ, જીવમાં ક્રોધનો ભાવ ઉત્પન્ન થાય ત્યારે કાર્મણવર્ગણામાંથી કેટલાક પરમાણુઓ ક્રોધાદિ પ્રકૃતિએ પરિણમે ત્યારે એ પરમાણુ જીવના પરિણામને અનુસરીને સ્વતંત્રપણે પરિણમ્યા. એ એનું પરાચરણ થયું. એમ કહેવું છે. એ રીતે આ બન્ને પરાચરણ ઔદયિક ભાવોના જે અનેકવિધ રૂપથી પોતપોતાના ઔદયિકભાવોરૂપ (પરિણમે છે). જીવનો ક્રોધ જીવનો ઔદયિક ભાવ છે, પુદ્‌ગલ પરિણામમાં ક્રોધ પ્રકૃતિનો વિપાક તે પરમાણુનો ઔદયિક ભાવ છે. જીવનો ક્રોધ તો જીવનું ભાવકર્મ છે અને પુદ્‌ગલ પરિણામમાં-કર્મ પરમાણુમાં ક્રોધ પ્રકૃતિનો વિપાક આવે તે પુદ્‌ગલનું ભાવકર્મ છે.

શાસ્ત્રની અંદર ભાવકર્મના પણ બે પ્રકાર લીધા છે. એટલે ભાવકર્મની વાત આવે ત્યાં કોઈ જગ્યાએ પુદ્‌ગલ પરિણામની વાત છે કે કેમ એ સમજી લેવું જોઈએ. બહુભાગ તો પ્રચલિત રીતે ભાવકર્મ એટલે જીવના વિકારી ભાવને જ ભાવકર્મ કહ્યા છે. છતાં પણ ક્યાંક ક્યાંક પુદ્‌ગલવિપાકના પરિણામને પણ પુદ્‌ગલનું ભાવકર્મ કહેવામાં આવ્યું છે. તો જ્યાં જે વિવિક્ષા હોય, કહેવા ધાર્યું હોય તે સમજવું.

એ રીતે અહીંયાં બન્નેને ઔદયિકભાવ કહીને બંનેને પરાચરણ કહ્યા. '**બંને પરાચરણ ઔદયાકિ ભાવોના જે અનેકવિધ રૂપથી...**' અનેક પ્રકારનથી તેમનો એટલે જીવ અને પુદ્‌ગલોનો દેખાવ કહેવામાં આવે છે. બહારમાં જે એનો દેખાવ થાય છે, તેવો પ્રગટ થાય છે. કહેવામાં આવે તેવો પ્રગટ થાય છે. જે કહેવાય છે તે રીતે તે પ્રગટ થાય છે. '**એવી રીતે આ બન્નેના સર્વ ભાવો...**' '**એવી રીતે આ બન્નેના સર્વ ભાવો તે સર્વને ચારિત્રસંજ્ઞા કહેવામાં આવે છે.**' એવી રીતે આ બન્ને દ્રવ્યોના જેટલા કોઈ ઔદયિકભાવો છે, પરાચરણરૂપ ભાવો છે, તે સર્વ ભાવોને અહીંયાં ચારિત્ર એવું નામ આપવામાં આવ્યું છે. સંજ્ઞા એટલે નામ. '**તે સર્વને ચારિત્રસંજ્ઞા કહેવામાં આવે છે. આવું ચરિત્રકથન પણ તે દ્વાદશાંગમાં ચાલે છે.**' ભગવાનની વાણી સાંભળીને ગણધરદેવે બાર અંગની રચના કરી. અગિયાર અંગ અને ચૌદ પૂર્વ. ચૌદ પૂર્વ એ બારમું અંગ છે. એમાં આવું જીવ અને પુદ્‌ગલોના વિભાવિક ભાવોનું, જેને ચારિત્રસંજ્ઞા કહી છે એવું કથન પણ ચાલે છે.

આ રીતે જીવ અને પુદ્‌ગલોના વિભાવભાવનું સંક્ષેપમાં કથન કર્યું. પરાચરણ ભાવ તે ચારિત્ર અને બન્ને પદાર્થો વિશ્વની અંદર આ રીતે પરાચરણ રૂપે પરિણમે છે. એ જાણવાનો વિષય થયો.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિની જ આ વાત થઈ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સામાન્ય વાત (કરી). સમ્યગ્દષ્ટિ-મિથ્યાદષ્ટિનો ભેદ નથી પાડ્યો. પણ સામાન્ય વાત કરી છે. જેટલું પણ પરાચરણ છે, ઔદયિકભાવ રૂપ પરિણામ છે, શુભાશુભ ભાવરૂપ પરિણામ છે, તેને ચરિત્ર કહીએ છીએ. તે અનુસાર જે પુદ્ગલના પરિણામ છે તેને પણ અહીંયાં ચરિત્રસંજ્ઞા આપી છે. એક સામાન્ય કથન છે.

યથા સ્થિતિવાદ. આ પ્રકરણમાં લોકાલોકની સ્થિતિ જે છે, અનાદિ જેવા પ્રકારે છે તેવી, યથા એટલે જેવી છે સ્થિતિ. તે કથન પણ દ્વાદશાંગમાં આવ્યું છે. તે કથનને અહીંયાં યથા સ્થિતિવાદ કહેવામાં આવે છે. વિષય જાણવાનો છે અને આદરવાનું એની અંદર કાંઈ પ્રયોજન નથી. એમ છતાં એ વિષય કેટલાકને કેટલીક સ્થિતિની અંદર કુતૂહલ બંધ થવાનું કારણ થાય છે. જીવને અનેક પ્રકારે અસમાધાન વર્તે છે, અનેક પ્રકારે કુતૂહલ વર્તે છે. ત્યારે આ જગતની રચના શું? એ પણ એક કુતૂહલનો વિષય થાય છે. અને એ રચનાની કલ્પના અનેક પ્રકારે અન્યમતોમાં કરી છે. ત્યારે એ અનુસાર પણ કેટલીક વાતો પ્રચલિત છે. એ અનુસાર જાણવા મળે ત્યારે જીવને અસામાધાન થવાનો વધારે પ્રસંગ ઉત્પન્ન થાય. એ યથાસ્થિતિવાદ અનુસાર લોકાલોકનું સ્વરૂપ જાણે તો એ વિષયમાં એને બીજી કલ્પના ન થાય, એ પ્રકારે થતું અસમાધાન ન થાય અને એ વિષયમાં જતી કુતૂહલવૃત્તિ પણ બંધ થાય. અપ્રયોજનભૂત વિષયમાં કુતૂહલવૃત્તિ નુકસાનનું કારણ છે. અથવા એ સ્વરૂપ રુચિનું પ્રતિબંધક કારણ છે. આત્મરુચિનું એ અવરોધક કારણ છે. તેથી તે થવા યોગ્ય નથી. એમ જાણીને પણ અહીંયાં એ કુતૂહલ બંધ થાય એટલું પ્રયોજન અહીંયાં સમજવું. આમ તો જાણવાનો વિષય છે એટલે પ્રયોજનનો વિષય નથી, છતાં પ્રયોજનને આડકતરી રીતે આટલો સ્પર્શ છે આ વિષયને એમ જાણવું જોઈએ.

**अहमज्झउड्ढलोया, लोयालोया हि सव्वदव्वाणि।**
**सासयं विट्ठति जहा जहा ठियेतं भणइ समये।।६।।**

એનું સંસ્કૃત છે.

**अधमध्यऊर्ध्वंलोका, लोका लोका हि (षट्) सर्वद्रवाणि।**
**साखतं तिष्ठंति तथा, यथास्थितं भणति समये।।६।।**

**अधमध्यऊर्ध्वलोका, त्रौलोक्यलोकालोकावा षट् सर्वद्रव्याणि हि स्फुटं यथा येन येन प्रकारेण सास्वतं नित्यं तिष्ठन्ति तं यथा सास्वतं भावं समये परमागमे यथास्थितं भणति।**

શું કહે છે? કે ત્રણ લોક છે. જેનો ભાગ નીચે છે તેને અધઃલોક અથવા પાતાળ

લોક કહેવામાં આવે છે. તા એટલે તળિયું. જે તળિયાના ભાગે છે, નીચેના ભાગે છે તેને પાતાળ અથવા અધઃ, અધઃ એટલે નીચું, નીચે પડે તેને અધઃપતન નથી કહેતાં? અધઃ એટલે નીચું. અધોલાક એટલે નીચેનો લોક. મધ્યલોક એટલે વચમાં રહેલો લોક એટલને મૃત્યુ લોક. અહીંયાં મનુષ્યો અને તિર્યંચોનો નિવાસ છે અને તે જન્મ-મરે છે એટલે એને મુખ્યપણે મૃત્યુલોક કહ્યો છે. અથવા આ મૃત્યુલોકમાં-મધ્યલોકમાં મૃત્યુની ગંભીરતા ઘણી છે, મૃત્યુની કિંમત વધારે છે. સૌથી વધારે કિંમત શેની? પૈસાની નહિ? સૌથી વધારેમાં વધારે કિંમત જીવે મરણની આપી છે. સૌથી વધારે ભય પણ મરણનો છે. વધારેમાં વધારે ગંભીરતા માણસ એ પ્રસંગે ધારણ કરે છે. વધારે ને વધારે મૃત્યુથી બચવાનો ઉપાય પણ ત્યાં જ કરે છે. જોકે કોઈ બચી શકતું નથી. પણ એની પ્રધાનતા જોઈને આખા લોકનું નામ મૃત્યુલોક પાડ્યું છે. આમ તો દેવોના આયુષ્ય પૂરા થાય છે અને નારકીના આયુષ્ય પૂરા થાય છે. પણ કોને ખબર ત્યાં એટલી બધી કાંઈ વિશેષતા નહિ હોય.

મુમુક્ષુ :- અહીંના આયુષ્ય બહુ ટૂંકા છે, ત્યાંના આયુષ્ય બહુ મોટા છે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ અહીંયાં પણ અમુક કાળમાં, અમુક ક્ષેત્રમાં મોટા આયુષ્ય હોય છે.

મુમુક્ષુ :- દેવોને અમર કીધા છે, મોટા આયુષ્યને કારણે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એને અમર કીધા છે. સાચી વાત છે. એવા જ અહીંયાં પાપના પરિણામમાં એવા જ મોટા આયુષ્ય છે, જેવા દેવના ઉપરમાં આયુષ્ય છે, એવા અહીંયાં નારકીના મોટા આયુષ્ય છે. બહુ મોટા આયુષ્ય જોઈને એને અમરલોક કહ્યો છે, સાચી વાત છે. આને મૃત્યુલોક કહ્યો છે. દેવને અમરલોક કહે છે. એ પણ મરે છે. પણ છતાં એટલા બધા સાગરોપમના આયુષ્ય છે. બહુ મોટા આયુષ્ય છે એટલે સાગર જેવડા આયુષ્ય છે. સાગરોપમ કહ્યા. ઉપમ-સાગની ઉપમા આપી છે. એટલે જાણે અમર થઈ ગયો. જાણે મરવાનો જ નથી. એ પણ જાય છે. પણ મનુષ્ય તો ત્યાં સુધીમાં કેટલાય ગલોટિયા ખાય ગયો હોય.

મધ્યલોક છે તે મૃત્યુલોક છે '**અને સ્વર્ગલોક છે...**' ઉપર જે છે, ઊર્ધ્વ. અધઃ, મધ્ય અને ઊર્ધ્વ. મૂળ શ્લોકમાં ત્રણ નામ આપ્યા છે. નીચેનો, વચ્ચેનો અને ઉપરનો. આખા લોકના ત્રણ Division-ત્રણ વિભાવ કરી નાખ્યા છે. ઉપરમાં સ્વર્ગના દેવો, દેવગતિના જીવો રહે છે. વચ્ચે મનુષ્ય અને તિર્યંચ મુખ્યપણે રહે છે. પછી નિગોદ છે એ આખા લોકમાં છે એ જુદી વાત છે. પણ વધારે અહીંયાં જે સમજી શકાય એવો મનુષ્ય અને તિર્યંચનો નિવાસ અહીંયાં મધ્યલોકમાં અથવા મૃત્યુલોકમાં છે. અહીંયાં

ઘણાં ટૂંકા આયુષ્ય (છે). જન્મે ને તરત મરે ત્યાંથી માંડીને એના અનેક ભેદ છે, આયુષ્યના પરિમાણના. અને નીચે જે પાતાળલોક છે ત્યાં એકલા નારકીના જીવો ત્યાં રહે છે. એમ ચાર ગતિના જીવોના જે નિવાસસ્થાન છે એના આ ત્રણ વિભાગ છે.

મુમુક્ષુ :- નિગોદિયા તિર્યંચમાં આવે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, નિગોદ ગતિ તિર્યંચમાં આવે, તિર્યંચના પેટમાં છે. ચાર ગતિમાં લઈએ તો એની તિર્યંચગતિમાં સ્થિતિ છે. એ દેવ નથી એ તો નક્કી વાત છે. તેમ મનુષ્ય પણ નથી એ વાત નક્કી છે, કે નારકી નથી એ વાત પણ નક્કી છે. તો હવે શું રહ્યું? પાંચમી ગતિ તો સંસારમાં કોઈ નથી. સામે નાસ્તિથી લ્યો તો તિર્યંચ ગતિ જ નક્કી થાશે.

મુમુક્ષુ :- તિર્યંચનું પેટ બહુ મોટું છે.

પૂજ્ય ભાઈશ્રી :- નિગોદનું પેટ મોટું છે. તિર્યંચમાં પણ નિગોદનું પેટ બહુ મોટું છે. બીજા તિર્યંચોની એટલી સંખ્યા નથી. નિગોદમાં અનંતાઅનંત છે. એટલા બધા અનંતાઅનંત છે.

‘**તથા જે લોકાલોક છે અને જે છએ દ્રવ્ય છે...**’ લોકાલોક છે અથવા જે છએ દ્રવ્ય છે, એમાં લોકાલોક આવી ગયા. ‘**તે બધું...**’ ‘**त्रैलोक्यलोकालोकावा षट् सर्वद्रव्याणि**’ લોક અલોક અથવા છ દ્રવ્યો ‘**તે બધું જે જે પ્રકારે પોતપોતાની શાશ્વત સ્થિતિથી સ્થિત છે...**’ જે પ્રકારે પોતપોતાની અનાદિઅનંત સ્થિતિથી રહેલું છે ‘**તે શાશ્વત સ્થિતિને જિનાગમમાં ‘યથાસ્થિતિ’ કથન કહેવામાં આવે છે.**’ યથાસ્થિતિવાદ અથવા યથાસ્થિતિ કથન કહેવામાં આવ્યું છે. વાદ એટલે કથન. હવે સર્વજ્ઞ સિવાય આ રીતે લોકાલોકનું યથાસ્થિત અને અનાદિઅનંત સ્વરૂપ કહેવા આ જગતમાં કોઈ સમર્થ નથી. સર્વજ્ઞ સિવાયના જે અસર્વજ્ઞ જીવો છે, એ પણ આ બધું જાણી શકતા નથી. એવો કોઈને ઉઘાડ હોતો નથી. દેવોને ભલે અવધિજ્ઞાન છે તોપણ જાણી શકતા નથી. પાતાળલોકમાં નારકીઓને પણ મતિ, શ્રુત અને અવધિજ્ઞાન છે, છતાં પણ એ ત્રણલોકના સ્વરૂપને જાણી શકતા નથી. એટલે આવું જિનાગમમાં કહ્યું છે એ કોના આધારે માનવું? આ એક પ્રશ્ન થાય એવો છે.

અથવા કોઈ અન્યમતિ હોય તો સીધો પ્રશ્ન કરે કે તમારા શાસ્ત્રને વિષે, તમારા ગ્રંથોને વિષે, તમારું જે સાહિત્ય છે એ લોકાલોકનું આવું સ્વરૂપ નિરૂપણ કરે છે તો આવું નિરૂપણ કરવા પાછળ તમે કોને આધારભૂત ઠરાવો છો? તમને આમ કહેવા પાછળ શું આધાર છે? આ સાહિત્યની પાછળ તમને આધાર શું છે કે આ સાહિત્ય સાચું જ છે, એવું કોના આધારે તમે કહી શકો છો?

અમે સર્વજ્ઞપણાના આધારે એમ કહી શકીએ છીએ. જ્યારે કોઈ આત્મા સંપૂર્ણ નિર્દોષ થાય છે, કોઈપણ પ્રકારના દોષને લઈને અવસ્થાની અંદર શક્તિના પરિણમનને જે આવરણ આવે છે, એ આવરણથી નિરાવરણ થઈને આવરણ થાય એવું અનંતમા ભાગે કોઈપણ અંશ પરિણામમાં ન રહે, ત્યારે જ્ઞાનશક્તિ પૂરેપૂરી વિકસિત થાય છે.

જ્ઞાન આત્માની શક્તિ છે, એમાં તો ના પાડી શકાય એવું નથી. શક્તિ હોય તે અધૂરી હોય નહિ. ભલે એક કણિયો તિખારો પણ આખી દુનિયાને બાળે એટલી શક્તિ એનામાં છે. તો જ્ઞાન શક્તિ છે. શક્તિ છે એટલે એ અધૂરી નથી અને એ શક્તિને પ્રતિબંધ થાય એવા કારણોનો અભાવ થાય, સ્વભાવના પ્રતિબંધક કારણોનો નાશ થાય ત્યારે એ શક્તિ સંપૂર્ણપણે વિકસિત થાય છે. ત્યારે તે કોઈપણ ક્ષેત્રમાં ગયા વિના પોતાના જ સ્વક્ષેત્રમાં, દ્રવ્યના સ્વક્ષેત્રમાં રહીને લોકાલોકને એ જાણી લે છે, લોકાલોક એમાં પ્રતિબિંબિત થાય છે, જણાય જાય છે. એવા સર્વજ્ઞને આધારે આ નિરૂપણ છે. એટલે યથાસ્થિતિવાદને બીજા નામથી સર્વજ્ઞવાદ પણ કહી શકાય. આમ કાઢીએ આમાંથી. જુઓ, નીકળે તો એવું નીકળે કે યથાસ્થિતિવાદ છે એ સર્વજ્ઞવાદને સાબિત કરે છે. જે સર્વજ્ઞવાદી છે તે જ યથાસ્થિતવાદી છે, જે યથાસ્થિવાદી છે તે સર્વજ્ઞવાદી છે. આમ છે.

ધર્મ તો સર્વજ્ઞ વિના નિરૂપણ થઈ શકે એમ છે નહિ. ધર્મની ઉત્પત્તિ જ સર્વજ્ઞથી થાય છે. અથવા સર્વજ્ઞના નિમિત્તે બીજા ધર્મીઓ પણ ઉત્પન્ન થાય છે. એટલે બીજાને ધર્મ પણ ઉત્પન્ન થાય છે. પણ લોકાલોકનું જે જ્ઞાન છે અને વિજ્ઞાન છે, એનું મૂળ પણ સર્વજ્ઞ છે. એટલે સર્વનું મૂળ સર્વજ્ઞ છે, એમ કહ્યું. જાણવાનો વિષય હોય તો એનું મૂળ પણ સર્વજ્ઞ છે અને પ્રયોજનનો વિષય ધર્મ છે એનું મૂળ પણ સર્વજ્ઞ છે.

મુમુક્ષુ :- સર્વજ્ઞના નિમિત્તથી ધર્મ શરૂ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે બીજું તો નિમિત્ત-નૈમિત્તિકપણું ઉત્કૃષ્ટ કોઈ નથી. પછી જે સાધક છે એના નિમિત્તે બીજાને ધર્મ ઉત્પન્ન થાય છે, પણ એ સાધક ક્યાંથી થયા? કોના નિમિત્તે થયા? સર્વજ્ઞના નિમિત્તે થયા. એમ છે. સર્વજ્ઞના નિમિત્તે સાધક સર્વજ્ઞ થાય. સર્વજ્ઞના નિમિત્તે બાધક સાધક થાય. એમ સર્વજ્ઞ છે એ સર્વોપરિ છે. શું છે? સર્વજ્ઞ છે એ સર્વોપરિ છે, એના ઉપર કોઈ નથી.

અમારે હમણાં એક ચર્ચા ચાલી કે સર્વજ્ઞના વિષયમાં એટલે ભગવાનના વિષયમાં વિવાદ ચાલે ત્યારે લોકોને મુખ્ય કરવા કે સર્વજ્ઞને મુખ્ય કરવા? તો કહે છે કે સર્વજ્ઞની બરાબરમાં લોકોનું કોઈ સમીકરણ પણ ન થાય. સમીકરણ એટલે Equation કહે

છે. બરાબર. આના બરાબર આ. બે વત્તા બે, બરાબર ચાર. તો બે વત્તા બે ચારનું એ સમીકરણ છે, બે વત્તા બે અથવા ત્રણ વત્તા એક. આ તો ગણિતનો વિષય છે ને. તો આખા લોકના મિથ્યાદૃષ્ટિ જીવો સર્વજ્ઞનો નિષેધ કરતા હોય, એની બરાબર સર્વજ્ઞને રાખવા કે ન રાખવા? બરાબર પણ ન રખાય તો તું તો વધારે રાખે છો કે લોકો આમ કહે છે, લોકો આમ કહે છે, લોકો આમ કહે છે. માટે મૂકો સર્વજ્ઞને પડતા. જેની બરાબરી ન થાય એને તું નીચે ગણો છો, એ વાત તો તને સર્વજ્ઞના સ્વરૂપજ્ઞાનનો અભાવ સૂચવે છે. સર્વજ્ઞ કેટલા સર્વોપરી છે? સર્વજ્ઞ કેટલા મહાન છે? એ સંબંધીનું તને જ્ઞાન હોય તો આવું બની શકે નહિ. આમ નીકળે છે આમાંથી. ઊંડે જાવ તો બહુ નીકળે એવું છે એમાં. શું કહે છે?

ભાવાર્થ :- '**સાત નરકની જેવી શાશ્વત સ્થિતિ છે,...**' ત્રણે કાળે સાત નરકની શાશ્વત સ્થિતિ છે. પહેલી નારકીના પ્રકાર, બીજી નારકીના પ્રકાર, ત્રીજી નારકીના પ્રકાર, ચોથી નારકીના, પાંચમીના, છઠ્ઠી, સાતમી રૌ રૌ નરક, તમતમપ્રભા પૃથ્વી. પહેલી રત્નપ્રભા. ત્યાં રતન-બતન કાંઈ નથી, હોં! નામ એવું છે. પૃથ્વીનો આકાર જોઈને નામ એવું આપ્યું છે. પણ એ સાતે શાશ્વત છે. એમાં કોઈ કાળે બીજો ફેરફાર થતો નથી. એમાં બદલાઈ ન જાય. ત્યાં મનુષ્યલોક જેવું કાંઈ ન થાય. અહીંયાં ઝાડવા ઊગે છે એવા ઝાડવા ત્યાં ઊગે નહિ. અહીંયાં વરસાદ પડે છે એવો વરસાદ ત્યાં પડે નહિ. અહીંયાં સૂર્ય, ચંદ્ર મનુષ્યલોકમાં તપે છે એવા ત્યાં હોઈ શકે નહિ. એ વગેરે. ત્રણે કાળે શાશ્વત અનાદિઅનંત એની એ સ્થિતિ છે. આ કુદરતી છે. કોઈ ઈશ્વરે કે કોઈ જગતકર્તા શક્તિએ એની રચના કરી છે એમ નથી. શાશ્વત છે એનો અર્થ એ છે કે અનાદિ અકૃત્રિમ છે અને અનંત કાળ પર્યંત એમ જ રહેવાનું છે. અનાદિથી છે અને અનંત કાળ એમ ને એમ રહેવાનું છે. કુદરતના ઘરમાં જુઓને, કેવી વ્યવસ્થા છે!

જીવ એવા પરિણામ કરે, નરકમાં જવા યોગ્ય પરિણામ કરે ત્યારે એનો ભોગ્યસ્થાન અને એના પરિણામ અને એના ભોગ્યસ્થાનની આ જગતમાં કુદરતી વ્યવસ્થા છે. અહીંથી આ જગતની અંદર વિશ્વમાં ક્યાંક જવું હોય તો સાધન જોઈએ. અમેરિકા જવું છે તો Aeroplane જોઈએ કે Steamer જોઈએ. અરે..! અહીંથી વરતેજ જવું હોય તો એમ થાય કે બસ જોઈએ કે સાયકલ જોઈએ કે કાંઈ પણ મોટર જોઈએ કે કાંઈક જોઈએ. ગામમાં ને ગામમાં સાધન વસાવે? આ તો અસંખ્ય યોજન જવાનું થાય છે. એક લોકમાંથી ઊર્ધ્વ, મધ્ય, અધો એક લોકમાંથી બીજા લોકમાં જાય એટલે એને અસંખ્ય યોજન જવાનું થાય, ક્ષેત્ર કાપવાનું થાય. કોઈ સાધનની આવશ્યકતા

નહિ. કુદરતને કોઈ સાધનની આવશ્યકતા નહિ. એક સમયમાં, બે સમયમાં ધડામ દેતાનો ત્યાં ઊપજે. કેવી ચમત્કારિક વ્યવસ્થા છે!

અહીંયાં ચક્રવર્તી મિથ્યાદષ્ટિ હોય, Central hall જેને કહે છે, મહેલની અંદર એક મધ્ય ખંડ હોય. પછી ફરતા ફરતા બધા ઓરડા હોય. એક હજાર દરવાજા હોય, બારણા હોય. અને એક એક દરવાજે એક એક ચોકીદાર ઊભો હોય. એક પડકારો કરે, છે કોઈ હાજર? તો એકસાથે એક હજાર માણસો જી હજૂર.. જી હજૂર.. જી હજૂર.. ફરમાવો, અન્નદાતા! એમ કહે. એટલા પુણ્ય છે. એ જ્યાં આયુષ્ય પૂરું કરે ત્યાં બીજા સમયે, ત્રીજા સમયે એટલી વેદનામાંથી એ નારકીમાં ઊપજે કે સાંભળ્યું જાય નહિ. જોયું જાય નહિ અને સાંભળ્યું જાય નહિ. ચમત્કારિક વ્યવસ્થા તો કુદરતના ઘરની છે. આ શાશ્વત છે. ભોગ્યસ્થાનો પણ ત્રણે લોકના શાશ્વત છે. દેવલોકનું વર્ણન આવશે, એ પણ શાશ્વત છે.

દેવલોકમાં સોળ સ્વર્ગ છે. સાત નરકની જેવી શાશ્વત સ્થિતિ છે. મનુષ્યલોકમાં અસંખ્યાત દ્વિપ સમુદ્રની જેવી શાશ્વત સ્થિતિ છે, બરાબર વચ્ચે આ જંબુદ્વિપ છે. જંબુદ્વિપ પછી ફરતા દ્વિપ અને સમુદ્ર બંગડીના આકારે છે. એકથી Double, બીજાથી ત્રીજો Double, એવા અસંખ્ય છે. એની-મનુષ્યલોકની જે એક રાજૂ પહોળાઈ છે, એમાં ગોળાકારે અસંખ્ય દ્વિપ સમુદ્ર છે. છેલ્લો સ્વયંભૂરણ સમુદ્ર છે અને પહેલો અહીંયા લવણ સમુદ્ર છે. બાકી વચમાં ઘણાં અનેક પ્રકારના કાળોદધિ ને ક્ષીરોદધિ ને અનેક પ્રકારના સમુદ્રો છે. ઉદધિ એટલે પાણી. એવા અસંખ્ય દ્વિપ, સમુદ્રની જેવી શાશ્વત સ્થિતિ મનુષ્યલોકમાં છે તે પણ અનાદિઅનંત છે. એમાં પણ કાંઈ બનાવવું, કરવું, ફેરફાર થાય એવું બનતું નથી. પછી દ્વિપ, સમુદ્રની અંદર કાંઠે નાના મોટા ફેરફાર થાય, કોઈ મોટા ફેરફાર થાય નહિ. આકૃતિ બદલાય. સામાન્ય આકૃતિ નાની, ઝીણી બદલાય. પણ એથી કાંઈ ખરેખર એમાં ફેર પડતો નથી. એ તો નહિવત્ છે.

સોળ સ્વર્ગ છે. ઉપર પહેલા સોળ સ્વર્ગ (છે). પહેલું, બીજું, ત્રીજું, ચોથું, પાંચમું એમ મનુષ્યલોક છોડીને અસંખ્ય યોજન ઉપર જાઓ ત્યારે સોળ સ્વર્ગમાં પહેલા સ્વર્ગથી માંડીને ઉપર ઉપર એવા સોળ વિભાગ છે. પાપના સ્થાન ભોગવવાના સાત વિભાગ છે. પુણ્યના ફળ ભોગવવાના સોળ સ્વર્ગ (એની ઉપર અનુત્તર વિમાન છે).

... ૩૯ સ્થાનક છે. જેટલી વાર જીવ નારકીમાં ગયો છે, પરિભ્રમણ કરતા અનંત વાર ગયો છે, એના કરતાં અસંખ્ય અબજ ગુણા વખતે, એક-બે વાર નહિ પણ અસંખ્ય અબજ ગુણા વખત અનંત વાર, કેટલા અનંત વાર, અસંખ્ય અબજ

અનંત વાર એ દેવલોકમાં ગયો છે. એટલે ક્ષેત્ર બન્નેનું સરખું છે. વચ્ચે એક રાજૂ છે, પછી નીચે અને ઉપર સાત સાત રાજૂ (છે). ઊપરથી સાત રાજૂ શરૂ થાય છે. અહીંયાં છ રાજૂ થઈ ગયા ને? કેમ છે વચ્ચે? સાત ઉપર અને સાત નીચે. તો મનુષ્યલોકનું?

મુમુક્ષુ :- ઉપરવાળા ભાગમાં આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપરવાળા ભાગમાં આવે છે? આખા લોકની ઊંચાઈ ચૌદ રાજૂલોક છે. બરાબર વચ્ચે આ મનુષ્યલોક છે. ઉપરના ભાગે સોળ સ્વર્ગ, નવ ગ્રૈવેયક, નવ અનુદિશ વિમાન અને પાંચ અનુત્તર વિમાન અને તેના ઉપર સિદ્ધશિલા. આટલા લોકના ભાગ છે. એના ઉપર છેલ્લી સિદ્ધશિલા છે. એ સિદ્ધશિલાના પુદ્ગલો છે એ છેલ્લામાં છેલ્લા છે, ટોચના, પછી ઉપર કોઈ પુદ્ગલો નથી. એના ઉપર અતંરીક્ષમાં અનંતા સિદ્ધાત્માઓ પરમાનંદના અંદર શાશ્વતપણે બિરાજમાન છે. કોઈ પહેલા ત્યાં નહોતા અને ખાલી હતું એવું નથી. પહેલેથી અનંતા છે અને અનંત કાળ પર્યંત પણ અનંતા જ છે. આવી ત્રણ લોકની (રચના છે).

મુમુક્ષુ :- સિદ્ધશિલાનું માપ કેટલું છે?

પૂજ્ય ભાઈશ્રી :- એક રાજૂ. એટલે તો ગમે ત્યાંથી સિદ્ધ થાય છે ને. મનુષ્યલોકમાં બધા ક્ષેત્રથી સિદ્ધ થાય છે. ઉપર સિદ્ધશિલા એટલા માપની છે. એટલે સિદ્ધશિલાની બહાર જવાનો, લોક બહાર જવાનો પ્રશ્ન રહેતો નથી. એ એક રાજૂ છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એની પહોળાઈ એક રાજૂ છે. અહીંયા પણ એક રાજૂ પણ પહોળાઈ છે. મૃત્યુલોકની-મનુષ્યલોકની પહોળાઈ એક રાજૂ છે. બેસવા માટે કેટલી પહોળાઈ જોઈએ? બે ફૂટનું આસન જોઈએ. એવી રીતે. એની પહોળાઈ એક રાજૂ છે. ઊંચાઈ નહિ. સિદ્ધશિલાની પહોળાઈ એક રાજૂ છે. ઊંચાઈના માપનો ખ્યાલ નથી.

મુમુક્ષુ :- ૪૫ લાખ યોજન.

પૂજ્ય ભાઈશ્રી :- અડધી છે?

મુમુક્ષુ :- ૪૫ લાખ યોજન અઢી દ્વિપમાં છે એટલા પ્રમાણમાં..

પૂજ્ય ભાઈશ્રી :- આખા મનુષ્યલોકમાં નથી?

મુમુક્ષુ :- અર્ધ ચંદ્રાકાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- અર્ધ ચંદ્રાકાર છે? વચ્ચે પહોળું, નીચેથી સાંકડુ.

મુમુક્ષુ :- અઢી દ્વિપની બહાર તો જવાના નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર છે. અઢી દ્વિપની બહાર તો મનુષ્ય છે નહિ. એટલે એટલી જ છે. બરાબર, એક રાજૂ તો ત્રસ નાડી છે. ત્રસ નાડી એક રાજૂ પહોળી છે. એટલે એમાં બધા ત્રસ જીવો રહે છે. મનુષ્યલોક તો એનાથી અડધામાં છે. અઢી દ્વિપમાં છે. ૪૫ લાખ યોજન. એટલું છે, બરાબર છે.

મુમુક્ષુ :- સિદ્ધશિલા..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પરમાણુ જ છે. પુદ્ગલ પરમાણુ છે. પછી એનો પ્રકાર જુદો હોઈ શકે છે. એ તો કોઈ આપણો વિષય નથી. પરમાણુ પરમાણુની અનેક અવસ્થા છે. એમાં ચોક્કસ પ્રકારની એની સ્થિતિ છે. પછી કોઈ કહે કે આ સિદ્ધશિલા તો તમે જોઈ નથી. સિદ્ધશિલા તો તમે જોઈ નથી. અને જીવનો મોક્ષ થાય છે ત્યારે એ સિદ્ધશિલામાં જાય છે, એ પણ તમે જોઈ શકતા નથી. કેમકે એ તો દેહ છોડીને જાય છે ને. દેહ અહીંયાં રહી જાય છે. પછી ઉપર સાત રાજૂ જાય છે. કેવી રીતે માનો છો? કે એ આગમથી માનવામાં આવે છે. આગમને કેવી રીતે માનવામાં આવે છે? કે સર્વજ્ઞથી. આમ મૂળમાં સર્વજ્ઞનો સ્વીકાર કર્યા વિના એકપણ વાતનો સ્વીકાર બરાબર થઈ શકે એવું નથી અને એ વગર કોઈ રીતે સમાધાન પણ થઈ શકે એવું નથી. છે, એના નકશા છે બધા. નકશા દોરેલા છે. અહીં છે 'તત્ત્વાર્થ સૂત્ર'? લોકનો નકશો હશે એની અંદર. 'ગોમટ્ટસાર'માં પણ નકશા આપ્યા હશે, 'જિનેન્દ્ર સિદ્ધાંતકોષ'માં હશે. એના ચાર ભાગ છે. કેવો આકાર લીધો છે! કોઈ માણસ પગ પહોળા કરીને, કેડ ઉપર હાથ રાખીને જે બાહ્ય આકાર આવે એવો લોકનો આકર છે. ડમરુ જેવો.

નવ ગ્રૈવેયક છે ઈ એક જ Level ઉપર છે. સોળ સ્વર્ગમાં એકસાથે બે-બેના જોડકા છે. એટલે ઊંચાઈમાં આઠ જ છે. પણ એકસાથે બે-બે સ્વર્ગ, એક Level ઉપર બે-બે સ્વર્ગ છે. સનતકુમાર અને માહેન્દ્ર. પહેલું સૌધર્મ અને ઈશાન છે. પછી સનતકુમાર અને માહેન્દ્ર. એક જ Level ઉપર છે. એવી રીતે સોળ થાય છે. એના Level આઠ છે. એક પછી એક એમ ઉપર સોળ Level નથી. પણ આઠ Level છે. અને નવ ગ્રૈવયક એક જ ક્યદયહ ઉપર છે. પછી નવ અનુદિશ વિમાન એ એના ઉપરના એક Level ઉપર છે. અને પાંચ અનુત્તર વિમાન એ પણ એક જ Level ઉપર છે. એટલે ચાર ખૂણે ચાર અને એક વચમાં. એવી રીતે પાંચ વિમાન છે. સર્વાર્થસિદ્ધિના જે વિમાનો છે એ પાંચ અનુત્તર વિમાન ચાર ખૂણે ચાર અને એક વચમાં છે. પણ Level બધાયના એકસરખા છે. ઉપર ઉપર નથી. પહેલું વિમાન, પછી બીજું, એના ઉપર ત્રીજું એમ નથી. એવી રીતે છે. આમાં માપ બરાબર આપ્યું છે.

એમાં મનુષ્યલોકથી નીચે સાત રાજૂ છે. નીચે સાત રાજૂ છે. આમ તો છ રાજૂ સુધી નરક છે. પછી એક રાજૂમાં વાતવલય છે. આખો વાતવલય છે. તનુવાત ને એ ત્રણ પ્રકારના વલય છે, એ એક રાજૂમાં છે. એ પણ પુદ્ગલ પરમાણુ જ છે ને. એ પરમાણુ જ છે. એટલે છ રાજૂ છે ત્યાં એ પૂરું કર્યું છે અને પછી એક રાજૂ નીચે લખ્યું છે. જ્યાં ત્રણ વલય લીધા છે ત્યાં એક રાજૂ લખેલું છે. એટલે છ રાજૂની અંદર આ સાત નરક છે. રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમપ્રભા અને મહાતમપ્રભા. એ સાત નરકના નામ છે.

એથી ઉપર ચાલીએ તો જે સોળ સ્વર્ગ અને આખો જે દેવલોક છે એ સાત રાજૂમાં છે. એમાં સાડા ત્રણ, સાડા ત્રણ રાજૂ સુધીના બે વિભાગ છે. સાડા ત્રણ રાજૂ ઉપર જાઓ એટલે બરાબર પહોળો ભાગ આવે છે. વચ્ચેનો જે આમ હાથ રાખ્યો હોય, આ જે ભાગ કોણીનો આવે એ બરાબર સાડા ત્રણ રાજૂ આવે છે. અને આ કોણથી આ કોણી સુધીનો ભાગ, એની પાંચ રાજૂ પહોળાઈ લીધી છે. નીચે એક રાજુ પહોળાઈ છે. ઉપર પહોળો પહોળો થતાં પાંચ રાજૂ સુધી પહોળો થાય છે. અને અહીંયાં નીચે આમ સાત રાજૂ પહોળો થાય છે. નરકલોકમાં છેલ્લો જે છેડો છે એ સાત રાજૂ પહોળો થાય છે. અને અધવચ સુધીમાં સૌધર્મ ઇન્દ્ર, ઈશાન ઇન્દ્ર, સનતકુમાર, માહેન્દ્ર, બ્રહ્મ, બ્રહ્મોત્તર અને લાવંત અને કપિષ્ઠ સુધીના દેવલોક આવી જાય છે. આઠ. પછી ઉપરમાં શુક્ર, મહાશુક્ર, સતાર, સહસ્રાર, આણંત, પ્રાણત, આરણ અને અચ્યુત. એ જે આઠ સ્વર્ગ છે એ એની ઉપરના ભાગમાં આવે છે. અને એ ઉપરાંત સાડા ત્રણ રાજૂમાં થોડો ભાગ રહે છે એમાં નવ ગ્રૈવેયક, નવ અનુદિશ અને પંચ અનુત્તર વિમાન છે. પછી લોક ઉપર થોડી જગ્યા રહે છે. સાત રાજૂ પૂરો થવામાં બાકી જગ્યા રહે છે. એમાં બીજના આકારે, બીજના ચંદ્રના આકારે સિદ્ધશિલા છે. એનું નીચેનું જે તળિયું છે એ પાંચ અનુત્તર વિમાનના ઉપરના છેડા સાથે અડેલું છે. અને જે ઉપરના બે છેડા થાય છે એ લોકના છેલ્લા છેડા સાથે પૂરા થઈ જાય છે. એવી રીતે ગોળાકારે આસન છે. સિદ્ધાલય. પણ એ સાત રાજૂની અંદર સમાવેશ છે, ઉપર નહિ. સાત રાજૂની અંદર સમાવેશ છે. પણ એ એક રાજૂ લીધું છે, હોં! સિદ્ધશિલા એક રાજૂ લીધું છે.

મુમુક્ષુ :- દેવલોક ઉપર એક રાજૂ પ્રમાણ...

પૂજ્ય ભાઈશ્રી :- પહોળાઈ એક રાજૂ લીધી છે. સિદ્ધશિલાની પહોળાઈ એક રાજૂ લીધી છે. ઉપર લખ્યું છે, એક રાજૂ. પહોળાઈમાં એક રાજૂ લખ્યું છે.

મુમુક્ષુ :- સિદ્ધશિલા લાંબી છે?

પૂજ્ય ભાઈશ્રી :- ના, બીજના આકારે છે.

પાનું છે-૪૫૫, 'જિનેન્દ્ર સિદ્ધાંત કોષ' ભાગ-૩, ૪૫૫ પાનું છે.

મુમુક્ષુ :- સિદ્ધશિલા ઉપર ...

પૂજ્ય ભાઈશ્રી :- ઉપર જે એક રાજૂ પહોળાઈ લખી છે એ શેની લખી છે? સૌથી ઉપર એક રાજૂ પહોળાઈ લખી છે ઈ? સિદ્ધશિલા ઉપર લીટી મારી...

મુમુક્ષુ :- સિદ્ધશિલા એ પ્રમાણ જે લીધું, એ એક રાજૂ પ્રમાણ ત્રસનાડી છે, એ છે. અને સિદ્ધલોક માટે...

પૂજ્ય ભાઈશ્રી :- ત્રસનાડીના જે બે લીધા છે ને? પહેલેથી નીચે સુધીના, ત્યાં સિદ્ધશિલાના બે છેડા અડે છે.

મુમુક્ષુ :- બરાબર. સિદ્ધલોક બત્રીસ લાખ સોળ હજાર એટલા ધનુષ પ્રમાણ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, ધનુષ પ્રમાણ લીધું છે. આમાં પંદરસો ધનુષ મોટા એમ લખ્યું છે. નકશાની અંદર બીજના બેય છેડા ત્રસનાડીને અડાડ્યા છે. નકશાની અંદર ત્રસનાડીની પહોળાઈને સ્પર્શ કરેલા છે.

સર્વજ્ઞનો સ્વીકાર કર્યા પછી... આના જાણપણામાં થોડો ફેરફાર રહે એ દોષનું કારણ નથી. એ જાણપણાનો વિષય છે. એ જાણપણામાં ફેરફારવાળું જાણે, અન્યથા જાણે, ઊંધું જણાઈ જાય એ ક્ષયોપશમજ્ઞાનની ભૂલ છે. એનો કોઈ દોષ લાગતો નથી. અધ્યાત્મમાં એનો દોષ નથી આવતો. કેમકે એમાં કરણાનુયોગના ચાર અનુયોગમાંથી કરણાનુયોગના પ્રકરણમાં આનો સમાવેશ છે. ત્રણ લોકનો સમાવેશ ક્યાં છે? કરણાનુયોગમાં. જીવના જે પરિણામ છે એ પરિણામના ફળ જીવ ક્યાં ક્યાં ભોગવે છે એની સાથે એનો સંબંધ હોવાથી એ કરણાનુયોગની અંદર એનો વિભાગ છે. અને કરણાનુયોગના શાસ્ત્રો જોતાં સર્વજ્ઞનો સીધો પ્રત્યક્ષ જ્ઞાનનો વિષય હોવાથી અને કોઈ છદ્મસ્થનો કે આચાર્યો સુદ્ધાનો એ પ્રત્યક્ષ જ્ઞાનનો વિષય નહિ હોવાથી કોઈ વખત ગ્રંથોની અંદર ક્યાંક નિરૂપણ ભેદ પણ જોવામાં આવે તો સર્વજ્ઞથી એનું સમાધાન કરવા યોગ્ય છે. (એક મુમુક્ષુ) એ વાત લાવતા. એમનું કરણાનુયોગનું બહુ વાંચન હતું. આચાર્યોના કેટલાક વિષયની અંદર કરણાનુયોગની અંદર વિચારભેદ જોવામાં આવે છે. એક જ મુદ્દા ઉપર. બીજા જે સામાન્ય માણસોને તો એમ થાય કે આચાર્યોના પણ વિચારભેદ થતા હશે? એ તો જ્ઞાની છે. ભાઈ! આ કરણાનુયોગનો વિષય છે. અને પરંપરા ચાલતા ચાલતા અથવા સ્મૃતિમાં રહેતા સંભવ છે કે ક્યાંક ફેર પડે. કેમકે પહેલા તો જ્ઞાન મુખપાઠે ચાલ્યુ આવતું.

**'સોળ સ્વર્ગ, નવ ગ્રૈવેયક, નવ અનુદિશ, પાંચ પચોંતર (અનુત્તર) વિમાન,**

**સિદ્ધશિલા અને સર્વ-ત્રણેય વાતવલય-એમની જેવી શાશ્વત સ્થિતિ છે,...**' આ બધાની અને ત્રણેય વાતવલયની પણ શાશ્વત સ્થિતિ છે '**તેવી સ્થિતિ સદા શાશ્વત રહે છે.**' આ લોકમાં તેવી સ્થિતિ સદાય શાશ્વત રહે છે. એમાં કાંઈ ફેર પડતો નથી. સોળેય સ્વર્ગની સ્થિતિ કાયમ માટે એવી જ રહે છે. એમાં પણ કાંઈ ફેર પડતો નથી. એવી જ રીતે વિમાનોની સ્થિતિ, એવી રીતે સિદ્ધાલયની. વાતાવરણ જે છે, લોક ફરતું જે વાયુનું વાયુમંડળ છે એની પણ સ્થિતિ એવી જ રહે છે. આ ગમે એટલા અણુબોમ્બના પ્રયોગો થાય, બીજું થાય, ત્રીજું થાય, વાતાવરણમાં ફેરફાર થાય છે એમ લોકો કહે છે ને? એ નહિવત્ છે. મૂળ જે વાતવલય છે એમાં કોઈ ફેર પડતો નથી.

મુમુક્ષુ :- વાતવલય એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- એ ફરતો વાયુ છે. લોક ફરતો વાયુ છે. એના ત્રણ થર છે. વલય એટલે એના ત્રણ થર છે. પહેલો થર, બીજો થર અને ત્રીજો થર. એમ ત્રણ પ્રકારના થર છે. થર એટલે Layer. એના લખાણમાં બધું હશે. આ તો બહુ વિસ્તારથી ગ્રંથ છે ને. વાતવલયોં કા પરિચય. એની ઉપરથી લેવું છે? લોકનો વિસ્તાર. અઢી દ્વિપનો ૪૫ લાખ યોજન વિસ્તાર છે.

ઈસ .. પૃથ્વી કે ઉપર સાત હજાર પચાસ ધનુષ જાકર સિદ્ધલોક હૈ. પછી સીધુ વાતવલયનું પ્રકરણ આવે છે. એટલો જ Paragraph છે. 'અંતિમ સર્વાર્થસિદ્ધિ.. સર્વાર્થસિદ્ધિ ઈન્દ્ર કે ધ્વજદંડ સે બાર યોજન માત્ર ઉપર જાકર અષ્ટમ પૃથ્વી હૈ. વહ આઠ યોજન મોટી એક રાજૂ પ્રમાણ વિસ્તૃત હૈ. ઉસકે મધ્ય ઈષત્ પ્રાગ્ભાર ક્ષેત્ર હૈ. વહ ૪૫ લાખ યોજન વિસ્તાર યુક્ત હૈ. મધ્ય મેં આઠ યોજન અને શિરો પર કેવલ એક અંગુલ પ્રમાણ હોતા હૈ. ઈસ અષ્ટમ પૃથ્વી કે ઉપર સાત હજાર પચાસ ધનુષ જાકર સિદ્ધલોક હૈ.' સિદ્ધલોકનું એટલું વર્ણન લીધું છે.

તીન વાતવલયોં કા અવસ્થાન ક્રમ. પ્રથમ ઘનોદધિવાત વલય લોક કા આધારભૂત હૈ. ઈસકે પશ્ચાત્ ઘનવાતવલય, ઈસકે પશ્ચાત્ તનુવાતવલય ઔર અંત મેં નિજાધાર આકાશ હૈ. પછી આકાશ છે. આખો અલોકાકાશ. એમ ત્રણ વાયુના થર છે. Layer જેને કહેવામાં આવે છે. પટ્ટા પાડ્યા છે. ચિત્રની અંદર, નકશાની અંદર એવા પટ્ટા પાડ્યા છે. એટલે એટલો થર ત્યાં જોવામાં આવે છે. પછી એનો વિસ્તાર કેટલો છે, એનું ક્ષેત્ર કેટલું, લંબાઈ, પહોળાઈ બધું આની અંદર બતાવ્યું છે. બહુ મહેનત કરેલી છે.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- કારણ કે જો મનુષ્યલોક ૪૫ લાખ યોજન હોય તો પછી મનુષ્યલોકની બહાર તો કોઈ સિદ્ધ થવા જતા નથી.

મુમુક્ષુ :- નવમી ગ્રૈવયક સુધી મિથ્યાદૃષ્ટિ જઈ શકે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મિથ્યાદૃષ્ટિની ગતિ નવમી ગ્રૈવેયક સુધી છે. પછી અનુદિશ વિમાન છે અને અનુત્તર વિમાન છે. ત્યાંથી ઉપર નથી જતા. સર્વાર્થસિદ્ધિની અંદર તો બધા જ અહંમિન્દ્ર છે. બધા એકસરખા પુણ્યવાળા, એકસરખી યોગ્યતાવાળા. સરખી યોગ્યતાવાળા, સરખા પુણ્યવાળા, સરખા ક્ષયોપશમવાળા. અને સરખી ભવસ્થિતિવાળા. બધાને એક જ ભવ બાકી છે. ત્યાંથી મનુષ્યલોકમાં આવે છે. ચરમશરીરી છે. મનુષ્યલોકમાંથી મોક્ષમાં જાય છે. એટલે ત્યાં કોઈ કોઈના ઉપર પુણ્ય નથી એટલે એ બધાયને અહંમિન્દ્રો કહ્યા છે. બીજા દેવલોકમાં તો ઉપરનો જે પુણ્યશાળી દેવ હોય તો નીચેનો ઓછા પુણ્યવાળો એનો અનુચર હોય. એની સેવા કરે. દેવ હોય તોપણ એ મોટા દેવનો સેવક હોય. બીજા દેવો ઈન્દ્રોની સેવા કરે. જ્યારે અહીંયાં એવું નથી. સર્વાર્થસિદ્ધિમાં બધા અહંમિન્દ્રો છે.

મુમુક્ષુ :- નવ ગ્રૈવયકમાં?

પૂજ્ય ભાઈશ્રી :- નવ ગ્રૈવયકમાં બહુ ખબર નથી. અહંમિન્દ્ર જ છે ને? ત્યાં કોઈની ઉપર કોઈ નથી. કોઈની સત્તા કોઈની ઉપર ચાલે નહિ. કોઈને આજ્ઞા કરવાનું કે અનુચરપણું કરવાનું હોય નહિ. એ જાતના પુણ્ય છે.

જીવનું સ્વરૂપ એ બધાથી મહાન છે, એમ લેવું. બધા પુણ્યના સ્થાનોથી જીવનું સ્વરૂપ સૌથી મહાન છે. સિદ્ધ સમાન છે. જેમ સિદ્ધ પરમાત્મા સૌથી મહાન છે, એમ જીવનું સ્વરૂપ સૌથી મહાન છે. એટલે લોકાલોકની રચનાની ગમે તેટલી વાતો આવે તોપણ પોતાનાથી બધી નીચ પદની વાત છે અને પોતાનું પદ સર્વોચ્ચ પદ છે, એ વાત એને લક્ષમાંથી જવી જોઈએ નહિ. નહિતર એને એમ થઈ જાય કે આવું હોય તો સારું. એમ થઈ જાય. આવું હોય તો સારું એમાં એમાં પોતાનું નીચપદ એણે સ્વીકાર્યું. એમ થયું.

'**વળી લોકાકાશની જેવી સ્થિતિ છે,...**' આ લોકની સ્થિતિની વાત કરી. '**વળી લોકાકાશની જેવી સ્થિતિ છે,...**' તેવી શાશ્વત સ્થિતિ છે. '**અલોકાકાશની જેવી સ્થિતિ છે તેવી શાશ્વત સ્થિતિ છે.**' એટલે કે અલોકાકાશના મધ્યમાં રહેલો અથવા આખા આકાશદ્રવ્યની મધ્યમાં રહેલો લોક, એ પોતાનું સ્થાન પણ ક્યારેય બદલતો નથી. તે જ સ્થાને, લોકાકાશના તે જ સ્થાને લોક રહે છે અને બાકીનું અલોકોકાશનું સ્થાન પણ તેનું તે શાશ્વત રહે છે. એમાં કિંચિત્‌માત્ર ધરતીકંપ થઈને એક તસુમાત્ર પણ

આડુઅવળું, આઘુપાછું થતું નથી. શાશ્વત સ્થિતિ રહે છે. એવી શાશ્વત સ્થિતિ છે.

'**જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાલ દ્રવ્યો-છએ એ સદા શાશ્વત...**' છે. આ જગતના જે છએ દ્રવ્ય છે એ શાશ્વત છે અને એ છએ દ્રવ્યો '**પોતપોતાના જેવા ગુણો છે તે વડે, પોતપોતાના જેવા જેવા પર્યાયો તે વડે શાશ્વત સ્થિતિથી સ્થિતિ છે.**' એટલે પુદ્ગલ મટીને આકાશ ન થાય, આકાશ મટીને પુદ્ગલ ન થાય, ધર્માસ્તિકાય મટીને અધર્માસ્તિકાય ન થાય, અધર્માસ્તિકાય દ્રવ્ય મટીને ધર્માસ્તિકાય ન થાય. એના દ્રવ્ય, ગુણ, પર્યાય એના જ દ્રવ્ય, ગુણ, પર્યાય રહે. કોઈ બીજા દ્રવ્યના દ્રવ્ય, ગુણ, પર્યાય સાથે એને કાંઈ મળવાપણું બને નહિ. ભળે નહિ, મળે નહિ.

'**પોતપોતાની ભિન્ન ભિન્ન સત્તાથી...**' અખંડ ભિન્ન ભિન્ન સત્તાથી '**પોતપોતાની જેવી જેવી સ્થિતિ છે તેવી તેવી સ્થિતિથી ક્યારેય ચલિત થતાં નથી,...**' એટલે પોતાના સ્વરૂપનો ત્યાગ કરે, એક પરમાણુ પણ પોતાના સ્વરૂપનો ત્યાગ કરે (એમ બનતું નથી). કાળાણુ અને પરમાણુનું ક્ષેત્ર સરખું છે. છતાં પણ કોઈ પોતાના સ્વરૂપનો ત્યાગ કરીને કાળાણુ પુદ્ગલ પરમાણુ થાય નહિ અને પુદ્ગલ પરમાણુ કદી કાળાણુ થાય નહિ. '**તેવી સ્થિતિથી ક્યારેય ચલિત થતાં નથી. સદા જેવા ને તેવા જ રહે, તેનું નામ 'યથાસ્થિતિભાવ' કહેવાય છે.**' એવા રહેવાના ભાવનું નામ યથાસ્થિતિભાવ કહેવાય છે અને એના યથાસ્થિતિભાવના કથનને યથાસ્થિતિવાદ કહે છે. તે પણ '**દ્વાદશાંગમાં ચાલે છે.**' એનું કથન પણ દ્વાદશાંગની અંદર ચાલે છે. જ્યાં એનું પ્રકરણ આવે ત્યાં. એ આગમ અનુસાર સંમત કરવું. કેમકે આગમ સર્વજ્ઞ પરંપરા અનુસાર છે. તેથી તે આગમ અનુસાર સંમત કરવું.

## તા. ૬-૫-૧૯૮૬, પાના નં. ૧૬,
## પ્રવચન નં. ૧૩

'જ્ઞેયવાદ'. જ્ઞેયને કહેનારું કથન. જ્ઞેયની વ્યાખ્યા. '**ज्ञातुं योग्यं ज्ञेयं**'. એવી વ્યાખ્યા છે. જ્ઞાનમાં જણાવા યોગ્ય જ્ઞેય કહેવામાં આવે છે. જગતમાં સર્વ પદાર્થોમાં આ જ્ઞેયત્વ શક્તિ છે. ... અન્ય જ્ઞાનમાં, પોતાના જ્ઞાનમાં અથવા કોઈપણ જ્ઞાનમાં, સ્વ-પરના કોઈપણ જ્ઞાનમાં તે જણાય જાય. અહીંયાં સંક્ષેપમાં એ વિષય કહે છે.

**णाणस्य जाव विसया, सपरसव्वदव्वगुणा तिपज्जाया।**
**सहावविभावभावा, णेयं हवदि तं खलु समये।।७।।**
**ज्ञानस्य यावद्विषयाः, स्वपरसर्वद्रव्यगुणाः त्रिपर्यायाः।**
**स्यभावविभावभावाः ज्ञेयं भवति तं खलु समये।।**

'**यावद्विषयाः**' જેટલા ... જેટલાની સ્થિતિ એ કોઈ વિષય વસ્તુ છે. '**पदार्थां**' જે પદાર્થ, જેટલો કોઈ વિષયભૂત પદાર્થ છે '**ते तावत्**' તે બધો જ '**ज्ञानस्य ज्ञेयं ज्ञातुं योग्यं भवति।**' એ જ્ઞાનમાં જ્ઞેય થવાને યોગ્ય છે-જણાવાને યોગ્ય છે. જેટલી કોઈ વસ્તુ છે તે બધી જ્ઞાનને જાણવા યોગ્ય હોય છે અથવા તે જ્ઞાનમાં જણાવા યોગ્ય હોય છે. સર્વ પદાર્થોમાં જ્ઞેયત્વપણું હોવાથી, જ્ઞેયપણું હોવાથી, જ્ઞેય એવો ધર્મ હોવાથી તે જ્ઞાનમાં જણાય છે. અથવા જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. ત્યારે જ્ઞાન તેને જાણે છે એમ કહેવામાં આવે છે.

'તે કે?' તે બધા પદાર્થો અથવા વિષયો તે કોણ? કેવા? '**स्वपरसर्वद्रव्यगुणा, अतीत-अनागत-वर्तमानाः त्रयपर्यायाः**' પોતાના નિજ દ્રવ્ય-ગુણ અને પરદ્રવ્ય-ગુણ. પોતાના દ્રવ્ય-ગુણ, બીજા પદાર્થના દ્રવ્ય-ગુણ. અને અતીત, અનાગત, વર્તમાન. ભૂતકાળ- વ્યતીત થઈ ગયેલી, હવે પછી થવાની અને વર્તમાન વર્તી રહેલી, એ ત્રણે પ્રકારની અવસ્થાઓ-પર્યાયો છે તે જ્ઞાનમાં જણાવા યોગ્ય છે. પોતાનું દ્રવ્ય જણાવા યોગ્ય છે, પોતાના ગુણ જણાવા યોગ્ય છે. બીજા પદાર્થો જણાય છે, બીજા પદાર્થના ગુણ જણાય છે. અને સ્વ-પર બન્ને પદાર્થની ત્રણે કાળની જે અવસ્થાઓ છે એ પણ જ્ઞાનમાં જણાવા યોગ્ય છે.

'**स्वभावविभावा**' અને જેટલા કોઈ સ્વભાવ અને વિભાવ છે, એમાં સ્વભાવ છે તે નિજ વસ્તુ જાતિ ભાવ છે. આ સ્વભાવની વ્યાખ્યા લઈ લીધી. સ્વભાવ,

વિભાવમાં સ્વભાવ એટલે નિજવસ્તુ જાતિ ભાવ. પોતાનો આત્મા પોતાની આત્મારૂપ વસ્તુ, તેનો જાતિ સ્વભાવ, જ્ઞેય સ્વભાવ, તેને અહીંયાં સ્વભાવ કહેવામાં આવ્યો છે. અને વિભાવ એટલે પર વિકાર ભાવ. પરપદાર્થને લક્ષે પરપદાર્થના નિમિત્ત-નૈમિત્તિક સંબંધે ઉત્પન્ન થયેલો વિકૃત ભાવ, તેને પરવિકાર ભાવ કહે છે. તે વિભાવ છે.

'**खलु स्फुटं**' તે બધાને ખરેખર પ્રગટપણે, સ્પષ્ટપણે '**तं ज्ञेयं समये आगमे भणितं**'. સમય નામ આગમમાં, આગમ નામ સમયમાં તેને જ્ઞેય કહેવામાં આવ્યા છે. એવું જે આગમનું કથન, એને અહીંયાં જ્ઞેયવાદ કહ્યો છે. વાદ એટલે કથન. એમાં કાંઈ બાકી ન રહ્યું.

મુમુક્ષુ :- નિજવસ્તુ જાતિ ભાવ કહીને વિધિમાં શું કીધું?

પૂજ્ય ભાઈશ્રી :- નિજવસ્તુ સ્વભાવ. ત્રિકાળી જે સ્વભાવ છે એ નિજ વસ્તુ જાતિભાવ (છે). વર્તમાન વિકાર છે તે વિભાવ છે. એ બન્ને જ્ઞાનમાં જણાવા યોગ્ય છે. જ્ઞાનનું જ્ઞેય કેટલું? જ્ઞાનનું જ્ઞેય આટલું. કોઈ ચીજ એમાં જણાયા વિનાની બાકી રહી જાય, કદી જ્ઞાનમાં જણાય જ નહિ એવું કદી બની શકતું નથી.

ભાવાર્થ :- '**હે ભવ્ય! આ જે જ્ઞાન અર્થાત્ 'જાણવું' છે તે જાણવામાં જેટલું કાંઈ જાણવું છે તે બધું 'જ્ઞેય' નામ પામે છે.**' શું કહે છે? કે આ જ્ઞાન છે. હવે તારી ચાલતી અવસ્થામાં જો કે આ જ્ઞાન છે એમાં જાણવું એવો ભાવ રહેલો છે. જાણવાની જે ક્રિયા થાય છે, જાણવારૂપ એક કાર્ય થાય છે, જાણવું એવું જ્યાં બને છે, ત્યાં તે જાણવામાં જેટલું કાંઈ જાણવું છે, એ જાણવાનો જેટલો કોઈ વિષય છે એ બધાને જ્ઞેય કહેવામાં આવે છે. જ્ઞાનમાં જણાવા યોગ્ય. જ્ઞાન જેને જાણે તેને જ્ઞેય કહેવામાં આવે છે. અથવા જ્ઞેય જેમાં પ્રતિબિંબિત થાય છે, જ્ઞેય જેમાં પ્રતિબિંબિત થતું હોવાથી તે ભાવને જ્ઞાન એવું નામ આપવામાં આવે છે. જ્ઞાન છે એ ખરેખર તો જ્ઞેયપરક નામ છે. જે ભાવનું નામ જ્ઞાન છે, આત્માના જે ભાવનું નામ જ્ઞાન છે તે જ્ઞેયપરક નામ છે. જ્ઞેયને જાણે છે તેથી તેનું નામ જ્ઞાન. પછી એ જ્ઞેયમાં સ્વ પણ છે, એ જ્ઞેયમાં પર પણ છે. સ્વ-પર બન્ને આવી જાય છે. પણ જ્ઞાન એ નામ છે એ જ્ઞેયપરક છે.

'સમયસાર'ની છઠ્ઠી ગાથામાં આચાર્ય મહારાજે પોતે આ વિષયમાં તર્ક ઉઠાવ્યો છે કે જ્ઞાન જ્ઞેયને જાણે છે તેથી તેનું નામ જ્ઞાન છે, પણ તેથી કદી એમ ન સમજવું કે જ્ઞેયને જાણનારું જ્ઞાન અન્ય જ્ઞેયોને જાણવાને લીધે અથવા અન્ય જ્ઞેયોને જાણવાને કાળે, કાંઈ પણ એ જાણવાના કાર્યને અશુદ્ધિ ઉત્પન્ન કરે છે. એવું નહિ સમજવું. એ સ્પષ્ટ કર્યું છે. કેમકે અન્ય જ્ઞેયોનું જ્ઞાનમાં જણાવું એ અશુદ્ધિનું કારણ નથી.

એ કોઈ ખરેખર અશુદ્ધિનું કારણ નથી. એવું જાણીને કોઈ ભૂલથી એવું જાણે કે જ્ઞેય જ્ઞાનમાં જણાય છે તેથી જ્ઞાન મેલું થાય છે, જ્ઞાનની અંદર દોષ ઊપજે છે, આત્માને દોષ ઊપજે છે. માટે જ્ઞાનને એવી રીતે વ્યવસ્થિત કરીએ કે જેમાં કોઈ જ્ઞેય ન જણાય, એમ વ્યવસ્થિત કરીએ. એ જ્ઞાનના સ્વરૂપને જાણતા નથી, જ્ઞેયના સ્વરૂપને જાણતા નથી. અને જ્ઞાનને વ્યવસ્થિત કરવાના પ્રકારને પણ જાણતા નથી.

એક એવો ભ્રમ થયો છે કે જ્ઞાનમાં જ્ઞેયોને આવવા જ ન દેવા. જ્ઞાનમાં જ્ઞેયોને આવવા દઈએ તો જ્ઞેય સંબંધિત કાંઈ વિભાવ થાય ને. વિભાવ પરભાવ છે. અને પરભાવ ક્યારે થાય? કે પર જ્ઞાનમાં જણાય ત્યારે થાય. જો પર જ્ઞાનમાં જણાય જ નહિ તો પછી પરભાવ ક્યાંથી થાય? માટે જ્ઞાનમાં પરભાવનું, પર આવે નહિ, પરજ્ઞેય આવે નહિ એવી કોઈ પરિસ્થિતિ જ્ઞાનની ઊભી કરવી જોઈએ.

મુમુક્ષુ :- જ્ઞેયલુબ્ધતા તો દોષ છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞેયલુબ્ધતા દોષ છે. પણ જ્ઞાનમાં જ્ઞેયનું પ્રતિબિંબિત થવું તે દોષ નથી. બેય જુદી જુદી વાત છે. જ્ઞેયમાં આકર્ષિત થવું, જ્ઞેય જણાતાં જ્ઞેયમાં આકર્ષિત થવું ક્યારે થાય છે? કે જ્ઞેય ઈષ્ટ છે અથવા અનિષ્ટ છે એવી કલ્પના થાય છે ત્યારે. અનિષ્ટ થાય છે એ પણ આકર્ષણનો વિષય છે અને ઈષ્ટ થાય છે એ પણ આકર્ષણનો વિષય છે. આકર્ષણ-આપાકર્ષણ પ્રતિપક્ષ છે. એક સિક્કાની બે બાજુ (છે). એ તો કલ્પનામાત્ર છે. કોઈ જ્ઞેય ઈષ્ટ પણ નથી, કોઈ જ્ઞેય અનિષ્ટ પણ નથી. જ્ઞેય પોતાના સ્વરૂપે પોતાના સ્વરૂપમાં છે. જ્ઞાન પોતાના સ્વરૂપે પોતાના સ્વરૂપમાં છે. તેથી જ્ઞાનમાં જ્ઞેય પ્રતિબિંબિત થાય એ જો દોષનું કારણ હોય તો સર્વથી વધારે દોષ સર્વજ્ઞને ઉત્પન્ન થઈ જાય. પણ એવું તો બનતું નથી.

કોઈ એમ કહે કે સર્વજ્ઞની વાત છોડો, પણ છદ્મસ્થને તો જ્ઞાનમાં જ્ઞેય જણાય ત્યારે દોષ ઊપજે છે, એવું પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. માટે છદ્મસ્થને તો દોષનું કારણ કહો. કહે છે, ત્યાં સિદ્ધાંત તૂટે છે. જ્ઞાન જ્ઞેયોને જાણે અને છતાં દોષ ન થાય, વધુમાં વધુ જ્ઞેયોને જ્ઞાન જાણે તોપણ દોષ ન થાય, એવો જે સિદ્ધાંત છે એ તૂટી જાય છે. સિદ્ધાંત રહેતો નથી. તો તો અપવાદ થયો કે કેવળજ્ઞાનીનું જ્ઞાન જ્ઞેયોને જાણે તો દોષ ન થાય અને છદ્મસ્થનું જ્ઞાન જ્ઞેયોને જાણે તો દોષ થાય. એમ થઈ જાય. પછી કોઈ સિદ્ધાંતિક વાત રહેતી નથી.

છદ્મસ્થનું જ્ઞાન મુખ્ય-ગૌણ ભાવે પરિણમે છે. છદ્મસ્થનું જ્ઞાન પણ અનેક જ્ઞેયોને, સ્વ અને પર બન્ને જ્ઞેયોને જાણવાની શક્તિ ધરાવે છે, જાણે છે અને મુખ્ય-ગૌણતા એમાં થતી હોવાથી કોને મુખ્ય કરે છે અને કોને ગૌણ કરે છે જાણવામાં, એ વિષય

ઉપર જ્ઞાનનો દોષ અને નિર્દોષતાનો આધાર રહેલો છે. જ્ઞાન નિર્દોષ ક્યારે? અને જ્ઞાન દોષિત ક્યારે? એનો આધાર એ કોને મુખ્ય કરે છે એના ઉપર છે. છદ્મસ્થના જ્ઞાનનો વિષય એ પ્રકારે છે.

જો એ સ્વને મુખ્ય કરે, જ્ઞાનમાં સ્વને મુખ્ય રાખે અને સ્વ પોતે મહાન હોવાથી મુખ્ય રાખે તો તે યથાર્થ છે. અને તે જ્ઞાન દોષિત થતું નથી, તે જ્ઞાન સમ્યક્જ્ઞાન હોવાથી અન્ય જ્ઞેયોને જાણવાના કાળમાં પણ એને અજ્ઞાનનો દોષ થતો નથી. જો અન્ય જ્ઞેયોને જાણવાના કાળમાં અન્ય જ્ઞેયોને મુખ્ય કરે છે તેને અજ્ઞાન નામનો જ્ઞાનમાં દોષ ઊપજે છે. જ્ઞાનના વિપર્યાસનો દોષ ઊપજે છે. પણ જો જ્ઞાન પોતાને મુખ્ય રાખે છે, પોતાના જ્ઞેય તરીકે, સ્વજ્ઞેય તરીકે પોતાને મુખ્ય રાખે છે, તેને અન્ય જ્ઞેયો જ્ઞાનમાં જણાય તોપણ તેને તે જ્ઞેયો જાણવાનો દોષ થતો નથી.

એક સાધકજીવનો દૃષ્ટાંત લઈએ કે સાધકજીવને પોતાના પર્યાયમાં થતાં રાગાદિ દોષોનું જ્ઞાન થાય છે અને પોતાના સ્વરૂપનું જ્ઞાન પણ એને વર્તે છે. મુખ્યપણે એને પોતાનું સ્વરૂપજ્ઞાન વર્તે છે, ગૌણપણે એને પોતાના નિજ રાગાદિ દોષોનું જ્ઞાન પણ વર્તે છે. તો એને જ્ઞાનમાં નિર્દોષ નિજ (પરમતત્ત્વનું) જ્ઞાન વર્તતું હોવાને લીધે રાગાદિ દોષોનું જ્ઞાન રાગ વધવાનું કારણ થતું નથી, પણ રાગાદિ દોષોનું જ્ઞાન રાગથી હટવાનું કારણ, રાગ ઘટવાનું કારણ, રાગ મટવાનું કારણ થાય છે. તે જ્ઞાનીને રાગ .... છે. તેથી વર્તમાન અશુદ્ધિને જાણનારા સમ્યક્જ્ઞાનના નયને અશુદ્ધનય એવું નામ આપવામાં આવ્યું છે.

૪૭ નય 'પ્રવચનસાર'ની અંદર લીધા છે. એમાં ૪૬મો અશુદ્ધનય છે. જે જ્ઞાનના અંશનું પ્રયોજન પોતાની પર્યાયમાં વર્તતી અશુદ્ધિને જાણવાનું છે તે જ્ઞાનના અંશને અશુદ્ધનય કહેવામાં આવે છે. અશુદ્ધનયની આ પરિભાષા છે. એટલે અશુદ્ધિને જાણે કે જગતના કોઈ પદાર્થને જાણવું થાય એ દોષ નથી, પણ એ જાણવામાં એને મુખ્યપણે જાણવું થાય તો દોષ થાય. તો જ્ઞાનનો વિપર્યાસ થાય. આમ વાત છે.

મુમુક્ષુ :- કેવળજ્ઞાનીને પૂર્ણ સ્થિરતા પ્રગટ થઈ હોવાથી જ્ઞેય જણાવાથી દોષ ઉત્પન્ન નથી થતો. છદ્મસ્થને પૂર્ણ સ્થિરતા પ્રાપ્ત નહિ થવાથી જણાવાથી, ઉપયોગ બહાર જાય એટલે દોષ ઊપજે ને?

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગ બહાર જાય એ અસ્થિરતાનો દોષ છે, પણ વિપરીતતાનો દોષ નથી. અસ્થિરતાનો દોષ ક્ષમ્ય છે, પણ વિપરીતાતાનો દોષ ક્ષમ્ય નથી. એ અક્ષમ્ય દોષ છે. બે દોષમાં બહુ મોટો ફેર છે. જે અસ્થિરતાનો દોષ છે એ તો સ્થિરતાની Practice ચાલતી હોવાથી અને સ્થિર દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોવાને લીધે, એ

અસ્થિરતા મટતી જાય છે અથવા અસ્થિરતા અનિવાર્યપણે થાય છે. પણ એ અસ્થિરતાનો દોષ મુખ્યપણે ચારિત્રનો દોષ ગણવામાં આવે છે. એને મુખ્યપણે જ્ઞાનનો દોષ ગણવામાં આવતો નથી. એ તો ચારિત્ર અધૂરું હોવાથી એ ચારિત્રશક્તિ હિણી હોવાથી ઉપયોગ એ રીતે બહાર જાય છે. ઉપયોગ બહાર જાય કે ઉપયોગ અંદર જાય, જાણવું એ દોષ નથી. અહીંયાં મુદ્દો આટલો છે કે જાણવું એ દોષ નથી. કેમકે જાણવું એ સ્વભાવ છે. સ્વભાવ છે એ દોષ હોય તો એ વધુને વધુ પરને જાણતાં વધુમાં વધુ દોષમાં પરિણમી જાય.

મુમુક્ષુ :- જાણતી વખતે જે ઈષ્ટ-અનિષ્ટ થઈ જાય છે એ જ દોષ છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ એનો વિભ્રમ છે ને. વિભ્રમ નામનો દોષ છે. જ્ઞાનને ભ્રાંતિનો દોષ છે. એને અજ્ઞાન કહેવામાં આવે છે. જ્ઞાન જ અજ્ઞાનપણે પરિણમે છે.

એ ગાથામાં એ લીધું છે કે જેને જ્ઞાયક મુખ્ય છે એવા સાધકને-સમ્યગ્દૃષ્ટિને સ્વરૂપ પ્રકાશનના કાળમાં જે જ્ઞાયક જાણ્યો છે, સ્વરૂપ પ્રકાશનના કાળમાં એટલે નિર્વિકલ્પ શુદ્ધોપયોગના કાળમાં જે જ્ઞાયક જણાયો છે, તે પરપ્રકાશનના કાળમાં પણ તે જ જ્ઞાયક એને જણાય છે. તો ત્યાં શું લીધું? કે પરપ્રકાશન તો આપ કહો છો. પરપ્રકાશનનો અર્થ પરને જાણે. તો પરને જાણવાના કાળમાં જ્ઞાયક જણાય છે એમ કેમ કહો છો? આ પ્રશ્ન થવા યોગ્ય છે.

કહે છે, પરને જાણવાના કાળમાં પર ગૌણ થઈ જાય છે અને સ્વ મુખ્ય રહે છે. એટલે ખરેખર ત્યાં પર ગૌણ હોવાથી પર જણાય છે એમ નહિ લેતા, પરપ્રકાશનના કાળમાં પણ જ્ઞાયક જ જણાય છે એમ કહી દીધું. એ ન્યાય... બીજું, પરપ્રકાશનના કાળમાં જ્ઞાયક જણાય છે. એવો જે જ્ઞાયક છે, તો એ જ્ઞાયક એના જ્ઞાનમાંથી ખસતો નથી. તેથી પરપ્રકાશનના કાળમાં જો જ્ઞાનીને પર સ્વપણે જણાય એવું તો નથી. પર પરપણે જણાય છે. પુણ્ય પુણ્યના દોષપણે જણાય છે, પાપ પાપના દોષપણે જણાય છે. તેથી જ્ઞાનીનું સર્વ પરિણમન જ્ઞાનમય છે એમ કહેવામાં આવે છે. પરને પર જાણવું, એ કાંઈ દોષ છે? પરને પર જાણવું એ વિપરીતતાનો કાંઈ દોષ નથી. કેમકે ત્યાં વિપર્યાસ ઉત્પન્ન થતો નથી. કેમકે જ્ઞાયક છે એ મુખ્યપણે (રહે છે).

એટલે મુમુક્ષુને પણ એવી ભલામણ કરી છે કે મુમુક્ષુજીવ તો જ્ઞાયકના લક્ષે પરિણમે તો એ અભ્યાસ એને જ્ઞાયકનો અનુભવ થવામાં સાધક થશે. એટલે સર્વત્ર એણે જ્ઞાયકનું લક્ષ રાખવું. ઉદય તો પૂર્વ કર્મ અનુસાર આવશે પણ એણે લક્ષ જ્ઞાયકનું રાખવું. એ ત્યાં સુધી શાસ્ત્ર સાંભળવું તોપણ જ્ઞાયકના લક્ષે, શાસ્ત્ર વાંચવું તોપણ જ્ઞાયકના લક્ષે, ચિંતવન કરવું તોપણ જ્ઞાયકના લક્ષે અને બીજા કોઈ ઉદયભાવમાં

જાવાનું થાય તોપણ એ જ્ઞાયકનું લક્ષ છોડવું નહિ. આમ જો જ્ઞાયકના લક્ષનો સતત અભ્યાસ રહે તો હું જ્ઞાયકપણે છું, એવો એની અંદર ભાવ રહેતો હોવાથી એ ભાવ દૃઢ થઈને, ગાઢ થઈને સ્વરૂપ પ્રકાશન, જ્ઞાયકપણે સ્વરૂપ પ્રકાશન ઉત્પન્ન થાય છે એને શુદ્ધોપયોગ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- બુદ્ધિપૂર્વક વિચાર કરીને જ્ઞાયકનું લક્ષ કરે?

પૂજ્ય ભાઈશ્રી :- ના. વિચાર એ તો સ્મૃતિનો વિષય થઈ ગયો. સ્મૃતિ છે એ બીજી વાત છે. ગુરુદેવને સાંભળે હું તો જ્ઞાયક છું. હું તો જ્ઞાયક છું એવું એને લક્ષ રહેવું જોઈએ. હું જ્ઞાયક છું એવું લક્ષ રહેવું જોઈએ. તમે 'હીરાલાલ' છો એવું યાદ કરવું પડે છે? તમારું જે સ્થાન તમે નક્કી કર્યું છે એ સ્થાનનો વ્યવહાર પણ કોઈપણ જાતનું સ્મરણ કર્યા વગર કરો છો કે નહિ? જ્યારે તમે પુત્ર સાથે વ્યવહાર કરો છો ત્યારે હું પિતા છું, એમ પહેલા સ્મરણ કરો છો? એક મિનિટ ઊભો રહે ભાઈ તું. તારી સાથે વાતચીત વ્યવહાર પછી કરીશ, પહેલાં મને મારું સ્થાન સ્મરણમાં લઈ લેવા દે કે હું પિતા છું. એ કંઈ વિચાર નથી કરવો પડતો.

મુમુક્ષુ :- નક્કી કર્યા પછી-નિર્ણય થયા પછીની પ્રવૃત્તિ થઈ?

પૂજ્ય ભાઈશ્રી :- નિર્ણય થાય છે એમાં લક્ષ થાય છે. લક્ષ થાય છે ત્યારે નિર્ણય થાય છે. નિર્ણય થવો, લક્ષ થવું, ઓળખાણ થવી, પ્રતિભાસ થવો એ બધું એકાર્થમાં છે. 'નિર્ભ્રાંત દર્શનની કેડી'માં શબ્દો વાપર્યા છે. સ્વરૂપનો યથાર્થ નિર્ણય કહો, સ્વરૂપનું ભાવભાસન કહો, સ્વરૂપનું અવભાસન કહો, સ્વરૂપનું પ્રતિભાસન કહો, સ્વરૂપનો નિશ્ચય કહો, સ્વરૂપની ઓળખાણ કહો, સ્વરૂપનું લક્ષ થયું એમ કહો, સ્વરૂપની સન્મુખતા થઈ, આ બધું એક જ અર્થમાં છે. આટલી વાત છે.

એટલે લક્ષ છે એ એમ સૂચવે છે કે જેનું લક્ષ છે તેની મુખ્યતા વર્તે છે. જેનું લક્ષ છે તેની મુખ્યતા વર્તે છે. અને તે જ્ઞાનદશાની આનુષંગિક પર્યાય છે. એટલા માટે કે જેને સમ્યગ્દર્શન થાય છે, તે સમ્યગ્દૃષ્ટિને પણ ઉપયોગમાં અન્ય પદાર્થ સાથેનો પ્રવૃત્તિરૂપ વ્યવહાર હોય ત્યારે પણ એનું લક્ષ ફરતું નથી. એનું લક્ષ રહે છે આત્મામાં. આત્મા ઉપર જેનું લક્ષ રહે એ જો જ્ઞાની છે તો જ્ઞાયકનું જે લક્ષ રહે એને બાકી શું છે? કે દૃષ્ટિ થવી બાકી છે. એક કામ તો એણે કર્યું. સ્વરૂપને લક્ષમાં લેવાનું કામ તો એણે કર્યું. જેની દૃષ્ટિ જેના ઉપર છે એનું એને લક્ષ રહે, એવો સામાન્ય નિયમ છે. પણ અહીંયાં દૃષ્ટિ પછી પરિણમે છે, પહેલા લક્ષ થઈ જાય છે. આ એક નિશ્ચયની વિશિષ્ટતા છે. .. સ્વરૂપ સન્મુખ થાય છે.

ભાવાર્થ :- **'હે ભવ્ય! આ જે જ્ઞાન અર્થાત્ 'જાણવું' છે,...'** જાણવાને અવતરણ

ચિહ્ન કર્યું છે. જાણવું એવું જે છે તે એનું સ્વરૂપ છે, જ્ઞાનનું એ સ્વરૂપ છે કે જાણવું. એ જ્ઞાનનું સ્વરૂપ છે. '**તે જાણવામાં જેટલું કાંઈ જાણવું છે તે બધું 'જ્ઞેય' નામ પામે છે.**' તે જાણવામાં જેટલો કોઈ એને વિષયભૂત પદાર્થ છે, જેટલો કોઈ વિષય છે તે બધાને જ્ઞેય એવું નામ આપવામાં આવે છે. જણાવા યોગ્ય છે માટે એને જ્ઞેય કહીએ છીએ.

'**તે શું શું છે?**' એવું જ્ઞેય તે શું શું છે? '**જાણવું' જે ગુણ છે, તે નિજ દ્રવ્યસત્તાને જાણે છે,...**' પોતાને જાણે છે એ વાત તો પહેલી છે. પોતાને તો પહેલા જાણવો જોઈએ. પોતાને છોડી દે, પોતાને ચૂકી જાય અને અન્યને જાણે તો એ જાણવાની અંદર ઠેકાણું રહેશે નહિ. કેમકે પોતે પોતાના સ્થાનમાં ન રહ્યો. પોતાનું સ્થાન એણે જાળવ્યું નહિ. દુનિયામાં પણ શું થાય છે? ડાહ્યામાં અને પાગલમાં કેટલો ફેર છે? પાગલ પોતાનું સ્થાન ચૂકી ગયો છે. કોની સાથે ક્યા પ્રકારનો સંબંધ છે તેથી તેની સાથે પોતાનું સ્થાન શું છે, એ ભૂલ્યો છે એટલે એ કોઈપણ જગ્યાએ યથોચિત વ્યવહાર કરી શકતો નથી. એટલે જ્ઞાનીની દૃષ્ટિમાં અજ્ઞાનીને પાગલ કહેવામાં આવ્યા છે. એ પોતાનું સ્થાન ભૂલ્યો છે. તેથી એને પારમાર્થિક વિવેક નથી. વ્યવહારિક વિવેક ગમે તેટલો હોય તોપણ પારમાર્થિક વિવેકશૂન્યતા હોય, ત્યાં તે વિવેકને, ડહાપણને ખરેખર વિવેક કહેવાતો નથી.

'**જાણવું' જે ગુણ છે, તે નિજ દ્રવ્યસત્તાને જાણે છે,...**' સ્વને જાણે છે. '**એક નિજ દ્રવ્યના જે અનંતગુણો તેમને જાણે છે,...**' અનંત ગુણોમાં બધાયને ભિન્ન ભિન્ન જાણે એ તો કેવળજ્ઞાનમાં બને છે. પણ પોતે અનંત ગુણાત્મક વસ્તુ છે, દ્રવ્ય છે એમ જાણે છે. કેટલાક ગુણો ઉપરથી શ્રુતજ્ઞાનની અંદર એ વાત નિશ્ચિત થાય છે કે કેટલાક ભિન્ન ભિન્ન ગુણો જ્ઞાનમાં જણાય છે, જ્ઞાન ઉપરાંત, એ ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે આ પદાર્થ અનંત ગુણોને ધારણ કરનારો છે. ક્યા ક્યા, કેટલા એ ભલે ન જણાય તોપણ અનંત ગુણોનો ધરનાર છે, એ રીતે બરાબર શ્રુતજ્ઞાનમાં સમજાય છે. એ રીતે '**એક નિજ દ્રવ્યના જે અનંત ગુણો તેમને જાણે છે, તે એક એક નિજગુણની અનંત શક્તિ તેમને જાણે છે.**' અનંત ગુણને જાણે છે અને ગુણની શક્તિ કેટલી? અનંત. ગુણ હોય, શક્તિ હોય એને અલ્પતા હોય, એમાં અધૂરાશ હોય એવું બની શકતું નથી. અને એ સમજી શકાય છે કે અગ્નિનો ભલે એક કણ હોય, તીખારો હોય, તીખારો કહે છે, અમારે અગ્નિના કણને તીખારો કહે છે, તણખો-તિખારો, શક્તિ કેટલી? કેટલા રૂના Godown બળી જાય? જેટલા હોય એટલા બળી જાય. પછી એની શક્તિ ઘણા એટલા બધા વધારે આવે તો શક્તિ

પૂરી થાય કે નહિ? એ પ્રશ્ન જ રહેતો નથી. શક્તિ એની એટલી ને એટલી બાકી રહે છે.

લાખો, કરોડો, અબજો, અનંતા દાહ્યને બાળે-બળવા યોગ્ય પદાર્થને બાળે તો શક્તિ ઓછી થાય કે નહિ? શક્તિ એટલી ને એટલી જ રહે છે. શક્તિનું એવું સ્વરૂપ છે કે શક્તિનો ઓછો, અધૂરો, વધુ, ઓછો ગમે તે પ્રકારનો વપરાશ થાય, શક્તિ એટલી ને એટલી રહે છે. પદાર્થની શક્તિમાં કોઈ ફેરફાર થતો નથી. એટલે એને અક્ષય અને અમેય કહેવામાં આવે છે. પદાર્થને અક્ષય અને અમેય કહેવામાં આવે છે. એનો ક્ષય નથી ક્યારેય. શક્તિનું ઓછાપણું ન થાય. એટલી ને એટલી શક્તિ જળવાય રહે. એને ઘસારો ન પહોંચે.

... શું ફેર પડે? કાંઈ નહિ. એમ ને એમ રહે. એક જીવ અનંત અનંત અનંત કાળ નિગોદમાં રહીને અનંત દુઃખને ભોગવે. એ સુખનો વિપરીત પર્યાય છે, તો એની સુખશક્તિમાં કેટલો ફેર પડે? કિંચિત્ માત્ર નહિ. જેણે પોતાનું શક્તિ સ્વરૂપ, સામર્થ્યને પોતાનું સ્વરૂપ જાણ્યું તે એમ કહી શકે છે કે ચાહે અનંત કાળ નિગોદમાં ગયો કે અનંત કાળ સિદ્ધાલયમાં ગયો, મારામાં શું ફેર પડે છે? મારા સ્વરૂપમાં તો કોઈ ફેર પડ્યો નથી. એમ જાણે છે. આવું સ્વરૂપ તે હું, એવું શ્રદ્ધાનમાં અહંપણું થવું, એવું શ્રદ્ધાનમાં પોતાનું સ્વરૂપ શ્રદ્ધાય તેને સમ્યક્ શ્રદ્ધાન અથવા તેને સમ્યગ્દષ્ટિ પણ કહેવામાં આવે છે. એક એક ગુણની અનંત શક્તિ પરને જાણે છે.

'**વળી નિજદ્રવ્ય-ગુણના ત્રણે કાળના પરિણમનને જુદું જુદું જાણે છે.**' પોતાના જે દ્રવ્ય-ગુણ છે, એને પોતાને સમયે સમયે પરિણામ થાય છે, તે પ્રત્યેક સમયના પરિણામ જુદાં જુદાં છે એમ જાણે છે. એટલે તે એક સમયનું પરિણામ તે બીજા સમયનું પરિણામ નથી. અથવા પરિણામ અપેક્ષાએ એક સમયના પરિણામમાં બીજા કોઈપણ પરિણામનો, બીજા કોઈપણ સમયના પરિણામનો અભાવ રહેલો છે.

એક પરિણામ અને બીજા પરિણામ વચ્ચે અભાવભાવ છે. બે એક ભાવે રહી શકે નહિ. એક પરિણામ વ્યતીત થાય અને બીજું પરિણામ ઊપજે છે. તો જે વ્યતીત થયું પરિણામ અને બીજું પરિણામ ઉત્પન્ન થયું, એ બન્ને વચ્ચે અભાવ છે. પરિણામ પરિણામ વચ્ચે એકબીજામાં એકપણું થઈ શકતું નથી. તદ્દન જુદું છે, જુદે જુદું પરિણામ છે.

'**નિજદ્રવ્ય-ગુણના ત્રણે કાળના પરિણામને...**' સમય સમયના ત્રણે કાળના પરિણામને જુદું જુદું જાણે છે. એટલે એક પર્યાયને બીજી પર્યાય સાથે ભેગાપણું થતું નથી. ભળતી નથી. એક સમયની પર્યાય બીજા સમયની પર્યાય સાથે, ત્યારપછીના

અનંતર બીજા સમયના પર્યાય સાથે ભળતી નથી, તો લાંબા સમયના પર્યાય સાથે કોઈ પર્યાય ભળે એ તો વિચારવાનો વિષય રહેતો નથી.

યાદદાસ્ત રહે છે. ભૂતકાળની યાદદાસ્ત રહે છે. મેં સવારે ફલાણું ખાધું, ફલાણું કાર્ય કર્યું. આવો વિચાર કર્યો, આવો વિચાર થયો. એવી યાદદાસ્ત રહે છે. પણ એ પર્યાય અને આ યાદદાસ્તની પર્યાય ભિન્ન ભિન્ન છે. એ શક્તિ છે, જ્ઞાનની શક્તિ છે. પૂર્વ પર્યાયને પણ જાણે, આગામી પર્યાયને પણ જાણે એવી શક્તિ છે. બે પર્યાય તો એક થતી નથી. જે પછીની સ્મૃતિની પર્યાય ઉત્પન્ન થવાની છે એ પર્યાયની ગેરહાજરી હોવા છતાં અત્યારે જે ચાલતી પર્યાય છે, એ પર્યાય કાળે હવે પછીની જે સ્મૃતિની પર્યાય થવાની છે, જે સ્મૃતિનો વિષય આ ચાલતી પર્યાય થશે, તે અત્યારે ગેરહાજર હોવા છતાં એ જ્યારે સ્મૃતિની પર્યાય ઉત્પન્ન થશે ત્યારે આને જાણી લેશે. .... ભૂતકાળમાં કે ભવિષ્ય કાળમાં ગયા વિના અને દૂરવર્તી ક્ષેત્રમાં પણ ગયા વિના, પોતાનું ક્ષેત્ર છોડ્યા વિના અન્ય પદાર્થના ક્ષેત્રમાં ગયા વિના એ બરાબર જાણી લે છે કે આમ છે. આ જ્ઞાનની શક્તિ છે.

'**ત્રણે કાળના પરિણમનને જુદું જુદું જાણે છે. વળી પોતે 'જાણવું' છે,...**' પોતે તો જાણે છે. '**પોતામાં 'જાણવું' રૂપને પણ જાણે છે.**' પોતે જાણવું એવા ભાવે છે, એવા સ્વરૂપે છે અને પોતાના જાણવું એવા સ્વરૂપને પોતે જાણે છે. જ્ઞાન તો એને પણ જાણે છે. તેથી પોતાનું જાણવું તે જાણવું પણ છે, એટલે એ જ્ઞાયક પણ છે અને એ જ્ઞેય પણ છે. એમ છે. એને સ્વજ્ઞેય કહેવામાં આવે છે. '**વળી પોતે 'જાણવું' છે, પોતામાં 'જાણવું' રૂપને પણ જાણે છે.**' પોતે ને પોતે પોતાને જાણે છે. '**આ રીતે તે પરદ્રવ્યને જુદું જુદું જાણે છે.**' તે પરદ્રવ્યને જુદું જુદું જાણે છે. તે જાણવું એવું પોતાનું જે સ્વદ્રવ્યને, એ પોતાને જાણતો પરને જાણે છે ત્યારે પરદ્રવ્યને પણ એ જુદાં જુદાં જાણે છે. જાણવું એવું જે છે, એ જે જણાય છે, એમાં નહિ જાણવું એવું જે છે એમ જણાતું નથી. જાણવું છે એ સ્વ રૂપે જણાય છે. જેમાં નથી જાણવું, પોતાનું જાણવું નથી એ બધું પર રૂપે જણાય છે. એ પર છે.

જાણવું અને અનુભવવું. અનુભવનો વિષય અહીંયાં નથી લીધો. કેમકે અહીંયાં જ્ઞેયનું પ્રકરણ ચાલે છે એટલે જાણવાની વાત લીધી છે. અનુભવનો વિષય અહીંયાં નથી. પોતાને જાણતાં પરને જાણવું થાય ત્યાં બન્ને જ્ઞેયો હોવા છતાં, વિચાર એટલે આવ્યો કે સ્વ પણ જ્ઞેય છે અને પર પણ જ્ઞેય છે. છતાં બન્ને જ્ઞેયો એકબીજામાં ભળતાં નથી. કેમકે સ્વ અને પર બન્ને પ્રતિપક્ષ છે. જે પરજ્ઞેય છે એ શું કરવા

પરજ્ઞેય છે? જે અન્ય જ્ઞેય છે એ પરજ્ઞેય શા માટે છે? કે તે સ્વ નથી માટે તે પર છે. એ સ્વની અપેક્ષાએ પર છે. અને તે પર શા માટે છે? કે સ્વ નથી માટે પર છે. ભિન્ન પ્રકારની (વિવક્ષાથી થાય કે નહિ?) સ્વની અપેક્ષાએ પર છે અને પરની અપેક્ષાએ સ્વ છે. એમ અપેક્ષા એટલે વિવિક્ષાથી વસ્તુસિદ્ધિ છે. વસ્તુ સિદ્ધ થાય છે કે આ સ્વ અને આ પર. એ વિવિક્ષાની વાત કથનમાં રહી, જ્ઞાનથી અનુભવ છે. અનુભવ પ્રકાશ છે ને. એટલે જ્ઞાનથી અનુભવ છે, એમ કહે છે. અનુભવ... વિવિક્ષા સ્વ-પરની સ્વ-પરની વિવિક્ષામાં છે. જ્ઞાન તો અનુભૂતિસ્વરૂપ હોવાથી જ્ઞાનથી અનુભવ છે. અને જે જ્ઞાનથી અનુભવ છે ત્યાં બધું અન્યરસ છે. જ્ઞાનનો જ્ઞાનને સ્વપણે અનુભવ થયો ત્યાં જ્ઞાન...

**'આ રીતે તે પરદ્રવ્યને જુદું જદું જાણે છે, એક એક પરદ્રવ્યના અનંત ગુણને જાણે છે...'** આ વાત કરી છે એ બહુ સૂક્ષ્મ વિષય છે, સંસ્કારનો કેમકે જ્ઞાન જાણે છે ત્યારે જ્ઞાનની પર્યાય ઉપર સંસ્કાર, જ્ઞાનની પર્યાય સંસ્કાર ઝીલે છે, અનેક પ્રકારના સંસ્કાર ઝીણે છે. એ જે સંસ્કારનું ઝીલવું છે, જ્ઞાન એનું માધ્યમ છે. એ રીતે જરા વધારે સ્પર્શે છે. અહીંયાં બહુ ચર્ચા નથી એ વિષયને, પણ એ વિષય વધારે ... અવળા સવળા બધા સંસ્કાર પડે છે. સ્વપદાર્થ લક્ષમાં લેતાં સ્વના સંસ્કાર પડે છે અને પરપદાર્થના લક્ષે પર સંબંધિત સંસ્કાર પણ પડે છે. જેમ કે સર્પ છે એ ક્રોધિત પ્રાણી છે. એને કોઈએ ક્રોધ કરતાં શીખવ્યું નથી. આ કીડીની જાત લ્યોને. લાલ કીડી ચટકો ભરે છે અને કાળી કીડી ચટકો ભરતી નથી. બેય કીડી છે. જાત ગણો તો બેય કીડીના જાત છે. પણ બન્નેની પ્રકૃત્તિ જુદી જુદી છે એટલે એના શરીરના રંગ જુદાં જુદાં છે. ગુસ્સાવાળી પ્રકૃતિ છે એટલે લાલ શરીર છે એનું. એને પૂર્વ સંસ્કાર છે.

આ છોકરીની ... રિસાય જાય. રીસાવું એ શીખડાવી દે. જેને રીસાતા ન આવડતું હોય અને શીખડાવવા જાય, નહિ શીખી શકે. બે-ચાર વર્ષની ઉંમરમાં બાળક રીસાતું હોય તો એ શું બતાવે છે? કે એ પ્રકારના એને પૂર્વ સંસ્કાર છે. પૂર્વ સંસ્કાર છે. ચાર સંજ્ઞા અનાદિથી છે જ ને. સંજ્ઞા .... એ સંસ્કારવશ છે. સંસારના સંસ્કારવશ છે.

મુમુક્ષુ :- ઈ પર્યાય તો નાશ થઈ ગઈ, નવી પર્યાય (થઈ).

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ વિચારવાનું ઈ છે ને. એક પર્યાયમાં બીજી પર્યાયનો સદંતર અભાવ હોવા છતાં પદાર્થ એક હોવાને લીધે અને બે પર્યાયો તે બે જુદાં જુદાં પદાર્થ નહિ હોવાને લીધે, પદાર્થ એક હોવાને લીધે બન્ને પર્યાય તદ્દન જુદી જુદી હોવા છતાં, તે બન્ને દ્રવ્યે જુદાં નહિ હોવાને લીધે, પર્યાયમાં સંસ્કાર રહી જાય

છે. આ પરિસ્થિતિ વસ્તુના વિજ્ઞાન સાથે સંબંધ ધરાવનાર વસ્તુ છે.

મુમુક્ષુ :- બૌદ્ધ લોકો એમ જ કહે છે ને કે એ તો નષ્ટ થઈ જાય છે, અને જે કાંઈ બીજી જાણે છે એ સંસ્કારવશ જાણે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ એમ કહે છે કે એક પર્યાય જે નાશ થાય છે, અથવા એક જીવનો નાશ થયો, એ જીવ બીજો જીવ ઉત્પન્ન થયો એમાં પોતાના સંસ્કાર મૂકી જાય છે. આપણે એનું Logic, એના સાહિત્યનું Logic બહુ તપાસ્યુ કે વાંચ્યું નથી, પણ એક બહાર આવેલી જે સ્થૂળ વાત છે તે આ છે. એ જીવ, નવા ઉત્પન્ન થયેલા જીવને પોતાના સંસ્કાર મૂકી જાય છે.

મુમુક્ષુ :- આપણા ચાલતા પ્રકરણમાં સંસ્કાર કોણ ઝીલે છે?

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુ ઝીલે છે. આમ તો કાર્ય કાળે પર્યાય ઝીલે છે. કાર્ય કાળે તો પર્યાય ઝીલે છે. એ સંસ્કાર વસ્તુમાં રહી જાય છે.

મુમુક્ષુ :- ત્રિકાળ જેવી છે તેવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્રિકાળ શુદ્ધ છે એટલી જ વસ્તુ નથી. એટલી જ વસ્તુ નથી. પણ એમાં યોગ્યતારૂપ ધર્મની યોગ્યતાઓ પણ ઘણી રહી છે. જો ધર્મની યોગ્યતા ન રહેલી હોય, શક્તિરૂપે, તો કેવળજ્ઞાનમાં કેવી રીતે આવે? કે ફલાણો જીવ, ફલાણા કાળે, ફલાણા પ્રકારનો રાગ કરશે, એમ ક્યાંથી જાણ્યું કેવળજ્ઞાનમાં? કેવળજ્ઞાને એમ જાણવાનો કેવળજ્ઞાન પાસે શું આધાર છે? મૂળ આધાર શું છે?

મુમુક્ષુ :- એ પર્યાય તો છે નહિ અત્યારે.

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાયની યોગ્યતા પડી છે. એ શક્તિરૂપ પડી છે. અથવા કેવળજ્ઞાનમાં એમ જાણે કે દસ ભવ પહેલાં કે પચાસ-સો ભવ પહેલાં કે હજારો ભવ પહેલાં આ જીવે આવો ભાવ કર્યો હતો. કેવી રીતે જાણ્યું? કેવળજ્ઞાનને એમ જાણવા માટે આધાર શું છે? એ જીવની કરોડો, અબજો ભવ પહેલાં આવી યોગ્યતા હતી, એવી યોગ્યતા-કાર્યરૂપ યોગ્યતા તો એ જીવમાં રહી નથી. યોગ્યતા નહોતી એમ કહી શકાય નહિ. એના પર 'ધવલ'ની અંદર એ વિષય સ્પષ્ટ કરેલો છે.

મુમુક્ષુ :- સંસ્કાર એટલે યોગ્યતા? જે તે સમયની યોગ્યતા?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. સંસ્કાર ઈ સંસ્કાર છે. ... કેમકે એની અંદર ભૂંસાવું થાય છે. પાટીમાં તમે લખો ને ભૂંસાય જાય, લખો અને ભૂંસાય જાય, એવું સ્વરૂપ છે. જેમકે જેનું પ્રબળપણું હોય તો સંસ્કાર ન પડે. વિભાવનું પ્રબળપણું હોય તો સ્વભાવ સંભળાવનાર કેવળજ્ઞાની હોય, દિવ્યધ્વનિ હોય તો સ્વભાવના સંસ્કાર ન ઝીલી શકે. એને સ્વભાવના સંસ્કાર ન પડે. વિભાવનું એટલું સબળપણું હોય, પ્રાબલ્ય

ઘણું હોય તો સ્વભાવ દિવ્યધ્વનિથી સંભળાવવામાં આવે એવા જીવને, તોપણ એને સ્વભાવના સંસ્કાર ન પડે. અને સ્વભાવનું પ્રાબલ્ય હોય તો વિભાવ ઉત્પન્ન થવા છતાં વિભાવના સંસ્કાર ન પડે. એ બહુ ઝીણો વિષય છે.

મુમુક્ષુ :- છાપ? સંસ્કાર એટલે છાપ?

પૂજ્ય ભાઈશ્રી :- સંસ્કાર એટલે સંસ્કાર. કાર્ય થાય છે, સારી રીતે કાંઈક કાર્ય થાય છે, તંકૃતું-કાંઈક કરવામાં આવે છે, સારી રીતે કરવામાં આવે છે, પણ એને સંસ્કાર પડે નથી કહેતાં? આને સંસ્કાર સારા પડ્યા છે. બચપનમાં એ કુટુંબમાં ધાર્મિક રૂઢિ એવી હતી કે એને સંસ્કાર બહુ સારા પડી ગયા છે. બચપનથી સંસ્કાર સારા પડી ગયા છે. એનો અર્થ શું? કે એ કાર્ય સારી રીતે થઈ ગયું છે. સંસ્કૃત ભાષામાં, એ ભાષાનું નામ સંસ્કૃત છે. બધી ભાષાઓથી બહુ વિશિષ્ઠ ભાષા છે એટલે એનું નામ સંસ્કૃત છે. એ સંસ્કૃત ભાષામાં એવો પ્રકાર છે કે કોઈને સારી રીતે ... કોઈના ઉપર કરવામાં આવે ત્યારે એમ કહે કે આને સંસ્કાર કરી નાખ્યા છે. જેમકે અંતિમ સંસ્કાર કર્યો. બહુ સારી રીતે પતી ગયો. ત્યાં સંસ્કાર શબ્દનો પ્રયોગ ... છે. જે શરીર હતું એ હવે અંતિમ, એનો અંત થઈ જાય એવા સંસ્કાર એટલે સારી રીતે...

મુમુક્ષુ :- એક પર્યાય, બીજી પર્યાય, ત્રીજી પર્યાયનો ક્રમ ચાલે છે એમાં જે એકસરખા ભાવ છે, હિનાધિક રહે છે, એકસરખા ભાવ આવે છે એમાં સંસ્કાર કામ કરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- ઘણાં Factor છે એની અંદર. એક જ કાર્યની અંદર ઘણાં Factor છે. તમને કોઈ પૂછે કે કોઈપણ ચીજના બજાર ભાવ શેના ઉપર વધે-ઘટે છે? તો તમે શું કહેશો? કે ભાવ વધવા-ઘટવાના અનેક પરિબળો છે. શું કહે છે? જાણકાર વેપારી તરીકે તમે શું કહેશો? કે કોઈપણ ચીજના ભાવ વધે કે ઘટે એના અનેક પરિબળો છે. જે પરિબળ વધારે Force માં હોય, Major force જેને કહેવામાં આવે છે, એની Effect જોવામાં આવે છે. બાકીનાની Effect જોવામાં આવતી નથી. બસ, પરિણામ આવી ચીજ છે. Major force ક્યુ છે એના ઉપર પરિણામ કામ કરે છે. સંસ્કારનું Major force હોય, પૂર્વ સંસ્કારનું, તો એ કામ કરે છે. વર્તમાનની પર્યાયમાં અનેક ગુણો પ્રવર્તે છે એમાં જેનું Major force છે એ કામ કરે છે. એટલા બધા મુદ્દાઓ છે કે કોઈ એક વાત તપાસવી હોય ત્યારે ક્યુ Major force છે એને સમજવું જોઈએ. તો જ એનો બરાબર નિર્ણય થઈ શકે. નહિતર અન્યાય થાય એવું છે.

મુમુક્ષુ :- મુખ્ય પરિબળ જોવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- મુખ્ય પરિબળ જોવું જોઈએ. બે મિત્રો છે. એક અવગુણી છે અને એક સદ્‌ગુણી છે. હવે અવગુણી સદ્‌ગુણી થશે કે સદ્‌ગુણી અવગુણી થશે? શું નિયમ છે એનો? કહો. સંગ દોષ લાગે છે અથવા સંગથી લાભ-નુકસાન થાય છે એમ કહે છે. કોઈવાર એવું બને છે કે સદ્‌ગુણી હોય એ મટીને અવગુણી થઈ જાય છે. કોઈવાર એવું બને છે કે સદ્‌ગુણીના સંગે અવગુણી મટીને સદ્‌ગુણી થઈ જાય. બન્નેના સદ્‌ગુણ અને અવગુણમાં કોણ વધારે પ્રબળપણે વર્તી રહ્યું છે એના ઉપર આધાર છે. બરાબર છે? એના ઉપર એ સંસ્કાર લેશે. કાર્યનો નિયમ જ એવો છે કે Major force કામ કરે છે.

આ તો અહીંથી વિચાર ચાલ્યો કે ત્રણે કાળના પર્યાયને જુદી જુદી જાણે છે. પરિણામ બધાં જુદાં જુદાં છે. એક પર્યાયમાં બીજી પર્યાયનો સદ્‌ભાવ નથી. છતાં બન્ને પર્યાય તે બન્ને વસ્તુ નથી. એક પદાર્થની અપેક્ષાએ તો તે એક જ પદાર્થના પર્યાયો હોવાથી બીજી પણ વાતો જ્યારે સંસ્કાર વગેરેની, યોગ્યતા વગેરેની, ત્યારે તો એને યથાસ્થાનમાં બરાબર સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.

'નાઈરોબી'માં આ ચર્ચા ચાલી હતી. 'નાઈરોબી'માં એક વાંચનકાર છે. એ લોકોએ ત્યાં એવું વિચારેલું કે એક પર્યાય અને બીજી પર્યાય વચ્ચે પરસ્પર અભાવ છે. અન્યોન્ય અભાવ છે. અન્ય અન્ય પર્યાય હોવાથી અન્યોન્ય અભાવ છે. એટલે સંસ્કાર જેવી કોઈ વાત નથી. વાંચનમાં સંસ્કારની કોઈ વાત આવી એટલે એ લોકોની ચર્ચા ચાલી હતી. આ વાત કેવી રીતે છે? વાંચન પૂરું થયા પછી એ રીતે ચર્ચા.. અને વાંચનમાં કહ્યું કે એક પર્યાય અને બીજી પર્યાય વચ્ચે તો અભાવ છે. પછી સંસ્કારના ઘણાં દૃષ્ટાંત આપ્યા. આટલા આટલા દૃષ્ટાંતોમાં ... છે એ વાત તો નક્કી થાય છે. ચાર સંજ્ઞા છે એ સંસ્કારને સૂચવે છે, બીજું કાંઈ નથી.

બાળકના મોઢામાં પાણીનો સીસો મૂકો છો તો એ ટપટપ પીવે છે સીધો તો આહારસંજ્ઞાને લઈને છે. ત્યાં કંઈ શીખડાવવાનો વિષય નથી. હજી તો તાજું જન્મેલું બાળક હોય તોપણ એને આહારસંજ્ઞા તો જોવામાં આવે છે. જો પૂર્વ સંસ્કાર ન હોય તો એ ક્રિયા સંભવતી નથી. કેમકે ત્યાં એને કોઈ શીખવી શકે એવી યોગ્યતા વર્તમાન પર્યાયની તો છે જ નહિ.

મુમુક્ષુ :- સંસ્કાર હોય કે ન હોય, પણ પુરુષાર્થ કામ કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જેનું જોર હોય એ કામ કરે. ભુંસાય જાય, જૂના સંસ્કાર ભુંસાય જાય. પુરુષાર્થનું જોર હોય તો જૂના વિપરીત સંસ્કારો ભુંસાય જાય. એટલે જૂના સંસ્કારો કેટલા તીવ્રપણે નાખ્યા છે એના ઉપર પણ એનો આધાર છે. એમ

Degree ઉપર પણ એનો ભુંસાવા, નહિ ભુંસાવાનો આધાર છે. જોકે સ્વભાવ સૌથી બળવાન હોવાથી ગમે તેવા વિપરીત સંસ્કારની સામે લડી શકે એવું એનું બળવાનપણું છે. કદાચ ભુંસી ન શકે અને પૂર્વ સંસ્કાર અનુસાર કોઈ ભાવો ઉદયમાં આવે તોપણ સ્વભાવનું જોર હોય એ હારે ને એ જીતે. કોઈવાર તો ભુંસી નાખે. એવા કોઈ તીવ્ર રસથી સંસ્કાર નાખ્યા હોય કે ભુંસાય નહિ તો ઉદયમાં આવે તોપણ બરાબર સ્વભાવનું જોર કામ કરી શકે છે. એ સંસ્કારથી ઉત્પન્ન થયેલા ભાવો છે એ ખલાસ થઈ જાય છે. ઉદયમાં આવીને ખલાસ થાય છે.

મુમુક્ષુ :- કોઈપણ પદાર્થના રસમાં તીવ્ર સંસ્કાર અને મંદ સંસ્કાર કામ કરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, રસ અનુસાર સંસ્કાર તીવ્ર, મંદ પડે છે. જેટલો તીવ્ર રસ એટલા સંસ્કાર પણ બળવાન રહે છે. સંસ્કારનું બળવાનપણું એ રસ ઉપર છે. એટલે જ્ઞાનીઓએ સામાન્ય માર્ગદર્શન-શિખામણ આપી કે તને પૂર્વ કર્મ અનુસાર ઉદય આવશે. કેવા કેવા તેં પૂર્વકર્મ બાંધ્યા છે એ તને અત્યારે ખબર નથી. પણ તને એક સામાન્ય અમારી ભલામણ છે કે કોઈપણ પ્રકારનો પૂર્વકર્મનો ઉદય આવે, મંદ રસ પરિણામે પરિણમજે. તીવ્ર રસ પરિણામે પરિણમતો નહિ. આ એક સામાન્ય માર્ગદર્શન-General શિખામણ છે.

આ તો દ્રવ્યાનુયોગનો વિષય છે. જ્ઞેય છે એ, જ્ઞેયવાદ છે એ દ્રવ્યાનુયોગનો વિષય છે. અહીંયાં કહે છે, '**વળી પોતે 'જાણવું' છે, પોતાના 'જાણવું' રૂપને પણ જાણે છે.**' (અર્થાત્) પોતાના જ્ઞાયક રૂપને પણ જાણે છે. '**આ રીતે...**' તે પોતાના જ્ઞાયક રૂપને જાણતાં '**પરદ્રવ્યને જુદું જુદું જાણે છે.**' અને પરદ્રવ્યમાં પણ '**એક એક પરદ્રવ્યના અનંત ગુણને જાણે છે.**' પરદ્રવ્ય પણ અનંત ગુણવાળું છે એમ જાણે છે. પરદ્રવ્યને એક ગુણ નથી જોવામાં આવતો, એક ગુણવાન ગુણી નથી પણ અનેક ગુણવાન ગુણી છે, એમ જાણે છે. '**પરદ્રવ્યના એક એક ગુણની અનંત શક્તિને પણ જાણે છે.**' જ્યારે એનામાં અનંત ગુણ છે ત્યારે ગુણના સ્વરૂપને એવી રીતે જાણે છે કે પ્રત્યેક ગુણની પોતાની અનંત શક્તિ અને અનંત સામર્થ્ય હોય છે.

'**વળી તે પરદ્રવ્યગુણના ત્રણે કાળના પરિણમનને જુદું જુદું જાણે છે.**' તે પરદ્રવ્યગુણના ત્રણે કાળના પરિણમનને, પરદ્રવ્યની પણ પ્રત્યેક ... છે એ જુદી જુદી છે. એટલે પરિણતિને વ્યતિરેકપણું છે એમ શાસ્ત્રની અંદર કહ્યું છે. પરિણામ છે તે પરસ્પર વ્યતિરેકપણાને પામેલા પરિણામ છે. વ્યતિરેક એટલે જુદું. બે વચ્ચે જુદાપણાને વ્યતિરેકપણું કહેવામાં આવે છે. દ્રવ્ય છે તે તેનું તે છે અને પરિણામ છે તે વ્યતિરેકપણે છે. એવી રીતે દ્રવ્ય-પર્યાયની વ્યવસ્થા રહેલી છે. એટલે એક

એક પરદ્રવ્યના જે પરિણામ છે, તે પરિણામને પણ જુદું જુદું જાણે છે.

'**વળી છએ દ્રવ્યના, ગુણપર્યાયિના નિજજાતિસ્વભાવરૂપ ભાવને જુદા જાણે છે.**' અહીંથી પછી છ દ્રવ્યનો જાતિ સ્વભાવ જુદો છે એ વિષય લીધો છે. સંખ્યા ગમે એટલી હોય, જાતિ સ્વભાવ ... છે. એમ કરીને છ દ્રવ્યનો વિષય અહીંયાં સંક્ષેપમાં લીધો છે.

## તા. ૧૪-૫-૧૯૮૯, પાના નં. ૧૭, પ્રવચન નં. ૧૪

જણાવા યોગ્ય એવા સર્વ પદાર્થોને જ્ઞેય કહેવામાં આવે છે. વિભાગને અનુસરીને પોતે અને પર એવા બે વિભાગ છે અને બન્ને જ્ઞેય છે. પોતે પણ જ્ઞેય છે અને પર પદાર્થો પણ જ્ઞેય છે. તેના પેટા વિભાગમાં પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય અને પર પદાર્થના દ્રવ્ય, ગુણ, પર્યાય. અને પર્યાયના પેટા વિભાગમાં ભૂતકાળની અનંત પર્યાયો, વર્તમાન પર્યાય અને ભવિષ્યની અનંત પર્યાયો, સર્વદ્રવ્યની અને પરદ્રવ્યની, એ બધું જ જ્ઞેયમાં આવે છે. આમ જ્ઞેયનો આટલો વિસ્તાર છે. પહેલી લીટીથી લઈએ.

'**વળી નિજદ્રવ્યગુણના ત્રણે કાળના પરિણમને જુદું જુદું જાણે છે.**' ત્રણે કાળનું જે પરિણમન છે, તે પરિણમનમાં એક સમયનું પરિણમન અને બીજા સમયનું પરિણમન એ જુદું જુદું પરિણમન છે. તેથી શાસ્ત્રમાં એને વ્યતિરેક પણ કહેવામાં આવ્યું છે. વ્યતિરેક એટલે જુદું જુદું. '**વળી...**' અહીંથી ચાલુ છે. '**પોતે 'જાણવું' છે, પોતાના 'જાણવું' રૂપને પણ જાણે છે.**' એટલે જાણવું એવું પોતામાં પણ છે અને તે જાણવું-પોતાનું જાણવું એવા રૂપને પણ જાણે છે. જાણવું એવું આત્માનું રૂપ છે. પોતે, જાણવું-જાણવાની જે શક્તિ, જાણવાનું જે સામર્થ્ય, જાણવાનું જે કાર્ય, એ કાર્યનું જે સામર્થ્ય એ પોતે છે અને તેમાં પોતે કેવો છે, એવા સામર્થ્ય રૂપે પોતે કેવો છે એ પણ એમાં જણાય છે. એટલે પોતે પોતાના જાણવાના રૂપને પણ જાણે છે. જાણવું એવું જે પોતાનું રૂપ છે એને પણ પોતે જાણે છે.

'**આ રીતે તે પરદ્રવ્યને જુદું જુદું જાણે છે.**' આ રીતે તે પરદ્રવ્યને જુદું જુદું જાણે છે. '**એક એક પરદ્રવ્યના અનંત ગુણને જાણે છે.**' પરદાર્થમાં બધા પદાર્થો થઈને એક પદાર્થ છે એમ નહિ, પણ પ્રત્યેક પદાર્થને, પ્રત્યેક પરદ્રવ્યને જુદાં જુદાં જાણે છે. પ્રત્યેક દ્રવ્યનું અસ્તિત્વ જુદું જુદું છે એમ જાણે છે. અને તે પ્રત્યેક દ્રવ્યના અનંત ગુણને પણ જાણે છે. એક એક દ્રવ્ય અનંત ગુણનું સામર્થ્ય લઈને પોતાનું અસ્તિત્વ શાશ્વતપણે રાખે છે એમ જાણે છે. જાણવામાં કેવી રીતે જાણે છે. આ ખુલાસો એટલા માટે છે કે જગતમાં કાલ્પનિક રીતે આ સિવાય પણ અનેક પ્રકારના અન્યથા અભિપ્રાયો વર્તે છે. તેની સામે જૈનદર્શનના, જૈન આગમના વસ્તુ

વ્યવસ્થાના સ્પષ્ટપણે પ્રત્યેક દ્રવ્ય, ગુણ, પર્યાયના વિષયમાં કેવી રીતે જગતનું સ્વરૂપ છે એ સ્પષ્ટ કરેલું છે.

આખા વિશ્વમાં પરદ્રવ્ય છે એ પ્રત્યેક જુદાં જુદાં છે. જુદાં જુદાં છે એટલે તદ્દન સ્વતંત્ર છે અને એક એક પરદ્રવ્યના અનંત ગુણને જાણે છે. જ્ઞાન પ્રત્યેક દ્રવ્યને જુદાં જુદાં જાણે છે, પ્રત્યેક દ્રવ્યના અનંત ગુણને પણ જાણે છે. એવું જ્ઞાનમાં જ્ઞેયપણે અનેક દ્રવ્યનું સ્વરૂપ જણાય છે. પ્રત્યેક દ્રવ્યનું સ્વરૂપ જણાય છે. પ્રત્યેક દ્રવ્યના અનંત અનંત ગુણને જાણે છે. પરદ્રવ્યના એક એક ગુણની અનંત શક્તિને જાણે છે અને ગુણ એક છે. કોઈપણ એક ગુણને અનંત શક્તિ છે. એવા અનંત ગુણને પણ અનંત શક્તિ છે. એમ જાણે છે. ગુણ હોય અને એની શક્તિ અલ્પ હોય એવું કદી બનતું નથી. જેમ અગ્નિનો તણખો છે તોપણ બાળવાની એની શક્તિ વિચારવામાં આવે તો અનંત જ્ઞેયોને બાળે એટલી શક્તિ રહેલી છે.

**'એક એક ગુણની અનંત શક્તિને જાણે છે. વળી તે પરદ્રવ્યના ત્રણે કાળના પરિણમનને જુદું જુદું જાણે છે,...'** સ્વદ્રવ્યના પરિણમનને, નિજ દ્રવ્યના દ્રવ્ય, ગુણના ત્રણે કાળના પરિણમનને જુદું જુદું જાણે છે અને અહીંયાં પરદ્રવ્ય, ગુણના ત્રણે કાળના પરિણમનને જુદું જુદું જાણે છે. જે પહેલી લીટી છે ને? એ સ્વદ્રવ્યને માટે હતી કે નિજ દ્રવ્ય, ગુણના ત્રણે કાળના પરિણમનને જુદું જુદું જાણે છે. એટલે કે પોતાનું જે પરિણમન છે એ પ્રત્યેક સમયે જુદું જુદું છે. એક સમયની પર્યાય બીજા સમયની પર્યાયથી જુદી રહે છે. કોઈ કોઈનામાં ભળતી નથી. અથવા એક સમયની પર્યાય કાળે બીજા સમયની પર્યાયનું અસ્તિત્વ હોતું નથી. એકસાથે એક પદાર્થની બે અવસ્થા અસ્તિત્વ ધરાવતી નથી. એક જ અવસ્થા હોય. એક કાળે બે અવસ્થા હોય એવું બનતું નથી. એટલે જુદી જુદી અવસ્થા છે. એ સ્વદ્રવ્યમાં અને પરદ્રવ્યમાં અવસ્થાનો એ જ પ્રકાર છે. પરદ્રવ્ય, ગુણના ત્રણે કાળના પરિણમનને જુદું જુદું જાણે છે. એક અવસ્થા તે બીજી અવસ્થા નથી. બન્ને વચ્ચે અન્યોન્ય અભાવ છે. એને અન્યોન્ય અભાવ કહ્યું છે. પરસ્પર એકબીજામાં અભાવ છે. એના ઉપરથી થોડી સંસ્કારની વાત ચાલી હતી.

બે અવસ્થા જુદી જુદી છે. એકબીજામાં એકબીજાનો અભાવ છે તો સંસ્કાર પડે છે એનું શું? સંસ્કારનો વિષય શાસ્ત્રમાં આવે છે. કોઈ એવી રીતે પણ કલ્પનામાં જાય છે કે ના, સંસ્કાર પડે છે એવું કાંઈ બનતું નથી. કેમકે બે અવસ્થા જુદી જુદી છે. એક અવસ્થામાં બીજી અવસ્થાનો સદ્ભાવ નથી. માટે સંસ્કાર પડે એવું કાંઈ હોઈ શકે નહિ. કેમકે એનો-અવસ્થાનો નાશ થઈ ગયો. પણ અવસ્થામાત્ર સ્વરૂપે

દ્રવ્ય નથી. વસ્તુ કાંઈ માત્ર અવસ્થા સ્વરૂપે નથી. અવસ્થા ઉપરાંત પણ એનામાં જે અનેક ગુણધર્મો છે અને વસ્તુનું જે એકત્વ છે, પર્યાયોનું વ્યતિરેકપણું હોવા છતાં વસ્તુનું જે એકત્વ છે એ એકત્વ અનુસાર વસ્તુમાં સંસ્કાર પણ રહે છે. એવું સ્પષ્ટપણે સમજી શકાય એવું છે. અને એના વિભાવ સંસ્કારોના પણ અનેક દૃષ્ટાંતો પણ છે અને સ્વભાવના સંસ્કારોના પણ અનેક દૃષ્ટાંતો છે.

જેમકે સર્પની ક્રોધની પ્રકૃતિ છે. કીડીની પણ ક્રોધની પ્રકૃતિ છે. કાળા રંગની કીડીઓ અને લાલ રંગની કીડીઓની પ્રકૃતિ જુદી જુદી છે. જાતિ એક છે કીડીની, પ્રકૃતિ જુદી જુદી જોવામાં આવે છે. તે વિભાવ સંસ્કારો પણ જોવામાં આવે છે. એક જ કુટુંબની અંદર, એક જ હવામાનની અંદર, એક જ આહારપાણીની વ્યવસ્થાની અંદર ઉછરેલા એકસાથે જન્મેલા જોડકા બાળકોની પણ વિરૂદ્ધ પ્રકૃતિ જોવામાં આવે છે. બધું એકસરખું એને મળ્યું. કપડાં એકસરખા મળે, આહાર-પાણી એકસરખા મળે. એ રીતે એના સંસ્કાર જુદાં છે એમ એ બતાવે છે.

સ્વભાવ સંસ્કારના પણ અનેક દૃષ્ટાંતો મળે છે. તિર્યંચની અંદર અને નારકીની અંદર કોઈપણ જાતના દેવ-ગુરુ-શાસ્ત્રનું સમ્યક્ત્વ પામવાનું નિમિત્ત નહિ મળવા છતાં, નિમિત્તની અનુપસ્થિતિમાં પણ પૂર્વ સંસ્કારના વશે (સમ્યગ્દર્શન પામે છે). ત્યાં પૂર્વ સંસ્કારને નિમિત્ત કહ્યું છે, લ્યો! ઉપાદાન અને નિમિત્ત બન્ને તો હોય જ છે એમ કહેવામાં આવે છે. અહીંયાં ઉપાદાન છે તો નિમિત્ત કોણ છે? એના પૂર્વ સંસ્કાર છે તે નિમિત્ત છે એમ કહેવામાં આવે છે. એવા પુરાણમાં અને ઇતિહાસમાં હજારો દૃષ્ટાંત છે કે પૂર્વ સંસ્કારને વશ જીવને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે. 'શ્રીમદ્જી'નો દૃષ્ટાંત છે. આ વખતે ચોવીસમા વર્ષે એ સમ્યગ્દર્શન પામ્યા છે એ પૂર્વ સંસ્કારને વશ પામ્યા છે. કોઈ જ્ઞાનીપુરુષ એમને મળ્યા નથી કે જેને લઈને એમને આત્માનો બોધ મળ્યો હોય.

મુમુક્ષુ :- પૂર્વે જ્ઞાની મળ્યા હોય.

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્વે જ્ઞાની મળેલા. એમની પાસેથી દેશનાલબ્ધિ પ્રાપ્ત થયેલી. એવું બન્યા પછી જ કોઈપણ જીવને નિમિત્ત વિના સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત હોઈ શકે. એમ ને એમ સીધું કોઈને અનાદિ મિથ્યાદૃષ્ટિને કોઈપણ સમ્યગ્જ્ઞાનીના નિમિત્ત વિના, ભૂતકાળમાં પણ નિમિત્ત વિના સીધું જ જ્ઞાન પોતાથી થાય એવું બનતું નથી.

મુમુક્ષુ :- જ્ઞાનીનું મહત્ત્વ ઘણું આવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- છે જ, જ્ઞાનીનું મહત્ત્વ છે જ. ખાસ કરીને મુમુક્ષુની ભૂમિકામાં

જ્ઞાનીના યોગનું અત્યંત મહત્ત્વ છે, ઘણું મહત્ત્વ છે. રસ્તો ભૂલેલા જીવને, દિશા ભૂલેલા જીવને દિશા બદલવી અથવા સાચી દિશા પર્યાયમાં ઉત્પન્ન થવી એ એક અપૂર્વ ઘટના છે, અપૂર્વ ઘટના છે. પૂર્વે કદી એવું નથી બન્યું કે એને અંતર્મુખની દિશા એના પરિણામને મળી હોય એવું કદી બન્યું નથી. એ દિશા જ્ઞાનીના દર્શાવવાથી જીવની પોતાની લાયકાત, યોગ્યતા અને ઉપાદાનને લઈને બેનો મેળ ખાય છે. એક બાજુ પોતાની યોગ્યતા હોય છે. જીવ સન્માર્ગને શોધતો હોય છે. અંતર્મુખ કેમ થવું એની શોધમાં પડેલો હોય છે અને એવા જ કોઈ કાળમાં એ માર્ગને દર્શવનાર મળી જાય છે. આમ બન્નેનો મેળ ખાય છે ત્યારે એને અંતરની દિશા સૂઝે છે, માર્ગની સૂઝ આવે છે. એમ ને એમ સીધે સીધી પોતાની મેળે કોઈને માર્ગની સૂઝ થઈ નથી કે થતી નથી. અને દર્શાવનાર મળે અને પોતે એ શોધમાં ન હોય અને માર્ગ મળી જાય એવું પણ બનતું નથી. બેય વાત સાથે મળે છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'ના નિમિત્તે સત્તરમી....

પૂજ્ય ભાઈશ્રી :- આજનો દિવસ આપણા જિનમંદિરનો સત્તરમી વર્ષગાંઠનો દિવસ છે. આજનો દિવસ નહિ, આમ તો ત્રીજને દિવસે આપણે... ઉત્સવ ગયો એટલે આજે પાંચમને દિવસે રાખી. વૈશાખ સુદ-૩ આપણે ધજારોહણ કરીએ છીએ, ધજા ચડાવીએ છીએ એ આજે ચડાવવાની છે. 'ગુરુદેવ'નો પ્રતાપ છે કે ગામે ગામ આ રીતે જિનેન્દ્ર દર્શનનો, જિનેન્દ્ર દર્શન એટલે પોતાના સ્વરૂપના દર્શનનો એક મહત્ત્વનો યોગ સાંપડ્યો છે. એ વાત ચાલતી હતી. જિનેન્દ્ર દર્શન એટલે સ્વરૂપ દર્શન- આત્મદર્શન. બધાને આત્મદર્શનનો યોગ સાંપડ્યો છે.

મુમુક્ષુ :- જિનેન્દ્રના દર્શન એ આત્મદર્શન કઈ રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા સ્વભાવે પ્રસિદ્ધ પ્રગટ થયા પછી એ આત્માને આત્મસ્વભાવને વ્યક્ત કરતું બાહ્ય રૂપ છે એ સર્વજ્ઞ પરમાત્માનું અરિહંત પરમાત્માનું સ્વરૂપ છે કે જે આત્માનું એવું સ્વરૂપ છે. અનેકા અનેક જીવોએ જિનેન્દ્ર દર્શનથી આત્મદર્શન કર્યું છે. તેથી ત્રણે કાળને વિષે જિનમાર્ગમાં એ જિનમંદિરની અને જિનપ્રતિમાની સ્થાપના જોવામાં આવે છે. એનું મુખ્ય કારણ એ છે. સામાન્ય રીતે એ વાત લોપાય ગઈ છે એટલે માત્ર શુભભાવનું નિમિત્ત સમજવામાં આવે છે. જિનેન્દ્ર પ્રતિમા એટલે ભક્તિ અને શુભભાવનું એક નિમિત્ત છે. ઓઘસંજ્ઞાએ એ સમજણ છે. અંદરનો જે પરમાર્થ છે એ તો એ પરમાર્થ છે કે આત્માને કહી સંભળાવવામાં આવે તોપણ જેટલું આત્મસ્વરૂપનું લક્ષ ન થાય એથી વધુ પ્રમાણમાં લક્ષ જિનેન્દ્ર દર્શનથી થાય છે. એ એની પાછળનો પરમાર્થ છે.

મુમુક્ષુ :- કઈ રીતે...?

પૂજ્ય ભાઈશ્રી :- ભગવાનના સ્વસંવેદન ભાવને અને ભગવાનના અંતર્મુખ પરિણમનના ચિહ્નો એમાં સ્પષ્ટ વ્યક્ત છે. જિનેન્દ્ર પ્રતિમાની અંદર ભગવાનનું સ્વસંવેદન, પરિપૂર્ણ સ્વસંવેદન અને નિરવશેષ અંતર્મુખપણું એ બન્ને ભાવો એટલા વ્યક્ત છે કે લાયક જીવને એ દૃષ્ટિથી નિહાળનારને, એ દૃષ્ટિથી નિહાળનારને એ ભાવો એની અંદર સ્પષ્ટપણે, વ્યક્તપણે દર્શિત થાય છે અને એનું સીધું લક્ષ પોતાના એવા સ્વરૂપ ઉપર જાય છે. ઉપયોગ અહીંયાં જાય છે અને તરત જ લક્ષ ફરીને અહીંયાં જાય છે. એવું નિમિત્તત્વ એની અંદર છે.

મુમુક્ષુ :- જ્ઞાનીના વચન દેશનામાં નિમિત્ત પડે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાનીના વચન (નિમિત્ત પડે છે).

મુમુક્ષુ :- તો એટલું બધું શું પ્રતિમાનું મહત્ત્વ છે? પ્રતિમામાં વાણી નથી. દેશના તો દેતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો એ દૃષ્ટાંત આપણે લઈએ છીએ કે કોઈ એક શિક્ષક છે એ બાળકોને શીખવે છે ત્યારે એમ કહે કે જુઓ, બાળકો! ગુલાબના ફૂલને ગુલાબી રંગ હોય છે. ગુલાબી રંગનું વર્ણન કરે કે ગુલાબી રંગ એટલે લાલ રંગથી પણ જરા ચટકદાર એવો ગુલાબી રંગ. તો જેણે કોઈ દિવસ ગુલાબી રંગ અને ગુલાબી ફૂલ જોયું નથી એવો બાળક શું સમજે છે એમાં? એ ગુલાબના ફૂલને કેટલું સમજે? એને કાંટા હોય છે, એને નીચે ડાંડલી ઉપર કાંટા હોય છે. આટલી આટલી એક એક આંગળા જેટલી એની પાંદડી હોય છે અને રંગ એનો ગુલાબી હોય છે. પણ જેણે ગુલાબી રંગ ચક્ષુ ઈન્દ્રયથી જોયો નથી એને ગુલાબી રંગની શું કલ્પના આવે? એ જ બાળકને એ શિક્ષક હાથમાં ગુલાબનું ફૂલ બતાવે. ગુલાબના ફૂલનું દર્શન કરાવે કે જુઓ, આને ગુલાબનું ફૂલ કહેવાય. જુઓ, આ રંગને ગુલાબી રંગ કહેવામાં આવે છે. તો પેલો જેણે ગુલાબી રંગ જોયો નથી પણ આખું વર્ણન યાદદાસ્તમાં બાળક લઈ લ્યે તો ઘરે આવીને કડકડાટ બોલી જાય કે આજે અમારા શિક્ષકે ગુલાબના ફૂલનું આવું વર્ણન કર્યું હતું. પણ એને ગુલાબનું ફૂલ જો એ વખતે કોઈ લાવીને બતાવે તો આ ગુલાબનું ફૂલ છે એ ખબર ન પણ પડે, પડે પણ ખરી અને ન પણ પડે, પણ વર્ણન કર્યું હોય છતાં, આ ગુલાબનું ફૂલ એમ બતાવ્યું હોય તો પછી ભૂલે ખરો? એના જ્ઞાનમાં જેવું ફૂલ છે એવું ભાસ્યમાનપણું થાય છે.

એમ વાણીથી આત્મસ્વરૂપનું ભાસ્યમાનપણું જે થાય છે એના કરતાં સાક્ષાત્ આત્મસ્વરૂપ પ્રદર્શિત થયેલું છે એવું જે જિનેન્દ્રનું રૂપ છે એમાં આત્મસ્વરૂપનું

ભાસ્યમાનપણું થવાનો વિશેષ અવસર છે. એ અનાદિના મિથ્યાદૃષ્ટિ જીવો માટે. અને સમ્યગ્દૃષ્ટિઓને એ ધ્યાનનું, પોતાને ધ્યાનનું સ્વરૂપ જ્ઞાનમાં છે એટલે પરિપૂર્ણ ધ્યાનનું સ્વરૂપ, પરિપૂર્ણ એકાગ્રતાનું સ્વરૂપ જોતાં પોતાને પણ પોતાના સ્વરૂપધ્યાનનો આવિર્ભાવ થવાનું એ કારણ થાય છે. આમ પ્રકાર છે. અજ્ઞાનીને જ્ઞાનનું નિમિત્ત અને જ્ઞાનીને ધ્યાનનું નિમિત્ત. બન્ને એમાં રહેલા છે. એટલે વિશેષતા છે એની અંદર.

મુમુક્ષુ :- દેશનાલબ્ધિમાં જાણેલું ... દેશનાલબ્ધિ આવ્યા પહેલાં તો સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થાય. પછી જિનપ્રતિમાના દર્શનથી જિનપ્રતિમાને સમ્યગ્દર્શનને નિમિત્ત ગણ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ગૌણપણે નિમિત્ત કહ્યું છે. મુખ્યપણે તો દેશનાલબ્ધિ છે. કેમકે એ સજીવનમૂર્તિ છે. દેશનાલબ્ધિમાં સામે સજીવનમૂર્તિ છે. એટલે જે ચૈતન્યની ચેષ્ટા એમાં વ્યક્ત થાય છે, ભાવ વ્યક્ત થાય છે એનો એક અનાદિઅનંત નિમિત્તત્વનો પ્રકાર વિશિષ્ટપણે છે એ સ્થાપિત કરવામાં આવ્યો છે. છે, એવો જ પ્રકાર છે. કેમકે એમ પણ નહિ સમજાય.

જ્ઞાનને એટલી હદે તો એને આવવું જ રહ્યું કે જેની અંદર આત્મભાવ શું છે? એ પ્રગટ આત્મભાવ જેને છે એ વાત તો એની અંદર અનિવાર્ય છે. એ અનાદિ વસ્તુસ્થિતિ છે. પરસ્પર વસ્તુધર્મની અંદર એ અનાદિ વસ્તુસ્થિતિ છે. 'પાવે નહિ ગુરુગમ બિના, યહી અનાદિ સ્થિત.' અનાદિ સ્થિતિ આ છે. કોઈ કર્યું કરાવ્યું નથી, કોઈએ ગોઠવેલું નથી, કૃત્રિમ વ્યવસ્થા કોઈ ગોઠવેલી નથી. આ વસ્તુસ્થિતિનો જ કોઈ નિયમ છે, બસ. એવી વાત છે. એટલે એમાં તર્કનો બીજો કોઈ અવકાશ નથી. એમ કેમ? એ તર્કનો એની અંદર અવકાશ નથી. જ્યાં અનાદિ વસ્તુસ્થિતિ જ આમ છે. હવે તર્કમાં ચડવા કરતાં પોતાના અનંત ભૂતકાળને તપાસી જોવો અને પછી વર્તમાનને એની સાથે મેળવો.

આ જીવને અનંત કાળની અંદર અંતર્મુખનો માર્ગ મળ્યો નથી, સૂઝ્યો નથી અને અત્યારે પણ સૂઝે એને માટે એને શું જરૂરી લાગે છે? એને એ વિષયની આવશ્યકતા કેટલી હદે જણાય છે? બસ, એના ઉપરથી એને આ વાત સંમત થાય એવું છે. એ વગર સંમત થાય એવું નથી. નહિતર અનેક જાતના તર્ક અને કુતર્ક પણ જીવને ઉઠે છે. પણ પોતાની જરૂરિયાત સમજાય ત્યારે એની વાસ્તવિકતામાં એ આવે છે. ત્યાં સુધી એ વિષયની વાસ્તવિકતામાં આવી શકાતું નથી. તર્ક પણ વાસ્તવિકતાની સાથે મેળવાળો હોવો જોઈએ. વાસ્તવિકતાથી દૂર જાય એ તર્ક નથી પણ કુતર્ક છે.

'**વળી તે પરદ્રવ્યગુણના ત્રણે કાળના પરિણમને જુદું જુદું જાણે છે,...**' એટલે પ્રત્યેક પરદ્રવ્યની અવસ્થાને. એક અવસ્થા અને બીજી અવસ્થા વચ્ચે જુદાં જુદાંપણું

છે એમ જાણે છે. '**વળી છએ દ્રવ્યના, ગુણપર્યાયના નિજજાતિસ્વભાવરૂપ ભાવને જુદાં જુદાં જાણે છે.**' છ દ્રવ્ય છે, એમાં એક ચેતન જાતિનું છે, બાકીના પાંચ અચેતન જાતિના હોવા છતાં તે દ્રવ્યના ગુણ-પર્યાયના પોતપોતાના જાતિસ્વભાવ જુદાં જુદાં છે એમ જાણે છે. જે ધર્માસ્તિકાયની જાતિ છે, તે અધર્માસ્તિકાયની જાતિ નથી. ભલે બન્ને અજીવ છે, બન્ને અજીવ અરૂપી અજીવ છે, બન્નેનું ક્ષેત્ર એકસરખું છે તોપણ બન્નેની જાતિ જુદી જુદી છે. એમ કાળાણુ અને પરમાણુનું ક્ષેત્ર સરખું છે છતાં બન્નેની જાતિ જુદી જુદી છે. એક રૂપી છે, એક અરૂપી છે. એમ છએ દ્રવ્યના ગુણપર્યાયના નિજજાતિસ્વભાવરૂપ ભાવને જુદાં જુદાં જાણે છે.

'**વળી તે જીવના પરભાવને જુદાં જાણે છે.**' જીવના પરભાવ એટલે પરપદાર્થને અનુસરીને થતાં સ્વભાવજાતિ સાથે નહિ મેળ ખાતા એવા ભાવ. જે ભાવોને પોતાના સ્વરૂપની જાત સાથે મેળ નથી એને પરપદાર્થના ભાવ સાથે મેળ છે. જેમકે ક્રોધાદિ પરમાણુની પ્રકૃતિ છે એની સાથે જીવનો ક્રોધભાવ છે એને મેળ છે. તો એ કર્મને અનુસરીને થતાં ભાવને પરભાવ કહેવામાં આવે છે. એટલે સર્વ પ્રકારના ઉદયભાવો છે તે બધા જ પરભાવ છે. અથવા ક્ષયોપમમાં પણ કર્મના ક્ષયોપશમ સાથે અનુસરવાપણું છે એ બધા પણ પરભાવમાં જાય છે. રાગાદિ ભાવ તો પરભાવ અને વિભાવભાવ છે, પણ પરલક્ષી ક્ષયોપશમજ્ઞાન પણ પરભાવમાં અને ઉદયભાવમાં જાય છે. આમ તો ક્ષયોપશમ ભાવ છે તોપણ એ પરભાવમાં જ જાય છે, એ સ્વભાવમાં આવતા નથી. એ જરા સૂક્ષ્મ છે. કેમકે ત્યાં સ્વભાવ જાતિ ઓળખવી હોય તો ત્યાં સ્વભાવ છે પાછો. અને ત્યાં વિભાવ પણ છે પણ એ રાગ જેવો વિભાવ નથી. પણ કર્મને અનુસરીને જ્ઞાન પ્રવર્તે છે એ અપેક્ષાએ ત્યાં એ ભાવને જોઈને ત્યાં વિભાવ કહેવામાં આવે છે. એમ જીવના પરભાવને જુદાં જુદાં જાણે છે. એ પણ એમાં અનેકવિધ પ્રકારના અન્ય અન્ય કાળમાં ઊપજતાં અન્ય અન્ય પ્રકારના છે એ જુદાં જુદાં ભાવો છે.

'**પુદ્‌ગલના પરભાવને જુદાં જાણે છે.**' અને પુદ્‌ગલમાં પણ પરભાવ છે. જીવ અને પુદ્‌ગલ બે પદાર્થોમાં પરભાવ થાય છે. પરભાવ એટલે? પોતાના શુદ્ધ સ્વરૂપથી બીજી જાતના ભાવ તેને પરભાવ કહેવામાં આવે છે. પુદ્‌ગલ પરમાણુ એક શુદ્ધ પરમાણુ છે. તેનાથી વિભાવભાવે પરિણમેલા બધા જ પરમાણુ જે છે તે પરભાવે વર્તે છે. પછી શરીરના પરમાણુ હોય, કર્મના કે નોકર્મના, બધા પરમાણુઓ પરભાવમાં વર્તે છે અને એક શુદ્ધ પરમાણુ વિશ્વની અંદર જુદો થાય એને એના સ્વભાવ પરિણામી કહેવામાં આવે છે. એમ પુદ્‌ગલના પરભાવને પણ જુદાં જુદાં જાણે છે.

'**સંસારપરિણતિને જાણે છે, મુક્તિપરિણતિને જાણે છે.**' કોણ? જ્ઞાન. જ્ઞાનનું

જ્ઞેય કેટલા વિવિધ પ્રકારનું છે એ અહીંયાં અધિકાર છે. પુદ્ગલના પરભાવને જાણે છે. જીવની સંસાર પરિણતિ કેવી હોય એને પણ જાણે છે. સ્વરૂપથી ભ્રષ્ટ થતી, સ્વરૂપથી ચ્યુત થતી, સ્વરૂપને નહિ અનુસરતી એવી જે સ્વરૂપથી બહાર નીકળતી સંસરણ કરતી જે પરિણતિ છે એને પણ જાણે છે કે આ સંસારપરિણતિ છે. અને એનાથી છૂટતી, પર સાથેના બંધનથી, પરપદાર્થના રસથી છૂટતી પ્રતિબદ્ધપણાથી, પરપદાર્થ સાથે જે ભાવને પ્રતિબદ્ધપણું છે એવા ભાવનો અભાવ કરતી જે પરિણતિ છે તે મુક્તપરિણતિ છે. તે સ્વરૂપરૂપ પરિણતિ છે એને પણ જાણે છે. આમ બધાં ભેદોને જ્ઞાન જાણે છે. અને આવા સ્વ-પર પદાર્થના બધા ભેદો તે જ્ઞાનનું જ્ઞેય છે. એટલું અહીંયાં સ્થાપવું છે કે આટલું જ્ઞાનનું જ્ઞેય છે.

ભાવાર્થ :- '**જેટલા દ્રવ્ય-ગુણ-પર્યાયભાવ છે, તેટલા બધાયને તે સાક્ષાત્ જાણે છે.**' જ્ઞાનમાં સીધું જણાય. કોઈની મદદ વિના જણાય તેને સાક્ષાત્ જાણવું કહેવામાં આવે છે. જેટલા કોઈ દ્રવ્ય, ગુણ, પર્યાયભાવ છે એટલા બધાયને તે સાક્ષાત્ જાણે છે. '**એવું જે કાંઈ છે તે બધાયનું જ્ઞાનગુણના જાણવાને ગોચર થવું,...**' એવું જે કાંઈ છે, જગતમાં સ્વ-પર પદાર્થનું જે કાંઈ જેવું છે '**તે બધાયનું જ્ઞાનગુણના જાણવાને ગોચર થવું,...**' જ્ઞાનગુણના પરિણમનની અંદર એનું પ્રતિબિંબ ઉઠવું, '**તે થવું...**' ગોચર થવું '**તે થવું બધુંય જ્ઞેય નામ પામે છે.**' તે બધાયને જ્ઞેય એવું નામ કહેવામાં આવે છે. '**આગમમાં જ્ઞાનગોચરને જ્ઞેયના નામથી કથન ચાલે છે એમ જાણવું.**' જિનાગમને વિષે આ બધું જે જ્ઞાનગોચર થાય તે તમામને, સમસ્તને જ્ઞેય નામ આપવું એમ કથનની અંદર કહેવામાં આવ્યું છે. એને વાદ કહો-કથન કહો એ રીતે અહીંયાં જ્ઞેયવાદ છે. '**ज्ञेयं ज्ञातुं योग्यं**' અથવા '**ज्ञातुं योग्यं ज्ञेयं**' જ્ઞાનમાં જણાવાયોગ્ય તેને જ્ઞેય કહેવામાં આવે છે. એ જ્ઞેય અધિકાર અહીંયાં પૂરો થાય છે.

ત્યારપછી હેયની વ્યાખ્યા કરી છે કે હેય શું? જીવના પરિણામમાં જે મલિનતા ઉત્પન્ન થાય છે, અશુદ્ધતા ઉત્પન્ન થાય છે અને જેને લઈને જીવ દુ:ખી થાય છે, જે મલિનતાના કારણે જીવને દુ:ખનો અનુભવ થાય છે, દુ:ખની પ્રાપ્તિ થાય છે તે હેય છે. હેયમાં બહુ ટૂંકામાં ટૂંકી મૂળ વાત કરી દીધી છે. આ હેય છે. હેય શું? આ પદાર્થ હેય છે. હેયના ભેદ કરે તો અભક્ષ્ય છે તે હેય છે એમ કહેવાય. પણ અહીંયાં તો એક સીધી ચર્ચા મુદ્દાની જ વાત કરી છે. જીવના પરિણામમાં જે અનાદિથી અશુદ્ધતા ઊપજી રહી છે અને અવિનાભાવીપણે ત્યાં દુ:ખની ઉત્પત્તિ થઈ રહી છે, આ જીવને હેય છે. ત્યાગવા યોગ્ય આ છે. એટલે મુદ્દાની વાત કરી.

**जह ससहावे परिणमदि, तह विभावो सयं सहयेण हीयदि।**

**तं तत्थ हेयभावं हेयभावमिणयं जिणणिद्दिट्ठं।।८।।**
**यथा स्वस्वभावे परिणमति, तथा विभावो स्वयं सहजेन हीयति।**
**तं तत्र हेयभावं हेयभावमिदं जिननिर्देष्टं।।८।।**

**'स्वस्वभावे ज्ञानदर्शनचारित्रात्मनि निजजातिस्वरूपे यथा येन येन क्रमेण परिणमति चरति तिष्ठति वा अुभवति वा विश्रामति,...'**

શું કહે છે? પોતાના સ્વભાવે-સ્વ સ્વભાવે એટલે કે જ્ઞાન, દર્શન અને ચારિત્રપણે એટલે કે નિજજાતિ સ્વરૂપે. જેવું સ્વરૂપ છે તેવું જ તે જ પ્રકારે, યથા એટલે તે જ પ્રકારે **'येन येन क्रमेण'** જે જે ક્રમથી **'परिणमति'** આ જીવ પરિણમે છે **'चरति'** એટલે સ્થિર થાય છે, **'तिष्ठति'** એટલે એમાં ઊભો રહે છે અથવા અનુભવે છે અથવા વિશ્રામ લે છે. **'तथा'** તે પ્રકારે **'तेन तेन क्रमेण'** તે જ ક્રમથી. **'विभावो विकारभावः'** વિભાવ કહો કે વિકારભાવ કહો **'तत्र तस्मिन् काले'** ત્યાં તે જ કાળે **'सहजेन'** સહજપણે **'अयत्नपूर्वकेन'** યત્ન વિના **'अयत्नपूर्वकेन'** યત્ન વિના જ **'स्वयं हीयति नश्यति विलयं याति तं'** તે સ્વયં જ નાશ પામે છે, સ્વયં જ એની હાનિ થાય છે અને સ્વયં જ એનો વિલય થાય છે. **'तं हेयभावं'** તેને હેયભાવ કહેવામાં આવે છે. **'नास्तिभावं इदं'** આ પ્રકારે નાસ્તિભાવનું **'जिननिर्देष्टं जिनकथितं'** જિનોએ, જિનેન્દ્રોએ નિર્દિષ્ટ કરેલું, કહેલું આ નાસ્તિભાવનું કથન છે. એને હેયવાદ અથવા હેયની વ્યાખ્યા કહેવામાં આવે છે.

એ જે સંસ્કૃત શ્લોક છે, પદ્યમાં છે એનું ગદ્ય કરેલું છે. એટલે અર્થ કરેલો છે. સંસ્કૃતમાં ને સંસ્કૃતમાં અર્થ કરે છે. એનો ગુજરાતી અર્થ છે. ગુજરાતીમાં એટલું બધું અર્થમાં સંસ્કૃત જેટલું નથી લીધું. ખાલી ગાથાર્થ જ લીધો છે. ઓલામાં તો ભાવાર્થ જેવું આવી જાય છે.

અર્થ :- **'આ આત્મા જેમ જેમ પોતાના નિજજાતિરૂપે પરિણમે છે, વિશ્રામ લે છે, તેમ તેમ તે કાળે જે અશુદ્ધ ભાવ છે તે યત્ન વિના જ આપોઆપ જ ક્યાંય નાશ થઈ જાય છે.'** એટલે અશુદ્ધ ભાવોને નાશ કરવા માટે અશુદ્ધ ભાવો પ્રત્યે કાંઈ પ્રયત્ન હોતો નથી. અશુદ્ધ ભાવનું નાશ થવું આપોઆપ છે, જો શુદ્ધ ભાવનો પુરુષાર્થ કરવામાં આવે તો. પુરુષાર્થને શુદ્ધ ભાવની રચના સાથે સંબંધ છે. અશુદ્ધ ભાવનું ત્યાં નાશ થવું એ આપોઆપ છે, એમ કહેવું છે.

મુમુક્ષુ :- ઉત્પન્ન જ ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- ઉત્પન્ન જ ન થાય. એટલે તો શાસ્ત્રની અંદર જ્યાં પુરુષાર્થની-વીર્યશક્તિના પરિણમનની વાત ચાલી છે ત્યાં સ્વરૂપ રચનાને કરે તે પુરુષાર્થ છે

એમ કહ્યું છે. અસ્તિની વાત છે. જીવમાં જે બળ નામનો ભાવ છે, બળ.. બળ જેને કહે છે, એ બળનું કાર્ય શું? પોતાના શુદ્ધ પરિણામની રચના થાય, શુદ્ધ પરિણમન ઉત્પન્ન થાય, શુદ્ધ પરિણમન રચાય જાય, જેવું સ્વરૂપ છે એવા જ પરિણામની રચના થાય, એમાં જે જોર કામ કરે છે એને વીર્યગુણનું પરિણમન અથવા એને પુરુષાર્થ કહેવામાં આવે છે. એ પુરુષાર્થના સદ્‌ભાવમાં અશુદ્ધતાની ઉત્પત્તિ થતી નથી. કેમકે બે વિરૂદ્ધ અવસ્થા કેમ ઉત્પન્ન થાય? ત્યારે એને આપોઆપ વિભાવનો નાશ થઈ ગયો એમ કહેવામાં આવે છે. વિભાવનો નાશ થવા માટે વિભાવ પ્રત્યયી કોઈ પુરુષાર્થ કરવામાં આવતો નથી. જેમકે ઘરમાં કચરો છે. તો એને સાવરણીથી સાફ કરવામાં આવે છે. તો એ અશુદ્ધ પ્રત્યેનો એક પરિશ્રમ છે. અહીંયાં આ જીવના પરિણામમાં અશુદ્ધતા છે એને કોઈ સાવરણની લઈને સાફ કરવાનો પરિશ્રમ કરવો પડે છે? કે ત્યાં એવો પ્રકાર નથી.

જીવનું જે શુદ્ધ સ્વરૂપ, વિભાવ વિનાનું જે સ્વરૂપ, રાગાદિ વિનાનું જે સ્વરૂપ, એનું શ્રદ્ધવું, એનો અનુભવ કરવો, એમાં સ્થિર થવું એવું જે પુરુષાર્થનું કાર્ય છે એમાં અશુદ્ધતા આપોઆપ ઉત્પન્ન થતી બંધ થઈ જાય છે. અશુદ્ધતા ટાળવા માટે બીજું અશુદ્ધતાને અનુલક્ષીને અશુદ્ધતામાં ફેરફાર કરવો એવી કોઈ એની અંદર છે નહિ. પુરુષાર્થ છે એ શુદ્ધતા (સાથે) સંબંધ ધરાવે છે, અશુદ્ધતા સાથે પુરુષાર્થને સીધો સંબંધ નથી. એ તો આપોઆપ જ નાશ થાય છે. એવી વાત અહીંયાં લીધી છે.

મુમુક્ષુ :- પ્રકાશ થતાં અંધકાર નાશ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અંધકારને ઉલેચવો પડતો નથી. એ દૃષ્ટાંત છે. અહીંયાં અત્યારે અંધકાર છે તો હવે એ અંધકાર ઉપર શું પ્રક્રિયા કરીએ? એને કોઈ સાવરણી લેવી? એના માટે સુપડુ લેવું? એના માટે પાવડા, ત્રિકમ, કોદાળી લેવા? એના માટે શું કરવું? અંધકારને કાઢવા માટે અંધકારને ધક્કો મારવો? શું કરવું? અંધકારને અડવાની કાંઈ જરૂર નથી. પ્રકાશ કરો એટલે અંધકારની ઉત્પત્તિ નહિ હોય. આવો પ્રકાર છે, શુદ્ધતા અને અશુદ્ધતાને વિષે.

મુમુક્ષુ :- પ્રકાશની વાત 'ગુરુદેવશ્રી'એ ૪૫ વર્ષ કરી.

પૂજ્ય ભાઈશ્રી :- એક જ વાત કરી છે. જોકે એવું લાગે છે, આપણે તો અત્યારે બાર અંગની ઉપસ્થિતિ નથી, પણ એવું લાગે છે કે વધુમાં વધુ વિસ્તાર આ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવાનો જ શાસ્ત્રમાં હશે એવું લાગે છે. કેમકે પછી જેને જ્ઞાન થયું-સ્વરૂપબોધ થયો-આત્મબોધ થયો, એને વિશેષ શું બોધ આપવાનો? એ બોધદશામાં જેઓ ચારિત્રની અંદર પણ આગળ વધી ગયા, સારભૂત એવું સ્વરૂપ

પરિણમન, એ સ્વરૂપ પરિણમનમાં પણ જેઓ મજબૂત થઈ ગયા, મુનિદશામાં આવી ગયા, એને શું બોધ વિશેષ? એ તો જ્ઞાનપ્રાપ્ત આત્માઓ છે, એને બીજું જ્ઞાન શું દેવાનું હોય? એ તો ચાલ્યા. એના પ્રયોજનને બરાબર પકડી લીધું છે અને એ સાધ્યની સિદ્ધિમાં એ તો આગળ વિચરી જ રહ્યા છે, પ્રયાણ કરી જ રહ્યા છે, મોક્ષમાર્ગે આગળ વધી જ રહ્યા છે, એને વિશેષ શું સમજાવવાનું? પણ જેઓ સમજ્યા નથી એને સમજાવવા માટે અનેક પ્રકારે (સમજાવે છે). અણસમજણના પણ અનેક પ્રકાર હોવાથી, અજ્ઞાનના પણ અનેક પ્રકાર હોવાથી, એનો વિસ્તાર શાસ્ત્રની અંદર વિશેષ હશે. બાર અંગમાં પણ એનો પ્રકાર, એનો વિભાગ વિશેષ હશે. એવું એક અનુમાન થાય છે. અત્યારે તો બાર અંગ ઉપલબ્ધ નથી, પણ એવું અનુમાન થાય છે કે એ ભાગ વિશેષ હશે. જીવોની પણ એ સંખ્યા વિશેષ છે. જ્ઞાનીઓ કરતાં અજ્ઞાનીઓની સંખ્યા વિશેષ છે. સમવસરણમાં પણ એમ છે અને જગતમાં પણ એમ જ છે.

'કુંદકુંદાચાર્યે' પણ 'સમયસાર' લખ્યું તો એ પણ આ જ મુદ્દા ઉપર લખ્યું. મિથ્યાત્વનો નાશ થાય, અજ્ઞાનનો નાશ થયો, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ કેમ થાય, આ એક જ Point ઉપર, એક જ વિષય ઉપર આખા શાસ્ત્રનો વિસ્તાર છે. એક જ મુદ્દા ઉપર વિસ્તાર છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'એ પણ આ જ વિસ્તાર કર્યો છે?

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવશ્રી'એ એના ઉપર જ વિશેષ વજન આપ્યું છે. ૧૯ વાર 'સમયસાર' ઉપર પ્રવચનો થયા છે. બીજા શાસ્ત્રો ઉપર પ્રવચનો થયા છે, પણ વધુમાં વધુ પ્રવચનો 'સમયસાર' શાસ્ત્ર ઉપર થયા છે એ પ્રસિદ્ધ છે. પોતાને પણ નિમિત્તભૂત 'સમયસાર' શાસ્ત્ર થયું છે.

મુમુક્ષુ :- બહુ સરસ વાત આવી આજે. આજે દિવસ પણ મોટો અને વાત પણ મોટી આવી. 'સમયસાર'ની એક જ ગાથા ઉપર દરેક વખતે જુદાં જુદાં ભાવ..?

પૂજ્ય ભાઈશ્રી :- જુદાં જુદાં ભાવો એટલે કહેવાની પદ્ધતિ અને રીતમાં વિષય ચાલતો હોય પણ મૂળ વાત એક જ કરવી છે. જુદું જુદું દેખાય પણ મૂળ વાત એક કરવી છે એમ. રીત ક્યાંય બદલતી નથી. કથન બદલે છે, કથનના પડખાં જુદાં જુદાં આવે છે પણ એક રીત અને એક વિષયને કહેવા માટે આવે છે. આમ એક ન્યાયે જુદું જુદું કહેવાય પણ એક ન્યાયે જુદું જુદું નથી, એક જ છે. એમ છે. આત્મા કેવો છે એ બતાવવું છે. જેવો આત્મા છે એ દર્શાવવો છે. કેમકે એ દર્શાવતા, એ જાણતાં એનું શ્રદ્ધાન થાય, એનું જ્ઞાન થાય, એનું ચારિત્ર થાય. બસ! આ હેતુ છે.

મુમુક્ષુ :- મૂળ સ્વરૂપે આત્મા કેવો છે?

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા જ્ઞાયક છે. મુખ્યપણે સમયસારનો જે વિષય છે, એમાં આત્મા જ્ઞાયક છે એમ કહેવું છે. જોકે જ્ઞાન એક ગુણ છે અને બીજા એવા અનંત ગુણ છે. તોપણ આચાર્ય મહારાજે એ સ્પષ્ટતા કરી છે કે આત્મા જ્ઞાનપ્રધાન અનંત ગુણસ્વરૂપે છે. જ્ઞાનગુણ સ્વરૂપે માત્ર નથી, પણ જ્ઞાનપ્રધાન અનંત ગુણસ્વરૂપે છે. એટલે ૪૭ શક્તિનું વર્ણન કરીને કહ્યું કે આવી અનંત શક્તિઓથી આત્મા સુનિર્ભર છે, તોપણ '**ज्ञानमात्रमयतां न जहाति भावः**'. તોપણ એ જ્ઞાનમાત્રમયપણું છોડતો નથી. એમ કરીને જ્ઞાનની પ્રધાનતાથી આત્માને દર્શાવ્યો છે. અને એક જ્ઞાનના સ્વભાવને સમજવામાં આવે, જ્ઞાનના પરિણમન ઉપરથી એમાં જે વ્યક્ત સ્વભાવ છે, વ્યક્ત શક્તિ છે, એમાં જે શક્તિનું દર્શન છે એ જો જ્ઞાયકશક્તિને સમજવામાં આવે તો આખો આત્મા સમજાય છે. આખેઆખો આત્મા અખંડ આત્મા સમજાય જાય છે. આ એક વિશિષ્ટતા છે. અને એ સિવાય બીજી કોઈ રીતે પાછો આત્મા સમજાતો નથી. નિશ્ચયમાં આવતો નથી. એ વાત ૨૪૬મા કળશમાં સ્પષ્ટ કરી છે.

૨૪૬મો કળશ એટલે આખું 'સમયસાર' પૂરું કર્યા પછી ૪૧૫ ગાથા પછીનો આ કળશ છે, પહેલો કળશ છે. '**इतीदमात्मनस्तत्त्वं ज्ञानमात्रमयस्थितम्**' આત્માના તત્ત્વને અમે જ્ઞાનમાત્રપણે અહીંયાં સ્થાપિત કર્યું છે, વ્યવસ્થિત કર્યું છે. એનું કારણ કે આત્માનો નિશ્ચય જ્ઞાન સિવાય બીજી કોઈ રીતે થઈ શકતો નથી, થવો સંભવિત નથી. માટે બીજા કોઈપણ ગુણની મુખ્યતાથી આત્માને વિચારીને કોઈ નિશ્ચય કરવા જાય તો એનો નિશ્ચય કે નિર્ણય થઈ શકશે નહિ. એમ ત્યાં કહેવા માંગે છે. એ રીતે જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવાની વાત પહેલામાં પહેલી જે મુમુક્ષુને છે કે નિશ્ચયની દિશામાં પ્રયત્ન કરવો જોઈએ.

પૂજ્ય ગુરુદેવે જે શાસ્ત્ર સ્વાધ્યાયની વ્યવહાર પ્રણાલિકા, આમ તો શાશ્વત સનાતન જૈનદર્શનને વિષય છે જ એ વ્યવહારની પ્રણાલિકા, પણ એ લગભગ લુપ્તપ્રાયઃ હતી તો એ પ્રણાલિકા જરા સતેજ કરી અને ગામેગામ સ્વાધ્યાય થાય એ પ્રકારની વ્યવસ્થા ચાલી. તો એની અંદર આશય એ જ છે કે એ સ્વાધ્યાયના માધ્યમથી જીવોને સ્વરૂપ નિશ્ચયનો એક વિષય, સ્વરૂપ નિશ્ચય સંબંધિનો પુરુષાર્થ કામ કરે, એની પરિણામની પ્રવૃત્તિ કામ કરે અને સ્વરૂપ નિશ્ચયની દિશામાં જવા માટે સ્વાધ્યાય એકમાત્ર વિશિષ્ટ સાધન છે. એ વાત ત્યાં સ્પષ્ટ કરવી છે.

મુમુક્ષુ :- અજ્ઞાનીને તો અશુદ્ધ પરિણમન છે, એમાં ક્યાંથી ગોતવો? કઈ રીતે ગોતવો?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનમાંથી ગોતવો. જ્ઞાનમાં શુદ્ધતા છે.

મુમુક્ષુ :- અત્યારે છે? સમજાવો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાનમાં અત્યારે પણ શુદ્ધતા છે. જો જ્ઞાનમાં શુદ્ધતા ન હોત અને સર્વથા અશુદ્ધતા હોત, સર્વ શુદ્ધતા નથી જ્ઞાનમાં અત્યારે, પણ વાનગી છે એની અંદર. જો સર્વથા અશુદ્ધતા હોત તો જ્ઞાનની અંદર કોઈ જ્ઞેયનું પ્રતિબિંબ જ ઝળકત નહિ. જ્ઞાન અનેક જ્ઞેયોનું પ્રતિબિંબ ઝીલે છે એ બતાવે છે કે જ્ઞાનની અંદર સ્વચ્છતા અને શુદ્ધતા રહેલી છે. હવે એ તો પરિણામથી એ વાતને બતાવી. પણ શુદ્ધ-અશુદ્ધ તો પર્યાયનો વિષય છે, અહીંયાં જરા સૂક્ષ્મ દૃષ્ટિએ જ્ઞાનથી જ્ઞાયક શક્તિને, જ્ઞાનની શક્તિને અવલોકનમાં લેવી જોઈએ, સમજણમાં લેવી જોઈએ. શોધીને. એ શોધવાનો વિષય છે.

જ્ઞાનપર્યાયમાં જ્ઞાયક શક્તિના દર્શન કરવા. જ્ઞાન શક્તિના દર્શન કરવા. એ અંતર શોધનો વિષય છે. એ જ્ઞાનમાં ને જ્ઞાનમાં એણે શોધ ચલાવવી જોઈએ કે અહીંયાં શક્તિ ક્યાં છે? જ્ઞાનની શક્તિ એટલે શું? અને શક્તિનું સ્વરૂપ તે શું? એ શક્તિનું સ્વરૂપ એ ખરેખર તો આત્માનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :- પર્યાય જુએ છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાયમાં શક્તિ જોવી. પર્યાયમાં માત્ર પર્યાયને ન જોવી, જ્ઞાનની પર્યાયમાં માત્ર જ્ઞાનની પર્યાય ન જોવી પણ જ્ઞાનની શક્તિને જોવી. તમે અગ્નિના તણખામાં કેમ એવો વિચાર કરો છો કે જો જો ભાઈ, અહીંયાં ઘાસ પડ્યું છે, અહીંયાં ગ્યાસતેલ પડ્યું છે, અહીંયાં પેટ્રોલ પડ્યું છે. ત્યાં તમે માત્ર એમ નથી કહેતાં કે આટલો તીખારો શું કરવાનો હતો? ઘાસ તો આટલું બધું પડ્યું છે. ગ્યાસતેલનો તો ડબ્બો ભર્યો છે, એમાં તીખારાની શું ગુંજાઈશ છે? ત્યાં તો તમે શક્તિના દર્શન કરો છો કે જો જો, ભાઈ! એક કણિયો છે અગ્નિનો પણ શક્તિ બધાને બાળે એવી છે. માટે અગ્નિનો કણિયો નહિ સમજતા, બધું બાળે છે એવી શક્તિ ત્યાં સમજી લેજો. તો ત્યાં તમે પર્યાય જુઓ છો કે શક્તિ જુઓ છો? શક્તિ જોતા આવડે છે તમને? આવડે છે? તો આમાં પછી એ જ શક્તિને જોતા આવડે છે એનો જ પ્રયોગ છે. એમ નથી કે નથી આવડતું. નહિતર વળી કોઈ એમ કહે કે અમારે પર્યાયમાં શક્તિ કેવી રીતે જોવી? કે જો તને આવડે છે. પર્યાયમાં પણ તને શક્તિ જોતા આવડે છે ખરેખર તો. નથી આવડતું એવું કાંઈ નથી. જ્યાં તને ખબર પડે છે ત્યાં બરાબર તું શક્તિને જોવે છો. અહીંયાં પણ એ જ રીતે જ્ઞાયકશક્તિને તું જો તો તને પરિપૂર્ણ એવું આત્મસ્વરૂપ જ્ઞાનમાં આવશે. એક વિશિષ્ટતા એ છે કે ત્યાં

એક શક્તિ જુદી નથી જણાતી, ત્યાં અનંત શક્તિ સંપન્ન આખા આત્માનો નિશ્ચય થઈ જાય છે. આ એક વિશિષ્ટતા છે.

અર્થ લઈએ. '**આ આત્મા જેમ જેમ પોતાના નિજજાતિરૂપે પરિણમે છે, વિશ્રામ લે છે, તેમ તેમ તે કાળે જે અશુદ્ધ ભાવ છે તે યત્ન વિના જ આપોઆપ જ ક્યાંય નાશ થઈ જાય છે.**' શું કહે છે? જ્યારે પોતાનું નિજ જાતિરૂપ જેવું છે તેવું જાણીને, તેવું સ્વીકારીને, શ્રદ્ધીને એટલે સ્વીકારીને એ જ રૂપે પરિણમે છે-હું આવો જ છું, એમ શ્રદ્ધા-જ્ઞાનથી પરિણામ કરે છે ત્યારે એમાં સ્થિરતા આવે છે એને વિશ્રામ કહેવામાં આવે છે. ત્યારે એમાં ઉપયોગ સ્થિર થઈ જાય છે.

મુમુક્ષુ :- વિશ્રામ બહુ ગમે છે.

પૂજ્ય ભાઈશ્રી :- વિશ્રામ છે એ તો જીવને દુઃખથી મુક્તિનો ભાવ છે, આરામનો ભાવ છે. આમ તો લોકો એમ વિચાર કરે છે કે આરામ કરતાં હોય તો આપણને સુખચેન છે. આરામ કરવા માટે સારામાં સારા આરામ કરવાના સાધનો, શરીરને આરામ મળે એવા સાધનો વસાવવામાં આવે છે. પણ એમ પૂછવામાં આવે કે આત્માના જ્ઞાયકભાવમાં વિશ્રામનો આરામ થયા વિના શું શરીરનો આરામ એ આરામ સંબંધીની એક ભ્રાંતિ નથી? આવો એક પ્રશ્ન પૂછવો જોઈએ, પોતે પોતાને. જ્યારે આરામ કરવાનો વિચાર આવે કે આરામ કરી લઈએ, પછી જરા ચેન પડે. કેમ? એને એમ કહે છે કે સ્વરૂપમાં વિશ્રામ થયા વિનાનો જે આરામ છે એ શરીરના આરામમાં મને આરામ થયો, એવો કોઈ ભ્રાંતિનો ભાવ છે? શું છે જરા તપાસ. કેવી આ ભ્રાંતિ છે? એ ભ્રાંતિગત આરામ છે એમાં કદી એ આરામથી આત્માને-જીવને તૃપ્તિ થાય છે એવું બનતું નથી.

'**નિજજાતિરૂપે પરિણમે છે, વિશ્રામ લે છે, તેમ તેમ તે કાળે જે અશુદ્ધ ભાવ છે તે યત્ન વિના જ આપોઆપ જ ક્યાયં નાશ થઈ જાય છે.**' અથવા તે કાળે અશુદ્ધ ભાવની ઉત્પત્તિ થતી નથી. તે કાળે એટલે જે પૂર્વે ઉત્પન્ન થયેલો અશુદ્ધ ભાવ હતો એ સમય સમયનો ભાવ છે. કોઈ અશુદ્ધતા શાશ્વત નથી, ધ્રુવ નથી. એ સમયે સમયે વિલય પામતો ભાવ છે. જ્યારે શુદ્ધભાવનો ઉત્પાદ થયો ત્યારે અશુદ્ધ ભાવનો ઉત્પાદ બંધ થઈ જાય છે. ત્યારે તે કાળે અશુદ્ધ ભાવ છે તેનો નાશ થયો એમ કહેવામાં આવે છે. ખરેખર તો પૂર્વ કાળની અશુદ્ધતાનો નાશ થયો છે, વર્તમાન કાળે તો શુદ્ધતા જ ઉત્પન્ન થઈ છે.

અનુભવમાં પણ એમ જ છે. જ્યાં સુધી જીવને બુદ્ધિપૂર્વકના રાગની ઉત્પત્તિ છે, મનમાં વિકલ્પ થાય છે, ભલે આત્માનો વિકલ્પ થાય કે હું જ્ઞાયકભાવ છું, એવો

જે એક વિકલ્પ થાય છે એનો પણ જીવ, આવો વિકલ્પ તે હું, એમ અનુભવ કરે છે, જ્યાં સુધી વિકલ્પની એકતા વર્તે છે ત્યાં સુધી. સમ્યગ્દર્શન પહેલાં વિકલ્પ સાથે, રાગ સાથે એકત્વબુદ્ધિ રૂપ પરિણમન છે. એમાં જ્ઞાયકભાવ છું, એવો જે વિકલ્પ છે, એવો જે રાગ છે, એની સાથે પણ એકતા થાય છે. ત્યારે એ વિકલ્પ જેવો હું એવું ત્યાં પરિણમન છે. એ અશુદ્ધ પરિણમન છે.

હવે જ્યારે પરિણમન, નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં સમ્યગ્દ્રશનના કાળમાં ઉત્પન્ન થાય છે ત્યારે નિર્વિકલ્પતાના કાળમાં વિકલ્પની ઉત્પત્તિ નથી તો એનો અનુભવ ક્યાંથી થાય? અનુભવ તો તેનો થતો હતો કે જે વિકલ્પપણે રાગ ઉત્પન્ન થતો હતો, એનો અનુભવ થતો હતો. પણ જ્યાં રાગ અને વિકલ્પની ઉત્પત્તિ બંધ થઈ ગઈ તો પછી એનો અનુભવ રહેવાનો, થવાનો પ્રશ્ન રહેતો નથી. એટલે ત્યાં વીતરાગભાવ થયો એમ કહેવામાં આવે છે. કેમકે રાગ જ નથી અને રાગ નથી તો રાગનો અનુભવ પણ નથી. એકત્વબુદ્ધિ ત્યાં વર્તતી નથી, છૂટી ગઈ ત્યાં. પહેલીવહેલી એકત્વબુદ્ધિ એ પ્રકારે છૂટે છે. પછી બુદ્ધિપૂર્વકનો સવિકલ્પ દશાનો રાગ ઉત્પન્ન થાય તોપણ જ્ઞાનદશામાં એકત્વ થતું નથી. રાગ થાય છે, પણ રાગનું એકત્વ થતું નથી. એકત્વ થતું નથી એટલે કર્તૃત્વ થતું નથી. કર્તૃત્વ થતું નથી એટલે વ્યાપ્ય-વ્યાપકપણું અનુભવાતું નથી.

કર્તૃત્વ અને વ્યાપ્ય-વ્યાપકતાને સીધો સંબંધ છે. આપણે ત્રીજો બોલ ત્યાં લીધો હતો ને? કે અજ્ઞાન છે એ રાગ-દ્વેષના કર્તૃત્વના મનાવે છે. જીવનું અજ્ઞાન છે, સ્વરૂપનું અજ્ઞાન, હું જ્ઞાતા-દ્રષ્ટા છું, અકર્તા છું એટલે જ્ઞાતા-દ્રષ્ટા છું, એવા સ્વરૂપનું અજ્ઞાન રાગ-દ્વેષના કર્તૃત્વને મનાવે છે. તો રાગ-દ્વેષ થાય છે ત્યારે હું એમાં વ્યાપું છું, હું પરિણમું છું અને વ્યાપું છું, એવો જીવને એક અધ્યાસ થાય છે, ભ્રમ થાય છે. હું જ્ઞાયક હોવાથી માત્ર જ્ઞાનસ્વરૂપે રહું છું, એવા ભાવમાં સવિકલ્પ દશામાં પણ જ્ઞાનીને રાગમાં પોતાની વ્યાપ્તિ અનુભવાતી નથી. તેથી એ રાગનું કર્તૃત્વ પણ એને થતું નથી.

કર્તૃત્વ વ્યાપ્ય-વ્યાપક ભાવે થાય છે. જ્યાં વ્યાપ્ય-વ્યાપકભાવનો અધ્યાસ થાય ત્યાં કર્તૃત્વ થાય છે. જોકે અજ્ઞાનીનું જ્ઞાન પણ રાગમાં વ્યાપતું નથી, છતાં પણ એને ભ્રમ થાય છે કે રાગ મેં કર્યો તો થયો. મેં ન કર્યો હોત તો ન થાત. માટે હું રાગનો કર્તા છું એમ કર્તા થઈને પરિણમે છે. તેને વ્યાપ્ય-વ્યાપકતાનો અધ્યાસ છે. પણ જો જ્ઞાનને તપાસવામાં આવે, પોતાના અનુભવથી તપાસવમાં આવે તો પોતાનું જ્ઞાન રાગમાં વ્યાપતું નથી. જ્ઞાનની વ્યાપવાની મર્યાદા, જ્ઞાનના પરિણમનની

સીમા જ્ઞાન પૂરતી રહે છે અને એ સીમાનું ઉલ્લંઘન કરીને એ રાગમાં વ્યાપે એવું અજ્ઞાનીને પણ બનતું નથી. પણ પોતે પોતાના વેદનથી એ વાતને સમજી શકતો નથી, અનુભવી શકતો નથી તેથી એને ભ્રાંતિ થાય છે. જ્યારે જ્ઞાનીને તો પોતાના જ્ઞાનવેદનની ધારામાં ચાલતા રાગને વિષે એ જ્ઞાન વ્યાપતું નથી, પોતાનું જ્ઞાનવેદન જ્ઞાનવેદનમાં જ એની સમાપ્તિ છે, ત્યાંથી આગળ રાગમાં એની વ્યાપતિ નથી, એવું સ્પષ્ટપણે બન્નેની જુદી જુદી ધારા અને બન્નેની જુદી જુદી વ્યાપતિ અને બન્નેની વચ્ચે સંબંધ નથી, અસંબંધ છે એવું સ્પષ્ટપણે એમને અનુભવવામાં આવે છે. તેથી તેમને રાગમાં એકત્વ થતું નથી અને રાગમાં એકત્વરૂપ જે અજ્ઞાન છે એ પરિભ્રમણનું જે કારણ છે, ભવભ્રમણનું બીજ છે એ જ્ઞાનદશામાં હોતું નથી. એટલી સ્પષ્ટતા છે.

## તા. ૧૭-૫-૧૯૮૬, પાના નં. ૧૫
## પ્રવચન નં. ૧૫

પાનું-૧૮. હેય પદાર્થની વ્યાખ્યા છે. જિનાગમમાં જ્ઞેય, હેય અને ઉપાદેય (એવા) ત્રણ પદની વ્યાખ્યા છે, કથન ચાલ્યા છે. એમાં જ્ઞેયનો વિષય ચાલી ગયો. સ્વ-પર પદાર્થ, સમસ્ત વિશ્વ, એના સમસ્ત ગુણધર્મ અને પર્યાયો સહિત જ્ઞેય છે. જ્ઞાનમાં જણાવા યોગ્ય છે. એ પદાર્થો જણાય છે તેમાં કેટલાક પદાર્થોની સાથે હેય અને ઉપાદેયનો કોઈ સંબંધ નથી. કેટલાક પદાર્થો એવા છે કે જેને કોઈ હેય કે ઉપાદેય કરવાનું કોઈ કારણ નથી, માત્ર તે જ્ઞાનમાં જણાવા યોગ્ય છે. પણ મુખ્યપણે અથવા પ્રયોજનભૂતપણે પોતાનો જે અશુદ્ધ ભાવ છે, પોતાનો જે વિકારભાવ છે, વિભાવભાવ છે, અશુદ્ધતા છે એ હેય છે. ત્યાગવા યોગ્ય છે, છોડવા યોગ્ય છે. ભલે તે વિભાવ જીવ પોતે કરે છે, પોતાની અવસ્થામાં થતો તે ભાવ છે, તોપણ તે જીવની નિજજાતિ સ્વભાવ સાથે મેળ ખાતો નથી. નિજજાતિ સ્વભાવથી તો એ વિરૂદ્ધ જાય છે. ઊલટાનો એનાથી વિરૂદ્ધ જાતિનો છે. અથવા જાતિસ્વભાવભાવનો એ ઘાતક ભાવ છે. તેથી એ ભાવ હેય છે.

અશુદ્ધભાવની હેયતાના કારણો અનેક છે. તે પોતે મલિન ભાવ છે. જીવનો સ્વભાવ ભાવ નહિ હોવા ઉપરાંત એ અશુદ્ધ અથવા મલિન છે. દુઃખસ્વરૂપ છે અથવા દુઃખદાયક છે. તેથી પણ તે ત્યાગવા યોગ્ય છે, છોડવા યોગ્ય છે.

અહીંયાં અર્થમાં એ વાત લીધી કે જેમ જેમ આત્મા પોતાની નિજજાતિ રૂપે પરિણમે છે, જેમ જેમમાં એમ કહેવું છે કે ક્રમશઃ. એકસાથે કોઈ પોતાના પરિપૂર્ણ સ્વભાવે એક સમયમાં પરિણમી જાય એવું બનતું નથી. ક્રમે ક્રમે જેમ પોતાની અવસ્થા પોતાની જેવી જાતિ છે તેવા રૂપે જેમ જેમ થતી જાય છે, તેમ તેમ તે તે કાળે અશુદ્ધ ભાવ પણ ક્રમશઃ નાશ થાય છે અથવા ઉત્પન્ન થતો બંધ થાય છે અને તે ઉત્પન્ન થતો બંધ થાય છે તેમાં તેને બંધ કરવા પ્રત્યે કોઈ પ્રયત્ન કરવો પડતો નથી.

જે શુદ્ધપણે પરિણમવાનો પ્રયત્ન છે તે એક જ પ્રયત્ન અશુદ્ધતાના નાશનો પ્રયત્ન છે. શુદ્ધતા ઉત્પન્ન કરવાનો પ્રયત્ન એ પ્રકારનો, પાછો એ સિવાય બીજા પ્રકારનો પ્રયત્ન અશુદ્ધતા નાશ કરવાનો, એમ બે રીતે બે પ્રકારે પુરુષાર્થ કાર્ય કરે

છે એમ નથી. પુરુષાર્થ એક જ પ્રકારે કાર્ય કરે છે કે પોતાને શુદ્ધ સ્વરૂપે ઓળખીને એને શ્રદ્ધે, એને અનુભવે, એમાં પરિણામ સ્થિર રહે તો શુદ્ધતા ઉત્પન્ન થાય, જેને દર્શન-જ્ઞાન-ચારિત્ર શાસ્ત્રભાષાએ કહેવામાં આવ્યા છે. તો અશુદ્ધતા આપોઆપ ઉત્પન્ન થતી નથી, યત્ન વિના જ.

એ '**ક્યાંય નાશ થઈ જાય છે.**' ક્યાંય નાશ થઈ જાય છે એટલે જાણે કે ક્યાં નાશ થઈને ક્યાં ગયો એ ખબર પડતી નથી. સહેજે જ ઉત્પન્ન થતાં નથી. પ્રથમ અશુદ્ધતાનો વિચાર કરે અને અશુદ્ધતાનો વિચાર કરતાં તે ત્યાગવા યોગ્ય છે એમ જાણે તોપણ તે અશુદ્ધતા પણ સહજ જ ઉત્પન્ન થતી હોવાથી જ્યાં સુધી શુદ્ધતાનો પુરુષાર્થ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી અશુદ્ધતા પણ સહજ જ ઉત્પન્ન થતી હોવાથી એ અશુદ્ધતા મટાડવી દુષ્કર છે, એનો નાશ કરવો કઠિન છે એવું પણ લાગે છે. કોઈ એક તબક્કે એવું લાગે છે. જ્યારે સ્વભાવની અરુચિના પરિણામ હોય અને વિભાવ પ્રત્યેની રુચિના પરિણામ હોય ત્યારે તે વિભાવ મટાડવો કઠિન સમજાય છે, વિચારાય છે ત્યારે એમાં કઠિનતા લાગે છે, અઘરું લાગે છે, દુષ્કર લાગે છે. એની સામે અહીંયાં એમ કહે છે કે પુરુષાર્થથી જ્યારે શુદ્ધ પરિણમન ઉત્પન્ન થાય છે ત્યારે અશુદ્ધતાનો ક્યાં નાશ થઈ જાય છે એની ખબર પણ રહેતી નથી.

મુમુક્ષુ :- અશુદ્ધતા પણ સહજ છે?

પૂજ્ય ભાઈશ્રી :- સહજ જ છે. તમે વિકલ્પ કરો છો? સમયે સમયે મિથ્યાત્વરૂપે પરિણમવાનો શું વિકલ્પ કર્યો? ક્યો કૃત્રિમ પુરુષાર્થ કર્યો? ક્ષણે ક્ષણે રાગ થઈ આવે છે, અરે..! ન કરવો હોય તોપણ થઈ આવે છે, શું પ્રયત્ન કર્યો? કોઈ કૃત્રિમ પ્રયત્ન તો એની પાછળ નથી. પણ અજ્ઞાનમાં એક એવો મિથ્યા અભિપ્રાય છે કે હું કરું છું અને થાય છે. ન કરું તો ન થાય, કરું તો થાય. પણ કરવા યોગ્ય છે માટે કરું છું, એવી રીતે એ કર્તાભાવે પરિણમે છે. તેથી એ કર્તાભાવને પણ અજ્ઞાનનું મૂળ કહેવામાં આવ્યું છે. અજ્ઞાન તો છે, પણ મૂળ અજ્ઞાન એ છે કે સહજ રાગાદિ પરિણામ થતાં હોવા છતાં એનો કર્તાભાવે થઈને એ પરિણમે છે. અથવા કર્તૃત્વનો અભિપ્રાય રાખે છે.

અથવા જીવના સમય સમયના પરિણામનું પણ એ કર્તૃત્વ રાખે છે. જે સહજ પરિણામ થઈ રહ્યા છે, દ્રવ્ય વસ્તુ પોતે પરિણમનશીલ હોવાથી, પરિણમન સ્વભાવે હોવાથી, પરિણમવું એ એનો સ્વભાવ હોવાથી એ સમયે સમયે નિરંતર પરિણમ્યા જ કરે છે. ક્યા સમયે પોતે પરિણામ વિનાનો છે? કે પરિણામ ન થતા હોય એવો ક્યો સમય છે? કોઈ એવો સમય નથી. છતાં હું કરું તો થાય અને ન કરું તો

ન થાય, એમ એનું કર્તૃત્વ જે કૃત્રિમપણે કર્તૃત્વ જેણે શ્રદ્ધયું છે અથવા અભિપ્રાયમાં દઢ કર્યું છે તેને મિથ્યાત્વ અને અજ્ઞાન કહેવામાં આવે છે.

જે સહજ પરિણમનશીલ છે એને પરિણામવવા માટે કાંઈ કરવું પડતું નથી. કેમકે એ એનો સ્વભાવ છે. અને એને પરિણમતું અટકાવી પણ શકાતું નથી. પરિણમન બંધ કરી દો. ચાલો, કોઈ પદાર્થનું પરિણમન બંધ કરો. નહિ થઈ શકે. તો પછી જે નથી થઈ શકતું, પરિણમન બંધ નથી થઈ શકતું અને સહજ જ ચાલુ રહે છે, એમાં તું વચ્ચે કર્તૃત્વ શા માટે ઊભું કરે છો? એ તારો મિથ્યાભાવ છે.

જેમ કોઈ બાળક ચાલતી ગાડીમાં બેઠો હોય અને સીટ ઉપર બેઠો બેઠો બારીને ભીંસ મારે અને ખુશી થાય કે જુઓ! હું ધક્કો મારી આખી ગાડીને ચલાવી દઉં છું. તો એ બાળકબુદ્ધિપણું છે કે નહિ? પહેલા તો હજી નીચે ઊતરીને કોઈ ધક્કો મારે તો ઠીક છે, પણ પોતે અંદર બેઠો બેઠો બારીને ધક્કો મારે અને ગાડી હું ચલાવું છું એમ માને.

એમ સહજ પરિણમનશીલ છે એને અંદર બેઠો બેઠો કર્તૃત્વ કરે છે કે આ બધા પરિણામને હું કરું છું. ધારું તેવા કરું છું, ઈચ્છું તેવા કરું છું, મારી ઈચ્છા પ્રમાણે હું ભાવ કરું છું. અને આ પ્રકારે તો આ ભાવ તો કરવા યોગ્ય જ છે, આ વિભાવ તો કરવા યોગ્ય જ છે. અમુક જગ્યાએ તો ક્રોધ કરવો જ જોઈએ, અમુક જગ્યાએ તો આમ કરવું જ જોઈએ, અમુક જગ્યાએ તો રાગ કરવો જ જોઈએ, એવું બધું જે કર્તૃત્વ છે (એ અજ્ઞાન છે).

એ ચર્ચા 'સોનગઢ'ના વાંચનમાં કરી હતી કે અજ્ઞાન છે એ રાગ-દ્વેષને કર્તૃત્વને મનાવે છે. તો એની સામે એક વિકલ્પ થાય એવો છે કે યથાયોગ્ય ગુણસ્થાને પ્રશસ્ત રાગાદિ અને પ્રશસ્ત દ્વેષાદિના પરિણામ અવશ્ય હોય જ છે. ન હોય તો એની અંતરંગ પરિણતિ પણ યથાયોગ્ય સ્થાનમાં નથી.

જેમ કે મુનિદશામાં મુનિદશાને યોગ્ય શુભપરિણામ ન હોય તો એની અંતરંગ પરિણતિ મુનિદશાને યોગ્ય નથી. એટલું જ નહિ, એ તો નિમિત્ત છે, પણ બાહ્ય પદાર્થો પણ કેટલાક સુનિશ્ચિતપણે નિમિત્ત છે. કે જે સન્માર્ગમાં હોય, સાચા માર્ગમાં હોય એના દેવ-ગુરુ-શાસ્ત્ર પણ સાચા જ હોય. એના દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા પણ હોય અને એના દેવ-ગુરુ-શાસ્ત્ર રાગી પણ હોય, સરાગી પણ હોય અને એ જીવ સન્માર્ગમાં હોય, વીતરાગ માર્ગમાં હોય એવું કદી બને નહિ. નિમિત્ત સુધી એ વાતને સંબંધ છે. ઉપાદાનને અશુદ્ધતા સાથે સંબંધ છે પણ નિમિત્ત સાથે સંબંધ છે, એમ એ રીતે સિદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો હોવા છતાં પરનું અને રાગાદિનું કર્તૃત્વ

છે એનો સ્વીકાર કરવામાં આવ્યો નથી. એટલી વાત સાથે સાથે જ છે.

ત્યારે અહીંયાં તકલીફ થાય એવું છે કે એક બાજુ રાગાદિનું કર્તૃત્વ અજ્ઞાનને કારણે છે અને એ પરિભ્રમણનું મૂળ છે એમ સ્થાપ્યું છે. પૂજ્ય ગુરુદેવે પોતાના સ્વહસ્તાક્ષરમાં એ વાત લખેલી છે. બીજી કોરથી એ જ રાગ અને એ પ્રકારના નિમિત્તો હોવા જોઈએ અને ન હોય તો એ ખોટું છે, માર્ગ ખોટો છે, માર્ગમાં જ નથી, અન્ય માર્ગમાં છે, જિનમાર્ગને વિષે નથી.

મુમુક્ષુ :- આવું કેમ? એક આમ ને એક આમ.

પૂજ્ય ભાઈશ્રી :- અન્ય દેવ-ગુરુ-શાસ્ત્રને સ્થાપે કે વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રને ઉથાપે, બેય એક જ વાત છે. એ અન્ય માર્ગમાં ચાલ્યો જાય છે. એવું બે એકસાથે વિરૂદ્ધતાવાળું છે કે નહિ? નહિ. એવું કાંઈ નથી. બે એકસાથે વિરૂદ્ધતાવાળું નથી. એવા જગતમાં પણ પ્રસંગો બને છે કે વિરોધાભાસી દેખાવ હોવા છતાં ત્યાં અવિરોધપણું હોય છે.

જેમ કે માતા નાનું બોળાક તોફાન કરતું હોય અથવા ખોટી હઠ કરતો હોય ત્યારે ગુસ્સામાં આવીને બે-ચાર થપાટ પણ મારી દે છે. પાડોશી એવા છે કે કદી એ બાળકને વઢે પણ નહિ. ઊલટાની એની માં વઢતી હોય તો એ લડે કે તમે એને મારો છો કેમ? એને નહિ મારતા. તમારે એને મારવો ન જોઈએ. તમે મારો છો એ મને પસંદ પડતું નથી, એમ કહે. કોનો પ્રેમ વધારે છે? એની માતાનો કે પાડોશીનો? વિરોધાભાસ તો કેવો છે? કે ગુસ્સો આવીને ધડાધડ મારે છે. પણ અંદરનું એનું વહાલપ છે અને મારે છે. પારકા છોકરાને કોઈ મારવા જાય છે? તોફાન કરે કે ન કરે, કોઈ પારકાને મારે છે? એના બાળકને વહાલને કારણે મારે છે. એમાં પણ એની વહાલપ જ પ્રદર્શિત થાય છે. પણ દેખાવ વિરોધાભાસી છે.

એમ અહીંયાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો અનુરાગ અથવા યથાયોગ્ય ગુણસ્થાને ઉત્પન્ન થતાં શુભરાગના પરિણામો વ્રત, શીલ, સંયમ, ભક્તિ આદિના પરિણામ એ યથાયોગ્ય ગુણસ્થાને હોવા જ જોઈએ, એવો સિદ્ધાંત હોવા છતાં એનું કર્તૃત્વ ક્યાંય સ્વીકારવામાં આવ્યું નથી. આમ સામેસામું છે. વિરોધ હોવા છતાં અવિરોધ છે એ વિષયમાં. તેથી બહુભાગ કોઈ આ બાજુ ઢળી જાય છે તો કોઈ આ બાજુ ઢળી જાય છે. કોઈ રાગના અકર્તૃત્વને યથાર્થપણે નહિ સમજવાથી અથવા જ્ઞાતા-દ્રષ્ટાપણાના પરિણામ ઉત્પન્ન નહિ થયા હોવાને લીધે અનુચિતપણે વ્યવહારનો નિષેધ કરે છે. જુઓ! **'परदव्वाओ दुग्गई'** શાસ્ત્રમાં લખ્યું છે. પરદ્રવ્યને અનુસરીને થતો ભાવ દુર્ગતિનું કારણ છે. માટે કોઈપણ પ્રકારના એ પરિણામ કરવા યોગ્ય નથી. એનો એકાંત કરવા જાય

અને યથાયોગ્ય ગુણસ્થાને એના વ્યવહારના યથોચિત પરિણામ ન હોય તો એ અયથાર્થપણે એના રાગાદિ ભાવ કામ કરવાના, કરવાના ને કરવાના. અયથાર્થ પ્રકારે તો એ પરિણમવાનો. કેમકે વીતરાગતા તો એની ઉત્પન્ન થઈ નથી. જ્ઞાતા-દૃષ્ટાપણું જેને ઉત્પન્ન થયું નથી એ એથી નીચી કોટિના રાગાદિ પરિણામમાં તો જશે જ અને વ્યવહારનો નિષેધ કરશે. તો એ પણ સાચી વાત સમજ્યો નથી, સિદ્ધાંતને એ સમજ્યો નથી.

અને કોઈ એક કરવા જ જોઈએ અને હોવા જ જોઈએ એના આગ્રહમાં જ્ઞાતા-દૃષ્ટાપણાના પુરુષાર્થથી વંચિત છે એ પુરુષાર્થમાં જ ચડતો નથી, એ પુરુષાર્થને જ સ્પર્શતો નથી, એ પુરુષાર્થનું જેને લક્ષ પણ નથી તો એના પણ એ શુભરાગના પરિણામ છે, એ એકાંતે શુભરાગના પરિણામ હોવાથી એને હિતનું કારણ થતાં નથી.

મુમુક્ષુ :- શુદ્ધતા, અશુદ્ધતા, ચાલતો રાગ...

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધતા, અશુદ્ધતા અને અશુદ્ધતાનું નિમિત્ત આ બધે એની Line છે એ બરાબર હોવી જોઈએ. એમાં ગડબડ ક્યાંય ચાલે એવું નથી. અને એ પણ સહજ છે. જ્યાં પરિણામની અંદર સમ્યક્‌પણું ઉત્પન્ન થયું ત્યાં એ સમ્યક્‌તા, એ સમિચીનતા હોવાથી એ બધાં પડખાં સમિચીન રહે છે, યોગ્ય જ રહે છે. સહજપણે ગડબડ થતી નથી. કૃત્રિમતાથી એક કરવા જાય તો બીજામાં ભૂલે છે. કૃત્રિમતાથી નિશ્ચયની પ્રધાનતા કરવા જાય તો વ્યવહારમાં દોષ થઈ જાય છે, વ્યવહારની પ્રધાનતા કરવા જાય તો નિશ્ચયથી દૂર થઈ જાય છે. કાંઈ ને કાંઈ ગડબડ થયા વિના રહેતી નથી.

કોઈ બન્નેના આભાસમાં હોય તો બન્ને જગ્યાએ પણ ભૂલ કરે છે. કોઈ એકની મુખ્યતામાં બીજી જગ્યાએ પ્રતિપક્ષમાં તો ભૂલ કરે સ્વભાવિક છે, પણ કોઈ ઉભયાભાસી હોય તો બન્ને પ્રકારના એના પરિણામમાં ભૂલ રહેતી હોય છે. એ વ્યવહારમાં પણ ક્યાંક ભૂલે છે અને નિશ્ચયમાં પણ ક્યાંક ભૂલે છે. પણ એ વધારે ફસાય છે એટલા માટે કે એ વ્યવહારના પણ કેટલાક પરિણામ રાખે છે, રાખવા માગે છે અને વિકલ્પમાં અને વાણીમાં નિશ્ચયનું પણ ખોટું જોર કર્યા કરે છે. પણ અંદરનું એને અંતર્મુખી જોર ઉત્પન્ન થતું નથી, પુરુષાર્થ ઉત્પન્ન નથી હોતો.

મુમુક્ષુ :- મુનિના દૃષ્ટાંતથી સમજાય છે. વ્યવહાર છે, કેવો વ્યવહાર હોય, મુનિ એવા જ હોય, એ સમજાય છે. આ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર હોવું જ જોઈએ. યોગ્ય Line માં જ હોવું જોઈએ. નહિતર તો વીતરાગદેવને ક્યાંક માને અને ક્યાંક ન માને. અથવા વીતરાગદેવને

પણ માને અને ક્યાંક સરાગી દેવને પણ માને. તો એમાં વિપરીત અભિનિવેશ રહ્યો છે, વિપરીત અભિપ્રાય ત્યાં છૂટ્યો નથી એટલે ક્યાંક ભૂલ થાય છે. ક્યાંક ભૂલ થાય અને ક્યાંક ભૂલ ન થાય એમ દેખાય તો શું સમજવું? કે જે ભૂલ નથી થતી એવું દેખાય છે એ બરાબર નથી. ભૂલ જ છે. એમ છે એનો અર્થ.

મુમુક્ષુ :- ...ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રને માનતા જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એક્કેયને માનતો નથી. એમાં એકને નથી માનતો તે અનંતને માનતો નથી. એક્કેયને માનતો નથી. બની શકે નહિ, એવું બનતું નથી. કેમકે સજાતિય, એની જાતનો એમાં નિષેધ થઈ ગયો. દારૂ પીધેલો માણસ એકાદ વખત એવું પાગલપણ જેવું બોલી નાખે, બાકી બધું બરાબર બોલે તો? ભરોસો મૂકવો કે નહિ? એનો ભરોસો રાખવો કે નહિ? એના ઉપર શ્રદ્ધા રાખવી કે નહિ? કે, ભાઈ, એનું ઠેકાણે નથી. એણે દારૂ પીધો છે. ક્યારે શું કરી નાખે, કાંઈ કહેવાય નહિ. પણ આટલું બધું બરાબર આવ્યું અને એક ખોટું આવ્યું. એ વાત એકેય સાચી રહેતી નથી. એવું છે.

મુમુક્ષુ :- ભાવિ તીર્થંકર ભગવાન થવાના છે એવો જીવને પોતાને ભરોસો છે, પણ વર્તમાનમાં કેમ નથી? કેમ વર્તમાનમાં વીતરાગતા પ્રાપ્ત થઈ નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો નથી કરી તો આપણે વર્તમાનમાં પ્રાપ્ત કરી છે એવું ક્યાં કહીએ છીએ? ભાવિમાં પ્રાપ્ત કરશે એમ જ રાખીએ છીએ ને.

મુમુક્ષુ :- ત્યાં તો ભરોસો બેસે છે. વર્તમાનમાં કેમ ના પાડે છે? ભવિષ્ય માટે તો પોતે હા પાડે છે. ભાવિ તીર્થંકર તરીકે છે. તો વર્તમાનમાં તેને શું તકલીફ છે?

પૂજ્ય ભાઈશ્રી :- પૂછવું જોઈએ જીવે કે વર્તમાનમાં શું તકલીફ છે? વર્તમાનમાં ત્યારે જ નિષેધ કરે કે એને ગૌણ કરીને બીજું કાંઈ મુખ્ય કરે ત્યારે. તો બીજું શું મુખ્ય કરે? કે સમાજને મુખ્ય કરે.

મુમુક્ષુ :- આગમનો વાંધો પાડે.

પૂજ્ય ભાઈશ્રી :- આગમનો તો વાંધો પડે એવું નથી. કેમકે એમાં તો ગાથાઓ મળે છે, ભાવિની સ્થાપનાની. પણ આગમ કરતાં, આગમપ્રમાણ કરતાં અનુભવપ્રમાણ બળવાન છે. સર્વ પ્રમાણોમાં. પાંચ પ્રમાણ છે. આગમ, યુક્તિ, શાસ્ત્ર, શાસ્ત્ર એટલે આગમ છે, યુક્તિ છે, અનુમાન છે એમાં અનુભવ છે, અનુભવપ્રમાણ સર્વથા સર્વથી બળવાન છે. જ્યારે અનુભવી એમ કહે કે આ યોગ્ય છે. પછી બીજા આગમપ્રમાણની ત્યાં મુખ્યતા કરવા યોગ્ય નથી. બરાબર છે? આ પણ શાસ્ત્ર સિદ્ધાંત છે. અનુભવપ્રમાણ બળવાન છે એ પણ શાસ્ત્રનો જ સિદ્ધાંત છે. એટલે તમે જો આગમને માનતા

હો તો આ વાત પહેલા માનવી જોઈએ. એમ ને એમ આગમ, આગમ કરવાનો તો કાંઈ અર્થ નથી.

મુમુક્ષુ :- જ્ઞાનીના અનુભવની વાત..

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવની વાત સૌથી બળવાન છે. સૌથી બળવાન છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'એ કીધું જ છે, મર્મ જ્ઞાનીના હૃદયમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- મર્મ જ્ઞાનીના હૃદયમાં છે અને આગમનો એ સિદ્ધાંત છે કે સર્વ પ્રમાણોમાં આગમપ્રમાણ કરતાં પણ અનુભવપ્રમાણ બળવાન છે. એ પણ આગમમાં એક સિદ્ધાંત લખેલો છે.

મુમુક્ષુ :- 'કુંદકુંદાચાર્યે' કહ્યું કે, હું કહું છું એટલે હા નહિ પાડતો. તું સમજીને પ્રમાણ કરજે.

મુમુક્ષુ :- તારા અનુભવથી પ્રમાણ કરજે. એ બળવાન પ્રમાણ છે તારા માટે. એમ.

મુમક્ષુ :- આગમ જ્ઞાનીના મુખમાંથી જ આવ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આગમ જ્ઞાનીના મુખમાંથી (આવ્યા છે). આગમ ત્યાંથી જન્મ્યું છે, ત્યાંથી ઉત્પન્ન થયું છે. આત્મામાંથી આગમની ઉત્પત્તિ છે. બીજી કોઈ અપુરુષેય નથી, બીજાની જેમ. આત્મામાંથી આગમની ઉત્પત્તિ છે. પણ સર્વજ્ઞ વીતરાગ સર્વથી મહાન હોવા છતાં એને ગૌણ કરીને બીજાને મહાનતા આપે, સમાજને મહાનતા આપે, વ્યક્તિને મહાનતા આપે કે આ કહે છે માટે આમ કરવું, ફલાણાં કહે છે માટે આમ કરવું, તો એને એટલી સ્થૂળ બુદ્ધિ થઈ ગઈ છે કે એણે એક ત્રાજવામાં સર્વજ્ઞ વીતરાગને મૂકીને બીજા ત્રાજવામાં બીજી હિણી ચીજને મૂકીને એણે એવી રીતે એ વાતને ઝોખી છે કે એમાં સર્વજ્ઞ વીતરાગના પલ્લાને એ ઉથલાવે છે, ઊડાડે છે. અત્યંત સ્થૂળ બુદ્ધિના એ પરિણામ છે.

મુમુક્ષુ :- જ્ઞાનીમાં પણ એને વિશ્વાસ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનીનો વિશ્વાસ નથી અને સર્વજ્ઞતાને તોળતા આવડતું નથી. સર્વજ્ઞતા તો એટલી મહાન વાત છે કે એને તોળવા માટે બીજો વિચાર, અપેક્ષા કે આડીઅવળી વાત લગાવવાની જરૂર નથી. એટલો એ સ્પષ્ટ વિષય છે. છતાં કોઈ ને કોઈ અપેક્ષા લગાવીને એને ગૌણ કરે તોપણ ત્યાં એને સ્થૂળ અજ્ઞાનને લીધે રાગનું કર્તૃત્વ જાય એવું તો બની શકે નહિ. એવું તો કોઈ કાળે ન બની શકે.

મુમુક્ષુ :- સર્વજ્ઞ સ્વભાવની જાતનો નિષેધ આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આપોઆપ જ આવ્યો. ઘણો દૂરથી જ આવ્યો. જેમ

કોઈને દૂરથી નમસ્કાર કરવામાં આવે કે અમારે ત્યાં આવશો જ નહિ. એમ પોતાના નિજ સર્વજ્ઞ સ્વભાવને તો દૂરથી જ એણે ધક્કો માર્યો છે. જાકારો દીધો છે. એવું થાય.

મુમુક્ષુ :- બાપદાદાના ફોટાને જોઈને જીવ પ્રસન્ન થાય છે કે આવા મારા પિતાજી હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હો, એ જોઈને સુખી થાય, ખુશી થાય અને એને ત્યાં દીકરો જન્મ્યો હોય અને જ્યોતિષ આવીને એમ કહે કે તમારો દીકરો જગતનો કોઈ મહાપુરુષ થશે. તો કેટલો ખુશી થાય? પછી એના બધા સાધનો સગવડતાના વસાવે કે આ કોઈ જગતનો મહાપુરુષ થવાનો છે માટે અત્યારથી જ એને એવી રીતે રાખો, એવી રીતે રાખો. કેમ એવું બધું થાય છે? એને એનું મમત્વ છે એટલે એમ થાય છે.

એમ એને આ મમત્વ નથી રહ્યું. એને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે પણ જ્યારે મમતા ઊડી જાય અને જગતના પદાર્થો પ્રત્યે તીવ્ર મમતા થઈ જાય, ત્યારે જ આવું થાય પાછું. જગત અને જગતના પદાર્થો, સમાજ આદિ ગમે તે.

મુમુક્ષુ :- અપ્રેલ મહિનાના 'વીતરાગ વિજ્ઞાન'માં ભાવિ નૈગમનય વિષે એવો ખુલાસો કર્યો છે કે રાજાનો કુંવર જન્મે ત્યારથી જ એને રાજાસાહેબ કહેવામાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- કહેવાય જ છે ને. ભાવિ નૈમગનયમાં કહેવાય જ છે. ભૂતનૈગમનય અને ભાવનૈમગનય તો પ્રસિદ્ધ છે. પૂજ્ય બહેનશ્રીએ સ્પષ્ટ કરેલું. ભાવિ તીર્થંકરની સ્થાપના વખતે. આપણે એમાં 'ગુરુદેવ'ને જોઈએ છીએ, ભાવિ તીર્થંકર. નૈગમનયથી આપણે ચોવીસ સાગરનો કાળ કાપી નાખ્યો. ચોવીસ સાગર પછી જે વીતરાગ થવાના છે, એવો જે 'ગુરુદેવ'નો આત્મા, એને અત્યારે મૂર્ત સ્વરૂપે સ્થાપીને આપણે નૈગમનયથી નજીક લઈ આવ્યા. આ હોંશનો વિષય છે, ઉત્સાહનો વિષય છે, આદર કરવાનો વિષય છે, આનો નિષેધ કેમ થાય?

મુમુક્ષુ :- ચોવીસ સાગરના કાળને કાપી નાખ્યો. વાહ! વાહ!

પૂજ્ય ભાઈશ્રી :- નૈગમનયે કાપી નાખ્યો. નૈગમનય તો અનંત કાળને કાપી નાખે, એક Second માં.

મુમુક્ષુ :- આ વખતના છેલ્લા 'વીતરાગ વિજ્ઞાન'માં પણ એ આવ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો શાસ્ત્ર પદ્ધતિમાં તો બીજું શું ચાલે? ભૂતનૈગમ, ભાવિનૈગમ. પણ એ જ્ઞાન સાચું ક્યારે? કે જ્યારે એ વિષય સામે આવે ત્યારે ભૂલ ન થાય ત્યારે. કોઈ એક માણસ સ્વરની માત્રા જાણે છે, રાગ-રાગિણી જાણે છે. મંદાક્રાંતામાં આટલી માત્રા હોય, શાર્દુલવિક્રીડીતમાં આટલી હોય, વસંતતિલકામાં આટલી

હોય, ઉપજાતિમાં આટલી હોય, ઉપેન્દ્રમાં આટલી હોય, અનુષ્ટુપમાં આટલી હોય, દોહામાં આટલી માત્રા હોય. પણ જ્યારે એ ગાય ત્યારે એને ખબર ન પડે કે આ કઈ ચાલે છે. આ વસંતતિલકા ચાલે છે કે શાર્દુલવિક્રિડીત ચાલે છે, એની એને ખબર જ ન હોય. એના જેવી વાત છે. માત્રા બરાબર એની સાચી હોય. એને પૂછો તો બધો જવાબ બરાબર દે. એક્કે એક પદનો. આ ઢાળમાં આટલી માત્રા હોય, આ ઢાળમાં આટલી માત્રા હોય. કેમકે એ શાસ્ત્ર ભણ્યો છે. સામે ચીજ આવે ત્યારે એને સમજણ ન પડે. એવું થાય છે.

ત્યાં તો એ નૈગમનય-ભાવિનૈમગનયને સમજે, પણ ભાવિનૈમગનયનો વિષય અહીંયાં આવે તો કહે, એમ ન હોય, એમ ન હોય, એમ ન હોય. ઠીક! ક્યાં ગયો નૈગમનય? એ વિષય આવી ગયો. 'આત્મધર્મ'માં એ વાત પ્રસિદ્ધ થઈ ગઈ છે. વાત તો બધાં પડખાંથી પ્રસિદ્ધ થઈ ગઈ છે.

મૂળ વિષય એવો છે કે નિજહિતના પ્રયોજનનો દૃષ્ટિકોણ જ્યારે જીવ ચૂકે છે ત્યારે અનેક પ્રકારની એને ગડબડ ઊભી થાય છે. નહિતર કોઈ કહે કે આટલી લાંબી વિચારશક્તિ ન હોય તો અમારે શું કરવું? કાંઈક ભૂલ થઈ જાય અમારી. બહુ વિશેષ ઉઘાડ નથી, ક્ષયોપશમ નથી, વિચારી શકતા નથી. એમ નથી. પ્રયોજનની મુખ્યતા હોય તો મારા હિતનો વિષય કેવી રીતે સ્પર્શે છે? જો હું વીતરાગતાનો આદર કરું છું, મારે વીતરાગતા આદરવી છે તો એ વીતરાગતાને અંતર-બાહ્ય રીતે ક્યાયં નિષેધ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અંદરમાં વીતરાગતા આદરવી છે અને બહારમાં એનો નિષેધ કરવો છે, બે વાતને કેવી રીતે મેળ છે? આટલું તો ઓછા ઉઘાડમાં પણ સમજી શકાય એવી વાત છે. પોતાના મતલબની અને પ્રયોજનની વાત તો બધા સંજ્ઞી જીવો સમજે જ છે.

**'જે અશુદ્ધ ભાવ છે, અનિત્ય ભાવરૂપ છે, તેને જિનવચનમાં 'હેય' ભાવ કહ્યો છે.'** ગુણસ્થાન અનુસાર કર્તવ્ય કહ્યા હોય તોપણ તેની મર્યાદા એટલી છે કે એનું કર્તૃત્વ ત્યાં ઊડાડીને ઉપાદેય કહ્યું છે, કર્તૃત્વ રાખીને તો ક્યાંય તેની ઉપાદેયતા કરી નથી. એટલી મર્યાદા છે. એને એની અપેક્ષા કહેવામાં આવે છે.

ભાવાર્થ :- **'હે ભવ્ય! આ ચારિત્રગુણ જેમ જેમ નિજસ્વરૂપને પ્રાપ્ત થાય છે, જેમ જેમ સ્થિર વિશ્રામ લે છે, તેમ તેમ, તે તે કાળે, સર્વ ગુણોની અશુદ્ધતા વિકારભાવ-અનિત્યભાવ-ક્ષણભંગુરભાવ, તે આપોઆપ જ નાસ્તિ (નાશ) થતો જાય છે.'** શું કહે છે? ચારિત્રગુણ ક્રમશઃ વિકાસ પામે છે. એટલે જેમ જેમ, તેમ તેમ એમ કીધું છે. એકસાથે કોઈ જીવને ચારિત્રગુણ પૂરો થઈ જાય-પૂરો પરિણમી જાય,

શ્રદ્ધાની જેમ સીધું જ પૂર્ણ પરિણમન થાય એવો ચારિત્રગુણના પરિણમનનો ધર્મ જ નથી. એ ગુણનો એ ધર્મ નથી. ક્રમશઃ પરિણમવાનો એનો ધર્મ છે.

અહીંયાં ચારિત્રગુણની મુખ્યતાથી વાત લીધી છે. **'ચારિત્રગુણ જેમ જેમ નિજસ્વરૂપને પ્રાપ્ત થાય છે,...'** એટલે કે જેમ જેમ સ્વરૂપમાં પરિણામ સ્થિર રહે છે, ટકી રહે છે **'તેમ તેમ, તે તે કાળે, સર્વ ગુણોની...'** બીજા પણ. ચારિત્રગુણની અને બીજા સર્વ ગુણની સ્વરૂપ સ્થિરતા તે અનંત ગુણની શુદ્ધિ કરવામાં નિમિત્ત પડે છે. ચારિત્રગુણની સ્વરૂપસ્થિરતા બીજા અનંત ગુણની શુદ્ધિ કરવામાં નિમિત્ત પડે છે. જેમ જેમ સ્વરૂપ સ્થિરતા થાય તેમ તેમ બીજા ગુણો પણ તે ચારિત્રની જેમ જ સ્વરૂપને અનુસરે છે અને એનું અશુદ્ધ પરિણમન નાશ પામે છે અને એની શુદ્ધતાનો વિકાસ થતો જાય છે.

**'સર્વ ગુણોની અશુદ્ધતા વિકારભાવ-અનિત્યભાવ...'** બધા એકાર્થમાં લેવા. **'ક્ષણભંગુરભાવ, તે આપોઆપ જ નાસ્તિ (નાશ) થતો જાય છે...'** એને નાશ કરવા માટે બીજો કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. જેમ અંધારાને ઉલેચવું પડતું નથી. **'આપોઆપ જ નાસ્તિ (નાશ) થતો જાય છે-વિલય થઈ જાય છે. તેથી તેને જિનદેવે હેયભાવરૂપે વર્ણવ્યો.'** તેથી વીતરાગ જિનેન્દ્ર પરમાત્માએ દિવ્યધ્વનિમાં તે ભાવ હેય છે એમ કહ્યું છે. પછી એના જે નિમિત્તો હેય છે એ તો ઉપચારથી કહેવામાં આવે છે. અશુદ્ધતા હેય છે તો અશુદ્ધતાના નિમિત્તો પણ હેય છે. આમ તો એ જુદાં જ પડ્યા છે. પણ જીવ જ્યારે રાગમાં, અશુદ્ધતામાં એકત્વબુદ્ધિ કરે છે, ત્યારે એના નિમિત્તોમાં પણ એકત્વબુદ્ધિ થઈ આવે છે.

અભક્ષ્ય આદિ હેય છે, એમ કહે છે ને? અભક્ષ્ય હેય છે. એ ગ્રહણ કરવાના ભાવવાળાને કહેવામાં આવે છે. વસ્તુતાએ તો ભાવ જ હેય છે. વસ્તુપણે તો તે ભાવ જ હેય છે. તે ભાવને ત્યાગવાના હેતુથી, એ કારણથી તેના નિમિત્તોનું પણ હેયપણું દર્શાવવામાં આવે છે.

મુમુક્ષુ :- એની સામે ઉપાદેય આવ્યું...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રકરણ જ જુદું લીધું છે. આના પછીનું પ્રકરણ ઉપાદેયનું છે. અહીંયાં હેય પ્રકરણની વાત ચાલે છે. આ હેય છે, હેય છે, હેય છે. અશુદ્ધતા હેય છે. અશુદ્ધતા છે તે મલિનતા છે, દુઃખદાયક છે, દુઃખસ્વરૂપ છે અને પોતાના નિજજાતિ સ્વભાવથી વિરૂદ્ધ છે. નિજજાતિ સ્વભાવભાવને ઘાત કરવાવાળું છે. દુઃખદાયક હોવાથી અનિષ્ટ છે. અનિષ્ટ છે એ ઘાતક છે અને દુષ્ટ છે. દુઃખકારક હોવાથી એ દુષ્ટ છે. આ ત્રણ શબ્દ 'રાજમલ્લજી'એ ૧૦૮ કળશની ટીકા કરતાં વાપર્યા છે.

કોઈ એમ જાણશે કે અશુભ પરિણામ જે પ્રકારે વર્જનીય છે-ત્યાગવા યોગ્ય છે, તે પ્રકારે શુભ પરિણામ ત્યાગવા યોગ્ય નથી. તો એમ નથી. એમ કરીને લીધું છે. 'સમયસાર કળશ' છે ને. 'ગુરુદેવે' શુભ હેય કીધું, ત્યાં તમારા સંપ્રદાયવાળા ભડક્યા. ધુંઆફુંઆ થઈ ગયા. પણ આ 'રાજમલ્લજી'એ તો ૨૦૦ વર્ષ પહેલાં વાત કરી છે.

**'मोक्षहेतुतिरोधानात्'** મોક્ષ હેતુ નામ મોક્ષના કારણને ઢાંકી દેતો હોવાથી **'बन्धत्वात्स्वयमेव'** અને પોતે જ બંધસ્વરૂપે હોવાથી **'मोक्षहेतुतिरोधायिभावत्वात्'** મોક્ષહેતુને ઢાંકવાનું કારણ હોવાને લીધે **'तत् निषिध्यते'**. તેનો નિષેધ કરવામાં આવ્યો છે. શુભપરિણામનો શા માટે નિષેધ કર્યો છે એનું કારણ આચાર્ય મહારાજે (એમ કહ્યું કે) મોક્ષના કારણનો વિરોધી હોવાથી એનો નિષેધ કરીએ છીએ. એમ સ્થાપ્યું છે.

**'અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી.'** શુભાશુભ કરવા યોગ્ય નથી તો ન કરવું, પણ છોડવા યોગ્ય નથી એમ પણ સાથે સાથે રાખવું. ઠીક! **'ઉત્તર આમ છે કે-વર્જવાયોગ્ય છે. કારણ કે વ્યવહાર ચારિત્ર હોતું થકું...'** શુભપરિણામ શબ્દ ન વાપર્યો. અશુભ પરિણામને તો વ્યવહાર ચારિત્ર કહેવાતું નથી. પણ એ પરિણામ **'વ્યવહાર ચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે;...'** ત્રણ શબ્દો (મૂક્યા છે).

મુમુક્ષુ :- અઠ્ઠાવીસ મૂળગુણને ભેગા લીધા.

પૂજ્ય ભાઈશ્રી :- ભેગા લીધા. દુષ્ટ છે, અનિષ્ટ છે અને ઘાતક છે. એની જાત તો એ જ છે. પણ એના યથાયોગ્ય ગુણસ્થાનમાં આવ્યા વિના રહેતાં નથી. કાં તો વીતરાગ થાય તો ગુણસ્થાન બદલાય જાય અને ન આવે. અને એ ગુણસ્થાનમાં ન આવે તો એથી નીચેના ઘાતક પરિણામો એને હોય, હોય અને હોય જ. હોય વિના રહે નહિ.

**'દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; તેથી વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે એમ કહે છે.'** **'तत् निषिध्यते'**. **'तत् निषिध्यते'** નું ઉદ્‌ઘાટન આટલી ટીકા કરીને કર્યું છે. પછી **'निषिध्यते'** નો અર્થ કર્યો છે કે **'શુભ-અશુભરૂપ કરતૂત નિષેધ્ય અર્થાત્ ત્યજનીય છે...'** કેમકે મોક્ષના હેતુનો ઘાતક છે. શુદ્ધ પરિણમનનો એ ઘાતક છે અને પોતે બંધરૂપ છે. પુણ્ય-પાપ અધિકારમાં આવી રીતે એનું હેયપણું સ્થાપ્યું છે. પુણ્ય-પાપનું હેયપણું સ્થાપ્યું છે.

મુમુક્ષુ :- આગલી લીટીમાં ક્રિયારૂપ ચારિત્ર હેય કીધું. સ્વરૂપમાં ઠરવું એ ચારિત્ર.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. કેમકે વ્યવહાર ચારિત્ર છે ને. એટલે ક્રિયારૂપ ચારિત્ર

નિષિદ્ધ છે. વિષય-કષાયની માફક જ નિષિદ્ધ છે. જ્યાં દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ કરાવવી છે, ત્યાં અનાદિથી જે શુભ પરિણામ ઉપર જીવની દૃષ્ટિ થઈ ગઈ છે, ઉપાદેયતા આવી ગઈ છે અથવા જે શુભ પરિણામને પણ ભેદજ્ઞાનની અંદર જેનો ત્યાગ કરાવવો છે, જુદાં પાડવા છે, જેનો આધાર છોડાવવા છે, જે શુભરાગનો, રાગનો આધાર છોડાવવો છે તો ત્યાં એને એ રીતે ન કહે તો કઈ રીતે આધાર છૂટે? જો એને જોરથી ધક્કો ન મારે તો એનો આધાર પણ કઈ રીતે છૂટે? અનાદિથી જીવ રાગનો આધાર લઈને જ પરિણમી રહ્યો છે. ભેદજ્ઞાનમાં આધાર જ છોડવાની વાત છે. આખેઆખો આધાર છોડાવવાની વાત છે કે તું જ્ઞાનનો એટલે જ્ઞાનમય આત્માનો-જ્ઞાયકનો આધાર લે અને રાગનો આધાર છોડ. બેનો આધાર નહિ રહે.

**'તે આપોઆપ જ નાસ્તિ (નાશ) થતો જાય છે-વિલય થઈ જાય છે. તેથી તેને જિનદેવે હેયભાવરૂપે વર્ણવ્યો. એવું હેયભાવનું કથન જિનાગમમાં પણ ચાલે છે...'** જિનાગમને વિષે એ વાત પ્રસિદ્ધ છે **'એમ જાણવું.'** એમાં કોઈ તત્ત્વ વિરૂદ્ધતા થતી નથી, આગમ વિરૂદ્ધતા પણ થતી નથી. કેમકે એ વાત આગમની અંદર, જિનાગમની અંદર પ્રસિદ્ધ છે. એટલું તો અન્યમતિઓએ થોડુંઘણું સ્થાપ્યું છે-શુભાશુભો પરિત્યાગે. 'ગીતા'માં એવી વાત તો આવે છે. 'વીતરાગ ... શુભાશુભો પરિત્યાગી ....' કોણ સ્થિર બુદ્ધિવાળો છે? સ્થિત એટલે સ્થિર. ધિ એટલે બુદ્ધિ. કોણ સ્થિર બુદ્ધિવાળો છે? સ્થિતપ્રજ્ઞ કોણ છે? જેની પ્રજ્ઞા આત્મામાં સ્થિર છે એવો કોણ છે? એવો પ્રશ્ન પૂછ્યો છે. શાસ્ત્રકર્તાએ 'અર્જૂન'ના મુખેથી એ પ્રશ્ન પૂછાવરાવ્યો છે. અને 'શ્રીકૃષ્ણ'ના મુખેથી એનો ઉત્તર દીધો છે કે જે આત્માથી આત્મામાં સંતુષ્ટ છે, **'આત્માની એવ આત્માના સંતુષ્ટાઃ સ્થિતપ્રજ્ઞ ...'** એને અમે સ્થિતપ્રજ્ઞ કહીએ છીએ. અન્યમતિએ આટલી બુદ્ધિ તો લગાવી છે. એમાં **'શુભાશુભ પરિત્યાગી વીતરાગ ક્રોધ**... ' રાગ ગયો છે, ભય ગયો છે, ક્રોધ ગયો છે. વીત નામ વ્યતીત થયો છે. એ બધી વાતો લીધી છે. વિચારશક્તિમાં એટલી બુદ્ધિ તો એ લોકોની પહોંચી છે. જૈનદર્શનની તો શું વાત કરવી! તો પછી એને સાચું કેમ ન માનવું આવું કીધું હોય તો? આવી સરસ વાત કરી હોય તો સાચું માનવું જોઈએ કે નહિ? કેમકે ત્યાં વિપરીત અભિનિવેશથી ખોટી વાત પણ ક્યાંક ક્યાંક આવી જાય છે. પૂર્વાપર વિરોધ આવે છે. તો સાચી પણ સાચી માનવાની ત્યાં રહેતી નથી. લાગુ પડે કે ન પડે? એમ એ તો અન્યમતિ છે.

એમ અહીંયાં જૈનમતિ હોય તોપણ અનેક વાતો સાચી કહે અને કોઈ વાત ખોટી પણ કહે, તોપણ આની જેમ થઈ જાય છે. જ્યાં સુધી વિપરીત અભિનિવેશ છે ત્યાં સુધી એને અસત્ય ઊભું છે. એટલે એને અસત્ય કથન આવ્યા વિના રહેશે

નહિ. પૂર્વાપર વિરોધતા એની થયા વિના રહેશે નહિ.

હવે 'ઉપાદેયસ્વરૂપ વ્યાખ્યાન.' ઉપાદેય તત્ત્વ શું છે? જો અશુદ્ધતા હેય છે તો શુદ્ધતા ઉપાદેય છે, એમ આપોઆપ જ અનર્પિતપણે ફલિત થાય છે. શુદ્ધતાની ઉપાદેયતા આ પ્રકરણમાં લેવી છે.

**ससमयस्स समयपत्तो, णियसरुवमायरइ परिणामेहिं।**
**परिणमदि वा ससरूपं तमुवमदेयं भणइ जीणो।।९।।**
**स्वसमयस्य समयप्राप्तौ, निजस्वरूपमारयति परिणामैः।**
**परिणमति वा स्वस्वरूपं, तं उपादेयं भणति जिनः।।९।।**

અર્થ :- **'જેમ જેમ કાલલબ્ધિની પ્રાપ્તિ આવતી જાય છે...' 'स्वसमयस्य समयप्राप्तौ' 'समयप्राप्तौ'** નો અર્થ કાળલબ્ધિ લીધી છે. **'તેમ તેમ તે તે કાલલબ્ધિની પ્રાપ્તિ વિષે આત્મચારિત્રગુણનું-નિજરૂપ-આત્માનું-આચરણ તે પરિણામો વડે જ વ્યક્ત વ્યાપે છે...'** શું કહ્યું?

**'समयप्राप्तौ काललब्धिप्राप्ती सति स्वसमयस्य चारित्रस्य निजस्वरूपस्य परिणामैः आचरयति व्याप्नोति वा अथवा एवं स्वरूपं परिणमति वा स्वस्वरूपं उपादेयं आचरणं जिन भणित।'** સ્વચરણ પરિણમનને અથવા સ્વરૂપાચરણ પરિણમનને ઉપાદેય સંજ્ઞાથી જિનદેવ કહે છે. આવો અર્થ કર્યો છે. શું કહે છે?

જીવની કાળલબ્ધિ એટલે તે તે પ્રકારને પરિણમવાની યોગ્યતા નજીક આવતી જાય છે. એ યોગ્યતા પણ એના ક્રમમાં પડેલી છે. પણ એ બુદ્ધિનો વિષય નહિ હોવાથી ક્યાં પડી છે? કેવી રીતે પડી છે? ક્યા કાળની પડી છે? એ બુદ્ધિનો વિષય છે? જેમ કર્મના પરમાણુ બુદ્ધિનો વિષય નથી. દેખાય છે કોઈને બુદ્ધિથી? કે અત્યારે કેવો ઉદય છે અને હવે પછી કેવો ઉદય આવવાનો છે ને ત્યારપછી એનો કેવી રીતે ઉદયાવલીમાં ક્રમ આવવાનો છે એ કોઈ બુદ્ધિનો વિષય છે? નિમિત્ત તરીકે જો એ બુદ્ધિનો વિષય નથી, એમ ઉપાદાનમાં ક્યા પરિણામ ક્યારે ઉત્પન્ન થવાના છે અથવા ક્યા પરિણામની ક્યારે કાળલબ્ધિ છે, કાળલબ્ધિ એટલે પ્રાપ્તિ, ઉત્પત્તિ, એનો કાળ શું છે એ કોઈ છદ્મસ્થની બુદ્ધિનો વિષય નથી. તેથી બુદ્ધિપૂર્વકનો પુરુષાર્થ એને આધારિત કરવામાં આવતો નથી. જો એને આધારિત બુદ્ધિપૂર્વકનો પુરુષાર્થ કરવામાં આવે તો ભૂલ થઈ જાય. જેને જરૂરિયાત છે તે એ વિષયને જાણતો હોય તોપણ પોતાની જરૂરિયાતને લીધે, જરૂરિયાતના વિષયમાં પ્રયત્નવાન અવશ્ય થાય છે. ઉદ્યમવંત થયા વિના રહી શકતો નથી. શું કહેવું છે? અથવા જ્યાં સુધી જીવના પરિણામ ચંચળ છે અને અસ્થિર છે ત્યાં સુધી એ પરિણમનની અંદર જે કાળે જે ક્ષેત્રે જે

પર્યાય થવાની છે તે થવાની છે, તેવા જ્ઞાનમાં સ્થિર રહેવાની શક્તિ હોતી નથી. આ તો બરાબર છે? જાણવું એક વાત છે, સ્થિર રહેવું એ બીજી વાત છે. તો એ જાણવું રાખીને પણ પુરુષાર્થ કાર્ય કરે છે તોપણ એણે કાળલબ્ધિનો અસ્વીકાર કર્યો છે એમ કહી શકાય નહિ. કાળલબ્ધિ માનીને પણ જીવ પુરુષાર્થની ભાવનામાં આવે છે અને એ ભાવનાવશ એ પુરુષાર્થ પ્રેરિત પણ થાય છે. અને એ પુરુષાર્થ પ્રેરિત થાય છે એનું નામ જ કાળલબ્ધિ કહેવામાં આવી છે.

આ તો વિષય 'ગુરુદેવે' બહુ ચર્ચ્યો છે. નહિતર કાળલબ્ધિનો સામાન્ય વિષય .. કે જીવ સમજે છે કે મારી જરૂરિયાત છે એટલે મારો પુરુષાર્થ જ્યાં જરૂરિયાત ભાસે એ દિશામાં કાર્યગત થયા વિના રહી શકે નહિ. એ પણ એક વસ્તુસ્થિતિ છે. સાથોસાથ પ્રત્યેક પરિણામ એના સ્વઉચિત કાળે જ સંપ્રાપ્ત થાય છે, જેનું કાળલબ્ધિ કહેવામાં આવે છે એ બન્ને વાતને ક્યાંય પણ વિરોધાભાસપણું નથી. બન્ને વાત સુસંગત છે, બન્ને પ્રકાર સુસંગત છે. એ સમજી શકાય એવો વિષય છે.

નહિતર કોઈ એવો પણ તર્ક કરી શકે કે પુરુષાર્થ કરે અને કાળલબ્ધિ ન હોય તો? તો આના જેવું થશે કે જીવ પુરુષાર્થ કરે અને કર્મને નિર્જરવાનો સમય ન હોય તો શું થાય? પુરુષાર્થના કાળે કર્મની નિર્જરા આપોઆપ છે. તો કોઈ જીવ પુરુષાર્થ કરે અને એ વખતે કર્મની પર્યાયને નિર્જરાવાનો સમય ન હોય તો શું કરવું? હોય જ. એમ જ્યારે પુરુષાર્થ કરે ત્યારે કાળલબ્ધિ હોય જ. જો પરદ્રવ્યની પર્યાય હોય જ તો સ્વદ્રવ્યની પર્યાય ન હોય એ વાત ક્યાંથી આવી?

પુરુષાર્થ તો એક એવી પર્યાય છે કે જેમાં શુદ્ધતાની રચના અનિવાર્ય છે. તો પછી એ વખતે કાળલબ્ધિ નહિ હોય તો? એ વાત ક્યાંથી લાવ્યો તું? અરે..! શુદ્ધતાની કાળલબ્ધિ છે જ, પણ કર્મની પર્યાયની નિર્જરાની કાળલબ્ધિ પણ ત્યારે જ છે. એ ન હોય એમ કદી બની શકે નહિ. એમ જીવના પરિણામ સાથે કુદરત બંધાયેલી છે. કુદરત એટલે દ્રવ્ય સ્વભાવ અથવા વસ્તુ વ્યવસ્થા. એ જીવના પરિણામ સાથે બંધાયેલી છે.

મુમુક્ષુ :- પાંચે સમવાય સાથે હોય જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હોય જ છે. ન હોય અને લાવવા પડે એવું કદી બનતું નથી.

વિરોધાભાસ ક્યાં લાગે છે? કે કોઈ જીવ કાળલબ્ધિને એટલી પ્રધાનતા આપે છે, એટલી પ્રધાનતા આપે છે કે ત્યાં એ પુરુષાર્થની આવશ્યકતા જોતો નથી. ત્યારે એને વિરોધાભાસ લાગે છે કે કાળલબ્ધિ હોય ત્યારે થવું હોય તે થાય. બાકી કાંઈ

કરવાથી થવાનું નથી. માટે નિષ્ક્રિય થઈ જવાનું. કાળલબ્ધિની રાહ જુઓ. પાછું એને જ્યાં જરૂરિયાત લાગે ત્યાં કાળલબ્ધિ ન લ્યે. પણ આ પ્રકારની ઊંઘાઈથી, આડોડાઈથી એને પોતાની શુદ્ધતાની જરૂરિયાત નથી એવું પ્રસિદ્ધ થાય છે, એવું પ્રદર્શિત થાય છે એવો એને ખ્યાલ રહેતો નથી. એનો ખ્યાલ જ એને નથી રહેતો કે લોકો આનાથી શું જાણશે? એટલે કાળલબ્ધિની અનુચિત રીતે મુખ્યતા કરે છે.

મુમુક્ષુ :- કાળલબ્ધિ એટલે વસ્તુની વ્યવસ્થા?

પૂજ્ય ભાઈશ્રી :- હા. કાળ એટલે પર્યાય. અને લબ્ધિ એટલે પ્રાપ્તિ. અહીંયાં લબ્ધિ એટલે પ્રાપ્તિ. જે કાળે જે સમયની ઉત્પત્તિ, જે પર્યાયની ઉત્પત્તિ થાય તેને તે પર્યાયની કાળલબ્ધિ કહેવામાં આવે છે. તો ત્યારે એનો પુરુષાર્થ ગુણ, શુદ્ધતાની પર્યાય ઉત્પન્ન થઈ ત્યારે જેમાં શુદ્ધતા રચવાનું સામર્થ્ય છે એવો જે વીર્યગુણ તે અપરિણામી થઈ ગયો? પરિણમન વગરનો રહી ગયો? ગુણ તો નિત્ય પરિણમનશીલ છે. એનું પરિણમન ત્યારે નથી એમ કેમ તેં જાણ્યું? એ પ્રશ્ન જ અસ્થાને છે કે કાળલબ્ધિ હોય ત્યારે પુરુષાર્થ હોય કે ન હોય? એ સહજ પુરુષાર્થનું સ્વરૂપ તને સમજાયું નથી અને કૃત્રિમ કરું, કરું, કરું એવા ભાવને તેં પુરુષાર્થ તરીકે જાણ્યો છે તેથી તને કેટલોક ગુંચવાડો ઉત્પન્ન થઈ ગયો છે. વસ્તુતાએ એ પુરુષાર્થ નથી. જે સહજ આત્મપ્રત્યયી આવેગ છે, સંવેગ છે એને પુરુષાર્થ કહેવામાં આવે છે. એ પુરુષાર્થનું સ્વરૂપ છે. કરું કરુંના કૃત્રિમ પરિણામ તે કોઈ પુરુષાર્થનું સ્વરૂપ નથી.

જેમ જેમ કાળલબ્ધિની પ્રાપ્તિ આવતી જાય છે, તેમ તેમ તે તે કાળલબ્ધિની પ્રાપ્તિ વિષે જ્યારે શુદ્ધ પર્યાય પ્રાપ્ત થાય છે ત્યારે આત્માના ચારિત્રગુણનું નિજરૂપ આત્માનું આચરણ, ચારિત્રગુણનું આચરણ અથવા નિજ રૂપનું આચરણ અથવા આત્માનું આચરણ, સ્વરૂપાચરણ જેને કહે છે, '**તે પરિણામો વડે જ વ્યક્ત વ્યાપે છે...**' પ્રગટ થઈને પર્યાયમાં આચરણ વ્યાપે છે, સ્વરૂપાચરણ થાય છે. એને અને કાળલબ્ધિને સમવાયપણું છે. સમવાયપણું છે એટલે સમકાળપણું છે. એક કાળે ઉત્પન્ન થવું એવું છે.

'**અથવા એમ પણ કહો કે તે સ્વરૂપાચરણરૂપે જ પ્રવર્તે છે,...**' ત્યારે જીવ પોતે જ પોતાના સ્વરૂપમાં આચરણ કરે છે અને સ્વરૂપાચરણરૂપે પરિણમે છે, પ્રવર્તે છે. '**તે જ સ્વચરણ પરિણમનને (સ્વરૂપાચરણ પરિણમનને) 'ઉપાદેય' સંજ્ઞાથી જિનદેવ કહે છે.**' એને ઉપાદેય એવી સંજ્ઞા એટલે એવું નામ આપ્યું છે કે આ ઉપાદેય છે. શું ઉપાદેય છે? સ્વરૂપાચરણ ઉપાદેય છે. હવે અહીંયાં કોઈ તર્ક કરે, શાસ્ત્ર ભણ્યા હોય એને તર્ક થાય કે અહીંયાં શ્રદ્ધાને ઉપાદેય ન લીધું, જ્ઞાનને ઉપાદેય ન લીધું અને આચરણની વાત કેમ લીધી? ચારિત્રની કેમ વાત લીધી? જેને સ્વરૂપાચરણ

થયું એને પોતામાં જ્ઞાન અને શ્રદ્ધાન આવી ગયા. એમ કહેવું છે. શ્રદ્ધા-જ્ઞાનની મુખ્યતા કરતાં કોઈ ચારિત્રનો તર્ક કરે છે, કે શ્રદ્ધા-જ્ઞાન તો થયા પણ હવે ચારિત્રનું શું? પણ જ્યાં ચારિત્ર સ્થાપ્યું ત્યાં શ્રદ્ધા-જ્ઞાન આવી ગયા. કેમકે નિજશ્રદ્ધાન અને નિજ સ્વરૂપજ્ઞાન સિવાય સ્વરૂપમાં સ્થિર રહેવાનું સામર્થ્ય કદી ઉત્પન્ન થતું નથી. સ્વરૂપાચરણની જે શક્તિ છે, સ્વરૂપમાં સ્થિર રહેવાની શક્તિ છે એમાં સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપનું શ્રદ્ધાન હોય તો જ એ સંભવિત છે અને નહિતર કોઈ રીતે બની શકે નહિ. એ વાત એની અંદર આવી જાય છે. પણ અહીંયાં તો એક માખણ કાઢીને મૂકવું છે એટલે એક એક વાત લ્યે છે. કોઈ જગ્યાએ વિસ્તાર નથી કરતા, જુઓ! એક એક પ્રકરણ એવા લીધા છે કે એમાં બીજીની વાતોનો વિસ્તાર આવતો નથી. હેય, તો કહે, અશુદ્ધતા હેય (છે). ઉપાદેય, તો કહે, સ્વરૂપશુદ્ધતા, સ્વરૂપાચરણ ઉપાદેય છે. બીજી કોઈ લાંબીચોડી વાત કરતા નથી.

**'સ્વચરણ પરિણામને (સ્વરૂપાચરણ પરિણમનને) 'ઉપાદેય' સંજ્ઞાથી જિનદેવ કહે છે.'** એમ કહે કે સ્વરૂપાચરણ ઉપાદેય છે તો શુદ્ધાત્મા ઉપાદેય છે કે નહિ? સ્વરૂપમાં સ્થિરતા એ સ્વરૂપની ઉપાદેયતા વિના કેવી રીતે આવી? જેને સ્વરૂપની ઉપાદેયતા હોય એને સ્વરૂપસ્થિરતા આવે. જેને પરપદાર્થની ઉપાદેયતા હોય એને સ્વરૂપસ્થિરતા કે રાગની ઉપાદેયતા હોય એને સ્વરૂપસ્થિરતા થાય એ વાત રહેતી નથી. માટે સ્વરૂપાચરણરૂપ પરિણામ ઉપાદેય છે એમ કહ્યું છે. ત્યાં હેય શું છે એ વાત અનર્પિતપણે આવી જાય છે. અને નિજ સ્વરૂપની ઉપાદેયતા પણ એની અંદર ગર્ભિત રીતે આવી જ જાય છે.

જેમ કોઈ શ્રીમંતના મુનિમનો વૈભવ બતાવવામાં આવે તો જેની એ નોકરી કરે છે, વૈભવશાળી માણસ પણ જેની નોકરી કરે છે એનો વૈભવ કેટલો એ આપોઆપ બતાવી દેવાય છે. એનો મુનિમ કરોડપતિ છે. એનો શેઠ તો અબજોપતિ હોય એમાં શું નવાઈ છે?

એમ જે શુદ્ધ પર્યાયને સ્વરૂપાચરણમાં રિદ્ધિ-સિદ્ધિ બધી ભરી છે, સર્વ સિદ્ધિ એમાં ભરી છે. એક સમ્યગ્દર્શનના પહેલાં કાળમાં, ધર્મના પહેલાં પર્યાયમાં સ્વરૂપાચરણ ઉત્પન્ન થાય છે, સમ્યગ્દર્શનની સાથે સાથે, ત્યારે સિદ્ધપર્યાય સુધીની બધી લબ્ધિઓ એમાં-અનુભૂતિમાં આવે છે. આ સ્વરૂપાચરણ અનુભૂતિસ્વરૂપ છે. સિદ્ધદશા સુધીની બધી લબ્ધિઓ એની અંદર આવે છે. આવો જે સ્વરૂપાચરણ પર્યાયનો વૈભવ છે કે જેની અંદર આવી લબ્ધિઓ ભરી છે, એ જેની સેવા કરે છે, એ જેનું અનુચરણ કરે છે એવો જે જીવરાજા એના વૈભવની શું વાત કરવી? એના વૈભવની વાત થાય

એવું નથી.

'ગુરુદેવ' તો કોઈવાર એમ લેતા કે અનંત અનંત અનંત સિદ્ધપર્યાયો તારા પેટમાં પડી છે અને અનંત અનંત સિદ્ધપર્યાયોનો જન્મદાતા તું હોવાથી અનંત સિદ્ધપર્યાયોનો તું પિતા છો, બાપ છો. એમ કહેતાં. તું માત્ર સિદ્ધ નથી, પણ અનંત સિદ્ધપર્યાયોનો તું જનક છો, એનો બાપ છે તું. એમ કહેતા. તારા પેટમાં અનંત સિદ્ધપર્યાયો પડી છે. તારી સમૃદ્ધિને જો. અહીંયાં મોક્ષમાર્ગને વિષે ચારિત્રનો-વીતરાગભાવનો-સ્વરૂપાચરણનો મહિમા કરવામાં આવે છે, એમાં આત્માનો મહિમા ગર્ભિત રીતે આવી જાય છે. કેમકે એ આચરણ તો સ્વરૂપને સેવે છે. સ્વરૂપ એવું મહાન હોય તો એને સેવે. એ એમાં આવી જાય છે. અને જે એ શુદ્ધ પરિણમન ગુણવંત પરિણમન છે, નિર્દોષ પવિત્ર પરિણમન છે તો એ પરિણમન જેની સેવા કરે છે એ તો અનંત ગુણ ભરપૂર દ્રવ્ય છે. એ કહેવાની જરૂર રહેતી નથી. એમ આવી ગયું.

(અહીં સુધી રાખીએ...)

## તા. ૧૭-૫-૧૯૮૬, પાના નં. ૨૦
## પ્રવચન નં. ૧૬

'આત્માવલોકન', પાનું-૨૦. '**ઉપાદેયસ્વરૂપ વ્યાખ્યાન**'. પોતાનું શુદ્ધ સ્વરૂપ છે તે ઉપાદેય છે. ભાવાર્થથી લેવાનું છે.

ભાવાર્થ :- '**સ્વચારિત્રની જે જે શક્તિ વિકારરૂપ થઈ રહી છે તે તે શક્તિ,...**' તેના પેટામાં શ્રદ્ધાન અને જ્ઞાન-સ્વરૂપશ્રદ્ધાન અને સ્વરૂપજ્ઞાનનો સમાવેશ આપોઆપ થઈ જાય છે. જે ચારિત્રની શક્તિ વિકારરૂપ થઈ રહી હતી એટલે કે રાગનું પરિણમન થતું નથી, તે પલટીને સ્વકાળ અનુસાર '**તેમ તેમ તે સ્વચારિત્રનું નિજરૂપ પરિણામોના પરિણમનરૂપે થાય છે.**' શું કહેવું છે? નીચે નીચેના ગુણસ્થાને વીતરાગતા ઓછી છે અને ચારિત્રશક્તિ છે એ નીચેના ગુણસ્થાને જઘન્ય ભાવે પરિણમે છે. ગુણસ્થાન વધતાં વધતાં વીતરાગતા વધતી જાય છે, ચારિત્રશક્તિનું શુદ્ધ પરિણમન વધતું જાય છે. ઉપરના ગુણસ્થાનેથી એમ જોવાય છે...

મુમુક્ષુ :- જે જે શક્તિ વિકારરૂપ થઈ રહી છે..

પૂજ્ય ભાઈશ્રી :- એટલે રાગરૂપ પરિણમે છે. ચારિત્રગુણ. શક્તિ એટલે ગુણ. ચારિત્રગુણ પરિણમે છે. વિકારરૂપ એટલે રાગરૂપ પરિણમે છે. ઉપરના ગુણસ્થાનેથી એમ જોવાય છે કે નીચેના ગુણસ્થાને આવો રાગ થતો હતો. વ્યવહાર એટલે શુભરાગ તે ગુણસ્થાનમાં તે પ્રકારે જ થવો યોગ્ય હતો. તો નીચેના ગુણસ્થાને એવો જે રાગ થયો તે રાગનો સ્વકાળ હતો. એમ કેમ લ્યે છે? કે ત્યારે પણ રાગ કરવો હતો અને કરવો છે અને રાગથી મારું કાર્ય થાય છે અને રાગથી હિત સધાય છે અને રાગ સાધન છે, એવું ત્યારે પણ અનુભવમાં આવતું નહોતું.

દૃષ્ટાંત લઈએ તો, જેને પોતાના શુદ્ધાત્માનું લક્ષ થયું એને શુદ્ધાત્માનો અનુભવ થવા પૂર્વે, પૂર્વભૂમિકામાં, શુદ્ધ આત્મસ્વરૂપ સંબંધિત રાગ અથવા વિકલ્પ ઉત્પન્ન થાય છે. એ વિકલ્પ સાથે સાથે અંતરંગમાં શુદ્ધ સ્વભાવનો રસ, શુદ્ધ સ્વભાવનો મહિમા, શુદ્ધ સ્વભાવનું જ્ઞાનબળ, નિશ્ચયબળ એ વગેરે પરિણામો પણ હોય છે. એકલા શુદ્ધ સ્વરૂપના વિકલ્પો જ હોય છે એવું નથી. પણ એ ઉપરાંત પોતાના સ્વરૂપ સંબંધીનું જે લક્ષ છે એ લક્ષમાં જ્ઞાનબળ છે, સ્વરૂપની રુચિ અનન્યપણે કામ કરે છે. અસ્તિથી લઈએ તો.

નાસ્તિથી લઈએ તો દર્શનમોહની શક્તિ ઘટતી જાય છે. એ ઉપરાંત એનો પુરુષાર્થ પણ સ્વરૂપ પ્રત્યયી વધતો જાય છે અને શુદ્ધાત્મ સ્વરૂપનો જ્ઞાનમાં અત્યંત અત્યંત મહિમાથી સર્વ પરિણામોમાં સ્વરૂપરસ વધતો જાય છે, ચૈતન્યરસ વધતો જાય છે, આત્મરસ વધતો જાય છે. સાથે સાથે વિકલ્પ પણ હોય છે. હવે એ નિર્વિકલ્પ આત્મરસ છે એ ઉગ્ર થઈને એટલી હદે પરિણમે કે વિકલ્પ ઉત્પન્ન ન થાય. ત્યારે નિર્વિકલ્પ અનુભવ થયો અને આત્મદર્શન થયું, સમ્યગ્દર્શન થયું, શુદ્ધાત્માનો અનુભવ થયો. એ વિકલ્પ ચાલતો હતો એ વિરૂદ્ધ નહોતો ચાલતો. હું આત્મા છું, હું શુદ્ધ છું, હું જ્ઞાનસ્વરૂપ છું એવો વિકલ્પ ચાલતો હતો. હું દેહસ્વરૂપ છું ને હું રાગસ્વરૂપ છું, એવો વિકલ્પ તો ચાલતો નહોતો. છતાં એ વિકલ્પ તે સાધન નહોતું. અને એ વિકલ્પથી મારું કાર્ય થાય છે એમ પણ ત્યાં ગણતરી નહોતી. એમ પણ ત્યાં સમજણ નહોતી અને એમ ત્યાં વિશ્વાસ પણ નહોતો, પ્રતીતિ પણ નહોતી.

એ વિકલ્પ કેમ રહ્યો? ઉપરથી, ઉપર ગયા પછી એનું જ્ઞાન કેવી રીતે થાય છે? એ વિકલ્પનો ત્યાં સ્વકાળ હતો. એવો જ કોઈ વિકલ્પનો ત્યાં સ્વકાળ હતો. ત્યાં વિકલ્પમાં રોકાવું નહોતું. નિર્વિકલ્પ એવું જે સ્વતત્ત્વ, એનું બળ, એનો પ્રયત્ન, એમાં એકાગ્ર થવાનો જે પ્રયાસ છે એમાં વિકલ્પમાં રોકાવાનો અભિપ્રાય, સમજણ, પ્રતીતિભાવ, અભિલાષા ભાવના હોતી નથી. છતાં એવો વિકલ્પ, સ્વભાવ સંબંધિત વિકલ્પ રહી જાય છે તો એ એનો સ્વકાળ છે. સ્વકાળ છે એને બીજી ભાષામાં કાળલબ્ધિ કહેવામાં આવે છે.

જે તે ગુણસ્થાને રાગાંશનું રહેવું અને જે તે ગુણસ્થાને ગુણસ્થાન અનુસાર વીતરાગતાનું રહેવું, એ બન્ને કાળલબ્ધિ અનુસાર છે. અહીંયાં કાળલબ્ધિમાં એવો સંકેત છે કે મારે પરિણામનું કર્તૃત્વનું નથી, પરિણામના કર્તૃત્વપણે હું પરિણમતો નથી અને પરિણામનું કર્તૃત્વ મારે રહ્યું નથી. હું તો એક શુદ્ધ આત્મા છું, પરિપૂર્ણ શુદ્ધ તત્ત્વ છું. એ પૂર્ણ તત્ત્વની અવસ્થા અલ્પ કાળમાં જેવું પૂર્ણ તત્ત્વ છે એવી જ થઈ જવાની છે, પણ એ પહેલાં જેટલી કચાશ અને જેટલો વિકાસ ગુણસ્થાન અનુસાર થાય છે એ બધું કાળલબ્ધિ ઉપર છોડી દેવામાં આવે છે.

મુમુક્ષુ :- કાળલબ્ધિ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- લબ્ધિ એટલે પ્રાપ્તિ. અને કાળ એટલે પર્યાય. જે કાળે જે સમયે જે પર્યાય પ્રાપ્ત થવાની હોય તે કાળે તેવી જ પર્યાય પ્રાપ્ત થાય તેને કાળલબ્ધિ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એની મેળ છે કે પ્રયત્ન કરે.. પ્રયત્ન..

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયત્ન તો પોતાના શુદ્ધાત્મામાં એકાગ્ર થવાનો હોય છે. તોપણ તે પણ કાળલબ્ધિ અનુસાર હોય છે. એટલે? કે કોઈ સમ્યગ્દષ્ટિને એક સમયમાં પૂર્ણ થવાતું હોય તો બીજા સમયે એને પૂર્ણ થવું છે અને એક સમયમાત્ર પણ એને સંસારમાં રોકાવું છે કે મોક્ષમાર્ગમાં સાધકદશામાં રોકાવું છે અને સિદ્ધદશા નથી જોઈતી, એવો એક સમય મોડું કરવાનો અભિપ્રાય કોઈપણ સમ્યગ્દષ્ટિનો હોતો નથી.

હવે એક બીજો દૃષ્ટિકોણ આની અંદર વિચારીએ તો સર્વ સાધકજીવોનું દ્રવ્ય પારિણામિકભાવે અને ભવ્યત્વ ભાવે એકસરખું છે. બધા જ ભવ્યો છે. જેટલા સાધક છે એમાં કોઈ અભવ્ય હોતું નથી. પારિણામિકભાવે બધા જીવો એકસરખા સ્વભાવવાળા છે. બધા જ સાધકો. સાધક કે બધાક બધા એકસરખા સ્વભાવવાળા છે. પણ આપણે અહીંયાં દૃષ્ટાંત સાધકનું છે. એ તમામ સાધકને શ્રદ્ધાન એકસરખું થાય છે. શ્રદ્ધાન એકસરખું અને શ્રદ્ધાનનો વિષય પણ બધાને પરિપૂર્ણ આત્મદ્રવ્ય એકસરખો. છતાં કોઈ સમ્યગ્દષ્ટિ શ્રદ્ધાન થયા પછી, પહેલાં દીક્ષા આદિનું ગ્રહણ થઈ ગયું હોય અને દ્રવ્યલિંગીપણું આવી ગયું હોય, તો કોઈ સમ્યગ્દષ્ટિ શ્રદ્ધાન થયા પછી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે. આયુષ્ય ન હોય તો તરત સિદ્ધત્વને પણ પ્રાપ્ત કરે. અને કોઈ સમ્યગ્દષ્ટિ પાંચ, પંદર ભવ કાઢે. એમાં સર્વાર્થસિદ્ધિ જેવા ૩૩ સાગરના ભવ પણ આવી જાય. શ્રદ્ધાન એનું એ અને દ્રવ્ય એનું એ. કેવી રીતે પોતાના પરિણામને જોવે છે? આવું જાણનાર પોતાના પરિણામને ક્યા દૃષ્ટિકોણથી જોવે છે, એમ જો વિચારવામાં આવે તો એ પરિણામના કર્તૃત્વને સ્વીકારતા નથી, પરિણામના કર્તૃત્વને અંગીકાર કરતાં નથી, પરિણામને એની કાળલબ્ધિ ઉપર જાણી લ્યે છે. પરિણામને એની કાળલબ્ધિ અનુસાર જાણે છે. કર્તૃત્વ અનુસાર જાણતાં નથી. પુરુષાર્થ એ કર્તૃત્વ નથી અને કર્તૃત્વ એ પુરુષાર્થ નથી. એ વાત ભૂલવા જેવી નથી. ક્યારે પણ એ વાત વિસ્મરણ કરવા યોગ્ય નથી કે પર્યાયનું કર્તૃત્વ છે એ પુરુષાર્થ છે અને પર્યાયનું કર્તૃત્વ થાય ત્યારે પુરુષાર્થને ગણવો, પુરુષાર્થનું સ્વરૂપ એવું છે, એવું ક્યારે પણ વિચારવા જેવું નથી.

કાળલબ્ધિ કહેતાં સ્વરૂપ પ્રત્યેનો વેગ-આવેગ-પુરુષાર્થ તો જે જે ગુણસ્થાને યથાયોગ્ય પ્રમાણમાં હોય જ છે. એ વાત એની અંદર સમાવેશ પામેલી છે એમ સમજીને ચાલવાનું છે. કાળલબ્ધિ કહેતાં પુરુષાર્થના અભાવને કોઈ વિચારે તો એ કાળલબ્ધિને સમજ્યો નથી અને પુરુષાર્થની મુખ્યતા કરતાં કોઈ કાળલબ્ધિને ભૂલી જાય તો એ પુરુષાર્થને પણ સમજ્યો નથી. એવું કાળલબ્ધિ અને પુરુષાર્થ વચ્ચેનું સંતુલન છે.

મનમાં ઘણીવાર એ વિચાર આવે, કેટલી કેટલી જગ્યાએ સંતુલન આવે છે. પર્યાયનું કર્તૃત્વ નથી છતાં આ ગુણસ્થાને આવો રાગ હોય અને રાગના નિમિત્તો આવા જ હોય અને બીજાં ન હોય, એ સિદ્ધાંતમાં જરાય મચક આવે નહિ. છતાં રાગના અકર્તૃત્વનું સંતુલન બરાબર રહે છે. એમ પુરુષાર્થ અને કાળલબ્ધિ વચ્ચે કોઈ Balance ચૂકી જવાનો રસ્તો રહેતો નથી. એનું બરાબર Balance રહે છે. બરાબર સમતુલા રહે છે.

મુમુક્ષુ :- પુરુષાર્થ કર્યા છતાં કાર્ય ન થાય તો કાળલબ્ધિ..

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થ આત્માનો કરે અને કાંઈ ન થાય એવું બને નહિ. ગોળ નાખે અને ગળ્યું થાય નહિ, એવું કેવી રીતે બને? તો ગોળના બદળે ખોળ નાખ્યો હોય તો થાય. એટલે પુરુષાર્થ થાય અને કાળ પાકેલો ન હોય એમ બને નહિ. પુરુષાર્થ થાય અને કર્મ ખરી જાય એ અનિવાર્ય છે. એટલી તો પરદ્રવ્ય સાથે કુદરત બંધાયેલી છે. તો સ્વદ્રવ્યના પરિણામમાં કાળલબ્ધિ ન હોય એ કેવી રીતે બને? એ તો બને જ નહિ.

ત્રણ બોલ સંતુલનના છે. એક ત્રીજો આ છે કે આગમ અનુસાર વસ્તુ વ્યવસ્થા, દ્રવ્ય-ગુણ-પર્યાયની વસ્તુ વ્યવસ્થા દ્રવ્યાનુયોગ અનુસાર હોવા છતાં અધ્યાત્મમાં રાગને પરદ્રવ્ય અને પુદ્ગલ કહેવામાં આગમજ્ઞાનનું સંતુલન ખોઈ બેસાતું નથી. અધ્યાત્મમાં શુદ્ધ-અશુદ્ધ બન્ને પર્યાયને, શુદ્ધપર્યાયને પણ આશ્રય નથી કરવો માટે એને પરદ્રવ્ય, પરભાવ અને હેય કહેવામાં પણ આગમજ્ઞાનનું સંતુલન ખોવાનો વારો આવતો નથી. રહે છે કે નહિ? એમ અહીંયાં પુરુષાર્થ અને કાળલબ્ધિને પરસ્પર કાંઈ વિરોધપણું નથી, પણ અવિરોધભાવે બન્ને છે.

**'જેમ જેમ કાળલબ્ધિ આવતી જાય છે તેમ તેમ તે સ્વચારિત્રનું નિજરૂપ પરિણામોના પરિણમનરૂપે થાય છે.'** ચારિત્રગુણ પોતાના પરિણામે પરિણમે છે. ત્યાં પોતાના સ્વરૂપમાં સ્થિરપણે રહેવું થાય છે. તેને ચારિત્ર અપેક્ષાએ સ્વરૂપ ગ્રહણ કહેવામાં આવે છે. સ્વરૂપ ગ્રહણ કહો, સ્વરૂપ પ્રાપ્તિ કહો, બન્ને એક છે. **'વળી કોઈ આ રીતે કહે કે તે સ્વચારિત્રનું સ્વરૂપ પ્રગટ થઈ પ્રવર્તે છે તે પણ સ્વરૂપગ્રહણનું જ કથન છે.'** વળી કોઈ આ રીતે કહે કે **'સ્વચારિત્રનું સ્વરૂપ પ્રગટ થઈ પ્રવર્તે છે તે પણ સ્વરૂપગ્રહણનું જ કથન છે.'** બરાબર છે, બન્ને એક જ વાત છે. સ્વચારિત્ર સ્વરૂપપણે પ્રગટે છે, સ્વરૂપ સ્થિરતા થાય છે, સ્વરૂપમાં જમાવટ રહે છે, રમણતા રહે છે એ સ્વરૂપનું જ ગ્રહણ છે. **'એ રીતે જે પ્રાપ્તિરૂપ સ્વરૂપનું પરિણમન...'** સંવર, નિર્જરા અને મોક્ષપર્યાય પ્રગટ કરવાના અર્થમાં ઉપાદેય કહ્યું છે. પ્રાપ્તિરૂપ સ્વરૂપનું

પરિણમન એટલે ઉપાદેય કરવાયોગ્ય એવું જે પરિણમન, પ્રાપ્ત કરવા યોગ્ય એવું જે પરિણમન, ઈચ્છવા યોગ્ય ઈષ્ટ એવું જે પરિણમન તેને '**તેને જિનદેવે ઉપાદેયસંજ્ઞા કહી છે.**' જિનેન્દ્રદેવે એને ઉપાદેયતાનું નામ આપ્યું છે કે આ ઉપાદેય છે. જેને એવી દશા નથી, જેને સંવર, નિર્જરા અને મોક્ષની દશા નથી એવા જીવને સંવર, નિર્જરા અને મોક્ષ ઉપાદેય છે એમ જિનેન્દ્રદેવે કહ્યું છે. '**આગમમાં તેને ઉપાદેય જાણવું.**'

મુમુક્ષુ :- અધ્યાત્મમાં શું જાણવું?

પૂજ્ય ભાઈશ્રી :- અધ્યાત્મમાં તો હેય-ઉપાદેયનો પ્રશ્ન ત્યાં સમાપ્ત એ રીતે થાય છે કે હેય-ઉપાદેયનો વિકલ્પ નથી. ઉપાદેય એવું જે સ્વતત્ત્વ છે એની ઉપાદેયતામાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રનું પરિણમન એને વળગીને રહી ગયું એ એની સાક્ષાત્ ઉપાદેયતા છે.

'**ઈત ઉપાદેયસ્વરૂપ વ્યાખ્યાન.**'

મુમુક્ષુ :- સ્વચારિત્રની જે જે શક્તિ વિકારરૂપ થઈ રહી છે..

પૂજ્ય ભાઈશ્રી :- શક્તિ વિકારરૂપ થઈ રહી છે તે તે શક્તિ.

મુમુક્ષુ :- ચારિત્રગુણનો અંશ કે ...

પૂજ્ય ભાઈશ્રી :- ના. ચારિત્રગુણ છે એ વિકારરૂપે પરિણમી રહ્યો છે. ગુણ પરિણમી રહ્યો છે.

મુમુક્ષુ :- આખો ગુણ પરિણમી રહ્યો છે?

પૂજ્ય ભાઈશ્રી :- આખોનો અર્થ શું કહેવું છે? પૂછવું છે શું?

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- ગુણ છે.. ગુણમાં તો વિકારરૂપે પરિણમવાની શક્તિ નથી, સ્વભાવ નથી. એ તો વિભાવરૂપ પરિણમી રહ્યો છે. એટલે એની શક્તિનો દુર્વ્યય થઈ રહ્યો છે એમ કહેવું છે. ગુણમાં રાગરૂપે પરિણમવાનો સ્વભાવ નથી. છતાં ગુણ પરિણમી રહ્યો છે તે વિભાવરૂપ પરિણમી રહ્યો છે એમ કહેવું છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે એ રીતે ગુણને વિચારાતો નથી. ગુણને એ રીતે વિચારાતો નથી. પર્યાયમાં અંશો જોવાય છે. પર્યાયના અંશો જોવાય છે. ગુણને અંશો પડતા નથી. કેમકે એ તો શક્તિરૂપ તત્ત્વ છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- શક્તિ લખી છે. ગુણ છે એને ગુણના સ્વરૂપે જોતાં એમાં અંશ પડતા નથી. પરિણામ છે એમાં ઓછાવત્તાપણું છે. જેમકે દીવાસળીની જે શક્તિ

છે, અગ્નિની જે શક્તિ છે એ તો શક્તિરૂપે છે. એની જે ઝાળ છે એ નાની-મોટી છે. અગ્નિની જે શિખા છે એ નાની-મોટી છે. શક્તિ તો એક કણમાં હોય એટલી જ શક્તિ ગમે એટલી મોટી ઝાળમાં છે, જેટલી નાની ઝાળમાં છે, એક કણિયામાં છે. એટલી જ શક્તિ, સરખી શક્તિ છે. શક્તિનું ઓછાવત્તાપણું ગુણની અંદર જોવામાં આવતું નથી.

મુમુક્ષુ :- વ્યક્ત શક્તિ..

પૂજ્ય ભાઈશ્રી :- એ વ્યક્ત થયું તે પરિણમન થઈ ગયું. વ્યક્ત થયું તે પરિણમન થઈ ગયું. એટલે શક્તિને કેમ જોવી?

એની અંદર એક માર્ગદર્શન છે. 'ચિદ્‌વિલાસ' નિશ્ચય નામનો એક અધિકાર છે. દ્રવ્ય, ગુણ, પર્યાયને કેવી રીતે જોવા? પદાર્થનું સમ્યક્‌જ્ઞાન, એનો મૂળ દષ્ટિકોણ એટલે નિશ્ચય દષ્ટિકોણ કેવો હોય છે? આ સમ્યક્‌જ્ઞાનની ખૂબી અથવા Technique છે. સમ્યક્‌જ્ઞાન કેવી રીતે પદાર્થને જાણે છે? નિશ્ચય નામનો અધિકાર છે, એમાં ત્રીજા નંબરનો, ભાવાર્થનો ત્રીજા નંબરનો Paragraph છે.

**'વળી, અનંત ગુણોના એક પુંજભાવને દેખવો, પણ (ગુણને) જુદાં ન દેખવા;...'** અનંત ગુણના એક પુંજભાવને એટલે અભેદ દ્રવ્યસ્વભાવને સમ્યક્‌જ્ઞાન દેખે છે. એક એક ગુણને જુદા દેખતો નથી. અહીંથી અભેદને સાધે છે. સમ્યગ્જ્ઞાન દ્રવ્યસ્વભાવને અભેદ સ્વરૂપે સાધે છે. અહીંયાં તર્ક થાય કે ગુણભેદનું જ્ઞાન પણ સમ્યક્‌જ્ઞાનમાં હોય છે. એનું શું? તો એને એમ કહે છે કે **'અનંત શક્તિ વડે જે ગુણ છે તે એક ગુણને જ દેખવો, તે શક્તિને જ ન દેખવી, તથા જઘન્ય ઉત્કૃષ્ટ એવા ભેદ ન દેખવા,...'** આ તમે અંશનો પ્રશ્ન પૂછ્યો ને? એનો આ ઉત્તર છે કે શક્તિને અંશરૂપે જોવાતી નથી કે આ શક્તિ જઘન્ય અંશે કે ઉત્કૃષ્ટ અંશે છે? એવી રીતે શક્તિને સમ્યક્‌જ્ઞાન જોતું નથી. આ નિશ્ચય છે. નિશ્ચય એટલે એનું ખરું સ્વરૂપ. જેવું છે એવું સ્વરૂપ. એમ કહેવું છે.

શક્તિને જોવે છે, એ શક્તિને પરિપૂર્ણ બેહદ સામર્થ્ય રૂપે જોવે છે. શક્તિને એના સ્વભાવે આવી રીતે જોવામાં આવે છે. એના જઘન્ય અને ઉત્કૃષ્ટ એવા ભેદથી એની શક્તિને જોવામાં આવતી નથી. એમ ન દેખવી. એ રીતે શક્તિને એકને જ દેખવી. **'આવું જે અભેદ દર્શન-એક જ રૂપનું દર્શન-છે તેને પણ અભેદદર્શન (રૂપ) નિશ્ચય સંજ્ઞા કહીએ.'** આમ નિશ્ચયનું જ્ઞાન છે. દ્રવ્યનું જ્ઞાન અને ગુણનું જ્ઞાન, આ રીતે નિશ્ચયનું જ્ઞાન છે. બસ, બહુ સારો દષ્ટિકોણ અહીંયાં લીધો છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં તો જે વિકાર થાય છે, એમ જે કહેવું છે કે શક્તિરૂપ વિકારરૂપ થઈ ગઈ છે એટલે ચારિત્રગુણના પરિણમનમાં વિભાવ ઉત્પન્ન થયો છે, એમ કહેવું છે. ગુણમાં નહિ. પરિણમનમાં વિભાવ ઉત્પન્ન થયો છે, પરને અનુસરતા. બસ, એટલી વાત છે. 'ચિદ્‌વિલાસ'માં બહુ ગૂઢ વાતો લખી છે, સૂક્ષ્મ વાતો લખી છે. એ પણ 'દીપચંદજી'ની જ કૃતિ છે.

હવે, એ વ્યાખ્યાન પૂરું કર્યા પછી થોડું વિશેષ કહે છે. કેમકે ઉપાદેયમાં અસ્તિથી ચારિત્રની ઉપાદેયતા અથવા સ્વરૂપાચરણની ઉપાદેયતા સ્થાપી છે. નીચે નાસ્તિથી પણ સાથે સાથે વાત લઈ લીધી છે. '**સંસાર પરિણતિનું નાસ્તિપણું તે હેય જાણવું અને જે સ્વરૂપની શુદ્ધતાનું પ્રગટ થવું તે ઉપાદેય જાણવું. એક જ કાળે બન્ને થતું જાય છે. એ પ્રમાણે હેય ઉપાદેય જાણવા.**' સંસાર પરિણતિનું નાસ્તિપણું થાય છે અને સ્વરૂપ શુદ્ધતા પ્રગટ થાય છે. બન્ને એક જ કાળે થાય છે. અને એ બન્ને એક જ કાળે થાય છે એનું નામ જ હેય-ઉપાદેયપણું છે. અથવા એનું નામ જ વિધિ-નિષેધ છે. આ વિધિ કરાવે છે કે નહિ? વિધિ વિધાન કરાવે છે. એ બધા વિધિ વિધાન કહેવા માત્ર છે. ખરેખર પોતાની જે ધાર્મિક વિધિ છે એના કથનને વિધાન કહે છે. એક સ્વરૂપાચરણ છે એ ગ્રહણ કરવા યોગ્ય, પ્રગટ કરવા યોગ્ય છે. અને એની સામે આપોઆપ સંસાર પરિણતિનો નાશ થાય છે. રાગાદિ અશુદ્ધતાનો-મલિનતાનો નાશ થાય છે. તે એનું નિષેધપણું છે. એમાં નિષેધનો વિકલ્પ નથી પણ એ આપોઆપ નાશ થાય છે એને એનો નિષેધ કહેવામાં આવે છે. એ રીતે વિધિ-નિષેધ છે.

'**એક જ કાળે બન્ને થતું જાય છે.**' એવું વિધિ-નિષેધપણું અથવા હેય-ઉપાદેયપણું એક જ કાળે થતું જાય છે. '**એ પ્રમાણે હેય ઉપાદેય જાણવા.**' એ પ્રકારે હેય ઉપાદેય જાણવા. હેયનો વિકલ્પ અને ઉપાદેયનો વિકલ્પ, એને હેય-ઉપાદેયપણું ન જાણવું. પણ સ્વરૂપાચરણ થાય અને સંસાર પરિણતિનો નાશ થાય તેને હેય ઉપાદેયપણું જાણવું.

'**વ્યવહારથી પરપરિણતિ-રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભાદિ સર્વ અવલંબન હેય કરવું.**' વ્યવહારથી પરપરિણતિ છે... પરપરિણતિનો અર્થ લીધો છે આટલો કે રાગ, દ્વેષ જેટલા બધા પદ લીધા છે એ બધાં પરપરિણતિની અંદર આવી જાય છે. રાગ, દ્વેષ ક્રોધ, માન, માયા, લોભ વગેરે સર્વ '**અવલંબન હેય કરવું.**'

મુમુક્ષુ :- અવલંબન હેય કરવું એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- અવલંબન હેય કરવું એટલે એના આધારે પરિણમવું નહિ. એને આધાર બનાવવો નહિ. હું રાગી, હું દ્વેષી, હું મોહી, હું ક્રોધી, એમ હું.. હું.. હુંપણું એમાં સ્થાપવું એને અવલંબન કહેવામાં આવે છે. એ અવલંબન છોડી દેવું. એવું અવલંબન ન કરવું, એવું અવલંબન ન લેવું એને હેય કરવું એમ કહેવામાં આવે છે.

'**સંસારીજીવને એકચિત્ત-આત્મપિંડમાં જ અવલંબવું.**' અસંખ્યાત પ્રદેશી જે ચૈતન્યપિંડ આત્મા છે, જે દ્રવ્ય સામાન્ય છે, જેને કહેવામાં દ્રવ્ય સામાન્ય કહેવાતું હોવા છતાં જેને દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદ લાગુ પડતા નથી, એવું જે એકાકાર સામાન્ય. કેમકે દ્રવ્ય કહેતાં અહીંયાં દ્રવ્યવિશેષ થઈ ગયું. દ્રવ્યની વિશેષતા આવી ગઈ. એ તો સામાન્ય છે. એવું જે એકચિત્ત, એને એકચિત્ત કહે છે. સામાન્ય.

મુમુક્ષુ :- ધ્રુવ..

પૂજ્ય ભાઈશ્રી :- ધ્રુવ તો ખરું પણ એમાં નથી દ્રવ્યના ભેદ, નથી ગુણના ભેદ, નથી પર્યાયના ભેદ. સ્વભાવ તે સ્વભાવ છે. સ્વભાવ એટલે સ્વભાવ. એ ત્રિકાળ છે તે દ્રવ્યમાં વ્યાપેલો છે, ગુણમાં વ્યાપેલો છે, પર્યાયમાં પણ વ્યાપેલો છે. પર્યાયમાં વ્યાપેલો છે. પર્યાયમાં નથી વ્યાપેલો એવું નથી. '**સર્વ અવસ્થાને વિષે ન્યારો સદા જણાય, પ્રગટરૂપ ચૈતન્યમય..**' ત્યાં પ્રગટરૂપ લીધો. ચૈતન્યમય પ્રગટરૂપ છે '**એ એંધાણ સદાય.**' આ લક્ષણથી એને અમે બતાવીએ છીએ.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' માળાનો દૃષ્ટાંત આપતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. હાર ક્યા મણકામાં નથી? અને દોરાના ક્યા અંશમાં હાર નથી? હાર એમ કહો એટલે હાર આવી ગયો. એમ.

એ પહેલો વિષય છે, આવો જે દ્રવ્યસ્વભાવ છે અથવા નિશ્ચય વસ્તુનું મૂળ સ્વરૂપ છે, ખરું સ્વરૂપ છે, નિશ્ચય સ્વરૂપ છે એ કોનો વિષય છે? નિશ્ચયનયનો વિષય છે. તેને જાણનાર જ્ઞાનને નિશ્ચયનય કહેવામાં આવે છે. અથવા જે જ્ઞાનનો અંશ આવા મૂળ સ્વરૂપને, નિશ્ચય સ્વરૂપને જાણવાનું પ્રયોજન જેમાં સિદ્ધ છે તે જ્ઞાનના અંશને નિશ્ચયનય કહેવામાં આવે છે. આમ નિશ્ચય છે.

'**સંસારીજીવને એકચિત્ત-આત્મપિંડમાં જ અવલંબવું,...**' જુઓ! આ કાંઈ સિદ્ધ ભગવાનને ઉપદેશ નથી દેતા. ... વીતરાગદેવનું ફરમાન તો એકચિત્ત આત્મપિંડમાં જ અવલંબન લેવું, નિજ અવલંબનમાં જ રહેવું અને એ રહેતાં '**વૈરાગ્યતા, ઉદાસીનતા, સંવર ઉપાદેય કરવા...**' એમ અવલંબન આવતા અન્ય કોઈપણ દ્રવ્ય, ભાવ પ્રત્યે અપેક્ષા રહેતી નથી તેનું નામ વૈરાગ્ય છે. વૈરાગ્ય એટલે ઉપેક્ષા ભાવ. અપેક્ષા ભાવનો

અભાવ એનું નામ વૈરાગ્ય છે. કેમ વૈરાગ્ય ઉત્પન્ન થયો? કે પોતામાં ખામી નથી. સ્વરૂપે કરીને પોતે પરિપૂર્ણ છે. જો પોતે પોતાના સ્વરૂપથી પૂર્ણ છે, એને કોઈ ચીજ બહાર લેવા જવું પડે એવું નથી તો પછી એને કોઈની અપેક્ષા પણ રહેતી નથી. પૂર્ણતાને પરની અપેક્ષા શું? પૂર્ણતાને પરની અપેક્ષા હોતી નથી કે થતી નથી. એ પૂર્ણતાની અપેક્ષામાં સર્વ પરની ઉપેક્ષા આપોઆપ છે. એને અહીંયાં વૈરાગ્ય કહે છે. અવલંબવું...

એ અવલંબતા '**વૈરાગ્યતા,...**' વૈરાગ્યપણું, ઉદાસીનપણું.. ઉદાસીનપણું એ પણ અપેક્ષાનો અભાવ જ બતાવે છે અને સંવર એટલે કે અવસ્થાની પવિત્રતા અને શુદ્ધતા, એ ઉપાદેય કરવા અથવા પ્રાપ્ત કરવા '**એવો ઉપદેશ કરવો.**' વ્યવહારે આવો ઉપદેશ કરવો, એમ કહે છે. વ્યવહારે રાગ, દ્વેષ, મોહ આદિ પરપરિણતિના અવલંબનનો ત્યાગ કરવાનો ઉપદેશ કરવો અને એક આત્મપિંડમાં જ અવલંબન લઈને શુદ્ધતા અને પવિત્રતા પ્રાપ્ત કરવાનો ઉપદેશ કરવો. ઉપદેશનું આ સ્વરૂપ સાચું છે. આ ઉપદેશ વીતરાગનો સાચો ઉપદેશ છે. કેમકે ઉપદેશ તો બે વચ્ચેનો વ્યવહાર છે ને? ઉપદેશ કરવો તો આમ કરવો. પરિણમવું તો આમ પરિણમવું એમ લીધું. વિશેષમાં શું વાત લીધી? કે પરિણમનની અંદર તો સંસારપરિણતિની નાસ્તિ અને સ્વરૂપાચરણની અસ્તિ એ જ હેય ઉપાદેયપણું છે. એમાં કોઈ ઉપદેશનો વિષય નથી. જ્યારે કહેવાની વાત આવે છે ત્યારે આ કહેવું. અથવા કહેવાની અંદર આ જ લક્ષ રાખવો. આ વાતને અનુસરીને બધી વાત કહેવી. એ સિવાય બીજું કહેવાયોગ્ય પણ નથી.

મુમુક્ષુ :- 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં હેય-ઉપાદેયનું પ્રકરણ છે એ ક્યા દષ્ટિકોણથી છે?

પૂજ્ય ભાઈશ્રી :- 'મોક્ષમાર્ગ પ્રકાશક'. એ 'પરમાર્થ વચનિકા'માં છે. જોઈ લઈએ. છે એમાં હેય-ઉપાદેયની વાત. એ 'પરમાર્થ વચનિકા' 'બનારસીદાસ'ની છે. 'હેય, જ્ઞેય, ઉપાદેયરૂપ જ્ઞાતાની ચાલનો વિચાર.' જ્ઞાતા એટલે સમ્યગ્દષ્ટિ સાધક. જે સાધક છે એને હેય, ઉપાદેય કેવી રીતે પરિણમનમાં થાય છે? અહીં એ જ વાત લીધી છે.

'**હેય-ત્યાગરૂપ તો પોતાના દ્રવ્યની અશુદ્ધતા, જ્ઞેય-વિચારરૂપ અન્ય ષટ્દ્રવ્ય સ્વરૂપ...**' આ જે પહેલું પ્રકરણ લઈ લીધું. સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય. એના દ્રવ્ય, ગુણ, પર્યાય, એની સર્વ અવસ્થાઓ, ધર્મ વગેરે. '**ઉપાદેય-આચરણરૂપ પોતાના દ્રવ્યની શુદ્ધતા.**' બીજી વાત આવતી નથી. 'દીપચંદજી' અને 'બનારસીદાસ' વચ્ચે વાતમાં કાંઈ ફેર પડતો નથી. એક જ વાત છે. વિષય એક છે, એકસરખો. હવે એ વિષયનો વિસ્તાર કરે છે. આ તો મથાળું બાંધી લીધું.

'**વિવેચન :- ગુણસ્થાન પ્રમાણમાં હેય-જ્ઞેય-ઉપાદેયરૂપ શક્તિ જ્ઞાતાની હોય.**' છે. જેવું ગુણસ્થાન એ પ્રમાણમાં એના પરિણમનની શક્તિ વ્યક્ત હોય છે. '**જેમ જેમ જ્ઞાતાની હેય-જ્ઞેય-ઉપાદેયરૂપ શક્તિ વર્ધમાન થતી જાય તેમ તેમ ગુણસ્થાનની વૃદ્ધિ થાય એમ કહ્યું છે. ગુણસ્થાન પ્રમાણે જ્ઞાન અને ગુણસ્થાન પ્રમાણે ક્રિયા. તેમાં વિશેષ એટલું કે એક ગુણસ્થાનવર્તી અનેક જીવ હોય તો (તેમને) અનેકરૂપનું જ્ઞાન તથા અનેકરૂપની ક્રિયા કહેવામાં આવે છે. કારણ કે ભિન્ન ભિન્ન સત્તાના પ્રમાણે કરી (જ્ઞાન-ક્રિયામાં) એકતા મળે નહિ.**' જાતિની એકતા મળે. તારતમ્યતાની એકતા મળે નહિ. '**એકેક જીવદ્રવ્યમાં અન્યોન્યરૂપ ઔદયિકભાવ હોય,...**' કેમકે અહીંયાં તો ઔદયિકભાવ પણ છે. તો એ ઔદયિકભાવ જુદાં જુદાં છે. તેથી એની ક્રિયા જુદી જુદી જોવામાં આવે છે. ક્રિયા તો ઉદય અનુસાર જોવામાં આવે છે. '**તે ઔદયિકભાવાનુસાર જ્ઞાનની પણ અન્ય-અન્યતા જાણવી.**' એનું જ્ઞેય પણ અન્ય અન્ય છે, એનું જ્ઞાન પણ અન્ય અન્ય છે. એ જ્ઞાનની જાતિ જુદી નથી અથવા તો એને શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની એક જાતિ છે. પણ એક ગુણસ્થાનની અંદર જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ એવા ત્રણ વર્ગ પડે છે. અને તારતમ્ય અનુસાર એના અસંખ્ય ભેદ પણ પડે છે.

'**પરંતુ વિશેષ એટલું કે (એ સર્વ આત્મામાં)...**' એટલે સર્વ સાધકોમાં '**કોઈ પ્રકારનું જ્ઞાન એવું ન હોય...**' એવું કોઈ સાધકને, એક પણ સાધકને એવું જ્ઞાન ન હોય કે '**પરસત્તાવલંબનશીલ બની મોક્ષમાર્ગ સાક્ષાત્ કહે!**' ઉપયોગ પરસત્તાને અવલંબતો હોય એને મોક્ષમાર્ગ કહે, એવું જ્ઞાન કોઈનું હોય નહિ. પરસત્તાના અવલંબનમાં ઉદયના સર્વ પ્રકાર આવી જાય છે. જેટલા પ્રકાર છે ઉદયના એ બધા આવે છે. તો એમાં શાસ્ત્રને અવલંબીને થતું જ્ઞાન, વીતરાગ જિનેન્દ્રદેવને અવલંબીને થતું જ્ઞાન, આ દર્શન કરે ત્યારે, ચક્ષુદર્શન ઉપયોગ જાય છે કે નહિ? અથવા ગુરુની સ્તુતિ કરે, ગુરુની ગુણપ્રશંસા કરે, વંદન-નમસ્કાર કરે, ભક્તિ કરે, કોઈપણ જ્ઞાતાનું જ્ઞાન એવું ન હોય કે પરસત્તાવલંબનશીલ બની એને સાક્ષાત્ મોક્ષમાર્ગ કહે.

'**કેમકે અવસ્થા (દશાના) પ્રમાણમાં પરસત્તાવલંબક છે (પણ તેને તે મોક્ષમાર્ગ કહેતા નથી). તે આત્મા પરસ્તાવલંબી જ્ઞાનને પરમાર્થતા કહેતા નથી.**' શાસ્ત્રનું જ્ઞાન તો સાચું જ્ઞાન છે. તો કહે છે, નહિ. પરસત્તાવલંબનશીલ જ્ઞાનને મોક્ષમાર્ગ કહેવામાં આવતો નથી. ગણધરદેવ જ્યારે બાર અંગની રચના કરે એવો ઉપયોગ જ્યારે એમનો બાર અંગની રચનામાં ફરી વળે ત્યારે તે જ્ઞાન પરસત્તાવલંબનશીલ જ્ઞાન છે અને તેને તે મોક્ષમાર્ગ કહેતાં નથી. કેમકે એને મોક્ષમાર્ગ જાણતા પણ નથી. જાણતા

નથી માટે કહેતા નથી.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગનું સાધન તો કહેવું ને?

પૂજ્ય ભાઈશ્રી :- સાધન વ્યવહારે કહેવાય. વ્યવહારે કહેવાય. એમ કહેવાય. સંયોગ જોઈને કહેવાય, અનુકૂળ સંયોગ જોઈએ ને. ખરેખર નથી.

અહીં તો બીજો વિચાર કરવો છે કે એવું જે શાસ્ત્રજ્ઞાન છે એ પરસત્તાવલંબનશીલ છે. તો ત્યારે એમને સ્વરૂપજ્ઞાન છે કે નહિ? શાસ્ત્રજ્ઞાન છે ત્યારે એ જ્ઞાનને મોક્ષમાર્ગ ન કહો તો મોક્ષમાર્ગ તો દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપે છે. એ દર્શન, જ્ઞાન, ચારિત્રના ત્રણ અંશમાં એક જ્ઞાન જે લીધું, જ્ઞાનપદ લીધું, ત્રણ પદ લીધાં ને? દર્શન, જ્ઞાન, ચારિત્ર, એમાં જ્ઞાનપદમાં સ્વરૂપજ્ઞાન છે કે નહિ? અહીંથી ઉપયોગ સિવાયનો ભાવ લબ્ધભાવ છે એ પણ એક જ પર્યાયમાં બે ભાવ છે. ભાઈએ પૂજ્ય બહેનશ્રીને પ્રશ્ન પૂછ્યો હતો કે એક પર્યાયમાં બે ભાગ? 'ગુરુદેવ' બે ભાગ બોલતા હતા. બહેનશ્રીએ એથી સૂક્ષ્મ ખોલ્યું કે પર્યાય તો એક છે, પણ ભાવ એમાં બે છે. એ બે ભાવને બે ભાગ ભલે કહે, પણ એમાં પર્યાય બે નથી થતી એમ ધ્યાન રાખવું. કહેવા પાછળ આશય એટલો છે કે કોઈ એક પર્યાયમાં બે ભાગ એવા શબ્દથી પર્યાયના ટૂકડા થાય છે એમ ન લેવું. પર્યાય એક અને અખંડ રહેતી હોવા છતાં, જ્ઞાનની એક અને અખંડ પર્યાય રહેતી હોવા છતાં એમાં બે ભાવ ઊપજે છે. ઉપયોગનો ભાવ છે એ પરસત્તાને અવલંબે છે અને લબ્ધનો ભાવ છે એ નિજસત્તાને અવલંબે છે. એ નિજસત્તાને અવલંબે છે તે સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. અહીંયાં એને સાક્ષાત્ મોક્ષમાર્ગ કહેતા નથી. આ હેય-ઉપાદેયમાંથી 'બનારસીદાસે' કાંત્યું છે.

મુમુક્ષુ :- પરસત્તાને અવલંબતો હોવા છતાં વજન એનું નિજ સત્તા ઉપર છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ગુણપરિણતિ છે. જે નિજસત્તાને અવલંબીને જે પરિણામ ચાલે છે તે મુખ્ય પરિણતિ છે, તે મૂળ પરિણતિ છે, તે નિશ્ચય પરિણતિ છે, તે ધર્મ પરિણતિ છે. એટલો જ ધર્મ છે. જેટલું શ્રદ્ધાએ, જ્ઞાને, આચરણે, પુરુષાર્થે કરીને જેટલા ભાવે સ્વરૂપનું અવલંબન છે એટલો જ મોક્ષમાર્ગ છે અને એટલો જ ધર્મ છે. સાધકની દશામાં પણ એટલો જ ધર્મ છે. એથી આગળ બીજો કોઈ વિશેષ ધર્મ છે નહિ. એમ લેવું.

મુમુક્ષુ :- પરસત્તાવલંબી જ્ઞાન ગણધરને થાય છે, તો તે વખતે લોકોનું કલ્યાણ થઈ જાય તો આ પરસત્તાવલંબી જ્ઞાનની આટલી મહિમા, આટલી તાકાત છે..

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે ત્યાં એટલું જ જ્ઞાન નથી. સ્વસત્તાવલંબનશીલ જ્ઞાન પણ ત્યાં મોજૂદ છે, હયાતી ધરાવે છે. તો બન્ને થઈને આખી પર્યાય છે.

એક અખંડ પર્યાય તો બન્ને થઈને છે. પણ સ્વસત્તાવલંબનશીલ જ્ઞાન સમજાતું નથી. એનું કોઈ બહારમાં રૂપ છે, દેખાવ છે એ આવતો નથી. જ્યારે પરસત્તાવલંબનશીલ જ્ઞાન બહારમાં જણાય છે કે આ શાસ્ત્ર વાંચે છે. આત્મા, પરસત્તા એમ શબ્દને, જેવો શબ્દ પડ્યો છે એવું જ જોવે છે. તો ત્યાં બાહ્ય જ્ઞાન છે એવું બાહ્ય પરિણમન સમજાય છે. પણ ત્યાં ઉપદેશ વખતે એકલું બાહ્ય જ્ઞાન નથી. એવી અંતર-બાહ્ય જ્ઞાનની મિશ્ર પર્યાય છે, મિશ્ર ભાવરૂપ પર્યાય છે. એક પર્યાયમાં બે મિશ્ર ભાવ છે. બન્ને ભાવનું મિશ્રણ છે. અને મુખ્ય ભાવ છે તે ધર્મભાવ છે. સ્વસત્તાનો-સ્વસત્તાના અવલંબનનો ભાવ મુખ્ય છે. પરસત્તાના અવલંબનનો ભાવ ગૌણ છે. ચાહે બુદ્ધિપૂર્વક હો કે ચાહે અબુદ્ધિપૂર્વક હો. એ તો 'સોગાનીજી'ના પત્રમાંથી આપણે લઈએ છીએ.

સાધકને સાંભળનાર જે શિષ્ય છે, એને તો અંદરનો જે મર્મ છે એ સમજાય છે. ભલે ઉપયોગ બહાર દેખાય છે, ગુરુના ઉપદેશ કરતાનો ઉપયોગ બહાર દેખાય છે, તોપણ સાથે સાથે એને એના અંતર પરિણામનો ધ્વનિ એ ઉપદેશની અંદર એને ગુંજતો દેખાય છે. કેમકે એ એનું મુખ્ય પરિણમન છે. એ ઉપદેશમાં પણ એમ જ કહે છે કે સ્વસત્તાનું અવલંબન લેવા યોગ્ય છે. તે ઉપાદેય છે. પરસત્તાનું અવલંબન તો હેય છે. બહારના ઉપયોગમાં શું કહ્યું? કે જે હેય-ઉપાદેયનું અંતરંગ કાર્ય થઈ રહ્યું છે તે જ તેમણે કહ્યું. એમણે બીજું નથી કહ્યું. હું જેમ શાસ્ત્ર વાંચું છું એમ તમે પણ શાસ્ત્ર વાંચ્યા કરજો. અને વાંચતા-વાંચતા તમને ધર્મ થઈ જશે. એવું તો કાંઈ કહ્યું નથી. એટલે એ કહે છે એનો મર્મ છે એ એનું મૂળ પરિણમન છે. અને એ મર્મને સમજે છે. શિષ્ય, લાયક શિષ્ય પણ એના મર્મને પકડે છે.

મુમુક્ષુ :- શ્રદ્ધા અખંડને સાધે છે. તો આમાં બેને સાધે છે એમ થયું. એક તો લબ્ધને અને ઉપયોગને જે એક પર્યાયમાં બે અંશને સાધે છે, એમ થયું ને?

પૂજ્ય ભાઈશ્રી :- છદ્મસ્થના જ્ઞાનમાં લબ્ધ અને ઉપયોગ હોય જ છે. પછી મિથ્યાદૃષ્ટિ હોય કે સમ્યગ્દૃષ્ટિ હોય, બન્નેને પેલા બે ભાવ લબ્ધ-ઉપયોગના હોય જ છે. હવે સમ્યગ્દર્શન થતાં લબ્ધ-ઉપયોગનો વિષય સ્પષ્ટ કરવામાં આવે છે કે લબ્ધનો વિષય પોતાનો આત્મા છે અને જ્યારે શુદ્ધોપયોગ ન હોય ત્યારે ઉપયોગનો વિષય પરપદાર્થ છે. ઉપયોગનો વિષય જ્ઞાનોપયોગમાં પરપદાર્થ હોય ત્યારે પણ સ્વરૂપજ્ઞાનનો અભાવ નથી, સ્વરૂપજ્ઞાનનો ત્યાગ થયો નથી. એ સ્વરૂપજ્ઞાન ક્યાં રહ્યું? કે એના લબ્ધભાવમાં રહ્યું. બસ! આટલી વાત છે. શ્રદ્ધાને અને જ્ઞાનને તો બન્નેના ગુણમાં પરિણમનનો ધર્મ જ જુદી જુદી રીતે છે. શ્રદ્ધા શ્રદ્ધાની રીતે પરિણમે છે, જ્ઞાન

જ્ઞાનની રીતે પરિણમે છે. બન્ને એકસરખી રીતે પરિણમતા નથી. શ્રદ્ધામાં તો અખંડ ભાવ જ હોય છે. જ્ઞાનમાં એવું બનતું નથી. છદ્મસ્થને બે ભાવ સર્વ કાળે થઈ જ જાય છે. બે ભાવ હોય જ છે, એને થાય જ છે.

મુમુક્ષુ :- વૈરાગ્ય અને ઉદાસીનતા, બે ભાવમાં શું ફેર?

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો લગભગ મળતાં ભાવ છે. જ્યાં વૈરાગ્ય છે ત્યાં ઉદાસીનતા છે અને ઉદાસીનતા છે ત્યાં વૈરાગ્ય છે. રાગરસનું વિરક્તપણું તેનું નામ વૈરાગ્ય છે. અને રાગ અને રાગના વિષયની ઉપેક્ષા એનું નામ ઉદાસીનપણું છે.

**'જે જ્ઞાન હોય તે સ્વસત્તાવલંબનશીલ હોય તેનું નામ જ્ઞાન,...'** જે જ્ઞાન પરસત્તાને અવલંબનશીલ હોય તેનું નામ જ્ઞાન નહિ. એનું નામ અજ્ઞાન. એટલે તો અધ્યાત્મમાં એને જડ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- બાર અંગની રચના કરે એને આપ અજ્ઞાન કહો છો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'ગુરુદેવે' એક વખત વ્યાખ્યાનમાં કહ્યું હતું કે એને અમે અમારો ઉપયોગ કહેતા નથી, એને અમે જ્ઞાન કહેતા નથી, એને એક અપેક્ષાએ અમે જડ કહી દઈએ છીએ. જેમ રાગને જડનું પરિણમન કહેવામાં આવે છે, એમ પરસત્તા જડને અવલંબન કરવાવાળું જ્ઞાન પણ જડ. જડવત્ તે જડ. ઠીક! જડવત્ છે માટે તે જડ. જડના સાકારભાવે થયેલું જ્ઞાન તે જડ. એમ. જડ સદશ થયું તે જડ. એમ કહીને એનું હેયપણું કરવું છે.

**'તે જ્ઞાનને સહકારભૂત...'** એટલે સ્વસત્તાવલંબનશીલ જ્ઞાનને સહકારભૂત, **'નિમિત્તરૂપ...'** સહકારભૂત એટલે નિમિત્તરૂપ. બહારમાં નાનાપ્રકારના-અનેક પ્રકારના **'ઔદયિકભાવ હોય છે.'** દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ. **'તે ઔદયિકભાવનો જ્ઞાતા, તમાશગીર છે...'** પ્રેક્ષક છે. એના પરિણમનનું અહીંયાં ચિત્ર ખેંચ્યું છે. સમ્યગ્દૃષ્ટિના પરિણમનનું ચિત્ર છે કે **'તે ઔદયિકભાવનો જ્ઞાતા, તમાશગીર છે પણ તેનો કર્તા, ભોક્તા કે અવલંબી નથી;...'** તેથી કોઈ એમ કહે કે **'આ પ્રકારના ઔદયિકભાવ સર્વથા હોય તો તેને અમુક (ફલાણું) ગુણસ્થાન કહીએ'-એમ કહેવું એ જૂઠ છે. એમ કહેનારે દ્રવ્યનું સ્વરૂપ સર્વથા પ્રકારે જાણ્યું નથી.'**

**'કારણ-અન્ય ગુણસ્થાનની તો વાત શું કહેવી? કેવળીઓને પણ ઔદયિકભાવોનું અનેકપ્રકારપણું જાણવું. કેવળીઓને પણ ઔદયિકભાવ એકસરખા હોય નહિ. કોઈ કેવળીને દંડ-કપાટરૂપ ક્રિયાનો ઉદય હોય ત્યારે કોઈ કેવળીને તે ન હોય.'** અને કોઈ કેવળીને સમુદ્‌ઘાતરૂપ ઉદય પણ આવે છે.

મુમુક્ષુ :- દંડ-કપાટ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રદેશોના કંપનનો પ્રકાર છે. સમુદ્ઘાતનો પ્રકાર છે.

**'એ પ્રમાણે કેવળીઓમાં પણ ઉદયની અનેકરૂપતા છે તો અન્ય ગુણસ્થાનોની તો વાત શું કહેવી?'**

**'માટે ઔદયિકભાવોના ભરોસે જ્ઞાન નથી. જ્ઞાન સ્વશક્તિપ્રમાણ છે. સ્વ-પરપ્રકાશક જ્ઞાનની શક્તિ, જ્ઞાયકપ્રમાણ જ્ઞાન,...'** આ સૂત્રો બહુ સારા છે. **'જ્ઞાન સ્વશક્તિપ્રમાણ છે, સ્વ-પરપ્રકાશક જ્ઞાનની શક્તિ,...'** જુઓ! એમાં પરપ્રકાશકપણું સાથે લઈ લીધું. જ્યાં શક્તિની વાત છે ત્યાં સ્વપરપ્રકાશક જ્ઞાનની શક્તિ, **'જ્ઞાયકપ્રમાણ જ્ઞાન,...'** જેવડો જ્ઞાયક છે એવડું જ્ઞાન **'સ્વરૂપાચરણરૂપ ચારિત્ર યથાનુભવપ્રમાણ-એ જ્ઞાતાનું સામર્થ્ય છે.'** એ જ્ઞાતાનું સ્વરૂપ છે.

**'એ વાતનું વિવેચન ક્યાં સુધી લખીએ, ક્યાં સુધી કહીએ? (તત્ત્વ) વચનાતીત, ઇન્દ્રિયાતીત, જ્ઞાનાતીત છે...'** એટલે વિકલ્પાતીત છે. **'તેથી આ વિચારો બહુ શા લખવા? જે જ્ઞાતા હશે તે થોડું લખેલું (પણ) બહુ સમજશે.'** કેવું લખ્યું છે! **'જે અજ્ઞાની હશે તે આ ચિઠ્ઠી સાંભળશે ખરો, પરંતુ સમજશે નહિ. આ વચનિકા જેમ છે તેમ (-યથાયોગ્ય) સુમતિપ્રમાણ કેવળી વચનાનુસાર છે.'** કેવળજ્ઞાન અનુસાર છે, એમ કહે છે. **'જે જીવ આ સાંભળશે, સમજશે, શ્રદ્ધશે તેને કલ્યાણકારી છે-ભાગ્યપ્રમાણ.' એમ લીધું છે. 'ઇતિ પરમાર્થ વચનિકા.'**

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ વિષય નથી લીધો.

એ ઉપાદેયસ્વરૂપનું વ્યાખ્યાન અહીંયાં પૂરું થાય છે.

**'વ્યવહાર વર્ણન.'** હવે વ્યવહારનું પ્રકરણ છે અને ત્યારપછી નિશ્ચયનું પ્રકરણ છે. શાસ્ત્રની અંદર નિશ્ચય અને વ્યવહારના બે ભંગ છે. એમાં જે વ્યવહાર ભંગ છે એના પેટામાં પણ કેટલાક ભંગ છે. તેને વ્યવહારના ભાંગા કહેવામાં આવે છે. એ વ્યવહારના ભાંગા કેવા કેવા છે, એનું આ એક જ પ્રકરણની અંદર સંક્ષેપમાં અનેક ભાંગાનો વિષય 'દીપચંદજી'એ સમાવી દીધો છે.

**पज्जायभावना सव्वे, सव्वे भेयकरणा च जोगखिरणाहि।**
**ससहावदोण्णकधणा, तं व्यवहारं जिनभणिदं।।१०।।**
**पर्यायभावना सर्वे, सर्वेभेदकरणा च जोगक्षरणादि।**
**स्वभावतोऽन्यकथना तं व्यवहारं जिन भणितं।।१०।।**

અર્થ :- **'પર્યાયના જેટલાય ભાવો છે તે બધા વ્યવહાર નામ પામે.' 'सर्वे पर्यायभावना सर्वेपर्यायजाता भावा व्यवहारं भवंति हि स्फुटं।'** સ્પષ્ટપણે તે બધા

પર્યાય નામ પામે છે અથવા જેટલી કોઈ પર્યાયો છે તે સર્વ પર્યાયો વ્યવહારનયનો વિષય છે. તેથી તેને વ્યવહાર એવું નામ કહેવામાં આવે છે. સર્વ પર્યાયો વ્યવહારનયના વિષયમાં જાય છે. નિશ્ચયનયના વિષયમાં પર્યાયનો સમાવેશ નથી, એમ કહેવું છે.

મુમુક્ષુ :- ભગવાનનો મોક્ષ થયો, મોક્ષપર્યાય થઈ.

પૂજ્ય ભાઈશ્રી :- બંધ અને મોક્ષ બન્ને વ્યવહારે છે. નિશ્ચયે આત્માને બંધ-મોક્ષ નથી. એ તો 'પરમાત્મ પ્રકાશ'માં બહુ જોરશોરથી વાત આવી છે.

'**પર્યાયના જેટલા ભાવો છે તે બધા વ્યવહાર નામ પામે. વળી જેટલા એકના અનેક ભેદ કરીએ તે તે સર્વ વ્યવહાર નામ પામે.**' પછી કોઈપણ એક પર્યાય. એક પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ હોય છે. એ ભેદ પણ વ્યવહારે છે. એક દ્રવ્ય, એમાં અનંત ગુણ છે. તો એ પણ વ્યવહારે. એમ. એક ગુણ, એના અનંત રૂપ છે. તો એ પણ વ્યવહારે. એમ એકમાં જેટલા ભેદ નાખીએ એ બધા વ્યવહાર નામ પામે છે. '**વળી જેટલા એકના અનેક ભેદ કરીએ તે તે સર્વ વ્યવહાર નામ પામે.**'

'**વળી બંધાવું, છૂટવું,...**' લ્યો, આ બંધ અને મોક્ષ આવી ગયો. '**सर्वे भेदकरणा भावा व्यवहारं भवंति। च पुनः जोगक्षरभावे बंधमोक्ष व्यवहारं भवंति,...**' '**जोगक्षर**'. યોગ. મન-વચન-કાયાનો યોગ અને એનો અયોગ. બંધ અને મોક્ષ, તેમ પણ વ્યવહાર એવું નામ પામે છે. એમાં અર્થની અંદર '**जोगक्षर**' નથી લીધો. સંસ્કૃતમાં, માગધીમાં અને ગદ્યમાં '**जोगक्षर**' ભાવ લીધો છે. એ ગુજરાતીમાં નથી લીધો. બંધાવું અને છૂટવું એટલો જ વિષય લીધો છે. '**બંધાવું, છૂટવું.**' યોગ અને અયોગ. '**क्षर**' એટલે એનો ક્ષય થવો. યોગ એટલે જોડાવું અને એનો ક્ષય થવો. મન, વચન, કાયાનો યોગ અને અયોગ થવો. કર્મનો બંધ થવો અને કર્મનું છૂટવું. વિયોગ થવો. એ બધું વ્યવહાર નામ પામે છે.

'**વળી સ્વભાવથી જે અન્ય ભાવો છે તે બધા વ્યવહાર નામ પામે.**' પોતાના આત્મસ્વભાવથી જેટલા કોઈ અન્ય ભાવો છે તે બધાય નામો વ્યવહાર નામ પામે છે. કેમકે સ્વભાવ નિશ્ચયમાં જાય છે. સ્વભાવ છે એ નિશ્ચયમાં જાય છે અને સ્વભાવનો સિવાયનો ભાવ છે એ વ્યવહારમાં જાય છે. જોકે પર્યાય છે એટલે આપોઆપ વ્યવહારમાં આવે છે. છતાં પણ વ્યવહાર છે તે વિભાવ છે અને વિભાવ છે ત્યાં વ્યવહાર લાગુ કરવામાં આવે છે. સ્વભાવમાં વ્યવહાર લાગુ કરવામાં આવતો નથી. એમ કહેવું છે. એટલે '**સ્વભાવથી જે અન્ય ભાવો છે...**' '**पुनः स्वभावातः अन्यकथना अन्यवादा व्यवहारं भवंति,...**' '**તેને જ જિનાગમમાં વ્યવહાર કહ્યો છે.**' '**तं व्यवहारं जिनभणितं कथितं।**' જિનાગમને વિષે આ રીતે અનેક પ્રકારે વ્યવહારની વાત ચાલી છે. જે

જે ભંગમાં જે જે યથાયોગ્યપણે જ્યાં હોય ત્યાં સમજી લેવું.

વ્યવહારની અંદર પણ ઘણાં ગડબડ-સમજણની ભૂલને લઈને ગડબડ કરે છે. એને તો નિશ્ચયનો વિષય યથાર્થ રીતે ગમ્ય પણ હોતો નથી. તો કોઈ એ તર્ક કરે કે એ તો વ્યવહારની ભૂલ છે, નિશ્ચય તો બરાબર છે. પણ એમ હોતું નથી. એનો નિશ્ચય પણ બરાબર હોતો નથી. કેમકે વ્યવહાર છે એ તો સ્થૂળ જ્ઞાનનો વિષય છે. નિશ્ચય છે એ એકદમ સૂક્ષ્મ જ્ઞાનનો વિષય છે. જેને સૂક્ષ્મ જ્ઞાનનો વિષય પકડાય, એને સ્થૂળ જ્ઞાનનો વિષય ન પકડાય એવું બનતું નથી. એટલે એને વ્યવહારમાં એ રીતે ભૂલ થતી નથી.

મુમુક્ષુ :- આ મુનિ મહારાજો છે, એનો વ્યવહાર બરાબર ન હોય તો નિશ્ચય બરાબર નથી?

પૂજ્ય ભાઈશ્રી :- નથી. આપોઆપ જ. પરીક્ષા કરવાનો પણ વિષય નથી રહેતો.

મુમુક્ષુ :- આપણામાં ભેળવી દઈએ તો?

પૂજ્ય ભાઈશ્રી :- આપણામાં કેવી રીતે ભેળવાય પણ?

મુમુક્ષુ :- નિશ્ચય બરાબર ન હોય અને વ્યવહારના ઠેકાણા ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- તો પછી ભેળવવા કેવી રીતે? કેવી રીતે માન્ય કરવું? વીતરાગદેવે તો ના કહી છે. 'ગુરુદેવશ્રી'એ ના કહી છે. એ રીતે એને માન્ય કરી શકાય નહિ. માન્ય કરે તો ગૃહીત મિથ્યાત્વ લાગે. શું લાગે? ગૃહીત મિથ્યાત્વ લાગે. આ પરિસ્થિતિ ઊભી થાય. એમાં આત્માના હિત-અહિતનો વિચાર કરવો કે એને માન્ય કરવામાં આત્માનું હિત તેં શું જોયું? બસ! આ સીધો સવાલ છે.

મુમુક્ષુ :- સંખ્યા..

પૂજ્ય ભાઈશ્રી :- એમાં આત્માનું હિત શું થાય? મુસલમાનોની સંખ્યા ઘણી છે. આખા વિશ્વમાં પહેલા નંબરે સંખ્યા કોની છે? મુસલમાનની છે. બીજા નંબરે ક્રિશ્ચિયનની છે. જૈનોનો તો વીસમો નંબર પણ આવતો નથી. એ બધાનું કલ્યાણ થઈ જાય છે કાંઈ, સંખ્યા વધવાથી? એની સંખ્યા વધી, એનું કલ્યાણ થયું કાંઈ? બહારમાં સંખ્યા વધવાથી કોઈ કલ્યાણ થતું નથી.

મુમુક્ષુ :- સત્યમાં ચોંટી રહેવું.

પૂજ્ય ભાઈશ્રી :- સત્યને વળગી રહેવું. અને સંખ્યા સાથે સત્યને સંબંધ નથી. સત્યને તો એના સ્વભાવ સાથે સંબંધ છે, સંખ્યા સાથે હરગીઝ સંબંધ નથી.

## તા. ૧૮-૫-૧૯૮૬, પાના નં. ૨૨, પ્રવચન નં. ૧૭

'આત્માવલોકન'. પાનું-૨૨. વ્યવહાર વર્ણન. વ્યવહારના ભંગ ભેદ કેવા કેવા પ્રકારે છે, એનું આ પ્રકરણ છે. સંક્ષેપમાં એમ કહ્યું કે જેટલા પર્યાયભાવો છે, જેટલા એકમાં અનેક ભંગ ભેદ છે, બંધાવું, છૂટાવું, પરદ્રવ્યના સંયોગ-વિયોગના જેટલા કોઈ કથનો છે અથવા સ્વભાવથી જેટલા કોઈ અન્ય ભાવો છે, તે સર્વ ભાવો વ્યવહાર એવું નામ પામે છે. એને જિનાગમમાં વ્યવહાર કહ્યો છે.

ભાવાર્થ :- એટલા કથનનો વિસ્તાર કરે છે. જે અર્થ કર્યો એનો જ વિસ્તાર કરે છે. **'આકાશમાં સર્વ દ્રવ્યનું રહેવું, જીવ, પુદ્‌ગલને ધર્મદ્રવ્યનું ગતિ વડે, અધર્મદ્રવ્યનું સ્થિતિ વડે સહકારી થવું અથવા સર્વ દ્રવ્યના પરિણામ પરિણમાવામાં કાલની વર્તનાનું સહકારી થવું, વળી પુદ્‌ગલાદિની ગતિ વડે કાલદ્રવ્યના પ્રમાણનું પરિમાણ ઉપજાવવું; છએ પરજ્ઞેય જ્ઞાન વિષે,...'** આમ તો અલ્પવિરામ કરીને ઘણાં બધા બોલ લીધા છે. પણ પહેલાં છ દ્રવ્યની વાત એ પ્રકારે લીધી છે કે છ દ્રવ્ય પોતાના વિશિષ્ટ ગુણ દ્વારા બીજા ગુણના પર્યાયમાં નિમિત્ત પડે છે. એમાં પહેલાં આકાશ લીધું. આકાશનો વિશિષ્ટ ગુણ અવગાહન આપવું એ છે. તો એ સર્વ દ્રવ્યને અવગાહન આપે છે. એ એનો મુખ્ય ગુણ છે. જોકે છએ દ્રવ્યમાં અવગાહન ગુણ તો છે, પણ આકાશ અવગાહન-ક્ષેત્ર સાથે સંબંધ રાખે છે. અને આકાશનું ક્ષેત્ર સર્વથી વિશાળ છે, સર્વથી મોટું છે. અને આખા લોકના પાંચે દ્રવ્યોને અવગાહન આપવા છતાં અનંત આકાશ હજી બાકી રહે છે. એટલું મોટું ક્ષેત્ર છે.

**'આકાશમાં સર્વ દ્રવ્યનું રહેવું,...'** સર્વ દ્રવ્યની અવગાહનામાં આકાશ નિમિત્ત છે. જીવ અને પુદ્‌ગલ એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં ગતિ કરે ત્યારે ધર્મદ્રવ્ય-ધર્માસ્તિકાય છે એનું નિમિત્ત થવું. અહીંયાં સહકારી શબ્દ લીધો છે. સહકારી થવું. ગતિ વડે સહકારી થવું. ગતિહેતુત્વ નામના વિશિષ્ટ ગુણ દ્વારા ધર્માસ્તિકાય છે એ સ્વયં ગતિમાન કરતાં એવા જીવ અને પુદ્‌ગલને, કોને? ધક્કો મારીને નહિ. પણ સ્વયં ગતિમાન કરતા હોય એવા જીવ અને પુદ્‌ગલ પરમાણુને ગતિમાં સહાયક થવું, સહકારી થવું. એ ધર્માસ્તિકાયનો વિશિષ્ટ ગુણ છે.

તે જ પ્રકારે અધર્માસ્તિકાય. ગતિપૂર્વક સ્થિતિ કરતા એવા જીવ અને પુદ્‌ગલ

પરમાણુને સ્થિતિ થવામાં સહકારી થવું એ અધર્માસ્તિકાયનો વિશિષ્ટ ગુણ છે. નિમિત્ત થવું. સહકારી થવું એટલે નિમિત્ત થવું.

'**સર્વ દ્રવ્યના પરિણામ પરિણમવામાં કાલની વર્તનાનું સહકારી થવું,...**' કાળ સિવાયના પાંચેય દ્રવ્યો પરિણમે છે, સ્વયં પોતાના પરિણમનશીલ સ્વભાવને કારણે પરિણમે છે, તેના પરિણામમાં નિમિત્ત થવું કાળાણુમાં છે. એ નિશ્ચયકાળ છે, પરમાણુ કાળાણુ છે તે. '**વળી પુદ્‌ગલાદિની ગતિ વડે કાલદ્રવ્યના પ્રમાણનું પરિમાણ ઊપજાવવું,...**' પુદ્‌ગલાદિની ગતિ વડે. જીવ અને પુદ્‌ગલની ગતિ વડે. અહીંથી આટલી ગતિ કરે ત્યારે આટલો સમય ગણવો. ઘડિયાળનો કાંટો ફરે. પહેલાં તો ઘડીમાં રેતીનું પરિણમન માપતા હતા. આ સૂર્ય અને ચંદ્ર, એની ગતિ ઉપરથી પણ કાળનું પરિમાણ ગણવામાં આવે છે કે આ એક દિવસ થયો. એક દિવસના આટલા ભાગનો પ્રહર ગણવો, આટલા ભાગની ઘડી ગણવી. એના આટલા ભાગની મિનિટ ગણવી, સેકંડ ગણવી, ક્ષણ ગણવી, સમય ગણવો. એ રીતે. એક સમયથી માંડીને સાગરોપમના કાળ પર્યંતની જે ગણતરી છે એ બધું વ્યવહારકાળમાં જાય છે. અને તે પુદ્‌ગલાદિની ગતિ વડે કાળદ્રવ્યનું પરિમાણ ઊપજવું થાય છે. પછી દિવસથી માસ, માસથી વર્ષ, આટલા વર્ષ, આટલા વર્ષ એ રીતે. એ કાળદ્રવ્યના પરિમાણનું ઊપજવું છે.

'**છએ પરજ્ઞેય જ્ઞાન વિષે...**' આ વ્યવહારના કેટલા ભેદ છે (એ કહે છે). આપસ આપસમાં છ દ્રવ્ય પરસ્પર નિમિત્ત થાય છે તે વ્યવહાર છે. છએ પરજ્ઞેયો જ્ઞાનને વિષે પ્રતિબિંબિત થાય છે તે પણ જ્ઞેય અને જ્ઞાન વચ્ચેનો વ્યવહાર છે. વ્યવહાર સંબંધ છે એ. અનેક જ્ઞેયો અથવા જણાવાલાયક પદાર્થો જ્ઞાનમાં જણાય, જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય તે જ્ઞાન અને જ્ઞેય વચ્ચેનો વ્યવહાર છે. જ્ઞાન જ્ઞેયને જાણે છે. એ વ્યવહાર કથન છે. કેમકે સ્વમાં પરની અપેક્ષા આવી માટે વ્યવહાર થયો. જ્ઞાન પરને જાણે છે. જ્ઞાનમાં પરની અપેક્ષા લીધી. એ વ્યવહારનો ભંગ છે.

'**જ્ઞાન છએ પરજ્ઞેય વિષે,...**' નિમિત્ત પડે છે. જ્ઞેયો જ્ઞાનમાં નિમિત્ત છે અને જ્ઞાનને જ્ઞેય નિમિત્ત છે. જ્ઞેયને જ્ઞાન અને જ્ઞાનને જ્ઞેય, એમ પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એ પણ વ્યવહારે છે. '**જ્ઞાન દર્શનગુણની એક એક શક્તિ, એક એક સ્વ-પર જ્ઞેયભેદ પ્રત્યે લગાવવી-એવા એવા ભાવો,...**' એ પણ વ્યવહારનું નામ પામે છે. નીચે છેલ્લી લીટી છે ને? '**સર્વ વ્યવહાર નામ પામે.**' આ ભાવો સર્વ વ્યવહાર નામ પામે. વ્યવહાર કોને કહેવાય છે? '**જ્ઞાન દર્શનગુણની એક એક શક્તિ, એક એક સ્વ-પર જ્ઞેયભેદ પ્રત્યે લગાવવી-એવા એવા ભાવો,...**' જ્ઞાન પરને પણ જાણે, સ્વને પણ જાણે. દર્શન સ્વને પણ દેખે, પરને પણ દેખે. જ્ઞાન દર્શનને જાણે,

દર્શન જ્ઞાનને દેખે. એમ પણ પરસ્પર સ્વ-પરમાં લગાવવી, લાગુ કરવી, એવો વ્યવહાર કરવો એ ભાવ પણ વ્યવહાર એવું નામ પામે છે.

**'વળી પરસ્પર સર્વ દ્રવ્યોના મેલાપ થવા...'** સંયોગ થવા. **'એવા એવા પર્યાયના ભાવો,...'** તે પણ વ્યવહાર નામ પામે છે. પરસ્પર સર્વ દ્રવ્યોના-છએ દ્રવ્યનો સંયોગ થવો એ પણ વ્યવહાર નામ પામે છે. જેમકે જીવને કર્મ પરમાણુનો સંયોગ થવો. જીવને દેહાદિનો સંયોગ થવો. એ વગેરે. જીવને બીજા જીવનો સંયોગ થવો. **'વળી વિકાર ઊપજ્યો,...'** એ ભાવ પણ વ્યવહાર નામ પામે છે. જીવના પરિણામમાં વિકારભાવની ઉત્પત્તિ એ વ્યવહારના ભંગમાં જાય છે, એમ કહેવું છે. **'સ્વભાવનો નાશ થયો.'** એમ કહેવું તે પણ (વ્યવહાર નામ પામે છે). શરૂઆતમાં એક સ્પષ્ટતા કરી નાખી છે કે પર્યાયના જેટલા ભાવો છે તે બધા વ્યવહાર નામ પામે. વિકાર ઊપજ્યો એ પણ પર્યાયભાવ છે, સ્વભાવનો નાશ થયો એ પણ પર્યાયભાવ છે.

**'વળી સ્વભાવ ઊપજ્યો, વિકારનો નાશ થયો,...'** તે પણ વ્યવહારમાં જાય છે. **'જીવ ઊપજ્યો,...'** દેહસહિત જન્મ થવો એને જીવ ઊપજ્યો એમ કહેવામાં આવે છે. આ જીવ દેવ તરીકે ઉત્પન્ન થયો, આ જીવ તિર્યંચમાં ઉત્પન્ન થયો. એમ જીવ ઉત્પન્ન થયો એમ કહેવું તે વ્યવહાર છે. કેમ વ્યવહાર છે? કે અનાદિઅનંત અસ્તિત્વ ધરાવનાર જીવને વચ્ચે ઉત્પન્ન થયો અને વચમાં મર્યો એમ કહેવામાં આવે છે. ન તો એ મૂળથી ઉત્પન્ન થાય છે, મૂળ મરતો પણ નથી. છતાં એમ કહેવું તે વ્યવહાર છે. અથવા અવસ્થાવિશેષની જ એ બદલી છે. ફેરબદલી છે એ વ્યવહારમાં જાય છે. **'જીવ ઊપજ્યો, જીવ મર્યો,...'**

**'આ પુદ્‌ગલો સ્કંધરૂપ થયાં કે કર્મરૂપ થયાં કે અવિભાગી પુદ્‌ગલ થયાં.'** અવિભાગી પુદ્‌ગલ થયાં એટલે શુદ્ધ પુદ્‌ગલ થયાં. એ બધું વ્યવહારમાં જાય છે. **'સંસારપરિણતિ નાશ પામી, સિદ્ધ પરિણતિ ઊપજી.'** જીવનો સંસાર નાશ થયો અને જીવ સિદ્ધપણે ઉત્પન્ન થયો અથવા જીવ સિદ્ધ થયો એમ કહેવું તે પણ વ્યવહાર નામ પામે છે. એ પણ વ્યવહારનું નામ છે. **'વળી મોહ, અંતરાયકર્મની રુકાવટ નાશ પામી,...'** મોહ અને અંતરાય કર્મની રુકાવટ નાશ પામી અને **'અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતવીર્ય ખૂલ્યાં,...'** એ કહેવું પણ વ્યવહાર છે. પર્યાય છે ને. સ્વચતુષ્ટય પ્રગટ થયા અને સ્વચતુષ્ટય પ્રગટ થવામાં પ્રતિબંધક હતા તેનો નાશ થયો. મોહનો નાશ થયો, અંતરાયનો નાશ થયો. એ વગેરે કહેવું તે વ્યવહાર છે.

**'મિથ્યાત્વ ગયું, સમ્યક્‌ત્વ થયું,...'** એ પણ વ્યવહાર છે. સમ્યક્ થયું તે નિશ્ચય નહિ. અહીં તો જેટલા પર્યાયભાવો છે તે બધા વ્યવહાર નામ પામે. આમ લીધું

છે. નિશ્ચયમાં એક ત્રિકાળી દ્રવ્ય લીધું છે. ત્રિકાળી સ્વભાવ છે એ નિશ્ચયનો વિષય લીધો છે. બાકી બધું વ્યવહારમાં જાય છે. નિશ્ચયનું પ્રકરણ આવશે. '**અશુદ્ધતા ગઈ, શુદ્ધતા થઈ,...**' પર્યાયમાં શુદ્ધતા થઈ, પર્યાયમાં અશુદ્ધતા ગઈ એ પણ વ્યવહારથી છે. '**પુદ્ગલથી જીવ બંધાણો,...**' જીવને કર્મ બંધાણા એમ કહેવું તે વ્યવહાર છે. કર્મ પરમાણુનો સંયોગ થયો છે. '**જીવનું નિમિત્ત પામીને પુદ્ગલ કર્મરૂપ થયું,...**' જીવે આવો ભાવ કર્યો, ક્રોધનો ભાવ કર્યો તો કાર્મણવર્ગણાથી એને ક્રોધની પ્રકૃતિ બંધાણી, એમ કહેવું તે વ્યવહાર છે.

'**જીવે કર્મનો નાશ કર્યો,...**' એ પણ વ્યવહાર છે. સ્વયં પરિપાક સ્થિતિને પામી કર્મ નિર્જરી ગયા તો એમ કહ્યું કે જીવે કર્મનો નાશ કર્યો. એ પણ વ્યવહાર કથન છે. '**જીવે કર્મનો નાશ કર્યો. આ આ ઊપજ્યું, આ આ વિણસ્યું,...**' ફૂલ ખીલ્યું, ફૂલ કરમાઈ ગયું. '**તે ઊપજ્યું, તે વિણસ્યું,...**' આ ઊપજ્યું તે ઊપજ્યું, આ વિણસ્યું, તે વિણસ્યું. એવું અનેક પ્રકારે ઊપજવું, વિણસવું કહેવાય છે. આણે મકાન બાંધ્યું. આનું મકાન તોડી નાખ્યું. ધરતીકંપ થયો એમાં જ્યાં પર્વત હતો ત્યાં સમુદ્ર થયો. સમુદ્ર હતો ત્યાં મોટો પર્વત થયો. એવું ઊપજવું, વિણસવું બધું વ્યવહાર નામ પામે છે. જગતમાં કોઈ આત્મા અને કોઈ પરમાણુ ઘટતા પણ નથી અને વધતા પણ નથી. તેથી ઉત્પન્ન થવું અને નાશ થવું એ બધું વ્યવહારે કહેવામાં આવે છે. આ ભાઈનું નામ 'શાંતિભાઈ', આ ભાઈનું નામ 'પ્રવીણભાઈ', એ વ્યવહાર છે. નામ ક્યાં છે? એમ કહેવું (એ વ્યવહાર છે). ફલાણા ભાઈનું નામ ફલાણું, એમ કહેવું તે વ્યવહાર છે. વ્યવહારથી એમ કહેવામાં આવે છે. ખરેખર શું છે? ખરેખર એવું કાંઈ નથી.

મુમુક્ષુ :- તો પછી આ નામ માટે તો મરીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો એને સદ્ગુણ કહેવામાં આવતો નથી. જીવને કે દેહને ખરેખર નામ નહિ હોવા છતાં વ્યવહાર ચલાવવા માટે નામ પાડવું પડે છે. વ્યવહાર ચલાવવા માટે વ્યવહારે નામ પાડવું પડે છે. એ વ્યવહારને સાચું સત્ય સ્વરૂપ માનીને, ત્રિકાળી સત્ માનીને, સત્ય માનીને એ નામ પાછળ જે દોડે છે તે દુઃખી થાય છે, બીજું કાંઈ થતું નથી. દુઃખ ઉત્પન્ન થવા સિવાય એની અવસ્થામાં શું થાય છે? એકાંતે દુઃખ થવા સિવાય એમાં બીજું કાંઈ નથી. સામાન્ય બુદ્ધિથી પણ લોકો સમજે છે કે આ નામ પાછળ દોડે છે. એમાં કાંઈ લાંબી વિચારશક્તિ હોય એવું દેખાતું નથી. વિચારશક્તિનો, વિચારવાનપણાનો એમાં અભાવ દેખાય છે. વિચારવાનપણું એમાં દેખાતું નથી પણ વિચારવાનપણાનો એમાં અભાવ દેખાય છે. આપણે તો

હવે પેલું પાટિયુ કાઢી નાખ્યું ને. નામ લખો. 'શાંતિભાઈ' કેટલાનું નામ છે? ક્યા 'શાંતિભાઈ'? જ્યાં નામ લખવાની પ્રથા થાય છે ત્યાં એટલા બધા નામ લખાય જાય છે, એટલા બધા નામ લખાય જાય છે કે ખરેખર કોઈ વાંચતું નથી. પછી તો જ્યાં જેણે નામ લખાવ્યું છે એ પોતાનું નામ વાંચવા માટે નામ લખાવે છે કે આ સો નામમાં મારું નામ અહીંયાં છે.

મુમુક્ષુ :- સો વર્ષ પછી?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કાંઈ છે નહિ. એટલા બધા નામ કોણ વાંચે? અને વાંચે તો કોને યાદ રહે?

મુમુક્ષુ :- આ પ્રથા દરેક મંદિરોમાં હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એ સારી નથી.

મુમુક્ષુ :- બીજાને ભાવના થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભાવના થાય ઈ એક મુદ્દા ઉપર થોડું ચાલ્યું છે. પણ પછી એટલું બધું થાય છે, એટલું બધું થાય છે કે... ભાવના બીજાને થાય પણ પોતાને નુકસાન થાય એનું શું? બીજાના લાભ ખાતર આપણે આપણું નામ લખાવીએ. મારું નામ લખીશ તો ભાઈને પણ વિચાર થશે કે 'શશીભાઈ'એ આપ્યું તો આપણે પણ આપીએ. મુદ્દો કાંઈક ઠીક છે, પણ એમાં મને એવો ભાવ રહે કે મારું નામ તો લખાણું, મારું નામ તો બધા વાંચશે. તો એને તો લાભ થવો હશે અને ભાવના થવી હશે તો થશે, પણ મને તો પહેલું નુકસાન શરૂ થઈ જાય છે. બે પડખાં છે. પોતાનું પડખું પોતાને સંભાળવું છે. તો વાંધો નથી. બીજાને ભાવના થાય એમાં કાંઈ પોતાને નુકસાન નથી. પણ પોતાને જે ભાવ થાય કે મારું નામ, મારું નામ, મારું નામ.. તો તકલીફ છે. પછી એ બહાને, ભાવનાના બહાને પોતાનું નામ પ્રસિદ્ધ હોવું જોઈએ, એવો જો ઊંડે ઊંડે અભિપ્રાય હોય, સ્થૂળપણે કે સૂક્ષ્મપણે, તો એ બીજાની ભાવનાની મુખ્યતાવાળી વાત ખોટી છે. બીજાને ભાવના થાય એનો છળ પોતે પકડ્યો છે અને પોતે અવગુણને ગ્રહણ કર્યો છે. એમ થાય છે ખરેખર.

મુમુક્ષુ :- સામે પક્ષે એવી ભાવના કેવી રીતે નક્કી કરી શકે કે મારું નામ છે?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, પોતાને ભાવ થાય એ તો પોતાને ખબર પડે ને. જે ભાવ પોતાને થાય એ તો પોતાને ખબર પડે કે ન પડે? કે મારા નામ માટે મને ભાવ કેવી રીતે થયો? બીજાની ભાવના માટે ફક્ત થયો કે કાંઈક મારું નામ.. મારું નામ.. મારું નામ.. એવું કાંઈક અંદર મારા કાંઈક નામનું મહત્ત્વ રહે, એવો કાંઈક અંદર સ્થૂળ, સૂક્ષ્મ ભાવ થયો? આ વાત પોતાએ તપાસવી જોઈએ. પોતે

તો એમ કહે, ન્યાય એવો છે કે નામ લખવાની કાંઈ જરૂર નથી. આમાં નામ શું લખવું? તો દાન લેનાર એમ કહે કે નહિ, ભાઈ! તમારું નામ હશે તો બીજાને ભાવના થશે. તમે વિકલ્પ નહિ કરતા તમારા નામનો. એટલે પોતે તો વિકલ્પ ન કરે અથવા પોતે તો નકાર કર્યા કરે, છતાં બીજા લખે તો વાત કાંઈક ઠીક છે. પણ પોતે એમ કહે કે, મારા નામની જાહેરાત કરો, મારું નામ Board માં રહી ગયું છે. કેમ ભૂલથી રહી ગયું? આમાં બધાના છે અને મારું કેમ દેખાતું નથી? તો એમાં નુકસાન થાય છે, એમાં લાભ નથી થતો પણ એમાં દાન દેનારને દાન દેવાનું પુણ્ય થવા કરતાં નામ લખાવવાનું પાપ વધી જાય છે. દાન દેવાનું પુણ્ય થાય તેના કરતાં નામ લખાવવાનું પાપ વધી જાય છે. એવી વાત છે. કેમકે એ પાપભાવ છે.

**'આ આ ઊપજ્યું, આ આ વિણસ્યું, તે ઊપજ્યું, તે વિણસ્યું-એવા એવા પર્યાયના ભાવો-એવા એવા ઊપજતા વિણસતા પર્યાયના ભાવો-સર્વ વ્યવહાર નામ પામે.'** તે બધાયને વ્યવહાર એવું નામ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- હવે આમાંથી પરમાર્થ શું કાઢવો? આ વ્યવહાર પ્રકરણ આવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- '**व्यवहारनयो नानुसर्तव्यः**' (સમયસાર, ગાથા-૮). ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' બારમી ગાથા વ્યવહાર ઉપર લખી કે વ્યવહાર ક્યાં ક્યાં ન્યાયસંગત છે. પછી એનો ન્યાય સ્થાપીને સિદ્ધાંત આપ્યો કે આમ વ્યવહારનું વ્યવહારે સ્થાન હોવા છતાં તે વ્યવહાર અનુસરવા લાયક નથી. '**व्यवहारनयो नानुसर्तव्यः**'. એવી જે વાત એમણે નવમી, દસમી ગાથામાં કરી કે વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે. 'સમયસાર'માં આઠ, નવ, દસ ગાથામાં ત્રણ ગાથામાં આ વિષય ચાલ્યો છે. કેમકે જીવ અનાદિથી નિશ્ચયથી અજાણ છે, નિશ્ચય સ્વરૂપથી અજાણ છે. તેથી ગમે તેવો કોઈ બુદ્ધિમાન ઉઘાડવાળો હોય તોપણ 'જ્ઞાન તે આત્મા' એવો અંદર ભેદ ઊપજાવવો પડે છે. અભેદ આત્મામાં જ્ઞાનગુણનો ભેદ ઊપજાવવો પડે છે. એવી પરિસ્થિતિ નિશ્ચય પરમાર્થને બતાવવા માટે વ્યવહાર વચ્ચે આવવો અનિવાર્ય છે અને તેથી તે વ્યવહારને ત્યાં વ્યવહારનું સ્થાન ન્યાયસંગત હોવા છતાં, જેમ બ્રાહ્મણે મ્લેચ્છ થવા યોગ્ય નથી, એમ કરીને પાછું ત્યાં કહ્યું. ત્યાં એમ કહ્યું કે જેમ બ્રાહ્મણે મ્લેચ્છ થવા યોગ્ય નથી, તેમ વ્યવહાર અનુસરવા યોગ્ય નથી. આમ એના ઉપરથી ઉપદેશ આપ્યો છે. 'સમયસાર' છે ને? બે જગ્યાએ એ વાત કરી છે. ૧૧માં લીધું છે. ૧૨માં નહિ, પણ ૧૧ ગાથામાં લીધું છે. વ્યવહારનય અભૂતાર્થ છે. '**अतः प्रत्यगात्मदर्शिभि**' જેને ભિન્ન પડવું છે તેને '**व्यवहारनयो नानुसर्तव्यः**'. તેને વ્યવહારનયનું

અનુસરણ કરવા યોગ્ય નથી.

આઠમી ગાથાની ટીકા કરતાં એમ લીધું, '**अथ च ब्राह्मणो न म्लेच्छितव्य**'. બ્રાહ્મણે મ્લેચ્છ થવા જેવું નથી. '**इति वचनाद्**' એ વચન અનુસાર '**व्यवहारनयो नानुसर्तव्यः**' વ્યવહારનય અનુસરવા લાયક નથી. વ્યવહારનો વિષય જાણવાનો છે અને આદરવાનો નથી. જાણવાનો વિષય છે. ભંગ ભેદ, પાર્યયભાવો, અનેક પ્રકારના ચૌદ ગુણસ્થાનથી માંડીને છ જ્ઞેયો, જ્ઞાન એ બધું જાણવા લાયક છે.

મુમુક્ષુ :- તે કાળે જાણેલો પ્રયોજનવાન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ૧૨મી ગાથામાં લીધું. તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. એટલે એ જાણવાનો વિષય છે, એમ કહેવું છે. જ્યારે ગુણસ્થાન અનુસાર શુભભાવરૂપ વ્યવહાર ઉત્પન્ન થાય છે ત્યારે જે તે ગુણસ્થાનમાં કેવો ભાવ હોય તે જાણવા લાયક છે. એટલા માટે કે એથી નીચેની કોટિના ભાવો એને ન હોવા ઘટે. એવું એમાં એને જ્ઞાન પ્રયોજનવાન છે. જો એથી નીચેની કોટિના એ ભાવ કરે તો એને વ્યવહારનું પણ જ્ઞાન નથી, પછી નિશ્ચયનું જ્ઞાન હોવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી.

જેમકે મુનિરાજ છે. પંચ મહાવ્રત આદિ એ કોટિના એને અઠ્યાવીસ મૂળગુણની કોટિના પરિણામ વ્યવહારના હોય છે. હવે એ કોઈ તોડે તો ત્યાં વ્યવહારથી ભ્રષ્ટ હોવાથી એને નિશ્ચય શુદ્ધ પરિણતિ વર્તે છે કે નહિ, એ વિચાર કરવાનો કે પરીક્ષા કરવાનો પ્રસંગ રહેતો નથી. એટલે વ્યવહારનું સ્થાન ન્યાયથી ક્યાં કેટલું છે એટલું વિચારી લેવાનું છે. એથી વિશેષ કોઈ એનું મહત્ત્વ નથી.

નામનો વિષય ચાલ્યો ને? ચક્રવર્તી નામ લખે છે. વિજયાર્ધ પર્વત ઉપર. છ ખંડ જીત્યા પછી પોતાના રાજની મર્યાદા આવે છે ત્યાં પર્વત હોય છે. તો આ ચોવીસીમાં પહેલા 'ભરત' ચક્રવર્તી થયા. સૌથી પહેલા કોણ થયા? 'ભરત' ચક્રવર્તી થયા. બાર ચક્રવર્તીમાં. 'ઋષભદેવ' ભગવાનના પુત્ર હતા અને ચરમશરિરી હતા, મોક્ષે ગયા છે. સિદ્ધાલયમાં અત્યારે એમનો આત્મા બિરાજમાન છે. એ જ્યારે ત્યાં વિજયાર્ધ પર્વત ઉપર નામ લખવા ગયા તો જગ્યા ખાલી નહોતી.

અનંત કાળમાં પર્વત તેનો તે રહ્યો, એ પર્વત શાશ્વત છે. નામ એટલા બધા (લખાયેલા હતા). એક ચોવીસીમાં બાર ચક્રવર્તી થાય તોપણ એટલી અનંત ચોવીસી ગઈ અને અનંત વખત બાર-બાર ગયા. આ ચોવીસીના પહેલા ચક્રવર્તીને એનું નામ લખવાની જગ્યા નહોતી. નામ લખવામાં થોડું માન થાય છે. એમને માન ઉપર ફટકો પડ્યો. અરે..! હું છ ખંડનો ધણી, છ ખંડ જેણે સાધ્યા, આટલી મારી શક્તિ,

આટલો મારો વૈભવ અને મારું નામ લખવાની પાટિયામાં જગ્યા નહિ? આવો હું મહાન, આવો હું મોટો! અને મારું નામ લખવા માટે જગ્યા નહિ? આ તે કેવી વાત કહેવાય? ભાઈ! તું પહેલોવહેલો નથી થયો. તારા જેવા તો અનંતા થઈ ગયા એમ બતાવે છે. તારું કોઈ વિશેષ મહત્ત્વ તું આંકે છો. તો એ આંકવા જેવું નથી. પછી કો'કનું બીજાનું નામ ભુંસાડીને એમણે નામ લખ્યું ત્યારે એ તો સમ્યગ્દૃષ્ટિ હતા, ચરમશરીરિ હતા, ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હતા, (તો થયું કે) મારું નામ ભુંસાડીને કો'ક બીજો લખશે. મેં જેમ બીજાનું ભુંસાડીને મારું લખ્યું, તો મારું ભુંસાડીને બીજો લખશે.

આવું જે વિનશ્વરપણું છે, એ નાશવંત પર્યાયો ઉપર અથવા ચંચળ અને ચલિત પર્યાયો ઉપર જીવનું લક્ષ રહે તો એને નુકસાન જાય છે. અને પ્રતીતિ રહે તો અનંતુ નુકસાન જાય છે. નાશવંત પદાર્થની, ચલ પદાર્થની પ્રતીતિ જીવને દુઃખનું કારણ છે. આ શરીર ચળ છે. એની પ્રતીતિ શું છે? કે આનાથી મને સુખ છે. પણ એ અચળ રહેવાનું નથી. ગમે એટલી સાચવણી હોવા છતાં એ અચળ રહેવાનું નથી. પણ એ પ્રતીતિ દુઃખનું કારણ થશે. અચળ પદાર્થની પ્રતીતિ સુખનું કારણ છે. એમાંથી એ સિદ્ધાંત નીકળ્યો છે. આ અનુભવમાંથી એ સિદ્ધાંત નીકળ્યો છે. શાશ્વત એવું જે અનંત ચતુષ્ટય મંડિત નિજ પરમાત્મ તત્ત્વ એ અચલ પદ છે, એની પ્રતીતિ-એવો હું છું એવી જે પ્રતીતિ એ સુખનું કારણ છે. અને ચલ પદાર્થની પ્રતીતિ તે દુઃખનું કારણ છે.

મુમુક્ષુ :- ચક્રવર્તીનો બોધ લે તો માન ગળી જાય એવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- બીજાને તો શું માન કરવું? કોઈ પૈસાનું માન કરે. ગમે એનું માન કરે. એને તો બધું હોય છે. કોઈ ચીજની, એને પાંચ ઇન્દ્રિયના કોઈ વિષયની ખામી હોઈ શકે નહિ. છતાં જ્યારે પોતે પોતાના પરમપદને પ્રાપ્ત કરવાની સાધનાએ ચડ્યા ત્યારે ક્ષણમાત્રમાં એ બધો વૈભવ છે, નાકમાંથી શેડા કાઢે એવી રીતે ત્યાગ કરી દે છે. જરા પણ એમાં દુઃખ થતું નથી. એને દુઃખ ન થાય કે આ હું છોડું છું અને મારો વૈભવ ગયો. એ ઉત્સાહથી, ઉમંગથી, ઉદ્યમથી ચૈતન્યના રસમાં તરબોળ થઈને એ ઉપાધિને અને દુઃખને છોડે છે. સુખને છોડતા નથી પણ ઉપાધિ અને દુઃખને છોડે છે. અને એ વખતે સુખી થાય છે, આનંદિત થાય છે.

'**વળી એક આકાશના લોક-અલોક ભેદ કરવા,...**' Paragraph છે ત્યાંથી, ૨૩ પાને. એક આકાશના કલ્પનામાં બે કટકા કરવા. જેટલા ક્ષેત્રમાં આ ચૌદ બ્રહ્માંડ રહેલા છે, જેનું ક્ષેત્રફળ ૩૪૩ ઘન રાજૂ છે, એવા જે આ ચૌદ બ્રહ્માંડ-ત્રણ લોક-

ઊર્ધ્વલોક, મધ્યલોક (પાતાલ લોક).

... કર્તાનો ઉપચાર દેવો, કર્મનો ઉપચાર દેવો, કારણનો ઉપચાર દેવો, ક્રિયાનો ઉપચાર દેવો, કાર્યનો (ઉપચાર દેવો) એ બધા ઉપચારથી છે. કારણપરમાત્મા ઉપચારથી છે. કારણપરમાત્મા છે એ ઉપચારથી કહેવાય છે. અકારણકાર્યપણું છે. આત્માને વિષે કોઈ કારણ-કાર્ય છે નહિ.

**'એક જીવવસ્તુના બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા એવા ભેદ કરવા,...'** એક જીવવસ્તુને ત્રણ પ્રકારની પર્યાયથી ઓળખવી કે જે બહિર્દષ્ટિ જીવ હોય અને બાહ્ય પદાર્થમાં અને બાહ્ય તત્ત્વમાં જે જીવની નિષ્ઠા હોય અને જેનું સતત પરિણમન બહિર્મુખી પરિણમનનો પ્રવાહ ચાલતો હોય તેને બહિરાત્મા જાણવા. જે અંતર સ્વરૂપને, પરમાત્મ સ્વરૂપને અવલંબનારા અંતર્મુખ થનારા, જેના પરિણમનનો પ્રવાહ અંતર્મુખી થઈ ગયો છે તેને અંતરાત્મા જાણવા. સાધકને. અને જે અરિહંત, સિદ્ધ થયા તેને પરમાત્મા જાણવા. એવા ભેદ કરવા, એક જીવવસ્તુના ત્રણ ભેદ કરવા કે પહેલા આ આત્મા બહિરાત્મા હતા, પછી સમ્યગ્દર્શન થયું ત્યારથી એ સાધક અંતરાત્મા થયા અને પછી એ પરમાત્મા થયા અને સિદ્ધાલયમાં ગયા. એવા એક આત્માના ત્રણ ભેદ કરવા તે વ્યવહારે છે. એ પણ વ્યવહાર છે. વ્યવહારના ભંગમાં એ જાય છે.

મુમુક્ષુ :- જીવ ખરેખર બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્રણે અવસ્થા છે, ત્રણે અવસ્થા છે. જે છે એ છે. જીવ જીવપણે જીવતત્ત્વ જે છે તે છે. અવસ્થાભેદ ખરેખર એના મૂળ સ્વરૂપને, એના અસલ સ્વરૂપને, એના એકરૂપ સ્વરૂપને લાગુ પડતા નથી. એવા ભેદ એમાં લાગુ પડતા નથી.

મુમુક્ષુ :- બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા ત્રણે વ્યવહાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્રણે વ્યવહાર છે. સિદ્ધપદ પણ વ્યવહારે કહેવાય છે. સિદ્ધદશા-પરમાત્મદશા છે એ ખરેખર વ્યવહારે છે. પર્યાયભાવ લીધો ને. પર્યાયના જેટલા ભાવો છે તે બધા વ્યવહાર નામ પામે. પહેલી લીટી આ છે. **'पज्जायभावना सव्वे तं व्यवहारं जिनभणिदं'** એક સૂત્ર લગાવી દેવું. **'पज्जायभावना सव्वे तं व्यवहारं जिनभणिदें'**. જિનેન્દ્રદેવે દિવ્યધ્વનિમાં તેને વ્યવહાર કહ્યો.

મુમુક્ષુ :- અંતરાત્મા એટલે શુદ્ધાત્મા.

પૂજ્ય ભાઈશ્રી :- અંતરાત્મા એટલે અંતર્મુખ થયેલા આત્માઓને અંતરાત્મા કહેવાય છે. એના પરિણામમાં શુદ્ધતા પ્રગટી એટલે શુદ્ધાત્મા કહીએ, પણ મૂળ શુદ્ધાત્માને અવલંબને પર્યાય શુદ્ધ થઈ એટલે એને પર્યાય વિશિષ્ટ આત્માને શુદ્ધાત્મા કહેવામાં

આવે છે.

મુમુક્ષુ :- તો પછી..

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાયમાત્ર બધા ભાવો વ્યવહારમાં જાય છે. જ્યાં શુદ્ધ પર્યાયને નિશ્ચય કહ્યો છે, જ્યાં નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર મોક્ષમાર્ગની વાત ચાલી છે ત્યાં શુભભાવ છે તે વ્યવહાર છે અને શુદ્ધભાવ તે નિશ્ચય છે. એમ ભંગ છે. પણ એ તો અંદરોઅંદરના ભંગ થયા. એક નિશ્ચયને જોતાં પર્યાયના બધા ભાવો વ્યવહાર નામ પામે છે. એવું જ અંતઃતત્ત્વ અને બહિર્તત્ત્વના વિષયમાં પણ એવી રીતે એકને ને એકને બહિર્તત્ત્વ પણ કહેવાય અને એકને ને એકને અંતઃતત્ત્વ પણ કહેવાય. એ 'સોગાનીજી'એ 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં ત્રીજા ભાગમાં એ વાત બહુ શરૂઆતમાં લીધી છે. પ્રમાણનો વિષય છે એટલે તારવીને આગળ લઈ લીધો છે.

મુમુક્ષુ :- શુદ્ધ પર્યાય તો પરમાત્મા સાથે એકરૂપ થઈ ગઈ, પછી એને વ્યવહાર કહેવી?

પૂજ્ય ભાઈશ્રી :- છતાં એ વ્યવહાર છે, પર્યાયભાવ એ વ્યવહાર છે. એમાં શું થયું? એમને સિદ્ધ એવું નામ આપ્યું ને? પરમાત્મા એવું નામ આપ્યું ને? તો કહે છે કે, એ તો અનામી પદાર્થ છે. નામ રહિત પદાર્થ છે. નામ આપ્યું એ વ્યવહાર છે. 'ધીરૂભાઈ' નામ આપ્યું એ વ્યવહાર છે. વ્યવહાર કરવા માટે 'ધીરૂભાઈ' નામ આપ્યું. 'ધીરૂભાઈ' ક્યાંય છે નહિ. જીવમાં કે અજીવમાં ક્યાંય 'ધીરૂભાઈ' નથી. નામ આપવામાં વ્યવહાર કરવા માટે નામ આપ્યું. એમના પ્રત્યે પૂજ્યતાનો વ્યવહાર કરવા માટે એને પરમાત્મા કહીએ, સિદ્ધાત્મા કહીએ. બાકી તો એ વ્યવહારના ભંગમાં જાય છે. જે છે ઈ છે, જેવા છે એવા છે. મૂળ સ્વરૂપે તો જેવા છે એવા છે. આમાં છઠ્ઠો બોલ છે.

અપેક્ષાઓમાં પરસ્પર જુદી જુદી વાત આવે એ જુદી વાત છે. એટલા માટે આ એક નમૂનો છે. છઠ્ઠો બોલ છે. '(અંતઃતત્ત્વ ઔર બહિર્તત્ત્વ કી અપેક્ષાયેં બતાતે હુએ કહા) : જબ શુદ્ધપર્યાય બહિર્તત્ત્વ હૈ,...' લ્યો, ઠીક! '**ધ્યાન બહિર્તત્ત્વ હૈ,...**' આત્માનું. શુદ્ધાત્માનું ધ્યાન અને શુદ્ધપર્યાય બહિર્તત્ત્વ છે. '**તબ ધ્રુવતત્ત્વ (પરમ પારિણામિકભાવ, કારણ પરમાત્મા) અંતઃતત્ત્વ હૈ.**' અંતઃતત્ત્વ જ્યારે ત્રિકાળી પરમાત્માને કહીએ ત્યારે એનું ધ્યાન છે એ બહિર્તત્ત્વ છે. એટલે તો 'નિયમસાર'માં આ વાત કહી કે એ ધ્યાનાવલી મારામાં નથી. ધ્યાનાવાલી મારામાં નથી. હું તો કારણ પરમાત્મા છું. મારાથી બહાર છે, ધ્યાનાવાલી છે એ મારાથી બહાર છે.

'જબ દો ઘર કી બાત ચલતી હો, તબ ઉસમેં તીસરે ઘર કી ટાંગ (બાત)

ડાલને સે ઘોટાલા હો જાતા હૈ.' એટલે જ્યાં જે વિષય ચાલ્યો છે એમાં બીજી વાત નાખી દેવી નહિ. નહિતર ગોટાળો થશે અથવા કહેનારનો આશય નહિ સમજાય. કહેવા ધારે છે તે નહિ સમજાય. 'ધ્રુવતત્ત્વ અંતઃતત્ત્વ હૈ, તબ શુદ્ધપર્યાય બહિર્તત્ત્વ હૈ. શુદ્ધપર્યાય કો અંતઃતત્ત્વ કહેં, તબ અશુદ્ધપર્યાય કો બહિર્તત્ત્વ કહતે હૈં.' ત્યારે શુભભાવને બહિર્તત્ત્વ, અશુદ્ધ પર્યાયને બહિર્તત્ત્વ કહે. 'અશુદ્ધપર્યાય કો અંતઃતત્ત્વ કહેં, તબ કર્મ કો બહિર્તત્ત્વ કહહતે હૈં.' જ્યારે અશુદ્ધ પર્યાયને અંતર તત્ત્વ કહે ત્યારે એનું નિમિત્ત જે છે એ કર્મને બહિર્તત્ત્વ કહે. 'કર્મકો અંતઃતત્ત્વ કહેં, તબ નોકર્મ કો બહિર્તત્ત્વ કહતે હૈં.' અંદરમાં અશાતા વેદનીયનો ઉદય છે અને શરીરમાં રોગ થયો. શરીરનો રોગ બહાર દેખાય છે. અંદરનો અશાતા વેદનીયનો ઉદય દેખાતો નથી. તો એક અંતરતત્ત્વ છે અને એક બહિર્તત્ત્વ છે.

એવી રીતે અપેક્ષાઓમાં એકને એક તત્ત્વને અંતરતત્ત્વ અને બહિર્તત્ત્વ (કહે છે). એક ને એક ભાવને નિશ્ચય અને વ્યવહાર કહેવાય છે. એવી અપેક્ષા છે. પણ અહીંયાં એ અપેક્ષાઓ નથી. અહીંયાં તો એક નિશ્ચય આગળ બીજું બધું વ્યવહારમાં કેટલું કેટલું જાય છે, એમ બતાવવા સમગ્ર વ્યવહારનો અહીંયાં વિસ્તાર કર્યો છે.

મુમુક્ષુ :- ભેદ પાડતાં જ વિકલ્પ ઉત્પન્ન થાય છે માટે ભેદનો નિષેધ છે?

પૂજ્ય ભાઈશ્રી :- અભેદમાં ભેદ પડે છે ને. વસ્તુ તો અભેદ છે. એક અખંડ અભેદ વસ્તુ છે. એમાં કોઈ એક ભેદની કલ્પના કરવી, ભેદકલ્પના કરવી ત્યાં વ્યવહાર નામ પામે છે. એટલે વ્યવહારનો નિષેધ કર્યો છે. વ્યવહાર અનુસરતાં રાગની ઉત્પત્તિ થાય છે. દોષની, દુઃખની અને અપવિત્રતાની-મલિનતાની ઉત્પત્તિ થાય છે માટે તે અનુસરવા યોગ્ય નથી. કોઈપણ પર્યાય અનુસરવા યોગ્ય નથી. સિદ્ધપર્યાય પણ આશ્રય લેવા યોગ્ય નથી. એમ લેવું છે. આધાર લેવા યોગ્ય નથી. જે મિથ્યાદૃષ્ટિ છે એ શુદ્ધપર્યાયની ભાવના રાખે એ બીજી વાત છે. પણ એને શુદ્ધપર્યાય ઉપસ્થિત નથી તો એનો આશ્રય કેવી રીતે લે? જે સમ્યગ્દૃષ્ટિ છે એ વર્તમાન વર્તતી શુદ્ધ પર્યાયનો આશ્રય કરતા નથી, પણ ત્રિકાળી સ્વભાવનો આશ્રય કરે છે ત્યારે એને શુદ્ધ પર્યાય વેદનનો વિષય થાય છે. લક્ષનો વિષય, આશ્રયનો વિષય તો શુદ્ધાત્મા છે. લક્ષનો વિષય છે તે પ્રવૃત્તિનો વિષય નથી. પ્રવૃત્તિમાં સ્વસંવેદન છે, ભેદજ્ઞાન છે અને લક્ષમાં આત્મા છે. અને એ આત્માના લક્ષે એને સ્વસંવેદન ઊપજ્યું છે, શુદ્ધતા ઊપજી છે.

હવે એને ભાવના થાય કે મને મુનિદશા હો, મને કેવળજ્ઞાન અને પરમાત્મ દશા પ્રગટ થાઓ. એવી ભાવના કરવી એ રાગથી બીજી વાત છે. પણ આશ્રય એને એક પર્યાયનો પણ ન હોય. વર્તમાન વર્તતી પણ ન હોય તો પેલી તો હજી થઈ

જ નથી. મુનિદશા અને કેવળજ્ઞાન તો થયું નથી, તો એનો આશ્રય લેવાનો તો પ્રશ્ન રહેતો નથી. જે અનુપસ્થિત છે એનો આશ્રય કેવી રીતે લેવાય? વિદ્યમાન નથી એનો આશ્રય કેવી રીતે લેવાય? એનો આશ્રય તો લઈ શકાતો નથી. એટલે ભાવના થવી એક વાત છે, ભાવના હોવી એક વાત છે. રાગ હોય ત્યારે આવી ભાવના સાધકને હોય જ છે. એમ બતાવવું છે કે એને સંસારની કોઈ ભાવના હોતી નથી. એને પૈસાવાળું થવું, સત્તાવાળું થવું, ફલાણાવાળું થવું, જગતની લોકદૃષ્ટિમાં મુખ્યતાવાળું થવું, એવું કાંઈ એને હોતું નથી. એવું એની અંદર આપોઆપ આવી જાય છે. અને એવું હોય તો એને વ્યવહારને યોગ્ય પરિણામ નથી. માટે એને નિશ્ચયના પરિણામ પણ નથી. એમ ત્યાં જ્ઞાન કરાવવું છે. એટલું ત્યાં સ્પષ્ટ પ્રસિદ્ધ જ્ઞાન કરાવવું છે.

મુમુક્ષુ :- સ્વસંવેદનની પર્યાયને નિશ્ચય કહેવો કે વ્યવહાર?

પૂજ્ય ભાઈશ્રી :- અપેક્ષાએ નિશ્ચય છે અને અપેક્ષાએ વ્યવહાર છે. ત્રિકાળીની અપેક્ષાએ વ્યવહાર છે અને વર્તતા શુભભાવ રૂપ વ્યવહારની અપેક્ષાએ તે નિશ્ચય છે. વ્યવહાર મોક્ષમાર્ગની અપેક્ષાએ તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. અને નિશ્ચય ત્રિકાળી પરમાત્મા પાસે તે વ્યવહાર છે. એમ અપેક્ષાએ બન્ને વાત એને લાગુ પડે છે. જેમ અહીંયાં અંતઃતત્ત્વ અને બહિર્તત્ત્વ બન્ને લાગુ પડ્યા કે નહિ એક ને એક ભાવને? એમ. એવી રીતે બધે લાગુ કરવું.

ચૌદે ગુણસ્થાન વ્યવહાર છે. ચૌદ ગુણસ્થાનમાં સ્વસંવેદન ચોથા ગુણસ્થાને આવી ગયું. મિશ્ર ગુણસ્થાન ત્રીજું ગુણસ્થાન છે. આમાં જે વાત છે ને? ત્રીજા ગુણસ્થાનની વાત છે. એ પડતાનું ગુણસ્થાન છે, ચડતાનું નથી હોતું. ત્રીજું અને બીજું એ બન્ને પડતાના છે. જ્યારે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ ચોથા ગુણસ્થાનેથી વિચલિત થાય છે અને પહેલા ગુણસ્થાનને પ્રાપ્ત થાય છે, એ પહેલાં વચ્ચે મિશ્ર ગુણસ્થાનમાં ત્રીજા ગુણસ્થાનમાં આવે, પછી બીજા સાસાદનમાં આવે અને પછી પહેલામાં આવે. પણ કોઈપણ જીવ જ્યારે ચોથા ગુણસ્થાનને પામે ત્યારે પહેલામાંથી સીધા ચોથા ગુણસ્થાનને પામે. ત્યારે વચ્ચે બીજા, ત્રીજામાં ન આવે. ત્રીજું અને બીજું એ પડતાનું ગુણસ્થાન છે, ચડતાનું ગુણસ્થાન નથી. જે મિશ્ર અવસ્થા છે એ ત્રીજા ગુણસ્થાનની છે. પણ તે ગુણસ્થાન બુદ્ધિગમ્ય થતાં નથી. એ કેવળીગમ્ય છે. કોઈ પડે એ જીવને પોતાને ખબર પડતી નથી કે હું અત્યારે ત્રીજામાં કે હું અત્યારે બીજામાં છું? એ તો અંતર્મુહૂર્તમાં છે, જઘન્ય અંતર્મુહૂર્તના ગુણસ્થાન છે. એટલે એ સીધો પહેલામાં આવે છે ત્યારે જ એને બુદ્ધિપૂર્વક ખ્યાલ આવે છે કે અત્યારે સમ્યક્ દશા વર્તતી નથી પણ મિથ્યાત્વદશા વર્તે છે. એવું એ સમજી શકે છે. કેમકે એને વેદનની પરિણતિનો અભાવ છે અને

કેટલાક પરિણામો એના વ્યવહારના પણ વ્યવહાર બહારના પરિણામ થઈ જાય છે. એ પણ એ સમજી શકે છે. એટલે એ પોતાનું ગુણસ્થાન નક્કી કરી શકે છે કે આ હવે ચોથું ગુણસ્થાન નથી, પણ પહેલું ગુણસ્થાન છે. કારણ કે પેલું તો અંતર્મુહૂર્તમાં પૂરું થાય છે. જઘન્ય અંતર્મુહૂર્તમાં. અને એ એટલા સૂક્ષ્મ પરિણામ છે કે બુદ્ધિગમ્ય કોઈને થતાં નથી. સમ્યક્ સન્મુખ જે દશા છે, જાત્યાંતર જ્ઞાનની, એ વાત અહીંયાં નથી.

મુમુક્ષુ :- ચોથામાંથી પહેલામાં આવે પછી અમુક કાળ પછી ચોથામાં આવી જાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, આવી જાય. નિયમથી આવી જાય. એક વખતે એક જીવ ચોથા ગુણસ્થાનને પ્રાપ્ત થયો એટલે એનો મોક્ષ Register થઈ ગયો. સિદ્ધદશા Register થઈ ગઈ. તો એને તો ચોથું ગુણસ્થાન આવી જ જાય. અર્ધ પુદ્ગલ પરાવર્તનથી વધારે એનું પરિભ્રમણ હોય નહિ. એટલે સીમાંત પરિણમન છે. એની સીમા છે, એનો અંત છે. જ્યારે અનાદિ મિથ્યાદૃષ્ટિને કેટલું ભવભ્રમણ છે? અનંત ભવભ્રમણનું મૂળ એની પાસે સાબૂત છે. જ્યારે આનું સાદિ મિથ્યાત્વ છે એ અનંત ભવભ્રમણનું મૂળ નથી. અનંત ભવભ્રમણ ખલાસ થઈ ગયા. વધુમાં વધુ અર્ધ પુદ્ગલ પરાવર્તન. બાકી એ પહેલા પણ ગમે ત્યારે તેને તે ભવમાં પણ સમ્યક્ત્વનું આરાધન થઈ અને આગળ નીકળી જાય.

મુમુક્ષુ :- ઉપશમ અને ક્ષયોપશમ, આ કોને લાગુ પડે?

પૂજ્ય ભાઈશ્રી :- બેયને લાગુ પડે. ઉપશમ તો, પ્રથમ ઉપશમ તો પ્રથમ સમ્યગ્દર્શન થાય ત્યારે જઘન્ય અંતર્મુહૂર્ત સુધી હોય છે. ઉપશમ કોઈને વધારે ટકતું નથી. તરત ક્ષયોપશમ સમ્યગ્દર્શનમાં આવે છે. ક્ષયોપશમ સમ્યગ્દર્શનનો કાળ સાગરોપમનો પણ હોઈ શકે. જાય છે ને? સ્વર્ગમાં જાય છે. ત્યાં તો સાગરોપમના આયુષ્ય છે. એવા મોટા આયુષ્ય છે ત્યાં સુધી રહે. પછી ક્ષાયિક થાય પછી ફેંસલો તરત છે. પછી સંસાર પરિભ્રમણ લાંબુ રહેતું નથી.

મુમુક્ષુ :- એવું કહેવામાં આવ્યું છે કે છ મહિનાથી વધુ કાળમાં જો અનુભવ ન થાય તો પાછો મિથ્યાદૃષ્ટિ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એવો કોઈ નિયમ શાસ્ત્રની અંદર પ્રસિદ્ધ નથી. સામાન્ય રીતે ચીકાશ ઓછી છે. સમ્યગ્દૃષ્ટિ જીવના પરિણામમાં રાગની ચીકાશ, કષાયની ચીકાશ ઘટી ગઈ છે. અનંતી તો છે નહિ. એટલે એને અનુભવ થાય છે પણ ક્યારે ક્યારે, કોને કેટલો ક્યારે ચોથા ગુણસ્થાનમાં ચાર ગતિમાં અનુભવ થાય, એનું કોઈ પ્રમાણ શાસ્ત્રની અંદર અત્યારે પ્રસિદ્ધપણે ઉપલબ્ધ શાસ્ત્રમાં જોવામાં આવતું નથી.

મુમુક્ષુ :- સવિકલ્પ દશામાં ભલે નિર્વિકલ્પ ન થાય તો એ સમ્યગ્દર્શન ચાલુ રહે?

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિ હોય તો ચાલુ રહે, નહિતર નહિ. પરિણતિ ગઈ તો ગયું. પરિણતિથી ગયો તો ગયો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, છૂટી જાય છે. પરિણતિમાં અનંત ગુણની એ પરિણતિ છે કે જે સ્વરૂપાશ્રિત પરિણામ છે. સ્વરૂપાશ્રિત પરિણામ અંશરૂપ પરિણતિ છે. એટલે એ પરિણતિ એ શુદ્ધ પરિણતિ છે. એ જ્ઞાનધારા છે. એ મોક્ષ પ્રત્યે ગમન કરતા પરિણામની સ્થિતિ છે. એટલે એ પરિણતિ છે એ જ માર્ગ છે, એટલો જ ધર્મ છે ખરેખર તો. ધર્માત્માને ધર્મ ત્યાં જ છે, એટલો જ છે. એ ધર્મ ગયો તો બધું ગયું એનું.

મુમુક્ષુ :- અનુત્તર વિમાનમાં તો ક્ષાયિક સમકિત જ જાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પાંચ અનુત્તર વિમાનમાં ક્ષાયિક સમકિતી જાય છે. સર્વાર્થસિદ્ધ છે ને? એક જ ક્ષેત્રમાં પાંચ વિમાન છે. ચાર ખૂણે ચાર અને એક વચમાં.

**'વળી એક વસ્તુના કર્તા, કર્મ, ક્રિયાથી ભેદ કરવા, એક જીવવસ્તુના બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા એવા ભેદ કરવા, એક દ્રવ્યસમૂહના અસંખ્યાતા કે અનંત પ્રદેશથી ભેદ કરવા,...'** એક દ્રવ્યસમૂહ છે કે આ અસંખ્ય કાળાણુ છે અથવા આકાશ છે એને અનંત પ્રદેશ છે, એવા ભેદ કરવા. એ બધો વ્યવહાર છે. ધર્માસ્તિકાયને અસંખ્ય પ્રદેશ છે. આકાશને અનંત પ્રદેશ છે એ વ્યવહારે. વીસ વારનો એક તાકો છે. તાકો તે તાકો છે, પણ વીસ વાર એમ કહેવું તે વ્યવહાર છે. વીસ કટકા નથી.

જુઓને, વ્યવહાર કરવા માટે આ Currency છે. તો કહે, એક ડોલર એટલે એક ડોલર. હિન્દુસ્તાનના? સવા બાર રૂપિયા. એક ડોલર બરાબર હિન્દુસ્તાનના સવા બાર રૂપિયા એમ કહે છે. તો જે વસ્તુ છે એ વસ્તુ છે, પણ વ્યવહાર કરવા માટે એની Term બદલાઈ જાય છે. એ વ્યવહાર થયો. એક તાકાના વીસ વાર. તો વીસ વાર કહેવું એમ વ્યવહાર છે. એક આકાશ, એને અનંત પ્રદેશ છે એમ કહેવું તે વ્યવહાર છે. એક જીવને અસંખ્ય પ્રદેશ છે એમ કહેવું તે વ્યવહાર છે.

**'એક દ્રવ્યના અનંત ગુણથી ભેદ કરવા,...'** પ્રદેશથી ભેદ કરવા ઉપરાંત અનંત ગુણથી ભેદ કરવા. પ્રત્યેક દ્રવ્યમાં અનંત ગુણ છે એમ કહેવું તે વ્યવહાર છે. **'એક ગુણના અનંત શક્તિથી ભેદ કરવા,...'** ગુણમાં શક્તિ કેટલી? તો કહે, અનંત શક્તિ. તો એ એનો વ્યવહાર થઈ ગયો. **'એક પર્યાયના અનંત પરિણામથી ભેદ કરવા,...'**

આમાં કેટલા અવિભાગ પ્રતિચ્છેદ? કે અનંત અવિભાગ પ્રતિચ્છેદ. એક સમયની એક પર્યાયને અનંત અવિભાગ પ્રતિચ્છેદ છે. તો કહે છે, એ વ્યવહાર છે.

**'એક વસ્તુની અસ્તિરૂપ વિધિથી અને નાસ્તિરૂપ અવિધિથી ભેદ કરવા,...'** તે પણ વ્યવહાર છે. વસ્તુ સ્વરૂપથી અસ્તિ છે અને વસ્તુ પરરૂપથી નાસ્તિ છે, એમ કહેવું તે પણ વ્યવહાર છે. અસ્તિ-નાસ્તિથી તો સ્વરૂપ અસ્તિત્વ સ્થપાય છે. તો કહે છે, એ સ્થાપવું એ વ્યવહાર છે. ઉથાપવું એ વ્યવહાર છે. એ બધો વ્યવહાર છે, વ્યવહાર છે. વ્યવહાર કહીને એને ગૌણ કરાવે છે અને મુખ્ય તે નિશ્ચય, એનો આશ્રય કરાવે છે.

નિશ્ચય તે મુખ્ય નહિ, મુખ્ય તે નિશ્ચય. 'ગુરુદેવે' વળી ઊંડેથી કાઢ્યું. નિશ્ચય અને વ્યવહારના ઘણાં ભંગભેદ છે એમાં નિશ્ચયની મુખ્યતા થાય છે, વ્યવહારની ગૌણતા થાય છે. પણ ક્યાંય એમ ન લેવું કે વ્યવહાર તે ગૌણ અને નિશ્ચય તે મુખ્ય એમ ન લેવું. મુખ્ય તે નિશ્ચય. જેની મુખ્યતા કરવામાં આવે તે તેનો નિશ્ચય છે. દાખલા તરીકે કોઈ વર્તમાન ભાવની મુખ્યતા કરે તો એ એનો નિશ્ચય થઈ જાય છે. એ ખોટે રસ્તે છે. એનો નિશ્ચય ખોટો છે. વ્યવહારના પરિણામ હોવા છતાં, પરિણામ માત્ર વ્યવહાર હોવા છતાં, ભંગભેદ માત્ર વ્યવહાર (હોવા છતાં), ગુણભેદ વ્યવહાર હોવા છતાં પણ જો એની મુખ્યતા કરવામાં આવે તો વ્યવહારનું સ્થાન નિશ્ચયે લઈ લીધું. તો એ જૂઠું થઈ ગયું, ખોટું થઈ ગયું, અવળું થઈ ગયું, વિપરીત થઈ ગયું. માટે મુખ્ય તે નિશ્ચય. એક પોતાનું શુદ્ધ સ્વરૂપ, મૂળ સ્વરૂપ એ જ મુખ્ય કરવા લાયક છે અને એ જ નિશ્ચય છે. બાકી બધું ગૌણ તે વ્યવહાર. બાકી બધું વ્યવહાર કરીને ગૌણ કરવા જેવું છે. આવી ઘણી વાતો સૂત્ર સિદ્ધાંત જેવી 'ગુરુદેવે' આપી છે.

આપણે અહીંયાં થોડા સૂત્ર લખવાના છે. એમાં આવશે, દર્શનશુદ્ધિથી જ આત્મસિદ્ધ. છે ને? કાલે તમને બતાવ્યું હતું. એમાં એક છે, દર્શનશુદ્ધિથી જ આત્મસિદ્ધ. આત્મસિદ્ધિ છે, આત્માની સિદ્ધિ છે ને? પહેલું દર્શનશુદ્ધિથી જ આત્મસિદ્ધિ. આ સૂત્ર 'ગુરુદેવે' આપ્યું. દર્શનશુદ્ધિ વિના આત્મસિદ્ધિની કે આત્મશુદ્ધિની વાત કરે, કોઈ રીતે બની શકે એવું નથી. પહેલી વાત આ છે કે દર્શનશુદ્ધિ થઈ છે? શ્રદ્ધાન શુદ્ધ છે? શુદ્ધ શ્રદ્ધાન હોય તો આત્માની સિદ્ધિ થાય. બાકી બધી વાત ગમે એટલા આદર્શની ને સિદ્ધાંતોની કરવામાં આવે, ગુણની અને અવગુણની કરવામાં આવે કે ગુણની અને દોષની કરવામાં આવે, પણ દર્શનશુદ્ધિ વિના કદી આત્મસિદ્ધિ થતી નથી.

બીજાની તો શું ટીકા કરવી પણ જૈન નામ ધરાવનાર ત્રણે ફીરકા છે, એમાં પણ દર્શનશુદ્ધિનો વિષય ખલાસ (થઈ ગયો છે). આત્મસિદ્ધિ કરવાની વાત સૌ કરે. આત્માની સિદ્ધિ કરવી, આત્માનો મોક્ષ કરવો, એ વાત કરે. એ તો છએ દર્શન કરે છે. જૈનદર્શન અને બીજા અન્ય પાંચ આસ્તિક્ય દર્શન પણ કરે છે. પણ દર્શનશુદ્ધિનું શું? એ વાત ગુપ્ત રહી ગઈ, એ વાત અજાણી રહી ગઈ. એ સૂત્ર સિદ્ધાંત એમણે (આપ્યું કે), દર્શનશુદ્ધિથી જ આત્મસિદ્ધિ છે. એક વાત એ એમણે સ્પષ્ટ કરી છે.

શરૂઆતના વિષયમાં એક સૂત્ર એ આપ્યું, 'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.' જે કોઈ જીવે માર્ગમાં આવવા માટે પહેલું પગલું ભરવું હોય, પ્રથમ, તો એ પહેલું કદમ રાખવવાળાએ, મારે પરિપૂર્ણ શુદ્ધ થવું છે, એ ધ્યેય બાંધે તો જ એનું પગલું સાચું, શરૂઆત સાચી. નહિતર એ જે કાંઈ કરે એ શરૂઆત ખોટી. એક્કે શરૂઆત સાચી નહિ.

**'દ્રવ્યદૃષ્ટિ તે જ સમ્યગ્દૃષ્ટિ છે.'** આ એક સૂત્ર છે. '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**'. એમાંથી આ કાઢ્યું. ત્રિકાળી જે શુદ્ધ સ્વભાવ, પરમાત્મપદ, એની દૃષ્ટિ તેને જ સમ્યગ્દૃષ્ટિ કહેવાય. એ દૃષ્ટિ વિનાની બધી દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે. કોઈ દૃષ્ટિ સાચી નથી. આ સૂત્રો એવા છે કે ત્રણે કાળે અફર. એમાં કાંઈ ફેરફાર થાય નહિ. પછી તો 'ત્રિકાળવર્તી જગત શિરોમણિ તીર્થંકર ભગવંતોને નમસ્કાર!' એ વચન છે.

**'વસ્તુની અસ્તિરૂપ વિધિથી અને નાસ્તિરૂપ અવિધિથી ભેદ કરવા,...'** એ સર્વ ભેદભાવ વ્યવહાર એવું નામ પામે છે. એને વ્યવહાર કહેવામાં આવે છે. એક વસ્તુના નામભેદ કરવા, '**એક વસ્તુનાં દ્રવ્ય, સત્ત્વ, પદાર્થ, ગુણી, પર્યાયી, અનવ્યી, અર્થ, નિત્ય એવા એવા નામભેદ કરવા.**' તે પણ વ્યવહાર છે. એટલે એના કોઈપણ ગુણ કે ધર્મથી એનું નામ પાડવું. દ્રવ્યત્વથી દ્રવ્ય કહેવું, સત્તાથી એને સત્ત્વ કહેવું, પદ અને અર્થ-કોઈપણ એ અર્થપર્યાયનું પદ છે અથવા એનું જે સ્થાન છે, એનો કોઈ ભાવ છે, અર્થ એટલે ભાવ છે તેથી એને પદાર્થ કહીએ. અનેક ગુણ-અનંત ગુણ હોવાથી એને ગુણી કહીએ, પર્યાયે પરિણમતો હોવાથી એને પર્યાયી કહીએ, સદાય ટકતો હોવાથી, ચાલુ.. ચાલુ.. ચાલુ.. ચાલુ રહેતો હોવાથી તેને અન્વયી કહીએ. અર્થ કહીએ. અર્થ એટલે ભાવવાન કહીએ. નિત્ય કહીએ, શાશ્વત કહીએ. '**એવા એવા નામભેદ કરવા.**' તે પણ વ્યવહાર નામ પામે છે. એ કોઈપણ ગુણથી એનું નામ પાડવું એ વ્યવહાર છે. વસ્તુ જેવી છે એવી છે.

## તા. ૧૯-૫-૧૯૮૬, પાના નં. ૨૪, પ્રવચન નં. ૧૮

જિનાગમને વિષે જેને વ્યવહાર એવું નામ પ્રાપ્ત છે, એના કેટલા ભંગભેદ છે, કેટલા પ્રકાર છે એનું અહીંયાં સંક્ષેપમાં વર્ણન છે. ૨૪ પાનેથી ત્રીજી લીટી.

‘**એક જીવના આત્મા, પરમાત્મા, જ્ઞાની, સમ્યક્ત્વી, ચારિત્રી,...**’ અથવા ચારિત્રવાન. સમ્યક્ત્વી એટલે સમ્યક્ત્વવાન. જ્ઞાની એટલે જ્ઞાનવાન. ‘**સુખી, વીર્યવાન, દર્શની,...**’ અથવા દર્શનવાન, ‘**સિદ્ધવત્, ચેતન, ચિદાનંદ, ચિત-દર્શન-જ્ઞાન-ચારિત્ર, કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી,...**’ ફરીને બોલ આવ્યો ‘**સુખી,...**’ સર્વ સુખી, પૂર્ણ સુખી. ‘**મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની એ રીતે નામભેદ કરવા,...**’ તે પણ વ્યવહાર નામ પામે છે. શું અહીંયાં લીધું?

એક જીવના તેના કોઈપણ ગુણની પર્યાયથી નામ આપવું, જ્ઞાનગુણની પર્યાયથી જ્ઞાનવાન એવું નામ આપવું. વીર્યગુણની પર્યાયથી વીર્યવાન એવું નામ આપ્યું. સમ્યક્ત્વથી સમ્યક્ત્વી એવું નામ આપ્યું. એ વગેરે પ્રકારે કોઈપણ ગુણથી એનું નામ આપવું. એ પણ એક જ્ઞાનના પૂર્ણ વિકાસ ઉપરથી નામ આપ્યું સર્વજ્ઞ. સર્વદર્શી એ દર્શનના પૂર્ણ વિકાસથી નામ છે. અપૂર્ણતામાં જીવને મતિજ્ઞાની કહેવો, શ્રુતજ્ઞાની કહેવો, ચારિત્રવાન કહેવો એ રીતે નામભેદ કરવા. અનેક પ્રકારના જીવને નામ આપવા તે વ્યવહાર છે.

ખરેખર તો જીવ પદાર્થ અનામી છે. અનામીને નામ આપવું એ વ્યવહાર છે. ‘શ્રીમદ્જી’એ ક્યાંક પત્રમાં એવું લખ્યું છે, અનામીના નમસ્કાર પ્રાપ્ત થાય. મારું તો કાંઈ નામ નથી. ‘રાજચંદ્ર’, ‘રાયચંદ્ર’ એ પણ મારું કાંઈ ખરેખર નામ નથી. હું તો અનામી છે. મારું ખરેખર કોઈ નામ નથી. જે છું એ છું.

એ રીતે નામભેદ કરવા તે વ્યવહારથી છે. ‘**સમ્યક્ત્વ, આસ્તિક્ય, શ્રદ્ધાન-નિયત-પ્રતીતિ-યત્ (જે), તત્ (તે),...**’ જે તે ‘**અતત્ (આ)...**’ જે, તે, આ ‘**એવા સમ્યક્ત્વના નામભેદ કરવા,...**’ એક સમ્યક્ત્વના પણ અનેક નામ છે. સમ્યક્ત્વ કહે છે, સત્તા ગ્રહણ કરતું હોવાથી એને આસ્તિક્ય કહે છે. શ્રદ્ધતું હોવાથી એને શ્રદ્ધાન કહે છે. અને એને નિયત પણ કોઈ અપેક્ષાએ કહેવામાં આવે છે. એને સ્વરૂપ પ્રતીતિ પણ કહેવામાં આવે છે. નિયત એટલે ધ્રુવ. ‘**એવા સમ્યક્ત્વના નામભેદ કરવા,...**’

'**અને ચારિત્ર, આચરણ, સ્થિર-વિશ્રામ, સમાધિ, સંજમ, સંયમ,...**' એકાર્થ છે. પરમાર્થ સંયમ. '**એકાંતમગ્ન, સ્થગિત અનુભવન, પ્રવર્તવું એવા ચારિત્રના નામભેદ કરવા,...**' પહેલાં સમ્યક્ત્વના નામ લીધા હતા, આ ચારિત્રના નામ લે છે. ચારિત્ર અથવા આચરણ અથવા સ્વરૂપ સ્થિરતા અથવા સ્વરૂપમાં સમાધિ. વૃત્તિ આત્મામાંથી બહાર ન જાય તે પરમાર્થ સંયમ. એક આત્મામાં અંતરમગ્ન તે એકાંતમગ્ન. સ્થગિત અનુભવન-અનુભવની સ્થિરતા. સ્વાનુભવની સ્થિરતા તે સ્થગિત અનુભવ. પ્રવર્તવું-સ્વરૂપમાં પ્રવર્તવું. એવા જે ચારિત્રના નામભેદ કરવા.

'**સુખ, આનંદ, રસ, સ્વાદ, ભોગ, તૃપ્તિ, સંતોષ એવા સુખના નામભેદ કરવા,...**' એ બધા સુખના જુદાં જુદાં નામ લીધા છે.

મુમુક્ષુ :- ચારિત્ર અને આચરણ, બન્ને એકાર્થ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એક જ છે. આચરણ કહો, ચારિત્ર કહો, બધું એક જ છે. ચરણ-આચરણ. ચારિત્ર એટલે ચરણ. ચરણને આગળ એક વ્યુત્સર્ગ લગાડ્યો-આચરણ. સારું ચરણ. આચરણ. એ ચારિત્રનો ભેદ છે. ચારિત્રનું બીજું નામ છે. એ રીતે સુખના નામભેદ કરે છે.

સુખ, આનંદ, રસ આવવો. સ્વાદ આવવો. અનુભવમાં સ્વાદ આવવો, રસાસ્વાદ આવવો. સ્વરૂપનો ભોગવટો થવો. આનંદ આવતાં, શાંતિ આવતાં સ્વરૂપમાં તૃપ્તિ થવી. અથવા સંતુષ્ટપણું થવું. એવા સુખના નામભેદ કરવા. એ એક જ ગુણના અનેક નામ છે. એ જ રીતે '**વીર્યબલ, વીર્યશક્તિ, ઉપાદાન, તેમજ, ઓજ (પ્રતાપ) એવા વીર્યના નામભેદ કરવા,...**' એ વીર્યગુણના અનેક નામ છે.

મુમુક્ષુ :- ઉપાદાનને વીર્યમાં લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉપાદાન એટલે નિજ શક્તિ. ઉપાદાનનો સીધો અર્થ નિજ શક્તિ. નિમિત્ત એટલે પરસંયોગ. 'દૌલતરામજી' નિમિત્ત-ઉપાદાનના જ્યાં દોહા લખ્યા છે, એમાં ઉપાદાનની વ્યાખ્યા એવી કરી, ઉપાદાન નિજ શક્તિ ગહા, પરસંયોગ નિમિત્ત. નિમિત્ત છે એ પરસંયોગ છે. નજીકમાં રહેલો સંયોગીક પદાર્થને નિમિત્ત કહે છે. પણ પદાર્થની પોતાની શક્તિ-નિજ શક્તિને ઉપાદાન કહેવામાં આવે છે. એટલે તો નિમિત્તે દલીલ આપી કે બે પૈડા વગર તો રથ ચાલતો નથી. નિમિત્ત અને ઉપાદાન બે જોશે, જોશે અને જોશે. એક પૈડાથી કાંઈ રથ નહિ ચાલે. તો કહે છે, સૂર્યનો રથ એક પૈડાથી ચાલે છે. રવિનો આ પ્રભાવ છે. કેમકે એનામાં એક પૈડાથી ચાલવાની શક્તિ છે. તે દિ' બધા સરકસ નહિ નીકળ્યા હોય. નહિતર સરકસમાં એક પૈડે ચાલે છે. ચાલે છે કે નહિ? એટલે એ તો શક્તિ છે એની, એ કામ કરે છે. શક્તિથી

કામ થાય છે. નિમિત્ત કાંઈ ઉપાદાનમાં શક્તિ વેરે છે કે શક્તિનું પ્રદાન કરે છે એવું તો કાંઈ નિમિત્ત કાર્ય કરતું નથી.

તે જ રીતે '**વિકાર, વિભાવ, અશુદ્ધ, સમલ, પરભાવ, સંસાર, આસ્રવ, રંજકભાવ, ક્ષણભંગ, ભ્રમ એવા એક અશુદ્ધના નામભેદ કરવા.**' અશુદ્ધભાવના આટલા નામ લીધા છે. વિકાર છે તે અશુદ્ધ ભાવ છે, વિભાવ છે તે પણ અશુદ્ધ ભાવ છે. એને અશુદ્ધતા પણ કહે છે. મલસહિતપણું હોવાથી એને સમલ પણ કહે છે, પરપદાર્થને આશ્રિત જડ કર્મના ઉદયને અવલંબીને જડ સદશ પ્રકૃતિ ભાવ હોવાથી એને પરભાવ કહે છે. પરપ્રકૃતિ અનુસાર ભાવ હોવાથી એને પરભાવ કહે છે. સ્વરપમાંથી સરી જવાનું થતું હોવાથી તેને સંસરણ અથવા સંસાર કહે છે. સંસારનો અર્થ એ છે.

'ગુરુદેવશ્રી' સંસારની વ્યાખ્યા કરતા કે સંસાર કોને કહેવો? જગતમાં બૈરા, છોકરા, દુકાન, ધંધો, વેપારને સંસાર કહે છે. અને એ છોડીને દીક્ષા લે એને સંસારનો ત્યાગ કર્યો એમ કહે છે. પણ એ બાયડી, છોકરા સંસાર નથી, એમ કહેતા. સંસાર, તારો સંસાર બાયડી, છોકરામાં નથી, એમ કહે. તારો સંસાર તારી અવસ્થામાં છે. તારી અવસ્થામાં સ્વરૂપથી સરી જવાનું થાય છે, સ્વરૂપથી ચ્યુત થવાનું થાય છે તે સંસરણ. સંસરણ ઇતિ સંસાર. એ અવસ્થામાં હોય છે.

અહીંયાં એને વિકારભાવના એક નામમાં લીધું છે. સંસારપણું એક એનું નામ છે. એ અશુદ્ધભાવનું નામ છે. સ્વરૂપથી ચ્યુત થાય એટલે નિયમથી અશુદ્ધતા ઉત્પન્ન થાય એટલે એને સંસાર કહે છે. એને શાસ્ત્રભાષાએ આસ્રવ કહે છે, આગમભાષામાં એને આસ્રવ કહે છે. અશુદ્ધતાનું આવવું. અશુદ્ધતાનું ઊપજવું, આવિર્ભાવ થવો તે આસ્રવ. રંજકભાવ-રંગાયેલો ભાવ. રાગથી રંજિત, અશુદ્ધતાથી રંજિત તે રંજકભાવ. ક્ષણભંગ-બહુ ક્ષણવર્તી એ પરિણામ હોવાથી, અનિત્ય પરિણામ હોવાથી એને ક્ષણભંગ કહેવામાં આવે છે. ભ્રમથી જીવ એમાં નિત્યતાની કલ્પના કરે છે, એ ક્ષણભંગ છે. એ ક્ષણભંગ છે એને પણ અશુદ્ધ ભાવમાં લઈ લીધું છે. અને ભ્રમ. જ્ઞાનમાં વિભ્રમ થાય છે. પોતાના સ્વરૂપને ભૂલે છે અને અનેક પ્રકારના વિભાવભાવ સ્વરૂપે પોતાને સ્વીકારે છે, પોતાને જાણે છે, અનુભવે છે એનું નામ ભ્રમ છે.

બહારમાં ભ્રમ થાય છે ને? ભૂતના વળગાડનો ભ્રમ થાય છે અથવા વિચારશક્તિ અત્યંત નિર્બળ થતાં અનેક પ્રકારની કલ્પના થાય છે. એ પણ બહારમાં લોકો સમજી શકે એવો ભ્રમ છે. વળગાડની કલ્પના થાય, એવી રીતે વિચારશક્તિ ઘણી અશક્ત થઈ જતા, નિર્બળ થઈ જતા કલ્પના થાય તે ભ્રમ છે. એમાંથી ને એમાંથી કલ્પનાથી કોઈ પાગલપણું, ગાંડપણ ઉત્પન્ન થાય એ પણ સંસારની લૌકિકની અંદર ભ્રમના

પ્રસિદ્ધ દૃષ્ટાંત છે. ભ્રમને સમજવા માટેના એ પ્રસિદ્ધ દૃષ્ટાંત છે. એ બધા લૌકિક ભ્રમ છે. અલૌકિક ભ્રમ તો એ છે કે પોતાનું જે મૂળ સ્વરૂપ, એવું નહિ અનુભવતાં પોતાને કોઈપણ સંસારી સ્થિતિએ અનુભવવો, કર્મજનિત પર્યાયે પોતાનો અનુભવ કરવો એ જીવનો ભ્રમ છે. હું મનુષ્ય છું, એ એનો ભ્રમ છે. હું પુરુષ છું, હું સ્ત્રી છું એ પણ જીવનો ભ્રમ છે. હું રાજા છું, હું રંક છું, ગરીબ છું કે તવંગર છું એ પણ એનો ભ્રમ છે. હું પંડિત છું કે મૂર્ખ છું એ એનો ભ્રમ છે. હું ત્યાગી છું કે હું ગ્રહસ્થી છું એ એનો ભ્રમ છે. હું મુનિ છું, ત્યાગી છું એ ભ્રમ છે. અને હું ગૃહસ્થી છું એ પણ એનો ભ્રમ છે. આ બધા ભ્રમ છે. એ બધી કર્મજનિત અવસ્થા છે. ઉદય જનિત અવસ્થામાં જીવને અનેક પ્રકારે પોતાના મૂળ સ્વરૂપનો અનુભવ રહેતો નથી અને આ પ્રકારે જીવનું મૂળ સ્વરૂપ નહિ હોવાથી એવો એને સ્થાયી ભાવે અનુભવ કરે છે. અભિપ્રાયમાં એને ક્ષણભંગ ભાવ સ્થાયીભાવ થઈ જાય છે. એ જીવનો ભ્રમ છે. એને અહીંયાં અશુદ્ધ ભાવમાં લીધો છે.

મુમુક્ષુ :- તાંત્રિક વિદ્યાની અસર જીવ ઉપર થાય, વશીકરણની અસર થાય, એ ભ્રમમાં જાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- પહેલાં તો એક વાત છે કે કોઈ કોઈને અસર ઊપજાવી શકતું નથી. આ સિદ્ધાંત (છે). બે પદાર્થની, બે જીવ વચ્ચેની સર્વથા ભિન્નતા હોવાને લીધે, ભિન્ન સત્તા હોવાને લીધે કોઈની સત્તામાં કોઈનો પ્રવેશ થઈ શકતો નથી. એકની સત્તામાં બીજાની સત્તા આવવાનો કોઈ અવકાશ નથી. જીવને ભ્રમ થાય છે કે આણે મારા ઉપર કાંઈક પ્રયોગ કર્યો છે. એવો જીવને ભ્રમ થાય છે. કોઈ કરી શકતું નથી, કોઈ કરી શકતું નથી. જગતમાં ચાલે જ છે ને. જો તમે ફલાણાં દેવને નહિ માનો તો તમને આ રીતે પ્રતિકૂળતાઓ ઉત્પન્ન થશે. માટે એને ફલાણો માનો. મોવડી જઈને સુખડી ચડાવી દો. એ શું છે? જીવની ભ્રમણા છે, બીજું કાંઈ નથી. કાંઈ આપણે સુખડી ચડાવતા નથી. કાંઈ તકલીફ નથી. જે નથી ચડાવતા એને તકલીફ છે? દુનિયાની અંદર Foriegn માં રહેનારા કોઈ મોવડી આવતા નથી અને અહીંના રહેનારા કાંઈ બધા મોવડી જતા નથી. જેટલા નથી જતા એ બધા દુઃખી છે? અને જાય છે એ બધા સુખી છે એવું કાંઈ છે? પણ આવું સાદુ ગણિત પણ મૂર્ખતાની અંદર સમજાતું નથી. એ ભ્રમણામાં સમજાતું નથી. બહુ સાદુ ગણિત છે આ તો. તદ્દન સાદુ ગણિત છે. કેટલા જાય છે? અને કેટલા નથી જતા? જાય છે એ કેટલા સુખી? અને નથી જતા એ કેટલા દુઃખી? આ તો ઉઘાડી વાત છે, દેખત વાત છે. પણ જીવને ઊંધી શ્રદ્ધા હોય છે. એની પણ પક્કડ એટલી જોરદાર હોય છે. કેમકે એ

ગુણ પૂરો પરિણમે છે, ઊંધો કે સવળો. એ છોડી શકતા નથી.

મુમુક્ષુ :- પૂર્વનો ઉદય નબળો હોય ત્યારે પછી કાંઈક તકલીફ પડે ત્યારે કહે, આ નથી માનતા ને એટલે પછી આ પરિસ્થિતિ ઊભી થઈ. એમ જરા બોલે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એ તો પૂર્વકર્મ છે ને? પછી શું કરવા વચમાં લાકડું નાખવું જોઈએ? પહેલા તો પૂર્વકર્મ કોનું કરેલું છે? (પોતાનું). પૂજ્ય બહેનશ્રી લખે છે, જે પ્રતિકૂળતા વગેરેનો ઉદય આવે ત્યારે તારે વિચાર કરવો કે મારા કરેલા ભાવનું આ ચિતરામણ છે. કેવો શબ્દ વાપર્યો છે! પૂર્વે મારા કરેલા ભાવોનું આ ચિતરામણ છે. જેમ અહીંયાં Camera માં ચાંપ દાબે છે અને સામે માણસ ઊભો હોય એવી આકૃતિનો Photo આવે છે. Exact તલ હોય ત્યાં તલ આવે, રેખા હોય ત્યાં રેખા આવે. બધું આવે છે ને એ પ્રમાણે? નાક, કાન બરાબર. આ માણસ કાંઈ કરે છે એમાં? એને તો ખબરે નથી હોતી કે મારો કોઈએ Photo ખેંચ્યો છે. કાંઈ અસર આવે છે એની? છતાં પરમાણુનો એવો સ્વભાવ છે કે બિલકૂલ જેવી આકૃતિ છે, જેવો ચહેરોમહોરો છે, બિલકૂલ એવું ત્યાં ચિતરામણ થઈ જાય છે.

એમ જીવ જેવા પરિણામ કરે છે એવું ચિતરામણ કર્મમાં થઈ જાય છે. એ ઉદય આવે છે એ ચિતરામણ એના પૂર્વે કરેલા ભાવનું પ્રદર્શન કરે છે. એમાં બીજું કાંઈ શું કરવા નાખવું જોઈએ? પોતે ને પોતે એનો પૂર્વનો કર્તા છે. પછી એમાં ફલાણો દેવ આમ કરી દે ને ઢીકણું આમ કરી દે, એ વાત તો વચમાં ખોટેખોટી જ નાખે છે. અને જો એ કરી દેતો હોય તો એને માનનારા જગતની અંદર ટોચના સુખી બધા ઈ જ હોય, બીજા બધા એની હેઠ હોય. એવું પણ જોવામાં આવતું નથી. આ તો સાદુ ગણિત છે. જીવને ભ્રમણા થાય છે.

તાંત્રિક ને વશીકરણ ને મંત્ર, તંત્ર, ... એવું કાંઈ થઈ શકતું નથી. પણ જે જીવ નબળો હોય, મનનો નબળો હોય, વિચારનો નબળો હોય એને એવી કલ્પના ઉત્પન્ન થાય છે. એ એની વિચારશક્તિની નબળાઈને પ્રસિદ્ધ કરે છે.

આ તત્ત્વજ્ઞાન તો એવો વિષય છે, આ તત્ત્વનું જ્ઞાન, એનો અભ્યાસ એવો વિષય છે કે એનું મનોબળ નબળું તો ન રહે, પણ મજબૂત ઘણું થઈ જાય. ઘણું મજબૂત થઈ જાય. એ પ્રતિકૂળતા આવે ત્યારે જ્યોતિષ પાસે જોવડાવવા ન જાય કે હવે ક્યાં સુધી આ બધું ચાલવાનું છે કે ક્યારે પૂરું થવાનું છે? કહોને, ભાઈસા'બ. હેરાન થઈ ગયા ને થાકી ગયા હવે. એ જ્યોતિષ પાસે જાય નહિ. એ મનની નબળાઈ બતાવે છે. ગમે તે પ્રકાર હોય, મારા કરેલા પરિણામ છે, મેં પૂર્વે દેણું કર્યું છે. હવે લેણદાર લેવા આવ્યો છે. તો તારામાં દાનતની શુદ્ધતા હોય, શુદ્ધ દાનતવાળો

તું હોય તો તારું દેણું તું દઈ દે બરાબર. એમાં તને વાંધો શું છે? દેણું દેવું એટલી પણ શુદ્ધતા નથી તારામાં? લઈને ન દેવું, આ તે કેવી અપ્રમાણિકતા છે! એ તો અપ્રમાણિકતા છે. પ્રમાણિકપણે દઈ દેવું જોઈએ. પ્રમાણિક માણસો તો સામે ચાલીને દઈ દે. ભાઈ! તમે લેવા નથી આવ્યા, પણ અમારી પાસે ઘણી શક્તિ છે, તમારી તમે લઈ જાઓ. વ્યાજ સીખે લઈ જાઓ, અમારે તમારું કાંઈ રાખવું નથી. હિસાબકિતાબ સાફ કરીને મોક્ષમાં જાય છે. સાધક આત્માઓ આગળપાછળના કર્મનો હિસાબકિતાબ સાફ કરીને, બધા કર્મના ખાતા સરભર કરીને, સરભર કરે-સરખું કરવું, Nil કરીને પછી મોક્ષમાં જાય છે. અહીં પાછળ કાંઈ હિસાબકિતાબ રહેવા દેતા નથી.

મૂળ તો શું છે કે જીવને સંયોગમાંથી સુખની અપેક્ષાબુદ્ધિ છે એ જ એની મોટી પરેશાની છે અથવા હેરાનગતિ છે. જ્ઞાનીને આખી પરિસ્થિતિ જુદી છે. એની તો પરિણતિ ચૈતન્યરસથી ભીંજાયેલી છે. અને જે અભેદ પોતાના સ્વરૂપમાં અભેદભાવે નિવાસ કરે છે. એને સહેજે સહેજે પૂર્વકર્મનો, જે કાંઈ પૂર્વકર્મ કૃત સંયોગ-વિયોગ આદિનો પ્રકાર સંયોગમાં ઉત્પન્ન થાય છે, તે ઉદાસીન ભાવે-ઉપેક્ષા ભાવે એનું જ્ઞાન કરે છે. અપેક્ષા ભાવે કાંઈ જ્ઞાન કરતા નથી, ઉપેક્ષા ભાવે એનું જ્ઞાન કરે છે. એને તો કોઈ તકલીફ નથી. પ્રતિકૂળતા આવે એની કોઈ તકલીફ નથી. ઊલટાનું એ અશાતાના ઉદયમાં પોતાના પુરુષાર્થની ઉગ્ર ગતિ થતી જોઈને એમણે એ પ્રતિકૂળતાને પ્રતિકૂળતા નથી સમજી પણ એક ન્યાયે અનુકૂળતા સમજી લીધી છે. આવો ગણિતનો દાખલો જુદી જાતનો ઊભો થાય છે. એટલે સામાન્ય રીતે ભ્રમણામાં પડેલા જીવો પ્રતિકૂળતા આવ્યા પહેલાં પ્રતિકૂળતાની કલ્પનાથી દુઃખી થાય છે અને પ્રતિકૂળતા આવે ત્યારે પણ દુઃખી થાય છે. એ પ્રકાર ધર્માત્માને રહેતો કે હોતો નથી.

એટલે સુખસ્વરૂપી એવા આત્માને દુઃખ તો વિભ્રમથી અને અજ્ઞાનથી કલ્પનામાત્રથી જ છે. પોતે પરિપૂર્ણ સુખસ્વભાવી હોવાથી એકાંતે સુખનો જ અનુભવ કરવાને યોગ્ય છે. પોતે લાયક તો સુખને અનુભવ કરવાને લાયક છે, દુઃખનો અનુભવ કરવાને લાયક નથી. જેમ કોઈ એમ કહે કે, આ ખડ બહુ સારું છે. અમારી ગાયને, વાછરડાને એટલું બધું ભાવે છે, થોડુંક તમે ચાવોને. કેવું મજાનું કુમળું થયું છે અમારા બગીચામાં, અમારા ખેતરમાં. ભાઈ! એ તિર્યંચનો ખોરાક છે, એ માણસનો ખોરાક નથી. એ ઢોરનો ખોરાક છે. એમ દુઃખ છે એ અજ્ઞાનીઓનો ખોરાક નથી, જ્ઞાનીઓનો એ ખોરાક નથી. અજ્ઞાનીઓ એને ભોગવે છે અને અજ્ઞાનીઓ એને ખાય છે, એનો આહાર કરે છે. જ્ઞાની તો જ્ઞાનનો આહાર કરે છે અને જ્ઞાની આનંદ ને સુખનો આહાર કરે છે. એ આત્મા છે. આત્માને તો આત્માના સ્વભાવનો ભોગવટો હોય.

એને સુખનો અને આનંદનો આહાર હોય. એને દુઃખનો આહાર હોઈ શકે નહિ.

'**રંજકભાવ, ક્ષણભંગ અને ભ્રમ...**' આ ભ્રમમાંથી ચર્ચા ચાલી. જીવને ભ્રમ થાય છે ને. અનેક પ્રકારે ભ્રમ થાય છે. '**એવા એક અશુદ્ધના નામભેદ કરવા.**' ભ્રમ થવાનું કારણ 'શ્રીમદ્જી'એ એક પત્રની અંદર લખ્યું છે કે ભ્રમ થવાનું કારણ એક તો અનાદિની ઓઘસંજ્ઞા. જીવ પોતાના પ્રયોજનનો વિચાર ન કરે, વિચારશક્તિ, સંજ્ઞી પ્રાણી થતાં વિચારશક્તિ વિદ્યમાન હોવા છતાં, પ્રગટ થઈ હોવા છતાં જીવ પોતાના પ્રયોજનના વિષયમાં ઊંડો ઊતરીને એના પ્રયોજનનો વિચાર ન કરે અને ઓઘે ઓઘે પ્રવર્તે તો એને ભ્રમ થાય છે. ભ્રમ થવાનું એક કારણ છે.

બીજું ભ્રમ થવાનું કારણ લોકદૃષ્ટિ છે. બીજાની નજરમાં સારો દેખાઉં, બીજાની નજરમાં મારું અમુક સ્થાન હો, બીજાની નજરમાં મારું અમુક Status હો, (એમ) બીજાને મુખ્ય કરે. પોતાને મુખ્ય કરવાને બદલે બીજાને મુખ્ય કરે. લોકોને શું લાગશે? લોકો શું કહેશે? એવી જે લોકસંજ્ઞા અથવા લોકદૃષ્ટિ, એ પણ જીવને ભ્રમ ઊપજવાનું મૂળ કારણ છે.

ત્રીજું ભ્રમ ઊપજવાનું કારણ એ છે કે અવગુણીનો સંગ કરે. કોઈપણ અપેક્ષાબુદ્ધિથી જીવ અવગુણીનો સંગ કરે. કેમકે ખરેખર તો જીવને ગુણીનો સંગ કરવો તે યોગ્ય છે. અવગુણીનો સંગ કરવો તે યોગ્ય નથી. એનું કારણ એ છે કે જેને જેની રુચિ તેનો તે સંગ કરવા ચાહે છે. આ એક સ્વભાવિક વાત છે. તો ગુણની જેને રુચિ છે એ ગુણીનો સંગ કરવા ચાહે છે અને જેને દોષની રુચિ છે, અવગુણની રુચિ છે તે અવગુણીનો સંગ કરવા ચાહે છે. તો એ પણ ભ્રમનું કારણ થાય છે. આ ત્રણ કારણ એક પત્રની અંદર 'શ્રીમદ્જી'એ ભ્રમ ઊપજવાના કારણ લખ્યા છે. બહુ ઊંડેથી વાત કાઢી છે.

જીવને ભ્રમ થાય શું કરવા? પોતાનું જેવું શુદ્ધ સ્વરૂપ છે એવું શુદ્ધ સ્વરૂપ પોતાના જ્ઞાનમાં પ્રતિભાસે નહિ એવું જ અવભાસન થવાને બદલે અન્યથા કલ્પના થાય કે હું આવો રાગી, હું દ્વેષી, હું સંસારી, હું ફલાણો, હું ફલાણો. એનું કારણ? એના આ ત્રણ કારણો છે. લોકદૃષ્ટિ-લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા અને અસત્સંગ. એમણે એનું નામ આપ્યું છે-અસત્સંગ. પોતાની ભાષા વાપરી છે. આ ત્રણ કારણને લીધે જીવને વિભ્રમ થાય છે, ભ્રમણા અથવા કલ્પના થાય છે. સ્વરૂપને વિષે કલ્પના થાય છે. પોતાનું સ્વરૂપ ભાસ્યમાન થતું નથી. પત્રનો નંબર તો હું ભૂલી ગયો છું. મળી જાય તો મળી જાય.

૪૪૯ બહુ મોટો પત્ર છે. '**વૈરાગ્યાદિ સાધનસંપન્ન ભાઈ કૃષ્ણદાસ, શ્રી ખંભાત.**'

જેને આ પત્ર લખ્યો છે એ 'કૃષ્ણદાસ' નામના એક મુમુક્ષુ છે. અને આ મુમુક્ષુ પણ બહુ જિજ્ઞાસુ ભાવે, બહુ અત્યંત સારી જિજ્ઞાસાની સ્થિતિમાં 'શ્રીમદ્જી'ના સંયોગમાં આવ્યા છે. 'શ્રીમદ્જી'નો યોગ થયો છે એ કાળમાં આ ભાઈની જિજ્ઞાસા, વૈરાગ્ય એ બહુ સારું (હતું). એટલે અત્યેત જિજ્ઞાસા હોય, તીવ્ર જિજ્ઞાસા હોય એની સાથે વૈરાગ્ય છે એ સામાન્ય છે. ...

**'આત્માને ભિન્ન ભિન્ન પ્રકારની કલ્પના વડે વિચારવામાં...'** અથવા આત્માને ભ્રમણાથી વિચારવામાં. ભ્રમ સહિત. આત્માને વિષે ભ્રમણા થવામાં '**લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા અને અસત્સંગ એ કારણો છે.**' આ કાઢ્યું છે. '**જે કારણોમાં ઉદાસીન થયા વિના, નિઃસત્ત્વ એવી લોકસંબંધી જપતપાદિ ક્રિયામાં સાક્ષાત્ મોક્ષ નથી,...**' આ જે લોકો કર છે, જગતમાં જપ, તપ કરે છે. આટલા ઉપવાસ કરી નાખો, આટલા જાપ જપી નાખો, આટલા નમસ્કાર મંત્ર કરો, ફલાણું કરો, ઢીકણું કરો. એ નિઃસત્ત્વ છે. એમાં કોઈ સત્ત્વ નથી, કસ વગરની એ બધી વાત છે, ફોતરા ખાંડવાની વાત છે.

'**નિઃસત્ત્વ એવી લોકસંબંધી જપતપાદિ ક્રિયામાં સાક્ષાત્ મોક્ષ નથી, પરંપરા મોક્ષ નથી, એમ માન્યા વિના, નિઃસત્ત્વ એવા અસત્શાસ્ત્ર અને અસદ્ગુરુ...**' આ અસદ્ગુરુ, જે સંપ્રદાયની અંદર જે ગુરુના સ્થાને બેસી ગયા છે પણ જેનામાં આત્મજ્ઞાન નથી તે બધા અસદ્ગુરુ (છે) અને એની લખેલી બધી ચોપડીઓ તે બધા અસત્શાસ્ત્રો (છે). કેવા છે? નિઃસત્ત્વ છે. એમાં પણ કાંઈ માલ નથી. સત્ત્વ એટલે માલ. માલ વગરની જપ-તપની ક્રિયા અને માલ વગરની ચોપડીઓ અને માલ વગરના બની બેઠેલા ગુરુઓ-અસદ્ગુરુઓ. '**જે આત્મસ્વરૂપને આવરણનાં મુખ્ય કારણો છે,...**' આ જપ, તપ કરતાં પણ જીવને આવરણ છે, આ ચોપડીઓ વાંચતા પણ જીવને આવરણ છે અને આ અસદ્ગુરુને અનુસરતા પણ જીવને આવરણ છે. આ આવરણનાં મુખ્ય કારણો છે.

'**તેને સાક્ષાત્ આત્મઘાતી જાણ્યા વિના...**' આ બધું લખ્યું છે એટલે પછી સાધુઓ બધા 'શ્રીમદ્જી' પ્રત્યે ઉશ્કેરાણા છે, સંપ્રદાયના સાધુઓ. 'તેને સાક્ષાત્ આત્મઘાતી જાણ્યા વિના જીવને જીવના સ્વરૂપનો નિશ્ચય થવો બહુ દુર્લભ છે, અત્યંત દુર્લભ છે.' જીવને જીવના સ્વરૂપનો નિશ્ચય થવો તે નિર્ભ્રાંત દશા છે અને જીવને જીવના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય નહિ થતાં ભિન્ન ભિન્ન કલ્પના થવી, ઓઘસંજ્ઞા, લોકસંજ્ઞા અને અસત્સંગને કારણે, તે ભ્રમ છે. એ જીવને વિભ્રમ છે. વિભ્રમ છે એ અનંત જન્મ-મરણનું કારણ છે, ભવભ્રમણનું કારણ છે. એ મિથ્યાત્વ છે. 'બહુ દુર્લભ છે,

અત્યંત દુર્લભ છે.'

'**જ્ઞાનીપુરુષના પ્રગટ આત્મસ્વરૂપને કહેતાં એવાં વચનો પણ તે કારણોને લીધે જીવને સ્વરૂપનો વિચાર કરવાને બળવાન થતાં નથી.**' શું કહે છે? આ પરિસ્થિતિમાં અસત્સંગને સેવતા અથવા લોકસંજ્ઞાએ પ્રવર્તતા અથવા ઓઘસંજ્ઞાએ પ્રવર્તતા જ્ઞાનીપુરુષના પ્રગટ આત્મસ્વરૂપને કહેતા એવા જે વચનો છે, એ વચનોમાં પણ જીવનું વિચારબળ કાર્યકારી થતું નથી. વિચારથી પણ જીવ એવો નિર્બળ થઈ ગયો હોય છે કે એનું બળ એમાં કાર્યકારી થતું નથી. અથવા જ્ઞાનીપુરુષના પ્રગટ આત્મસ્વરૂપને કહેતાં એવા, બતાવતા એવા સ્વરૂપનું ઉદ્‌ઘાટન કરતાં રહસ્યમય વચનો-વચનામૃતો, એ ઉપર જીવની ગંભીર વિચારણા ચાલવી જોઈએ તે એને ચાલી શકતી નથી. ઊંડી વિચારણા ચાલવી જોઈએ એ વિચારણા ચાલી શકતી નથી. આ પરિસ્થિતિ ઊભી થાય છે.

'**હવે એવો નિશ્ચય કરવો ઘટે છે...**' કેવી વાત નાખી છે! '**જેને આત્મસ્વરૂપ પ્રાપ્ત છે,...**' અથવા જેને આત્મસ્વરૂપ '**પ્રગટ છે, તે પુરુષ વિના બીજો કોઈ તે આત્મસ્વરૂપ યથાર્થ કહેવ યોગ્ય નથી,...**' યથાર્થ દર્શાવવાને યોગ્ય નથી. '**અને તે પુરુષથી આત્મા જાણ્યા વિના બીજો કોઈ કલ્યાણનો ઉપાય નથી. તે પુરુષથી આત્મા જાણ્યા વિના આત્મા જાણ્યો છે, એવી કલ્પના મુમુક્ષુ જીવે સર્વથા ત્યાગ કરવી ઘટે છે.**' આ બહુ સ્પષ્ટ વાત કરી છે.

'**તે આત્મારૂપ પુરુષના સત્સંગની નિરંતર કામના રાખી...**' જુઓ! આત્મસ્વરૂપ પ્રાપ્ત છે એમ નહિ, આત્મારૂપ સત્પુરુષ છે એ, આત્મારૂપ પુરુષ છે, એ પુરુષ જ આત્મારૂપ છે. એના '**સત્સંગની નિરંતર કામના રાખી ઉદાસીનપણે લોકધર્મસંબંધી અને કર્મસંબંધી પરિણામ...**' ઉદાસીનપણે લોકધર્મસંબંધી-લૌકિક વ્યવહારને લોકધર્મ કહે છે. જેની સાથે જે યથાયોગ્ય વ્યવહાર હોય, જે ઘટતો વ્યવહાર હોય એ (લોકધર્મ સંબંધી). અને કર્મનો ઉદય હોય તો એ કર્મસંબંધી. તે '**પરિણામે છૂટી શકાય એવી રીતે વ્યવહાર કરવો;...**' ઘુંચવાય જાય એવી રીતે વ્યવહાર ન કરવો, પણ છૂટી શકાય એવી રીતે વ્યવહાર કરવો. '**જે વ્યવહાર કાર્યમાં જીવને પોતાની મહત્તાદિની ઈચ્છા હોય તે વ્યવહાર કરવો યથાયોગ્ય નથી.**' અને એવો વ્યવહાર કરતાં પોતાની મહત્તા સ્થાપવી, પોતાની મહત્તા રાખવી, પોતાની મહત્તા દર્શાવવી, પોતાની મહત્તા ટકી રહે એવું કાંઈ પણ વલણ અપનાવવું તે જરા પણ યોગ્ય નથી. પછી તો પોતાના સમાગમનો અત્યારે સમય નથી એમ કરીને (લખ્યું છે). માંગણી કરી હશે. (એટલે લખ્યું છે), અત્યારે તો કાંઈ થાય એમ નથી. પણ એ થવું હશે ત્યારે થશે. એમ

કરીને એ વાતનું સમાધાન રાખવું.

મુમુક્ષુ :- ઓઘસંજ્ઞા એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- ઓઘસંજ્ઞા એટલે આ સંપ્રદાયમાં વિચાર્યા વિના ઓઘે ઓઘે પ્રવર્તે છે કે આ અમારો ધર્મ. જે કુળમાં, મનુષ્યપ્રાણી જે કુળમાં જન્મે છે તે કુળમાં અવશ્ય અવશ્ય કોઈને કોઈ સંપ્રદાયરૂપી ધર્મ એમાં ચાલુ હોય છે. એમાં વગર વિચાર્યે, પછી જૈન હોય કે અજૈન હોય, ઓઘેઓઘે પ્રવર્તવું તે ઓઘસંજ્ઞા છે. અમે તો જૈન છીએ. અમારા આ દેવ-ગુરુ-શાસ્ત્ર છે. અમારી આ ક્રિયાઓ છે. અમારામાં આમ કીધું છે માટે અમે આ બધું કરીએ. એ બધું ઓઘસંજ્ઞા છે. ઓઘેઓઘે ચાલવું, વિગર વિચારે ચાલવું.

બજારમાં બાર આનાની તાવડી લેવા જાય તો ટકોરો માર્યા વિના લે નહિ. વેચનાર કુંભાર એમ કહે કે જુઓ! આ ક્યાંય તૂટેલી નથી, ક્યાંય તડ પડેલી નથી. સાજીસારી છે. તો કહે, દેખાય તો છે સાજીસારી, પણ એવી ઝીણી તડ હોય કે આંખથી દેખાય એવી ન હોય, એની પરીક્ષા શું? તો જુઓ, આ ટકોરો મારીએ એ. આંખનો અને કાનનો વિષય મેળવીને નક્કી કરે પછી બાર આના આપે. એટલું પ્રયોજન પણ જો ઓઘસંજ્ઞાએ ધર્મમાં પ્રવર્તે છે, ઓઘસંજ્ઞાએ ધર્મબુદ્ધિ રાખે છે, તે તાવડી જેટલી પણ ધર્મની કિંમત આપતા નથી. ધર્મને નિર્મૂલ્ય ગણીને ચાલે છે.

એ ભ્રમ એ પણ અશુદ્ધનો નામભેદ છે. એ અશુદ્ધ પરિણામનો નામભેદ છે. અથવા ભ્રમ છે એ જ્ઞાનની ઘણી અશુદ્ધતા છે. થોડી નહિ પણ એ ઘણી અશુદ્ધતા છે. '**એ પ્રમાણે અન્ય કોઈ એકમાં એવા નામમાત્રથી ભેદ કરવા...**' કોઈપણ એક પદાર્થમાં એના ગુણધર્મ અનુસાર કોઈપણ નામભેદ કરવો તે સર્વ ભેદભાવ વ્યવહાર એવું નામ પામે છે. એને વ્યવહાર કહેવામાં આવે છે.

'**એક જ્ઞાનના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવલ પર્યાયથી ભેદ કરવા,...**' એક જ્ઞાનના. જ્ઞાન તો જ્ઞાન છે. એને મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી મતિજ્ઞાન કહેવું, શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમથી એને શ્રુતજ્ઞાન કહેવું અને જ્ઞાનાવરણીના ક્ષયથી એને કેવળપર્યાય-કેવળજ્ઞાન એવું નામ આપવું, એ પણ ક્ષયથી આપવાની વાત છે, એવા નામભેદ કરવા એ પણ વ્યવહાર નામ પામે છે. વ્યવહારે એ નામ પામે છે. એમ કહીને એ કહ્યું કે તું જ્ઞાનને મતિના, શ્રુતના, અવધિના, મનઃપર્યયના ભેદથી ન જો. તે તે પ્રકારના જ્ઞાનવિશેષોથી જ્ઞાનને નહિ જોતાં માત્ર જ્ઞાનસામાન્ય દ્વારા જ્ઞાનને જો અથવા જ્ઞાનસામાન્ય સ્વરૂપે જ્ઞાનના સ્વરૂપને તું જો. મતિ, શ્રુત અને અવિધ, મનઃપર્યય, કેવળના ભેદથી એને તું ન જો. પણ ભેદ તો છે ને? આવા પાંચ પ્રકારના ભેદ

તો જ્ઞાનના જોવામાં આવે છે. ભેદ છે એનું શું?

કહે છે, એ ભેદ છે એ અભેદ જ્ઞાનપદને અભિનંદે છે. એવી એક ગાથા છે. પાંચે પ્રકારના જ્ઞાનના ભેદો જ્ઞાનસામાન્યને-સામાન્યજ્ઞાનનું અભિનંદન કરે છે. એટલે અનુમોદન કરે છે અથવા દર્શાવે છે અથવા એ પાંચ ભેદ ઉપરથી ભેદનો બોધ લેવાને બદલે જ્ઞાનનો તું અભેદ જ્ઞાનનો બોધ અંગીકાર કર, એમ કહેવું છે. અને એ નિયમ બીજા ભેદ-પ્રભેદોમાં પણ લાગુ પડે છે.

જેમ કે આત્મામાં અનેક ગુણની ઋદ્ધિ છે. જ્ઞાન, આનંદ, ચારિત્ર, સુખ, શાંતિ જેવા અનંત અનંત ગુણથી સમૃદ્ધ એવો આત્મપદાર્થ છે. તો ગુણભેદને અવલંબતા એ આત્માના ગુણસંબંધીનો રાગ ઊપજે છે. ગુણભેદને અવલંબતા, ભેદને અવલંબતા, હવે ગુણને એક બાજુ રાખીએ, ભેદને અવલંબતા જીવને રાગ અથવા વિકલ્પ ઉત્પન્ન થાય છે અને એ જ ભેદ ઉપરથી, એવા ગુણથી સમૃદ્ધ એવા આત્માની મહિમાવંતપણાનો મહિમા જ્ઞાનમાં આવતા અનંત ગુણથી અભેદ આત્માનો બોધ થાય છે. તો જે ભેદ છે એ ભેદને અવલંબવાનું નિમિત્ત થાય છે, તે જ ભેદ અભેદને અવલંબવાનું પણ નિમિત્ત થાય છે. જીવે એનું કઈ પદ્ધતિથી જ્ઞાન કરવું, એટલું જ આમાં સમજવાનું છે અને શીખવાનું છે. ચીજ તેની તે છે.

ફરીથી, આત્મામાં અનંત ગુણો છે અને એ આત્માની ઋદ્ધિ છે. અનંત ગુણોની ઋદ્ધિથી આત્મા સમૃદ્ધ પદાર્થ છે. એ અનંત ગુણની ઋદ્ધિથી યુક્ત એકરૂપ એવું જે આત્મતત્ત્વ છે એને લક્ષમાં અને જ્ઞાનમાં લેવું જોઈએ. તો એનો જ્ઞાનમાં સાચો મહિમા આવે. હવે એ કેવી રીતે? સાચો મહિમા કેવી રીતે કહેવો? અને ખોટો મહિમા કેવી રીતે કહેવો? અને ગુણભેદને અવલંબતા એનો ખોટો મહિમા આવે અથવા રાગયુક્ત મહિમા આવે. આ જ્ઞાનયુક્ત મહિમા આવે અને આ રાગયુક્ત મહિમા આવે. મહિમા બે પ્રકારે (આવે).

રાગયુક્ત મહિમા છે એ ખોટો મહિમા છે, કૃત્રિમ છે, Artificial છે. અને ખરેખર તો જે જ્ઞાનમાં મહિમા આવે છે, એ જ સાચો મહિમા છે એ કેવી રીતે? તમે જ્યારે કોઈ લાખ રૂપિયા, દસ લાખ-વીસ લાખનો કોઈ દાગીનો પહેરો ત્યારે એના માપનો અને ચોકસાઈનો વિચાર કરો ત્યારે ભંગભેદમાં ચાલ્યા જાઓ કે આ તો વીસ ઈંચ લાંબો હાર છે. એમાં આટલા આટલા માપના આટલા નંબ વાપર્યા છે, આટલા તોલા એમાં સોનું વાપર્યું છે, આટલી એની કિંમત થાય. એવો વિચાર કરવા જાઓ તો પહેરવાનો આનંદ ન થાય, પહેરવાનો આનંદ ન આવે.

એવી જ રીતે સેંકડો કિંમતી મેવા, મસાલા નાખીને કોઈ મિષ્ટાન્ન બનાવ્યું હોય.

એની અંદર સેંકડો ચીજો વાપરી છે. ખાતા ખાતા જો એ બધી ચીજનો વિચાર કરવામાં આવે અને ખાતા ખાતા એની કેટલી કિંમતે પડતર થઈ શું? ૨૦૦ રૂપિયે કિલો આ ચીજ પડી. વીસ રૂપિયે કિલો મીઠાઈ બજારમાં વેંચાય છે. પણ આ તો ૨૦૦ રૂપિયે કિલો (પડી). તો ૨૦૦૦ રૂપિયે કિલો થઈ. આવું કેસર નાખ્યું છે, ફલાણું નાખ્યું, ઢીકણું નાખ્યું. તો એને ખાવાનો આનંદ ન આવે. અને એ ખાવાનો એવો કોઈ આનંદ લેતો હોય એમાં વચમાં કોઈ એની વાત લાવે તો કહે, ભાઈ! હમણાં એ વાતની કાંઈ જરૂર નથી, એ વાત કરો માં. ખાવા દો, નિરાંતે ખાવા દો. બીજો વિચાર, વિકલ્પ કર્યા વિના ખાવા દો.

ભંગભેદ છે એમાં એનો મહિમાનો ભોગવટો થતો નથી. એ તો બાહ્ય પદાર્થના ભોગવટા કાળે પણ એ વાત બરાબર અનુભવગોચર થાય છે. તો પછી અહીંયાં આત્મા જે નિર્વિકલ્પ તત્ત્વ છે, પોતે જ અભેદ સ્વરૂપે છે, એના ભેદને અવલંબતા રાગ ઊપજે છે અને રાગનો મહિમા છે એ ખરેખર સાચો મહિમા નથી. એ તો એના અભેદ અનુભવમાં રુકાવટ કરનાર, અંતરાય પાડનાર એક દિવાલ ઊભી થાય છે. રાગની દિવાલ એને કહેવામાં આવે છે કે જે આત્માને આડશ આવતાં આત્માનું દર્શન થાય નહિ એવી એ રાગની દિવાલ છે. દિવાલ આડી જાય છે એમાં આત્મદર્શન થતું નથી. એટલે રાગની મુખ્યતા ટાળવાનો ઉપદેશ છે અને રાગની મુખ્યતા ટળે એ વિધિને સાચી વિધિ કહેવામાં આવે છે. એ પદ્ધતિ સાચી પદ્ધતિ છે. અહીંયાં જ્ઞાનના ભેદથી એ વાત આપણે લઈએ છીએ.

મુમુક્ષુ :- ભેદ અભેદનું નિમિત્ત છે..

પૂજ્ય ભાઈશ્રી :- ભેદ અભેદનું નિમિત્ત છે. ભેદવિશિષ્ટ અભેદ પદાર્થને જોવાનું લક્ષ હોવું જોઈએ. ફલાણા ભાઈ છે એની ઓળખાણ આ છે, કે એમને આ જગ્યાએ કાળુ લાખુ છે. લાખુ પડે છે ને? ડાઘ એને લાખુ કહે છે. લક્ષણ ઉપરથી. તો એ બધામાં સામાન્ય નથી હોતું. પણ એક કાળો ડાઘ એટલો જ ભેદ પકડવા માટે એ વાત નથી, એના ઉપરથી આખી વ્યક્તિને સમજવાની વાત છે. વ્યવહારમાં પણ એક ભેદ ઉપરથી અભેદ વ્યક્તિનું જ્ઞાન થાય છે.

નામ પાડે છે, લ્યોને. કોઈ એક વ્યક્તિનું નામ હોય છે. નામ લેતા આખી વ્યક્તિ જ્ઞાનમાં આવે છે. આપણે એમ કહીએ કે 'ગુરુદેવ' આવે છે. તો એ નામમાત્રથી એના વિચારના નથી જવું પડતું. અત્યારે કોઈ એમ કહે કે 'ગુરુદેવ' દેવલોકમાંથી હમણાં અહીંયાં આવશે. એક પાયલોટ દેવ આવી જાય. પાટલોટ કાર આવે છે ને? પુણ્યવંતની આગળ હોય. સમાચાર આપી જાય કે હમણાં અહીંયાં 'ગુરુદેવ' પધારશે.

અહીંયાં પહોંચતા આ સમય લાગશે, આ સમયે આવશે. તો વિચાર કરી લે કે આટલો સમય છે એમાં તૈયારી કેટલી થાય? જો ઓછો સમય હોય તો ગામમાંથી જેટલી વસ્તુ મળે એટલી સારામાં સારા સુશોભિત વસ્તુઓ લઈને આ સ્થાનનો સુશોભિત બનાવો. વધારે સમય હોય તો મુંબઈથી મંગાવો. અને ઓછો સમય હોય તો અહીં ને અહીં મંદિરમાં કેટલું છે એનાથી સજાવો. બરાબર છે? તો એને 'ગુરુદેવ'ના અનેક ભેદો છે. એમનામાં જે ગુણ છે એના વિચારમાં નહિ જતાં અભેદ જ્ઞાને નક્કી કરી નાખ્યું કે એ મહિમાવંત છે માટે એની મહિમા કરવા માટે અહીંની સજાવટ કરવી જોઈએ. તો કાંઈ એના ભેદમાં જાવું પડે છે?

એ ભેદમાં ગયા વિનાનું જે પરિણમન છે, અભેદ પરિણમન છે તે નામમાત્રથી ઉત્પન્ન થઈ ગયું. નામ તો એક ભેદ છે એમનો. વ્યક્તિ આખી એની પાછળ જણાય આવે છે. સોનું કહેતાં આખો સોનાનો પદાર્થ જણાય આવે છે, હીરો કહેતાં હીરાનો પદાર્થ જણાય આવે છે. એમ આત્મા અથવા કોઈ એક ગુણ, કોઈ ગુણના નામથી, કોઈ નામથી પદાર્થને કહેતાં અનંત મહિમાવંત એવો પદાર્થ જ્ઞાનમાં અભેદ ભાવે આવે, એ રીતે ભેદથી અભેદની પરિણમનની પરિપાટી છે. એના બદલે ભેદને અવલંબે તો રાગની ઉત્પત્તિ થાય. આવા ગુણ છે, આવા ગુણ છે, આવા ગુણ છે, એની કોઈ જરૂર નથી.

મુમુક્ષુ :- જેને અભેદનો ખ્યાલ નથી, જેને અભેદ લક્ષમાં નથી, એન પછી ભેદ..

પૂજ્ય ભાઈશ્રી :- એણે ભેદ ઉપરથી અભેદની ઓળખાણ કરવી. ભેદ ઉપરથી ભેદની ઓળખાણ ન કરવી પણ ભેદ ઉપરથી અભેદની ઓળખાણ કરવી. એટલે એક દૃષ્ટાંત એ લીધું કે એક માણસને કપાળ ઉપર ડાઘ છે એના ઉપરથી આખી વ્યક્તિને ઓળખવી છે. માત્ર ડાઘને ઓળખવો નથી, માત્ર ચહેરાને ઓળખવો નથી, પણ આખી વ્યક્તિની ઓળખાણ કરવી છે. એમ.

શાસ્ત્રમાં એ પદ્ધતિથી જ બધા કથન ચાલ્યા છે. જેટલા ભેદના કથન ચાલ્યા છે એ તમામ ભેદના કથન પાછળ અભેદ દર્શાવવાના પ્રયોજનથી ચાલેલા છે. તેથી ભેદને વર્ણવતા, ભેદને બતાવતા, દર્શાવતા અભેદ બતાવવાનો જે ધ્વનિ છે એ ધ્વનિ એની અંદર સાથે ને સાથે હોય છે. એ વાત જો લક્ષમાં હોય તો એને ભેદના કથનો ભેદની અંદર નહિ લઈ જાય, પણ ભેદના કથનો એને અભેદ ઉપર લઈ જાય.

અથવા બીજી રીતે (લઈએ), આ તત્ત્વજ્ઞાનના વિષયમાં અનેક ભેદ-પ્રભેદથી વાત કરનારા વક્તાની, એની પરીક્ષા કરવી હોય તો એ રીતે કરી શકાય કે આ અનેક

ભેદ-પ્રભેદથી વાત કરે છે તેથી અનેક ભેદ-પ્રભેદના જ્ઞાતા જરૂર છે-જાણનાર છે, પરંતુ સરવાળે અભેદ ઉપર એનું વજન જાય છે કે ભેદ ઉપર વજન રહે છે? એના ઉપર આખી પરીક્ષા થઈ જાય. આ પરીક્ષા કરવાનો વિષય છે. જો એ ભેદ-પ્રભેદની મહત્તામાં રહેતા હોય અને ભેદની મુખ્યતામાં રહેતા હોય તો એ શ્રોતાને અભેદભાવ ઉપર દોરવી જઈ શકશે નહિ. કેમકે પોતાનું જ પરિણમન એ રીતે દોરાયેલું નથી. ભેદ ઉપર દોરાયેલું છે. અભેદ ઉપર એનું પોતાનું જ પરિણમન દોરવાતું નથી.

ભેદના દોરે અભેદમાં જવું છે, ભેદના દોરે ભેદમાં જાવું નથી. આ જે પદ્ધિત-કાર્યપદ્ધતિ છે એ અનુસાર જો વક્તાનું-કહેનારનું-ઉપદેશકનું જો વલણ હોય, એનું ઢલણ હોય, એનો અભિપ્રાય હોય તો એ ધ્વનિ એનામાં આવે. તો એ અભેદતા કરાવશે, તો એ અભેદ વસ્તુની સિદ્ધિ થશે, સાધન થશે અને નહિતર ભેદમાં ચાલ્યું જવું પડે. વ્યવહાર તો બધું ભેદનું પ્રકરણ છે ને. **'व्यवहारनयो नानुसर्तव्यः'** એમ કહ્યું એનો અર્થ એમ કરવો કે ભેદનું અનુસરણ કરવાની આચાર્ય મહારાજ ના પાડે છે. બે જગ્યાએ આવ્યું ને? બ્રાહ્મણે મ્લેચ્છ થવા જેવું નથી. એ દૃષ્ટાંતે વ્યવહાર અનુસરવા લાયક નથી. તો ભેદ અનુસરવા લાયક નથી, એમ કહેવું છે. એનો સીધો અર્થ એ છે.

**'એક જ્ઞાનના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવલપર્યાયથી ભેદ કરવા...'** તે સર્વ ભેદભાવ પણ વ્યવહાર નામ પામે છે. 'એ રીતે અન્ય ગુણોના ભેદ કરવા...' આ જ્ઞાનના ભેદ કર્યા, એ રીતે અન્ય ગુણોના પણ પરિણામથી જુદાં જુદાં ભેદ ગણવા, એ પણ વ્યવહાર નામ પામે છે. અને એ સર્વ ભેદો અનુસરવા લાયક નથી, એમ લેવું. ભેદનું જ્ઞાન કરવું એક વાત છે, ભેદનું અવલંબન લેવું તે બીજી વાત છે. બે જુદી જુદી વાત છે.

જ્ઞાનીઓને ભેદનું જ્ઞાન હોવા છતાં ભેદનું અવલંબન હોતું નથી. તેથી તેને ભેદનું યથાર્થ જ્ઞાન છે એમ કહી શકાય. અજ્ઞાની જીવને ભેદો જાણતાં ભેદોનું અવલંબન રહે છે અને અભેદનું અવલંબન આવતું જ નથી. તેથી તેને એકાંત અને મિથ્યાત્વ થાય છે. જ્ઞાનીને ભેદનું જ્ઞાન રહે છે અને અભેદનું અવલંબન રહે છે. એવું અનેકાંતિક પરિણમન એનું થાય છે. આમ બન્ને વચ્ચે ફેર છે. અને ભેદ અને અભેદનું બન્નેનું જ્ઞાન હોવા છતાં એ અભેદ બાજુ ઢળે છે. એટલે કે 'શ્રીમદ્જી'એ જે વચન નાખ્યું છે કે સમ્યક્ અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ અર્થે ઉપકારી છે. એટલે એને એ જ્ઞાન ઉપકારી થાય છે. કેમકે એ અનેકાંત-અનેક ધર્મનું એને જ્ઞાન છે પણ સમ્યક્ એકાંત અભેદ એવા નિજપદમાં એ વળે છે. તેથી તે જ્ઞાન પણ

ઉપકારી છે અને તેમાં ભેદોનું જ્ઞાન ભેદોના સ્થાનમાં જાણવામાત્રપણે રહે છે. ભેદો છે જ નહિ, એવા કોઈ ભેદો છે જ નહિ, એવું અજ્ઞાન એમાં વ્યાપતું નથી. પણ એ જ્ઞાન પણ ત્યાં સંતુલિતપણે રહે છે.

'**એ રીતે અન્ય ગુણોના ભેદ કરવા. જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે એક એક ગુણના કતિપય,...**' એટલે કેટલાક. '**થોડું, જઘન્ય, ઉત્કૃષ્ટથી પરિણતિભેદ કરવા.**' તે પણ બધા વ્યવહાર નામ પામે છે. '**એકના અનેકથી ભેદ કરવા,...**' તે પણ વ્યવહારનું નામ પામે છે. '**એક વસ્તુના નિશ્ચય-વ્યવહાર પરિણતિથી ભેદ કરવા...**' આ એની નિશ્ચય પરિણતિ છે, આ એની વ્યવહાર પરિણતિ છે એમ જીવની શુદ્ધ-અશુદ્ધ પરિણતિના ભેદ કરવા. '**એવી રીતે એકના ભેદ કરવા, તે સર્વ ભેદભાવ વ્યવહાર નામ પામે.**' એનું નામ વ્યવહાર છે.

## તા. ૨૦-૫-૧૯૮૬, પાના નં. ૨૪
## પ્રવચન નં. ૧૯

'આત્માવલોકન', પાનું-૨૪. છેલ્લો Paragraph. વ્યવહારનું વર્ણન છે. જિનાગમને વિષે વ્યવહાર એવું નામ અર્થાત્ વ્યવહારસંજ્ઞા ક્યાં ક્યાં આપવામાં આવી છે, એ સંબંધમાં એના ભેદ-પ્રભેદો અહીંયાં સંક્ષેપમાં બતાવ્યા છે. વિસ્તાર કરે તો ગ્રંથોના ગ્રંથો ભરાય એવો વિષય છે.

**'ગુણ બંધાયો, ગુણ છૂટ્યો,...'** કોઈ એક ગુણના પરિણમનમાં વિકાસ થાય છે અને કોઈ એક ગુણના પરિણમનમાં એટલે સ્વભાવને પ્રતિબંધ આવે છે. જેમકે જીવનો સુખ ગુણ છે. એ સુખ ગુણ છે એને પ્રતિબંધ આવે છે ત્યારે દુઃખ ઉત્પન્ન થાય છે. અથવા જ્ઞાન ખીલે છે, જ્ઞાન ખુલે છે ત્યાં ગુણ છૂટ્યો એમ કહીએ. જ્ઞાન અવરાય છે, જ્ઞાન બીડાય છે ત્યાં ગુણ બંધાયો એમ કહીએ. એ ગુણ અપેક્ષાએ છે. એવી જ રીતે **'દ્રવ્ય બંધાયું, દ્રવ્ય છૂટ્યું...'** દ્રવ્યને બંધન થયું, દ્રવ્યની મુક્તિ થઈ. સિદ્ધદશા થઈ તો જીવદ્રવ્ય મુક્ત થયું-છૂટ્યું. સંસારમાં સંસારી જીવને જીવદ્રવ્ય બંધાયું એમ કહીએ. એ રીતે **'દ્રવ્ય બંધાયું, દ્રવ્ય છૂટ્યું એવા એવા સર્વ ભાવોને પણ વ્યવહાર કહેવો.'** એવું પણ જ્યાં ગુણ અપેક્ષાથી, દ્રવ્ય અપેક્ષાથી કથન આવે, એ પણ વ્યવહારે કહેવામાં આવે છે.

**'વળી વિકાર કાલભાવના વશે સ્વભાવને છોડી દ્રવ્ય-ગુણ-પર્યાયને અન્ય ભાવે કહેવા.'** વિકારના વશે-વિકારની મુખ્યતાથી એમ. સ્વભાવને છોડી દ્રવ્ય-ગુણ-પર્યાયને વિષે અન્ય ભાવ કહેવા (અર્થાત્) અન્યનો આરોપ કરવો. બીજા પરિણામનો આરોપ કરવો. બીજા દ્રવ્ય-ગુણના અન્ય ભાવે કહેવા. અન્યના ભાવે કહેવા. જીવના પરિણામને અન્યના ભાવે કહેવા તે પણ વ્યવહાર છે. સ્વભાવને છોડીને. એટલે જેટલા વિકારી પરિણામ છે, આ મનુષ્યપણું છે એ વગેરે અન્ય ભાવે જીવના દ્રવ્ય-ગુણ-પર્યાયને કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- વિકાર કાલભાવના વશે..

પૂજ્ય ભાઈશ્રી :- વિકાર કાળ ભાવના વશે. વિકાર ભાવના વશે. કાળ શબ્દ તો વચમાં કેમ લીધો છે? શુદ્ધિ-અશુદ્ધિ નથી ને? બંધબેસતો શબ્દપ્રયોગ નથી. કાં તો મૂળમાં એમ હોય અને લીધું હોય. ચોવીસ પાને શુદ્ધિમાં નથી. વિકાર ભાવના

વશે, એમ આવે છે. કાળ શબ્દ વચમાં કેમ લીધો છે, કોઈ મેળ નથી ખાતો. વળી કાળભાવને એક શબ્દમાં વચ્ચે જગ્યા રાખ્યા વિના (લખ્યું છે). વિકાર અને કાળભાવ વચ્ચે શબ્દની જગ્યા છે. કાળ અને ભાવની વચ્ચે નથી. સમજમાં નથી આવે એવું. પણ તાત્પર્ય એટલું નીકળે કે વિકારના વશે, વિકારભાવના વશે સ્વભાવને છોડીને, સ્વભાવની અપેક્ષા નહિ રાખીને, સ્વભાવને છોડીને એટલે સ્વભાવની એપક્ષા નહિ રાખીને '**દ્રવ્ય-ગુણ-પર્યાયને અન્ય ભાવે કહેવા.**' ક્રોધની પ્રકૃતિ છે એ ભાવે જીવના ભાવને ક્રોધ કહેવો. માનની પ્રકૃતિ જડની છે, જીવના ભાવને માન કહેવો. એમ એ રીતે.

અથવા નરક ક્ષેત્રની અપેક્ષાએ ત્યાં ઊપજતા જીવને નારકી કહેવો. એ તો નરકક્ષેત્ર છે પણ ત્યાં ઊપજતા (જીવને) નારકી કહેવો. તો અન્ય ભાવનો આરોપ જીવદ્રવ્ય ઉપર આવ્યો. એ આખા જીવને જ નારકી કહી દીધો. એમ. એવી રીતે દ્રવ્ય-ગુણ-પર્યાયને અન્ય ભાવે કહેવા. પુદ્ગલના ભાવે કહેવા, અન્ય ક્ષેત્રના ભાવે કહેવા, અન્ય પર્યાયના ભાવે કહેવા એ પણ વ્યવહાર છે. ઉપચાર થયો ને? અન્યમાં અન્યનો ઉપચાર થયો માટે એ વ્યવહાર.

'**જ્ઞાનીને અજ્ઞાની, સમ્યક્ત્વીને મિથ્યાત્વી, સ્વસમયીને પરસમયી, સુખીને દુઃખી, અનંતજ્ઞાન-દર્શન-ચારિત્ર-સુખ-વીર્યને કતિપયરૂપે (અંશ રૂપે, અલ્પરૂપે) કહેવું-એ સર્વ વ્યવહાર નામ પામે**).' હવે જ્ઞાનીને અજ્ઞાની કેમ કહેવાય? કે ભૂતનૈગમનયથી કહેવાય. સિદ્ધને પણ સંસારી કહેવાય. સિદ્ધાત્માઓ ભૂતનૈગમનયથી સંસારી છે એમ કહેવાય. એ રીતે. અત્યારે સમ્યગ્દષ્ટિ છે તે ભૂતનૈગમનયથી મિથ્યાત્વી છે. કેમકે પહેલાં એ ભૂતકાળમાં મિથ્યાત્વી હતા. તો એના ભૂતકાળને એ રીતે કહેવામાં આવે છે. '**સ્વસમયીને પરસમયી...**' અત્યારે જૈનમતમાં છે, પહેલાં જૈનમતમાં નહોતા તો એ સ્વસમયી હોવા છતાં એને પરસમયી કહેવામાં આવે છે. '**સુખીને દુઃખી,...**' અત્યારે સુખી છે, ભૂતકાળમાં દુઃખી હતા તો સુખીને પણ દુઃખી કહેવામાં આવે છે. એ વ્યવહારનયના ભંગમાં જાય છે. નૈમગનય પણ વ્યવહારનયના વિષયમાં જાય છે. એક ઋજૂસત્રનય અને એવંભૂતનય એ બે નયને નિશ્ચય સાથે સંબંધ છે. બાકીના જે નયો છે એ બધા વ્યવહારમાં જાય છે.

એવંભૂત એટલે દ્રવ્યનું મૂળ સ્વરૂપ, અવલંબનભૂત સ્વરૂપ. એને જે નય વિષય કરે છે તેને એવંભૂતનય કહે છે. નિશ્ચયનય પણ કહે છે, એવંભૂતનય પણ કહે છે. અને ઋજૂસૂત્રનય એટલે વર્તમાન કાર્ય અનુસાર, ચાલુ ક્રિયા અનુસાર પદાર્થને બતાવવો એ ઋજૂસૂત્રનય. જેમકે કોઈ પૂજા કરતા માણસને પૂજારી કહેવો. જ્યારે એ પૂજા

કરતો હોય ત્યારે. બે રીતે પૂજારી કહેવાય. પૂજા ન કરતો હોય છતાં પૂજા કરવાની જેના ઉપર ફરજ હોય અથવા એવી જે ફરજ બજાવતો હોય, એવી સેવા જેણે સ્વીકારી હોય એને પણ પૂજારી કહેવાય. ભલે એ પૂજા ન કરતો હોય તોપણ. જ્યારે પૂજા ન કરતો હોય ત્યારે એને એમ કહેવાય કે પૂજારીને બોલાવે. એ વખતે ભલે એ બીજા કામમાં લાગેલો હોય. અને જ્યારે એ પૂજા કરતો હોય ત્યારે પૂજારી કહેવો. એ પૂજા કરતો હોય ત્યારે પૂજારી કહેવો એ ૠજૂસૂત્રનયનો વિષય છે. એ બે એની નિશ્ચયની વાતને બતાવે છે. નિશ્ચય એટલે વાસ્તવિકતા-ખરેખરતાને બતાવે છે. હકીકતને, સત્ય હકીકતને પ્રદર્શિત કરે છે. એટલે એ બન્ને નિશ્ચયનયના ભાંગામાં જાય છે અને બાકીના બધા નયો વ્યવહારનયના ભાંગામાં જાય છે.

'શ્રીમદ્જી'એ એ બધા નયોને એવી રીતે ઉતાર્યા છે, નયજ્ઞાનની વિશિષ્ટતાથી, કે દરેક નય ઉપરથી એવંભૂતનય ઉપર કેવી રીતે જાવું. ૠજૂસૂત્ર ઉપરથી એવંભૂત ઉપર જાવું, નૈમગ ઉપરથી પણ એવંભૂત ઉપર જાવું. બધા નય ઉપરથી એવંભૂત નય ઉપર જાવું. એ જાતની એક એમની કથનશૈલી એક જગ્યાએ લીધી છે. જોવું છે? પાછળથી મળશે, પરિશિષ્ટ ઉપરથી. આ તો જીવ ઉદયમાં ઝીણું કાંતે છે ને? આ બધું શાસ્ત્રનું ઝીણું કાંતણ છે. ઉદયમાં તો ઝીણામાં ઝીણી વાત ચોકસાઈથી બધું નક્કી કરે છે કે નહિ? શબ્દ ઉપરથી પાનું શોધવાનું છે ને. એ ઉપર તારવ્યું જ નથી. અસદ્ગુરુ પછી આકાશ, અંતર્વૃત્તિ, અહિંસા લીધું છે. નૈગમ, ૠજૂસૂત્ર એના ઉપરથી મળી જશે. નૈગમ શબ્દ નથી તારવ્યો. નય તારવ્યું હશે, નય. નય નથી? નય ૭૧૭, ૭૨૫, ૭૫૦.

મુમુક્ષુ :- નયના પ્રકાર ઘણાં છે. જે પ્રકાર વડે આત્મા ઊંચો આવે, પરમાર્થનું જ્ઞાન થાય...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એ નહિ. એ તો એકસાથે નૈગમનયથી આમ એવંભૂત ઉપર જાવું, ફલાણાંમાંથી આમ ઉપર જાવું, ૠજૂસૂત્ર ઉપરથી એવંભૂતને આમ કર, આમ કર, આમ કર. એવો આદેશાત્મક બોલ જ છે બધા. બોલનો થોકડો જ છે. પત્રાંક છે ને એ બધાં? પૃષ્ઠસંખ્યા છે? ઠીક.

મુમુક્ષુ :- એવંભૂતનયનો અર્થ શું?

પૂજ્ય ભાઈશ્રી :- એવંભૂત. એ જ એમ. સ્વભાવભૂત. એવં એટલે નિશ્ચય સ્વભાવ, સ્વભાવભૂત. ૭૨૫માં નથી, ૭૧૭માં પણ નથી. એમાં એ નથી. ૭૫૦ (પૃષ્ઠ) ઉપર નયની ઘણી વાત કરી છે. '**નય છે તે પ્રમાણનો અંશ છે. નયના સ્વરૂપથી આઘે જઈ કહેવામાં આવે છે તે નય નહિ, પરંતુ નયાભાસ થાય છે... નય સાત માન્યા**

**છે,...**' આ સાત નયની વાત લીધી છે. '**તેના ઉપનય સાતસો,...**' છે. નય સાત છે, ઉપનય સાતસો છે. '**અને વિશેષ સ્વરૂપે અનંતા છે અર્થાત્ જે વાણી છે તે સઘળા નય છે.**' પદ્ધતિ સારી લીધી છે, અધ્યાત્મ પદ્ધતિથી એ વાત લીધી છે. કેમકે એવંભૂત પ્રત્યે જા. બધામાં એ વાત લીધી છે. એવંભૂત પ્રત્યે જા. ઋજૂસૂત્રનય ઉપરથી એવંભૂત પ્રત્યે જા. નૈગમ ઉપરથી એવંભૂત પ્રત્યે જા. એમ કરીને શબ્દ બદલીને ભાવ વ્યક્ત કર્યા છે. અવલંબન કેવી રીતે લેવું? એવંભૂત છે એ અવલંબનનો વિષય છે. બધા નયથી સ્વરૂપનું, એવંભૂત સ્વરૂપનું અવલંબન કેમ લેવું એવી શૈલીથી એમના-'શ્રીમદ્જી'ના સાતે નયના-સપ્ત નયના કથનો આવ્યા છે.

મુમુક્ષુ :- એવંભૂત એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- એવં એટલે એ જ નિશ્ચય. ભૂત એટલે નિશ્ચયભૂત, સ્વભાવભૂત. એવં એટલે જેવો સ્વભાવ છે એવો જ.

અહીંથી વાત ચાલી. ૨૫ પાને બીજી લીટી. '**જ્ઞાનીને અજ્ઞાની, સમ્યક્ત્વીને મિથ્યાત્વી, સ્વસમયીને પરસમયી, સુખીને દુઃખી,...**' એમ કહેવું એ પણ વ્યવહારનય પામે છે. તો એ નૈગમનયથી કહેવું પડે છે. સમ્યક્ત્વી છે તે મિથ્યાત્વી છે. નૈગમનયથી. સિદ્ધ છે તે સંસારી છે ભૂતનૈગમનયથી. એ રીતે વ્યવહાર નામ પામે.

અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતસુખ, અનંતવીર્યને '**કતિપયરૂપે (અંશરૂપે, અલ્પરૂપે) કહેવું-એ સર્વ વ્યવહાર નામ પામે.**' પર્યાયમાં અલ્પ વિકાસ જોઈને એની અલ્પતા દર્શાવવી તે પણ વ્યવહાર નામ પામે છે. '**જ્ઞાનને અજ્ઞાન, સમ્યક્ત્વને મિથ્યાત્વ, સ્થિરને ચપલ, સુખને દુઃખ, ઉપાદેયને હેય, અમૂર્તિકને મૂર્તિક, પરમશુદ્ધને અશુદ્ધ, એકપ્રદેશી, બહુપ્રદેશી, પુદ્ગલને કર્મપણું, એક ચેતનરૂપજીવને માર્ગણા-ગુણસ્થાનાદિ યાવત્ પરિણતિથી નિરૂપવાં.**' એ રીતે નિરૂપણ કરવું, એના પ્રતિપક્ષ સાથે નિરૂપણ કરવું તે પણ વ્યવહાર નામ પામે છે. જ્ઞાન જ અજ્ઞાનરૂપે પરિણમે છે. સમ્યક્ત્વી શક્તિ મિથ્યાત્વ રૂપે પરિણમે છે. જીવનો ચારિત્રગુણ જ ચંચળતા રૂપે પરિણમે છે. એમ. સુખ જ દુઃખરૂપે, સુખગુણ જ દુઃખરૂપે પરિણમે છે. એ રીતે એના પ્રતિપક્ષ સાથે એનું નિરૂપણ કરવું એ બધું વ્યવહાર નામ આપે છે.

એક ચેતનરૂપ જીવને માર્ગણા ગુણસ્થાન આદિ પરિણતિથી નિહાળવા. જીવ એક છે એને ચૌદ માર્ગણાથી બતાવવો તે પણ વ્યવહાર નામ પામે છે. એ અનેક પ્રકારે વ્યવહાર આવે છે. હેય-ઉપાદેયમાં પણ વ્યવહારનો ભાંગો છે. મૂર્તિક-અમૂર્તિકપણામાં પણ એના એક વિશિષ્ટથી વ્યવહારનો ભાંગો છે. શુદ્ધતા-અશુદ્ધતા પણ પર્યાયધર્મની અપેક્ષાએ તે પણ વ્યવહારનયના વિષયમાં જાય છે. એકપ્રદેશી પુદ્ગલને બહુપ્રદેશી

કહેવો. જ્યારે એ સ્કંધમાં હોય ત્યારે એને બહુપ્રદેશી વર્ણવવો તે પણ વ્યવહારમાં જાય છે. બીજા સ્કંધનો આરોપ કરવો. અને પુદ્ગલ પરમાણુને કર્મપણું છે, કાર્મણવર્ગણામાં જોઈને એને કર્મપણું કહેવું. એ એની વિકૃત પર્યાય છે-પરમાણુની વિકારી પર્યાય છે. એ બધા વ્યવહારનયથી નિરૂપણ કર્યા છે.

**'વળી એક જીવને પુણ્ય-પાપ-આસ્રવ-સંવર-નિર્જરા-બંધ-મોક્ષ પરિણતિથી નિરૂપવો.'** જીવ એક છે. છતાં એને આ સાત પ્રકારના પરિણામથી એનું નિરૂપણ કરવું.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં તો શું કહેવું છે કે જિનાગમને વિષે વ્યવહારનયના કથનો અથવા જે વ્યવહાર એવું નામ છે, એવા કેટલા કેટલા પ્રકાર છે અને કેટલી કેટલી વિવિક્ષા છે. બસ, આટલી મર્યાદા છે. આમ કહેવા માગે છે. જિનાગમમાં વ્યવહારસંજ્ઞા જેને આપી છે એ ક્યાં ક્યાં આપી છે? તો કહે છે, આટલી આટલી જગ્યાએ આપી છે, એમ કહેવું છે. જીવ એક હોવા છતાં એને સાત પરિણતિથી એનું વર્ણન કરવું. સાત પ્રકારના પરિણામથી એનું વર્ણન કરવું. પુણ્યવાન જીવ, પાપી જીવ એમ કહેવું. આ જીવ પાપી છે એમ કહેવું. આ જીવ પુણ્યશાળી છે એમ કહેવું, આ જીવ પવિત્રાત્મા છે એમ કહેવું. સંવર, નિર્જરા, મોક્ષ કહેવો. અથવા આ જીવ બંધાયો અને આ જીવ મુક્ત થયો એમ કહેવું, એ બધું વ્યવહાર નામ પામે છે. જીવ તો મૂળમાં જેવો છે એવો છે. વ્યવહારે આ બધા ભંગભેદ પરિણામના પ્રકાર જોઈને આખા જીવનો વ્યવહાર કરવામાં આવે છે. પરિણામ અંશ અટલો હોવા છતાં આખા જીવ ઉપર એનો વ્યવહાર કરવામાં આવે છે.

જેમકે કોઈ ચોરીનો દોષ કરે છે તો એની પર્યાયમાં એ દોષ છે. છતાં એ આખી વ્યક્તિને જ ચોર કહેવામાં આવે છે. તો પર્યાય અંશનો આખો વ્યવહાર કર્યો એ આખા પદાર્થ ઉપર-આખા જીવ ઉપર એનો વ્યવહાર કરવામાં આવે છે. એ એક પદ્ધતિ છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર ધર્મ પામે છે દશામાં અને આખા આત્માને ધર્માત્મા કહેવામાં આવે છે. અજ્ઞાન થાય છે પર્યાય અંશમાં, મિથ્યાદર્શન થાય છે એક પર્યાય અંશમાં છતાં આખા આત્માને અધર્મી કહેવામાં આવે છે. એ રીતે એક જીવને પરિણતિથી નિરૂપવો, ભિન્ન ભિન્ન પ્રકારની પરિણતિથી જીવને નિરૂપવો તે પણ વ્યવહારની પદ્ધતિ છે. એ વ્યવહારના કથનની પદ્ધતિ છે.

**'વળી જેટલા કોઈ વચનપિંડથી કથનો છે, તે સર્વ વ્યવહાર જાણવો.'** જ્યાં કથનમાં આવે છે ત્યાં વ્યવહાર ઉત્પન્ન થઈ જાય છે. કેવી રીતે? કે વિકલ્પ વિના

તો કથન થતું નથી અને વિકલ્પ ઉત્પન્ન થાય છે ત્યાં વ્યવહારનો જન્મ થઈ જાય છે. એટલે નાના નયચક્રની અંદર આચાર્યે એવી વાત લીધી છે કે સ્યાદ્વાદ છે એ વ્યવહારનો જનક છે. સ્યાદ્વાદ હૈ સો વ્યવહાર કા જનક હૈ. ઠીક! કેમકે સ્યાદ્વાદ. વાદ એટલે કથન. અપેક્ષાથી કથન કરવું. જેટલું અપેક્ષાથી કથન કરો તે બધું વ્યવહારનું ઉત્પાદક થાય છે. એક બાજુથી અન્યમતિની સામે સ્યાદ્વાદને ઊભો રાખવો પડે કે જૈન આગમની કથનપદ્ધતિનો આખો દોર સ્યાદ્વાદ અપેક્ષિત છે. એવી નિર્દોષ કથનપદ્ધતિ કોઈ અન્યમતના આગમોની અંદર વિશ્વની અંદર નથી. વિશ્વના તમામ-સમસ્ત ધાર્મિક સાહિત્યની સામે સ્યાદ્વાદ એક અજોડ કથનપદ્ધતિ છે.

મુમુક્ષુ :- સ્યાદ્વાદ પર્યાયને પ્રસિદ્ધ કરવા માટે જ છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- સ્યાદ્વાદ વસ્તુના ધર્મને પ્રસિદ્ધ કરવા માટે છે.

મુમુક્ષુ :- અનેક ધર્મ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અનેક ધર્મ છે. દ્રવ્યઆશ્રિત છે, ગુણઆશ્રિત છે, પર્યાયઆશ્રિત છે, બધા આશ્રિત છે.

સ્યાદ્વાદ છે એ એક વિશિષ્ટ પદ્ધતિ છે કે જો એ પદ્ધતિની યથાર્થ ફલશ્રુતિ આવે તો અનેકાંતના ફળમાં અમૃત ઊપજે. એટલે અનેકાંતને અમૃત કહી દીધું. અમૃત એટલે આનંદઅમૃતનો અનુભવ, એ અનેકાંત એ અમૃત છે. પણ એકદમ અધ્યાત્મ ઉપર જ્યાં આચાર્ય જાય છે, ત્યાં એ નયચક્રમાં (તો કહે છે), સ્યાદ્વાદ તો વ્યવહારનો જનક છે. એની કથન પદ્ધતિ અને વ્યવહારની ઉત્પત્તિ જોઈને એ વ્યવહારનો જનક છે. સ્યાદ્વાદ છે એ વ્યવહારનો જનક છે.

નિશ્ચયનય છે, જે નિશ્ચયનય નિર્વિકલ્પ શુદ્ધોપયોગ વખતે જેને નિશ્ચયનય ગણવામાં આવે છે, એવો જે નિશ્ચયનય છે, તે નિરપેક્ષ છે. અને નિરપેક્ષ નય તે નયાભાસ છે એ વાત અહીંયાં લાગુ પડતી નથી, આચાર્ય ત્યાં એમ કહે છે. શું કહે છે? સામાન્ય રીતે સાપેક્ષા નયાઃ આ સૂત્ર છે. 'તત્વાર્થ સૂત્ર'ની અંદર સાપેક્ષા નયાઃ, આવું સૂત્ર છે. નય? તો બધા સાપેક્ષ જ હોય. જો અપેક્ષા વિના કોઈ નય હોય તો એ નયાભાસમાં જાય છે. એ અન્યમતિનો વિષય થઈ જાય છે. એ તો એકાંત જ લઈ જાય છે, અપેક્ષા રાખતા નથી. એ આગમના સૂત્રની સામે આચાર્ય વાત કરે છે કે જ્યાં નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થયો, જેને નિશ્ચયનય કહીએ કે જેનાથી નિશ્ચયનો આશ્રય થઈ ગયો, નિશ્ચયતત્ત્વનો-નિશ્ચયસ્વરૂપનો આશ્રય થઈ ગયો, એ નિશ્ચયનય છે એ બીજા કોઈની અપેક્ષા રાખતો નથી. નિરપેક્ષ પ્રવર્તે છે. મોક્ષમાર્ગ છે તે નિરપેક્ષ છે એમ કહે છે. અને એ નિરપેક્ષ હોવા છતાં અહીંયાં નયાભાસ લાગુ પડતો નથી.

ઠીક! કેવી કેવી વાતો કરી છે! ઊલટાવી ઊલટાવીને સુલટાવીને વાત કરી છે. આગમના કથનોને કેવી રીતે સમ્યક્ પ્રકારે ઊલટાવ્યા છે! અહીંયાં નયાભાસ નથી, અહીંયાં સ્યાદ્‌વાદ તો વ્યવહારનો જનક છે. એ વિકલ્પને ઉત્પન્ન કરે છે માટે એનું અહીંયાં અમારે કામ નથી. ઠીક! અધ્યાત્મની બહુ સારી વાત લીધી છે! અધ્યાત્મની બહુ સરસ વાત લીધી છે!! બીજી પણ થોડી વાતો લીધી છે, ભૂલી ગયો છું. એ પુસ્તક અત્યારે પ્રાપ્ય નથી. નાનું એવું છે, પ્રાપ્ય નથી. નાનું નયચક્ર છે. એમાં ૩૨ કે ૩૩મા શ્લોકનો અર્થ ચાલે છે. શ્લોક પદ્યમાં છે, સંસ્કૃતમાં એનો અર્થ ચાલે છે, એમાં આવી બધી વાતો આવી છે. ન સાંભળી હોય એવી વાતો આવી છે.

મુમુક્ષુ :- અમે એમ માનતા હતા કે અમે સ્યાદ્‌વાદી એટલે જગતમાં ...

પૂજ્ય ભાઈશ્રી :- તો કહે છે, એની આગળ હજી વાત છે. હજી સ્યાદ્‌વાદની આગળ પણ એક વાત છે કે જ્યાં સ્યાદ્‌વાદ વિકલ્પનો અને વ્યવહારનો જનક કહ્યો છે. અમારે વ્યવહારમાં રહેવું નથી. વ્યવહારથી પાર થઈને વ્યવહારના વિકલ્પને, વ્યવહારની પરિસ્થિતિને અતિક્રમીને એકદમ નિર્વિકલ્પ નિશ્ચયારૂઢ થવું છે ત્યાં આ બધી પદ્ધતિ ઊભી થાય છે. એકદમ અધ્યાત્મનું પ્રકરણ છે.

**'વળી જેટલા કોઈ વચનપિંડથી કથનો છે, તે સર્વ વ્યવહાર જાણવો.'** અહીંથી એ વાત લીધી. જેટલા કોઈ વચનપિંડથી સ્યાદ્‌વાદ, જેટલા કોઈ વચન છે તે સર્વ વ્યવહાર જાણવો. બધે વ્યવહાર થઈ જાય છે. ભેદ પાડે છે ને માટે. **'વળી જે આત્માથી, જે અન્ય (નોખું),...'** છે. વળી જે આત્માથી જુદું છે, આત્મા સિવાય કોઈ વાત છે, નિશ્ચય આત્મા સિવાય કોઈ બીજું છે તે બધાયને વ્યવહાર કહેવો. નિશ્ચય સિવાયનો બધો વિષય વ્યવહારમાં નાખવો, એમ કહે છે. **'તે બધાયને વ્યવહાર કહેવો.'**

**'એવી રીતે સ્વભાવથી જે અન્યભાવ દેખાય,...'** સ્વભાવ તે નિશ્ચય છે. **'સ્વભાવથી જે અન્યભાવ દેખાય, જણાય તે સર્વ વ્યવહાર નામ પામે.'** તે બધા વ્યવહાર એવું નામ પામે છે. **'વળી એક સામાન્યથી...'** આ વ્યવહાર-નિશ્ચયના વિષયમાં પણ 'ગુરુદેવે' અનેકવિધ પ્રકારે ઘણું સ્પષ્ટીકરણ કર્યું છે અને કેટલીક કેટલીક જગ્યાએ અસાધારણ સ્પષ્ટીકરણ 'ગુરુદેવ'ની વાણીમાં આવ્યું છે. નહિતર વ્યવહાર અને નિશ્ચયના વિષયમાં અન્યમતિઓ ભૂલે એમાં તો (કાંઈ નવાઈ નથી), 'શંકરાચાર્ય' જેવા, ભલે ઉઘાડવાળા હતા, અન્યમતિ ભૂલે એમાં શું નવાઈ છે? પણ જૈન પંડિતો અને વિદ્વાનો પણ ગોથા ખાય છે. એવો જરા અટપટો વિષય છે.

એ તો હવે નિશ્ચયનું પ્રકરણ ચાલશે એમાં કેટલીક વાતો એ રીતે આવશે. જેને

નિશ્ચય કહેવાય છે, એને કોઈ અપેક્ષાએ વ્યવહાર કહેવાય છે. જેને વ્યવહાર કહેવાય છે એને જ કોઈ અપેક્ષાએ નિશ્ચય કહેવાય છે. જેમ અંતઃતત્ત્વ અને બહિર્તત્ત્વની વાત લીધી. જેને અંતઃતત્ત્વ કહેવાય છે એને જ કોઈ અપેક્ષાએ બહિર્તત્ત્વ પણ કહેવાય છે. અને બહિર્તત્ત્વવાળાને કોઈ જગ્યાએ અંતઃતત્ત્વ પણ કહેવાય છે. ....ભૂલે છે, જો યથાર્થ દૃષ્ટિકોણ પ્રાપ્ત નથી હોતો તો એવા બધા દોષ થવાની ત્યાં સંભાવના છે.

મુમુક્ષુ :- નિશ્ચયનયનો વિષય જો આત્મા ન રહે તો ખોવાય જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ખોવાય જ જાય. મૂળ ચીજ હાથમાં રહી ગઈ તો વાંધો નહિ આવે. અનંત નયનો વિષય તો બધા ધર્મો છે. એ બધા ધર્મો પદાર્થમાં છે. તો એ પદાર્થ છે એ અનંત ધર્મનો અધિષ્ઠાતા હોવાથી, અનંત ધર્મનો અધિષ્ઠાતા હોવાથી એનું જો બરાબર સમ્યક્જ્ઞાન થયું, સન્મુખ થઈને જ્ઞાન થયું, સમ્યક્ થઈને જ્ઞાન થયું તો એ જ્ઞાનમાં નયાધીશ હાથમાં આવી ગયો. એના હાથમાં નયાધીશ આવી ગયો. એ અનંત નયોનો નયાધીશ જેના હાથમાં છે પછી એને કોઈ નયમાં ગડબડ નથી.

મુમુક્ષુ :- એટલે ન્યાયધીશ થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પછી ન્યાયાધીશ થઈ ગયો. અને નહિતર એકલી ગોખણપટ્ટીથી કે એકલી બુદ્ધિચાતુર્યથી કે એકલા ક્ષયોપશમથી માથું મારવા જાય તો એ ક્યાં પોતે ગોથું ખાય એની પોતાને ખબર પડે નહિ. આ પરિસ્થિતિ ઊભી થાય.

**'એવી એવી રીતે સ્વભાવથી જે અન્ય ભાવ દેખાય, જણાય તે સર્વ વ્યવહાર નામ પામે. વળી એક સામાન્યથી-સમુચ્ચયથી વ્યવહારનો આટલો અર્થ જાણવો- આટલો જ વ્યવહાર જાણવો કે-'** હવે Total મારે છે. સામાન્યપણે-સમુચ્ચયપણે વ્યવહાર કોને કહેવો એનો સરવાળો મારે છે. **'વસ્તુ સાથે જે ભાવનો અવ્યાપકરૂપ સંબંધ હોય,...'** તેને વ્યવહાર જાણવો. એક તો વસ્તુ વ્યાપતિ ન હોય. દાખલા તરીકે રાગમાં સ્વભાવ વ્યાપતો નથી. તો રાગ વ્યવહારનો વિષય થઈ જાય છે. દેહમાં જીવ વ્યાપતો નથી. દેહના કોઈ પરમાણુમાં જીવનો વ્યાપ્ય-વ્યાપક ભાવે સંબંધ નથી. તો આ ફલાણાનો દેહ છે, આ 'મહાવીર' ભગવાનનો દેહ છે, એ વ્યવહારની વાત છે. 'મહાવીર' ભગવાનનો આત્મા એ દેહમાં વ્યાપ્યો નથી. કુંભાર ઘડામાં વ્યાપતો નથી, છતાં કુંભારે ઘડો કર્યો એ વ્યવહારમાં જાય છે. એમ સમુચ્ચયપણે એ જાણવું કે વસ્તુ સાથે જે ભાવનો અવ્યાપકરૂપ સંબંધ હોય એટલે કે વ્યાપ્ય-વ્યાપકરૂપ સંબંધ ન હોય, **'વ્યાપ્ય-વ્યાપક એકમેક સંબંધ ન હોય તે વ્યવહાર નામ પામે.'** આ એક વ્યવહારને સમજવાની ચાવી આપી દીધી કે સમુચ્ચયપણે આ વાત વ્યવહારની અંદર

આવી જાય છે. વ્યાપ્ય-વ્યાપકતા એની વિચારી લેવી અને એ રીતે એને વ્યવહાર નામ આપવું. આ એક સામાન્ય (વાત કરી). પછી એક જ પદાર્થની અંદર પર્યાયભેદ, ગુણભેદ, ધર્મભેદ એ પણ વ્યવહાર નામ પામે છે. ભલે ત્યાં વ્યાપ્ય-વ્યાપકતા છે તોપણ. એટલે એ અપેક્ષા આમાં લાગુ પડતી નથી. એમ લેવું.

**'આવું વ્યવહારભાવનું કથન દ્વાદશાંગમાં ચાલે છે, તે જાણવું.'** એટલે કે ગણધરદેવની વાણીમાં ચાલે છે કે જે વાણી ગણધરદેવની વાણી દિવ્યધ્વનિ અનુસાર, કેવળજ્ઞાન અનુસાર રચાયેલી છે. એટલે જિનવાણીમાં આ બધી વાત ચાલી છે. આ બધું જિનવાણી અનુસાર જાણવું. અહીંયાં વ્યવહારનું પ્રકરણ પૂરું થયું.

હવે 'નિશ્ચય લક્ષણ' એમ લીધું છે. નિશ્ચયનું વર્ણન નહિ, નિશ્ચય લક્ષણ એમ લીધું છે. ક્યાં ક્યાં નિશ્ચયનું લક્ષણ છે. વાસ્તવિકતાનું, હકીકતનું. Fact જેને કહેવામાં આવે એ લક્ષણ ક્યાં ક્યાં હોય છે? એ વાત અહીંયાં આ પ્રકરણમાં બતાવી છે.

**जेसिं गुणाणं पंचयं, णियसहावं च अभेवभावंच।**
**दव्वपरिणमनाधीनं, तं णिच्छय भणियं ववहारेण।।११।।**

લક્ષણ બતાવ્યું છે ને? ભેદ પાડ્યો એ પણ વ્યવહારમાં જાય છે. '**तं णिच्छय भणियं ववहारेण**' વ્યવહારથી તેને નિશ્ચય કહેવામાં આવે છે. ઠીક! આગળ તો જો કે કહી દીધું કે જેટલા કથન આવે છે એ બધા વ્યવહારની અંદર જાય છે એમ સમજી લેવું. અહીં તો કહે છે કે નિશ્ચય લક્ષણ પણ વ્યવહારથી અહીંયાં બતાવવામાં આવે છે. કેમકે લક્ષણનો ભેદ પાડીએ છીએ. એટલે વ્યવહારે આ નિશ્ચયને સ્થાપીએ છીએ. વ્યવહાર દ્વારા નિશ્ચયને સ્થાપીએ છીએ.

**येषां गुणानां प्रचयं निजस्वभावं च अभेदभावं च।**
**द्रव्यपरिणमनाधीनं तं निश्चयं भणितं व्यवहारेण।।११।।**

**'प्रचयं'** પ્રસરેલા છે.

અર્થ :- **'જે જે નિજ અનંત ગુણો,...' 'येषां गुणानां प्रचयं एकसमूहं तं निश्चयं' 'જે જે નિજ અનંતગુણો, તેનો આપસઆપસમાં જે એક જ સમૂહપુંજ, તેને નિશ્ચયનું રૂપ જાણવું.'** એટલે શું કહેવું છે? આપણે સાદી ભાષામાં લઈએ તો. અનંત ગુણોનું એકરૂપ તે નિશ્ચય દ્રવ્યસ્વભાવ જાણવો. એ દ્રવ્યનું નિશ્ચય સ્વરૂપ જાણવું, પદાર્થનું એ નિશ્ચય સ્વરૂપ જાણવું, વસ્તુનું એ નિશ્ચય સ્વરૂપ જાણવું. અનંત ગુણોનું એકરૂપ. સમૂહપુંજ લીધો છે એનો અર્થ ન લેવો કે અનંત ગુણ છૂટા છૂટા એક જગ્યાએ મળ્યા. જેમ રત્નનો ઢગલો કર્યો તેમ. એમ રત્નરાશિની જેમ પદાર્થની અંદર ગુણો રહેલાં નથી. આ દ્રવ્યની જ્યાં અનંત ગુણાત્મક દ્રવ્ય છે, એવી જ્યાં

પરિભાષા-વ્યાખ્યા આવે છે ત્યાં આ સ્પષ્ટતા કરવામાં આવે છે કે અનંત ગુણોનો સમૂહ એટલે અનંત રત્નોને એક જગ્યાએ ઢગલો કરવામાં આવે એવી રીતે ન સમજવું. જ્યાં એક ગુણ છે ત્યાં અનંત ગુણ છે. જેમ કેરીની ખટાશ છે ત્યાં કેરીની લીલાશ અથવા પીળાશ છે. ત્યાં જ કેરીની સુગંધ છે, ત્યાં જ કેરીનું વજન છે, ત્યાં જ કેરીની ચીકાશ છે, ત્યાં જ કેરીનો રસ છે. તો એ રસ, ગંધ, વર્ણ એ જે કાંઈ છે એ એક જ પરમાણુમાં એક જ જગ્યાએ બધું મળે છે. બધા ગુણો એક જ જગ્યાએ મળે છે. એને જુદાં ખરેખર પાડી શકાતા નથી.

મુમુક્ષુ :- એક ઔષધિની ગોળીમાં અનેક જાતના ઔષધો ગોળીમાં હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું થાય? કે એક એક ઔષધના પરમાણુ છૂટા છૂટા એક ગોળીમાં રહ્યા છે. એનો સ્વાદ એકસાથે આવે છે, જુદો જુદો નથી આવતો. પણ આ પરમાણુનો દાખલો મળે છે. જે સોનું છે, તો સોનાના પરમાણુમાં ચળકાટ છે, ત્યાં જ વજન છે, ત્યાં જ ચીકાશ છે. ગુણભેદ હોવા છતાં એને જુદાં નથી પાડી શકાતા. કોઈ કેરીનો રસ લેવા જાય કે અમારે તો સ્વાદનું કામ છે, અમને કેરીનું ગળપણ આપી દો, તમારો રંગ પાછો લઈ લ્યો. અમારે રંગની જરૂર નથી. તો રંગ વિનાનો રસ કોણ આપશે? જેવો છે તેવો રંગ સાથે જ આવશે. કેમકે એ અભેદ છે. વસ્તુતાએ તે અભેદ છે. એક વસ્તુમાં અનંત ગુણની અભેદતા, તેને દ્રવ્યત્વ કહેવામાં આવે છે. તે દ્રવ્યપણું છે-તે દ્રવ્યત્વ છે. એ દ્રવ્યને અહીંયાં નિશ્ચયનું રૂપ જાણવું, એમ કહે છે. એ દ્રવ્ય છે તે નિશ્ચયસ્વરૂપ છે. વસ્તુનું એ મૂળ સ્વરૂપ છે. અથવા વસ્તુનું એ નિશ્ચય સ્વરૂપ છે.

'**વળી નિજ નિજ દ્રવ્ય ગુણ અને પર્યાયનું જ જે કેવલ નિજ જાતિસ્વરૂપ, તેને પણ નિશ્ચયનું રૂપ જાણવું,...**' વળી નિજ નિજ દ્રવ્યનું પોતાનું જાતિ રૂપ, ગુણનું પોતાની જાતિ રૂપ અને પર્યાયનું પણ પોતાની જાતિ રૂપ, એ પણ જે કેવળ નિજ જાતિ સ્વરૂપ તેને પણ નિશ્ચયનું રૂપ જાણવું. દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વજાતિ અનુસાર હોય તે એનું નિશ્ચય રૂપ છે, તે એનું વાસ્તવિક રૂપ છે.

જેમકે સિદ્ધાત્મા છે એ જીવનું જીવદ્રવ્યપણે, જીવગુણપણે અને જીવપર્યાયપણે નિશ્ચય રૂપ છે, એ જીવનું નિશ્ચય રૂપ છે. સિદ્ધાત્મા છે એ. દ્રવ્ય, ગુણથી અને પર્યાયથી. એટલે જ્યારે જે જીવને પોતાના સ્વરૂપનો પ્રતિભાસ આવે છે, પોતાના સ્વરૂપનો નિર્ણય, નિશ્ચય અથવા ઓળખાણ થાય છે ત્યારે એને પોતાનું સ્વરૂપ સિદ્ધ સમાન ભાસે છે. અરિહંત સમાન નહિ. ફોડ પાડીએ તો-ચોખવટ કરીએ તો. સિદ્ધ સમાન ભાસે છે. આ એક વિશિષ્ટતા છે. કેમકે અરિહંત તેરમા ગુણસ્થાને છે અને

જીવના મૂળ સ્વરૂપને કોઈ ગુણસ્થાન લાગુ પડતા નથી. એટલે જે સ્વરૂપ અવભાસે છે, જેની ઓળખાણ થાય છે ત્યારે એને એમ લાગે છે કે ચૌદ ગુણસ્થાનથી પાર મારું સ્વરૂપ છે. ચૌદ ગુણસ્થાનથી પાર તો સિદ્ધ જ છે, બીજા કોઈ ચૌદ ગુણસ્થાનથી પાર નથી હોતા. બધા જીવો ચૌદ ગુણસ્થાનની અંદર આવી જાય છે.

મુમુક્ષુ :- આ સિદ્ધ છે એમ કહેવું એ વ્યવહાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ વ્યવહાર છે, એ વ્યવહાર છે પણ એ જીવનું નિશ્ચય રૂપ છે. અહીં તો નિશ્ચય લક્ષણ બતાવવું છે. નિશ્ચયનું લક્ષણ ક્યાં ક્યાં છે? દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં. આટલી વાત ચાલે છે. છે, થોડી સૂક્ષ્મ વાતો આવશે. કેમકે 'દીપચંદજી' તો સિદ્ધાંતજ્ઞાનના બહુ જ સૂક્ષ્મ જ્ઞાતા હતા. સૂક્ષ્મ સિદ્ધાંતોના જ્ઞાતા હતા. અધ્યાત્મ પણ એમનું એટલું સૂક્ષ્મ છે, સિદ્ધાંતજ્ઞાન પણ એટલું જ એમનું સૂક્ષ્મ છે. કેટલીક વાતો આમાં સૂક્ષ્મ આવશે.

**'વળી નિજ નિજ દ્રવ્ય ગુણ અને પર્યાયનું જ જે કેવલ નિજ જાતિસ્વરૂપ,...'** એની મૂળ જાતિ સ્વરૂપ **'તેને પણ નિશ્ચયનું રૂપ જાણવું,...'** એ પણ એનું નિશ્ચય રૂપ જાણવું, ખરું રૂપ જાણવું, સાચું રૂપ જાણવું. સાચું સ્વરૂપ કહો, સત્ય સ્વરૂપ કહો, નિશ્ચય સ્વરૂપ કહો, એકાર્થ છે. **'જે એક દ્રવ્યના અનંત ગુણોને,...'** આ તો 'ગુરુદેવે' બહુ સ્પષ્ટ કર્યું એટલે આનો ઉકેલ આવડે, હોં! નહિતર આવડે નહિ. 'ગુરુદેવે' ઘણા વર્ષો સુધી ખુબ ખુબ સ્પષ્ટીકરણ અનેકવિધ પ્રકારે કર્યા છે એટલે આ બધું સ્પષ્ટ થાય. નહિતર આ ભાષામાંથી એનો સ્પષ્ટીકરણનો ભાવ કાઢવો એ એટલું સહેલું નથી.

મુમુક્ષુ :- આપણે જોતા હતા ઈ આ જ છે ને? અનંત ગુણ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચિદ્‌વિલાસમાંથી લીધું એ. નિશ્ચયના પ્રકરણમાંથી. એ આ જ છે, આમાં એ જ છે. Exact એ જ શબ્દે શબ્દ છે. એટલે કેટલીક વાત 'અનુભવ પ્રકાશ'ની પણ આમાં આવશે અને કેટલીક વાતો 'ચિદ્‌વિલાસ'ની પણ આમાં આવશે. અનુભવની આવશે એ અધ્યાત્મની સૂક્ષ્મ વાતો આવશે અને 'ચિદ્‌વિલાસ'ની આવશે એ સિદ્ધાંતની સૂક્ષ્મ વાતો આવશે. ઘણી સરસ રચના કરી છે! આચાર્યોના ગ્રંથો વાંચ્યા હોય છે. પોતાનું આત્મજ્ઞાન એની સાથે હોય છે. એટલે અંદરથી ઘણી વાતો નીકળે છે. જે સામાન્ય જીવોને આચાર્યના ગ્રંથોમાંથી ન સૂઝે એવી આત્મજ્ઞાનીઓની કેટલીક વાતો આચાર્યોના ગ્રંથોમાંથી સૂઝે છે. ત્યારે એ આચાર્યોનો ઉપકાર માને છે. આચાર્યને શું શું કહેવું છે? એમના કહેવાની પાછળ શું શું રહસ્ય છે, પેટમાં શું પડ્યું છે, એ દોહીને બહાર કાઢે છે. 'ગુરુદેવ' છે, 'દીપચંદજી' છે,

એવા અનેક જ્ઞાનીઓ સમર્થ હોય છે કે મૂળ પરમાગમોમાં સામાન્ય જીવની તાકાત નથી કે આવી વાતો કાઢે. એવી વાતો એમણે કાઢી છે. કેટલીક વાતો પંડિત 'જયચંદ્રજી'એ ભાવાર્થમાં એવી વાતો લખી છે. જે ગાથાનો ભાવાર્થ એમણે લખ્યો એ ગાથામાંથી તાકાત નથી કે કોઈ કાઢી શકે. એમણે કાઢી છે. ટીકામાં પણ નથી અને એમણે ભાવાર્થમાં કાઢી છે.

મુમુક્ષુ :- 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો દરેકને પોતપોતાનું ઊંડાણ હોય છે. એટલે કાંઈ ને કાંઈ, કાંઈ ને કાંઈ નીકળે છે. આ તો દરિયો છે. જ્ઞાન છે અને જ્ઞાનનો વિષય છે એ તો મોટો સમુદ્ર જેવો છે. અને એમાં ઘણા રત્નો છે. આ બધા જે નીકળે છે એ બધા રત્નો છે. અને એ બધા જ્ઞાની મરજીવા થઈને અંદરમાં જાય છે. જેને જે હાથમાં લઈને બહાર આવીને જગતને દેખાડે છે કે આ છે, અંદર પડ્યું છે. શું કહે છે?

**'જે એક દ્રવ્યના અનંત ગુણોને, એક ગુણની અનંતશક્તિપર્યાયોના જે એક જ સ્વરૂપે ભાવ પ્રગટ થાય છે, તેને પણ નિશ્ચયભાવ જાણવો.'** શું કહે છે? **'જે એક દ્રવ્યના અનંત ગુણોને..'** જરા ધીરે ધીરે ચાલવું પડે એવું છે. એક દ્રવ્ય છે. એના અનંત ગુણોને એક જ સ્વરૂપે, પછી કોમા કર્યો છે એટલે વચ્ચેની પર્યાયની વાત છોડીને સીધી લઈએ કે કેવી રીતે એ વાંચવું જોઈએ. **'એક દ્રવ્યના અનંત ગુણોને એક જ સ્વરૂપે ભાવ પ્રગટ થાય છે, તેને પણ નિશ્ચયભાવ જાણવો.'** અને **'એક ગુણની અનંતશક્તિપર્યાયોના જે...'** એક ગુણમાં રહેલી જે અનંત શક્તિ, એની પર્યાયોના **'જે એક જ સ્વરૂપે ભાવ પ્રગટ થાય છે,...'** ક્યાં વજન છે અહીંયાં? ગુણ અને પર્યાયનો એક જ સ્વરૂપે ભાવ પ્રગટ થવો એના ઉપર વજન છે. એને નિશ્ચયભાવ જાણવો.

અધ્યાત્મ શાસ્ત્રોમાં એક શબ્દનો પ્રયોગ ઘણી જગ્યાએ આવે છે. હવે ધ્યાન ખેંચજો. **'હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન દર્શનમય ખરે.'** ત્યાં 'એક' શબ્દ વાપર્યો છે. એવો એક શબ્દનો પ્રયોગ અનેક જગ્યાએ આવે છે. 'પરમાત્મ પ્રકાશ'માં તો ખુબ જ આવે છે. કેટલીયે ગાથાઓમાં, ટીકાકાર તો ગાથાએ ગાથાએ વાત લે છે. હું એક છું, એક છું, એક છું, એક છું, એક છું.. એમાં શું કહેવું છે? એમાં નિશ્ચય કહેવો છે, એમ કહેવું છે. એ એકમાંથી આ વાત 'દીપચંદજી'એ ખોલી છે. એકપણું શું છે? એટલે બહુ એનો એકદમ ઊંડો અર્થ લીધો છે.

જીવને નિશ્ચય સ્વરૂપનો અનુભવ થાય છે ત્યારે પોતાના એક સ્વરૂપનો અનુભવ

થાય છે. હું એક છું, એમાં ઘણાં ભાવ ભર્યા છે. એક છું એટલે અનંત અનેકથી ભિન્ન છું, એ પણ એમાં આવી જાય છે. એક છું એટલે મારા નિજ જાતિ ગુણ-પર્યાયોથી અભેદ છું એમ પણ એમાં આવી જાય છે. એકમાં અભેદતા આવી જાય છે. અને એક કહેતાં અનેકપણાનો વિલય થતાં નિર્વિકલ્પતા આવી જાય છે. એકમાં નિર્વિકલ્પપણું, અભેદપણું એ બધું સ્થાપી દેવું છે અને બધાથી જુદાપણું-ભિન્નપણું આ બધું એમાં (આવી જાય છે). 'એક' શબ્દમાં તો કેટલાય ભાવ આવે છે.

મુમુક્ષુ :- એક નિશ્ચય જાનિયે..

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'રમી રહીએ ઇક ઠોર.' એક ઉપર ઘણું (વજન છે).

અધ્યાત્મ શાસ્ત્રોમાં 'એક' શબ્દનો પ્રયોગ ઠામ ઠામ જોવામાં આવે છે. જ્યાં એ વિષય ચાલે છે ત્યાં ચાલતા વિષયમાં નિશ્ચય સ્વરૂપના ઊંડાણમાં જાઓ તો એનો ભાવ ત્યાં ભાસે છે. કથનશૈલી ઉપરથી. કે અહીંયાં એકમાં કેવો ભાવ લેવો છે, અહીંયાં એકમાં કેવો ભાવ લેવો છે, અહીંયાં એકમાં કેવો ભાવ લેવો છે. તો એમાં અનેક ભાવ ભાસે છે. અથવા એ રીતે સર્વાંગી એકપણાનો ભાવ તે પણ નિશ્ચય ભાવ જાણવો. તે પણ સત્યભાવ જાણવો. પદાર્થનો તે સત્યભાવ જાણવો અથવા નિશ્ચયભાવ જાણવો.

જે એક દ્રવ્યના ગુણોને અને એક ગુણની અનંત પર્યાયોના જે એક જ સ્વરૂપે ભાવ પ્રગટ થાય. એમ લેવું છે. એક જ સ્વરૂપે ભાવ પ્રગટ થાય. બે સ્વરૂપે નહિ, એક સ્વરૂપે નહિ. જેવું આત્મત્વ છે, અનંત ગુણોનું જે આત્મત્વ છે તે એકપણું છે. આપણે બહુ નજીકતા હોય ત્યારે નથી કહેવાતું? કે અમારે આત્મીયતા ઘણી છે. પરસ્પર આત્મીયતા ઘણી છે. એટલે એકમેકપણું છે. ઈ એકમેકપણાને આત્મીયતા કહે છે. ઈ એકમાંથી આત્મત્વ આખું જે સમજાય છે તે નિશ્ચયરૂપ જાણવું. તે નિશ્ચયભાવ જાણવો. એમ લેવું છે.

મુમુક્ષુ :- ભાવાર્થમાં છેલ્લે Paragraph આપ્યો છે. ત્યાં ૨૭ પાને.

પૂજ્ય ભાઈશ્રી :- '**વળી, અનંત ગુણોના એક પુંજભાવને દેખવો, પણ (ગુણને) જુદા ન દેખવા; તેમ જ અનંત શક્તિ વડે જે ગુણ છે...**' એને દેખવાની શૈલીથી લેવું. આમ દેખવું, આમ દેખવું, આમ દેખવું. જોવાની શૈલી.

મુમુક્ષુ :- 'ચિદ્‌વિલાસમાં' આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'ચિદ્‌વિલાસ'માં 'નિશ્ચય'ના પ્રકરણમાં આ Paragraph છે. હમણાં બે દિવસ પહેલાં જ આપણે ત્યાંથી Reference લીધો હતો. પછી જોયું તો આમાં પણ છે. આમાં પણ નિશ્ચયનું પ્રકરણ છે એટલે આમાં જોયું. આમાં

પણ એ જ Paragraph છે.

મુમુક્ષુ :- અનુભવનો પ્રયોગ.

પૂજ્ય ભાઈશ્રી :- એ અનુભવ ઉપર લઈ જવા માટે જ છે. આ સિવાય બીજું કેટલું કેટલું છે. એક જ વાત છે. એ જ શ્લોક છે. નિશ્ચયનો શ્લોક અહીંયાં 'ચિદ્‌વિલાસ'માં મૂક્યો છે.

**येषां गुणानां प्रचयं निजस्वभावं च अभेदभावं च।**
**द्रव्यपरिणमनाधीनं तं निश्चयं भणितं व्यवहारेण।।११।।**

એ શ્લોક અહીંયાં મૂક્યો છે. જે નિશ્ચયનો શ્લોક અહીંયા મૂક્યો છે, એ જ અહીંયાં મૂક્યો છે. 'આત્માવલોકન'માં મૂક્યો છે, એ 'ચિદ્‌વિલાસ'માં મૂક્યો છે.

'**(૧) જે નિજ અનંત ગુણો (છે) તેનો જે પરસ્પર એક જ સમૂહપુંજ તે નિશ્ચયનું રૂપ જાણવું. (૨) એક નિજ દ્રવ્યના અનંત ગુણપર્યાયોનું જે કેવળ નિજ જાતિ સ્વરૂપ તે પણ નિશ્ચયનું રૂપ જાણવું. (૩) એક નિજ દ્રવ્યના અનંત ગુણોને એક કહેવા (તેમ જ) ગુણના અનંત પર્યાયોને જે એક જ સ્વરૂપથી ભાવવા.**' એટલી અહીંયાં (ચિદ્‌વિલાસમાં) ભાષા બદલાણી છે. '**એક નિજ દ્રવ્યના અનંત ગુણોને એક કહેવા (તેમ જ) ગુણના અનંત પર્યાયોને જે એક જ સ્વરૂપથી ભાવવા...**' આટલું ફેરવ્યું. '**(૪) તે જ દ્રવ્યને (આધીન) પરિણામ પરિણમે,...**' એ પછી અહીંયાં બીજી વાત લીધી છે. આધીન પરિણામની. દ્રવ્ય પરિણામને પરિણમવાને આધીન જે ભાવ અને '**અન્ય પરિણામે ન પરિણમે...**' દ્રવ્યના પરિણામે અને અન્ય પરિણામ રૂપે ન પરિણમે. તેને નિશ્ચય જાણવો. '**એવા એવા ભાવોને વ્યવહારદ્વારથી નિશ્ચય સંજ્ઞા કહી.**' એવા એવા વચન દ્વારા નિશ્ચય સંજ્ઞા કહી. થોડી ભાષાફેર છે.

આમાં વધારે સ્પષ્ટ થાય છે. '**હે સંત! આ નિજ નિજ અનંત ગુણો...**' એ Paragraph પણ એમ જ છે. '**વળી જે જે ગુણ જે જે સ્વરૂપને ધારણ કરીને...**' એ પણ એ જ વાત છે. '**વળી, અનંત ગુણોના એક પુંજભાવને દેખવો,...**' એ પણ એક જ વાત છે. 'ચિદ્‌વિલાસ'નું પ્રકરણ વંચાય જશે. '**વળી, હે સંત! ગુણના પુંજ વિષે તો કોઈ (જુદો) ગુણ નથી...**' આપણે ઘરે મેળવ્યું નથી, હોં! આ તો અહીંયાં વિચાર આવ્યો. એક Paragraph લખ્યો છે તો આખા પ્રકરણમાં ક્યાં ક્યાં ફેર છે? આખું પ્રકરણ એમ જ છે. '**વળી, હે સંત! ગુણના પુંજ વિષે તો કોઈ (જુદો) ગુણ નથી-એ વાત તો નિઃસંદેહ છે.**'

જુદો ગુણ ક્યાં રહ્યો? (આત્માવલોકનમાં) એમ સીધું લીધું છે ને? '**ગુણના પુંજમાં તો.. તે ગુણોના પરિણામને ધારણ કરીને પરિણમે છે. .. તે ભાવ તે**

**ગુણોના પરિણામથી જુદો નથી. તે ભાવભર્યાપણે પરિણમે છે માટે તે (જુદો ગુણ) ક્યાં રહ્યો?**' એટલી વાત નથી લીધી. '**જેમ પુદ્ગલવસ્તુમાં...**' આમાં Paragraph પાડ્યો છે, આમાં Paragraph નથી પાડ્યો. '**જેમ પુદ્ગલવસ્તુમાં તો સ્કંધનો કર્મવિકાર કોઈ ગુણ તો નથી, પરંતુ તે પુદ્ગલવસ્તુના પરિણામ, તે સ્કંધના કર્મવિકારભાવનો સ્વાંગ ધારણ કરીને પરિણમે છે.**'

'**વળી, દ્રવ્યના પરિણામ આ કર્મવિકારભાવને ધારણ કરીને પરિણમે,...**' નીચે છેલ્લી લીટી '**તે પોતપોતાના જ દ્રવ્યપરિણામવિષે જ હોય છે-તે તે દ્રવ્યના પરિણામ આશ્રિત હોય છે-તે પણ નિશ્ચયસંજ્ઞાનું નામ પામે.**' અહીં સુધી છે. પછી 'ચિદ્‌વિલાસ'માં થોડુંક આગળ છે. અહીં સુધી તો બરાબર 'ચિદ્‌વિલાસ'નો જ વિષય છે. છે, આ બાજુ છે. ઇતિ નિશ્ચય કરીને. '**વળી 'ખ' કારથી બીજા પણ નિશ્ચયભાવ જાણવા.**' ઠીક છે. ઓહો..! ઘણી વાતો છે.

મુમુક્ષુ :- પછી ૨૯ પાને..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ 'સ્વામી કાર્તિકેય'ની ૩૨૧-૩૨૨ ક્રમબદ્ધની ગાથાઓ પણ લીધી છે. ૩૨૧-૩૨૨. જે જે કાળે જે થવું હોય તે થાય. એવું વિધાન છે. જે દેશમાં, જે કાળમાં જે વિધાનથી જે નિયમથી થાય, એ એમ જ થાય છે. તેને ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર, કોઈ તીર્થંકર ફેરવી શકતા નથી.

ભાવાર્થમાં '**કહેવામાં તો એક જુદું રૂપ લઈને કહીએ છીએ...**' '**વળી, કોઈ દ્રવ્ય (બીજા) કોઈ દ્રવ્ય સાથે ન મળે,...**' '**નિશ્ચયનો સામાન્ય અર્થ તો આટલો કહીએ-સંક્ષેપથી આટલો જ જાણવો. નિજ વસ્તુ સાથે જે...**' '**કર્તા ભેદ વિષે (તેમ જ) કર્મ ભેદ વિષે...**' '**સ્વભાવ ગુપ્ત છે...**' '**જિનાગમને વિષે એમ કહે છે...**' Dicto to dicto નિશ્ચયનું આખું પ્રકરણ છે. ક્યાંક ક્યાંક વાક્યરચનામાં અને શબ્દરચનામાં ક્યાંક ફેર છે, પણ કહેવા તો એક જ વાત માગે છે, બે વાત કહેવા માગતા નથી. આખું નિશ્ચયનું પ્રકરણ જે 'ચિદ્‌વિલાસ'નું છે એ સીધું આખે આખું પ્રકરણ જ આમાં લઈ લીધું છે. વિશેષ લઈશું...

## તા. ૨૧-૫-૧૯૮૬, પાના નં. ૨૬
## પ્રવચન નં. ૨૦

'આત્માવલોકન'. 'નિશ્ચય લક્ષણ' એ પ્રકરણ છે. નિશ્ચય કોને કોને કહેવો? નિશ્ચય એવું નામ ક્યાં ક્યાં આપવામાં આવે છે? અથવા નિશ્ચયનો વ્યવહાર ક્યાં કરવામાં આવે છે? મૂળ શ્લોકમાં એ વાત લીધી છે. '**तं निश्चयं भणितं व्यवहारेण**'. નિશ્ચય એવું નામ એટલે નિશ્ચય એવું નામ ક્યાં ક્યાં આપવામાં આવે છે? કોને કોને આપવામાં આવે છે? શા માટે આપવામાં આવે છે? એ પણ એક વ્યવહાર થયો ને.

ભાવાર્થ :- '**હે સંત! જે આ નિજ નિજ અનંતગુણો મળી થયેલો એક પિંડભાવ...**' અનંત ગુણોની એકતાથી, અનંત ગુણોની અભિન્નતાથી બનેલો એક પિંડ ભાવ, એકરૂપ સંબંધ અથવા તાદાત્મ્ય સંબંધ, '**તેને ગુણનો પુંજ કહેવામાં આવે છે.**' શું કહે છે? અનંત ગુણોનો એકરૂપ તાદાત્મ્ય સંબંધ. ગુણ અનંત. એ અનંતે ગુણ અનંત ગુણરૂપ જ રહે છે. એમાં બીજી રીતે કાંઈ થતું નથી. અનંતે ગુણ અનંત ગુણરૂપ જ રહે છે. પણ છતાં એ બધાનું એકરૂપ છે, એવું જે ગુણપણું અથવા અનંત ગુણના એક અખંડ સત્ત્વને, અનંત ગુણની એક સત્તાને, અનંત ગુણની અનંત સત્તાને નહિ પણ અનંત ગુણની એક સત્તાને, અનંત ગુણના એક દળને વસ્તુ એવું નામ આપવામાં આવે છે. આમ ગુણથી વસ્તુ કહી.

ખરેખર વસ્તુ એક છે, અખંડ અભિન્ન છે, અભેદ છે. એ વસ્તુને પોતાના અનંત ગુણની વિશિષ્ટતાઓ છે. એક વસ્તુને, એક સત્તાધારી વસ્તુને પોતાના અનંત ગુણોની વિશિષ્ટતાઓ રહેલી છે. પણ વસ્તુ એક જ છે. એ વાત અહીંયાં ગુણથી લીધી કે અનંત ગુણો એનું એક સત્ત્વ, અનંત ગુણોનું એક સત્ત્વ, એને અનંત ગુણોનો પુંજ કહેવો. એક સમૂહ કહેવો. સમૂહ તો ભેગા મળે ત્યારે સમૂહ કહે છે. ભેગા મળે ત્યારે પુંજ કહે છે. એમ નહિ. એ બધાનું તાદાત્મ્યપણું છે. એક વસ્તુમાં એક વસ્તુભૂતપણે બધા ગુણો છે. બધા ગુણો ભિન્ન ભિન્ન હોવા છતાં એક વસ્તુભૂતપણે છે. વસ્તુતાએ બે વસ્તુભૂતપણે નથી, અનેક વસ્તુભૂતપણે નથી. એને વસ્તુ એવું નામ આપવામાં આવે છે.

'**તે આ વસ્તુત્વનામ ગુણોના પુંજ વિના બીજા કોને કહેવું? આ ગુણપુંજને વસ્તુ કહેવામાં આવે છે. તે આ વસ્તુત્વને નિશ્ચયસંજ્ઞા જાણવી.**' આ વસ્તુનું સાચું

સ્વરૂપ હોવાથી, વસ્તુનું આ ખરું સ્વરૂપ હોવાથી આને નિશ્ચય એવું નામ આપવામાં આવે છે. અનંત ગુણના એકરૂપ દળને, અનંત ગુણની એકરૂપ સત્તાને વસ્તુ એવું નામ દેવામાં આવે છે. તે વસ્તુને નિશ્ચય એવું નામ દેવામાં આવે છે. તે વસ્તુ નિશ્ચય છે.

મુમુક્ષુ :- અસંખ્યાત પ્રદેશી આત્મા છે. તો એમાં બધા પ્રદેશમાં બધા ગુણોનું એકરૂપ છે?

પૂજ્ય ભાઈશ્રી :- બધા પ્રદેશમાં એટલે આમ તો અસંખ્ય પ્રદેશ પણ પરમાણુના માપની કલ્પના છે. તાકો વીસ વારનો છે. એ વીસ વારની કલ્પના છે. તાકો એક સળંગ છે. અખંડ છે. કાપડનો તાકો. એમ વસ્તુ અખંડ ચૈતન્યપિંડ અખંડ પ્રદેશી છે. એ અખંડ પિંડને અનંત ગુણો છે. ચૈતન્યપિંડને-આત્માને અનંત ગુણો છે. તો અનંતે અનંત ગુણો એ એક વસ્તુની અનંત પ્રકારની વિશિષ્ટતાઓને પ્રસિદ્ધ કરે છે. આમ ખરેખર છે. એ અનંત પ્રકારની જે વિશિષ્ટતા, કેમકે દ્રવ્ય તો ગુણવિશિષ્ટ છે, દ્રવ્ય છે એ વિશેષ્ય છે. અને ગુણ એનું વિશેષણ છે. વિશેષણ-વિશેષ્ય ભણવામાં આવે છે ને? એ ગુણ છે એ વસ્તુની વિશેષતાને સૂચિત કરે છે કે વસ્તુમાં આવી આવી વિશેષતાઓ રહેલી છે. પણ એક વસ્તુની અનેક વિશેષતાઓ છે તે એક વસ્તુની છે. અહીંયાં એક વસ્તુપણું બતાવવું છે. અનેક ગુણવિશિષ્ટ હોવા છતાં વસ્તુ એક છે. તે વસ્તુ એક વસ્તુપણું તે નિશ્ચય વસ્તુનું સ્વરૂપ છે. એમ અહીંયાં નિશ્ચયસંજ્ઞા આપી છે. તેને નિશ્ચયસંજ્ઞા કહીએ. '**આ ગુણપુંજને વસ્તુ કહેવામાં આવે છે. તે આ વસ્તુત્વને નિશ્ચયસંજ્ઞા જાણવી.**' એ દ્રવ્યની વાત કરી. હવે ગુણની વાત કરે છે.

'**વળી, જે જે ગુણ, જે જે જેવું જેવું રૂપ ધારણ કરી ઊપજ્યો છે...**' અથવા તો જે જે ગુણ જેવું જેવું રૂપ ધારણ કરીને અનાદિઅનંત રહેલો છે. ઊપજ્યો છે એટલે કોઈ વસ્તુમાં નવો ગુણ ઊપજ્યો છે એમ નહિ. પણ વસ્તુ સાથે અભેદપણે અનાદિઅનંતપણે પોતાના સ્વરૂપે રહેલો છે. રૂપ એટલે અહીંયાં સ્વરૂપ લેવું. '**તે તે ગુણ પોતપોતાનું તેવું તેવું રૂપ...**' એટલે તેવું સ્વરૂપ ધારણ કરે અને '**એક ગુણ બીજા ગુણથી તો પોતાના જુદારૂપે અનાદિઅનંત રહે છે,...**' એ ઊપજ્યો છે છતાં અનાદિઅનંત છે એમ શા માટે અર્થ કરવો? કે આગળ જતાં પોતે જ કહે છે કે પોતાના સ્વરૂપે અનાદિઅનંત રહે છે. એટલે નવો ઊપજ્યો એ વાત રહેતી નથી. જે ગુણ છે, પોતાના સ્વરૂપે છે તે ગુણ કદી બીજા ગુણસ્વરૂપે ન થાય, એમ કહેવું છે. એકવસ્તુભૂત હોવા છતાં, સર્વ ગુણો એકવસ્તુભૂત હોવા છતાં, અનંતેઅનંત સર્વ

ગુણ એકવસ્તુભૂત હોવા છતાં, કોઈ એક ગુણ બીજા ગુણસ્વરૂપે ન થાય. અનાદિઅનંત પોતાના સ્વરૂપે રહે. અસ્તિત્વગુણ અસ્તિત્વપણે જ રહે. જ્ઞાનગુણ જ્ઞાનગુણપણે જ રહે, આનંદગુણ આનંદગુણપણે જ રહે, શ્રદ્ધાગુણ શ્રદ્ધાગુણપણે રહે અનાદિઅનંત. કોઈ ગુણ કોઈ ગુણ રૂપે કદી ન થાય.

એવી રીતે પરમાણુમાં લેવું. પરમાણુમાં રંગગુણ છે એ રંગગુણપણે રહે. અને સ્પર્શગુણ છે એ સ્પર્શગુણપણે રહે. સ્પર્શગુણ ક્યારેય પણ પલટીને વર્ણગુણપણે ન થાય કે રસગુણપણે ન થાય. એમ ગુણ ક્યારે પણ પલટી જાય અને બીજા ગુણ સ્વરૂપે થઈ જાય એવો વસ્તુમાં એક પણ ગુણ ક્યારેય ઘટે, ક્યારેય વધે કે ક્યારેય કોઈ ગુણોનું મિશ્રણ થાય એવું બનતું નથી. અનાદિઅનંત ગુણ પોતાના સ્વરૂપને ધારણ કરીને બીજા ગુણથી જુદાં સ્વરૂપે રહે છે. બીજા ગુણથી એ જુદાં સ્વરૂપે રહે છે. કોઈ ગુણ કોઈ ગુણના સ્વરૂપે થઈ જતો નથી.

'**આવું જે જુદું રૂપ તેને નિજજાતિ કહેવામાં આવે છે.**' તે ગુણની તે નિજ જાતિ છે. આવું જે જુદું રૂપ છે, તે ગુણની તે નિજ જાતિ છે, સ્વ જાતિ છે, પોતાની જાત છે. એ પોતાની જાત પોતાની જાતપણે રહે છે, બીજાની જાતપણે થાય નહિ. જાતિ એટલે એનો સ્વભાવ લેવો. ગુણનો શું સ્વભાવ છે? પ્રત્યેક ગુણમાં મુખ્ય ગુણો છે. શ્રદ્ધાન છે, જ્ઞાન છે, આચરણ છે, આનંદ છે એનો જાતિ સ્વભાવ શું છે? એનું સ્વરૂપ શું છે? સ્વભાવ સ્વરૂપ શું છે? એ રીતે એ ગુણને ઓળખવો.

'**તે આપોઆપ અનાદિનિધન છે.**' એવું જે નિજ જાતિ કહેવામાં આવે છે તે આપોઆપ અનાદિનિધન છે. પાનું-૨૭. '**તે રૂપ કોઈ અન્ય રૂપની સાથે ન મળે,...**' એવું જે નિજ જાતિ રૂપ છે એ અનાદિઅનંત છે. આપોઆપ એટલે પોતાની મેળે, સ્વતઃ, કોઈને કારણે નહિ. દરેક ગુણનું અનાદિઅનંતપણું પોતપોતાના કારણે છે, કોઈના કારણે નથી. અને કોઈ ગુણ પોતાનું જાતિ સ્વરૂપ બદલીને બીજા ગુણની જાતિએ થાય, બીજા ગુણસ્વરૂપે થાય એવું પણ મળીને કદી એકબીજામાં મળવાપણું થતું નથી. જુઓ! કેવી વસ્તુની સ્થિતિ છે!

જેમ આકાશના એક ક્ષેત્રે આકાશ ઉપરાંત બીજાં પાંચ દ્રવ્ય (રહે છે). એટલે એક ક્ષેત્રે છએ દ્રવ્ય રહ્યા હોવા છતાં કોઈ પોતાના સ્વરૂપનો ત્યાગ કરીને કોઈની સાથે મળતા, મિશ્રણપણું કોઈનું થતું નથી. છ દ્રવ્યમાં આપસમાં કોઈ કોઈને દ્રવ્યથી દ્રવ્ય મળતું નથી. એમ ગુણ પણ એક સત્તાભૂત હોવા છતાં, એક વસ્તુભૂત હોવા છતાં કોઈ ગુણ પોતાની સ્વભાવ જાતિને મિટાવીને અથવા પોતાનું મૂળ સ્વરૂપ મિટાવીને કોઈ બીજા ગુણ સાથે મળે એવું બનતું નથી. પેલું તો આખું દ્રવ્ય જ ભિન્ન ભિન્ન

સત્તાએ રહે છે. અહીંયાં સત્તા ભિન્ન થતી નથી. એક સત્તા હોવા છતાં એક સત્તાની સર્વ વિશિષ્ટતાઓ, ગુણરૂપ વિશિષ્ટતાઓ, શક્તિરૂપ વિશિષ્ટતાઓ અનાદિઅનંત જે તે સ્વરૂપે છે, તે તે સ્વરૂપે જ રહે છે. એમાં કાંઈ ફેરફાર થતો નથી.

**'તે રૂપ કોઈ અન્ય રૂપની સાથે ન મળે. વળી જે રૂપ તે જ ગુણ તે જ રૂપ આવું જે તાદાત્મ્યલક્ષણ પણ જો કોઈ તે રૂપની નાસ્તિ ચિંતવે તો તેણે તેવા ગુણની નાસ્તિ ચિંતવી.'** એટલે જે ગુણ જેવા સ્વરૂપે છે તે ગુણને તેવા સ્વરૂપને ન સ્વીકારવામાં આવે તો તેણે તે ગુણનો અસ્વીકાર કર્યો છે, તે ગુણને માન્યો નથી. 'ગુરુદેવ' પ્રવચનમાં કહેતા કે એક ગુણને ન માને તે આખા દ્રવ્યને માનતો નથી. જેમ આપણે એમ કહીએ કે શ્રીગુરુની એક વાતને ન માને તે એની કોઈ વાતને માનતો નથી. પણ હજાર વાતમાંથી ૯૯૯ની તો હા પાડી. એકમાં અમને નથી બેસતું. તો કહે છે, તને એક્કેય વાત બેસતી નથી. કેમકે પ્રયોજનનો વિષય એવો છે કે એ બધી વાતોની શ્રૃંખલા એકબીજાની સાથે તાત્ત્વિક સંબંધ છે. જો તને એક વાત નથી બેસતી તો બીજી પણ એની સાથે સંબંધ ધરાવનારી વાતો છે એ એક્કેય બેસતી નથી.

એમ અહીંયાં કહે છે કે એક ગુણને ન માન્યો એણે આખી (વસ્તુને નથી માની). પણ અનંત ગુણ છે એમાં એકને ન માન્યો તો શું થઈ ગયું? એણે આખી વસ્તુને માની નથી. કેમકે એ ગુણ એ વસ્તુનું રૂપ છે, વસ્તુનું સ્વરૂપ છે. એણે વસ્તુને માની નહિ. અથવા વસ્તુની એણે અન્યથા કલ્પના કરી છે.

મુમુક્ષુ :- અનંતમાં બધાને માને અને એકને ન માને..

પૂજ્ય ભાઈશ્રી :- આખી વસ્તુ બદલી જાય છે. વસ્તુ એવી નથી. એક ગુણને એણે ન માન્યો એટલે બાદ કર્યો. એવી વસ્તુ નથી પણ. વસ્તુ એવી નથી એટલે એણે આખી વસ્તુને ન માની. એક ગુણ રહિત વસ્તુ તો નથી, વસ્તુ તો એ ગુણ સહિત છે. તો એણે વસ્તુને કેવી માની? કે એ ગુણ વિનાની માની. તો એણે આખી વસ્તુ જ બીજી રીતે માની. એટલે એણે વસ્તુને માની નથી. એમ થઈ ગયું. કેમકે સંબંધ છે એની સાથે. આ તો ગુણની વાત છે. પણ પર્યાયની પણ એવી જ વાત છે. અનાદિઅનંત પર્યાયમાં સ્વકાળમાં પોતપોતાના સ્વસ્થાનમાં દરેક પર્યાય સ્વકાળમાં જ છે. એમાંથી એક પર્યાયને કાઢી નાખે તો એ વસ્તુને માનતો નથી. કાઢી નાખવી તો એક બાજુ રહી, પણ એની કલ્પનામાં આઘીપાછી કરે તોપણ એ વસ્તુને માનતો નથી. આમ છે. કડક શરત છે જરા. કરુ કરુના પુરુષાર્થવાળાને મુશ્કેલી પડે એવું છે. એક પર્યાયને આઘીપાછી ન કરવી પણ અમારે અત્યારે સમ્યગ્દર્શન

જોઈએ, એનું શું? અત્યારે જોઈએ એના કરોડ ઉપાય, કોટિ ઉપાય કર તોપણ નહિ થાય. તારા કાલ્પનિક ઉપાયથી, કલ્પિત ઉપાયથી કાંઈ થવાનું નથી. એટલે એણે પોતાનું જે સ્વરૂપ છે એ જેમ છે એમ સ્વીકારવું રહ્યું. આગમથી, ગુરુવચનોથી વસ્તુના સ્વરૂપને સમજીને એણે સ્વીકારવું જ જોઈએ, બીજો એમાં કોઈ ઉપાય રહેતો નથી.

પોતાની કલ્પનાએ ગડબડ કરે તો ન ચાલે. કલ્પના થવાના તો ત્રણ કારણો આપણે સ્પષ્ટ છે. ઓઘસંજ્ઞા, લોકસંજ્ઞા અને અસત્સંગ. આ ત્રણને કારણે જીવને વસ્તુનું સ્વરૂપ આગમમાં સમજાય એવી રીતે સ્પષ્ટ કહ્યું હોવા છતાં જીવ એમાં કાંઈને કાંઈ કલ્પના કરી બેસે છે.

એટલે અહીંયાં એ કહ્યું કે, જે રૂપે જે સ્વરૂપે જે ગુણ છે, તે ગુણ વસ્તુની સાથે તાદાત્મ્યપણું ધરાવે છે એવું તાદાત્મ્ય લક્ષણ છે એટલે. શા માટે એ ગુણની નાસ્તિ ચિંતવે તો એ ન ચાલે? કે વસ્તુ સાથે તાદાત્મ્ય ધરાવે છે. તદાત્મ્ય સ્વરૂપ વસ્તુ છે. જે ગુણ છે તેના આત્મસ્વરૂપે, તદાત્મ્ય સ્વરૂપે વસ્તુ છે. એ ગુણને કાઢી નાખ તો વસ્તુ નીકળી જાય છે. આમ થાય છે. તાદાત્મ્ય લક્ષણ શબ્દ વચ્ચે નાખ્યો છે.

**'જે રૂપ તે જ ગુણ તે જ રૂપ આવું જે તાદાત્મ્યલક્ષણ પણ જો કોઈ તે રૂપની નાસ્તિ ચિંતવે તો તેણે તેવા ગુણની નાસ્તિ ચિંતવી, એવું જે પોતપોતાનું રૂપ છે, તે રૂપને નિજજાતિસ્વભાવ કહેવામાં આવે છે.**' એણે એક ગુણને બાદ કરતાં પોતાના જાતિસ્વભાવને ખતમ કર્યો. એના જાતિસ્વભાવને એણે ખલાસ કર્યો. એમ છે. ગુણ છે એ તો એનું જાતિસ્વરૂપ છે, મૂળ જાતિસ્વરૂપ છે. એણે ગુણને ન માન્યો તો એણે પોતાની જાતને માની નથી.

મુમુક્ષુ :- વચન મળીને એક આગમ બને છે. એમાંથી કોઈ એક વચનને કાઢી નાખે. આ ન્યાય લાગુ પડે?

પૂજ્ય ભાઈશ્રી :- એમાંથી એક વચનને કોઈ ખોટું ઠરાવે. કાઢી નાખે એટલે ખોટું ઠરાવે. તો આખું આગમ ખોટું ઠર્યું. અને આગમના કહેનારા પણ અસત્યવાદી થયા કે ન થયા? કે આટલા ટકા સત્યવાદી અને આટલા ટકા અસત્યવાદી થયા? અન્યમતના શાસ્ત્રોમાં જૈનમત જેવી અનેક વાતો આવે છે. અને એ સિવાય પણ કેટલીક કલ્પિત વાતો આવે છે. તો અન્યમતના આગમ આટલા ટકા સાચા અને આટલા ખોટા એમ કહેવું? એ વાત અહીંયાં ટકાવારીમાં ઉતારી શકાય નહિ.

અથવા આગમની ધારણાથી પ્રયોજનભૂત વિષયમાં ઘણી વાતો આગમ અનુસાર કોઈ કહે અને એ પ્રયોજનભૂત વિષયમાં એક વાત વિપરીત કહે તો એની ટકાવારી મૂકાય કે ન મૂકાય? એનું બધું ખોટું છે. એક્કેય વાત એની સાચી રહેતી નથી.

આમ છે. અહીંયાં પણ વસ્તુના ગુણ-પર્યાયમાં કાંઈ આઘુંપાછું ચાલે એવું નથી. 'ગુરુદેવશ્રી' એમ કહેતા કે આમાં એક અક્ષર, શબ્દ, માત્રા આઘોપાછો કરે એટલે તત્ત્વનું ખૂન થઈ જાય છે. આખું તત્ત્વ બદલાઈ જાય છે. તત્ત્વ થોડું ખંડિત થાય છે એમ નથી કહેતા, તત્ત્વનું જ ખૂન થઈ જાય છે આની અંદર. એટલે એ રીતે ચાલી શકે નહિ.

મુમુક્ષુ :- કલ્પના ન ચાલે,... ન સમજાય તો...

પૂજ્ય ભાઈશ્રી :- આખી વસ્તુ વિપરીત થઈ જાય છે, કલ્પિત થઈ જાય છે.

**'તે રૂપને નિજજાતિસ્વભાવ કહેવામાં આવે છે. એવા નિજરૂપને નિશ્ચયસંજ્ઞા કહેવામાં આવે છે.'** એવું જે નિજરૂપ, એવું જે જાતિસ્વભાવપણું તેને પણ નિશ્ચયસંજ્ઞા કહેવામાં આવે છે. આમ ગુણસ્વભાવથી અને અનંત ગુણસ્વભાવથી, બે રીતે નિશ્ચયસંજ્ઞા સ્થાપી. એક ગુણસ્વભાવથી અને એક અનંત ગુણસ્વભાવથી. પહેલાં દ્રવ્યની વાત કરી, પછી ગુણની વાત કરી.

હવે, ત્રીજામાં એમ કહેવું છે કે એ દ્રવ્ય-ગુણની વાત કરી એને જોવાનો દૃષ્ટિકોણ કેવો હોય? એને જાણવાનો દૃષ્ટિકોણ, દેખવાનો દૃષ્ટિકોણ કેવો હોવો જોઈએ? તો તે યથાર્થ જણાય. અથવા યથાર્થ સમ્યગ્જ્ઞાનમાં તે કઈ રીતે દેખવા-જાણવામાં આવે છે? એ ત્રીજા Paragraph માં જરા વિશિષ્ટ વાત કરી છે.

**'વળી અનંત ગુણોનો એક પુંજભાવ દેખવો, પણ ગુણને જુદા ન દેખવા.'** જ્યારે વસ્તુને જાણવી છે, વસ્તુને જાણનારો, નિશ્ચય વસ્તુને જાણનારો જે જ્ઞાનનો પર્યાય છે એ જ્ઞાનના પર્યાયને કેવો દૃષ્ટિકોણ હોય? કે વસ્તુના અનંત ગુણોના એકરૂપને જોવે છે કે દેખે છે, જાણે છે, પણ તેમાં ગુણભેદને તે જાણતો નથી. તે ગુણભેદને ન દેખે. જેમકે સોનામાં અનેક ગુણ છે. છતાં સોનું એમ કહેતાં બધા ગુણોનું જ્ઞાન અભેદપણે વિકલ્પ કર્યા વિના, ભેદ પાડ્યા વિના એમાં રહી જાય છે. સોનું એમ કહ્યું. એક તોલો સોનું. એટલે એનું આખું પરિજ્ઞાન થઈ ગયું. એમાં એના ગુણવિચારમાં જાય પછી એનું જ્ઞાન થાય, અનેક વિશિષ્ટતાઓમાં જાય પછી એનું જ્ઞાન થાય, એવી રીતે એ જ્ઞાન નથી થતું. સીધું નામ પડતાં જ એનું જ્ઞાન પૂરેપૂરું થઈ જાય છે. એવું એક જ્ઞાનને પણ વસ્તુને અભેદપણે જાણવાની જ્ઞાનની એક પદ્ધતિ છે. એ પદ્ધતિએ વસ્તુને જોવી. ગુણભેદથી ન જોવી, એમ કહે છે.

**'વળી અનંત ગુણોના એક પુંજભાવ દેખવો, પણ ગુણને જુદા ન દેખવા, વળી અનંત શક્તિવાન જે ગુણ છે, તે એક ગુણને જ દેખવો, તે શક્તિઓને (તે પર્યાયોને) ન દેખવી.'** શક્તિઓને એટલે અહીંયાં તે પર્યાયોને ન દેખવી. અનંત

શક્તિવાન છે એટલે સામર્થ્ય નહિ. એક ગુણને અનાદિઅનંત એની અનંત પર્યાયો છે. તે એક ગુણને જ દેખવો. અનાદિઅનંત પર્યાયના પિંડરૂપ એક ગુણને દેખવો. પણ તેની કોઈ પર્યાયની મુખ્યતાથી ગુણને ન દેખવો, એમ કહે છે. ગુણનું જ્ઞાન એવી રીતે કરવું. એક પર્યાયથી એને (ન જોવો). એટલે જઘન્ય, ઉત્કૃષ્ટ એવા ભેદ ન દેખવા. ગુણમાં એવા પર્યાયની જઘન્યતા, મધ્યમતા, ઉત્કૃષ્ટતાના ભેદ ન દેખવા. ગુણને ગુણસ્વરૂપે, સામાન્ય સ્વરૂપે, ગુણના સામાન્ય સ્વરૂપે જોવો.

જેમ અગ્નિમાં બાળવાની શક્તિને જોવી. પછી એક તિખારો હોય તોય એમાં એટલી જ શક્તિ છે અને ગમે એટલી મોટી વસ્તુ સળગતી હોય તોપણ એમાં શક્તિ વધી ગઈ છે એમ નથી. એટલી જ શક્તિ છે. જો એની બાળવાની શક્તિને જોવામાં આવે તો જેટલી શક્તિ એક તિખારામાં છે, એક કણિયામાં છે એટલી જ શક્તિ મોટું મોઢવું ખડકેલું સળગતું હોય. હજાર છાણા, એકસાથે લાકડા સળગતા હોય, મકાન સળગતું હોય તો એમાં શક્તિ તો બન્નેની સરખી છે. આનામાં વધારે શક્તિ છે, આ અગ્નિમાં વધારે શક્તિ છે અને આ અગ્નિમાં ઓછી શક્તિ છે એમ કહી શકાય નહિ. જો શક્તિને જોવામાં આવે તો.

શક્તિને એના સ્વરૂપે જોવામાં જો એની જઘન્ય, ઉત્કૃષ્ટ એવા ભેદની પર્યાયોને દેખવામાં આવે તો શક્તિ નહિ દેખાય. આમાં શું રહસ્ય છે? એવી એની ઓછી-વધતી અવસ્થાઓથી જોવામાં આવશે તો શક્તિ નહિ દેખાય અને એક એક ગુણને જોવામાં આવશે તો વસ્તુ નહિ દેખાય. વસ્તુને દેખવી હોય તો અનંત ગુણના એકપિંડરૂપ ભાવને દેખવી. એમાં ગુણને જુદાં ન દેખવા અને ગુણને દેખવો હોય તો એની જઘન્ય, ઉત્કૃષ્ટ પર્યાયને ન દેખવી પણ શક્તિને દેખવી.

જેમકે જ્ઞાનની, મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય અને કેવળજ્ઞાનની પર્યાય. એમાં જ્ઞાનશક્તિ બન્નેમાં ઓછીવત્તી છે? જો તમે મતિ-શ્રુતથી કે કેવળજ્ઞાનથી શક્તિને જોવા જશો તો શક્તિ નહિ દેખાય. જ્ઞાનશક્તિને જ્ઞાનશક્તિ રૂપે જોવી. એના કોઈ પર્યાયભેદથી ગુણ જણાતો નથી. પર્યાયથી નથી જણાતો નહિ, પર્યાયભેદથી નથી જણાતો. કેમકે ગુણમાં એવા ભેદ નથી પડતા, શક્તિમાં એવા ભેદ નથી પડતા. જ્ઞાનશક્તિમાં મતિજ્ઞાનનો ભેદ નથી અને જ્ઞાનશક્તિમાં કેવળજ્ઞાનનો પણ ભેદ નથી. એનું નામ જ્ઞાનશક્તિ છે. શક્તિ આ રીતે જોવી.

એમ વસ્તુમાં આ જ્ઞાન, આ દર્શન, આ ચારિત્ર, આ સુખ એવા ભેદ વસ્તુમાં નથી. (ભેદ કરવામાં આવે) તો વસ્તુ નહિ દેખાય. બહુ વિચાર માગે એવો વિષય છે. એટલે સાતમી ગાથામાં કહ્યું કે આત્માને દર્શન, જ્ઞાન, ચારિત્ર વિદ્યમાન નથી.

'અમૃતચંદ્રાચાર્યદેવે' ટીકા કરતા કેવો શબ્દ વાપર્યો છે? કે આત્માને દર્શન, જ્ઞાન, ચારિત્ર વિદ્યમાન નથી. એનો અર્થ, આ દર્શન, આ જ્ઞાન, આ ચારિત્ર એમ આત્મા નહિ દેખાય. એમ આત્મા નહિ જોવાય. એમાં આત્માનું દર્શન નહિ થાય. આત્મા અભેદ વસ્તુ હોવાથી એનું અભેદદર્શન તે જ વાસ્તવિક દર્શન છે. અથવા અભેદદર્શનમાં એનું નિશ્ચય સ્વરૂપ દર્શિત થાય છે. નિશ્ચયનું પ્રકરણ ચાલે છે ને? નિશ્ચય કોને કહેવો? દ્રવ્યમાં અને ગુણમાં આ પ્રકારે દ્રવ્ય અને ગુણનું સ્વરૂપ જોવામાં આવે તો એ નિશ્ચય એટલે ખરું એટલે વાસ્તવિક દ્રવ્ય અને ગુણનું સ્વરૂપ જોવાય છે અથવા જણાય છે. નહિતર અન્યથા જણાય છે એમ સમજવું. એ સૂક્ષ્મ વાત કરી છે. આ વાત જરા સૂક્ષ્મ કરી છે.

સામાન્ય રીતે દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિષય પાઠશાળામાં ભણે છે. બાળકોથી માંડીને મોટી ઉંમરના લોકો ભણે છે, શીખે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયની વ્યાખ્યા તો આવડી જાય છે, પણ એનું સ્વરૂપ જ્ઞાનમાં ભાસવું. જેવું છે તેવું ખરું નિશ્ચય સ્વરૂપ જ્ઞાનમાં ભાસવું એ એક બીજી વાત થઈ જાય છે. અને એ જો એને પોતાને ભાસે તો એને ખરેખર આત્મજ્ઞાન થાય છે. દ્રવ્ય-ગુણ-પર્યાય જ્ઞાન છે, યથાર્થ જ્ઞાન છે તે યથાર્થ અનુભવરૂપ થાય છે.

અનુભવમાં ભેદ નથી પડતો, અનુભવમાં ભેદ નથી પડતો. વિચારમાં ભેદ પડે છે. વિચારમાં ભેદ પડે છે ત્યારે એ કોઈ એક ભેદવિવિક્ષિત વિચાર છે. એટલે 'દીપચંદજી'એ 'અનુભવ પ્રકાશ'માં એક જગ્યાએ એમ કહી દીધું કે કથનથી વિવિક્ષા કહેવામાં આવે છે પણ જ્ઞાનથી તો અનુભવ થાય છે. કથન અને જ્ઞાન એમણે જુદા પાડી દીધા. આપણે ચાલી ગયું. છેલ્લે છેલ્લે થોડા પાના ફેરવતા છે. 'જ્ઞાન અધિકાર'ની છેલ્લી લીટી.

'**વિવિક્ષાથી વસ્તુસિદ્ધિ છે (અને) જ્ઞાનથી સ્વરૂપાનુભવ છે.**' આટલો ટુકડો એમણે મૂક્યો છે. વસ્તુની સિદ્ધિ કરવી, વસ્તુને સાબિત કરવી કે વસ્તુ આવી છે. તો એમાં અનેક જાતની વિવિક્ષાઓથી વસ્તુને કહેવામાં આવે છે અથવા કથવામાં આવે છે. પણ જ્ઞાન તો સીધો સ્વરૂપાનુભવ જ કરે છે. જ્ઞાનથી તો સીધો અનુભવ થાય છે. આમ કથનમાં અને જ્ઞાનમાં જે તફાવત છે એ આ છે. એક વસ્તુને કથનથી સાબિત કરવી એક વાત છે. કેમકે એમાં તો અનેક વિવિક્ષાઓથી અનેક વિચારો ઉત્પન્ન થાય છે અને અનેક વિવિક્ષાઓથી અનેક વિચારો ઉત્પન્ન થાય છે ત્યારે વસ્તુ જે અભેદ છે એ અભેદ વસ્તુનો અભેદ સ્વરૂપે અભેદ ભાવે અનુભવ નથી થતો. ત્યારે અનુભવ નથી થતો. અને જ્યારે અનુભવ થાય છે ત્યારે એવા વિવિક્ષાભેદ કાંઈ રહેતા નથી.

તો વિવિક્ષા તો વસ્તુને સિદ્ધ કરવા માટે છે અને જ્ઞાન? તો કહે છે, જ્ઞાન અનુભવ કરવા માટે છે. જ્ઞાનથી સ્વરૂપનો અનુભવ થાય છે. એવું જે જ્ઞાન એ જ્ઞાન તે વસ્તુનું નિશ્ચયજ્ઞાન છે, એ સાચું વાસ્તવિક જ્ઞાન છે. વિવિક્ષાવાળું જ્ઞાન એને અહીંયાં જ્ઞાન કહેતાં નથી. સ્વરૂપાનુભવ કરે તે જ્ઞાન. એ નિશ્ચયજ્ઞાનની વાત કરી છે. કેમકે એક જણાએ તર્ક કર્યો છે.

'**અહીં કોઈ તર્ક કરે કે-જ્ઞાનમાં સર્વ જ્ઞેય ઉપચારથી છે,...**' કેમકે જ્ઞાનમાં તો જ્ઞાન છે. જ્ઞાનમાં તો જ્ઞેય આવતા નથી. માટે સર્વજ્ઞના જ્ઞાનમાં સર્વ જ્ઞેયો જણાય છે એ ઉપચારથી છે. તેથી '**સર્વજ્ઞપદ ઉપચરિત થયું,...**' સર્વજ્ઞપદ એ તો કહેવામાત્ર વાત છે. સર્વજ્ઞપણું એમાં છે નહિ. અને ઉપચાર જૂઠો છે. માટે સર્વજ્ઞપણું જૂઠું છે. આ અન્યમતિ કોઈ તર્ક કરે કે જૈનદર્શનમાં તમે સર્વજ્ઞતાથી ધર્મને પ્રણીત કરો છો અથવા તમારા ધર્મનું નિરૂપણ, તમારા સિદ્ધાંતોનું નિરૂપણ સર્વજ્ઞતાપૂર્વક તમે નિરૂપણ કરો છો, પણ તમારું સર્વજ્ઞપદ જૂઠું છે, એનું શું? અને એ તમારી વિવિક્ષાથી સિદ્ધ કરી દઈએ કે જ્ઞાનમાં જ્ઞેય ઉપચારથી છે. માટે સર્વજ્ઞપદ ઉપચરિત થયું. ઉપચાર જૂઠો છે માટે સર્વજ્ઞપદ જૂઠું છે. ઉપચાર એટલે વ્યવહાર. વ્યવહાર જૂઠો છે તો તમારું સર્વજ્ઞપદ જૂઠું છે, જાવ. કેવી રીતે તમે ધર્મને સ્થાપો છો? કુતર્ક તો ગમે તેમ કરી શકાય છે. આખું જૈનદર્શન ખંડિત કરવું હોય તો એનું ખંડન કુતર્કથી કરી શકાય. 'શ્રીમદ્જી'એ કહ્યું ને? કે કહો તો કુતર્કથી આખા જૈનદર્શનનું ખંડન કરી બતાવું. પણ તેમાં ક્યાંય આત્માનું હિત નથી. એ આત્માને અહિતકર છે.

એને એમ કહ્યું કે તને હજી ખબર નથી. જેના ઉપચારમાત્રમાં લોકાલોક જણાય છે એવો તો જેને ઉપચારથી કહેવાય છે, '**તેના નિશ્ચયજ્ઞાનનો મહિમા કોણ કહે?**' જે હીરાની રજ લાખોમાં વેચાય, કરોડોમાં વેચાય એ હીરાની શું કિંમત ગણવી? શું કિંમત કહેવી? એની કિંમત થઈ શકે નહિ. સીધી એમણે અહીંથી વાત ઉપાડી લીધી. તર્કની સામે તર્ક નાખ્યો. '**ઉપચારમાત્ર જ લોકાલોક ભાસ્યો, તો તેના નિશ્ચયજ્ઞાનનો મહિમા કોણ કહે? આ જ્ઞાન...**' જે નિશ્ચયજ્ઞાન છે તે તો '**સ્વસંવેદન જ થયું થકું, સર્વને જાણે છે.**' તે કેવળજ્ઞાન છે એ પરિપૂર્ણ સ્વસંવેદનમાં રહ્યું થકું, પૂર્ણ સ્વસંવેદનમાં, ઘનિષ્ટ સ્વસંવેદનમાં રહ્યું થકું સર્વ જ્ઞેયો એમાં પ્રતિબિંબિત થાય છે, ઝળકી ઊઠે છે.

પોતાને જાણતા પરનું જાણવું થાય છે. પોતાને જાણતાં પરનું પણ જાણવું થાય છે. સ્વ અને પર સ્વપરપ્રકાશકજ્ઞાનમાં એકસાથે જણાય છે. કોઈ એમ કહે કે, નીચે? હા, નીચે પણ. સ્વમાં પર નથી એવું જણાયું કે નહિ? વિકલ્પ ન થયો. પણ સ્વસંવેદનમાં

સ્વ આત્મા પોતે એકલો છે અને સ્વની હસ્તિમાં બીજા કોઈની હસ્તિ નથી. એવો એકાંતે જે સ્વનું જ્ઞાન થયું એમાં પરનું જ્ઞાન આવી ગયું. કેમકે પોતે સ્વ એકલો જ છે. એકલો જ છે એટલે પર નથી એવું જ્ઞાન એની અંદર આવી ગયું. આપોઆપ આવી ગયું.

'**પોતાને જાણતાં પરનું જાણવું સ્થપાય જાય છે,...**' પરનું જાણવું થાય છે એમ નહિ, પોતાને જાણતાં પરનું જ્ઞાન સ્થપાય જાય છે. પરને જાણે છે એ વાત ન લીધી, પર સ્થપાય જાય છે એની અંદર. કેમકે પોતે પોતામાં છે અને પર પોતામાં નથી એવું સ્થપાય જાય છે એની અંદર. અને '**પરને જાણતાં સ્વનું જાણવું સ્થપાય છે.**' આ પર છે એમ કહેતા સ્વ નથી એમ એમાં આવી જાય છે. આ પર છે એમ કહેતા એ સ્વ નથી એમ એમાં આવી જાય છે. ત્યાં એમાં સ્વનું જ્ઞાન સ્થપાય જાય છે. કેવી શૈલી કરી છે! ટૂંકામાં પણ કેવી ગંભીર શૈલી છે! સ્વ અને પર તો પોતપોતા સ્વરૂપે વસ્તુ છે, પણ એકબીજાની અપેક્ષાએ સ્વ-પર છે. આ સ્વની અપેક્ષાએ બાકી બધું પર છે અને આ સ્વ વસ્તુ સ્વની અપેક્ષાએ આ પણ પર છે. પોતાની અપેક્ષાએ સિદ્ધાત્મા પણ પર છે. એમ તો નહિ, 'ગુરુદેવશ્રી' ત્યાં સુધી કહેતા કે આ જીવની અપેક્ષાએ સિદ્ધ પરમાત્મા અજીવ છે, આ જીવ નથી, અજીવ છે. અજીવમાં નાખ્યા એમને. આ જીવ નથી, અજીવ છે. હું જીવ છું, બાકી બધા અજીવ છે, આમ કહે. જીવ નથી તે અજીવ છે. પરની અપેક્ષાએ સ્વ છે અને સ્વની અપેક્ષાએ પર છે. બાકી તો પોતપોતામાં બધા સ્વ જ છે. દરેક પોતે પોતામાં સ્વપણે છે. એકબીજાની અપેક્ષા લેતા સ્વ-પરપણાની અપેક્ષા ઉત્પન્ન થાય છે.

એ રીતે વિવિક્ષાથી પરથી ભિન્ન વસ્તુભૂતપણું સિદ્ધ થાય છે. સ્વ-પરની વિવિક્ષા લેતા વિવિક્ષાથી વસ્તુની સિદ્ધિ થાય છે. સ્વથી છે અને પરથી નથી, એમ વસ્તુની સિદ્ધિ થાય છે. પણ એ વસ્તુની સિદ્ધિ રહી વિવિક્ષા પર્યંત, એની મર્યાદા રહી વિવિક્ષામાં, '**જ્ઞાનથી સ્વરૂપાનુભવ છે.**' જ્ઞાન એ જ્ઞાન છે, બસ! સ્વરૂપનું અનુભવજ્ઞાન તે અનુભવજ્ઞાન છે. એમાં સ્વ-પરની વિવિક્ષા અને અપેક્ષાઓ ઉત્પન્ન થતી નથી અને છતાં અભેદ જ્ઞાનમાં બધું આવી જાય છે.

જેણે પોતાનો સ્વાનુભવ કર્યો એમાં સ્વથી છું અને પરથી નથી એ અનુભવ એને થઈ ગયો. પણ એવી વિવિક્ષા એને લેવી પડતી નથી. જેમકે એક તિર્યંચ લઈએ. તો એ તિર્યંચને સ્વરૂપજ્ઞાન થયું, આત્મજ્ઞાન થયું. આત્મજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ થયા. તો એને કોઈ શાસ્ત્રની અપેક્ષાઓ અને વિવિક્ષાઓનું જ્ઞાન નથી. એવું ભેદવાળું એની પાસે જ્ઞાન નથી. પણ અનુભવનું અભેદ જ્ઞાન છે એમાં બધી વિવિક્ષાનું જ્ઞાન સમાય

જાય છે. અનુભવજ્ઞાન છે એમાં બધી અપેક્ષા અને વિવિક્ષાનું જ્ઞાન એની અંદર સમાઈ ગયું.

એટલે 'પરમાગમસાર'માં 'ગુરુદેવશ્રી'ના વચનોમાં એ વાત આવી છે કે ચૌદ પૂર્વધારી, અગિયાર અંગ... ચૌદ પૂર્વ છે એટલે બાર અંગધારી, ચૌદ પૂર્વધારી એટલે અગિયાર અંગની આગળના એની અંદર લઈ લેવા, બાર અંગધારી જે ન્યાય કાઢે તે સમ્યગ્દૃષ્ટિ શ્રુતજ્ઞાનમાંથી કાઢે. જેવો ન્યાય ગણધરદેવ કાઢે એવો ન્યાય સમ્યગ્દૃષ્ટિ કાઢે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ એનામાં જ્ઞાન આવી ગયું છે. ભલે ભેદ પડતો નથી પણ જ્ઞાન આવી ગયું છે. કાઢી શકે છે. એવી એની લબ્ધિ અંદર રહેલી છે. એ જ્ઞાનની એવી લબ્ધિ છે. બાર અંગના જ્ઞાનની લબ્ધિ છે. બાર અંગનું જ્ઞાન નથી, પણ બાર અંગના જ્ઞાનની લબ્ધિ છે. કેવળજ્ઞાનની લબ્ધિ છે, એને સિદ્ધપદની એની અંદર લબ્ધિ છે. અનુભવજ્ઞાનમાં બધી લબ્ધિ આવી જાય છે. સિદ્ધદશા પર્યંતની બધી લબ્ધિ એમાં-અનુભવજ્ઞાનમાં આવી જાય છે. આવો સ્વરૂપાનુભવ છે. એટલે તો આ ગ્રંથમાં-'અનુભવ પ્રકાશ' ગ્રંથમાં અનુભવનો મહિમા એમણે ખૂબ ખૂબ કર્યો છે.

અહીંયાં અભેદદર્શન અથવા અભેદજ્ઞાન છે એ કઈ પદ્ધતિથી સ્વાનુભવ કરે છે કે જે સ્વાનુભવને પણ નિશ્ચય એવી સંજ્ઞા દેવામાં આવે છે. પ્રકરણ નિશ્ચય લક્ષણનું ચાલે છે ને? તો કહે છે, દ્રવ્ય-ગુણને તો અમે નિશ્ચય કહ્યા, હવે પર્યાયને નિશ્ચય કહીએ છીએ. કઈ પર્યાય નિશ્ચય છે? જે અનંત ગુણોને ગુણભેદથી નહિ જોતાં, વસ્તુને અભેદપણે અનંતગુણવિશિષ્ટ અભેદપણે દેખે છે અને ગુણના સ્વરૂપે એની જઘન્ય, ઉત્કૃષ્ટ પર્યાયને નહિ જોતાં માત્ર ગુણસામાન્યના સ્વભાવ, સામાન્ય સ્વભાવને જોવે છે એવું જે અભેદર્શન, એવું જે એકરૂપનું દર્શન તે અભેદદર્શનને પણ નિશ્ચયસંજ્ઞા કહેવામાં આવે છે. આનું નામ નિશ્ચય નામ છે. અહીંયાં નિશ્ચય છે. ક્યાં ક્યાં નિશ્ચય છે? એમ કહે છે. કેવી રીતે નિશ્ચય છે? દ્રવ્યમાં આ રીતે, ગુણમાં આ રીતે અને પર્યાયને આ રીતે નિશ્ચયસંજ્ઞા આપવામાં (આવે છે). દ્રવ્યને આ રીતે નિશ્ચયસંજ્ઞા છે, લક્ષણ છે, ગુણને આ રીતે નિશ્ચય લક્ષણ છે, પર્યાયને આ રીતે નિશ્ચય લક્ષણ છે. એને નિશ્ચય સંજ્ઞા કહેવામાં આવે છે.

આ બધા ગ્રંથો એવા છે કે બહુ એકાગ્રતાથી અધ્યયન કરે તો સમજાય એવા છે. એકદમ ફટાફટ વાંચી જાય તો આ વસ્તુ તો સમજાય એવી નથી. અભેદદર્શન

શું? આ એના મંથનનો વિષય થઈ જવો જોઈએ અને ઊંડું ઊતરવું જોઈએ કે આમાં અભેદ દર્શન શું કહે છે? કેવી રીતે અભેદ? ગુણનું અભેદદર્શન, દ્રવ્યનું અભેદદર્શન? આ અભેદતા શું છે?

પાછું એવું છે કે ઊલટી સ્થિતિમાં એના દૃષ્ટાંત મળે છે. પોતાનો દીકરો હોય એનું નામ પડે, પાંચ-દસ-પંદર વર્ષે પરદેશથી આવતો હોય, ઓચિંતો આવી ચડે, સમચાર આપવાનો એને સમય ન રહ્યો એવી રીતે રવાના થઈ ગયો હોય. એને કેવું અભેદદર્શન થાય છે. એને કાંઈ એના ભેદમાં જાવું પડતું નથી. કાંઈ એના ભેદમાં જાવું પડે છે? નામ પડ્યું, બસ! નહિતર એ નામમાં તો ઘણી વ્યક્તિઓ જગતમાં છે. એક નામધારી તો અનેક વ્યક્તિઓ છે. પણ એમ કહે કે તમારા પુત્ર ફલાણું નામ, આવે છે. પતી ગયું. બધા બાદ થઈ ગયા. બીજા તો બાદ થઈ ગયા, પણ એ નામધારી જેટલા એ ઓળખતો હતો એ બધાને બાદ કરવામાં એને ભિન્ન પાડવામાં વિકલ્પ કરવો પડતો નથી. એવા એક નામધારી અનેક માણસો પોતાના પરિચયમાં છે કે આ પણ 'શાંતિભાઈ', ફલાણાં પણ 'શાંતિભાઈ', ફલાણાં પણ 'શાંતિભાઈ', ફલાણાં 'શાંતિભાઈ'. બીજા તો બાદ થઈ ગયા પણ એ નામધારી પણ બાદ થઈ ગયા. એવું અભેદજ્ઞાન થાય છે. વસ્તુના સ્વરૂપનું અભેદજ્ઞાન થાય છે. એવું અહીંયાં આત્માનું અભેદજ્ઞાન થવું તેને અહીંયાં નિશ્ચયસંજ્ઞા કહેવામાં આવે છે.

**'વળી હે સંત! ગુણના પુંજમાં તો કોઈ ગુણ તો નથી. આ તો નિઃસંદેહ છે.'** ગુણના પુંજમાં તો કોઈ ગુણ તો નથી, **'આ તો નિઃસંદેહ છે. એમ જ છે. પરંતુ (ગુણનો પુંજ) તે ભાવના-તે ગુણોના પરિણામને ધારણ કરીને પરિણમે છે, તે ભાવ તે ગુણોના પરિણામથી જુદો નથી, તે ભાવભર્યાપણે પરિણમે છે. માટે તે (જુદો ગુણ) ક્યાં રહ્યો?'** હવે આમ લેવું છે. ગુણના પુંજમાં તો કોઈ ગુણ તો નથી એટલે જુદો ગુણ નથી એમ લેવું છે. જેમકે આત્મા અસ્તિત્વપણે પણ છે અને આત્મા જ્ઞાયકપણે પણ છે. અસ્તિત્વ છે એ દૃષ્ટિને ગ્રહવાનો વિષય છે. દૃષ્ટિ અસ્તિત્વથી વસ્તુને ગ્રહે છે અને જ્ઞાન જ્ઞાનસ્વભાવથી, જ્ઞાયકપણાથી વસ્તુને ગ્રહે છે. અને બન્ને એકસાથે પરિણમન કરે છે.

ફરીથી, વિષય થોડો સૂક્ષ્મ લ્યે છે. થોડા વખત પહેલાં ચર્ચામાં પૂજ્ય 'બહેનશ્રી'ને આ પ્રશ્ન પૂછ્યો હતો કે વસ્તુ અસ્તિત્વપણે છે અને વસ્તુ જ્ઞાયકપણે છે. તો મુમુક્ષુએ ક્યાંથી ઉપાડ કરવો? બીજા કોઈ ગુણોનો પ્રશ્ન ન કર્યો અને આ બે ગુણનો પ્રશ્ન કરવા પાછળ હેતુ હતો. અસ્તિત્વ છે, સત્તાનું ગ્રહણ શ્રદ્ધાન કરે છે. શ્રદ્ધા તો પોતાના અસ્તિત્વને પકડીને બેસી જાય છે કે જે અસ્તિત્વમાં અનંત ગુણ આવી જાય છે.

અસ્તિત્વ જુદું રહેતું નથી. એટલે એ તો અહીંયાં કહેવા માગે છે કે ગુણના પુંજમાં તો કોઈ ગુણ નથી. જે અનંત ગુણનો એક પુંજ છે એમાં કોઈ ગુણ નથી. આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્ર નથી. કેમકે આત્મા તો અનંત ગુણનો પિંડ છે અને દર્શન, જ્ઞાન, ચારિત્ર તમે જુદાં ક્યાંથી લાવ્યા? અસ્તિત્વમાં શ્રદ્ધાએ અસ્તિત્વને ગ્રહણ કર્યું એ અસ્તિત્વમાં રહેલા, સ્વરૂપ અસ્તિત્વમાં રહેલાં અનંત ગુણને એણે ગ્રહણ કરી લીધા. અનંત ગુણની સત્તાને પકડી લીધી. કેમકે આખી વસ્તુ, અખંડ વસ્તુના અસ્તિત્વને એણે પકડ્યું છે.

મુમુક્ષુ :- અસ્તિત્વગુણને ગ્રહણ નથી કર્યો?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. કેમકે અમસ્તો પણ શ્રદ્ધાનો વિષય તો ખંડને પકડવાનો છે જ નહિ. કોઈ એક ભેદને ગ્રહણ કરવાનો તો અમસ્તો પણ શ્રદ્ધામાં એ પ્રકારે કાર્ય કરવાની પદ્ધતિ જ નથી, એ શ્રદ્ધાનો સ્વભાવ જ નથી. એ તો પરને પકડે તોપણ પૂરેપૂરી અખંડપણે પકડે છે. એમાં પણ ભેદ ન પાડે. અને સ્વને પકડે તો એમાં પણ ભેદ ન પાડે કે આ અસ્ત્વિ છે, આ વસ્તુત્વ છે, આ જ્ઞાયકત્વ છે. એવા ભેદ શ્રદ્ધાને પડતા નથી.

અને આત્મા જ્ઞાયકપણે છે. જ્ઞાનમાં જ્ઞાનસ્વભાવથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય થાય છે, ઓળખાણ થાય છે અને ગ્રહણ થાય છે. તો જ્ઞાનનું ગ્રહણ અને સત્તાનું ગ્રહણ આ રીતે જુદાં જુદાં ગુણવિશિષ્ટથી આખી વસ્તુનું ગ્રહણ છે. શ્રદ્ધા અસ્તિત્વથી આખી વસ્તુને ગ્રહે છે અને જ્ઞાન જ્ઞાયકપણાથી આખા જ્ઞાયકને, અનંત ગુણના પિંડ જ્ઞાયકને ગ્રહણ કરે છે. બેય ગુણ એકસાથે જ કામ કરે છે. કોઈ વારાફરતી કામ કરે છે એવું પણ નથી. સમ્યક્ પરિણમે છે કે મિથ્યા પરિણમે છે. મિથ્યાત્વમાં તો સ્વરૂપનું ગ્રહણ નથી. પણ સર્વ કાળે સર્વ ગુણોનું પરિણમન એક સમયમાં હોવાથી સમ્યક્ પરિણમનમાં પણ બન્નેનું એકસાથે પરિણમન છે.

હવે અહીંયાં શું સ્પષ્ટ કરવું છે? કે એવો એક વિવાદ પણ ચાલે છે કે શ્રદ્ધાનું જોર તું લાવ, શ્રદ્ધાનું જોર લાવ. દૃષ્ટિના બળે કામ કર. દૃષ્ટિથી તું આગળ વધ. તો એક મત એવો છે, એક મત આવો છે તો એક મત આવો છે, કે તું જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કર. તો તને જ્ઞાયકનું ગ્રહણ થશે. વાત તો બેય સારી લાગે એવી છે. હવે બેમાંથી શરૂ ક્યાંથી કરવું? આ સવાલ ઊભો થાય છે.

શ્રદ્ધાથી અસ્તિત્વને ગ્રહતા સમ્યગ્દર્શન થાય અને જ્ઞાનથી જ્ઞાયકને ગ્રહણ કરતાં સ્વાનુભવ થાય, જ્ઞાનાનુભવ થાય, જ્ઞાયકનો અનુભવ થાય. બેય એકસાથે થાય છે. પણ શરૂઆત ક્યાંથી કરવી? જ્ઞાનથી ઉપડવું કે શ્રદ્ધાનથી ઉપડવું? પ્રશ્નનો મુદ્દો આટલો

જ હતો. આત્મા અસ્તિત્વપણે પણ છે અને આત્મા જ્ઞાયકપણે પણ છે. તો ક્યાંથી ઉપાડ કરવો?

ઉત્તર જ એમ આપ્યો હતો કે આત્મા જ્ઞાયકપણે છે ત્યાંથી ઉપાડ કરવો. જ્ઞાયકપણે છે એમાં અસ્તિત્વ આવી જાય છે. તો કહે, અસ્તિત્વમાં જ્ઞાયકપણું આવે કે નહિ? છેપણું તો અનેક દ્રવ્યમાં છે. અસ્તિત્વ તો સામાન્ય ગુણ છે અને જ્ઞાયક તો વિશિષ્ટ ગુણ છે. તો અનાદિથી પર સાથે એકત્વ કર્યું છે એ પર સાથે ભિન્નતા કરવી છે એ પણ આની અંદર પ્રયોજનભૂત કાર્ય છે. તો એ જ્ઞાયકપણે લેવાથી જુદું પડે છે. અને જ્ઞાયકપણે લેવાથી જુદું પડતાં અસ્તિત્વ એમાં બાદ રહેતું નથી, આવી જાય છે એટલે બેય કામ થઈ જાય છે.

જ્ઞાયકપણે અભ્યાસ કરવો. જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરવો. આ પદ્ધતિ અથવા વિધિ, વિધિનો પ્રકાર આમ છે. વળી, દૃષ્ટિથી તું ઉપડવા જઈશ પણ એમાં જ્ઞાનનો સહારો લીધા વિના ચાલતું નથી. કેમકે કેવા દ્રવ્યના અસ્તિત્વને પકડવું છે એ વાત તો એણે જ્ઞાનમાં લીધા વિના એ ભિન્ન સ્વરૂપ અસ્તિત્વને જોઈ શકશે નહિ. અને જ્ઞાયકપણે અભ્યાસ કરતાં છુંપણાનો જે અભ્યાસ છે, હોવાપણાનો અભ્યાસ છે એ શ્રદ્ધાગુણનું કાર્ય છે. જ્ઞાન ઉપરાંત એની અંદર શ્રદ્ધાગુણનું કાર્ય છે. એટલે સાથે સાથે શ્રદ્ધાગુણ જો એની સાથે ચાલવા લાગે છે તો બન્નેનું એકસાથે સમ્યક્ પરિણમન થવાનો એક અવસર આવે છે. ત્યારે એને શ્રદ્ધાન, જ્ઞાન, સ્વરૂપાનુભવ અને સ્વરૂપપ્રતીતિ એકસાથે થઈ એમ કહેવામાં આવે છે. પણ જ્યાં બુદ્ધિપૂર્વક વિધિને ગ્રહણ કરવાનો વિષય છે ત્યાં જ્ઞાયકની મુખ્યતાથી, જ્ઞાનસ્વભાવની મુખ્યતાથી ગ્રહણ થવાનું સમજણપૂર્વક બરાબર થઈ શકે છે. એ સમજણણનો વિષય છે.

શ્રદ્ધા પોતે નિર્વિકલ્પ છે અને શ્રદ્ધાનો વિષય પણ પોતે નિર્વિકલ્પ છે. તો નિર્વિકલ્પ પરિણામ અને એનો વિષય નિર્વિકલ્પ, એમાં તો કાંઈ સમજાય એવી વાત શું રહેવાની છે? નિર્વિકલ્પ, નિર્વિકલ્પ કહેતાં શું સમજાય? જેને નિર્વિકલ્પ વસ્તુ ભાસી નથી, કારણ કે એ પણ પહેલાં જ્ઞાનમાં ભાસવી જોઈએ છે, એને સીધેસીધુ નિર્વિકલ્પ લેવા જાય તો કેવી રીતે નિર્વિકલ્પ (ગ્રહણ થાય?). નિર્વિકલ્પ નિર્વિકલ્પ નિર્વિકલ્પ વ્યવહાર છે, જ્ઞાતાની શુદ્ધ ચાલ છે જેના દ્વારા એ પહોંચે છે. તો એ રીતે નિશ્ચય અને વ્યવહારની અપેક્ષા, વિવિક્ષા જ્યાં જે રીતે હોય એ રીતે સમજી લેવી જોઈએ. નહિતર ગડબડ થાય.

મુમુક્ષુ :- અહીંયાં સંબોધન હે સંત! કર્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જેની પરિણતિ શાંત થઈને સમજવા આવ્યો છે. સમજવા

માટે શાંત પરિણતિ જોઈએ છે. ઉકળતા ચરુમાં અથવા ચંચળ ઉપયોગમાં આ વાત-તત્ત્વ બેસે એવું નથી. ઉપયોગ ચારે કોર ભમતો હોય એને આ વસ્તુ સમજાય એવી નથી. આ તો ઠરીને આવે, શાંત થઈને આવે તો બેસે એવું છે. એમ લેવું.

## તા. ૨૩-૫-૧૯૮૬, પાના નં. ૨૮
## પ્રવચન નં. ૨૧

'આત્માવલોકન', પાનું-૨૮. નિશ્ચયનું લક્ષણ ક્યાં ક્યાં છે? જિનાગમને વિષે કેવા કેવા પ્રકારે નિશ્ચયનું લક્ષણ વર્ણવ્યું છે? તેનો આ અધિકાર છે. પહેલા Paragraph થી.

**'વળી હે સંત! ગુણના પુંજમાં તો કોઈ ગુણ તો નથી.'** એટલે? ગુણનો પુંજ એટલે અનંત ગુણના અભેદ ભાવમાં કોઈ ગુણ જુદો નથી. કોઈ ગુણ તો નથી એટલે કોઈ જુદો ગુણ તો નથી. એમ લેવું. **'આ તો નિઃસંદેહ છે, એમ જ છે.'** આવી જે નિશ્ચય વસ્તુની અભેદતા છે તે નિઃસંદેહપણે એમ જ છે. ત્યાં જરા વજન આપ્યું. ગુણભેદ અપેક્ષાએ છે એટલે ગુણભેદની જે મર્યાદા છે એ કહેનારના જ્ઞાનમાં છે ત્યારે તો ગુણનો પુંજ કહ્યો. ગુણનો પુંજ એમ કહેતાં જ અનંત ગુણો છે, અનંત ગુણોનો સમૂહ છે એ વાત એમાં આવી જાય છે. છતાં ત્યાં વજન નથી. જે અનંત ગુણોનું એકરૂપ છે, જેમાંથી એક ગુણ ક્યારેય જુદો પડતો નથી, જુદો પાડી શકાતો નથી. જુદો સમજી શકાય છે છતાં આમ જુદો પડતો નથી. એવા ગુણના પુંજમાં જુદો ગુણ તો કોઈ નથી. એ તો નિઃસંદેહ છે. **'એમ જ છે.'**

એક જગ્યાએ 'ગુરુદેવશ્રીનાં વચનામૃત'માં આવે છે કે એક ગુણને જુદો પાડીને જ્ઞાની વિચારતા નથી. કેમકે ગુણને સાવ જુદો પાડવા જાય છે, તદ્દન જુદો પાડવા જાય છે તો જેમ એક દ્રવ્ય જુદું એમ એક ગુણ જુદો એવી કલ્પના થાય છે. એટલે કે વસ્તુનું સ્વરૂપ એ રીતે નથી એવું કલ્પિત થઈ જાય છે. કથંચિત્ ગુણભેદ હોવા છતાં, ગુણભેદ કથંચિત્ હોવા છતાં અવલંબનનો વિષય એક ગુણભેદ નથી. એક તો (આ વાત છે). તેથી અવલંબનનો વિષય છે એના ઉપર વજન દેવું છે એટલે એમ કહે છે કે ગુણભેદ નથી. કોઈ ગુણ જુદો નથી એ તો નિઃસંદેહ છે અને એમ જ છે. નિઃસંદેહપણે એમ છે. એટલે જરા વજન આપ્યું. નિઃશંકપણે ગુણ જુદો નથી.

**'પરંતુ (ગુણનો પુંજ)' તે ભાવના-તે ગુણોના પરિણામને ધારણ કરીને પરિણમે છે;...' 'પરંતુ ગુણનો પુંજ તે ભાવના-તે ગુણોના પરિણામને ધારણ કરીને પરિણમે છે; તે ભાવ તે ગુણોના પરિણામથી જુદો નથી. તે ભાવભર્યાપણે પરિણમે છે**

**માટે તે (જુદો ગુણ) ક્યાં રહ્યો?**' એમ. ગુણ જુદો નથી, ગુણ જુદો નથી એટલું જ કહેવાનું તાત્પર્ય છે અહીંયાં.

જેમ લઈએ, અરીસો-દર્પણ છે એનો સ્વચ્છ સ્વભાવ છે. તો એની જે પારદર્શક અવસ્થા છે એ પારદર્શક અવસ્થાએ અરીસાએ અવસ્થિત છે. પરિણમ્યો છે એટલે અવસ્થિત છે. તો એ સ્વચ્છતા અને સ્વચ્છ અવસ્થા અરીસાથી જુદી કેવી રીતે? એ અરીસાથી જુદી નથી. કથંચિત્ એને જ્ઞાનમાં જુદી લેવાય છે તોપણ ખરેખર વસ્તુતાએ એ જુદી નથી. અહીંયાં એકવસ્તુભૂતપણાનો મુખ્ય વિચાર છે, મુખ્ય વાત છે.

એટલે '**(ગુણનો પુંજ) તે ભાવના...**' એટલે અભેદની જે ભાવના તે ગુણોના પરિણામને એટલે સમસ્ત દ્રવ્યના અભેદ પરિણમનને ધારણ કરીને પરિણમે છે. એક સમયમાં જે દ્રવ્યનું પરિણમન કહ્યું તે અનંત ગુણોનું અભેદ પરિણમન છે. અનંત ગુણોની એક પર્યાય તે દ્રવ્યની પર્યાય થઈ ગઈ. જ્યારે પોતાના અભેદ ભાવે પોતાના સ્વરૂપને ભાવવામાં આવે છે ત્યારે અનંત ગુણોના પરિણામને એમાં-એ ભાવનામાં એણે ધારણ કર્યા છે. અનંત ગુણોના. દ્રવ્યની ભાવના છે ને? અનંત ગુણના પુંજની એટલે દ્રવ્યની ભાવના છે. ત્યારે તે અનંત ગુણપરિણામને ધારણ કરીને પરિણમે છે. '**તે ભાવ...**' એટલે સ્વરૂપભાવનાનો અભેદભાવ '**તે ગુણોના પરિણામથી જુદો નથી.**' ભેદ વિવિક્ષાએ તે ગુણોના પરિણામ છે, અભેદ વિવિક્ષાએ તે અનંત ગુણોના પુંજનું એક પરિણામ છે. એકમાં અનેકની કલ્પના છે, વસ્તુતાએ એક છે.

અનુભવકાળનો એક દૃષ્ટાંત લઈએ. ઉપયોગ સ્વરૂપમાં સ્થિર થયો. અનુભવકાળે શું થયું? ઉપયોગ સ્વરૂપમાં સ્થિર થયો. તો ઉપયોગ તો જ્ઞાનગુણનો પર્યાય છે અને સ્થિર થવું તે ચારિત્રગુણનો પરિણામ છે. ઉપયોગ સ્થિર થયો. હવે બેને-જ્ઞાનને અને ચારિત્રને જુદા કેવી રીતે પાડશો? ઉપયોગ પોતે જ સ્થિર થયો છે. પણ સ્થિરપણાની વિશેષતા તે ચારિત્રમાં જાય છે અને જાણવાની, વેદવાની-અનુભવ કરવાની (અપેક્ષા) તે જ્ઞાનમાં જાય છે. બે ભાવ છે કે એક ભાવ છે? ઉપયોગ સ્થિર થયો એમાં બે ભાવ છે કે એક ભાવ છે? ઉપયોગ પોતે જ સ્થિર થયો છે. પણ ગુણભેદે એમાં બે લઈ શકાય છે. બેની આવશ્યકતા નથી, એમ બે જુદા પાડવાની આવશ્યકતા નથી. ઉપયોગ સ્થિર થયો એ જે ભાવ છે એ ભાવને સમજવો રહ્યો. પછી ગુણભેદની વિવિક્ષા કરીને સમજાવવામાં આવે તો ગુણભેદ પડે. પણ ઉપયોગ સ્થિર થયો એમ અભેદપણે સમજાય તો એ બરાબર સમજાય છે. ઉપયોગ સ્થિર થાય છે, ઉપયોગ પોતે જ સ્થિર થાય છે. એક અપેક્ષાએ તો એ ઉપયોગનું જ સ્થિરત્વ છે. એટલે

કોઈ ગુણને જુદો પાડીને, સર્વથા જુદો પાડીને જો વિચારવા જાય તો વસ્તુ વ્યવસ્થા બેસતી નથી. એનું અભેદપણું સાથે રાખીને જો વિચારવામાં આવે, ભેદનો વિચાર કરતી વખતે પણ એની અભેદતા છે એ લક્ષમાં રાખીને જો વિચારવામાં આવે તો વસ્તુનું સ્વરૂપ યથાર્થ જ્ઞાનમાં આવે છે, નહિતર કલ્પના થાય છે.

અહીંયાં તો નિશ્ચયનું પ્રકરણ છે એટલે ગુણને જુદો પાડીને અવલંબન લેવું જ નથી, ગુણભેદને અવલંબનમાં લેવો જ નથી. એટલે કહે છે કે કોઈ ગુણ છે જ નથી. ગુણના પુંજમાં કોઈ ગુણ નથી, જાઓ. ગુણના પુંજમાં કોઈ ગુણ તો નથી. કેમકે ગુણનો પુંજ એટલે દ્રવ્ય છે. દ્રવ્ય તે દ્રવ્ય છે. દ્રવ્યને તમે એક ગુણે કેમ જોઈ શકો? કોઈ એક ગુણથી કેમ જોઈ શકો? એ તો અનંત ગુણનો ગુણી છે. એટલે તે ભાવ ગુણના પરિણામથી, અનંત ગુણોના પરિણામથી જુદો નથી. પરંતુ અનંત ગુણોનું એકરૂપ પરિણમન, અનંત ગુણોનું અભેદ પરિણમન આ ભાવ છે. એ આ ભાવ છે કે જેમાં ગુણોના પરિણામ બધા આવી જાય છે, સમાવિષ્ટ થઈ જાય છે, એનાથી કોઈ જુદી વાત રહેતી નથી.

જેમકે દ્રવ્ય છે અને અનંત ગુણો છે. તો અનંત ગુણોથી જુદું એવું ક્યુ દ્રવ્ય છે? કે અનંત ગુણો તે જ દ્રવ્યનું સ્વરૂપ છે. અનંત ગુણોનું એકરૂપ તે જ દ્રવ્યનું સ્વરૂપ છે. અનંત ગુણોથી દ્રવ્ય કોઈ જુદું નથી. દ્રવ્ય કહેતાં અનંત ગુણોનું એકરૂપ તે જ દ્રવ્ય છે. તેની તે જ વસ્તુ છે. બે વસ્તુ નથી, એમાં એક જ વસ્તુ છે. એમ પરિણામમાં પણ અભેદભાવ છે તે ગુણોના પરિણામથી જુદો નથી.

**'તે ભાવભર્યાપણે પરિણમે છે માટે તે (જુદો ગુણ) ક્યાં રહ્યો?'** તેમાં તે ભાવભર્યાપણે એટલે અનંત ગુણોથી ભરપૂર તે ભાવ છે, એમાં જુદો ગુણ ક્યાં રહે છે? એક ગુણ જુદો ક્યાં રહે છે? 'ગુરુદેવે' જ્યાં વાત લીધી છે ત્યાં તો પુરુષાર્થને જુદો પાડીને જ્ઞાની વિચારતા નથી. એકાંતે પુરુષાર્થે જુદો પાડે છે એમ નથી. જ્યાં પુરુષાર્થ છે ત્યાં અભેદપણે એની સાથે જ્ઞાન છે, ત્યાં અભેદપણે એની સાથે શ્રદ્ધાન છે. શ્રદ્ધાન જુદું રહે, જ્ઞાન જુદું રહે ત્યારે તો અવસ્થાની અંદર વિસંવાદ રહે છે.

જેમકે મિથ્યાદૃષ્ટિ જીવ આત્મા આત્મા કરે કે આત્મા આવો છે, આત્મા આવો છે, આત્મા આવો છે. પણ એનું શ્રદ્ધાન ક્યાંક છે. પણ જ્યારે એ જ્ઞાન સન્મુખ થાય છે ત્યારે પ્રતીતિ એની સાથે ભળે છે. અથવા જેવું જ્ઞાન તદ્‌અનુરૂપ પ્રતીતિ, જેવી સ્વરૂપ પ્રતીતિ તદ્‌અનુરૂપ તેનું જ્ઞાન. અને ત્યારે એને બરાબર યથાર્થ પરિણમન, સમ્યક્ પરિણમન, સમીચિન પરિણમન કહેવામાં આવે છે. કેમકે જાણે કે આવું મારું સ્વરૂપ છે અને એનો વિશ્વાસ ન કરે, પોતે ને પોતે જાણે કે મારું આવું સ્વરૂપ

છે અને એનો વિશ્વાસ ન કરે, એ વાત તો બેહુદી વાત છે.

મુમુક્ષુ :- બુદ્ધિમાં જાણવાનો જે રીતે પ્રયાસ કરે છે એ રીતે વિશ્વાસ નથી કરતો.

પૂજ્ય ભાઈશ્રી :- જો વિશ્વાસ નથી કરતો તો એનું જાણવું એ ખરેખર જાણવું કહેવાતું નથી. ત્યાં તે જ્ઞાન, અજ્ઞાન એવું નામ પામે છે. જ્ઞાન એવું નામ નથી પામતું. એ જ્ઞાનને જ્ઞાન કહેવાતું નથી. અથવા એક Practically બીજી રીતે લઈએ તો. જીવને અજીવ સંયોગોમાં સુખનો વિશ્વાસ છે. અજીવ સંયોગો ઉપર એને વિશ્વાસ છે કે આ મારા સુખના સાધનો છે, આ મારા સુખના કારણો છે. હવે સુખ તો આત્મામાં છે. સુખ તો ક્યાંય છે નહિ. જડ પદાર્થોમાં તો સુખની ગંધ પણ નથી. છતાં એને જૂઠો વિશ્વાસ છે-ખોટો વિશ્વાસ છે. એ વિશ્વાસ ઉઠાવી લીધા વિના આત્મા અનંત સુખનો ભંડાર છે, એ વાત એને કેવી રીતે વિશ્વાસમાં આવે? બેનો વિશ્વાસ તો થાય નહિ. જ્યાં સુખ નથી ત્યાં પણ સુખનો વિશ્વાસ અને જ્યાં સુખ છે ત્યાંનો પણ વિશ્વાસ, બે વાતનો મેળ ખાતો નથી.

એટલે 'અનુભવ પ્રકાશ'માં સાધ્ય-સાધકના બોલમાં એક બહુ સરસ બોલ નાખ્યો છે. પ્રતીતિપૂર્વકનો વિચાર સાધક છે, પ્રતીતિપૂર્વકનો વિચાર તે સાધક છે અને અનુભવ સાધ્ય છે. આવો એક બોલ લીધો છે. અને કહે છે કે તું જે વિચારે છે કે આત્મા આવો, આત્મા આવો, આત્મા આવો, એમાં તને વિશ્વાસ કેટલો છે? આત્મા સુખસ્વરૂપ એમાં તને વિશ્વાસ કેટલો છે? બસ! જો આત્મા સુખસ્વરૂપ છે એનો વિશ્વાસ છે તો એ વિચાર સાધક છે અને સુખાનુભવ તે સાધ્ય છે. પણ આત્મા સુખસ્વરૂપ છે અને વિશ્વાસ એવો છે કે આ અનુકૂળતાઓમાં સુખ છે. અનેક પ્રકારની બાહ્ય અનુકૂળતાઓમાં સુખ છે. તો એ વિચાર સાધક થઈને સુખનો અનુભવ ઉત્પન્ન નહિ કરી શકે. એમ લેવું છે એમાંથી. સામેસામે છે.

જે સુવિચારણા કહેવામાં આવી છે, કે 'ઊપજે સુવિચારણા'. આમાં લીધું છે ને? 'આત્મસિદ્ધિ'માં. તે જીવને સુવિચારણા ઉત્પન્ન થાય છે કે જે સુવિચારણા એને આત્મજ્ઞાનનું કારણ થાય છે. એવી સુવિચારણા કઈ છે? કે એ સુવિચારણામાં આત્માનું જે સ્વરૂપ છે, એ સુખસ્વરૂપ છે એનો વિશ્વાસ આવે છે. એને સુવિચારણા કહે છે. વિશ્વાસ વિનાની આત્માની વિચારણા, આત્માના ગુણોના વિશ્વાસ વિનાની આત્માની વિચારણા તે સુવિચારણા નથી. તો એ સુવિચારણા થતાં જ્યાં જ્યાં એને સુખાનુભવ થાય છે ત્યાં એને પહેલી તો તિરાડ પડે છે. વિશ્વાસમાં અવિશ્વાસ ઊભો થાય છે. અનંત કાળથી જે સંયોગો ઉપર સુખનો વિશ્વાસ કર્યો હતો એમાં એને તપાસતા

શંકા પડે છે. તપાસીને શંકા પડે છે. કલ્પના કરીને, અધ્ધરથી તર્કથી વિચારીને એમ નહિ, પણ તપાસીને શંકા પડે છે કે નહિ. આમાં સુખ નથી એ વાત કાંઈક વ્યાજબી લાગે છે, બરાબર લાગે છે. મારો અનુભવ કાંઈક સાથ આપે છે કે આમાં સુખ નથી એ વાત સાચી છે. ત્યારે એને સુખનો વિશ્વાસ ઊઠી જાય છે. જો સુખનો વિશ્વાસ એને ઊઠે છે તો જ એને સ્વરૂપમાં સુખનો વિશ્વાસ આવે છે. આ વિશ્વાસ પણ રહે અને આ વિશ્વાસ થાય, બે વાત બનતી નથી. થોડીક અઘરી શરત લાગે એવું છે, પણ તપાસમાં ઊતરવું જોઈએ.

જે કાંઈ સત્પુરુષો કહે છે, અનંત તીર્થંકરોએ કહેલી આ વાત છે, કે સુખ આતમામાં છે અને તારું સુખ તારા આત્મા સિવાય બીજે ક્યાંય નથી. તો સ્વરૂપમાં સુખાનુભવ સિવાય જ્યાં જ્યાં સુખ લાગે ત્યાં એ તપાસ તો કરે આ વચન અનુસાર. તપાસીને નક્કી કરે, એમ ને એમ હા પાડવાની વાત નથી.

ભાવભર્યાપણે એટલે અભેદ ભાવે ભાવનાથી પરિણમે છે, અભેદ ભાવનાથી પરિણમે છે. 'માટે તે (જુદો ગુણ) ક્યાં રહ્યો?' એમાં કોઈ જુદો ગુણ અનુભવમાં આવતો નથી. અભેદ સ્વરૂપે દ્રવ્યનો અનુભવ થાય છે, વસ્તુનો અનુભવ થાય છે, સ્વ સ્વરૂપનો અનુભવ થાય છે. એમાં આ એક ગુણ જુદો એમ સર્વથા જુદો પડીને કોઈ અનુભવ થતો નથી. ગુણભેદનું જ્ઞાન થઈ જાય છે તોપણ એ અભેદમાં ભેદનું જ્ઞાન સમાયેલું છે. એના માટે કોઈ ભેદ વિકલ્પ ઉત્પન્ન કરવાની જરૂર નથી.

'**જેમ પુદ્ગલવસ્તુમાં તો સ્કંધનો કર્મવિકાર કોઈ ગુણ તો નથી.**' શું કહે છે? કે જે પુદ્ગલ પરમાણુ છે એમાં સ્કંધ થયો, પરમાણુઓનો સ્કંધ થયો એમાં કર્મત્વની પર્યાય થઈ-કાર્મણવર્ગણા થઈ. એવો જે કર્મવિકાર એ કોઈ પુદ્ગલ પરમાણુનો ગુણ નથી. જેમ જીવમાં રાગ થવો એવો કોઈ ગુણ નથી, એવો કોઈ સ્વભાવ નથી. તેમ સામે પરમાણુમાં પણ કર્મપર્યાયે પરિણમવું, સ્કંધ પર્યાયે પરિણમવું એવો કોઈ ગુણ નથી. એ એનો ગુણ નથી. '**પરંતુ તે પુદ્ગલ વસ્તુના પરિણામ, તે સ્કંધના કર્મવિકારનો સ્વાંગ ધારણ કરીને પરિણમે છે.**' પુદ્ગલમાં પણ તે પુદ્ગલ વસ્તુના પરિણામ સ્કંધના કર્મવિકાર ભાવનો સ્વાંગ ધારણ કરીને પરિણમે છે. એવું એનું પરિણમન છતાં પણ થાય છે. અને તેથી એને વિભાવ અથવા વિકાર કહેવામાં આવે છે. ગુણ નહિ હોવા છતાં એવો પર્યાય થવો, ગુણ નહિ હોવા છતાં એવો પર્યાય થવો, ગુણને અનુકૂળ નહિ એવો પર્યાય થવો એ વિકાર અથવા વિભાવ ત્યાં કહ્યો. આગળ જઈને વિશેષભાવ થઈ ગયો. અને શક્તિના સ્વભાવને અનુકૂળ નહિ હોવાથી એને વિરૂદ્ધ ભાવ પણ કહેવામાં આવે છે.

૨૮ પાનું છેલ્લો પેરેગ્રાફ. '**વળી દ્રવ્યના પરિણામ આ કર્મવિકારભાવને ધારણ કરીને પરિણમે,...**' હવે અહીંયાં વિકારને નિશ્ચય કહેવો છે. નિશ્ચય સંજ્ઞા આપવી છે, નિશ્ચયનું લક્ષણ આપવું છે. '**વળી દ્રવ્યના પરિણામ આ કર્મવિકારભાવને ધારણ કરીને પરિણમે (ત્યાં) નિઃસંદેહ (ચોક્કસ, શંકા વગર) આ એક પુદ્‌ગલ જ સ્વાંગ ધારણ કરીને વર્તે છે.**' '**વળી દ્રવ્યના પરિણામ આ કર્મવિકારને ધારણ કરીને પરિણમે...**' ઉપર જે પુદ્‌ગલ વસ્તુ લીધી છે ને? એમાં એ લાગુ કરીએ તો. ચોક્કસપણે '**આ એક પુદ્‌ગલ જ સ્વાંગ ધારણ કરીને વર્તે છે.**' ત્યાં એ પુદ્‌ગલની જ અવસ્થા છે. જે કાર્મણવર્ગણામાં કર્મવિકાર રહ્યો એ બીજા કોઈ દ્રવ્યની અવસ્થા નથી. હકીકતપણે, ખરેખર, વાસ્તવિકપણે એ પુદ્‌ગલની જ અવસ્થા છે, બીજા કોઈ દ્રવ્યની એ અવસ્થા નથી.

'**વળી આ જીવવસ્તુના પરિણામ રંજક,...**' પરિણામ થાય છે, રાગરૂપ પરિણામ થાય છે '**સંકોચ વિસ્તાર,...**' થાય છે, '**અજ્ઞાન,...**' થાય છે. વિપરીત જ્ઞાન થાય છે. '**મિથ્યાદર્શન,...**' થાય છે. શ્રદ્ધાથી વિપરીત. પોતાને સ્વને શ્રદ્ધવું નહિ, પણ પરને સ્વપણે શ્રદ્ધવું. '**મિથ્યાદર્શન, અવિરતાદિ...**' પરના ગ્રહણસ્વરૂપ, પરપ્રવેશરૂપ અવિરતાદિ '**ચેતનાવિકારભાવરૂપે થઈને પરિણમે છે, એવો તે ચેતનવિકારભાવ જાણવો.**' એ જીવના જ પરિણામ છે અને જીવદ્રવ્ય જ એ રીતે પરિણમ્યું છે. ભલે એવું પરિણમવું એ જીવનો મૂળ સ્વભાવ નથી અને એ જીવનો મૂળ સ્વભાવ નહિ હોવા છતાં એક એવા પરિણામ દેખાવ દે છે, એવા પરિણામે વસ્તુ પરિણમતી જોવામાં આવે છે. વસ્તુ ખુદ પરિણમે છે ત્યારે એ ચેતનાવિકારભાવરૂપે થઈને પરિણમે છે. ત્યારે તે ચેતનાનો એ વિકાર છે. સ્વભાવથી બહાર જઈને એ પરિણમન થયેલું છે. સ્વભાવ છોડીને એ પરિણમેલું છે, સ્વભાવથી વિરૂદ્ધ જઈને એ પરિણમન થઈ રહ્યું છે. એ પણ એક હકીકત છે. એટલે એને અહીંયાં નિશ્ચય સંજ્ઞા દેવી છે.

જેમ અન્યમતમાં એને કહ્યું કે એ માયા છે અને એ કાંઈ નથી, એવું કાંઈ છે જ નહિ. એમ નથી. જૈનદર્શનમાં એ વાત આવે કે અજ્ઞાનદશા કેવી છે? કે જ્ઞાન થાય ત્યારે એમ સમજાય છે કે એ તો સ્વપ્નવત્ દશા હતી, જૂઠી દશા હતી. એનો અર્થ કે એવું મારું સ્વરૂપ નહોતું અને માન્યું હતું. એમ એનો અર્થ છે. જેમ સ્વપન્નમાં વાસ્તવિકતા કાંઈ નથી હોતી. છતાં પણ સ્વપ્ન સ્વપ્ન તરીકે કાંઈ અવાસ્તવિક છે એમ નથી. સ્વપ્ન સ્વપ્ન તરીકે વાસ્તવિક છે. અને ખરી પરિસ્થિતિની અપેક્ષાએ અવાસ્તવિક છે. એમ છે. એવી વિવિક્ષા ક્યાંય નથી.

એમ અહીંયાં પણ કહે છે કે જે ચેતનાવિકારભાવે વસ્તુ પરિણમે છે એ પણ

એક નિશ્ચય સંજ્ઞા જેને આપી શકીએ એવો ભાવ છે. એ પણ ખરેખર વસ્તુનું જ પરિણમન છે અને એ હકીકતને દૂર કરી શકાય એવું નથી. એ અનંત સંસારમાં જીવનું પરિભ્રમણ અનંત કાળ પર્યંત થયું અને અનંત અનંત દુઃખમાં જીવે દુઃખાનુભવ કર્યો એ એક હકીકત છે કે નહિ? એ હકીકતને દૂર કરી શકાય એવું નથી. ચોક્કસપણે એ એક હકીકત છે એમ લેવું છે.

એટલે શાસ્ત્રની અંદર એ વ્યવહારનયનો વિષય હોવા છતાં એક ન્યાયે એને અશુદ્ધનિશ્ચયનયનો વિષય પણ કહેવામાં આવે છે. અથવા અશુદ્ધનિશ્ચયનયના વિષયને એક અપેક્ષાએ વ્યવહાર કહેવામાં આવે છે. પણ છે અશુદ્ધનિશ્ચયનયનો વિષય. 'ગુરુદેવશ્રી' એકવાર 'પંચાસ્તિકાય'નું પ્રવચન કરતાં કહેતા કે જેને અશુદ્ધનિશ્ચયનયનો વિષય ન સમજાય કે જીવ પોતે જ રાગાદિ અશુદ્ધતાએ પરિણમે છે, તેને શુદ્ધ નિશ્ચયનયનો વિષય સમજાય કે જીવ રાગાદિનો અકર્તા છે, એવું કદી બની શકે નહિ. કેમકે આ તો સ્થૂળ ન્યાય છે.

વળી, એકવાર 'પાલીતાણા'માં 'વિજયરામસૂરી' છે (એમની સાથે) ચર્ચા થઈ. આ મુદ્દા ઉપર એક ચર્ચા ચાલી. ચર્ચાનો પ્રશ્ન એ હતો કે જીવને વિકાર થવાનું, વિભાવ થવાનું શું કારણ છે? આ પ્રશ્ન હતો. તો એમણે કહ્યું કે કર્મનો ઉદય. કર્મના ઉદયને કારણે જીવને વિકાર થાય છે. એ તો દિગંબર પંડિતો પણ ઘણાં એમ માને છે અને શ્વેતાંબરની તો બિલકુલ પ્રસિદ્ધ માન્યતા છે. શ્વેતાંબર સંપ્રદાયમાં આ પ્રસિદ્ધ માન્યતા છે અને અણસમજણથી કેટલાક દિગંબર પંડિતો, વિદ્વાનો એવું માનતા થાય છે. પણ દિગંબર ધર્મ સાહિત્યમાં બહુ સ્પષ્ટ વાત છે કે દરેક દ્રવ્ય પોતાનું પરિણામ કરે અને કોઈપણ દ્રવ્ય બીજા દ્રવ્યમાં વ્યાપ્ય-વ્યાપક ભાવે પરિણમી શકતું નહિ હોવાને લીધે કોઈપણ રીતે બીજા દ્રવ્યના પરિણામ કરી શકવાને તે અસમર્થ છે, થઈ શકતું નથી.

અહીંયાં પ્રશ્ન એ ચાલ્યો કે પોતાના છ કારકોથી દરેક પદાર્થ પરિણમે છે તો જીવ પરિણમ્યો એમાં જીવના છ કારકો છે. પણ એમાં કર્મના છ કારકો ક્યાંથી આવ્યા? તો એમ કહ્યું કે એ તો જીવ પોતે પરિણમે છે. તો એમણે એમ કહ્યું કે, તમે સોનગઢવાળા તો રાગનો અકર્તા માનો છો. જીવ તો રાગનો અકર્તા છે એમ માનો છો. સીધું એમ એમણે લીધું. સોનગઢવાળા તો એમ માને છે કે જીવ તો રાગનો અકર્તા છે. અને તમે અહીંયાં એમ કહો છો કે, નહિ, જીવ જ રાગનો કર્તા છે. આ વાત તમારી કાંઈ મેળ ખાતી નથી. મેં કહ્યું, એ રાગનો કર્તા જીવ જ છે એ સમજાય છે પછી રાગનો કર્તા જીવ નથી, એવો જે જીવસ્વભાવ કેવો છે એ સમજાય

એવી વાત છે. પણ આ જીવ પોતે રાગ કરે અને એને કર્મ રાગ કરાવે એવી સમજણવાળાને તો અકર્તા સ્વભાવ સીધો સમજવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. એવી રીતે લોકો લઈ લ્યે છે. પ્રસિદ્ધ વાત છે કે સોનગઢની આ માન્યતા છે કે જીવ રાગાદિનો કર્તા નથી. એવી રીતે એ સ્થૂળ વાત છે નહિ.

અહીંયાં નિશ્ચયનું પ્રકરણ છે. 'દીપચંદજી'એ આ પ્રકરણ લીધું છે નિશ્ચયનું એમાં આ વાત નાખી છે કે જીવનો વિકારભાવ છે, વળી આ જીવવસ્તુના પરિણામ રંજકપણે થાય છે, સંકોચ-વિસ્તારને પામે છે. જુઓ! આ વિભાવવ્યંજનપર્યાય લઈ લીધી. વિભાવઅર્થપર્યાય અને વિભાવવ્યંજનપર્યાય. શાસ્ત્ર પરિભાષાએ લઈએ તો. રંજક પરિણામ, અજ્ઞાન, મિથ્યાદર્શન, અવિરતિ એ વિભાવઅર્થપર્યાય છે. અને સંકોચ-વિસ્તાર છે એ વિભાવવ્યંજનપર્યાય છે. એવા એવા ચેતનાવિકારભાવે વિભાવભાવે થઈને પરિણમે છે. '**એવો તે ચેતનવિકારભાવ જાણવો.**'

'**વળી તે (ચેતનવિકારભાવ) તે ચેતનદ્રવ્યના પરિણામ વિષે જ તો હોય છે.**' 'જ' શબ્દ વાપર્યો. '**વળી તે (ચેતનવિકારભાવ) તે ચેતનદ્રવ્યના પરિણામ વિષે જ તો હોય છે.**' બીજે ક્યાં હોય છે એ પરિણામ? એ સિવાય આ ભાવ બીજે ક્યાં હોય છે? આ સિવાય તો એ ભાવ બીજે ક્યાંય જોવામાં આવતો નથી. જીવનો ભાવ તો જીવમાં જોવામાં આવે છે. તારો અનુભવ કર તું. રાગ તને થયો કે રાગ પુદ્ગલને થયો? ક્યાં થયો? કર્મના પરમાણુ તો તને દેખાતા નથી. હવે ક્યાં રાગ થયો? એ (કર્મ) તો છદ્મસ્થને અગોચર છે. હવે રાગ ક્યાં થયો? તારા સ્વાનુભવને તપાસ. જીવના પરિણામ જીવને વિષે જ હોય છે, બીજે ક્યાંય હોતા નથી.

'**ક્યારેય અચેતનદ્રવ્યના પરિણામ વિષે હોતા નથી.**' ચેતનદ્રવ્યના પરિણામ ચેતનદ્રવ્યને વિષે જ હોય અને ક્યારેય અચેતનદ્રવ્યના પરિણામ વિષે હોય નહિ. અસ્તિ-નાસ્તિથી વિષય સ્પષ્ટ કર્યો છે. '**આ નિઃસંદેહ છે.**' જુઓ! આ નિઃસંદેહ છે. આમાં કાંઈ ફેર નથી. '**તો આવી રીતે જે વિકારભાવ છે, તે પોતપોતાના જ દ્રવ્યપરિણામ વિષે જ હોય છે...**' આવી રીતે જે વિકારભાવ છે એ પોતપોતાના જ દ્રવ્યપરિણામ વિષે જ હોય છે. '**તે તે દ્રવ્યના પરિણામઆશ્રિત હોય છે તે પણ નિશ્ચયસંજ્ઞાનું નામ પામે.**' તે પણ નિશ્ચય એવું નામ પામે અને સંજ્ઞા દેવાય છે કે આ નિશ્ચય છે. પછી તે અશુદ્ધ હોવાથી તેને અશુદ્ધનિશ્ચય કહેવામાં આવે છે. એમાં મલિનતા હોવાથી એને અશુદ્ધનિશ્ચય કહેવામાં આવે છે. પણ છે એ જીવના પરિણામ. એને પણ નિશ્ચયસંજ્ઞા જાણવી. અહીંયાં પણ નિશ્ચય લક્ષણ છે.

પછી તો એ છેલ્લે છેલ્લે Total મારે છે. ૩૧ પાને પહેલી લીટી છે ત્યાં એનો

સરવાળો છે. '**નિશ્ચયનો સામાન્ય અર્થ આટલો કહેવો. નિશ્ચયનો સંક્ષેપથી આટલો જ અર્થ જાણવો-**' હવે અવતરણ ચિહ્નમાં વાત છે. '**નિજ વસ્તુ સાથે જે ભાવનો વ્યાપ્ય-વ્યાપક એકમેક સંબંધ હોય તેને નિશ્ચય જાણવો.**' તો એ વ્યાપે છે કે નહિ?

.... ભાવ દેખાડવો હોય ત્યારે, સ્વભાવને વધારે સ્પષ્ટ કરવા માટે ભાષા કરવી પડે એ બીજી વાત છે, પણ એ ખ્યાલમાં રાખીને વાત છે. નહિતર 'સમયસાર'ની ૭૫-૮૦ ગાથામાં એ આવે કે જીવના પરિણામમાં જે વિભાવ થાય છે એના આદિ-મધ્ય-અંતમાં પુદ્‌ગલ વ્યાપે છે. એમાં તો શું લેવું છે? કે જે સ્વભાવ છે, ત્રિકાળી સ્વભાવ વ્યાપતો નથી. ત્રિકાળી સ્વભાવ તેનો કર્તા નથી અને સ્વભાવમાં તેનું કર્તાપણું નથી. કર્તાપણું ક્યાં હોય? કે વ્યાપ્ય-વ્યાપકપણું હોય ત્યાં હોય. પણ સ્વભાવમાં જો રાગાદિનું કર્તાપણું હોય તો સ્વભાવ નિત્ય હોવાથી નિત્ય કર્તૃત્વ થઈ જાય. તો તો કોઈનો મોક્ષ થાય એ પ્રશ્ન રહેતો નથી. તો એ સ્વભાવને સારી રીતે બતાવવા માટે એને પુદ્‌ગલમાં ભાષાથી નાખવામાં આવે છે. ભાષાથી એમ કહેવાય છે, પ્રયોજનવશ એમ કહેવાય છે, છતાં ખરેખર એમ નથી. એમ જાણીને વાત છે. નહિતર તો દ્રવ્યાનુયોગનો સિદ્ધાંત તૂટી જાય છે.

કોઈ સિદ્ધાંત તોડીને કોઈ વાત નથી. જેમકે મુનિ છે એ જોઈને પગ મૂકે. ઈર્યાસમિતિમાં ચાલે ત્યારે જોઈને પગ મૂકે. તો એ પોતાના શરીરને પોતાની ઈચ્છા પ્રમાણે ચલાવી શકે છે, પગને ઈચ્છા પ્રમાણે મૂકી શકે છે, ઉપાડી શકે છે, મૂકી શકે છે. એમ બે દ્રવ્યની ભિન્નતાનો સિદ્ધાંત તોડીને ક્યાંય વાત નથી કરવી. પણ ભાષા એવી આવે. ભાષાથી ગભરાવાની જરૂર નથી. ભાવ તો જે છે તે છે. અને ત્યાં કહેવા શું ધારે છે, એટલું જ લક્ષમાં લેવાનું છે. ત્યાં દ્રવ્યાનુયોગનું પ્રકરણ ચાલતું નથી. ત્યાં ચરણાનુયોગનું પ્રકરણ ચાલે છે. એટલે દ્રવ્યાનુયોગના દૃષ્ટિકોણથી ત્યાં વિચારવાનો પ્રશ્ન ઉપસ્થિત જ થતો નથી. એ દ્રવ્યાનુયોગનું જ્ઞાન એમ ને એમ જ રહે છે, ફેરફાર વગરનું રહે છે. એમ ને એમ એટલે એમાં કોઈ ફેરફાર થતો નથી.

શું કહે છે? છેલ્લી લીટી ફરીથી. '**તો આવી રીતે જે વિકારભાવ છે, તે પોતપોતાના જ દ્રવ્યપરિણામ વિષે જ હોય છે.**' વિકારભાવ હોય કે અવિકારભાવ હોય, એ પોતાના દ્રવ્યના પરિણામ વિષે જ હોય છે. અથવા '**તે તે દ્રવ્યના પરિણામઆશ્રિત હોય છે...**' પર્યાય તો, પોતાના દ્રવ્યની પર્યાય પોતાના દ્રવ્યઆશ્રિત થાય. પોતાના દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યમાં થાય તો પરદ્રવ્યઆશ્રિત થાય. પણ બીજા દ્રવ્યમાં તો એ થતી નથી. ગુણ અને પર્યાય તો સ્વદ્રવ્યાશ્રિત જ રહે છે. પોતના ગુણ, પર્યાય તો પોતાના સ્વદ્રવ્યાશ્રિત જ રહે. બીજા દ્રવ્યને આશ્રિત રહે નહિ. તેથી '**તે પણ**

**નિશ્ચયસંજ્ઞાનું નામ પામે.**' અહીંયાં જીવવિકારને પણ નિશ્ચય એવી સંજ્ઞા મળે છે. એ એક હકીકત છે. એ હકીકતને હકીકતરૂપે જાણીને એ વાતને મૂળમાં રાખીને પછી બીજી વિવિક્ષાઓમાં ક્યાં શું કહેવા ધારે છે ક્યા શબ્દોથી, એનું અર્થઘટન કરવું જોઈએ.

'**ચકારથી બીજા પણ નિશ્ચયભાવ જાણવા.**' ચ એમ કરીને (એટલે) અને. બીજા પણ નિશ્ચયભાવ જાણવા. હવે ક્યાં ચકાર લીધો છે? '**अभेदभावं च**' '**येषां गुणानां प्रचयं निजस्वभावं च अभेदभावं च।**' 'ખ' લીધો છે ને? જે ગુણો છે અને જે પર્યાયો છે, નિજ સ્વભાવ છે, અભેદ ભાવ છે. 'ખ' કહીને બધા. એ સિવાયના પણ કેટલાક નિશ્ચયના પ્રકાર છે. '**द्रव्यपरिणामनाधीनं तं निश्चयं भणितं व्यवहारेण।**' વ્યવહારથી એટલે કથનથી કહેવાય છે, એમ કહેવું છે. વ્યવહારનો અર્થ એમ છે. એવું જિનાગમમાં કહ્યું છે. એવું કથન આવે છે. એમ લેવું છે.

'**ચકારથી બીજા પણ નિશ્ચયભાવ જાણવા., જેટલી નિજવસ્તુની પરિમિતિ (સીમા, મર્યાદા)...**' એની પરિમિતિ એટલે પરિમાણરૂપ પરિસ્થિતિ. એને પરિમિતિ કહે છે. પરિમાણરૂપ-માપવારૂપ, સીમારૂપ, મર્યાદારૂપ. '**તેટલી પરિમિતિમાં દ્રવ્ય, ગુણ, પર્યાય વ્યાપ્ય-વ્યાપક થઈને વર્તે છે.**' શું કીધું? જેટલી નિજ વસ્તુની મર્યાદા છે, દ્રવ્ય-ગુણ અને પર્યાય, એના પરિમાણમાં જ જીવદ્રવ્ય વ્યાપ્ય-વ્યાપક થઈને પરિણમે છે. એથી બહાર વ્યાપીને પ્રવર્તે છે એવું બની શકતું નથી. વસ્તુ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયની સીમામાં છે અને એ મર્યાદાની બહાર વસ્તુ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વસ્તુ વ્યાપેલી છે. આથી બહાર વસ્તુની કોઈ મર્યાદા નથી.

'**તે વસ્તુ પરિમિતિથી બહાર વ્યાપ્ય-વ્યાપક નથી હોતું,...**' આમ વ્યાપ્ય-વ્યાપકભાવે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે અને એથી બહાર ક્યાંય પણ અન્ય વસ્તુમાં એની વ્યાપ્ય-વ્યાપકતા નથી. વ્યાપી શકતું નથી. '**પોતપોતાની સત્તામાં વ્યાપ્ય-વ્યાપક થઈને અનાદિઅનંત રહે છે,...**' અપવાદે પણ એની બહાર ક્યાંય જાતું નથી. પછી તો શું છે કે શબ્દથી ઘણા કલ્પના કરી લે કે ભગવાનના જ્ઞાનને સર્વવ્યાપક કહ્યું છે. તો ભગવાનનું જ્ઞાન લોકાલોકમાં બધે વ્યાપી જાય છે કે નહિ? એવું કાંઈ છે નહિ. પણ વ્યાપીને જાણે તો કેટલું વિશદ્ અથવા સ્પષ્ટ જણાય? એવું સ્પષ્ટ જણાતું હોવાથી વ્યાપ્યું એમ કહેવામાં આવે છે. તો એમાંથી એક મત ઊપજી ગયો કે પરમેશ્વર તો સચરાચર વ્યાપેલો છે. જાવ. ભગવાન તો સચરાચર બધે વ્યાપેલા છે. 'ઘાસ ચાસની પાસ પણ વિશ્વપતિનો વાસ.' અમારે ભણવામાં આવતું હતું. એમ કાંઈ ખરેખર છે નહિ.

યુક્તિ તો એવી રીતે બનાવવામાં આવે છે કે પાણીમાં વરુણદેવ છે. પાણી તો

જૈનદર્શનમાં પાણી એટલે પુદ્ગલ રજકણના પર્યાયો છે. રજકણના પુદ્ગલ પર્યાયો છે. એ તો બધે દેવ મૂકે છે ને? તો કહે, પાણી એટલે વરુણદેવ છે. એનું Chemical form શું છે? $H_2O$. બે ભાગ હાયડ્રોજનના અને એક ભાગ ઓક્સિજનનો. એ બન્ને વાયુરૂપે હોય, હાયડ્રોજન જો વાયુરૂપે હોય અને ઓક્સિજન પણ વાયુરૂપે હોય તો એક ભાગ અને બે ભાગ સાથે કરો તો સીધું પાણી ત્યાંથી ઉત્પન્ન થઈ જાય છે. એ તો વિજ્ઞાનના પ્રયોગથી સિદ્ધ છે. હવે, એક વાયુ છે એ ઉષ્ણ સ્વભાવી છે. હાયડ્રોજન અને ઓક્સિજનમાં એક ઉષ્ણ સ્વભાવી છે અને એક શીત સ્વભાવી છે. એટલે બે પરસ્પર વિરુદ્ધ સ્વભાવવાળા છે. તો એ સાથે કેમ રહે છે? બે સાથે કેમ રહી શકે? ત્યાં ભગવાનનો વાસ છે માટે સાથે રહે છે. ઠીક! આવી બધી યુક્તિ ઊપજાવવામાં આવે છે.

એ લોકો કેવી કેવી યુક્તિથી સ્થાપે છે! એટલા માટે પાણીને વરુણદેવ કહ્યું છે. પછી એના આશિર્વાદ માંગવામાં આવે છે કે હે વરુણદેવ! તમે અમારું ક્યારે પણ સત્યાનાશ કરશો નહિ. આ પ્રલય થાય છે ને? જળબંબાકાર થાય. બહુ વૃષ્ટિ થાય, અતિવૃષ્ટિ થાય. પણ એ બધા પુદ્ગલના પરિણામ છે અને એમાં ક્યાંય જીવ વ્યાપતો નથી અને એમાં ક્યાંય ભગવાન વ્યાપતો નથી. પણ અંધશ્રદ્ધામાં એ બધી યુક્તિ અને ગપ્પા ચાલે છે.

અહીંયાં શું કહે છે? વસ્તુ છે તે પોતાની સીમાની બહાર, પરિમિતિ એટલે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયની મર્યાદા બહાર જઈને વ્યાપ્ય-વ્યાપકપણે વસ્તુ હોઈ શકે નહિ. **'પોતપોતાની સત્તામાં વ્યાપ્ય-વ્યાપક થઈને અનાદિઅનંત રહે છે. આને પણ નિશ્ચય કહેવામાં આવે છે.'** આવી જે વસ્તુની મર્યાદા તેને પણ નિશ્ચયસંજ્ઞા એવું નામ મળે છે. પણ અરિહંત ભગવાનની કૃપાથી મોક્ષ થાય કે ન થાય? પાંચ પદમાં પહેલું ણમો અરિહંતાણં લીધું. ણમો સિદ્ધાણં તો એથી ઉચ્ચ પદ છે, છતાં પણ ણમો અરિહંતાણં લીધું. તો કાંઈક, સંસારી જીવનું કાંઈક કરતા હશે કે નહિ કરતા હોય? એ પ્રશ્ન રહેતો નથી. પણ એ ભગવાનના ભક્તો જ્યારે ભગવાનની સ્તુતિ કરે છે ત્યારે તો એવું જ કહે છે, જેવું અન્યમતિઓ કહે છે એવું જ કહે છે કે હે કૃપાસાગર! હે અનંત કૃપાના સાગર! કેટલા? અનંત કરુણાના સાગર! આપ અમને સંસારમાંથી તારવાની કૃપા કરો. આપની કૃપા વગર અમે હરગીઝ તરી શકશું નહિ. તો પછી ત્યાં દ્રવ્યાનુયોગનો સિદ્ધાંત તોડવો છે ભક્તિ કરતા કરતા? પણ અહીંયાં એ પ્રકરણ નથી. અહીંયાં એ પ્રકરણ નથી. પણ નિર્દોષ પરમાત્માના એના ગુણો જોઈને એ ગુણોના ભાવથી એવા ભાવથી પોતાનું ભાવાન્વિતપણું થાય છે, ભાવોનો આવિર્ભાવ

થાય છે, ગુણો પ્રત્યેનું બહુમાન આવે છે. ત્યારે ઉપચાર કરાય છે કે આપની મારા ઉપર કૃપા થઈ. આપના ગુણોનું મેં સ્તવન કર્યું ત્યારે મને પણ ગુણ ઊપજ્યા. માટે આપની કૃપા થઈ. ભગવાન આમાં ક્યાંય વ્યાપ્યા? ભગવાનનું વ્યાપ્ય-વ્યાપકપણું હોતું નથી.

મુમુક્ષુ :- ભક્તિવશે ન કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- કહેવાય ખરું પણ સમજવાની અંદર સિદ્ધાંત તૂટવો ન જોઈએ. તમને એમ બોલતા રોકવાની જરૂર નથી કે પાણીનો પ્યાલો લાવો. પણ સમજણમાં તો તમને પાણી ભરેલો પ્યાલો જ છે. તમારા જ્ઞાનમાં ફેર નથી, ભાષામાં ફેર છે પણ ભાવમાં ફેર નથી. એ રાખીને વાત છે. વસ્તુસ્થિતિ શું છે? કે પાણી પ્યાલામાં ભરીને લાવવાની વાત છે. એવો જે તમારો કહેવાનો આશય, સમજવાનો આશય, જ્ઞાનનો આશય એ કાંઈ બદલાતો નથી. ભાષા આમ આવે છે કે પાણીનો પ્યાલો આપો. તો ત્યાં ક્યારેય જ્ઞાન ભૂલ ખાય છે? હજાર વાર બોલવામાં એક વાર પણ? કે પ્યાલો જ પ્રવાહી રૂપે થઈ જાય, પાણી રૂપે થાય એવો ક્યારેય ભ્રમ થાય? એ પ્રશ્ન રહેતો નથી. એમ ભગવાનને હજારવાર કહે કે આપ અમારા બધા કાર્યો સીધા કરો. ભગવાનને કાંઈ આપણું કામ કરાવાય? પરમાત્માને કાંઈ પોતાના કામે લગાડાય કે અમારા કામ કરો, અમે દુઃખી થઈ ગયા છીએ. અમારા દુઃખ દૂર કરો. પણ એ બધું ભક્તિમાં એવું બોલાય છે. બોલવાની વાત છે. વાસ્તવિકતા એમ છે નહિ. એવું જ્ઞાન ત્યારે પણ રહેવું જોઈએ અને રહે છે. એવું જ્ઞાન રહેવું જોઈએ. ખરેખર એમ માની લે તો એ મોટી સિદ્ધાંતિક ભૂલ થાય છે અને એમાં મોટી ગડબડ ઊભી થાય.

એવી ભક્તિ કરવી કે ન કરવી? આ સવાલ છે. ઠીક! આવી ભાષાથી ભક્તિ કરવી કે ન કરવી? ભક્તિમાં એવી જ ભાષા આવે. જ્યારે ભક્તિનો ભાવ આવે ત્યારે એવી ભાષા આવે. છતાં જ્ઞાન બદલાતું નથી.

**'પોતપોતાની સત્તામાં વ્યાપ્ય-વ્યાપક થઈને અનાદિઅનંત રહે છે. આને પણ નિશ્ચય કહેવામાં આવે છે.'** એવી ભાષાથી ભક્તિ કરતા કો'ક બીજું સમજી લેશે માટે ભક્તિ ન કરવી એવું કાંઈ કરાય? એવું કાંઈ હોઈ શકે નહિ. એ તો ભક્તિ ભક્તિની રીતે જ થાય. એમ દરેક પ્રકરણમાં પોતપોતાના પ્રયોજનવશ જે ભાષાપ્રયોગ હોય એવો જ ભાષાપ્રયોગ થાય. છતાં ચારે અનુયોગના જે સિદ્ધાંતો છે એ અવિકળ રૂપે અચલિતપણે એમ જ રહે છે. એમાં કોઈ ફેરફાર છે નહિ.

**'વળી જે ભાવ જે ભાવનો પ્રતિપક્ષી-વૈરી (વિરોધી છે તેની સાથે તે વેર**

**(વિરોધ) કરે, બીજા સાથે ન કરે તેને પણ નિશ્ચય જાણવો.**' શું કહે છે? કે જે ભાવ જે ભાવનો પ્રતિપક્ષી છે. દૃષ્ટાંત લઈએ કે સ્વભાવ અને વિભાવ, બે પરસ્પર વિરૂદ્ધ ભાવ છે. એકબીજાના પ્રતિપક્ષી છે અને વેરી છે. એકબીજાના વધ્ય-ઘાતક સ્વભાવે છે. 'સમયસાર'માં એ ભાષા વાપરી છે કે વધ્ય-ઘાતક સ્વભાવે છે. અને બહુ સરસ દૃષ્ટાંત આપ્યો છે, પીપરનો. પીપરમાંથી લાખ ઝરે છે. જેમ આ બાવળનો ગુંદર નીકળે. એમ ચીકણો પદાર્થ-રસ નીકળવો. તો છે એમાંથી જન્મેલી ચીજ, શેમાંથી? એ જ વૃક્ષમાંથી નીકળેલો રસ છે, છતાં તે પીપરનો ઘાતક છે. વધ્ય-ઘાતક ભાવે છે. એમ જીવનો વિકાર જીવનું જ પરિણામ છે. કોનું છે? જીવનું પરિણામ હોવા છતાં તે જીવ સ્વભાવનો ઘાતક છે. પ્રતિપક્ષી છે, વેરી છે. એ પણ નિશ્ચય જાણવો.

મુમુક્ષુ :- આત્મા ઘડીક સ્વભાવમાં જાય અને ઘડીક વિભાવમાં જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ઘડીક સ્વભાવમાં જાય અને ઘડીક વિભાવમાં જાય એમ નહિ. એ અનાદિથી વિભાવ જ જઈ રહ્યો છે, પછી જ્યારે એ સ્વભાવમાં જાય ત્યારે વિભાવમાં જતો બંધ થાય છે. પછી જ્યારે એ સ્વભાવમાં જવા લાગે છે ત્યારે વિભાવમાં જતો એ બંધ થાય છે. પછી એ વિભાવમાં જતો નથી. એમ છે.

મુમુક્ષુ :- એક જીવ સ્વભાવમાં ગયો, એક જીવ વિભાવમાં ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ થાય છે. કેટલાક જીવો સ્વભાવમાં રહે છે. સાધકો સ્વભાવમાં રહે છે, અરિહંતો, સિદ્ધો સ્વભાવમાં રહે છે અને સંસારી જીવો વિભાવમાં રહે છે.

મુમુક્ષુ :- આત્મા તો શક્તિવાળો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, શક્તિ છે.

મુમુક્ષુ :- છતાં વિભાવ કેમ થાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- એનું કોઈ કારણ નથી, અકારણપણે છે. એનું કોઈ કારણ નથી. અનાદિથી છે. સોનું સોનાના સ્વરૂપે સોના રૂપે જ છે. ખાણમાં શું કરવા? સોના જેવું સોનું ખાણમાં શું કરવા? એ અનાદિથી એમ જ છે. પછી એનું શુદ્ધિકરણ કરીને, શોધન કરીને એનો જુદો ઉપયોગ અને પ્રયોગ થઈને ઉપયોગ થાય છે. પણ છતાં અનાદિથી છે ઈ ખાણમાં જ હતું. શું કરવા અનાદિથી ખાણમાં? એનું કોઈ કારણ ખરું? અકારણપણે એ ખાણમાં છે.

ચેતનમાં પણ એવું છે. ચેતનમાં પણ પોતે પોતાને ભૂલ્યો છે, પોતે પોતાના મૂળ સ્વરૂપને અને મૂળ સ્વભાવને ભૂલ્યો છે. હવે આ જીવને પૂછી જોવું કે તું તારા સ્વભાવને શું કરવા ભૂલ્યો? પૂછવું પોતાને. પોતે જીવ છે કે નહિ? તો પોતામાં

તપાસ કરવી કે તું તારા સ્વરૂપને શું કરવા ભૂલ્યો? અનાદિથી ભૂલ્યો છે. અનાદિથી એનું અજ્ઞાન વર્તે છે. જાણ્યો નથી, અનુભવ્યો નથી, કેવો છે એની એને ખબર નથી. શું કરવા ખબર નથી? અકારણપણે એને ખબર નથી તો નથી જ, બસ. એનું કોઈ કારણ નથી.

મુમુક્ષુ :- એટલે કે વિભાવમાં છે અને સ્વભાવમાં જાવાનો પ્રયત્ન કરવો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને ઓળખીને, સ્વભાવને ઓળખીને, નિજજાતિ સ્વભાવને ઓળખીને એ જાતિરૂપે પરિણમવું થાય છે. એ કર્તવ્ય છે, એ કરવા યોગ્ય છે. એ એનો સંક્ષેપ છે. શું કહે છે?

નિશ્ચય ક્યાં ક્યાં લાગુ કરવો? વિકારમાં લીધો, પછી પોતાની જે સ્વરૂપ મર્યાદા છે એને નિશ્ચય લેવો. હવે એમ કહે છે કે સ્વભાવ અને વિભાવમાં પરસ્પર ઘાતકપણું છે અને એકબીજાના ઘાતક સ્વભાવે છે. જો સ્વભાવની પ્રબળતા થાય તો વિભાવને ઘાતે અને વિભાવની પ્રબળતા થાય તો સ્વભાવને ઘાતે. એ રીતે પ્રતિપક્ષી અને વેરી છે. તે પરસ્પર એકબીજા સાથે વેર કરે, વિરોધ કરે. સ્વભાવ વિભાવનો વિરોધ કરે, વિભાવ સ્વભાવનો વિરોધ કરે. એટલે તો એને અરિ કહ્યા છે. વેર કરનારા હોવાથી એને વેરી અને અરિ કહેવામાં આવે છે. '**બીજા સાથે ન કરે...**' એને બીજા સાથે સંબંધ નથી. પોતાના પ્રતિપક્ષ સાથે સંબંધ છે. '**તેને પણ નિશ્ચય જાણવો.**' અહીંયા પણ એક નિશ્ચય સંજ્ઞા મળે છે. આ પણ એક હકીકત છે, એમ કહેવું છે. કેટલી કેટલી જગ્યાએ હકીકત લેવી છે કે આ હકીકત દૂર કરી શકાય એવું નથી. Hard fact છે આ. એમાં કોઈ ફેરફાર થઈ શકે એવું નથી. તેને પણ નિશ્ચય જાણવો.

વળી, '**જે પ્રતિજ્ઞા કરવામાં આવે છે-નિયમ કરવામાં આવે છે-તેને પણ નિશ્ચય કહેવામાં આવે છે.**' જે પ્રતિજ્ઞા લેવામાં આવે છે, નિયમ લેવામાં આવે છે એને પણ શાસ્ત્રમાં નિશ્ચય સંજ્ઞા એવું નામ આપ્યું છે. નિશ્ચયથી હું હવે આમ જ કરીશ. આજીવન પર્યંત હવે હું આમ જ રહીશ. એ વગેરે, એ પ્રતિજ્ઞાને પણ નિશ્ચય કહેવામાં આવ્યો છે. નિયમને નિશ્ચય કહ્યો છે. '**વળી, જે કાળે જેવું, જે થવાનું હોય તેવું જ થાય, તેને પણ નિશ્ચય કહેવામાં આવે છે.**' અહીંયાં શાસ્ત્રનું ઉદ્ધરણ લીધું છે. 'કાર્તિકેયાનુપ્રેક્ષા'ની ૩૨૧-૩૨૨ ગાથા છે. જે કાળે '**જે થવાનું હોય તેવું જ થાય તેને પણ નિશ્ચય કહેવામાં આવે છે.**'

**जं जस्स जम्मिदेसे जेण विहाणेण जम्मि कालम्मि।**
**णादं जिणेण णियदं जम्मं वा अहव मरणं वा।।३२१।।**

**तं तस्स तम्मि देसे तेण विहाणेण तम्मि कालम्मि।**
**को सक्कई चालेदुं इंदो वा अह जिणिंदो वा।।३२२।।**

ભાવાર્થ :- '**સર્વજ્ઞદેવે જે દેશમાં, જે કાળમાં જે વિધાનથી જીવનાં જન્મ તથા મરણ ઉપલક્ષણથી દુઃખ, સુખ, રોગ, દરિદ્રાદિ જાણ્યાં છે કે આવું જ નિયમથી થશે, તે જ પ્રકારે, તે પ્રાણીને તે જ દેશમાં, તે જ કાલમાં,...**' એટલે તે જ સમયે '**તે જ વિધાનથી...**' તે જ પ્રકારે '**નિયમથી થાય છે, તેમને ઈન્દ્ર તથા જિનેન્દ્ર તીર્થંકરદેવ કોઈ પણ નિવારી (અટકાવી, ટાળી) શકતા નથી.**'

મુમુક્ષુ :- સૌ સૌના કર્મના પરિણામ સાથે નથી?

પૂજ્ય ભાઈશ્રી :- કર્મના પરિણામથી થાય છે એમ કહેવું વ્યવહાર છે. નિમિત્તની મુખ્યતાથી કહ્યું. પણ એ વખતે તે પદાર્થનો તે પ્રકારે પરિણમવાનો પોતાનો જ સ્વકાળ છે. એમાં કોઈ ફેરફાર કરી શકતું નથી.

મુમુક્ષુ :- મૂળ કારણ કર્મ નથી?

પૂજ્ય ભાઈશ્રી :- મૂળ કારણ કર્મ નથી. મૂળ કારણ પોતે જ છે, બીજું કોઈ નથી. પોતાના જ સ્વદ્રવ્યની યોગ્યતા છે.

મુમુક્ષુ :- પોતે ભાવકર્મ કર્યા એટલે થયું ને?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવકર્મ કર્યા પોતે પોતાથી કર્યા, બીજાએ એને કરાવ્યા? બસ! આટલી વાત છે. પોતે જ ભૂલ સ્વયં કરે છે. એના ઉપર 'બ્રહ્મ વિલાસ'નું હિન્દી પદ લાગે છે. (પરમાર્થ પદ પંક્તિ-૨૨મી).

**जो जो देख्यो वीतरागने सो सो होसी वीरा रे।**
**बिन देख्यो होसी नहिं क्यों ही, काहे होत अधीरा रे।।१।।**
**समयो एक बढे नहिं घटसी, जो सुखदुःखकी पीरारे।**
**तू क्यों सोच करै मन कूडो, होय वज्र ज्यों हीरारे।।२।।**

જે વીતરાગે સર્વજ્ઞ પરમાત્માએ જોયું છે તે જ થશે. એમણે નહિ જોયું હોય એવું કાંઈ નહિ થાય, એમ કહે છે. સર્વજ્ઞના જ્ઞાનની બહાર કોઈ વાત ભજતી નથી, બનતી નથી. તું શા માટે અધિરો થાય છે? ઉતાવળો થાય છે? આકરો થાય છે? કેમ આમ થઈ ગયું? કેમ આમ થઈ ગયું? એમ તને શા માટે થાય છે? એ તો જે સર્વજ્ઞે જે જોયું છે એમ જ થાય છે, બીજી રીતે થતું નથી. એમાં એક સમય વધશે પણ નહિ અને ઘટશે પણ નહિ. એટલે પહેલાં પણ નહિ થાય અને પછી પણ નહિ થાય. જે થશે એ બરાબર યોગ્ય કાળે થશે. જે થશે તે યોગ્ય જ થશે અને યોગ્ય કાળે જ થશે. એમાં કાંઈ બીજો ફેરફાર થતો નથી. જે સુખ-દુઃખની

પીડા છે એ પણ એક સમય વહેલી, મોડી, આઘીપાછી, ઓછીવત્તી કાંઈ થતી નથી. તું શા માટે એની ચિંતા કરે છે? દુઃખી થઈને શા માટે એની ચિંતા કરે છે? જેમ વજ્ર ને હીરો જેટલી મજબૂત છે એટલી આ વાત વજ્ર જેવી મજબૂત છે.

'ગુરુદેવશ્રી' જ્યારે ક્રમબદ્ધનું પ્રકરણ લેતા હતા ત્યારે આ ગાથાઓના આધાર પોતાના પ્રવચનોમાં પણ લેતા. ભગવાન 'કાર્તિકેયસ્વામી'ની અનુપ્રેક્ષાની ૩૨૧-૩૨૨ ગાથાનો અહીંયાં આધાર આપેલો છે. કેટલાક વિદ્વાનોએ વાંધો ઉઠાવ્યો કે ક્રમબદ્ધની વાત શાસ્ત્રમાં તો મળતી નથી. 'કાનજીસ્વામી'એ કાંઈક ઘરનું ઉઠમણું ઊભું કર્યું છે. કલ્પનાથી વાત ઊભી કરી છે. તો કહે, લે, આ શાસ્ત્રમાં છે. 'કાર્તિકેયસ્વામી' જેવા દિગંબર સંતે આ વાત ભૂતકાળમાં પોતાના શાસ્ત્રમાં આ વાત કરી છે. એને અહીંયાં નિશ્ચયના પ્રકરણમાં 'દીપચંદજી'એ નાખી છે કે આ પણ એક નિશ્ચય છે. વસ્તુનું જે કાળે જે પરિણમન થવાનું તે થવાનું. એક સમયમાત્ર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ કોઈપણ પ્રકારે આઘુપાછું ન થાય એ હકીકત પણ નિવારી શકાય એવી નથી. જેમ સર્વજ્ઞના જ્ઞાનમાં ફેર પાડી શકાય એમ નથી, તેમ આ સિદ્ધાંતમાં પણ ફેર પાડી શકાતો નથી. માટે એને નિશ્ચયસંજ્ઞા અહીંયાં દઈએ છીએ. એ નિશ્ચય એટલે ફરે નહિ એનું નામ નિશ્ચય એમ અહીંયાં કહી દીધું. જેમ પ્રતિજ્ઞા લીધી તો ફરે નહિ તેનું નામ નિશ્ચય. એવી પ્રતિજ્ઞા લીધી. એમ આ વસ્તુ ફરે નહિ એનું નામ નિશ્ચય છે. વિશેષ લઈશું...

## તા. ૨૪-૫-૧૯૮૬, પાના નં. ૨૯
## પ્રવચન નં. ૨૨

'આત્માવલોકન', પાનું-૨૯. નિશ્ચય લક્ષણ. નિશ્ચયનું લક્ષણ ક્યાં ક્યાં જિનાગમને વિષે લેવામાં આવ્યું છે તેના પ્રકાર અહીંયાં સંક્ષેપમાં છે. અહીંથી લઈએ. Paragraph માં વચ્ચેથી.

**'જે પ્રતિજ્ઞા કરવામાં આવે છે-નિયમ કરવામાં આવે છે-તેને પણ નિશ્ચય કહેવામાં આવે છે.'** સામાન્ય રીતે પ્રતિજ્ઞા પચ્ચખાણનો ભાવ વ્યવહાર ગણવામાં આવે છે. અહીંયાં એને નિશ્ચય કહ્યું છે. તો કેવી રીતે નિશ્ચય કહ્યું છે? કે મોક્ષમાર્ગી જીવ મોક્ષમાર્ગમાં વિશેષ સ્વરૂપ સ્થિરતા જ્યારે કરે છે, વિશેષ સ્વરૂપ સ્થિરતામાં આવે છે ત્યારે તેના બુદ્ધિપૂર્વકના ઉત્પન્ન થતાં કેટલાક દોષ-કષાયના પરિણામનો અભાવ થાય છે. એટલે ઉત્પન્ન થતાં બંધ થઈ જાય છે એને અભાવ કહે છે. ઉત્પન્ન થવા અને તીવ્ર-મંદપણે ઉત્પન્ન થવા એ સદ્ભાવને બતાવે છે. પણ ઉત્પન્ન થતા જ બંધ થાય છે. સ્વરૂપ સ્થિરતા અને વીતરાગતાના સદ્ભાવને લીધે અહીંયાં રાગાદિ દોષના પ્રકારો છે એમાં નીચી કોટિના જે પ્રકારો છે ત્યાંથી બંધ થવાની શરૂઆત થાય છે. અભાવ થાય છે. એ અભાવ થતા પહેલાં એવો દોષ નહિ કરવાનો એક નિશ્ચય પરિણામની અંદર ઉત્પન્ન થાય છે. એને પ્રતિજ્ઞા કહે છે. એ પ્રતિજ્ઞા પછી તો મોક્ષમાર્ગી જીવને જેની પ્રતિજ્ઞા કરી છે એ પ્રતિજ્ઞા સંબંધિત દોષ, એ પ્રકારના પરિણામ જ ઉત્પન્ન થતા નથી. અબુદ્ધિપૂર્વકનો વિષય બીજો છે અને બુદ્ધિપૂર્વક તો એને એ પરિણામ બંધ થઈ જાય છે. ઉત્પન્ન જ થતા નથી. એવી જે એક અચલ સ્થિતિ ઊભી થાય છે, એ અચલતાને બતાવીને અને તે અચળતા પાછળ વીતરાગભાવ છે, તે અચળતા પાછળ જીવના સ્વભાવભાવનો ઉત્પાદ છે એમ જાણીને અહીંયાં એને નિશ્ચય કહેવામાં આવે છે.

એટલે અહીંયાં પ્રતિજ્ઞા કે જે વ્યવહાર (કહેવાય છે), નિયમ અને પ્રતિજ્ઞા જેને સામાન્ય રીતે વ્યવહારના પ્રકરણમાં બતાવાય છે, દર્શાવાય છે તેને પણ અહીંયાં નિશ્ચયના પ્રકરણમાં તેની નિશ્ચય અપેક્ષા લઈને બતાવ્યું છે. **'તેને પણ નિશ્ચય કહેવામાં આવે છે.'** અહીંથી પછી ક્રમબદ્ધનો વિષય નિશ્ચયમાં લીધો છે.

વ્યવહારમાં-વ્યવહારના પ્રકરણમાં તો એ લીધું, કે જેટલા જેટલા પર્યાયો છે તે

બધા વ્યવહારના વિષયમાં જાય છે. વ્યવહારનું લક્ષણ એવું લીધું છે. '**पज्जायभावना सव्वे**'. '**पर्यायभावना सर्वे... व्यवहारं जिन भणितं।**' જેટલા પર્યાયભાવો છે તે વ્યવહારમાં નાખ્યા છે. અહીંયાં છએ દ્રવ્યના અનાદિઅનંત પર્યાયને નિશ્ચયમાં નાખ્યા છે. છએ દ્રવ્યના. જીવદ્રવ્યના અને સર્વ પરમાણુ પુદ્ગલ દ્રવ્યના અને બાકીના ચાર સર્વ દ્રવ્યો. એ બધા પોતપોતાના સ્વસ્થાનમાં સ્વકાળમાં પરિણમતા હોવાને લીધે એટલે જે કાળે જેવું જે થવાનું હોય તેવું જ થાય, એવું એનું જે સ્વકાળનું નિશ્ચિતપણું, સ્વકાળનું અચલિતપણું. નિયમમાં અને આમાં બેયમાં અચલિતપણું લીધું છે. નિશ્ચયમાં. આ વાત ત્રિકાળ અચલિત છે. '**તેને પણ નિશ્ચય કહેવામાં આવે છે.**'

ત્યાં Foot note લઈને 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માંથી બે ગાથાનું ઉદ્ધરણ (લીધું છે). એ વિષય પણ એમ સૂચવે છે કે નિમયથી, આ વિધાનથી નિયમથી આમ જ થાય. જે જે કાળમાં જે જે દ્રવ્યનો, જે પ્રકારે પર્યાયનો સ્વકાળ છે તે દ્રવ્ય પોતે સ્વયં, સ્વતંત્ર અબાધિતપણે સ્વતંત્ર પરિણમતું હોવાથી, નિયમથી એમ જ પરિણમતું હોવાથી એને પણ નિશ્ચય કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ક્રમબદ્ધપર્યાયને નિશ્ચય કહેવા પાછળ પરમાર્થ શું છે?

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાયના કર્તૃત્વનો અભાવ કરવો. 'સમયસાર'માં જ્યાં એ વાત લીધી છે, પર્યાયના સ્વકાળનો નિયમ છે, ક્રમબદ્ધ, નિયમબદ્ધ. ક્રમબદ્ધ એટલે ક્રમના નિયમથી બંધાયેલું. સામાન્ય રીતે મિથ્યાત્વ અવસ્થામાં જીવને નિયમથી પર્યાયનું કર્તૃત્વ હોય છે. ભલે મિથ્યાત્વના પ્રકાર અનેક છે તોપણ એ સર્વ મિથ્યાત્વના પ્રકારમાં આ સામાન્ય પ્રકાર છે કે સર્વે મિથ્યાદષ્ટિને, કોઈપણ પ્રકારના મિથ્યાદષ્ટિને એને પર્યાયનું કર્તૃત્વ હોય, હોય ને હોય જ. એ પર્યાયનું કર્તૃત્વ ઉડાવવા માટે અને પર્યાયના કર્તૃત્વથી જીવ ખસે એટલે એનો પુરુષાર્થ અને એની દૃષ્ટિ પર્યાય ઉપરથી ખસે તો જ એની દૃષ્ટિ ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ ઉપર આવે, જ્ઞાતા-દૃષ્ટાપણે વીતરાગભાવમાં એ આવી શકે અને નહિતર કોઈ રીતે પર્યાયના કર્તૃત્વનો રાગ જાય નહિ. કર્તૃત્વનો રાગ ગયા પછી હજી રાગ રહે તે જવો બીજો વિષય છે, તે જવાનો વિષય બીજો છે. એમાં પણ બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વકના રાગનો સદ્ભાવ છે. એ ક્રમશઃ જાય છે. પણ કર્તૃત્વ છે ત્યાં સુધી તો રાગ મટવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. એ અજ્ઞાન છે, બહુ મોટું અજ્ઞાન છે પદાર્થના વિષે. અને એ કર્તૃત્વનો ભાવ જ્ઞાતા-દૃષ્ટારૂપ જે અકર્તાપણાનો વીતરાગભાવ, એનો પ્રતિપક્ષી ભાવ છે, વેરી ભાવ છે, તદ્દન વિરૂદ્ધ ભાવ છે. એને પરમાર્થ એ છે કે અહીંથી એને જ્ઞાતા-દૃષ્ટાપણામાં લાવવો છે.

તું બીજા સંયોગોની તો ચિંતા છોડ, શરીર અને બીજા સંયોગો છે એની ચિંતા તો તું છોડ, એ અવસ્થાઓની ચિંતા તો તું છોડ, પણ ખુદ તારા પરિણામની ચિંતા પણ છોડ, એમ કહેવું છે. એ ચિંતા પણ કરવા લાયક નથી. પરિણામની ચિંતા છોડીને તું જ્ઞાતા-દૃષ્ટાસ્વરૂપે છો એ સ્વરૂપનો અનુભવ કર. પરિણામની ચિંતા એટલી હદે કરવા યોગ્ય નથી કે જેથી એમાં જ રોકાવાનું થાય અને પોતાના જ્ઞાતા-દૃષ્ટા સ્વરૂપનું વિસ્મરણ થાય, એ કરવા યોગ્ય નથી.

જેને પર્યાયમાં દોષ દૂર કરવા છે એને ઉત્પન્ન થતા દોષની ચિંતા, નિંદા, ગર્હા, ખેદ એ વગેરે પરિણામ થઈ આવે છે. તોપણ તે, તે પરિણામ થાય તેમાં જ રોકાવું, એની ચિંતામાં જ રોકાવું અને એ રોકાવાથી તેનો અભાવ થાય એવું બનતું નથી. એનાથી એમાં મંદતા આવે છે. પણ અભાવ થવાનો તે ઉપાય નથી, અભાવ થવાનો તે ઈલાજ નથી. અભાવ ક્યારે થશે? કે એના ઉપરનું પણ લક્ષ ઉઠાવીને પોતાના જ્ઞાતા-દૃષ્ટા સ્વરૂપનું, વીતરાગ સ્વરૂપનું લક્ષ થવું, એના ઉપર વજન જવું, એના રસમાં આવવું, સ્વરૂપરસમાં આવવું ત્યારે એના આશ્રયમાં આવતા એનો અભાવ થાય છે. બીજી કોઈ રીતે એનો અભાવ થતો નથી.

પર્યાયનું કર્તૃત્વ છે એની પક્કડ ઘણી છે. જીવને પર્યાયના કર્તૃત્વની પક્કડ એટલી બધી છે કે એ છોડવા માટે એને અનેક પ્રકારે ન્યાય આપવામાં આવે છે. એમાંનો આ એક બહુ સબળ ન્યાય છે, પ્રબળ ન્યાય છે. જો તું વીતરાગ સર્વજ્ઞ જિનેન્દ્રદેવને સ્વીકારે છો અને એના સ્વરૂપનો તને સ્વીકાર છે, સર્વજ્ઞતાનો સ્વીકાર છે, તો સર્વજ્ઞના જ્ઞાનમાં પ્રથમ સર્વજ્ઞ થવાના પહેલા જ સમયે સર્વ દ્રવ્યોની અનાદિઅનંત પર્યાયોનું જ્ઞાન થાય છે. ત્રિકાળનું જ્ઞાન થાય છે એટલે ત્રણે કાળની અવસ્થાઓનું જ્ઞાન થાય છે. જો એમને ત્રણે કાળની અવસ્થાઓનું જ્ઞાન થયું તો સર્વ પદાર્થની ત્રણે કાળની અવસ્થાઓનો સ્વકાળ નિશ્ચિત થઈ ગયો. જેટલું કેવળજ્ઞાન નિશ્ચિત થયું એટલો જ એનો વિષય નિશ્ચિત થયો. કે ન થયો?

કેવળજ્ઞાન જો અચલિત છે અને એ નિશ્ચયનો વિષય છે તો કેવળજ્ઞાનનો વિષય થાય એ પણ નિશ્ચયનો જ વિષય થઈ જાય છે આપોઆપ. કેવળજ્ઞાન જે નિશ્ચયનો વિષય હોય તો કેવળજ્ઞાનનો જે વિષય છે એ પણ આપોઆપ નિશ્ચયનો વિષય છે. તકલીફ તો ક્યાં પડે છે? કે પોતે પર્યાયના કર્તૃત્વના જોરથી પણ પોતાનું હિત કરવા માગે છે. એને આ ન્યાય બરાબર બેસતો નથી. મારે તો ગમે તેમ કરીને મારું હિત કરવું છે અને મારો પુરુષાર્થ એવો કરવો છે, એવો પુરુષાર્થ હું કરું, એવો પુરુષાર્થ કરું. ત્યાં એને કોઈ એમ કહે કે ભાઈ! એ તો જે કાળે જે પર્યાય થવાની

હોય તે થાય. એને એમ થાય કે આ વાત સામેસામી પ્રતિપક્ષમાં આવે છે એને સ્વીકારવી કેવી રીતે? અહીંયાં થોડી તકલીફ થાય છે. પણ પુરુષાર્થ એટલે પર્યાયનું કર્તૃત્વ એ કોઈ પુરુષાર્થનું સ્વરૂપ નથી. એ તો ઊલટાનું મિથ્યાત્વનું સ્વરૂપ છે. અને જ્યાં મિથ્યાત્વ થતું હોય ત્યાં મિથ્યાત્વને અનુસરીને ઊલટો-ઊંધો પુરુષાર્થ ચાલતો હોય છે. એમ વિચારવું જોઈએ. એટલે પર્યાયનું કર્તૃત્વ તો અવશ્ય જીવને મટાડવું જ જોઈએ. મટવું જ જોઈએ અને મટાડવું જ જોઈએ.

એ વિષય ઉપર 'ગુરુદેવે' પ્રવચનોની અંદર તો આ વિષયના સમર્થનમાં અનેક ન્યાયો બીજા પણ આપ્યા છે. સેંકડો ન્યાયો આપ્યા છે અને આ વિષયને સિદ્ધ કર્યો છે. એક જગ્યાએ તો જૈનદર્શનની બહુ ઉત્કૃષ્ટ વાત છે એમ કરીને (કહ્યું છે). આમાં તો નહિ મળે. વાંચન તો ઘરે કરેલું છે. આમાં નહિ મળે. 'પરમાગમસાર'માં એ વિષય આવ્યો છે. ૫૧૮ બોલ છે, ૧૪૫ પાને.

**'પ્રશ્ન :- એક બાજુ પર્યાય ક્રમબદ્ધ કહો છો અને બીજી બાજુ પર્યાય ઉપરથી દૃષ્ટિ ઉઠાવવાનું કહો છો?'** આ વાતને કેવી રીતે સુસંગતપણું છે? આમ પ્રશ્ન છે.

**'ઉત્તર :- પર્યાય ક્રમબદ્ધ થાય છે એમ જાણે તો પર્યાયનું કર્તૃત્વ છૂટીને અકર્તા સ્વભાવી દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. ક્રમબદ્ધ ઉપર દૃષ્ટિ રાખીને ક્રમબદ્ધનો નિર્ણય નથી થતો.'** ક્રમબદ્ધ પર્યાય ક્રમબદ્ધ છે એમ પાર્યય ઉપર દૃષ્ટિ રાખીને એની ક્રમબદ્ધતાનો યથાર્થ નિર્ણય થતો નથી. પણ '**દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે ત્યારે...**' જે પર્યાયનું જ્ઞાન થાય અને એના ક્રમબદ્ધપણાનું જ્ઞાન થાય '**ત્યારે ક્રમબદ્ધનો સાચો નિર્ણય થાય છે.**' આ પ્રકારે '**ક્રમબદ્ધ છે એ તો સર્વજ્ઞતાનો પ્રાણ છે.**' ઠીક! વજન કેટલું આપ્યું છે આ સિદ્ધાંત ઉપર! ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એ સર્વજ્ઞતાનો પ્રાણ છે. કેટલું બધું વજન આપી દીધું છે!

ધર્મના ક્ષેત્રમાં આવનાર જીવો પણ પ્રથમ જ પોતાની અવસ્થાની શુદ્ધતા કરવાની ભાવનાથી આવે છે, દોષ મટાડવાની ભાવનાથી આવે છે. અને એ એક સારી ભાવના લઈને આવે છે. પણ એ સારી ભાવના તો સર્વ અન્ય સંપ્રદાયમાં નથી? જ્યાં જ્યાં ધર્મ કરવા જીવો જાય છે ત્યાં એ જ ભાવના લઈને જાય છે. જૈનદર્શનની વિશિષ્ટતા એ છે કે એ ભાવના હોવા છતાં પણ પર્યાયદૃષ્ટિનો નિષેધ છે. પર્યાય ઉપરથી લક્ષ ઉઠાવ્યું છે. ભલે તારી ભાવના તારી પર્યાયના શુદ્ધિકરણ વિશેની હોય તોપણ પર્યાય ઉપર લક્ષ રાખીને તારી ભાવના ફળીભૂત નહિ થાય. નિષ્ફળ જશે, સફળ નહિ થાય. કેમકે પર્યાયનું કર્તૃત્વ એ જ સર્વ દોષોનું મૂળ છે. સર્વ દોષોની પરંપરા એમાંથી પાંગરે છે, ફાલેફૂલે છે. માટે પર્યાયનું કર્તૃત્વ તો નિષેધ જ છે. એકાંતે પર્યાયના

કર્તૃત્વનો નિષેધ છે. એના સમર્થનમાં આ ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત કામમાં આવે છે. અને ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતના સમર્થનમાં સર્વજ્ઞતા ઊભી છે. સીધો જ સર્વજ્ઞતા સાથે એનો સંબંધ છે. કાં તો જીવ ક્રમબદ્ધપર્યાયને સ્વીકારે, કાં તો સાથોસાથ સર્વજ્ઞને સ્વીકારે. જો ક્રમબદ્ધપર્યાયને ન સ્વીકારે તો સર્વજ્ઞને સ્વીકારવાનો પ્રશ્ન રહેતો નથી. વાત ખલાસ થઈ જાય છે. આવડી મોટી વાત છે.

મુમુક્ષુ :- ૫૧૭માં એ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પણ ક્રમબદ્ધનો જ છે.

**'ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એ તો સર્વ આગમના મંથનનો સાર છે. આ વાત અહીંથી (પૂજ્ય ગુરુદેવશ્રીથી) બહાર આવી છે.'** 'ગુરુદેવે' આ વાત વધારે ઉપસાવી છે. આગમમાં તો પડેલી હતી પણ 'ગુરુદેવે' એ વાતને વધારે બહાર ઉપસાવીને મૂકી. **'એ પહેલા આ વાત હિંદુસ્તાનમાં...'** અત્યારે ક્યાંય ચર્ચાનો વિષય પણ નહોતો. **'ક્રમબદ્ધ એ પરમ સત્ય છે. જે કાળે જે થવાનું છે તે જ થશે. તેને ઈન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. ક્રમબદ્ધમાં (જ્ઞાયકપણું) અકર્તાપણું સિદ્ધ કરે છે. આના સંસ્કાર પાડ્યા હશે તે સ્વર્ગમાં જશે ને ત્યાંથી સમકિત પામશે.'** ત્યાં સુધીની વાત લીધી છે.

જે ક્રમબદ્ધપણું છે એ કર્તૃત્વના જોરને મિટાવી દે છે. કર્તૃત્વના જોરને મિટાવી દે છે. ખરી વાત તો એ છે. એવું નથી, એમાં એમ નથી કહેવું કે કોઈ જીવ સમ્યક્ પુરુષાર્થે ચડે અને એના ક્રમમાં એને, પુરુષાર્થ કરે અને એના ક્રમમાં એને શુદ્ધ પર્યાયનો ક્રમ ન હોય તો શું થાય? એ પ્રશ્ન અહીંયાં ઉપસ્થિત થતો નથી. એ અસ્થાને વાત છે. જેના પર્યાયાં શુદ્ધતાનો ક્રમ છે એને પુરુષાર્થ સાથે સાથે હોય છે. અથવા જેને પુરુષાર્થ જાગૃત થાય છે, સ્વરૂપનો અંતર્મુખી વેગ ઉત્પન્ન થાય છે, એને પર્યાયની ક્રમબદ્ધતાની યથાર્થપણે એમ જણાય છે કે હવે મારા પર્યાયોનો ક્રમ ઉત્તરોત્તર શુદ્ધિનો ક્રમ છે. કર્તૃત્વ વિના પણ સહજપણે મોક્ષમાર્ગમાં ઉત્તરોત્તર મારી અવસ્થાઓની શુદ્ધિ વધીને પરિપૂર્ણ શુદ્ધતા ક્રમશઃ થઈ જશે, એવો જ મારો ક્રમ મને સમજાય છે. એની પ્રતીતિ એને આવે છે. એટલે એને પર્યાયના કર્તૃત્વમાં જવું પડતું નથી.

પર્યાયદષ્ટિ જ મિથ્યાદષ્ટિ છે. 'પ્રવચનસાર'નું તો આ સૂત્ર છે-પર્યાયમૂઢા પરસમયા. પરસમય. મિથ્યાદષ્ટિને પરસમય (કહ્યો છે). જૈનમતિ નથી કહ્યો, અન્યમતિ કહ્યો. એ વાત જૈન સંપ્રદાયની અંદર પણ એટલી પ્રસિદ્ધ નથી. કેમકે લોકો હજી મન-વચન-કાયાની અને પરદ્રવ્યની ક્રિયામાં પડીને ધર્મસાધન કરવા માગે છે, ક્રિયાથી ધર્મ કરવા માગે છે, પરદ્રવ્યની ક્રિયાથી ધર્મ કરવા માગે છે. એને સ્વદ્રવ્યની ક્રિયાનું કર્તૃત્વ

પણ ઉડાવવાની વાત તો કેટલી બધી મુશ્કેલીવાળી થઈ પડે. એટલે ત્યાં સંપ્રદાયમાં પણ એ વાતની પ્રસિદ્ધિ નથી. એટલે ખળભળાટ થયો. દિગંબર સંપ્રદાયમાં આનો ખળભળાટ થઈ ગયો. આ પર્યાયની ક્રમબદ્ધની વાત 'કાનજીસ્વામી' સોનગઢમાંથી ક્યાંથી આટલી બધી જોરથી વાત કરે છે? આમાં તો પુરુષાર્થ નહિ રહે. અને સાંભળવાળા મુમુક્ષુને પણ એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે. કેમકે જેનું જોર પર્યાયના કર્તૃત્વ ઉપર છે એટલે કે મિથ્યાત્વનું જોર છે એને સીધું એમ થાય છે કે પુરુષાર્થનું શું તો પછી? અમારે પુરુષાર્થ કેવી રીતે કરવો?

પુરુષાર્થ છે એ વીર્યગુણનું પરિણમન છે. સર્વ કાળે એ પરિણમિત હોય જ છે. સવળું-અવળું એ તારી સમજણ, તારા પદાર્થના જ્ઞાન ઉપર આધારિત છે. જો તારું પદાર્થજ્ઞાન, વસ્તુસ્વરૂપનું જ્ઞાન યથાર્થ છે તો પુરુષાર્થ અંતર્મુખની દિશામાં, સાચી દિશામાં પરિણમવા લાગશે અને નહિતર તારા પુરુષાર્થનું પરિણમન ઊલટી દિશામાં પર પ્રત્યે પરિણમવા લાગશે. પણ પુરુષાર્થ વિનાનો તું ક્યારેય હતો નહિ, પુરુષાર્થના પરિણમન વિનાનો તું ક્યારેય છો નહિ અને ક્યારેય હઈશ પણ નહિ. પુરુષાર્થ તો ત્રણે કાળે જીવનો થયા જ કરે છે, પરિણમ્યા જ કરે છે. પણ કર્તૃત્વભાવે પરિણમવું એ સવળો પુરુષાર્થ નથી પણ અવળો પુરુષાર્થ છે. અને સહજ જ્ઞાતાપણે-જ્ઞાત-દૃષ્ટા ભાવે રહેવું એવું સ્વરૂપ હોવાથી એ સ્વરૂપે, એ ભાવે જ રહેવું એમાં જે પુરુષાર્થનું જોડાવું છે, એને પુરુષાર્થનું પ્રયુંજન કહે છે. ત્યાં એને સમ્યક્ પુરુષાર્થ એવું નામ આપવામાં આવે છે.

મુમુક્ષુ :- ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતને લીધે કષાયની મંદતા થાય કે કષાયનો અભાવ થાય?

પૂજ્ય ભાઈશ્રી :- બેય થાય.

મુમુક્ષુ :- કઈ રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો ક્રમબદ્ધપર્યાય છે એ ઉપલક દૃષ્ટિએ પર્યાય વિષયક ન્યાય છે. સીધો પર્યાય વિષયક ન્યાય છે અને આડકતરી રીતે એ દ્રવ્યાર્થિકનયનો ન્યાય છે. એકસાથે એમાં બેય ન્યાય છે. જે જીવ કષાયની તીવ્રતામાં આવી જાય, દૃષ્ટાંત તરીકે એવી પરિસ્થિતિ હોય કે કોઈ માણસને દ્રવ્યાનુયોગનો ન્યાય બેસે, વિચારમાં લઈ શકે એવી મંદ કષાયની સ્થિતિ ન હોય. અને મૂંઝવણ વધી ગઈ હોય. કોઈપણ બાહ્ય પરિસ્થિતિ એવી ચિત્રવિચિત્ર ઉત્પન્ન થઈ હોય કે જેમાં એને મૂંઝવણ થતી હોય કે કરવું શું આમાં? ત્યારે એણે એકવાર આખો ઉપાધિનો ટોપલો માથેથી ઉતારીને ફેંકી દેવો હોય અને હળવું થઈ જવું હોય ત્યારે એણે સીધું એમ વિચારી લેવું જોઈએ

કે જે કાળે જેમ થવાનું હશે તેમ થશે. મારી મૂંઝવણથી માર્ગ થવાનો નથી. મૂંઝાય જાય છે ને ઘણાં? કોઈ રીતે ક્યાંય રસ્તો નીકળતો નથી અને આ કામ કર્યા વગર ચાલતું નથી. નહિ થાય તો શું થાશે કોને ખબર? શું થઈ જશે? આગળ કેટલું નુકસાન થાશે કેમ ખબર પડે? ઘણો મૂંઝાય, ઘણો મૂંઝાય, એકદમ ઉપાધિમાં ઘેરાતો હોય અને સીધો એટલો વિચાર આવી જાય, ત્યાં એને દ્રવ્યાનુયોગનો વિચાર પણ ઉત્પન્ન થવાની પરિસ્થિતિ ન હોય એવી મૂંઝવણમાં હોય તો અહીંયાં પર્યાયાર્થિકનયના ન્યાયથી એકદમ આખો પોટલો માથેથી ફેંકી દેવો હોય, ઉપાધિનો પોટલો, જે કાળે જેમ સર્વજ્ઞ પરમાત્માએ જે જોયું છે એમાં કાંઈ ફેર થવાનો નથી. જે થવાનું હશે તે થશે. અને જે થશે એમાં આ આત્માને કાંઈ થવાનું નથી. તો સીધો જ હળવો થઈ જાય છે.

જીવના પરિણામમાં રાગનો જે રોગ છે, એ રોગની Treatment બે પ્રકારે થાય. શારિરીક અવસ્થામાં પણ બે પ્રકારે Treatment થાય છે. ૧૦૫ Degree તાવ સીધો ચડી જાય ત્યારે એક વખત તો એને ચાર-પાંચ Degree નીચે લાવવો પડે. પછી મૂળમાંથી કાઢવાની વાત છે. પણ એક વખત તો એનો પારો નીચે ઉતારવો પડે. એમાં બીજો રસ્તો નહિ. અને એ ૧૦૪-૧૦૫ Degree તાવ ૧૦૬ થતો દેખાય ત્યારે એને એમ થાય કે કોઈ દવા ભલે નુકસાનકારક હોય તો ભલે હોય, પણ અત્યારે આને Temperature ને Down કરી દો. તો કોઈ હાનિકારક દવા પણ માણસ લ્યે છે. આ Antibiotic ને બીજા-ત્રીજા લ્યે છે. એ ખરેખર તો Temperature ને એકદમ, આ ટાઈફોઈડમાં આપે છે એ ખરેખર નુકસાનકર્તા હોય છે. પેટમાં જાય છે, હોજરીને ઘણું નુકસાન કરે છે. પણ ત્યાં બીજો ઉપાય નથી, એકદમ Temperature નીચે લાવવા માટે. પણ પછી જો એ વખતે એમ ન કરે અને થોડું નુકસાન પણ સહન કરીને જો એટલું ન કરે તો એ પારો એટલો ચડે કે વાત પૂરી થઈ જાય. એક-બે Degree તાવ વધ્યો એટલે વાત પૂરી થઈ જાય. તો ત્યાં એને થોડું નુકસાન ખમીને પણ (હાનિકારક દેવા દે છે).

એમ પર્યાયાર્થિકનયનો ન્યાય કોઈક વાર એવી રીતે લેવાનો થાય છે. એ જ્યાં એકદમ જીવ કષાયથી ઘેરાય જાય છે ત્યારે કોઈ વાર એને પર્યાયાર્થિકનયનો ન્યાય અસર કરે છે અને દ્રવ્યાર્થિકનયનો ન્યાય તેને અસર કરે એવી એની પરિસ્થિત હોતી નથી. એ જીવની સ્થિતિ જ ત્યાં એવી નથી હોતી. એક એવો આ ન્યાય છે એ ક્રમબદ્ધપર્યાયનો ન્યાય એ રીતે પણ કામમાં આવે છે.

જે જીવ મંદ કષાયમાં પણ છતાં એને અંદરથી પર્યાયનું કર્તૃત્વ જતું નથી, શુભરાગના વિકલ્પનું કરવાપણું છૂટતું નથી ત્યારે એને પર્યાય ઉપરનું લક્ષ ઉઠાવી નાખવા માટે,

જે કાળે જે પર્યાય થશે તે થશે, હું જ્ઞાતા-દૃષ્ટા છું, એમ એકદમ લક્ષ અંદર લઈ જવા માટે એને ક્રમબદ્ધનો પર્યાય રાગના અભાવનું પણ કારણ થઈ શકે છે. બેય રીતે એનો ઉપયોગ છે. કઈ સ્થિતિમાં કેવો ઉપયોગ કરવો એ પોતાને સમજવાનું છે અને પોતાને વિચારવાનું છે, પણ બન્ને રીતે એનો ઉપયોગ થાય છે.

જીવને એટલો નિશ્ચય થઈ જાય કે જે થવાનું એમાં હું તો ફેરફાર કરી શકું એવું નથી, પણ સર્વોત્કૃષ્ટ પુણ્યના ધણી ઈન્દ્ર અને જિનેન્દ્ર પણ આમાં ફેરફાર કરવા સમર્થ નથી. પછી એને પોતાનું જે પરવશપણું છે એ પરવશપણે પણ એને લક્ષ ઉઠાવવામાં એ ન્યાય અને એ જ્ઞાન એને કામમાં આવે છે. જ્યાં વસ્તુસ્થિતિમાં ફેરફાર થતો નથી ત્યાં પછી એનો વિકલ્પ કરવો કે ફેરફાર થાય તો સારું. એ પોતાના પરિણામનું બેકારપણું એને સમજાય છે તો એ માણસ એ વિકલ્પથી છૂટી જાય છે. એ વિચાર છોડી દે છે. એ ન્યાય એ રીતે પણ એને કષાયની મંદતામાં કામમાં આવે છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી' એ કીધું ને કે, જે થવાનું તે થવાનું, મિથ્યાદૃષ્ટિને લેવાનું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાદૃષ્ટિને લેવાનું નથી એટલે એમાં સંતોષ પકડવાનો નથી. ત્યાં શું વાત છે? કે જે કાળે જે પર્યાય થવાની હોય તે થાય, એમ વિચારતા કષાયની મંદતા થાય ત્યારે એને સંતોષ પકડાવો ન જોઈએ કે ચાલો, જો આ વાત આપણે સમજ્યા છીએ અને આ ક્રમબદ્ધપર્યાયનું જ્ઞાન આપણને થયું તો તીવ્ર કષાય થતો હતો તે મટ્યો, આકુળતા વધતી તો મટી. ચાલો, એટલો તો ફાયદો થયો. એટલો તો લાભ થયો. એવું કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ લે ત્યારે એને એ ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત નુકસાનનું કારણ થઈ જાય છે. કેમકે એની સમજણ છે એ પર્યાયમાં સંતુષ્ટ થવામાં એણે કામે લગાડી. પર્યાયમાં સંતુષ્ટ થવું એ દર્શનમોહના જોર વિના થતું નથી. મિથ્યાત્વના જોરથી જ પર્યાયમાં સંતુષ્ટપણું આવે છે. બાકી બીજું કોઈ કારણ એમાં પર્યાયમાં સંતુષ્ટ થવા પાછળ નથી હોતું. મિથ્યાદૃષ્ટિએ સંતુષ્ટ ન થવાય એ વાત એણે લક્ષમાં રાખવી જોઈએ. ક્રમબદ્ધપર્યાયનો વિચાર મિથ્યાદૃષ્ટિએ ન કરવો એમ ત્યાં નથી કહેવું. પણ એમાં સંતોષ ન પામવું. એ વાત છે ખરેખર તો. એમાં 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં એમનો Tone એવો જ છે. ચર્ચામાં છે. પર્યાયની યોગ્યતા, પર્યાયનું ક્રમબદ્ધપણું, એમ બે-ત્રણ વાત લીધી છે. ડાબા હાથ બાજુ ઉપર છે.

... સુખ થયું, સંતોષ માની લીધો એ તો માંસ ખાને મેં અઘોરી ઔર ભૂંડ વિષ્ટા ખાને મેં ઔર પતંગા દીપક મેં સુખ માનતે હૈં, વૈસા વહ સુખ હૈ. નિર્વિકલ્પ અનુભવ બિના ધારણા મેં ઠીક માને, સુખ માને વહ તો કલ્પનામાત્ર હૈ, વાસ્તવિક

સુખ નહીં. એ સુખ અહીંયાં સંતોષના અર્થમાં છે. કષાયની મંદતામાં સુખ થયું એટલે સંતોષાય ગયો. એ ભૂલ છે. એ ભૂલ થવી જોઈએ નહિ. એટલું ધ્યાન ખેંચ્યું છે, આ ન્યાય ઉપર. થવાનું હતું તે થયું.

મુમુક્ષુ :- એક પત્રમાં છે. એ તો સમ્યગ્દૃષ્ટિને જ કહેવાનો અધિકાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- ક્યા પત્રમાં છે એ ખ્યાલમાં નથી.

અહીંયાં પર્યાયના સ્વકાળના ત્રિકાળ નિશ્ચિતપણાને લીધે એને, ત્રિકાળ અચલિતપણાને લીધે એને નિશ્ચયનું લક્ષણ કહેવામાં આવ્યું છે. એ તો પોતે શ્લોકમાં જ ખુલાસો કર્યો છે. આ બધો નિશ્ચય વ્યવહારથી કહીએ છીએ. '**निश्चयं भणितं व्यवहारेणं**' કથનમાં આવે છે ને એટલે. જેટલું કથન એટલું તો આમ વ્યવહારમાં જાય છે. એટલે એ અપેક્ષા એમણે લીધી જ છે.

**'વળી જે જે ભાવની જેવી જેવી રીતિથી પ્રવર્તવું છે તેવી તેવી રીતિ પામીને પરિણમે તેને પણ નિશ્ચય કહેવામાં આવે છે.'** જે જે ભાવની જેવી જેવી રીતિથી પ્રવર્તવું છે તેવી તેવી રીતિ પામીને પરિણમે તેને પણ નિશ્ચય કહેવામાં આવે છે. એ છએ દ્રવ્યને માટે સામાન્ય-General વાત લીધી છે. જે પદાર્થ હોય એનું જે સ્વભાવ પરિણમન જે રીતે, જે વિધિએ થતું હોય તે પ્રકારે તેનું સ્વભાવ પરિણમન થાય, જેવી જેવી રીતિથી પ્રવર્તવું તેવી તેવી રીતિ પામીને પરિણમે તેને પણ નિશ્ચય કહેવામાં આવે છે અને એના દૃષ્ટાંત તરીકે જીવનો દ્રવ્ય સ્વભાવ છે, એ દ્રવ્ય સ્વભાવની જે પામવાની રીતિ છે તે રીતિ પામીને, તે વિધિ પામીને તે પરિણમે તેને તેનો નિશ્ચય કહેવામાં આવે છે. આમ છએ દ્રવ્યમાં એ લાગુ પડે છે. એટલે જે જે ભાવ, એમ લઈ લીધું છે. ભાવ એટલે જે જે દ્રવ્ય સ્વભાવ.

જે દ્રવ્ય સ્વભાવ છે, જે પદાર્થનો જે દ્રવ્ય સ્વભાવ છે તેને દ્રવ્ય સ્વભાવ અનુસાર પરિણમવાની જે વિધિ છે તે વિધિ અનુસાર તે દ્રવ્ય પરિણમે તેને એનો નિશ્ચય કહેવામાં આવે છે. એમ કહીને એમ પણ એમાંથી ફલિત થાય છે કે ત્રણે કાળે મોક્ષમાર્ગ નિયત છે. તેથી એને નિશ્ચય કહેવામાં આવે છે. ત્રણે કાળે મોક્ષનો માર્ગ નિયત છે. એમાં ક્યાંય કોઈ કાળે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અનુસાર મોક્ષમાર્ગમાં ફેરફાર થાય છે એવું બનતું નથી. ચોથા આરામાં મોક્ષમાર્ગ આ પ્રકારે થતો હતો, હવે પાંચમા આરામાં મોક્ષમાર્ગ આ પ્રકારે થાય, એવું ક્યાંય બનતું નથી. મોક્ષમાર્ગ ત્રણે કાળે નિયત છે. એ આ સિદ્ધાંતથી ફલિત થાય છે. તેથી તેને પણ નિશ્ચય કહેવામાં આવે છે. એનું નિયતિપણું જોઈને, નિયતપણું જોઈને એને નિશ્ચય કહેવામાં આવે છે. એ પણ એક અચલિત, અચલિત અને અબાધિત સિદ્ધાંત છે કે ત્રણે

કાળે મોક્ષમાર્ગની વિધિમાં ક્યાંય ફેર પડતો નથી.

ચારે ગતિમાં સમ્યગ્દર્શન થાય છે. બરાબર છે? તિર્યંચને સમ્યગ્દર્શન થાય કે દેવલોકમાં ઇન્દ્રના આવાસમાં ઇન્દ્રાણીને સમ્યગ્દર્શન થાય. નવું સમ્યગ્દર્શન થાય છે ત્યાં. અહીંથી સમ્યગ્દર્શન લઈને સ્ત્રીપર્યાયમાં ન જાય તો ત્યાં નવું સમ્યગ્દર્શન થાય છે. એટલે અહીંયાં ઇન્દ્રના વૈભવની વચ્ચે સમ્યગ્દર્શન થાય કે સાતમી નારકીમાં કોઈને સમ્યગ્દર્શન થાય કે તિર્યંચમાં સમ્યગ્દર્શન થાય, જે પ્રકારે સમ્યગ્દર્શન થાય છે એ ત્રણે સ્થાનમાં સમ્યગ્દર્શનનો પ્રકાર એક જ છે. એમાં કોઈ બીજી વિધિએ કોઈને થાય છે એવું બનતું નથી. એક જ વિધિ છે કે પોતાનું જે સ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ, જ્ઞાનસ્વભાવી પોતાનો આત્મા, એના આશ્રયે શ્રદ્ધાન આવે, એનું શ્રદ્ધાન થાય, એમાં અહંપણું દૃષ્ટિએ કરીને થાય અને જ્ઞાનમાં તે વખતે સ્વરૂપ લક્ષે સ્વસંવેદન વેદાય અને ઉપયોગ સ્વરૂપમાં સ્થિર થાય, એવું શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રનું પરિણમન ચારે ગતિમાં રહેલા જીવને એક જ પ્રકારે અંતર્મુખી પરિણમન થાય. પછી જીવ સમવસરણમાં સાક્ષાત્ તીર્થંકર પરમાત્માની સામે બેસીને સમ્યગ્દર્શનને પામે કે સ્વયંભુરમણ સમુદ્રમાં કોઈ પામે. જ્યાં યોગ જ નથી. ત્યાં તો કોઈ મનુષ્યનો કે તીર્થંકરનો યોગ નથી કે સાતમી નારકીમાં પામે. કે ઇન્દ્રના વૈભવના ઘેરાવા વચ્ચે પામે, પણ આ એક જ પ્રકાર આવે, બીજો કોઈ સમ્યગ્દર્શનનો પ્રકાર આવે નહિ.

કોઈપણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં જેવી જેવી રીતિથી એટલે જેવી જેવી વિધિથી જે કાર્યની સિદ્ધિ છે, તેવી તેવી વિધિ પામીને, તેવી તેવી રીત પામીને તે પરિણમે તેને નિશ્ચય કહેવામાં આવે છે. પત્રાંક નંબર બોલે ને. ૪૯ પત્ર.

'**સ્વરૂપની પ્યાસ-પ્યાસ સ્વયં પર્યાય-સ્વભાવ હૈ.**' પ્યાસ એટલે તૃષા. સ્વરૂપ પામવાની જિજ્ઞાસા, સ્વરૂપપ્રાપ્તિની જિજ્ઞાસા એ પોતે પર્યાયમાં ઉત્પન્ન થતો ભાવ છે. '**વીર્ય ગુણકી પર્યાયમેં સદૈવ પુરુષાર્થ હોતા રહતા હૈ.**' વીર્યગુણ તો સદાય પરિણમે છે. પુરુષાર્થ તો થયા જ કરે છે. '**નિત્ય, સહજ નિષ્ક્રિય, ત્રિકાલી દ્રવ્યમેં દૃષ્ટિ અભેદ હોનેપર જો પુરુષાર્થ હોતા રહતા હૈ, વહ સ્વઆશ્રિત સહજ જ્ઞાનાનંદી પુરુષાર્થરૂપ પર્યાયસ્વભાવ હૈ. વિકલ્પાત્મક પુરુષાર્થ, અસહજ, કૃત્રિમ પુરુષાર્થ હૈ.**' કરુ, કરુનો. '**સહજ દ્રવ્યસ્વભાવકી અરુચિ હોનેસે પર્યાયમેં સહજ પુરુષાર્થ નહીં ઉઘડતા, અતઃ મિથ્યાદૃષ્ટિ નિયતવાદી એકાંતે કૃત્રિમ પુરુષાર્થ કરતા રહતા હૈ.**'

'**ઈસ હી કારણ 'થવાનું હશે તેમ થશે' ઈસ આશયકો કહનેકા વહ યથાર્થ અધિકારી નહીં હૈ.**' અહીંયાં નિયતવાદીને લીધો છે. બધા મિથ્યાદૃષ્ટિને નથી લીધા. પણ નિયતવાદી મિથ્યાદૃષ્ટિ છે એ શું એકાંત કરે છે? કે જે થવાનું હશે તે થશે. પણ એ જ મિથ્યાદૃષ્ટિનો

બીજો વિચિત્ર પ્રકાર શું છે? કે એ કૃત્રિમ પુરુષાર્થને તો કરે જ છે પાછો. કરું, કરું, કરું તો એનું છે. એ વાત એને પર્યાયમાં જ વિરૂદ્ધતા ઊભી કરે છે. એક બાજુ એનું કરું કરું મટતું નથી અને વળી પાછો કહે છે કે જે થવાનું હશે તે થશે. જો થવાનું હશે તે થશે તો પછી કરું કરું ક્યાંથી આવ્યું તને? બે વાત એને એકસાથે છે.

મુમુક્ષુ :- કરું કરુંમાં ..

પૂજ્ય ભાઈશ્રી :- ત્યારે જે થવાનું હશે તે થાશે. એ તો આ ક્રમબદ્ધ સમજનાર પણ ઘણા એવી રીતે લે છે. પોતે તો પ્રયત્ન કરવા માટે કરુ કરુનો ઘણો પ્રકાર એને આવી જાય. અને ક્યાંય અસફળતા મળે ત્યારે પછી મૂકી દે કે જે થવાનું હશે તે થશે. જે ભાગ્યમાં થવાનું હશે. જે ભગવાને જોયું હશે તે થશે. એમ થાકીને કરે છે. એ વાત પણ એની સાચી નથી.

'**ઈસ આશયકો કહનેકા વહ યથાર્થ અધિકારી નહીં હૈ.**' નિયતાદીને એ અધિકાર નથી. કેમકે બેય વાત એને ઊભી છે. '**ઉસકે અભિપ્રાયમેં ફેરફાર કી બુદ્ધિ તો પડી રહતી હૈ.**' એના અભિપ્રાયમાં ફેરફારની બુદ્ધિ તો પડી રહે છે. '**ઉસકી સ્વતંત્ર યોગ્યતા...**' ફેરફાર કરવાની બુદ્ધિ છે અને પાછું થવાનું હશે તે થશે એમ કહે છે. અભિપ્રાય પાછો ફેરફાર કરવાનો છે. '**ઉસકી સ્વતંત્ર યોગ્યતા નિરંતર પરાવલંબી વર્તતી રહતી હૈ.**' એની એવી યોગ્યતા પણ જ્ઞાનીના જ્ઞાનમાં સ્વતંત્ર છે કે જે પરાવલંબનપણું જ એ સ્વીકારે છે. '**ઉસે ઉસમેં ઉત્સાહ બઢતા રહતા હૈ.**' અને પરપદાર્થના કાર્યો કરવામાં એનો ઉત્સાહ પણ હોય છે. '**યહ બાત સ્વદ્રવ્ય અવલંબન કરનેવાલા જ્ઞાની યથાર્થ જાનતા હૈ.**' આ સ્વતંત્રપણે પણ કેવો પરાવલંબી થઈ રહ્યો છે, કેવો સ્વતંત્રપણે ફેરફાર કરવાની બુદ્ધિ રાખીને પાછો બહારમાં એમ કહે છે કે જે થવાનું હશે તે થશે. એટલી વાત લીધી છે. નિયતવાદીને મુખ્ય કરીને વાત લીધી છે.

'**વળી એક પોતાને સ્વદ્રવ્યને પણ નિશ્ચય કહેવામાં આવે છે.**' પોતાનું એકરૂપ ત્રિકાળી નિજ સ્વરૂપ છે, સ્વદ્રવ્ય સ્વભાવ છે, જે અવલંબનનો વિષય છે, જે નિશ્ચયનયનો વિષય છે તેને પણ નિશ્ચય કહેવામાં આવે છે. '**નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.**'

'**વળી એક પ્રકાર આ છે કે એક ગુણના રૂપને મુખ્ય લઈએ ત્યારે જે અન્ય સર્વ અનંત નિજ ગુણરૂપ છે તે એ ગુણરૂપના ભાવ થાય છે.**' હવે અહીંયાં એક પ્રકરણ જે 'ચિદ્‌વિલાસ'માં આવ્યું છે કે એક ગુણને અનંત ગુણનું રૂપ. એવી વાત થોડી અહીંયાં આ પ્રકરણમાં લીધી છે. ખુલાસો હજી પાછળ આવે છે. '**વળી એક પ્રકાર આ છે કે...**' કેમકે આમાં બહુ સંક્ષેપમાં વાત કરી છે. ભાવાર્થમાં એનો વિસ્તાર

કર્યો છે, પોતે અહીંયાં શું કહેવા માગે છે. '**એક પ્રકાર આ છે કે એક ગુણના રૂપને મુખ્ય લઈએ...**' જેમકે જ્ઞાન છે. જ્ઞાનનું મુખ્ય રૂપ શું છે? કે જાણવું તે. જે જાણે તે જ્ઞાન. એ જ્ઞાનનું રૂપ છે. '**ત્યારે જે અન્ય સર્વ અનંત નિજ ગુણરૂપ છે તે એ ગુણરૂપના ભાવ થાય છે.**' એક ગુણનું મુખ્ય રૂપ લઈએ તોપણ બીજા અનંત સર્વ ગુણ છે તે ગુણરૂપના ભાવ પણ એની અંદર જોવામાં આવે છે.

'**જે અન્ય સર્વ અનંત...**' બીજા જે પોતાના, એ જ દ્રવ્યના. નિજ એટલે એ દ્રવ્યના. નિજ દ્રવ્યના જે સર્વ અનંત ગુણ છે એ અનંત ગુણરૂપના ભાવ પણ એમાં જોવામાં આવે છે. એ ગુણના ભાવરૂપો પણ એની અંદર દેખાય છે. હવે એ વાત સંક્ષેપમાં ન સમજાય એના માટે પોતે ને પોતે વિસ્તાર કરે છે.

ભાવાર્થ :- '**કહેવામાં તો એક જુદું રૂપ લઈને કહેવામાં આવે છે-પરંતુ તે જ એક ગુણરૂપ છે, તે જ સર્વરસરૂપ છે.**' જે ગુણ એક ગુણરૂપ છે, એવું જે એનું ગુણનું રૂપ છે તે બીજા ગુણના રૂપ પણ એની અંદર જોવામાં આવે છે. જ્ઞાનગુણમાં અસ્તિત્વગુણનું રૂપ છે, જ્ઞાનગુણને શ્રદ્ધાનું રૂપ છે, જ્ઞાનગુણને ચારિત્રનું રૂપ છે. બધા રૂપ છે. સર્વ અનંત ગુણના રૂપ છે એને-જ્ઞાનને. '**વળી જો કોઈ આમ જ માને કે એક રૂપમાં બીજું રૂપ નથી, એક જ છે,...**' જ્ઞાનમાં જ્ઞાન જ છે અને જ્ઞાન સિવાય બીજા કોઈ ગુણનું રૂપ જ્ઞાનને નથી એમ જો કોઈ માને '**તો ત્યાં અનર્થ ઊપજે.**' ત્યાં બહુ મોટો દોષ ઉત્પન્ન થાય છે. આ પ્રકરણ એમણે બહુ સારી રીતે લીધું છે.

'**જેમકે-એક જ્ઞાનગુણ છે,...**' દૃષ્ટાંતમાં પણ જ્ઞાનને જ લીધું છે. '**જેમકે-એક જ્ઞાનગુણ છે. તે જ્ઞાનમાં અન્ય ગુણનું રૂપ નથી.**' બીજા કોઈ ગુણનું રૂપ નથી '**એમ જો માને તો તે પુરુષે તે જ્ઞાનને ચેતન વગરનું, અસ્તિત્વ, વસ્તુત્વ, જીવત્વ, અમૂર્તાદિ સર્વ વગરનું માન્યું. તેમ તો માનો; પરંતુ એમ માનતાં તો જ્ઞાનગુણ કેવી રીતે રહ્યો?**' તો જ્ઞાનગુણ જ તમે માની શકશો નહિ. જ્ઞાનનું અસ્તિત્વ સ્વીકારવું પડશે તમારે. જ્ઞાનની અસ્તિ જ નહિ રહે, પહેલી વાત તો એ છે. વસ્તુત્વ હોવાને કારણે જ્ઞાન પ્રયોજનભૂત કાર્ય કરે છે. એ જાણવાનું પ્રયોજન પણ નહિ રહે એની અંદર. જ્ઞાનનું પ્રયોજભૂત કાર્ય શું? કે જાણવું તે. તો એ પ્રયોજનભૂત કાર્ય કરે એને વસ્તુત્વ કહેવામાં આવે છે. વસ્તુ પોતાનું પ્રયોજનભૂત કાર્ય કરે એવું વસ્તુત્વગુણનું રૂપ છે. એ પણ એની અંદર છે. બધા ગુણનું રૂપ છે એની અંદર. આ વિષય એમણે જરા સૂક્ષ્મ લીધો છે. 'ચિદ્‌વિલાસ'માં તો એનું એક પ્રકરણ જ જુદું લીધું છે. આમાં લીધું છે કે નહિ, ખ્યાલ નથી.

મુમુક્ષુ :- આખું દ્રવ્ય કેવું છે...

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં ગુણથી વાત લીધી છે. એક ગુણ છે એને દ્રવ્યના બીજા અનંત ગુણનું રૂપ, એક ગુણને દ્રવ્યના બીજા અનંત ગુણનું રૂપ, તે જ દ્રવ્યના બીજા અનંત ગુણનું રૂપ હોય છે. અહીંથી બહુ સારો પરમાર્થ પણ ઊપજે છે. છે એમાં? અનુક્રમણિકા છે? નથી, આમાં. એ પ્રકરણ નથી આમાં. એ પ્રકરણ જુદું નથી. 'ચિદ્‌વિલાસ'માં એ જુદું પ્રકરણ છે. ત્યાંથી આપણે થોડો આધાર લઈએ. ત્યાં શું કહે છે એ? પણ એક વસ્તુસ્થિતિ છે કે જે પારમાર્થિક રીતે ઉપયોગી થાય છે.

કોઈપણ મિથ્યાદૃષ્ટિ અથવા કોઈપણ છદ્મસ્થ જીવને વસ્તુના અનંત ગુણના ભેદ જણાતા નથી. સર્વજ્ઞ સિવાય એક વસ્તુના, જીવ પદાર્થના અનંત ગુણના ભેદ છે એ કોઈ છદ્મસ્થને જણાતા નથી. પછી ગણધરનું જ્ઞાન હોય તોપણ એમને અનંત ભેદથી શ્રુતજ્ઞાનમાં જીવ વસ્તુ જણાતી નથી. એક ગુણમાં અનંત ગુણનું અભેદ રૂપ આવી જાતું હોય તો એક જ્ઞાનગુણની એક પર્યાયને અનંત ગુણનું રૂપ મળે છે અને તેથી જો સ્વભાવને ત્યાં ઓળખે તો અનંત ગુણસ્વરૂપી સ્વભાવ એને ઓળખવા મળે છે. એક જ્ઞાનલક્ષણમાં એને માત્ર જ્ઞાનશક્તિ નથી સમજાતી, પણ એક જ્ઞાનલક્ષણમાં એને અનંત ગુણના સ્વભાવની શક્તિ સમજાય છે. એનું કારણ શું એમ જો તપાસવામાં આવે તો એક ગુણને અનંત ગુણનું રૂપ છે માટે સમજાય છે. આખું દ્રવ્ય ભેદ વગર પણ અભેદપણે સમજાય જાય છે. અને અભેદ એ જ વસ્તુનું સ્વરૂપ છે. ભેદનું પ્રયોજન ખરેખર તો જાણવામાં છે નહિ. 'ચિદ્‌વિલાસ'માં એ વિષય લીધો છે. આ બધા વિષય થોડા સૂક્ષ્મ આવ્યા છે. ઘણાં વિદ્વાનોને આ એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે, એ (બેસતું નથી).

'**એક ગુણમાં સર્વ ગુણોનું રૂપ સંભવે છે.**' ૭૯ પાને છે. '**વસ્તુમાં અનંત ગુણો છે. તે એક એક ગુણમાં સર્વ ગુણોનું રૂપ સંભવે છે.**' બહુ ચોખ્ખી વાત અહીંયાં લીધી. '**કઈ રીતે? તે કહે છે. જો સત્તાગુણ છે તો સર્વ ગુણ છે.**' જીવનો જે સત્તા-અસ્તિત્વ ગુણ છે, એ અસ્તિત્વને લઈને સર્વ ગુણો ત્યાં જ રહ્યા છે, અસ્તિત્વ ધરાવે છે. તો જે અસ્તિત્વમાં સર્વ ગુણો રહ્યા છે, જે અસ્તિત્વને લીધે સર્વ ગુણો જે સત્તામાં રહ્યા છે એને સર્વ ગુણોનું રૂપ કેમ ન મળે? એને સર્વ ગુણોનું રૂપ મળી જાય છે. '**માટે સત્તા વડે સર્વે ગુણોની સિદ્ધિ થઈ. જો સૂક્ષ્મત્વ ગુણ છે...**' પદાર્થને સૂક્ષ્મત્વ નામનો ગુણ છે '**તો સર્વે ગુણો સૂક્ષ્મ છે.**' અથવા બીજી રીતે લઈએ તો. જો જીવને ચેતના નામનો ગુણ છે તો એના સર્વ ગુણ સચેતન છે, એનું અસ્તિત્વ પણ સચેતન છે. અસ્તિત્વ તો પરમાણુને પણ છે, પણ એનું

જડ અસ્તિત્વ છે. અને જીવને સચેતન અસ્તિત્વ છે. તો એના અસ્તિત્વને ચેતનાનું રૂપ છે. તેથી એનું અસ્તિત્વ સચેતન છે. એમ.

**'જો વસ્તુત્વ ગુણ છે તો સર્વે (ગુણો) સામાન્ય-વિશેષતા સહિત છે; જો દ્રવ્યત્વ ગુણ છે તો દ્રવ્યને દ્રવે છે-વ્યાપે છે; જો અગુરુલઘુત્વ ગુણ છે તો સર્વે ગુણો અગુરુલઘુ છે; જો અબાધિત ગુણ છે તો સર્વે ગુણો અબાધિત છે; જો અમૂર્તિક ગુણ છે તો સર્વે (ગુણો) અમૂર્તિક છે.'** અમૂર્તકિ ગુણ છે તો બધા ગુણો (અમૂર્તિક છે). જેને મૂર્તિક ગુણ છે તો એના બધા ગુણ મૂર્તિક છે. જે પદાર્થને. **'આ પ્રમાણે એક એક ગુણ સર્વમાં છે (અને તે) સર્વની સિદ્ધિનું કારણ છે.'**

**'એકેક ગુણમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સાધીએ (જેમ કે) એક જ્ઞાન ગુણ છે. તેનું જ્ઞાનરૂપ તો દ્રવ્ય છે. તેનું (જાણપણારૂપ) લક્ષણ તે ગુણ છે, તેની પરિણતિ તે પર્યાય છે, આકૃતિ તે વ્યંજનપર્યાય છે.'** મૂળ મુદ્દો તો એટલામાં છે. પછી તો બધી દ્રવ્ય, ગુણ, પર્યાયના પ્રશ્નો ઉઠાવીને ચર્ચા કરી છે.

**'૧. દ્રવ્યમાં દ્રવ્યનો આરોપ, ૨. દ્રવ્યમાં ગુણનો આરોપ, ૩. દ્રવ્યમાં પર્યાયનો આરોપ, ૪. ગુણમાં ગુણનો આરોપ, ૫. ગુણમાં દ્રવ્યનો આરોપ, ૬. ગુણમાં પર્યાયનો આરોપ.'** આ પણ એક વિવિક્ષા છે. જેમ શ્રદ્ધાન જ્ઞાન પ્રધાનતાથી વર્ણવી શકાય, ચારિત્ર પ્રધાનતાથી વર્ણવી શકાય, પુરુષાર્થ પ્રધાનતાથી કહી શકાય. જ્ઞાન શ્રદ્ધા પ્રધાનતાથી કહી શકાય, જ્ઞાન પ્રધાનતાથી કહી શકાય, ચારિત્ર પ્રધાનતાથી કહી શકાય અને પુરુષાર્થ પ્રધાનતાથી કહી શકાય. એ એકબીજાની મુખ્ય વિવિક્ષા લઈને કહી શકાય છે.

એવી રીતે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પણ છે. દ્રવ્ય દ્રવ્યની વિવિક્ષાથી કહી શકાય, ગુણની વિવિક્ષાથી કહી શકાય, પર્યાયની વિવિક્ષાથી કહી શકાય. એવી રીતે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં ઉતાર્યુ છે. એવી જ રીતે છ કારકના ભેદ લીધા છે.

મુમુક્ષુ :- 'દીપચંદજી' ઊંડા ઘણા લઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- એમનું સિદ્ધાંતજ્ઞાન ઘણું સૂક્ષ્મ છે. એ તો આટલી એમની કૃતિ બહાર આવી છે, નહિતર શું ખબર પડે? બહુ સૂક્ષ્મ ચર્ચાઓ કરી છે.

**'જેમકે-એક જ્ઞાનગુણ છે, તે જ્ઞાનમાં અન્ય ગુણનું રૂપ નથી, એમ જો...'** તર્ક કરવામાં આવે, એમ જો માનવામાં આવે **'તો તે પુરુષે તે જ્ઞાનને ચેતન વગરનું, અસ્તિત્વ, વસ્તુત્વ, જીવત્વ, અમૂર્તાદિ સર્વ વગરનું માન્યું, તેમ તો માનો.'** માનવું હોય તો માનો **'પરંતુ એમ માનતાં...'** તો જ્ઞાનગુણ જ રહેશે નહિ. **'કેવી રીતે રહ્યો?'** રહેતો જ નથી જ્ઞાનગુણ. **'તે ન રહ્યો. તેથી અહીં આ વાત સિદ્ધ થઈ**

**કે એક એક ગુણરૂપ જે છે, તે સર્વ સ્વરસ છે. એ રીતે સર્વ સ્વરસને પણ નિશ્ચય કહેવામાં આવે છે.**' આવું જે ગુણનું સ્વરૂપ-એક ગુણને અનંત ગુણનું રૂપ, એને પણ નિશ્ચય કહેવામાં આવે છે. આમ નિશ્ચયની વાત નાખી છે. ઘણું કામ કર્યું છે! (અહીં સુધી રાખીએ...)

## તા. ૨૫-૫-૧૯૮૬, પાના નં. 30, પ્રવચન નં. ૨૩

.. (એક ગુણમાં) અનંત ગુણોનું રૂપ છે, એ વાત સિદ્ધ કરી. આ વિષય જુદો પાડીને 'દીપચંદજી'એ જ લીધો છે. અન્યત્ર ક્યાંય એ વિષય સ્પષ્ટપણે મળતો નથી. જોકે આચાર્યોના કથનોમાં એવો સંકેત આવી જાય છે કે જ્યાં એક ગુણ છે ત્યાં અનંત ગુણ છે. આત્માના સર્વ પ્રદેશે, એક પ્રદેશે અને સર્વ પ્રદેશે જ્યાં એક ગુણ છે ત્યાં જ અનંત ગુણ છે. અને એક ગુણ પણ જુદો પડીને સર્વથા ભેદ પડીને એક ગુણને જોવામાં આવે તો એ ગુણનું સ્વરૂપ નથી. એટલે અહીંયાં નીચે એ વાત સિદ્ધ કરી છે, '**તેથી અહીં આ વાત સિદ્ધ થઈ કે એક એક ગુણરૂપ જે છે, તે સર્વ સ્વરસ છે.**' સર્વ ગુણોનો. સર્વ એટલે આખા પદાર્થનો સ્વરસ છે. બીજા ગુણોનો પણ રસ એમાં જોવામાં આવે છે. રસ જોવામાં આવે છે એમ કહો કે એનું રૂપ જોવામાં આવે છે એમ કહો.

'**એ રીતે સર્વ સ્વરસને પણ...**' એ રીતે સર્વ સ્વરસરૂપ જે ગુણોનું સ્વરૂપ છે, કોઈપણ ગુણનું સ્વરૂપ પોતાના ખાસ લક્ષણપૂર્વક સર્વ સ્વરસરૂપ છે. તેને પણ અહીંયાં '**નિશ્ચય કહેવામાં આવે છે.**' આ પણ એક નિશ્ચયના લક્ષણનો, નિશ્ચયના પ્રકરણનો એક વિભાગ છે, એક પ્રકાર છે.

'**વળી કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્ય સાથે ન મળે, કોઈ ગુણ કોઈ ગુણ સાથે ન મળે,...**' સર્વ રસ હોવા છતાં કોઈ ગુણ બીજા ગુણ સાથે મળી જાય છે એમ નથી. પણ બીજા ગુણમાં જેવી કાર્યની શક્તિ છે એવું સ્વરૂપ, એવો રસ, એવું રૂપ એક ગુણમાં, પ્રત્યેક ગુણમાં જોવામાં આવે છે. કેમકે ગુણ એક કોઈ વસ્તુ નથી, પણ ગુણ એક વસ્તુની વિશિષ્ટતા છે. ગુણ એ કોઈ વસ્તુ નથી, પણ વસ્તુની એ વિશિષ્ટતા છે. અને આખી વસ્તુને જેટલી વિશિષ્ટતા છે એ બધી વિશિષ્ટતાઓનું સ્વરૂપ તે એક વસ્તુ છે. અથવા સર્વ વિશિષ્ટતાઓનું વિશેષ્ય એ એક વસ્તુનું સ્વરૂપ છે. એટલે કોઈ ગુણ કોઈ ગુણ સાથે ન મળે અથવા કોઈ ગુણ બીજા ગુણ સ્વરૂપે ન થાય. કોઈ ગુણ પોતાના સ્વરૂપનો ત્યાગ ન કરે. કોઈ ગુણ બીજા ગુણસ્વરૂપમાં મિશ્રિત ન થાય, મિશ્રણ ન થાય. પોતાનું ગુણત્વ ન છોડે. કોઈ દ્રવ્ય પોતાનું દ્રવ્ય પોતાનું દ્રવ્યત્વ ન છોડે.

'**કોઈ પર્યાયશક્તિ કોઈ પર્યાયશક્તિ સાથે ન મળે,...**' એ તો વ્યતિરેક જ છે. ગુણ તો બધા એકસાથે રહે છે, સમકાળમાં રહે છે, એક ક્ષેત્રમાં રહે છે, એક કાળમાં રહે છે. પણ કોઈ પર્યાય તો બીજા પર્યાયના અસ્તિત્વ કાળે હોતી નથી. જેમકે આ લાકડાની ઊભી અવસ્થા છે ત્યારે આડી અવસ્થા નથી. અને આડી અવસ્થા મટીને જ ઊભી અવસ્થા થાય છે. એકસાથે બે અવસ્થા એક જ પદાર્થને સમકાળે, એક કાળે રહી શકે કે હોઈ શકે, એવું બનતું નથી. તેથી ત્યાં તો કોઈ પર્યાયશક્તિને મળવાનો પ્રશ્ન થતો નથી. '**કોઈ પર્યાયશક્તિ કોઈ પર્યાયશક્તિ સાથે ન મળે. એ રીતે જે અમિલનભાવ...**' જુઓ! આ શબ્દ એમણે સ્વતંત્ર પ્રયોગ કર્યો છે. અમિલનભાવ. કોઈની સાથે મિશ્ર થાય, મળી જાય એવું બનતું નથી. તેને અમિલનભાવ કહે છે. એવો અમિલનભાવ '**તેને પણ નિશ્ચય કહેવામાં આવે છે.**' એ પણ નિશ્ચયનું સ્વરૂપ છે.

કોઈ ગુણ કોઈ દ્રવ્ય સાથે મળે નહિ, એનું મિલન થાય નહિ. કોઈ ગુણ કોઈ ગુણમાં ભળી જાય નહિ અને કોઈ પર્યાય કોઈ પર્યાયમાં ભળી જાય નહિ. કોઈ પર્યાય કોઈ પર્યાયમાં ભળે નહિ. એમ બે પર્યાય વચ્ચે અન્યોન્ય અભાવ હોય છે. અમિલનભાવ હોય છે. બન્નેનું વ્યતિરેક નામ જુદાંપણું છે. એકના કાળમાં બીજાની હયાતી નથી. તોપણ પર્યાયના સંસ્કારો દ્રવ્યમાં રહી જાય છે. એટલે પર્યાયનો ટુકડો જુદો પડતો નથી. જેમ ગુણનો ટુકડો જુદો પડતો નથી, એમ પર્યાયનો ટુકડો પણ જુદો પડતો નથી. કેમકે વસ્તુની અવસ્થા છે.

મુમુક્ષુ :- પર્યાયશક્તિ અહીંયાં શબ્દ વાપર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ પર્યાયશક્તિ કોઈ પર્યાયશક્તિ. એ પર્યાયશક્તિ એટલે વ્યક્ત શક્તિ-પ્રગટ શક્તિ. કોઈ પ્રગટ શક્તિ બીજા કોઈ પર્યાયની પ્રગટ શક્તિ સાથે મળતી નથી, એમ કહેવું છે. બીજી વિશેષ વાત નથી. એ રીતે પરસ્પર દ્રવ્ય-ગુણ-પર્યાયોના નહિ મળવાપણાનો પણ ત્રિકાળી સિદ્ધાંત છે, અબાધિત સિદ્ધાંત છે એને પણ અહીંયાં નિશ્ચય કહેવામાં આવે છે. એ પણ અચલિત છે. આ નિયમ પણ અચલિત છે. એમાં ફેરફાર થતો નથી.

'**નિશ્ચયનો સામાન્ય અર્થ આટલો કહેવો...**' હવે આટલી વિશેષ પ્રકાર કરીને વિશેષ વાત લીધી હતી, પણ '**નિશ્ચયનો સામાન્ય અર્થ આટલો કહેવો. નિશ્ચયનો સંક્ષેપથી આટલો જ અર્થ જાણવો...**' ટૂંકો અર્થ તો આ જાણવો કે '**નિજ વસ્તુ સાથે જે ભાવનો વ્યાપ્ય-વ્યાપક એકમેક સંબંધ હોય તેને નિશ્ચય જાણવો.**' વસ્તુની સાથે વ્યાપ્ય-વ્યાપક ભાવે સંબંધ હોય તેને નિશ્ચય જાણવો. એટલે પ્રત્યેક વસ્તુના એના દ્રવ્ય-ગુણ-પર્યાયના જે અચલિત પ્રકારો છે એમાં વસ્તુ વ્યાપે છે એટલે એને

નિશ્ચય જાણવો. ત્યાં સુધી એ વાત લઈ લીધી કે જે વિભાવ પર્યાય છે એમાં પણ વસ્તુનું પરિણમન હોવાથી એને નિશ્ચય કહેવામાં આવે છે. એટલે વ્યાપ્ય-વ્યાપક સંબંધ હોય, એકમેક સંબંધ હોય તેને નિશ્ચય જાણવો.

'**કર્તાભેદમાં, કર્મભેદમાં પણ, ક્રિયાભેદમાં પણ આ ત્રણે ભેદમાં એક જ ભાવ દેખવો-એ ત્રણેય એક ભાવના નીપજ્યા છે, એવા એક ભાવને પણ નિશ્ચય કહેવામાં આવે છે.**' એટલે કર્તા, કર્મ અને ક્રિયાનું અભેદપણું છે એ પણ નિશ્ચય છે. એક જ ભાવના ત્રણ ભેદ કરવામાં આવે છે. વસ્તુના પરિણામને જોઈને એને કર્મ કહેવામાં આવે છે. જો વસ્તુનું પરિણામ તે કાર્ય છે, કર્મ છે એટલે અહીંયાં કાર્ય છે, કર્મ એટલે દ્રવ્યકર્મ, ભાવકર્મ નહિ, કાર્યરૂપ છે પરિણામ છે એ કર્તા વિના ન હોય અને કર્તા કાર્યને કરે છે એ કાર્ય એકરૂપ જોવામાં આવતું નથી, એ કાર્ય બદલતું જોવામાં આવે છે, એ બદલવાના ભાવને ક્રિયા કહેવામાં આવે છે. તે એક જ પદાર્થને વિષે, એક અભેદ પદાર્થને વિષે એવા જે ત્રણ ભેદ છે એ ત્રણ ભેદમાં ત્રણ ભાવને નહિ જોતાં, અહીંયાં એમ કહેવું છે, એવા ત્રણ ભેદમાં ત્રણ ભાવને નહિ જોતાં એક જ ભાવને દેખવો, એક જ ભાવને જોવો. એ '**ત્રણેય એક ભાવના નીપજ્યા છે, એવા એક ભાવને પણ નિશ્ચય કહેવામાં આવે છે.**' આ વિકલ્પ મટાડવાની વાત છે.

હું કર્તા, આ મારું કાર્ય અને આ ક્રિયાને હું ફેરવું છું, આ ક્રિયાને હું કરું છું, આ કાર્યને હું કરું છું, બદલું છું એવા ત્રણ ભેદ વિકલ્પના ઉત્પાદક છે. પોતે તો જેવા કર્તા, કર્મ, ક્રિયા ભેદસ્વરૂપે હોવા છતાં એ ભેદને ગૌણ કરીને એ ત્રણે એક જ વસ્તુના ભાવ હોવાથી ત્રણ સ્વરૂપે અભેદપણે એક ભાવે વસ્તુને, ત્રણેના એક ભાવે વસ્તુને દેખવી. કેમકે એ ત્રણે એક ભાવના જ નીપજેલા છે. એવા એક ભાવને, એવા એક અભેદ ભાવને પણ અહીંયાં નિશ્ચય કહેવામાં આવે છે. નિશ્ચયને ફેરવી ફેરવીને કેવી રીતે લ્યે છે. કહેનારની આ શક્તિ છે, વસ્તુને બતાવવાની.

મુમુક્ષુ :- ગુણભેદ તો નહિ, પણ હું કર્તા, કર્મ, ક્રિયા એ વાત તો ક્યાંય રહી.

પૂજ્ય ભાઈશ્રી :- જુદા કર્તા, કર્મ, ક્રિયાની તો ક્યાંય શક્યતા પણ નથી અને સંભાવના પણ નથી કે એક દ્રવ્ય બીજા દ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં કાંઈ કરે એ વાતને તો અહીંયાં ક્યાંય જગ્યા જ નથી. પણ એનામાં ને એનામાં કર્તા, કર્મ, ક્રિયાના ભેદ પડે છે એ ભેદ પણ આશ્રય કરવા યોગ્ય નથી, એ ભેદમાં પણ રહેવા યોગ્ય નથી, એ ભેદનું પણ લક્ષ છોડવા યોગ્ય છે. એ ભેદ લક્ષમાં રાખવા યોગ્ય નથી.

૭૩મી ગાથામાં આ વિષય લીધો છે. 'સમયસાર'માં ૭૩ ગાથામાં. કર્તા, કર્મ, ક્રિયાના કારકોથી પાર ઊતરેલી એવી જે અનુભૂતિ. ત્યાં અનુભૂતિ શબ્દ વાપર્યો છે.

એવો જે અભેદ અનુભવ છે એ સ્વરૂપ જે આત્મા છે. અભેદ સ્વરૂપ આત્મા છે એમ ત્યાં લેવું છે. ત્યાં ત્રિકાળીને અનુભૂતિ એવું નામ આપ્યું છે. જેમાં કર્તા, કર્મ, ક્રિયાના ગુણભેદ નથી, કરણભેદ નથી. એ બધી શક્તિઓ છે પાછી. કર્તાશક્તિ, કર્મશક્તિ, કરણશક્તિ એ છએ શક્તિ છે. છએ કારકોની શક્તિ છે. ૪૭ શક્તિમાં એ લીધું છે. એનાથી પણ પાર. એનાથી પાર એટલે એવા ભેદો જેમાં નથી. એવા એક અભેદ સ્વરૂપે. એવા એક અભેદ ભાવને પણ અહીંયાં નિશ્ચય કહેવામાં આવે છે.

વળી '**સ્વભાવ ગુપ્ત છે કે પ્રગટ પરિણમે છે, પણ તેની નાસ્તિ તો નથી. એવા તે અસ્તિત્વભાવને નિશ્ચય કહેવામાં આવે છે.**' 'અનુભવ પ્રકાશ'માં એ વિષય એક જગ્યાએ લીધો કે ગુપ્ત અને પ્રગટ એ તો અવસ્થાભેદ છે. ગુપ્ત અને પ્રગટ એ તો અવસ્થાભેદ છે. એના ગુપ્તપણાને કે એના પ્રગટપણાને અવસ્થાભેદે ન જોતાં સળંગ જેવો સ્વભાવ છે એવો, ગુપ્તપણે કે પ્રગટપણે બેય જગ્યાએ છે, જેવો છે એવો માત્ર સ્વભાવને જોવો, શ્રદ્ધવો એવી શ્રદ્ધા તે સુખનું કારણ છે. એમ લીધું છે. એવી શ્રદ્ધા તે સુખનું કારણ છે. એ સ્વભાવનું અવલંબન લીધું.

મુમુક્ષુ :- દસ બોલમાં ખેંચ્યું છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, (અનુભવ પ્રકાશમાં) પહેલા બોલો ખેંચ્યા છે એમાં ખેંચ્યું છે. '**ગુપ્ત અને પ્રગટ એ અવસ્થાભેદ છે. બન્ને અવસ્થામાં સ્વરૂપ જેવું ને તેવું છે.**' કેવું? અવસ્થાભેદ વિનાનું. ગુપ્ત અને પ્રગટ એવી અવસ્થાભેદની અપેક્ષા સ્વરૂપને નથી. એટલે ન તો સ્વભાવ ગુપ્ત છે કે ન તો સ્વભાવ પ્રગટ છે. પ્રગટ સ્વભાવ તો બન્ને અવસ્થામાં જેવો છે તેવો છે. '**એવો શ્રદ્ધાભાવ...**' એવા સ્વભાવને શ્રદ્ધવો, સ્વીકારવો, જાણવો, અવલંબવો એ '**સુખનું મૂળ છે.**' આને સુખનું મૂળ કહેવામાં આવ્યું છે. આ એક એમણે બહુ ઊંડી વાત કરી છે. કેમકે જીવની અનાદિથી ભેદવાસિત બુદ્ધિ હોવાથી એ જાતનો જીવનો મતિદોષ છે. એ સર્વ વાતને ભેદવિવિક્ષાથી જ સમજે છે, ભેદવિવિક્ષા વિના એને સમજાતું નથી. ભેદપ્રધાનતાથી સમજીને ભેદ પ્રધાનતામાં જ એ રોકાઈ જાય છે. આ શાસ્ત્ર અધ્યયનમાં કોઈ મોટી તકલીફ હોય તો આ છે. એટલે માત્ર પોતાની મેળે જે શાસ્ત્ર અધ્યયન કરે છે એને આ તકલીફમાંથી, આ દોષમાંથી દૂર થવું કઠણ પડે છે, મુશ્કેલ પડી જાય છે. એને અભેદભાવ સમજાવનાર જોઈએ કે અહીંયાં હજી ભેદ પડે છે, હજી અહીંયાં ભેદ પડે છે, અહીંયાં હજી ભેદ પડે છે. ત્રિકાળી સ્વભાવમાં ત્રિકાળીનો ભેદ પડે છે. દ્રવ્યસ્વભાવમાં દ્રવ્યનો ભેદ પડે છે. ત્યાં સુધી હજી અભેદ અવલંબનનો પ્રકાર ઊપજતો નથી, ઉત્પન્ન થતો નથી. અને ત્યાં સુધી આ વિષયમાં કાર્યસિદ્ધિ નથી. વિકલ્પમાં રોકાવું થાય છે અને

કાર્યસિદ્ધિ થતી નથી અને વીતરાગતા ઊપજતી નથી. રાગમાં ને રાગમાં રહેવાનું થઈ જાય છે અને તે પણ એકત્વબુદ્ધિએ. એ વાતને અહીંયાં બહુ સારી રીતે લીધે છે.

ગુપ્ત અને પ્રગટ એટલે દ્રવ્ય-ગુણ-પર્યાયની અપેક્ષા, દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદે પણ સ્વભાવ નથી. વસ્તુ સ્વભાવ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપેલો હોવા છતાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદથી નિરપેક્ષ છે, એમ કહેવું છે. ન તો દ્રવ્યનો ભેદ એને લાગુ પડે છે, ન તો ગુણનો ભેદ લાગુ પડે છે, ન તો પર્યાયનો ભેદ લાગુ પડે છે. છે ત્રણેમાં છતાં ત્રણેથી નિરપેક્ષ છે. એવો જે એકરૂપ સ્વભાવ, એવો જે અભેદ સ્વભાવ, નિર્ભેદ સ્વભાવ, નિર્વિકલ્પ સ્વભાવ એવો શ્રદ્ધામાં આવે, શ્રદ્ધવામાં આવે, સ્વીકારવામાં આવે, જ્ઞાનમાં પ્રતિભાસે ત્યારે એમાંથી સુખ ઊપજે. એમાંથી સુખ ઉત્પન્ન થવાનું કારણ બને છે. આત્મિક સુખ ત્યાંથી ઉત્પન્ન થાય છે. એ સિવાય આત્માનું સુખ ઉત્પન્ન થવાનો કોઈ પ્રકાર અને કોઈ કારણ નથી.

અહીંયાં કહે છે કે '**સ્વભાવ ગુપ્ત છે કે પ્રગટ પરિણમે છે, પણ તેની નાસ્તિ તો નથી.**' ગુપ્ત અને પ્રગટ એ બન્ને ભેદમાં બન્ને ભેદ નિરપેક્ષ, બન્ને ભેદમાં બન્ને ભેદ નિરપેક્ષ, એવા તે અસ્તિત્વ ભાવને અહીંયાં નિશ્ચય કહેવામાં આવે છે. એ મૂળ સ્વરૂપ છે, એ નિશ્ચય સ્વરૂપ છે. તેથી તેને નિશ્ચય કહેવામાં આવે છે. '**આવા આવા ભાવોને નિશ્ચયસંજ્ઞા જાણવી.**' આવા આવા જે ભાવો આ પ્રકરમણાં કહ્યા તેને નિશ્ચય એવું નામ આપવામાં આવે છે. '**એમ જિનાગમમાં કહ્યું છે.**' જિનાગમને વિષે એમ કહેવામાં આવ્યું છે. એ નિશ્ચયનું પ્રકરણ થયું.

હવે 'સાક્ષાત ધર્મ'. સાક્ષાત ધર્મ કોને કહેવો? ખરેખર ધર્મ કોને કહેવો? પ્રત્યક્ષ ધર્મ કોને કહેવો? એનું પ્રકરણ છે.

**गुण णियसहावं खलु पज्जायसमहावदव्वं च।**
**अप्पा किल परमप्प धम्मं, तें धम्मभावं हि बोधव्वा॥१२॥**
**गुण निजस्वभावं खलु, पर्याय स्वस्वभावं स्वभाव द्रव्यं च।**
**आत्मा किल परमात्मधर्म तं धर्मवादं हि ज्ञातव्याः॥१२॥**

'**खलु**' શબ્દ વાપર્યો છે.

અર્થ :- '**નિશ્ચયથી આત્માના અનંત ગુણો જ્યારે સર્વથા પોતાની નિજજાતિરૂપ થયા ત્યારે આત્માનો પરમસ્વભાવ કહેવામાં આવે છે.**' અહીંયાં ગુણો એટલે ગુણોનું પરિણમન. '**નિશ્ચયથી આત્માના અનંત ગુણો જ્યારે સર્વથા પોતાની નિજજાતિરૂપ થયા...**' થયાનો અર્થ એ છે પરિણમ્યા. થયા એટલે પરિણમ્યા. અનંત ગુણો જેવો પોતાનો ગુણ છે તેવી જ જાતિના પરિણામ રૂપે પરિણ્યા. એમ કહેવું છે. ત્યારે

આત્મોન પરમ સ્વભાવ કહેવામાં આવે છે. એને આત્માનો પરમ સ્વભાવ કહો કે એને આત્માનો પરમ આત્મધર્મ કહો, આત્મધર્મ કહો. આ આત્મધર્મ છે. આત્મધર્મ કહો, નિજધર્મ કહો, જિનધર્મ કહો બધું એક જ છે. નામ જુદાં જુદાં છે. જિન શબ્દ આવે એટલે આમ સંપ્રદાય (સમજે છે). રૂઢિગત અર્થ સંપ્રદાય થઈ જાય છે ને? લોકોને સંપ્રદાયનો ખ્યાલ આવે છે. પણ જિનધર્મ એ તો નિજધર્મ છે. નિજધર્મને જિનધર્મ કહ્યો છે અને જિનધર્મને નિજધર્મ કહ્યો છે. કોઈપણ આત્માને વિષે ચારે ગતિમાં એ પ્રગટ થાય છે. મનુષ્ય, તિર્યંચ, નારકી અને દેવ. ચારે ગતિમાં. તિર્યંચમાં તો કોઈ સંપ્રદાય નથી, દેવોમાં પણ કોઈ સંપ્રદાય નથી, નારકીમાં કોઈ સંપ્રદાય નથી. ચાર ગતિમાં Majority ગતિ તો સંપ્રદાય વિનાની છે. ૭૫% માં સંપ્રદાય નથી. ચાર ગતિમાં ત્રણ ગતિ એટલે ૭૫% આવી ગયા ને? હવે જે ૨૫% વાળી ગતિ છે એમાં ઓછામાં ઓછા જીવ હોય છે. અસંખ્યાત મનુષ્યો છે. તિર્યંચો તો અનંતા છે. મનુષ્યો તો સંખ્યાત છે. સંખ્યાત મનુષ્યો છે. બાકી દેવો અસંખ્યાત છે. નારકીઓ અસંખ્યાત છે. મનુષ્યો તો સંખ્યાત છે. ઓછામાં ઓછી સંખ્યા એની છે. એ સંખ્યામાં પાછા સંપ્રદાયના વાડા ઊભા થયા છે અને એ વાડામાં વાડાની ધમાલ ઊભી થાય છે પાછી. સંપ્રદાયની આ બધી તકલીફ છે.

સંપ્રદાયબુદ્ધિ એટલે સંકુચિત બુદ્ધિ. 'શ્રીમદ્જી'એ તો ૧૫મે વર્ષે આ સૂત્ર લખ્યું છે કે 'સર્વાત્મમાં સમદૃષ્ટિ દો આ વચનને હૃદયે લખો.' બધા આત્મા. નિગોદનો આત્મા હોય, કોઈપણ ગતિનો આત્મા હોય, જાતિ અપેક્ષાએ બધા આત્મા એકસરખા છે, મારા જેવા છે. એકસરખી દૃષ્ટિ દો. દ્રવ્યદૃષ્ટિ એને કહેવામાં આવે છે. આ વચનને હૃદયે લખો એટલે હૃદયમાંથી આ વાતને ક્યારેય પણ દૂર થવા દેશો નહિ. હૃદયમાં જ રાખજો એમ કહે છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'ની સભામાં આવે કે આ ભાઈ પટેલ છે. આત્મા છે.

પૂજ્ય ભાઈશ્રી :- આવતા ને, અનેક આવતા. પટેલ (લોકો) 'કાનાતળાવ'માં તો મંદિર કર્યું છે. બધા સૂક્ષ્મ વાત પકડે છે, હોં! અમે આમંત્રણ આપવા ગયા તો કહે, વાંચન કરો. શું વાંચવો છે? ઝીણામાં ઝીણો વિષય હો એ લ્યો, સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિષય લ્યો. એમ સીધી એવી રીતે માંગણી કરી. અમારા કપડા જોઈને અને અમારો દેખાવ જોઈને એવું નહિ વિચારતા કે નહિ પકડી શકીએ. પ્રશ્નો કરે. સૂક્ષ્મ વિષય કાઢો તો એમાંથી પ્રશ્નો કાઢે. બે-ત્રણ ભાઈઓ 'આગ્રા'ની શિબિરમાં આવ્યા હતા. એક વિદ્વાન 'અલિગંજ, એટા'થી આવેલા. મુનિની વાત કરી તો એણે પ્રશ્ન કાઢ્યો કે આવી રીતે મુનિમાં કેમ હોઈ શકે? ફેર પડ્યો તો તરત એને Light થઈ

કે આમ કેમ બને? આવું તો મુનિ હોય એને આવો ભાવ તો હોય નહિ. પછી જ્યારે પ્રશ્નચર્ચાનો વિષય ચાલ્યો ત્યારે એ પ્રશ્ન કાઢ્યો. બરાબર ઉપયોગ આપીને એ લોકો સમજે છે. આત્મા છે એ તો. વાડાનો વિષય નથી એ તો. પારસી આવતા, વોરા આવતા. 'ગુરુદેવ'ના વ્યાખ્યાનમાં અજૈન તો ઘણાં આવતા હતા.

અત્યારે જે બધા શાસ્ત્રોની પરંપરા રહી છે એ ગુરુ 'ગૌતમસ્વામી' ભગવાનના પ્રધાન ગણધર, અગિયાર ગણધરોમાંથી જે મુખ્ય ગણધર હતા, એ સંપ્રદાયથી જૈન નહોતા. આ શાસન જેનું ચાલે છે, જેમાં શાસ્ત્રોની પરંપરા, ગુરુ પરંપરા, આચાર્યોની પરંપરાથી જે સાહિત્ય જળવાઈ રહ્યું છે એ બ્રાહ્મણ હતા. એ કાંઈ જૈનકુળમાં જન્મ્યા નહોતા. અને તીર્થંકર બધા ક્ષત્રિયો જ હોય છે. ક્ષત્રિયો તો પરંપરાએ જૈનધર્મ પાળે છે. કુળધર્મમાં ક્ષત્રિયોમાં અત્યારે જૈનધર્મ નથી. એ જમાનામાં તો બધા જૈનધર્મી હતા. 'રામચંદ્રજી' જૈનધર્મી હતા, એમના પિતાશ્રી પણ જૈનધર્મી હતા. એવી રીતે 'શ્રીકૃષ્ણ' ભલે યાદવ ક્ષત્રિય કુળમાં હતા, પણ જૈનધર્મી હતા. મૂળ પરંપરા હરિવંશ આખો હરિ નામના જૈન રાજા થઈ ગયેલા છે, એમાંથી હરિવંશ થયો છે. આ હરિવંશ પુરાણ એમાંથી ચાલ્યું ને? શ્રીકૃષ્ણનું.

મુમુક્ષુ :- ભગવાન 'નેમિનાથ'ના વખતમાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'નેમિનાથ' ભગવાનના કુટુંબમાં જ થયા ને.

મુમુક્ષુ :- ભગવાને હાથ ઊંચો કર્યો તો આખું લશ્કર લટકી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- હલાવી નહોતા શક્યા. 'ગુરુદેવ' ઈ દૃષ્ટાંત આપતા હતા. એમનો પગ નહોતા હલાવી શક્યા. બધા ભેગા તોય એમનો પગ ખેસવી શક્યા નહોતા. બધા એકસાથે જેટલી તાકાત લગાવવી હોય એટલી લગાવો.

મુમુક્ષુ :- જૈનો હોવા છતાં માંસાહારી હતા?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. માંસાહારી નહોતા. જૈન માંસભક્ષણ કરે નહિ. જૈનકુળમાં માંસભક્ષણની પદ્ધતિ જ નથી. એ તો એક દેવે કલ્પિત બનાવેલું છે, વાસ્તવિક નહોતું એ કાંઈ. કલ્પિત બનાવેલું છે.

મુમુક્ષુ :- એવું કલ્પિત કરવાનું કારણ શું?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ નિમિત્ત કરે છે. વિકલ્પ આવે એવું એક નિમિત્ત છે, બસ. વૈરાગ્યનું નિમિત્ત. વૈરાગ્યનું નિમિત્ત થાય છે કે આવું! શું આવું હોઈ શકે? એમને તો શું છે કે તેજીને તો ટકોરો બસ છે. સહેજ અનુચિત છે એમ લાગે એટલે એ આખું મૂકી દે છે.

'ભરત' મહારાજાને શું છે? એક આંગળી અડવી થઈ ગઈ. એક વીંટી ખરી,

બસ! શું થયું? એક વીંટી ખરી તો થયું કે આ આંગળી અડવી લાગે છે. ચાર આંગળીની શોભા, એક આંગળીની શોભા નહિ. બસ, વીંટીથી મારી શોભા? ખલાસ!

મુમુક્ષુ :- ઈ બધું બરાબર છે, આમાં તો હિંસાની વાત આવી ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એક કલ્પના ઊભી કરી છે, વૈરાગ્ય લાવવા માટે. માયાવી દેખાવ જેને કહીએ. વાસ્તવિક નહિ કાંઈ. 'રાજુલ'ના પિતાશ્રી કાંઈ એવું કાર્ય કરતા હતા એમ નથી બતાવવું. પણ દેવે એક કલ્પના કરી, એક વિકલ્પ ઉત્પન્ન કરવા માટે. આ બધા કેમ બુમાબુમ કરે છે? પ્રાણીઓને થોડી ખબર હોય છે. કોઈ પ્રાણીને ખબર હોતી નથી કે પછી શું થવાનું છે. એ તો તિર્યંચ પ્રાણી છે. એવો જવાબ દીધો કે આવું કાંઈક છે. હેં..! શું વાત છે? આવું કાંઈક છે? ચાલો પાછા.

મુમુક્ષુ :- 'નિલાંજના'નું એવું જ હતું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'નિલાંજના'નો એવો જ દાખલો છે. એક સહેજ મૃત્યુનું અનિત્યતાનું નિમિત્ત બને છે. 'ૠષભદેવ' કહે છે, ચાલો, પતી ગયું. વાત પૂરી થઈ ગઈ હવે. હવે નાચતી નાચતી અપ્સરા મરી ગઈ. તો અહીંયાં સંસારની વાત પૂરી થઈ ગઈ. જાઓ. એક સામાન્ય બહાનું જોઈએ છે. નિમિત્ત પડે છે. પાકી ગઈ હોય છે, અંદરમાં અવસ્થા પાકી ગઈ હોય છે અને બહાર એવો કોઈ વૈરાગ્યનો પ્રકાર ઉત્પન્ન થાય. એટલે સીધો દીક્ષાનો ભાવ એને આવે છે.

અહીંયાં શું પ્રકરણ છે? કે જે અનંત ગુણો આત્મામાં છે તે સર્વથા પોતાની નિજ જાતિરૂપ થયા. પૂરેપૂરા શુદ્ધ પરિણમ્યા. સર્વથા નિજજાતિરૂપ થયા એટલે પૂરેપૂરા શુદ્ધ પરિણમ્યા. ત્યારે તેને આત્માનો પરમસ્વભાવ અથવા પરમધર્મ કહેવામાં આવે છે. અથવા તે આત્માનો ખરેખર સાક્ષાત ધર્મ છે. **'વળી જ્યારે આત્માના ષટ્ગુણીહાનિવૃદ્ધિથી પર્યાયો નિજજાતિરૂપ સર્વથા ઊપજ્યા ત્યારે આત્માનો પરમસ્વભાવ કહેવામાં આવે છે.'** એ અગુરુલઘુગુણ પણ બીજા ગુણને જુદો પાડીને લઈ લીધો. એટલે સિદ્ધ અવસ્થામાં ષટ્ગુણીહાનિવૃદ્ધિરૂપ અને સિદ્ધ અવસ્થામાં સર્વ ગુણો પૂરેપૂરા શુદ્ધ પરિણમન રૂપ થાય છે. નિજજાતિરૂપ એટલે જેવા છે તેવા જ ઉત્પન્ન થાય છે, તેવું જ પરિણમન થાય છે. ત્યારે આત્માનો પરમસ્વભાવ એટલે પૂરેપૂરો ધર્મ પ્રગટ થયો. પૂર્ણ ધર્મ, આત્માનો પૂર્ણ ધર્મ ત્યાં પ્રગટ થયો એમ કહેવામાં આવે છે. પછી એવી જ જાતિના અંશે જેટલા મોક્ષમાર્ગના પરિણામ છે ત્યાં એને આંશિક ધર્મ કહેવામાં આવે છે. આ પરમધર્મ છે.

**'વળી જ્યારે જ્યારે આત્માનું દ્રવ્ય, પ્રદેશોથી નિષ્પ્રકંપ નિજસ્વભાવરૂપે સર્વથા ઊપજ્યું ત્યારે તો આત્માનો પરમસ્વભાવ કહેવામાં આવે છે.'** ... અયોગી ગુણસ્થાનથી

સિદ્ધદશામાં સર્વથા ઊપજ્યું. પ્રદેશોથી નિષ્કંપ-નિષ્પ્રકંપ-હલનચલન વિનાના સ્થિર પ્રદેશોરૂપ. અરિહંત અવસ્થામાં હજી થોડું કંપન છે. પછી સિદ્ધ અવસ્થામાં કંપન નથી. એવું જે સર્વથા નિજસ્વભાવરૂપે ઊપજ્યું ત્યારે તો આત્માનો પરમસ્વભાવ કહેવામાં આવે છે. એટલે એ ત્રણે વાત સિદ્ધદશાની એમણે લીધી છે. કેમકે અનંતા ગુણો સર્વથા એટલે પૂરેપૂરા નિજજાતિરૂપે પરિણમ્યા. દર્શન, જ્ઞાન, ચારિત્રના, અગુરુલઘુગુણની પર્યાય પણ ષટ્ગુણહાનિવૃદ્ધિરૂપ પણ નિજજાતિરૂપ થઈ ગઈ. અને યોગગુણની પર્યાય પણ નિષ્કંપ અવસ્થા પ્રદેશોની થઈ ગઈ.

**'એ રીતે દ્રવ્ય, ગુણ, પર્યાય કેવલ સર્વથા સ્વભાવરૂપે જ થયા.'** કેવળ અવસ્થા પ્રગટ થઈ ગઈ. કેવળ સર્વથા સ્વભાવરૂપે જ થયા. **'આવા ભાવનું કથન જિનાગમમાં...'** પરમધર્મ અથવા પરમસ્વભાવ. **'परमात्मधर्म'** પરમ આત્મધર્મ, પરમાત્મ ધર્મ, **'परमप्प धम्मं'** એવો શબ્દ લીધો છે. એને જિનાગમમાં પરમાત્મધર્મ કહેવામાં (આવ્યો છે). પરમ આત્માનો ધર્મ, આત્માનો તે પરમધર્મ છે એમ કહેવામાં આવ્યું છે. આ દશા તે સર્વથા નિર્દોષ દશા છે. સંપૂર્ણ નિર્દોષ દશા. જેમાં કોઈપણ દોષનો અનંતમો ભાગ પણ નથી. અનંતમો અંશ પણ નથી. અનંતમા અંશે પણ જ્યાં દોષની ઉપસ્થિતિ નથી, હાજરી નથી, ઉત્પત્તિ નથી એવી જે કેવળ દશા તેને આત્માનો પરમધર્મ કહેવામાં આવે છે. પરમ આત્મધર્મ એને જિનાગમમાં કહ્યો છે.

મુમુક્ષુ :- જેવા દ્રવ્યમાં ગુણો હતા તેવી જ પર્યાય થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- એવી જ અવસ્થા થઈ ગઈ. જેવા દ્રવ્ય-ગુણ છે એવી જ અવસ્થા થઈ. એકાકાર. કાંઈ ફેર નહિ, કિંચિત્ ફેર નહિ. એટલે તો એને સિદ્ધ અવસ્થા કહેવામાં આવે છે. સિદ્ધ થઈ ગઈ, આત્માની સિદ્ધિ થઈ ગઈ. સર્વ ગુણોની સિદ્ધિ કહો, પ્રાપ્તિ કહો. એ સાક્ષાત ધર્મ છે. સર્વ સાધકો આવા સાક્ષાત ધર્મને ધ્યેયમાં રાખીને પોતાના મૂળ સ્વરૂપનું અવલંબન લ્યે છે. આ એનું ધ્યેય છે. જ્યાં સુધી આ ધ્યેય સિદ્ધ થતું નથી ત્યાં સુધી તે નિરાંતે પગ વાળીને બેસતા નથી. પગ વાળીને બેસતા નથી એટલે પુરુષાર્થ કર્યા વિના રહેતા નથી. સતત નિરંતર પુરુષાર્થમાં ઉદ્યમવંત રહે છે. એમ લેવું છે.

પૂજ્ય 'બહેનશ્રી'એ વચનામૃતમાં બોલ લીધો છે કે ચક્રવર્તીને ચક્ર અથવા એના ચૌદ રત્નોની ઉત્પત્તિ થાય તો પછી ચક્રવર્તી પગ વાળીને બેસતા નથી. એની આયુધશાળામાંથી એનો જે Chief commander હોય છે એ સમાચાર આપે છે કે મહારાજ! આપની આયુધશાળામાં દૈવી ચક્રરત્ન ઉત્પન્ન થયું છે, દૈવી અશ્વ ઉત્પન્ન થયો છે. એક ઘોડો પણ આવે છે. એને ખબર પડે, ચક્રવર્તી છું એ તો એને ખબર

છે અને આ પુણ્યનો પરિપાક આવ્યો અને ચૌદ રત્નો જુદી જુદી જગ્યાએ ઉત્પન્ન થાય છે. એટલે તરત જ એને વિકલ્પ આવે છે કે ચાલો, છ ખંડ સાધવા. ચાલો, રત્ન તો આવી ગયા, નિરાંત જાશું. એ નિરાંત રાખીને બેસતા નથી. સીધો જ એને વિકલ્પ ઊઠે, ચાલો, તૈયારી કરો. ચક્ર આવી ગયું, હવે તૈયારી કરો. છ ખંડને સાધવા જાય છે.

એમ અહીંયાં પણ જેને પોતાનું પૂર્ણ સ્વરૂપ લક્ષમાં આવ્યું, એને એવી પૂર્ણ અવસ્થા, જ્યાં સુધી એવી અવસ્થા ન થાય ત્યાં સુધી એ નિરાંત વાળીને બેસતા નથી. ચાલો, સમ્યગ્દર્શન તો થઈ ગયું ને, હવે વાંધો નહિ. હવે તો મોક્ષ થવાનો જ છે ને. એવું સમ્યગ્દૃષ્ટિને કદી થતું નથી.

ભાવાર્થ :- **'અનાદિ કાલથી પુદ્‌ગલનું નિમિત્ત પામીને આત્માનાં જ્ઞાન, દર્શન, સમ્યક્ત્વ, સ્વાચરણ, વીર્ય, સ્વભોગાદિ ગુણો અજ્ઞાન, અદર્શન, મિથ્યાત્વ, પરાચરણ, નિર્બળ, પરભોગાદિ એ રીતે વિકારરૂપે પરભાવે થયા,...'** અનાદિકાળથી પુદ્‌ગલનું નિમિત્ત પામીને એટલે પુદ્‌ગલનું અવલંબન લઈને દ્રવ્યકર્મને અનુસરીને, દ્રવ્યકર્મને અવલંબીને આત્માનું જ્ઞાન હતું તે અજ્ઞાનરૂપ પરિણમતું હતું, દર્શન અદર્શનરૂપ પરિણમતું હતું. સમ્યક્ત્વ મિથ્યાત્વ ભાવે પરિણમતું હતું, સ્વાચરણ પરાચરણરૂપે પરિણમતું હતું. સામેસામા બોલ લીધા છે. વીર્ય છે તે નિર્બળ-હીનવીર્ય જીવ થઈ ગયો હતો સ્વભોગને બદલે, આત્માનુભવને બદલે પરપદાર્થનો અનુભવ પરભોગ (કરતો હતો). એવા પરિણામે વિકારરૂપે પરભાવ થયા. અનાદિકાળથી જીવને આ પ્રકારના પરિણામ થયા છે, થઈ જ રહ્યા છે. આ જીવના ભૂતકાળનો ઈતિહાસ છે. સર્વ સંસારી જીવોના ભૂતકાળનો ઈતિહાસ છે. અનાદિથી. પહેલા ક્યારેય કોઈ શુદ્ધ હતા અને પછી અશુદ્ધ થયા એમ નથી. પહેલેથી આમ છે, અનાદિથી આમ છે.

**'પણ જેમ જેમ કાલલબ્ધિ પામીને તે પરભાવ ક્ષય થતો ચાલ્યો, સ્વભાવ પ્રગટ થતો ચાલ્યો, તેમ તેમ...'** એટલે ક્રમશઃ આગળ વધે છે. એક સમયમાં કોઈ સિદ્ધ થાય છે, સંસારી મટીને એક સમયમાં કોઈ સિદ્ધ થઈ જાય છે એવું કદી બનતું નથી. પરંતુ કાળલબ્ધિ એટલે જુદાં જુદાં કાળે. એનું કારણ સ્વીકારવું પડે છે, કાળલબ્ધિ એટલા માટે કે જીવોની જાતિ એક છે, એક જાતિના જીવો હોવા છતાં સર્વ એક કાળે સિદ્ધતા નથી-સિદ્ધિમાં જતાં નથી. બધા જ જુદાં જુદાં કાળે (જાય છે). સમ્યગ્દર્શન પામવાનો-મોક્ષમાર્ગમાં પ્રવશે કરવાનો કાળ સૌનો જુદો અને પ્રવેશ કરેલાને પણ સિદ્ધિમાં જવાનો કાળ સૌનો જુદો. દ્રવ્ય એક છે, પુરુષાર્થની જાતિ એક છે છતાં બધાના ક્રમમાં કાળક્રમે જુદો જુદો કાળક્રમ જોવામાં આવે છે.

એને કાળલબ્ધિ કહેવામાં આવે છે. જેવો જેનો પુરુષાર્થ. પુરુષાર્થની મુખ્યતાથી કહીએ તો જેવો જેનો પુરુષાર્થ એ અનુસાર તે તે જીવની કાળલબ્ધિ. એમ.

કાળલબ્ધિ સમજનારને પુરુષાર્થને ભાવના મટે તો એ કાળલબ્ધિને સમજ્યો નથી. કાળલબ્ધિવાળાને સહજ પુરુષાર્થનો ખ્યાલ ન આવે કે પુરુષાર્થનું સહજ સ્વરૂપ કેવું છે, તોપણ એ કાળલબ્ધિને સમજ્યો નથી. કાળલબ્ધિ અને પુરુષાર્થ સમકાળે હોય છે, એનું જ્ઞાન કરવાનો એ વિષય છે.

મુમુક્ષુ :- અહીંયાં કાળલબ્ધિમાંથી ક્રમબદ્ધપર્યાયનો ધ્વનિ નીકળે છે?

પૂજ્ય ભાઈશ્રી :- ક્રમબદ્ધ તો છે, ક્રમબદ્ધ તો છે. ક્રમબદ્ધનું મોટું પ્રકરણ અહીંયાં નિશ્ચયમાં એમણે લઈ લીધું. ક્રમબદ્ધના પ્રકરણને તો નિશ્ચયમાં લઈ લીધું. સર્વ દ્રવ્યોની, છએ દ્રવ્યની સર્વ પર્યાયો એના સ્વકાળના ક્રમમાં જ ઊપજે છે અને કોઈ આઘીપાછી ઊપજતી નથી. એમાં 'કાર્તિકિયાસ્વામી'ની ૩૨૧-૩૨૨ ગાથા લીધી. 'ગુરુદેવ' જે ક્રમબદ્ધમાં લેતા હતા, એ અહીંયાં પણ લીધી છે. Foot noteમાં. એટલે ક્રમબદ્ધ તો સર્વજ્ઞતાનો પ્રાણ છે. (પરમાગમસાર-૫૧૮) બોલમાં 'ગુરુદેવે' કહ્યું કે ક્રમબદ્ધ છે એ સર્વજ્ઞતાનો પ્રાણ છે. સર્વજ્ઞતા સ્વીકારે એ ક્રમબદ્ધ સ્વીકારે, ક્રમબદ્ધ સ્વીકારે એ જ સર્વજ્ઞતા સ્વીકારે. છતાં એમાં પુરુષાર્થ ઊડી જાય છે એ વાત જરા પણ રહેતી નથી. એમાં પુરુષાર્થ ન થાય એવી વાત (નથી). પુરુષાર્થ તો જતો નથી, પુરુષાર્થની ભાવના પણ જતી નથી. પુરુષાર્થ તો જતો નથી પણ પુરુષાર્થની ભાવના સુદ્ધા પણ જાય એ વાત ત્યાં રહેતી નથી.

મુમુક્ષુ :- ક્રમબદ્ધ માને એને બહારમાં કાંઈ કરવાપણું ન રહે.

પૂજ્ય ભાઈશ્રી :- એના કર્તૃત્વ ઉપર ઘા પડે છે. યથાર્થ ક્રમબદ્ધનો સ્વીકાર કરે એને પર્યાયનું કર્તૃત્વ ચાલ્યું જાય છે અને સહજ સ્વભાવ, જ્ઞાતા-દૃષ્ટા ઉપર એની દૃષ્ટિ જાય.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' આમ જ કહેતા.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ છે, ખરેખર એમ જ છે.

આ આત્મા જ્ઞાયક છે, જ્ઞાતા-દૃષ્ટામાત્ર છે એ સ્થાપીને જ્ઞાયકની સ્થાપનાપૂર્વક જેને જ્ઞાયકનું અવલંબન આવ્યું કે હું જ્ઞાયક છું એને પર્યાયની ઉપેક્ષા થઈ. એ ઉપેક્ષાનો વિષય થઈ ગયો. એ ઉપેક્ષા થઈ તો એ ઉપેક્ષા થવામાં એને ચિંતા કેમ ન રહી? અને શા માટે ઉપેક્ષા થઈ? કે એને પર્યાયનું પણ જ્ઞાન થઈ ગયું કે એ તો એના જે કાળે થવાની છે તે થવાની જ છે. એ ક્ષણવર્તી પર્યાયની કોઈ એવી કિંમત આંકવા જેવી નથી.

'સોગાનીજી'એ એમના પત્રમાં એ વાત, એ ન્યાય એવી રીતે લઈ લીધો કે મોક્ષાર્થી જીવ અલ્પકાલીન પર્યાયોં કા મૂલ્ય નહીં આંકતે. આટલા શબ્દ લીધા છે એમણે. મોક્ષાર્થી જીવ છે, પર્યાય તો બધી ક્ષણવર્તી અલ્પકાલીન હોય છે અને એની કિંમત મોક્ષાર્થી કદી આંકતો નથી. કેમકે એણે પોતાના ત્રિકાળીની કિંમત આંકી છે અને છે, મહિમાવંત છે એની મહિમા કરી છે એને ક્ષણવર્તી ભાવોની કિંમત આવતી નથી. જગતના જીવોને તો અશુભ મટીને શુભ થાય એની કિંમત આવે છે કે વાહ! બહુ સારો ભાવ કર્યો મેં. ઘણો સરસ શુભભાવ કર્યો.

અહીંયાં જ્ઞાનીઓ-મોક્ષમાર્ગીઓ કહે છે કે અમે તો શુદ્ધપર્યાયની પણ કિંમત આંકતા નથી. ત્રિકાળી ભગવાનઆત્માની અમને એટલી કિંમત છે કે અમે તો એક સમયની શુદ્ધપર્યાયની કિંમત આંકતા નથી. કેમકે એ પણ અલ્પકાલીન છે તો પછી અશુદ્ધ પર્યાયની અને શુભભાવની કિંમત આંકવાનો તો પ્રશ્ન જ રહેતો નથી. એ સ્થિતિમાં, એ દૃષ્ટિકોણાં જ એને પર્યાયનો આશ્રય ન થાય. નહિતર અનાદિથી વર્તતો જે પર્યાયનો આશ્રય એ છોડવો બહુ મુશ્કેલ છે, છૂટવો મુશ્કેલ છે. કેમકે વેદન પર્યાયનું થાય છે. વેદન પર્યાયનું થાય છે અને ત્રિકાળીનું વેદન થતું નથી અને અનાદિથી રાગ વેદાય રહ્યો છે. એનો-રાગનો આશ્રય થઈ રહ્યો છે. એનો ત્યાગ કરીને, રાગના આધારનો ત્યાગ કરીને ત્રિકાળી સ્વભાવનો, નિર્ભેદ સ્વભાવનો આધાર લેવાનો, આશ્રય લેવાનો જ્યાં પ્રકાર છે ત્યારે એ પ્રકારની અંદર એણે વર્તમાન અવસ્થાની કેટલી ઉપેક્ષા કરવી? કે એની એકવાર તો એણે અભિપ્રાયમાંથી કિંમત ઊડાડી દેવી. એની જરાય કિંમત એણે આંકવી નહિ.

એ બધા મુખ્ય મુખ્ય ગુણો લીધા. એનું જે શુદ્ધ પરિણમન થવું જોઈએ તેને બદલે અનાદિથી તેનું વિકારરૂપ પરિણમન થાય છે. પણ જગતના પરિભ્રમણ કરતા જીવોની જેની જેની, જેમ જેમ, જે જે કાળે કાળલબ્ધિ આવે છે અથવા જ્યારે જ્યારે જે જે જીવો આત્માના યથાર્થ પુરુષાર્થમાં જોડાય છે ત્યારે એની કાળલબ્ધિ પણ પાકેલી હોય છે. કાળલબ્ધિ પાકેલી હોય છે અને પુરુષાર્થમાં જોડાય જાય છે. ત્યારે તે વિકારભાવ અથવા પરભાવ ક્ષય થતો ચાલે છે. એની ક્ષય થવાની શરૂઆત, અભાવ થવાની શરૂઆત થાય છે. ક્ષય કહો કે અભાવ કહો. એ અભાવ થતો ચાલ્યો. પરભાવ ક્ષય થતો ચાલ્યો, સ્વભાવ પ્રગટ થતો ચાલ્યો. તેની અશુદ્ધતા મટતી ચાલી અને શુદ્ધતા વીતરાગતા એની ક્રમશઃ પ્રગટ થતી થતી આગળ ચાલે છે, વધતી જાય છે.

**'તેમ તેમ એમ થતાં જે કાળે તે પરભાવ સર્વથા નશ પામી ગયો, તે સમયે સર્વથા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્યાદિ અનંતગુણો કેવલ નિજરૂપે**

**પ્રગટ્યા,...**' કેવળદશા થઈ ગઈ. '**સર્વથા પોતાના રૂપે થયા,...**' સર્વથા નિજજાતિરૂપે થયા અને '**અન્યથા રૂપ નાશ થઈ ગયું,...**' વિકૃતપણું એનું નાશ થઈ ગયું. '**ગુણોનું નિજરૂપ જ સર્વથા સાક્ષાત થયું,...**' એટલે પ્રગટ થયું. સાક્ષાત એટલે પ્રગટ. સાક્ષાત્કાર નથી કહેતા? જે અનુભવ, પ્રગટ અનુભવ થાય છે એને સાક્ષાત્કાર કહેવામાં આવે છે. '**ગુણોનું નિજરૂપ જ સર્વથા સાક્ષાત થયું, વળી કથંચિત્ અન્યનો સંબંધ ગયો,...**' અને બીજો અન્ય પદાર્થોનો સંબંધ પણ કથંચિત્ ગયો. કથંચિત્ ગયો એટલા માટે કહ્યું કે જ્ઞાનમાં જ્ઞેયપણે સંબંધ રહી ગયો, બાકી બધા સંબંધ પૂરો થઈ ગયો. અને જે સંબંધ હતો એ ભૂતકાળનો હતો, એ કથંચિત્ હતો. નૈગમનયથી એ સંસારી હતા, જે સિદ્ધ થયા તે ભૂતનૈગમનયથી સંસારી છે. એવો કથંચિત્ સંબંધ એને રહ્યો, બાકી એને સંબંધ રહ્યો નહિ.

'**કથંચિત્ અન્યનો સંબંધ ગયો, સાક્ષાત્ નિજજાતિરૂપ થયું,...**' જેવી પોતાની મૂળ જાતિ હતી તેવું જ પોતાનું રૂપ બહારમાં પ્રગટ થયું. '**તેને આત્માના એવા ગુણોનો પરમભાવ જાણવો.**' એને પરમ આત્મધર્મ કહે છે અથવા એને પરમભાવ કહેવામાં આવે છે. જિનાગમમાં આને પરમભાવ (કહે છે). પરમ એટલે ઉત્કૃષ્ટ. ઉત્કૃષ્ટ ભાવ પ્રગટ થયો.

મુમુક્ષુ :- અહીંયાં સાક્ષાત્ નિજજાતિરૂપ થયું એટલે જેવું દ્રવ્ય હતું એવી પર્યાય થઈ?

પૂજ્ય ભાઈશ્રી :- સિદ્ધદશામાં એવી જ પર્યાય થઈ. જેવું સિદ્ધ સમાન પોતાનું અંતરંગ મૂળ સ્વરૂપ હતું, તેવું જ બહિરંગ પણ એવું જ સ્વરૂપ સાક્ષાત્ પ્રગટ થયું એને પરમભાવ અથવા પરમધર્મ કહેવામાં આવે છે.

એટલે જેને મોક્ષમાર્ગમાં આત્મધર્મ પ્રગટ થાય છે એને એમ મિંઢવણી થાય છે કે અંદરમાં મારું સ્વરૂપ મને અનુભવમાં ગોચર થાય છે, મારા જ્ઞાનમાં અનુભવગોચર થાય છે એવી અવસ્થા તો નથી. એ ચાલે નહિ. એનાથી વિરૂદ્ધભાવરૂપ અવસ્થા ચાલે નહિ. એટલે તમામ શુભાશુભનો એમાં નિષેધ આવી જાય છે. અને જે શુદ્ધ અવસ્થા છે એની અલ્પતાનો પણ એમાં નિષેધ આવી જાય છે. અલ્પત્વપણું એ પણ મૂળ સ્વભાવમાં નથી.

'**વળી તે કાળે સાક્ષાત્ તે ગુણોનું પરિણમન-પર્યાયો-એક સમયના સૂક્ષ્મ કાળે ષટ્ગુણી હાનિવૃદ્ધિથી સ્વસ્વરૂપે થયા તે પર્યાય સાક્ષાત્ કેવલરૂપ ઊપજ્યા.**' આ બહુ સૂક્ષ્મ (વિષય છે). એક જ પર્યાયમાં છ પ્રકારે હાનિ અને છ પ્રકારે વૃદ્ધિ એવું પરિણમનમાં હાનિ-વૃદ્ધિરૂપ થાય છે. એટલે એ હાનિ અને વૃદ્ધિ બેય પ્રતિપક્ષ

છે અને એથી પર્યાય Balance માં રહે છે, મર્યાદામાં રહે છે. હાનિ થઈને સર્વથા ક્ષય થાય નહિ અને વૃદ્ધિ થઈને મર્યાદા બહાર જાય નહિ. એ ષટ્‌ગુણ હાનિવૃદ્ધિનું પરિણમન છે એ આમ તો કેવળીગમ્ય છે. છદ્મસ્થને સીધું જ્ઞાનમાં જણાતું નથી.

મુમુક્ષુ :- એક જ ગુણની પર્યાયમાં ષટ્‌ગુણ હાનિવૃદ્ધિ થાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- સર્વ ગુણોની પર્યાયમાં, પ્રત્યેક ગુણની પર્યાયમાં. કારણ કે એ તો મૂળ ગુણ છે અગુરુલઘુ ગુણ અને આખા દ્રવ્યમાં વ્યાપેલો છે. એટલે સર્વ ગુણોને એનું રૂપ છે. સર્વ ગુણોના પરિણનને એનું પણ રૂપ છે. એટલે સર્વ ગુણો ષટ્‌ગુણ હાનિવૃદ્ધિ રૂપે પરિણમે છે. આખા દ્રવ્યનું પરિણમન ષટ્‌ગુણ હાનિવૃદ્ધિરૂપે પરિણમે છે. '**તે પર્યાય સાક્ષાત્ કેવલરૂપ ઊપજ્યા. આવું ષટ્‌ગુણ હાનિવૃદ્ધિરૂપ સૂક્ષ્મ પર્યાયનું સ્વરૂપ, તેને પણ આત્માનો પરમસ્વભાવ કહેવામાં આવે છે.**' એ પણ આત્માનું શુદ્ધ પરિણમન છે.

'**વળી, જ્યારે પુદ્‌ગલવર્ગણાના ઊઠવા-બેસવાના નિમિત્તથી જીવદ્રવ્યના પ્રદેશોના કાયાદિ યોગ સંકોચ-વિસ્તારરૂપ કંપતા હતા...**' પુદ્‌ગલવર્ગણાના ઊઠવા-બેસાવાના નિમિત્તથી. પુદ્‌ગલવર્ગણાના નિમિત્તથી, ઊઠવા-બેસવાના નિમિત્તથી. મન-વચન-કાયાના જે નિમિત્ત છે તેનાથી દ્રવ્યના પ્રદેશો, આત્મદ્રવ્યના પ્રદેશો કાયાદિ યોગે. આદિમાં મન અને વચન લઈ લેવા. મન, વચન અને કાય ત્રણ યોગ છે-ત્રિયોગ. એ ત્રણેના નિમિત્તે કંપતા હતા. એનું હલનચલન થતું હતું, સંકોચવિસ્તાર થતો હતો.

સંકોચ અને વિસ્તાર કેમ થાય છે? બાળપણમાં કાયા નાની હોય છે, પછી શરીર વિસ્તાર પામે છે, મોટું થાય છે. તો એમાં પુદ્‌ગલવર્ગણાનું નિમિત્ત છે. જેટલું શરીર મોટું થાય છે એટલો ત્યાં આત્માનો આકાર વિસ્તાર થાય છે. એ પ્રદેશોનો ત્યાં વિસ્તાર થાય છે. વળી એમાં કોઈ સ્થુળ થાય છે તો એટલો વિસ્તાર થાય છે, વળી કોઈ સ્થુળ થઈને પાછા દુબળા પડી જાય છે તો એનો સંકોચ થાય છે. એવું બને છે ને? માંદગી આવે ત્યારે માણસ દુબળો થતો જાય, વજન એકદમ ઘટી જાય. કોઈનું અડધું વજન થઈ જાય. કોઈનું અડધું હોય એમાંથી Double વજન થઈ જાય. એ રીતે જે નાના-મોટાપણું દેખાય છે એમાં સંકોચ વિસ્તાર થાય છે.

મુમુક્ષુ :- હાથી મરીને કીડીમાં જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્યાં પણ થાય છે. પણ આ તો એક ને એક ભવમાં. એ તો ભવાંતરમાં થયું. આ તો એક જ ભવમાં. બાળક હતો ત્યારે દોઢ વેંતનું શરીર હોય, એક વેંતનું શરીર હોય. જુવાન થાય ત્યારે મોટો છ ફૂટનો, સવા છ ફૂટનો થાય. જીવ તેનો તે છે. શરીર મોટું થયું તો એના પ્રદેશોનો પણ વિસ્તાર

થયો. પહેલા સંકોચ હતો એ વિસ્તાર થયો. એ સ્થૂળ થાય, પાછો એ કૃશ થઈ જાય. મોટાભાગે જે લોકો મોટી માંદગીથી દેહત્યાગ કરે છે એનું શરીર ઘણું જ કૃશ થઈ જાય છે. મૃત્યુના સમયે લગભગ, એમ કહે કે, એને પહેલાં અમે જોયેલા પછી તો અમે છેલ્લે જોવા ગયા ત્યારે તો પથારીમાં દેખાતા નહોતા. એમ કહે છે કે નહિ? એના એ માણસ હોય. તો ત્યાં એ સંકોચ થઈ ગયો છે, આત્મપ્રદેશોનો ત્યાં શરીરને નિમિત્તે સંકોચ થઈ ગયો છે.

મુમુક્ષુ :- કેવળી સમુદ્ઘાત કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કેવળી સમુદ્ઘાત કરે છે ત્યારે વિસ્તાર થાય છે. સમુદ્ઘાતના બીજા પણ એવો પ્રકારો છે. ત્યાં પણ વિસ્તાર થાય છે. વેદના સમુદ્ઘાત. કોઈને એવી તીવ્ર વેદના, એવી તીવ્ર વેદના થાય કે શરીર દ્વારા આત્મપ્રદેશો નીકળી જાય. એને વેદના સમુદ્ઘાત કહેવામાં આવે છે. કોઈવાર અંગ કપાઈ જાય ત્યારે પણ એવું થાય છે. શરીરની બહાર પ્રદેશો (જાય) પછી સંકોચાયને આવે. ત્યાં સુધી વિસ્તરેલા રહે, વિસ્તારવાળા રહે. એ પ્રકારે કાયાદિ યોગે સંકોચ-વિસ્તારરૂપ કંપન એટલે પ્રદેશોનું હલનચલન રહે છે.

**'અને જ્યારે તે કાયાદિ પુદ્ગલવર્ગણાનો સર્વથા નાસ્તિ (અભાવ) થયો...'** સિદ્ધ દશામાં અશરીરી દશા થઈ ગઈ ત્યારે કાયાદિ પુદ્ગલવર્ગણાનો સર્વથા નાસ્તિભાવ થયો. સામાન્ય રીતે તો એક કાય છોડે તો કાર્મણવર્ગણા સાથે રહે. પુદ્ગલનો સર્વથા સંયોગ ન છૂટે અને એક કે બે કે ત્રણ સમયમાં ફરી પાછી નવી કાયા ધારણ કરે. નવા પુદ્ગલો ગ્રહણ કરે. પણ અહીંયાં સિદ્ધદશામાં સર્વથા નાસ્તિભાવ થયો. ન તો કાર્મણવર્ગણાના પુદ્ગલો રહ્યા, ન તૈજસવર્ગણાના રહ્યા. ન શરીર વર્ગણાના રહ્યા. (સર્વ) પ્રકારના પુદ્ગલ વર્ગણાનો સર્વથા નાસ્તિ એટલે અભાવ થયો.

**'ત્યારે જીવદ્રવ્યના પ્રદેશો વજ્રવત્...'** જુઓ! આ શબ્દ નાખ્યો છે એમણે. જીવદ્રવ્યના પ્રદેશો ઘનિષ્ટપણે ચૈતન્યઘન આત્મા છે, ક્યાંય પોલાણ નથી. વજ્રવત્. એવું ઘનિષ્ટપણું છે. **'સર્વથા સાક્ષાત્ નિષ્પ્રકંપ સ્વભાવરૂપ થયા.'** જેમ વજ્રની કોઈ (દિવાલ હોય). એમાં એક પરમાણુ પણ હલતોચલતો દેખાય નહિ, મીણનું હોય તો એમાં કોઈ પરમાણુ ખરે. મીણની મૂર્તિ હોય. પણ વજ્રની મૂર્તિ હોય તો એમાં ક્યાંય પરમાણુ ખરતો નથી. એવો વજ્રવત્ **'સર્વથા સાક્ષાત્ નિષ્પ્રકંપ સ્વભાવરૂપ થયા. એવો પણ આત્માનો પરમસ્વભાવ જાણવો.'** એટલે આત્મા નિષ્કંપ હલનચલન વગરના સ્થિર ભાવે અને સ્થિર યોગે રહે એ આત્માનો પરમ સ્વભાવ છે. સાક્ષાત્ ધર્મના નામે સિદ્ધદશાનું એ રીતે વર્ણન કર્યું છે. થોડું છે, પછી લઈશું....

# વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૬૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકિયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકિયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | કાર્તિકિયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકિયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૮ | ક્રમબદ્ધપર્યાય | - |
| ૨૯ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૩૦ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૧ | પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૨ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૬ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૮ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૯ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૪૦ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૧ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૩ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૪ | પ્રચારિસ્તકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૫ | પદ્મનંદીપંચવિશતી | - |
| ૫૬ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૭ | રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૮ | રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૦ | રાજહૃદય (ભાગ૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૬૧ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૨ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૩ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૪ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૫ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૬ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૭ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૮ | સમક્તિનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૯ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૭૦ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૭૧ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |

| | | |
|---|---|---|
| ૭૪ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૫ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૬ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૭ | ધન્ય આરાધક | - |
| ૭૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૭૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૮૦ | છ ઢાળા પ્રવચન (ભાગ-૧) | ૨૦-૦૦ |
| ૮૧ | છ ઢાળા પ્રવચન (ભાગ-૨) | ૨૦-૦૦ |
| ૮૨ | છ ઢાળા પ્રવચન (ભાગ-૩) | ૨૦-૦૦ |
| ૮૩ | મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન) | ૨૦.૦૦ |
| ૮૪ | રાજહૃદય (ભાગ-૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૫ | રાજહૃદય (ભાગ-૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૬ | રાજહૃદય (ભાગ-૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૭ | રાજહૃદય (ભાગ-૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૮ | રાજહૃદય (ભાગ-૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૦) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૦ | રાજહૃદય (ભાગ-૧૩) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૧ | રાજહૃદય (ભાગ-૧૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |

૯૨ અધ્યાત્મ સુધા (ભાગ-૭) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો ૨૦.૦૦
૯૩ અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૧) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૯૩ અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૨) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૯૪ રાજહૃદય (ભાગ-૧૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૯૫ રાજહૃદય (ભાગ-૧૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૯૬ અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૩) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૯૭ અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૪) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૯૮ અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૫) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૯૯ અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૬) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૧૦૦ અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૭) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૧૦૧ અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૮) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૧૦૨ અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૯) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૧૦૩ રાજહૃદય (ભાગ-૧૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૧૦૪ રાજહૃદય (ભાગ-૧૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૧૦૫ રાજહૃદય (ભાગ-૧૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૧૦૬ અધ્યાત્મ સુધા (ભાગ-૮) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો ૨૦.૦૦
૧૦૭ અધ્યાત્મ સુધા (ભાગ-૯) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો ૨૦.૦૦

| | | |
|---|---|---|
| ૧૦૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૧૦) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૧૦૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૧૧) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૧૧૦ | આત્માવલોકન (ભાગ-૧) | ૨૦.૦૦ |

## श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मुल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | - |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | - |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | - |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | - |
| १३ | धन्य अवतार | - |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | - |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | - |
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त) | - |

| | | |
|---|---|---|
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | पथ प्रकाश | २०.०० |
| ३३ | प्रवचनसार | अनुपलब्ध |
| ३४ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३५ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३६ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३७ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३८ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३९ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ४० | समयसार नाटक | अनुपलब्ध |
| ४१ | समयसार कलश टीका | अनुपलब्ध |
| ४२ | समयसार | अनुपलब्ध |
| ४३ | स्मरण संचिका | २०.०० |
| ४४ | स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २०-०० |
| ४५ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४६ | तत्थ्य | अनुपलब्ध |
| ४७ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४८ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |
| ४९ | भगवान आत्मा | २०.०० |
| ५० | जिन प्रतिमा जिन सारखी | २०.०० |

| | | |
|---|---|---|
| ५१. | छः ढाला प्रवचन (भाग-१) | २०.०० |
| ५२. | छः ढाला प्रवचन (भाग-२) | २०.०० |
| ५३. | छः ढाला प्रवचन (भाग-३) | २०.०० |
| ५४. | प्रवचनसुधा (भाग-६) | ३०.०० |

## श्री वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | ग्रंथ का नाम | मुल्य |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती) | १००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ७६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४४०० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२-३-४ | ५००० |
| ३० | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३१ | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |

| | | |
|---|---|---|
| ३२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७५०० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | गुरुगुण संभारणा (हिन्दी) | ७५०० |
| ३५ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३६ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३७ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३८ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३९ | धन्य आराधना (गुजराती) | १००० |
| ४० | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४१ | प्रवचन नवनीत भाग-१-४ (गुजराती) | ५८५० |
| ४२ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४३ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४४ | पथ प्रकाश (हिन्दी) | ५०० |
| ४५ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४६ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४७ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४८ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४९ | भगवान आत्मा (गुजरात) | २००० |
| ५० | भगवान आत्मा (हिन्दी) | १५०० |
| ५१ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ५२ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५३ | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५४ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५५ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५६ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५७ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५८ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५९ | अमृत पत्र (गुजराती) | २००० |
| ६० | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ६१ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ६२ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | ४००० |
| ६३ | आत्मयोग (गुजराती) | १५०० |
| ६४ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६५ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६६ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |

| | | |
|---|---|---|
| ६७ | ज्ञानामृत (गुजराती) | ३५०० |
| ६८ | ज्ञानामृत (हिन्दी) | १५०० |
| ६९ | वचनामृत रहस्य (गुजराती) | १००० |
| ७० | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ७१ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७२ | कहान रत्न सरिता (भाग-१) | १००० |
| ७३ | कहान रत्न सरिता (भाग-२) | १००० |
| ७४ | कुटुम्ब प्रतिबंध (गुजराती) | १५०० |
| ७५ | कुटुम्ब प्रतिबंध (हिन्दी) | २५०० |
| ७६ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती) | १५०० |
| ७७ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी) | २००० |
| ७८ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |
| ७९ | समयसार दोहन (गुजराती) | ७५० |
| ८० | समकितनुं बीज (गुजराती) | १००० |
| ८१ | स्वरूपभावना (गुजराती) | १००० |
| ८२ | स्वरूपभावना (हिन्दी) | १००० |
| ८३ | सुविधि दर्शन (गुजराती) | १००० |
| ८४ | सुविधिदर्शन (हिन्दी) | १९०० |
| ८५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | १२५० |
| ८६ | प्रवचन सुधा (भाग-१) (गुजराती) | १४०० |
| ८७ | प्रवचन सुधा (भाग-२) (गुजराती) | ७५० |
| ८८ | प्रवचन सुधा (भाग-३) (गुजराती) | १००० |
| ८९ | प्रवचन सुधा (भाग-४) (गुजराती) | १००० |
| ९० | प्रवचन सुधा (भाग-५) (गुजराती) | १००० |
| ९१ | प्रवचन सुधा (भाग-६) (गुजराती) | १००० |
| ९२ | प्रवचन सुधा (भाग-७) (गुजराती) | ७५० |
| ९३ | प्रवचन सुधा (भाग-८) (गुजराती) | ७५० |
| ९४ | प्रवचन सुधा (भाग-९) (गुजराती) | ७५० |
| ९५ | प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| ९६ | प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| ९७ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती) | १००० |
| ९८ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती) | १००० |
| ९९ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती) | १००० |
| १०० | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती) | १००० |
| १०१ | राज हृदय (भाग-१) (गुजराती) | १५०० |

| | | |
|---|---|---|
| १०२ | राज हृदय (भाग-२) (गुजराती) | १५०० |
| १०३ | राज हृदय (भाग-३) (गुजराती) | ७५० |
| १०४ | अध्यात्मस्धा (भाग-१) (गुजराती) | १००० |
| १०५ | अध्यात्मसुधा (भाग-२) (गुजराती) | १००० |
| १०६ | अध्यात्म सुधा (भाग-३) (गुजराती) | १००० |
| १०७ | अध्यात्म सुधा (भाग-४) (गुजराती) | ७५० |
| १०८ | अध्यात्म सुधा (भाग-५) (गुजराती) | ७५० |
| १०९ | गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन) | १००० |
| ११० | गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन) | ७५० |
| १११ | मुक्तिनो मार्ग (गुजराती) | १००० |
| ११२ | प्रवचन नवनीत (भाग-१) (हिन्दी) | १००० |
| ११३ | प्रवचन नवनीत (भाग-२) (हिन्दी) | १००० |
| ११४ | प्रवचन नवनीत (भाग-३) (हिन्दी) | १००० |
| ११५ | प्रवचन नवनीत (भाग-४) (हिन्दी) | १००० |
| ११६ | धन्य आराधक (गुजराती) | ७५० |
| ११७ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-१) | १००० |
| ११८ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-२) | १००० |
| ११९ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-३) | १००० |
| १२० | जिन प्रतिमा जीन सारखी | ५०० |
| १२१ | स्मरण संचिका | १५०० |
| १२२ | दंसण मूलो धम्मो | ३५०० |
| १२३ | प्रवचन सुधा (भाग-१) (हिन्दी) | १००० |
| १२४ | प्रवचन सुधा (भाग-२) (हिन्दी) | १००० |
| १२५ | प्रवचन सुधा (भाग-३) (हिन्दी) | १००० |
| १२६ | प्रवचन सुधा (भाग-४) (हिन्दी) | १००० |
| १२७ | प्रवचन सुधा (भाग-५) (हिन्दी) | १००० |
| १२८ | प्रवचन सुधा (भाग-६) (हिन्दी) | १००० |
| १२७ | धन्य पुरुषार्थी (गुजराती) | १५०० |
| १२८ | धन्य पुरुषार्थी (हिन्दी) | ६५०० |
| १२९ | छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१) | १००० |
| १३० | राज हृदय (भाग-४) (गुजराती) | ५०० |
| १३१ | राज हृदय (भाग-५) (गुजराती) | ५०० |
| १३२ | राज हृदय (भाग-६) (गुजराती) | ५०० |
| १३३ | राज हृदय (भाग-७) (गुजराती) | १५० |
| १३४ | राज हृदय (भाग-८) (गुजराती) | १५० |

| | | |
|---|---|---|
| १३५ | राज हृदय (भाग-९) (गुजराती) | १५० |
| १३६ | राज हृदय (भाग-१०) (गुजराती) | १५० |
| १३७ | राज हृदय (भाग-११) (गुजराती) | १०० |
| १३८ | राज हृदय (भाग-१२) (गुजराती) | १०० |
| १३९ | राज हृदय (भाग-१३) (गुजराती) | १०० |
| १४० | राज हृदय (भाग-१४) (गुजराती) | १०० |
| १४१ | राज हृदय (भाग-१५) (गुजराती) | १०० |
| १४२ | राज हृदय (भाग-१६) (गुजराती) | १०० |
| १४३ | अध्यात्म सुधा (भाग-६) (गुजराती) | १५० |
| १४४ | अध्यात्म सुधा (भाग-७) (गुजराती) | १५० |
| १४५ | अनुभवप्रकाशना किरणों (भाग-२) (गुजराती) | १५० |
| १४६ | अनुभवप्रकाशना किरणों (भाग-३) (गुजराती) | १५० |
| १४७ | अनुभवप्रकाशना किरणों (भाग-४) (गुजराती) | १५० |
| १४८ | अनुभवप्रकाशना किरणों (भाग-५) (गुजराती) | १५० |
| १४९ | अनुभवप्रकाशना किरणों (भाग-६) (गुजराती) | १५० |
| १५० | अनुभवप्रकाशना किरणों (भाग-७) (गुजराती) | १०० |
| १५१ | अनुभवप्रकाशना किरणों (भाग-८) (गुजराती) | १०० |
| १५२ | अनुभवप्रकाशना किरणों (भाग-९) (गुजराती) | १०० |
| १५३ | राज हृदय (भाग-१७) (गुजराती) | २०० |
| १५४ | राज हृदय (भाग-१८) (गुजराती) | २०० |
| १५५ | राज हृदय (भाग-१९) (गुजराती) | २०० |
| १५६ | अध्यात्म सुधा (भाग-८) (गुजराती) | १५० |
| १५७ | अध्यात्म सुधा (भाग-९) (गुजराती) | १५० |
| १५८ | अध्यात्म सुधा (भाग-१०) (गुजराती) | १५० |
| १५९ | अध्यात्म सुधा (भाग-११) (गुजराती) | २०० |
| १६० | आत्मावलोकन (भाग-१) (गुजराती) | २५० |

## પાઠકોંની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

ॐ

શ્રી વીતરાગાય નમઃ

# આત્માવલોકન પ્રવચન

(ભાગ-૧)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના આત્માવલોકન ગ્રંથ ઉપરના સળંગ પ્રવચનો)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

**પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન**

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

અન્ય પ્રાપ્તિ સ્થાન :
- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧, મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩

પ્રથમાવૃત્તિ : ૨૦–૦૭–૨૦૧૮ (અષાઢ સુદ–૮, અષ્ટાહ્નિકા પ્રારંભ)
પ્રત : ૨૫૦
પૃષ્ઠ સંખ્યા : ૩૬૮ + ૮ = ૩૭૬
મૂલ્ય : ૨૦/–

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
૧૯૨૪/બી–૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર–૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
**ભગવતી ઓફસેટ**
અમદાવાદ
ફોન : ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રકાશકીય

પરમ આપ્ત સર્વજ્ઞ વીતરાગદેવ પ્રણીત પૂર્ણ નિર્દોષ થઈ સંપૂર્ણ સુખી થવાનો માર્ગ, પરંપરા આચાર્ય ભગવંતો દ્વારા તથા સત્પુરુષો દ્વારા વર્તમાનમાં જીવંત રહ્યો છે તે આપણા સૌનું મહાન સદ્‌ભાગ્ય છે. વર્તમાનકાળમાં 'સીમંધર' ભગવાનની સાક્ષાત્ દિવ્યદેશના સાંભળીને આપણને સૌને તેનું રસપાન કરાવ્યું એવા સદ્‌ધર્મપ્રવર્તક શાસન શિરોમણિ અધ્યાત્મદિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી'નો આપણા સૌ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તી રહ્યો છે. તેઓશ્રીના પુનિત પ્રભાવનાના મંગલકારી યોગે માર્ગપ્રાપ્તિની દિવ્ય શિખા પ્રજ્વલિત રહેવા પામી છે. એ દિવ્ય દિપકની જ્યોતથી જેમના હૃદયસિંહાસનમાં જ્ઞાયકદેવના મંગલ પધરામણા થયા અને અપૂર્વ ભવાંતકારી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ, એવા પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન'નો વર્તમાન મુમુક્ષુસમાજ ઉપર ન ભૂલી શકાય એવો ઉપકાર વર્તી રહ્યો છે. ભાવિ તીર્થાધિનાથના ભેટા કરાવનાર તથા અજોડ જ્ઞાનવૈભવધારી પૂજ્ય 'બહેનશ્રી'નો શું મહિમા કરવો!

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામીના પ્રવર્તમાન જૈનશાસનમાં છેલ્લા ૩૦૦ વર્ષમાં અનેક જ્ઞાનીપુરુષો થતા આવ્યા છે. તેમાં પંડિત સાધર્મી શ્રી દિપચંદજી કાસલીવાલ પણ થયા. તેઓ આમેરના રહીશ હતા. તેઓ ઉચ્ચ કોટીના અધ્યાત્મિક વિદ્વાન હતા. તેમણે આ ગ્રંથ ઉપરાંત અનુભવ પ્રકાશ, ચિદ્‌વિલાસ, અનુભવ વિલાસ છંદ, પરમાત્મપુરાણ છંદ, સ્વરૂપાનંદ, બૃહત્ તથા લઘુ જ્ઞાન દર્પણ, ગુણસ્થાનભેદ, ઉપદેશરત્નછંદ, અધ્યાત્મ પચીસી છંદ વગેરે રચેલાં છે.

તેમના સમય અને જીવન સંબંધી જાણવાના સાધનના અભાવે કાંઈ વિશેષ લખી શકાતું નથી. પણ તેમના લખાણ ઉપરથી જણાય છે કે અધ્યાત્મ પરિણત સિદ્ધાંત જ્ઞાની હતા. આત્માવલોકન ગ્રંથ નાનો હોવા છતાં તેમાં ઘણા વિષય આવરી લીધા છે. આત્માવલોકન ગ્રંથ એક આધ્યાત્મિક કૃતિ છે. અધ્યાત્મ રસિક જીવોને આત્માનું મૂળ સ્વરૂપ સમજાય અને શુદ્ધ આત્માનો અનુભવ થાય તેવી ઉચ્ચિ કોટિનું ઉપયોગી પુસ્તક છે. ગ્રંથાધિરાજ શ્રી સમયસારના આધ્યાત્મિક રહસ્યનો તેમાં સચોટપણે નિચોડ આવેલો છે. આ પુસ્તિકાને શ્રી સમયસારના અધ્યાત્મિક ભાવોને સમજવાની અને ઉકેલવાની ચાવીરૂપ કહીએ તો કંઈ ખોટું નથી.

એવા પૂજ્ય શ્રી દીપચંદજીના 'આત્માવલોકન' ગ્રંથ ઉપર નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મ સુધાનું પાન કરાવનાર, અધ્યાત્મનું રહસ્ય પ્રગટ કરનાર, મુમુક્ષુઓના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના પ્રવચનોનું પુસ્તક 'આત્માવલોકન પ્રવચન' ભાગ-૧ પાઠકના હસ્તકમળમાં મૂકતાં અમને અત્યંત હર્ષોલ્લાસ થાય છે. જ્ઞાનીપુરુષનું હૃદયગાંભીર્ય, તેમના વચનોમાં નિહિત માર્ગપ્રાપ્તિનું રહસ્ય, અખંડ મોક્ષમાર્ગ ઈત્યાદિક અનેક વિષયોની છણાવટ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના

આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે અમૃતરસની લહાણ છે.

અનેકાનેક પ્રયોજનભૂત વિષયોનું સ્પષ્ટીકરણ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે એક 'આત્મ અવલોકન રહસ્ય કોષ' સમાન છે. આત્મસ્વરૂપની ઓળખાણ કરાવનારી અનેક રહસ્યમય વાતોનો જેની અંદર સમાવશે છે, જે પ્રવચનોમાં અતીન્દ્રિય આનંદના નિધાન કેમ પ્રગટ થાય તેના રહસ્યો ગુંથાયેલા છે. મિથ્યાત્વરૂપી અંધકારને ભેદવા આ પ્રવચન રહસ્ય કોષ એક અપ્રતિમ નિધાન સમાન છે. એવા પ્રવચન રહસ્યને ઉકેલી મુમુક્ષુજીવ આત્મહિત સાધે અને આત્મ અવલોકન કરે એવી ભાવના સાથે આ ગ્રંથનું પ્રકાશન કરતાં અમો કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

પૂજ્યશ્રી દીપચંદજીના એક એક વચનમાં રહેલ અર્થગાંભીર્ય, વિષયનું ઊંડાણ, તળસ્પર્શી અનુભવપૂર્ણ માર્ગદર્શન, તેઓશ્રીની નિષ્કારણ કરુણા, પૂર્ણતાની ભાવના ઈત્યાદિક અંતરંગ વૈભવયુક્ત અનેકાનેક ગુણોના દર્શન કરાવતા આ પ્રવચનો મુમુક્ષુ જીવને અવશ્ય અવશ્ય આત્મહિતમાં નિમિત્તભૂત થાય તેમ છે.

અંતતઃ પૂર્ણ શુદ્ધિની ભાવનાના ઉમંગોલ્લાસ સહિત, સંસારની કાલિમાને પ્રવચન રહસ્યની ચાવી દ્વારા ઉકેલી અતીન્દ્રિય આનંદના નિધાનનું રસાસ્વાદન કરતાં કરતાં અપૂર્વ રત્નત્રયરૂપી રત્નોને અંગીકાર કરી મુક્તિરમાને વરીએ એ જ ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ઈતિ શિવમ્

ટ્રસ્ટીગણ

**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

**ભાવનગર**

# પ્રસ્તાવના

આત્માવલોકન ગ્રંથના વિષય સંબંધિત જો વિચારણા કરવામાં આવે તો સૌથી પ્રથમ, દેવ-ગુરુ-ધર્મ વિષેની ત્રણ ગાથામાં એક વીતરાગભાવનું જ સમર્થન કરીને ગ્રંથકારે વારંવાર એક વીતરાગતાની જ ભાવના ભાવવાનો નિર્દેશ કર્યો છે. પછીની ૧૧ ગાથાઓમાં એકાદશવાદ દર્શાવ્યો છે. ત્યાર પછી સમયસારના ક્રમ પ્રમાણે જીવ, અજીવ, કર્તા-કર્મ, પુણ્ય-પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષનું વિવરણ કરેલ છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં કુનયાધિકાર વર્ણવ્યો છે. છેવટે પોતાના શુદ્ધ સ્વરૂપને અનુભવવામાં સિદ્ધાંતને ઉપદેશબોધરૂપે દર્શાવી સ્વરૂપસંબોધન કર્યું છે. આ રીતે સિદ્ધાંતનો યથાર્થ નિર્ણય કરી પોતાની શુદ્ધ આત્મિક દશા કઈ રીતે કરવી તેનો આબેહૂબ ચિતાર તેઓએ મુમુક્ષુ સમક્ષ રજુ કર્યો છે.

આચાર્યકલ્પ નિર્ભયવક્તા પંડિતપ્રવર શ્રી ટોડરમલજી સાહેબે પણ પોતાની રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આત્માવલોકનનો ઉલ્લેખ કર્યો છે તથા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાં પણ અનેક વાર આત્માવલોકનમાંથી સૂક્ષ્મ સિદ્ધાંતનો આધાર લેવામાં આવે છે. તેથી આ ગ્રંથની પ્રમાણિકતા સિદ્ધ થાય છે.

આ ગ્રંથનું નામ આત્માવલોકન છે. તેનો ઉદ્દેશ એ છે કે આત્માનું અવલોકન કરવું. તો ત્યાં જીવની અવસ્થા વિકારી, અવિકારી શી રીતે થાય છે? કે જ્ઞાનનો સ્વભાવ સ્વ અને પર બન્નેને જાણવાનો છે. જ્ઞાનનો જાણવાનો મૂળભૂત સ્વભાવ હોવાથી જ્ઞાનના જાણવાના પરિણઆમમાં પરવસ્તુઓ જણાય છે. ત્યાં જ્ઞાનમાં પરવસ્તુ જાણવાના પરિણામમાં પરવસ્તુઓ જણાય છે. ત્યાં જ્ઞાનમાં પરવસ્તુ જણાતાં, પરને પર ન માનતાં અજ્ઞાની જીવ પરને પોતારૂપ માની લે છે. ત્યારે પોતે જ સુખસ્વરૂપ છે એવું ભાન ન કરતાં અજ્ઞાનને કારણે વિકારરૂપે પરિણમીને જીવ પરમાં ઈષ્ટ કે અનિષ્ટ બુદ્ધિ કરીને સુખી-દુઃખી થાય છે. પરને પોતારૂપ માનવું છોડીને જ્ઞાનના પરિણામ જ્યારે કેવળ એક શુદ્ધ જ્ઞાનરૂપે પરિણમે ત્યારે જીવ અવસ્થા શુદ્ધ થતાં કેવલજ્ઞાન અને પરમ સુખાદિ નિધિ પ્રગટે. આ રીતે પરને જાણવું તે દોષ નથી પણ પરને પોતારૂપ માની રાગી-દ્વેષી થવું તે જીવનો મહાન દુઃખદાયક દોષ છે.

ગ્રંથકાર ગ્રંથના સારરૂપ કરેલા આત્માવલોકનસ્તોત્રમાં કહે છે કે અજ્ઞાની જીવ જ્ઞાનની ઉઘાડ અવસ્થાને દેખે છે પણ જેમાંથી જ્ઞાનની અવસ્થા ઉત્પન્ન થાય છે તેવા અખંડ આત્માને દેખતો નથી તે જ જીવની ભ્રમણા છે. શક્તિની વ્યક્તતા થાય છે એવી ગુપ્ત શક્તિના ચમત્મકારનો ખ્યાલ અજ્ઞાની જીવને આવી શકતો નથી. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે ‘અમે બહુ વિચાર કરીને આ મૂળ તત્ત્વ શોધ્યું કે-ગુપ્ત ચમત્કાર જ સૃષ્ટિના લક્ષમાં નથી.’ શ્રી સમયસાર પરમાગમમાં પણ કહ્યું છે-સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ (પ્રગટપણું) અને વિશેષ (જ્ઞેયાકાર) જ્ઞાનના તિરોભાવ (આચ્છાદન)થી જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે

જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે. તોપણ જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે તેમને તે સ્વાદમાં આવતું નથી. અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સ્વાનુભવપૂર્વક અંતરના જોરથી બેધડક વારંવાર કહે છે કે દરેક જીવ શક્તિએ શુદ્ધ છે, પ્રભુ છે. તે શુદ્ધ શક્તિની શ્રદ્ધા-તે શુદ્ધ શક્તિનું જોર જ્ઞાનીને નિરંતર વર્તે છે. તે શુદ્ધ શક્તિના જોરે જ જ્ઞાની સંપૂર્ણ શુદ્ધતા સાધે છે.

અંતતઃ શુદ્ધિ તથા અશુદ્ધિનું વિજ્ઞાન સમજી જીવ પરદ્રવ્યથી ભેદજ્ઞાન કરી નિજ સ્વરૂપને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ

**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

**ભાવનગર**

## 'આત્માવલોકન પ્રવચન' ભાગ-૧ના પ્રકાશનાર્થે
## પ્રાપ્ત દાનરાશિ

| | |
|---|---|
| શ્રીમતી વંદનાબેન રણધીરભાઈ ઘોષાલ, ભાવનગર | ૧૧,૦૦૦/- |
| શ્રી નગીનદાસ ચુનીલાલ ભાયાણી, કોલકાટા | ૫,૦૦૦/- |
| શ્રી હીરાલાલ જૈન, ભાવનગર | ૫,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ | ૫,૦૦૦/- |
| ડો. બી.એમ. સુથાર, કમ્પાલા, યુગાન્ડા | ૫,૦૦૦/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| સ્વ. ઈન્દુબેન જસુભાઈ કામદાર, મુંબઈ | ૧,૦૦૦/- |
| શ્રીમતી ચારુબેન નિલેષભાઈ જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |

# પ્રવચન અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | પાના નં. | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૦૧ | ૨૧–૦૪–૮૬ | ૧ | ૦૦૧ |
| ૦૨ | ૨૨–૦૪–૮૬ | ૨ | ૦૧૭ |
| ૦૩ | ૨૩–૦૪–૮૬ | ૬ | ૦૩૦ |
| ૦૪ | ૨૬–૦૪–૮૬ | ૬ | ૦૪૬ |
| ૦૫ | ૨૭–૦૪–૮૬ | ૭ | ૦૬૧ |
| ૦૬ | ૨૮–૦૪–૮૬ | ૯ | ૦૭૬ |
| ૦૭ | ૨૯–૦૪–૮૬ | ૯ | ૦૯૨ |
| ૦૮ | ૩૦–૦૪–૮૬ | ૧૦ | ૧૦૭ |
| ૦૯ | ૦૨–૦૫–૮૬ | ૧૦ | ૧૨૨ |
| ૧૦ | ૦૩–૦૫–૮૬ | ૧૧ | ૧૩૭ |
| ૧૧ | ૦૪–૦૫–૮૬ | ૧૨ | ૧૫૧ |
| ૧૨ | ૦૫–૦૫–૮૬ | ૧૩ | ૧૬૭ |
| ૧૩ | ૦૬–૦૫–૮૬ | ૧૬ | ૧૮૨ |
| ૧૪ | ૧૪–૦૫–૮૬ | ૧૭ | ૧૯૭ |
| ૧૫ | ૧૭–૦૫–૮૬ | ૧૫ | ૨૧૩ |
| ૧૬ | ૧૭–૦૫–૮૬ | ૨૦ | ૨૩૧ |
| ૧૭ | ૧૮–૦૫–૮૬ | ૨૨ | ૨૪૬ |
| ૧૮ | ૧૯–૦૫–૮૬ | ૨૪ | ૨૬૨ |
| ૧૯ | ૨૦–૦૫–૮૬ | ૨૪ | ૨૭૭ |
| ૨૦ | ૨૧–૦૫–૮૬ | ૨૬ | ૨૯૨ |
| ૨૧ | ૨૩–૦૫–૮૬ | ૨૮ | ૩૦૭ |
| ૨૨ | ૨૪–૦૫–૮૬ | ૨૯ | ૩૨૩ |
| ૨૩ | ૨૫–૦૫–૮૬ | ૩૦ | ૩૩૮ |